# ★ અનુક્રમણિકા ★


| વિષય | પેજ નં. |
|---|---|
| **(પ્રકરણ) કુર્આનનું ચેલેંજ નબીનો મો'જિઝો** | ૧૨ |
| નબીની જરૂરત | ૧૨ |
| નબીઓની સંખ્યા | ૧૩ |
| નબીની વ્યાખ્યા | ૧૩ |
| રસૂલની વ્યાખ્યા | ૧૩ |
| અલ્લાહની નાઝિલ કરેલી કિતાબો કલામુલ્લાહ છે | ૧૪ |
| એક સવાલ અને એનો જવાબ | ૧૪ |
| ખુદાની કિતાબો બદલાઈ શાથી ?! | ૧૪ |
| હિફાઝતની જવાબદારી લોકોને કેમ આપવામાં આવી ? | ૧૯ |
| કુર્આનની છપાઈ | ૨૦ |
| છપાઈમાં ભૂલો થતી હોય છે | ૨૧ |
| કુર્આનની હિફાઝત આપણા નબી અંતિમ હોવાની દલીલ | ૨૧ |
| ઈસ્લામ સંપૂર્ણ દીન છે | ૨૨ |
| અલ્લાહની કિતાબોનાં નામો | ૨૩ |
| ઈસાઈ અને યહૂદીઓની એક દલીલ | ૨૩ |
| એક સવાલ ઈસાઈઓ અને યહૂદીઓને | ૨૬ |
| ઈસાઈ અને યહૂદીનો જવાબ | ૨૬ |
| અમારો જવાબ | ૨૬ |
| તૌરેત, ઝબૂર તથા ઈન્જીલ ઈતિહાસના પ્રકાશમાં | ૨૭ |
| આસ્માની કિતાબોના બે કાળ | ૨૮ |
| આસ્માની કિતાબોનો જુનો કાળ | ૨૮ |
| નવી કિતાબો | ૨૯ |
| ઈસાઈ કોન્ફરન્સ | ૩૦ |
| બીજી કોન્ફરન્સ | ૩૧ |
| માન્ય રાખેલી કિતાબોનાં નામ | ૩૧ |
| ત્રીજી કોન્ફરન્સ | ૩૧ |
| ઈસા عليه الصلوة والسلام સુધી ઝબૂરની હાલત | ૩૨ |
| યહૂદીઓ અને ઈસાઈઓનો જવાબ | ૩૨ |
| અમારો જવાબ | ૩૩ |
| તૌરેત પર થયેલા હુમલાઓ | ૩૩ |
| બયતુલ મુકદસ પર હુમલાઓ | ૩૫ |
| બુખ્તો નસ્સરનો ભયંકર હુમ્લો | ૩૬ |
| હઝરત ઉઝૈર અને તૌરેતની તસ્દીક | ૩૬ |
| એન્ટોકસ રાજાનો હુમલો અને ધાર્મિક કિતાબોને આગ | ૩૭ |
| શું હવારીઓની શહાદત સ્વીકારી શકાય છે ? | ૩૭ |
| તૌરાતનુ લખાણ તેના ઈલ્હામી હોવાનો ઈન્કાર કરે છે | ૩૯ |
| તૌરાતનાં ખોટા લખાણો | ૩૯ |
| ખુદા ચિંતામાં પડી ગયો ?! | ૩૯ |
| ખરાબીઓ | ૩૯ |
| બીજુ ખોટુ લખાણ | ૩૯ |
| ત્રીજુ ખોટુ લખાણ | ૪૦ |
| ચોથુ ખોટુ લખાણ | ૪૧ |
| પાંચમુ ખોટુ લખાણ | ૪૧ |
| છઠ્ઠુ ખોટુ લખાણ | ૪૧ |
| સાતમી ખોટી વાત | ૪૨ |
| આઠમી ખોટી વાત | ૪૨ |
| નવમી ખોટી વાત | ૪૩ |
| દસમી ખોટી વાત | ૪૩ |
| અગિયારમી ખોટી વાત | ૪૪ |
| બારમી ખોટી વાત | ૪૪ |
| તૌરાતમાં લાખો ભૂલો | ૪૫ |
| ભૂલોનો ઈકરાર તેમને પણ છે ! | ૪૫ |
| ઈન્જીલ ઈતિહાસના પ્રકરણમાં | ૪૭ |
| ફિતરતનો જમાનો | ૪૮ |
| હવ્વારીઓમાંથી કોઈ નબી નથી | ૪૯ |
| લુકાની ગવાહી કે ઈન્જીલ અસલ નથી | ૪૯ |




''કુર્આન'' એક ઝિંદા મો'જેઝો


| વિષય | પેજ નં. |
|---|---|
| યૂહન્નાની ઈન્જીલ પણ અસલ નથી | ૫૦ |
| મત્તાની ઈન્જીલ પણ અસલ નથી | ૫૦ |
| પોલોસની ઈન્જીલ પણ નાબૂદ છે | ૫૧ |
| હવ્વારીઓમાં ઈન્જીલ બદલાઈ | ૫૧ |
| ઈસાઈ પાદરીઓનો જવાબ ખોટો છે | ૫૨ |
| ૧૨ હવ્વારીઓનાં નામો | ૫૨ |
| ઈસાઈઓની બર્બાદી | ૫૨ |
| ઈસાઈઓને એક સવાલ | ૫૩ |
| ઈસાઈ મુનાઝિરની લાચારી | ૫૩ |
| ઈન્જીલ મત્તા ઈબ્રાની ભાષામાં હતી | ૫૪ |
| હવારીઓ અને પાદરીઓની કરામતો હક્કની દલીલ નથી | ૫૪ |
| હવારીઓ બેઈમાન છે, અમારું નહીં ઈસાનું ફર્માન ! | ૫૫ |
| બાસૂબર અને લિયાફાનની કબૂલાત | ૫૬ |
| ઈસાઈઓની કુર્આનની આયતોથી દલીલ | ૫૬ |
| અમારો જવાબ | ૫૭ |
| અસલ નથી તો ખ્યાતિ કેમ મળી ? | ૫૯ |
| અખ્લાકો અને આદાબની વાતો સત્ય હોવાની દલીલ છે ! | ૬૦ |
| કુર્આનની આટલી હિફાઝત શા માટે ? | ૬૧ |
| અમારી ઈમાનદારી અને તમારી ઈમાનદારીનો ફરક | ૬૨ |
| આગલી કિતાબો ખુદાની હતી પછી આવું કેમ બન્યું ?! | ૬૨ |
| એક ઈસાઈ લાજવાબ ! | ૬૩ |
| સઘળી કિતાબો એક પલ્લામાં અને કુર્આન એક પલ્લામાં | ૬૪ |
| કુર્આનની સારસંભાળ ખુદાના કરમ પર શા માટે ? | ૬૫ |
| કુર્આનની અમને ચિંતા નથી ! | ૬૬ |
| શું ખુદાના કલામમાં ફેરફાર શકય છે ? | ૬૬ |
| ખુદાના કલામમાં ફેરફાર શકય છે ! | ૬૭ |
| ત્યારે તો કુર્આનમાં પણ ફેરફાર થયો જ હશે ?! | ૬૭ |
| અમારો જવાબ | ૬૮ |
| ઉમ્મતે મુહમ્મદીને હિફ્ઝની નેઅમત સંભાળ માટે | ૬૮ |
| ઈસાઈઓનો દાવ નિષ્ફળ ગયો | ૬૯ |
| ઉલ્માએ કિરામની એક તેહકીક | ૭૦ |
| હાફિઝોની કદર કરો | ૭૧ |
| શું આપણે હાફિઝો અને મોલ્વીઓને ઈજ્જત આપી છે ? | ૭૨ |
| ગુજરાતીઓમાં દીની ઈલ્મ કેમ નથી ? | ૭૨ |
| જાહિલ પીરની ઈજ્જત થશે પણ મહાન આલિમની નહીં ! | ૭૩ |
| પીરના ગુસ્સાનો પાર ન રહ્યો ! | ૭૪ |
| હું હક્ક વાત કહીને જ રહીશ ! | ૭૫ |
| દીનના ખિદમતગારો મજબૂર બનીને દુનિયામાં જોડાયા | ૭૬ |
| હાફિઝોની ફઝીલત હદીષોના પ્રકાશમાં | ૭૭ |
| કુર્આન શરીફ નબીએ પાક લખાવતા હતા | ૭૯ |
| નમાઝનો એક ફર્ઝ તિલાવતે કુર્આન | ૮૦ |
| નમાઝે તરાવીહમાં એક વખત પૂરા કુર્આનની તિલાવત | ૮૧ |
| હઝરત ઉમર ફારૂકે આ'ઝમનું એહસાન | ૮૧ |
| દારુલ ઉલૂમ અને કુર્આનનું રક્ષણ | ૮૨ |
| હિફ્ઝના મુદર્રિસની ઈજ્જત કરો | ૮૩ |
| રક્ષણના કારણો પૈકી એક કુર્આનની મહોબ્બત છે | ૮૩ |
| ભૂલથી પાક કુર્આનની છપાઈ | ૮૪ |
| રક્ષણના કારણો પૈકી કુર્આનનુ બેમિસાલ હોવું છે | ૮૫ |
| કુર્આનની ચેલેંજો | ૮૫ |
| કુર્આનની ચેલેન્જની નિરાલી ઢબ ! | ૮૬ |
| પ્રથમ ચેલેન્જ | ૮૭ |

| વિષય | પેજ નં. |
|---|---|
| બીજુ ચેલેન્જ | ૮૭ |
| ત્રીજુ ચેલેન્જ | ૮૮ |
| ચોથુ ચેલેન્જ | ૮૮ |
| પાંચમુ ચેલેન્જ | ૮૮ |
| છઠ્ઠુ ચેલેન્જ | ૮૯ |
| ખુદાની કિતાબની સચ્ચાઈ | ૯૦ |
| કુર્આનની અજોડતાની દલીલો | ૯૦ |
| અરબી ભાષાની વિશાળતા | ૯૪ |
| નબીનો મહાન મો'જિઝો કુર્આન છે | ૯૪ |
| કુર્આન મહાન મો'જિઝો કેમ ? | ૯૫ |
| ઈન્સાનો સાથે જિન્નાતોને પણ ચેલેન્જ | ૯૬ |
| યહૂદીઓ અને ઈસાઈઓ પણ લાચાર છે | ૯૬ |
| હઠધર્મી હક્કથી રોકે છે | ૯૭ |
| અહલે કિતાબનો હસદ | ૯૮ |
| ઈસાઈઓ હવે ઈસાઈ પણ નથી | ૯૯ |
| શૈતાનનો અને અહલે કિતાબનો મસ્અલો એક જેવો છે | ૯૯ |
| પાદરીઓએ પબ્લિકને અંધારામાં રાખી | ૧૦૦ |
| હઝરત ઉમરનો વિચાર વહીની નિકટ | ૧૦૨ |
| કુર્આનને એકત્ર કરનાર પ્રથમ વ્યકિત અબૂબક્ર | ૧૦૨ |
| કુર્આનને એકત્ર કરવાનો આરંભ હદીષના પ્રકાશમાં | ૧૦૩ |
| કુર્આનના નુસ્ખામાં એકમતી | ૧૦૪ |
| કિરાઅતમાં વિવાદ | ૧૦૫ |
| ઉપરોકત પ્રશ્નનો ઉત્તર | ૧૦૫ |
| જુદી જુદી કિરાઅત બાબતે નબીએ પાકની રજા | ૧૦૬ |
| હુઝૂરની માંગ અને ખુદાની અતા | ૧૦૭ |
| કુર્આનના રક્ષણની ચિંતા | ૧૦૮ |
| કુર્આનના નુસ્ખા સળગાવવામાં કેમ આવ્યા ? | ૧૧૧ |

| વિષય | પેજ નં. |
|---|---|
| વિવાદ ખત્મ કરવા ઉસ્માને ગનીનો શ્રમ | ૧૧૧ |
| હઝરત ઝૈદને લખવા માટે કેમ ચૂંટવામાં આવ્યા ? | ૧૧૩ |
| કુર્આનનો એક નુસ્ખો હતો તો પછી બીજા કયાંથી આવ્યા ? | ૧૧૩ |
| ગૈર મુતવાતિર નુસ્ખાઓ દલીલ નથી બની શકતા | ૧૧૪ |
| ઉપરોકત પ્રશ્નનો ઉત્તર | ૧૧૪ |
| અમારી સત્યતાની દલીલ | ૧૧૫ |
| મન્સૂખ (જેનો હુકમ ઉઠી ગયો) આયતો પર ચર્ચા | ૧૧૬ |
| નસ્ખ | ૧૧૬ |
| નસ્ખવાળી આયતો | ૧૧૭ |
| ભૂલાવીને નસ્ખ કરવું | ૧૧૯ |
| અહલે કિતાબનો મકસદ | ૧૨૦ |
| અહલે કિતાબ આપણી દુશ્મન છે કુર્આનની પુકાર | ૧૨૧ |
| તેઓનો મકસદ કુર્આનના હવાલાથી | ૧૨૨ |
| મુસલમાનોને એક નસીહત | ૧૨૨ |
| પહેલા અને બીજા સવાલનો જવાબ | ૧૨૩ |
| નસ્ખ ખુદાનો અધિકાર છે | ૧૨૩ |
| જવાબનુ બીજુ પાસુ | ૧૨૫ |
| કુર્આન બાબતે ચિંતા શાની ? | ૧૨૬ |
| ત્રીજા સવાલનો જવાબ | ૧૨૬ |
| ચોથા સવાલનો જવાબ | ૧૨૭ |
| શું તૌરેત અને ઈન્જીલ પર ઈમાન જરૂરી નથી ? | ૧૨૭ |
| શિઆઓના વિવાદથી ગૈરમુસ્લિમોને ફાયદો | ૧૨૮ |
| અહલે બયતની મહોબ્બત નહીં, કુર્આનની દુશ્મની | ૧૩૦ |
| અહલે કિતાબને અમારો જવાબ | ૧૩૪ |
| શિઆઓના મહાન આલિમોનું મંતવ્ય | ૧૩૬ |







| વિષય | પેજ નં. |
|---|---|
| હઝરત આઈશાની રિવાયતનો જવાબ | ૧૩૯ |
| કુર્આનની મક્કી અને મદની સૂરતો | ૧૪૦ |
| મક્કીયા અને મદનીયાનો મતલબ | ૧૪૦ |
| સૂરતોનાં નામ કેમ ? | ૧૪૧ |
| નામો આપવાની શી જરૂરત ? | ૧૪૧ |
| કુર્આનને ક્રમમાં કોણે લખાવ્યું | ૧૪૨ |
| કુર્આન ક્રમથી નબીએ લખાવ્યું હતું | ૧૪૩ |
| કુર્આનની સૂરતોની વહેંચણી | ૧૪૪ |
| કુર્આનનો ક્રમ કયા ક્રમથી છે | ૧૪૬ |
| નુઝૂલના ક્રમની વિગત | ૧૪૬ |
| કુર્આનની બીજી વહેંચણી | ૧૪૮ |
| સાત મંઝિલોનું રહસ્ય | ૧૪૯ |
| કુર્આનના રુકૂઅ | ૧૫૦ |
| રુકૂઅ નામ કેમ ? | ૧૫૦ |
| કુર્આનમાં હરકતોનું લખાણ | ૧૫૦ |
| મદ અને વકફની નિશાનીઓ | ૧૫૧ |
| કુર્આનના ત્રીસ પારા | ૧૫૧ |
| સૂરતનાં નામો | ૧૫૧ |
| બિદઅતે હસનાનો જવાબ | ૧૫૨ |
| ઉષ્માન ગની જામેએ આયાતે કુર્આન | ૧૫૩ |
| આપને આ શરફ કેમ આપ્યો ? | ૧૫૩ |
| કુર્આન એકત્ર નાઝિલ કેમ ન થયું ? | ૧૫૪ |
| અમારો મતલબ દુનિયામાં ઉતરવું છે | ૧૫૪ |
| આગલી કિતાબો એકત્ર કેમ ઉતરી | ૧૫૫ |
| બીજુ રહસ્ય | ૧૫૬ |
| ત્રીજુ રહસ્ય | ૧૫૭ |
| શું આગલા નબીની ઉમ્મતો ખુદાને પ્યારી ન હતી ? | ૧૫૭ |
| આ રહસ્ય માત્ર નુઝૂલના જમાનામાં માન્ય છે | ૧૫૯ |
| આસ્માની કુર્આનથી તમારા કુર્આનમાં ફરક છે ! | ૧૫૯ |

| વિષય | પેજ નં. |
|---|---|
| ચોથુ રહસ્ય | ૧૫૯ |
| પાંચમુ રહસ્ય | ૧૬૦ |
| છઠ્ઠુ રહસ્ય | ૧૬૦ |
| સાતમુ રહસ્ય | ૧૬૧ |
| આગલા નબીઓએ એકી સાથે કિતાબ કેવી રીતે પ્રાપ્ત કરી ? | ૧૬૧ |
| આઠમુ રહસ્ય | ૧૬૧ |
| નવમુ રહસ્ય | ૧૬૨ |
| દસમુ રહસ્ય | ૧૬૨ |
| ઉમ્મતની ઉત્તમતા કુર્આનના પ્રકાશમાં | ૧૬૨ |
| કિયામતનો દિવસ | ૧૬૩ |
| અગીયારમુ રહસ્ય | ૧૬૪ |
| બારમુ રહસ્ય | ૧૬૪ |
| તિલાવતથી નુઝૂલમાં ફાયદો | ૧૬૫ |
| કુર્આન અને હદીષમાં ફરક | ૧૬૬ |
| કિયામમાં હદીષની તિલાવત જાઈઝ નથી | ૧૬૬ |
| સનદી ફરક | ૧૬૭ |
| કુર્આન છે તો પછી હદીષની શી જરૂરત | ૧૬૭ |
| પ્રશ્નનો ઉત્તર | ૧૬૮ |
| અહલે કુર્આન કુર્આનના વિરોધી છે | ૧૬૯ |
| ફિકહની પણ જરૂરત છે | ૧૭૩ |
| કિતાબો રસૂલો પર નાઝિલ કેમ થઈ ? | ૧૭૫ |
| **તઅવ્વુઝ અને તસ્મિયાનાં રહસ્યો** | **૧૭૮** |
| કુર્આનની તાલીમની અધિક વ્યવસ્થા | ૧૭૮ |
| ગૈર મુસ્લિમની પણ સાક્ષી | ૧૭૮ |
| નબી તરફથી તિલાવતનો શોખ | ૧૭૯ |
| મુસલમાનોને અરબીનો શોખ | ૧૭૯ |
| અરબી શીખવાની અધિક ફાયદો | ૧૮૦ |

| વિષય | પેજ નં. |
|---|---|
| બાતિલ ફિર્કાઓના ગલત તર્જુમા | ૧૮૦ |
| મુસલમાન અને અંગ્રેજી | ૧૮૧ |
| મુસ્લિમ યુનિવર્સિટી અને અકીદાની ખરાબી | ૧૮૨ |
| અરબીમાં ગરીબનાં બાળકો | ૧૮૨ |
| અરબી મદ્રસાઓની સહાય કરો | ૧૮૩ |
| આલિમો અને હાફિઝો ઈસ્લામની ઉર્મી છે | ૧૮૩ |
| તિલાવતનો આરંભ | ૧૮૬ |
| તઅવ્વુઝ (અઊઝુબિલ્લાહ) સુન્નત છે | ૧૮૬ |
| શૈતાન આપણો દુશ્મન છે | ૧૮૭ |
| તઅવ્વુઝનો મતલબ | ૧૮૮ |
| મુત્તકી કોણ ? કુર્આની ઉલ્લેખ | ૧૮૯ |
| કુર્આનથી ગુમરાહ કોણ થાય છે ? | ૧૯૦ |
| તઅવ્વુઝ અને લાચારીની કબૂલાત | ૧૯૧ |
| એક માણસને કેટલા દુશ્મન | ૧૯૧ |
| હઝરત નૂહને તઅવ્વુઝનો ફાયદો | ૧૯૩ |
| હઝરત યૂસુફને તઅવ્વુઝનો ફાયદો | ૧૯૪ |
| હઝરત મૂસાને તઅવ્વુઝનો ફાયદો | ૧૯૪ |
| હઝરત મરયમની માતા અને તઅવ્વુઝનો ફાયદો | ૧૯૫ |
| હઝરત મરયમ અને તઅવ્વુઝનો ફાયદો | ૧૯૫ |
| સરકારે મદીના અને તઅવ્વુઝનો ફાયદો | ૧૯૬ |
| હદીષ શરીફ અને તઅવ્વુઝ | ૧૯૬ |
| દરેક આફત બલાથી રક્ષણ | ૧૯૬ |
| મખ્લૂકની બુરાઈથી | ૧૯૭ |
| મિમ્બર અને તઅવ્વુઝ | ૧૯૭ |
| હસન હુસૈન માટે નબીનું તઅવ્વુઝ | ૧૯૭ |
| ફરિશ્તો નિયુકત કરવામાં આવે છ | ૧૯૭ |
| ફરિશ્તાઓ મગફિરતની દુઆ કરે છે | ૧૯૮ |
| સૂવામાં ડરી જવા પર તઅવ્વુઝનો સહારો | ૧૯૮ |
| તઅવ્વુઝનું તાવીઝ | ૧૯૮ |
| તઅવ્વુઝ અને મસાઈલ | ૧૯૯ |
| પ્રથમ તઅવ્વુઝ પછી તસ્મિયા(બિસ્મિલ્લાહ) | ૨૦૦ |
| ગૌષે પાક અને શૈતાન | ૨૦૨ |
| એક સવાલ અને જવાબ | ૨૦૩ |
| તસ્મિયા અને તેનો તર્જુમો | ૨૦૩ |
| તસ્મિયામાં અલ્લાહ શબ્દ પ્રથમ કેમ ? | ૨૦૪ |
| રહમાન રહીમથી પહેલાં કેમ ? | ૨૦૪ |
| તસ્મિયાનો ઉત્તમ તર્જુમો | ૨૦૪ |
| કાફિરોની મુખાલફત | ૨૦૫ |
| તસ્મિયામાં ઈસ્મે આ'ઝમ છે | ૨૦૫ |
| અલ્લાહ શબ્દ પણ લાચાર નથી | ૨૦૫ |
| શબ્દ એક પણ સઘળી સિફતો એકત્ર | ૨૦૬ |
| અલ્લાહના નામનું રક્ષણ | ૨૦૭ |
| કલેમામાં માત્ર સિફત ઈમાન માટે | ૨૦૭ |
| બિસ્મિલ્લાહ અને જન્નતની ચાર નહેરો | ૨૦૮ |
| દુશ્મનને પણ રક્ષણ | ૨૦૯ |
| એક વલીની વસિયત | ૨૦૯ |
| બાળકનો દરેક શ્વાસ બાપની નેકી | ૨૦૯ |
| શિફા અલ્લાહની છે | ૨૦૯ |
| મુસીબતનો ઈલાજ | ૨૧૦ |
| ઝહેર બેઅસર થઈ ગયું | ૨૧૦ |
| માથાના દુઃખાવાનો ઈલાજ | ૨૧૧ |
| કબરથી અઝાબ ઉઠાવી લેવામાં આવ્યો | ૨૧૧ |
| અલ્લાહના નામની ઈજ્જતનો બદલો | ૨૧૧ |
| જિનથી સતરનો પર્દો | ૨૧૨ |
| સઘળા બદનની પાકી | ૨૧૩ |
| સવારીનો દરેક ડગ સવાબ | ૨૧૩ |
| નાવડીથી નીકળતાં સુધી નેકીઓ | ૨૧૪ |
| એક રહસ્ય | ૨૧૪ |







| વિષય | પેજ નં. |
|---|---|
| બિસ્મિલ્લાહ અને સફળતા | ૨૧૪ |
| બિસ્મિલ્લાહ શરીફ અને ગુનાહથી રક્ષણ | ૨૧૪ |
| બિસ્મિલ્લાહ અને શાને રહમત | ૨૧૪ |
| દરેક સૂરતનો આરંભ બિસ્મિલ્લાહથી | ૨૧૫ |
| સૂરએ તૌબાનો આરંભ વિના બસ્મલાએ | ૨૧૬ |
| ઝબહમાં જમાલનો ઝિક્ર નથી | ૨૧૬ |
| તઅવ્વુઝમાં પણ શાને જલાલ છે | ૨૧૬ |
| હઝરત નૂહ અને નજાત | ૨૧૭ |
| ચોવીસો કલાક ઈબાદતમાં | ૨૧૭ |
| દરજાતની બુલંદી ગુનાહોથી પાકી | ૨૧૮ |
| અઝાબથી બચી ગયો | ૨૧૮ |
| બિસ્મિલ્લાહ શરીફ લખવાનો તરીકો | ૨૧૯ |
| મગફેરતની ખુશખબર | ૨૧૯ |
| બાળકોને બદ અકીદાથી બચાવો | ૨૧૯ |
| સારી તાલીમ ખુશ અકીદાની છે | ૨૨૦ |
| મુસલમાનોની નિષ્કાળજી | ૨૨૦ |
| સુંદર અક્ષરોમાં બિસ્મિલ્લાહ લખવાની ફઝીલત | ૨૨૦ |
| બિસ્મિલ્લાહની તિલાવત અને નજાત | ૨૨૧ |
| નેકીઓ લખાતી રહે છે | ૨૨૨ |
| દુબળો શૈતાન | ૨૨૨ |
| એક ગુનેહગારની બખ્શિશ | ૨૨૩ |
| દુશ્મન કાબૂમાં થયો | ૨૨૩ |
| શૈતાન દરવાજો ખોલશે | ૨૨૪ |
| ગઝબ પર રહમત ગાલિબ | ૨૨૫ |
| રહમતની વિશાળતા આખેરતમાં | ૨૨૬ |
| મેહશરમાં રહમતની વધારે જરૂરત છે | ૨૨૭ |
| અમલથી અધિક નેકીઓ | ૨૨૭ |
| એક કામ સાતસો નેકીઓ | ૨૨૮ |
| નેકીનો ઈરાદો પણ બેકાર નથી | ૨૨૯ |
| રહમત અને ન્યાય | ૨૩૦ |
| કુફ્ર પર હમેશાંની દોઝખ કેમ ? | ૨૩૧ |
| ગુનાહ પર ધમકી પણ રહમત છે | ૨૩૨ |
| કાફિરને એક ખુશખબર | ૨૩૩ |
| માં થી વધારે ખુદા મહેરબાન છે | ૨૩૪ |
| આખેરતમાં કાફિરો માટે અઝાબ | ૨૩૫ |
| કયાં માની મમતા અને કયાંથી રબની રહમત | ૨૩૫ |
| ગુનેહગાર પણ જન્નતમાં | ૨૩૬ |
| જન્નત માત્ર ખુદાની રહમતથી મળશે | ૨૩૭ |
| પછી અમલનો મતલબ શું ! | ૨૩૭ |
| હઝરત રાબિઆ અદવિય્યા | ૨૪૦ |
| જન્નત તમારી તમે ખુદાના | ૨૪૦ |
| હવે અધિકાર કેવો | ૨૪૧ |
| જિંદગીભરની ઈબાદત એક નેઅમતનો પણ બદલો નથી | ૨૪૩ |
| પાણીનું એક પ્યાલુ સો વરસની ઈબાદતમાં | ૨૪૪ |
| જ્યારે જન્નત મળશે તો અમલમાં વચલા માર્ગે રહો | ૨૪૫ |
| ગુનેહગારને દોઝખી ન કહો | ૨૪૫ |
| આબિદ દોઝખી ગુનેહગાર જન્નતી ! | ૨૪૯ |
| હઝરત અલીનું ફર્માન | ૨૫૦ |
| **કુર્આન અને તિલાવતની ફઝીલતો** | **૨૫૩** |
| મહોબ્બત ઈમાન છે | ૨૫૩ |
| દુશ્મની ઈમાન છે | ૨૫૩ |
| કુર્આનની ફઝીલત | ૨૫૪ |
| કુર્આન શરીફની ઈજ્જત કરો | ૨૫૪ |
| માત્ર તિલાવત નહીં ! સમજો પણ ખરા | ૨૫૬ |
| હદીષ અને રહસ્યો | ૨૫૬ |
| તિલાવત અને અમલ કુર્આનથી | ૨૬૧ |
| સવારની તિલાવત અને ફરિશ્તાઓની હાજરી | ૨૬૧ |

| વિષય | પેજ નં. |
|---|---|
| નમાઝની તિલાવતની ઉત્તમતાનું મહત્વ | ૨૬૨ |
| દેખાડો કરનાર સવાબથી મેહરૂમ | ૨૬૨ |
| તિલાવતનો મકસદ | ૨૬૩ |
| તિલાવતમાં તરતીલ (તજવીદ) જરૂરી | ૨૬૪ |
| એક પ્રશ્ન અને તેનો ઉત્તર | ૨૬૫ |
| એક સહુલત | ૨૬૬ |
| તિલાવતનો લહેજો | ૨૬૬ |
| કોની કિરાઅત સાંભળો | ૨૬૮ |
| સુંદર સ્વરે કુર્આન પઢો | ૨૬૯ |
| નબીની કિરાઅત | ૨૭૦ |
| તરાવીહમાં લેહને જલી | ૨૭૨ |
| દારુલ ઉલૂમની બેદરકારી | ૨૭૩ |
| કુર્આન શીખવનાર અને શીખનાર | ૨૭૪ |
| તરતીલ એટલે શું ? | ૨૭૬ |
| એક ફાયદાની વાત | ૨૭૬ |
| તરતીલથી કુર્આન પઢવાની ફઝીલત | ૨૭૯ |
| બદઅકીદાને આ શર્ફ મળી શકે છે ? | ૨૮૦ |
| બદઅકીદાની તિલાવત કબૂલ નથી | ૨૮૧ |
| વેરાન દિલ | ૨૮૨ |
| કુર્આન ફરિયાદ ખુદાથી | ૨૮૫ |
| તિલાવત કરનાર સંતરા જેવો છે | ૨૮૮ |
| કુર્આનની તિલાવતનો સબબ | ૨૯૦ |
| અધિકથી અધિક ફઝીલત | ૨૯૨ |
| તિલાવતનો અનુભવી | ૨૯૪ |
| તિલાવત પર ફરિશ્તાઓની હાજરી | ૨૯૬ |
| તિલાવત અને રહમતનો નુઝૂલ | ૨૯૮ |
| કુર્આનની શફાઅત | ૨૯૮ |
| સૂરતોની આગેવાન | ૩૦૦ |
| કુર્આનને આગેવાન બનાવો | ૩૦૧ |
| સાહિબે કુર્આન માટે કુર્આનને ફિકર ! | ૩૦૩ |
| સાહિબે કુર્આન માટે કુર્આનની માંગ | ૩૦૩ |
| બેઅમલને કુર્આન છોડશે નહીં | ૩૦૪ |
| તિલાવતે કુર્આન ઉત્તમ ઈબાદત છે | ૩૦૫ |

| વિષય | પેજ નં. |
|---|---|
| માણસની અલ્લાહથી વાત | ૩૦૫ |
| કુર્આનનુ ઈલ્મ રાખનારની ફઝીલત | ૩૦૬ |
| તિલાવત સદકાથી ઉત્તમ છે | ૩૦૮ |
| તિલાવતથી ગુનાહ પણ માફ થાય છે | ૩૦૯ |
| નિયુકત સંખ્યાની ફઝીલત | ૩૧૦ |
| તિલાવત અને જન્નતમાં મહેલ | ૩૧૧ |
| ઝગમગતુ ઘર | ૩૧૨ |
| નાનકડુ ઘર | ૩૧૩ |
| જમીન શરીરનું રક્ષણ કરશે | ૩૧૩ |
| ખુદાનો ગઝબ રઝામાં ફેરવાઈ જાય | ૩૧૪ |
| કબ્રમાં ફરિશ્તો શીખવાડે છે | ૩૧૫ |
| દિલોની સફાઈ | ૩૧૫ |
| ફરિશ્તાઓમાં અલ્લાહ યાદ કરે છે | ૩૧૭ |
| આખેરતમાં ફાયદાઓ | ૩૧૭ |
| ઉસ્તાદની ઈજ્જત | ૩૧૮ |
| મા બાપને બદલો | ૩૧૮ |
| શહાદતનો મર્તબો | ૩૧૯ |
| હુઝૂર શફાઅત કરશે | ૩૨૦ |
| કુર્આન દેખીને તિલાવત ઉત્તમ છે | ૩૨૦ |
| નસીહત કબૂલ કરવી | ૩૨૧ |
| મોંની સફાઈ | ૩૨૨ |
| તિલાવત કરનારની હાલત | ૩૨૨ |
| ચાર ગરીબો | ૩૨૩ |
| કુર્આન ભૂલવું મહાન પાપ છે | ૩૨૪ |
| હાફિઝ અને શફાઅત | ૩૨૬ |
| પહાડ જેવી નેકી | ૩૨૭ |
| હદીષ અને કુર્આનનો સંબંધ | ૩૨૭ |
| સાહિબે કુર્આનને નસીહત | ૩૨૮ |
| ભૂલ ન થવી જોઈએ | ૩૨૯ |
| **હદીષ અને અન્ય સૂરતોની ફઝીલત** | **૩૩૩** |
| સૂરએ ફાતિહા | ૩૩૩ |
| સૂરએ ફાતિહાનાં અન્ય નામો | ૩૩૮ |
| સૂરએ ફાતિહામાં સાત આયતો | ૩૩૯ |







| વિષય | પેજ નં. |
|---|---|
| સૂરએ બકરહ્—શૈતાન નાસી જાય છે | ૩૪૦ |
| ઘરને કબ્રસ્તાન ન બનાવો | ૩૪૧ |
| એંસી હજાર ફરિશ્તાઓ | ૩૪૨ |
| સૂરએ બકરહ્ના ફાયદાઓ | ૩૪૩ |
| આયતુલ કુર્સી | ૩૪૫ |
| આલે ઈમરાન | ૩૪૮ |
| સબ્એ તિવાલ | ૩૫૧ |
| સૂરએ હૂદ | ૩૫૨ |
| સૂરએ મુઅ્મિનૂન | ૩૫૭ |
| હા મીમ | ૩૫૯ |
| યાસીન | ૩૬૦ |
| સૂરએ ઝૂમર | ૩૬૪ |
| સૂરએ દુખાન | ૩૬૭ |
| સૂરએ ફત્હ | ૩૬૮ |
| સૂરએ કમર | ૩૭૦ |
| સૂરએ રહમાન | ૩૭૧ |
| સૂરએ વાકિઆ | ૩૭૧ |
| સૂરએ હદીદ | ૩૭૨ |
| સૂરએ હશ્ર | ૩૭૨ |
| સૂરએ તલાક | ૩૭૩ |
| સૂરએ મલક (તબારક) | ૩૭૪ |
| સૂરએ દૂહા | ૩૭૫ |
| સૂરએ કદ્ર | ૩૭૬ |
| સૂરએ બય્યેના | ૩૭૬ |
| સૂરએ ઝિલઝાલ | ૩૭૭ |
| સૂરએ તકાસૂર | ૩૭૭ |
| સૂરએ કાફિરૂન | ૩૭૮ |
| સૂરએ ઈખ્લાસ | ૩૭૯ |
| સૂરએ ફલક અને નાસ | ૩૮૨ |
| હુરૂફે મુકત્તઆત | ૩૮૭ |
| હુરૂફે નૂરાનિયા | ૩૮૮ |
| વિરોધાર્થી શબ્દોની સમાન સંખ્યા | ૩૮૯ |
| સંબંધી શબ્દોની સમાન સંખ્યા | ૩૮૯ |

| વિષય | પેજ નં. |
|---|---|
| કુર્આનની આયતોની વહેંચણી | ૩૯૦ |
| **કુર્આન અને યૂરોપ** | **૩૯૨** |
| એક સવાલનો જવાબ | ૩૯૩ |
| ઈમાન ગય્બના પર્દામાં | ૩૯૪ |
| મો'જિઝા, કરામત અને જાદૂ | ૩૯૫ |
| ઈમાન બિલગૈબ જ કબૂલ થઈ શકે છે | ૩૯૭ |
| ગૈર મુસ્લિમ વિદ્વાનોનાં મંતવ્યો | ૩૯૯ |
| અહલે કિતાબ ઉંદર માફક | ૪૧૨ |
| ઈસાઈ અને યહૂદી કુર્આન માન્ય રાખશે નહીં | ૪૧૩ |
| એક શંકાનો જવાબ | ૪૧૫ |
| ખુદાની કિતાબ સ્વીકારી લેવામાં વાંધો શું ? | ૪૧૬ |
| દરેકની માન્યતા એક જેવી | ૪૧૭ |
| ઈસ્લામના શત્રુઓનો બીજો ચહેરો | ૪૧૮ |
| ઓપરેશન | ૪૧૯ |
| જોર્જસેલની શંકાઓ | ૪૨૧ |
| ઓપરેશન | ૪૨૧ |
| **કુર્આન અને વિજ્ઞાન** | **૪૨૮** |
| આપણી કુસમજ | ૪૨૮ |
| દુનિયાનાં કામકાજ દુનિયાદારી નથી | ૪૩૦ |
| મુસલમાનનાં કામો નિય્યતને આધારિત | ૪૩૦ |
| વિજ્ઞાન એટલે સબબ અને કારણોનું ઈલ્મ | ૪૩૧ |
| સાયન્સ તખ્લીક નથી તરકીબ છે | ૪૩૨ |
| કોશિશનું બીજુ નામ અનુભવ છે | ૪૩૩ |
| શીખવાવાળાની મદદ કરવી જોઈએ | ૪૩૪ |
| દારુલ ઉલૂમ એટલે શું ? | ૪૩૫ |

| વિષય | પેજ નં. |
|---|---|
| પબ્લિક પણ ધ્યાન નથી આપતી | ૪૩૫ |
| દારુલ ઉલૂમમાં માત્ર ગરીબોનાં બાળકો | ૪૩૬ |
| કોલેજ અને યુનિવર્સિટી | ૪૩૬ |
| મારો અનુભવ | ૪૩૭ |
| ગરીબો દારુલ ઉલૂમમાં કેમ આવે છે ? | ૪૩૮ |
| આ સ્વપ્ન સાકાર થઈ શકે છે | ૪૩૯ |
| વહાબી સાથે ભેગા થવાની કોઈ જરૂર નથી | ૪૩૯ |
| કીડીથી સબક શીખો | ૪૪૨ |
| છોકરા છોકરીઓની ભેગી તાલીમ ખતરાનુ મૂળ છે | ૪૪૨ |
| માણસની ઉત્તમતા ઈલ્મથી | ૪૪૩ |
| મુબાહ, સવાલ નથી તો ગુનોહ પણ નથી | ૪૪૪ |
| દુનિયાની પ્રગતિમાં દુનિયાની તાલીમ અનિવાર્ય | ૪૪૫ |
| ઈન્ટરનેટ અને દીની ફાયદા | ૪૪૫ |
| જંગ અને વિજ્ઞાન | ૪૪૬ |
| મુસ્લિમ દેશો | ૪૪૭ |
| ઈઝરાઈલ દેશ નથી પણ દેશો માટે ભારે છે | ૪૪૮ |
| ઈરાકનો ચમત્કાર અને કાફિરોની મદદ | ૪૪૮ |
| વિજ્ઞાનની લડાઈ | ૪૪૯ |
| કુર્આનનો આદેશ | ૪૪૯ |
| મન્તિક ફલસફો ગયો ! વિજ્ઞાન આવ્યું ! | ૪૫૦ |
| જગતની ચીજોમાં મનન કરવું કુર્આનની તાલીમ | ૪૫૨ |
| કુર્આની ઈલ્મો | ૪૫૩ |
| સાઈન્સની પેશન ગોઈ | ૪૫૪ |
| મુસલમાનોની હાલત પર ડો. ઈકબાલનો અફસોસ | ૪૫૭ |
| નેઅમતો અને રહસ્યો | ૪૫૯ |
| દલીલનો પ્રથમ ચહેરો | ૪૬૦ |
| દલીલનો બીજો ચહેરો | ૪૬૦ |
| યૂરોપનો ઈકરાર | ૪૬૧ |
| અરબ કેટલુ પાછળ રહી ગયું ! | ૪૬૨ |
| બાયબલ અને કુર્આન વિજ્ઞાનના પ્રકાશમાં | ૪૬૩ |
| પ્રથમ કુર્આન પછી સાયન્સ | ૪૬૩ |
| હકીકત નકારી નથી શકાતી | ૪૬૪ |
| મુસલમાનનું વિજ્ઞાન બીજાઓનું માર્ગદર્શક | ૪૬૯ |
| યૂરોપ ચર્ચોના હાથમાં | ૪૭૦ |
| દીનથી નફરત અપાવનાર પાદરીઓ | ૪૭૩ |
| મુસલમાનોની કુસમજ | ૩૭૩ |
| એક પ્રશ્ન અને તેનો ઉત્તર | ૪૭૪ |
| કુર્આનનો ફૈસલો | ૪૭૫ |
| સાયન્સ અને ઈસ્લામમાં તફાવત | ૪૭૯ |
| નેચરલ કહીને ગુમરાહીનો પ્રચાર | ૪૭૯ |
| મુસલમાનનો અકીદો અને તેની માન્યતા | ૪૮૦ |
| આપણો અધિકાર ખુદાનો ફઝ્લ | ૪૮૧ |
| સાયન્સ અને લાચારી | ૪૮૧ |
| ધીમે ધીમે પ્રગતિ | ૪૮૨ |
| તમે કમ ઈલ્મ છો કુર્આનની પુકાર | ૪૮૩ |
| પ્રગતિ ઓછી અને મજબૂરી વધારે | ૪૮૩ |
| નાસમજીની વાત | ૪૮૫ |
| ઈમાનવાળાઓ અક્કલવાળાઓ છે | ૪૮૮ |






## ★ પ્રારંભિક વાત... ★

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْم

نَحْمَدُهٗ وَنُصَلِّيْ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ وَآلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْن

આશ્ચર્યની વાત છે કે મુસલમાન આખા વિશ્વની માહિતી, વિશ્વની પ્રખ્યાત વ્યકિતઓ તથા બનાવોની ઝીણવટભરી વિગતોના અભ્યાસ માટે તલપાપડ રહે છે, રોજ બ રોજ બનતા બનાવોની જાણકારી માટે ફિકરમંદ રહે છે, વર્તમાન પત્ર તથા દુનિયવી મેગેઝિનો વાંચવા માટે ઉત્સુક રહે છે, પણ તેની પાસે સમય નથી તો કુર્આને પાક શું કહે છે ? તે જોવાની, જાણવાની કે સાંભળવાની ! અફસોસ કે લોકોની વાણી વાતો વાંચવા સાંભળવા બેચૈન થઈ જનારો મુસલમાન અલ્લાહનું કલામ તથા કુર્આનની વાતો, તેની નસીહતો, તેની ખૂબીઓ કે જે ઈમાનને સ્ટ્રોંગ કરી દે છે તેના માટે ૩૬૫ દિવસમાં એક મિનિટ કાઢવી પણ તેના માટે ભારે પડે છે જયારે કે દરરોજ અન્ય સર્વ સાહિત્યો, ટી. વી., મેચો વગેરે જોવા તેની વિગતો જાણવા યાદ રાખવા મુસલમાન બેકરાર રહે છે, જેથી મુસલમાનોની પડતી તથા વિશ્વમાં તેની થઈ રહેલી કફોડી હાલતનું આ એક મુખ્ય કારણ છે.

સેંકડો મુબારકબાદ આપવા ખૂટે છે **હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી (નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–યુ. કે. બ્રાન્ચ)**ને કે તેમણે કુર્આનની હક્કાનિયત તથા સાથો સાથ અન્ય એહલે કિતાબ કહેવાતી કૌમોની કિતાબોમાં થયેલી તબદીલીઓને ડંકાની ચોટ પર સાબિત કરી છે તથા **કુર્આન** હુઝૂરનો **મો'જિઝો** છે, આજે પણ કાફિરો માટે ચેલેંજરૂપ છે અને આજે પણ ઈન્સાફની નજરે કુર્આનની હક્કાનિયત પર તથા કુર્આનના હુકમોનો અભ્યાસ કરનારા તથા તેના પર ચિંતન મનન કરનારા ઈસ્લામ સ્વીકારી રહ્યા છે. ઉપરાંત કુર્આનની વિવિધ સૂરતોની ફઝીલત તથા અન્ય અતિ ઉમદા વાતો જે એક મુસલમાનના ઈમાનમાં મજબૂતી પેદા કરી દે એવી માહિતી પૂર્ણ પાડી છે.

કુર્આનના વિષયમાં ગુજરાતી ભાષામાં **આ પ્રથમ માહિતિપૂર્ણ ઈમાન અફરોઝ નસીહતઆમોઝ કિતાબ** છે. એક ઈસ્લામના ચાહક મુસલમાને તો જરૂર તેનો અભ્યાસ કરવો ઘટે છે. અલ્લાહ તૌફીક આપે. આમીન...

**–લિ. પટેલ શબ્બીર અલી રઝવી**
(અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા)

(પ્રકરણ)

# ☆ કુર્આનનું ચેલેંજ નબીનો મો'જેઝો ☆

قُلْ لَئِنِ اجْتَمَعَتِ الْإِنْسُ وَالْجِنُّ عَلَىٰ أَنْ يَأْتُوا بِمِثْلِ هَٰذَا
الْقُرْآنِ لَا يَأْتُونَ بِمِثْلِهِ وَلَوْ كَانَ بَعْضُهُمْ لِبَعْضٍ ظَهِيرًا ۔

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો, અલ્લાહ તઆલા તેની બાબત મને હક કહેવાની અને તમને તેની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફરમાવે, આમીન. બિ જાહિ સૈય્યિદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم.

મારી બહેનો ! એ તો તમને સારી રીતે ખબર છે કે, અલ્લાહ ત્આલાએ પોતાના ફઝલો અહેસાન, કૃપા અને દયાથી નાની મોટી લગભગ એકસો ચાર કિતાબો મુકદ્દસ રસૂલો પર નાઝિલ ફરમાવી, તાકે તેના બંદાઓ અને બંદીઓને સત્ય માર્ગ મળી શકે, હક રસ્તો મેળવવામાં શંકા ન રહે, જન્નતથી નીકળીને આવેલ માણસ ફરી જન્નતમાં પ્રવેશવા લાયક બને, શૈતાન જે એનો શત્રુ છે, દુશ્મન છે તે તેને ખોટા માર્ગે લગાડી દોઝખી ન બનાવે, માણસ માણસ બનીને જીવન ગુજારે, અખ્લાક, આદાબ અને સારા સંસ્કારથી પડી જાનવર ન બને, બલ્કે પોતાના સદગુણોથી ફરિશ્તાઓનો દાખલો કાયમ કરે. ખુદાની સાચી ઓળખ મેળવે અને શિર્ક તથા બુત પરસ્તી અને મૂર્તિપૂજાથી હમેશાં બચેલો રહે. સારાંશ એ કે ખુદાનો બંદો તેની ઉતારેલી કિતાબોના માર્ગદર્શનથી તેનો સાચો બંદો બનીને રહે.

## ★ નબીની જરૂરત ★

માત્ર કિતાબો ઉતારવામાં આવતી તો તેની સમજમાં લોકોને શંકા થઈ શકતી હતી અને શૈતાન ખોટા માયનાઓ બતાવી લોકોને





વાસનાનો શિકાર બનાવી શકતો હતો. તો અલ્લાહ ત્આલાએ કિતાબો પોતાના મુકદ્દસ અને પ્યારા રસૂલો પર નાઝિલ ફરમાવી અને તેમને મખ્લૂકથી વધુ અક્કલ અને ઈલ્મ અર્પણ કર્યું અને તેમને ગુનાહોથી પાક સાફ અને માસૂમ રાખ્યા. શૈતાનથી તેઓની હિફાઝત ફર્માવી. જે રસૂલ પર જે કિતાબ નાઝિલ ફર્માવી તે કિતાબનું સાચુ ઈલ્મ પણ તે નબીને અતા ફર્માવ્યું. નબીઓ અને રસૂલોએ પોતાની મધુરવાણીઓ અને અમલોથી લોકોને ખુદાની મુકદ્દસ કિતાબોની તાસીરનું ઈલ્મ આપ્યું. શબ્દોથી શંકા થાય તો તેમનો અમલ શંકાનો જવાબ બની જાય.

## ★ નબીઓની સંખ્યા ★

દુનિયામાં લોકોના માર્ગદર્શન માટે પધરામણી કરનાર નબીઓની સંખ્યા લગભગ એક લાખ ચોવીસ હજાર છે અને તેઓમાંથી ત્રણસો તેરને નબુવ્વત સાથે રિસાલતથી પણ નવાઝવામાં આવ્યા હતા. એટલે તેઓ રસૂલ પણ હતા. નબી અને રસૂલને અલગ કરવાથી તમને એ તો જણાય ગયું હશે કે નબી અને રસૂલ એક નથી, બંનેમાં કોઈ ફરક છે. તો જરૂર એવું જ છે બંનેમાં ફરક છે.

## ★ નબીની વ્યાખ્યા ★

તે બશર અને મરદ છે, જેને અલ્લાહ ત્આલાએ લોકોના માર્ગદર્શન માટે મોકલ્યો અને તેની ઉપર વહી નાઝિલ ફર્માવી.

નબીની તારીફ (વ્યાખ્યા)થી એ જાણવા મળ્યું કે નબી ઈન્સાનોમાંથી જ છે. કોઈ ફરિશ્તા અને જિન્નાતને નબુવ્વત આપવામાં નથી આવી અને એ પણ જાણવા મળ્યું કે ઈન્સાનોમાંથી પણ માત્ર મરદ છે, કોઈ પણ ઔરતને નબુવ્વત આપવામાં આવી નથી.

## ★ રસૂલની વ્યાખ્યા ★

નબી રસૂલ એ છે જેને અલ્લાહ ત્આલાએ તેની કિતાબ અથવા નવા હુકમો અતા ફર્માવ્યા.

ઈન્સાનોમાં નબુવ્વત આવી છે પરંતુ જેઓને નબુવ્વત મળી તેઓમાંના સઘળા રસૂલ નથી. રસૂલ માત્ર ત્રણસો તેર છે, અને અલ્લાહ તરફથી ઉતારવામાં આવેલી કિતાબો ૧૦૪ છે. (ફરિશ્તામાં પણ રસૂલ છે.)

માત્ર રસૂલ હોવું ઈન્સાનો માટે ખાસ નથી બલ્કે ફરિશ્તાઓમાંથી પણ અમુકને રિસાલત આપવામાં આવી છે. પરંતુ ઔરતો અને મરદોમાં મરદને વધુ ફઝીલત અતા કરવામાં આવી છે, એટલે ઔરતોમાં નબુવ્વત અને રિસાલત નથી. આ તેણીઓને વિલાયત મળી શકે છે અને ઘણી બધી ઔરતોને વિલાયત મળી છે. જેનો ઉલ્લેખ ઐતિહાસિક કિતાબોથી પ્રાપ્ત થઈ શકે છે.

## ★ અલ્લાહની નાઝિલ કરેલી કિતાબો કલામુલ્લાહ છે ★

એવું નથી કે આપણા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم પર જે કિતાબ કુર્આન ઉતારવામાં આવી તેને જ કલામુલ્લાહ, અલ્લાહનું કલામ કહેવામાં આવે છે. પણ એ જ પ્રમાણે જેટલી કિતાબો અલ્લાહ ત્આલાએ મુકદસ રસૂલો પર નાઝિલ ફરમાવી તે કલામુલ્લાહ એટલે અલ્લાહ ત્આલાનું કલામ છે અને તે સઘળી કિતાબો પર ઈમાન લાવવું જરૂરી છે.

## ★ એક સવાલ અને એનો જવાબ ★

એ તો યોગ્ય લાગે છે કે અલ્લાહ ત્આલાએ જેટલી કિતાબો નાઝિલ ફરમાવી તે સઘળી અલ્લાહનું કલામ છે અને તેની ઉપર ઈમાન લાવવું જરૂરી છે, પરંતુ શંકા એ થાય છે કે આગલી કિતાબોની દરેક વાત શી રીતે કબૂલ કરવી. જ્યારે કે એ સાબિત થઈ ગયું કે તેમાં લોકોએ પોતાના તરફથી ફેરફાર કરી દીધો છે. તો એ શી રીતે ખબર પડે કે કઈ વાત ખુદાની અને કઈ લોકોની મિલાવટ કરેલી ? કુર્આન શરીફમાં છે :–





وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوا الْحَقَّ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ○

"અને સત્ય સાથે જૂઠ ન ભેળવો અને જાણી જોઈને સત્ય ન છુપાવો."

કુર્આન શરીફની આ આયતથી અને બીજી ઘણી બધી આયતોથી જાણવા મળે છે કે આગલા નબીની શરીઅતમાં પણ ફેરફાર થયો છે અને અલ્લાહની કિતાબોમાં પણ ફેરફાર થયો છે. પછી તેની ઉપર ઈમાન કેવી રીતે લાવવું ? ઈમાન તો યકીન સાથે માની લેવાને કહેવામાં આવે છે.

**જવાબ** :– કુર્આન શરીફમાં છે અલ્લાહ ત્આલા ઈર્શાદ ફરમાવે છે :

كُلٌّ اٰمَنَ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْ رُّسُلِهٖ ۔ (پ۳ سورۂ بقرہ)

"બધાંએ માન્યુ અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને તેની કિતાબો અને તેના રસૂલોને એ કહેતાં કહેતાં અમે તેના કોઈ રસૂલ પર ઈમાન લાવવામાં તફાવત નથી કરતા." (સૂ. બકરહ, પારા–૨)

ઉપરોકત આયતથી જાણવા મળ્યું કે અલ્લાહ ત્આલાએ આપણા માટે અલગ કિતાબ નાઝિલ ફર્માવી અને નવી શરીઅત અતા ફરમાવી. આપણે અમલ તો આપણી કિતાબ અને આપણી શરીઅત પર કરવાનો છે, પરંતુ જ્યાં સુધી ઈમાનની વાત છે, તો અલ્લાહ તઆલાની નાઝિલ ફર્માવેલી સઘળી કિતાબો પર અને સઘળા નબીઓ પર ઈમાન લાવવું પણ જરૂરી છે. જો આપણે અલ્લાહ ત્આલાની નાઝિલ ફર્માવેલી એક કિતાબનો પણ ઈન્કાર અને અસ્વીકાર કરીએ તો આપણે ઈમાનવાળા રહી શકતા નથી. એક નબીનો ઈન્કાર કરીએ તો પણ ઈમાનવાળા રહી શકતા નથી. એટલે સઘળા નબીઓ અને રસૂલો પર તથા એમની ઉપર નાઝિલ કરવામાં આવેલી કિતાબો પર ઈમાન લાવવું જરૂરી છે. કુર્આન શરીફમાં સાચા ઈમાનવાળાઓની નિશાનીઓના વર્ણનમાં અલ્લાહ ત્આલાએ ફર્માવ્યું :–

وَالَّذِيْنَ يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ مِنْ قَبْلِكَ وَبِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ○ اُولٰٓئِكَ عَلٰى هُدًى مِّنْ رَّبِّهِمْ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ○

અને તે જે ઈમાન લાવે અય મહબૂબ ! તેના પર જે તમારી તરફ ઉતાર્યું અને તે જે તમારાથી પહેલાં ઉતાર્યું અને આખિરત પર યકીન રાખે તે જ લોકો પોતાના રબ તરફથી હિદાયત પર છે અને તેઓ જ મુરાદ સુધી પહોંચનાર છે.''

ઉપરોકત આયતોથી સ્પષ્ટ થયું કે સાચા ઈમાન માટે કુર્આન સાથે એનાથી પહેલાં નાઝિલ કરવામાં આવેલી કિતાબો પર ઈમાન રાખવું પણ જરૂરી છે. અહલે સુન્નતનો નિર્વિવાદ અકીદો છે, સાત ચીઝો પરનું ઈમાન જરૂરિયાતે દીનમાં ગણવામાં આવે છે. જો કોઈ પણ મુસલમાન તેમાંની એકનો પણ ઈન્કાર કરે તો તે કાફિર બની જાય છે. તેમાંની એક અલ્લાહ ત્આલાની નાઝિલ કરેલી સઘળી કિતાબો પણ ઈમાન લાવવું પણ છે.

**ઈમાને મુફસ્સલ :–**

اٰمَنْتُ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ وَالْيَوْمِ الْاٰخِرِ وَالْقَدْرِ خَيْرِهٖ وَشَرِّهٖ مِنَ اللّٰهِ تَعَالٰى وَالْبَعْثِ بَعْدَ الْمَوْتِ .

"હું ઈમાન લાવ્યો અલ્લાહ અને તેના ફરિશ્તાઓ, તેની કિતાબો, તેના રસૂલો, કિયામતના દિવસ અને કિસ્મત પર, જેની ભલાઈ અને બુરાઈ અલ્લાહ તરફથી છે અને મૃત્યુ બાદ જીવંત થઈ ઉઠવા પર."

દલીલોથી એ તો સ્પષ્ટ થઈ ગયું છે આગલી કિતાબો પર ઈમાન લાવવું જરૂરી છે, પરંતુ તમારા તરફથી પેદા કરવામાં આવેલી શંકાનો જવાબ બન્યો નથી. કારણ કે તમારી શંકા એ હતી કે આગલી કિતાબોમાં પબ્લીક તરફથી ફેરફાર થયો છે તો પછી હક કયું ? કોઈ





ચીજ પર ઈમાન શી રીતે લાવવું ? તો એનો જવાબ એ છે કે ઈમાનના બે પ્રકાર છે : (૧) કોઈ ચીજ પર ઈમાન (૨) તેની વિગત પર ઈમાન. તમારી શંકા બીજા પ્રકારની છે. વિગતવાર ઈમાન લાવવા વિષે કહેવામાં આવે તો કહી શકાય છે કે હક અને બાતિલનો ફરક થતો નથી પછી ઈમાન કેવી રીતે લાવીએ ! માત્ર અલ્લાહની કિતાબ પર ઈમાન લાવું છું. આટલાથી અલ્લાહની કિતાબો પર ઈમાન લાવવાની જવાબદારી પૂરી થઈ જાય છે. દરેક વાત પર અલગથી ઈમાન લાવવું જરૂરી નથી. એ જ પ્રમાણે સઘળા નબીઓ પર ઈમાન લાવવું જરૂરી છે. દરેક પર અલગ અલગ ઈમાનનો ઈકરાર જરૂરી નથી. કારણ કે સઘળા નબીઓના નામોનો ઉલ્લેખ નથી અને તેમની સંખ્યામાં પણ વિવાદ છે. તો માત્ર આટલું માનવું જરૂરી છે કે હું અલ્લાહના સઘળા નબીઓ પર ઈમાન લાવું છે.

**વધુ એક સવાલ :–** આગલી કિતાબો પર ઈમાન વિષે જવાબ તો મળી ગયો પણ અમારા સવાલનો જવાબ પૂરો નથી મળ્યો. કારણ કે કિતાબોની આયતોને સમક્ષ રાખી સવાલ કરવામાં આવે છે કે તમે આને માનો છો, આને માનો છો તો પછી શી રીતે કબૂલ કરી શકાય ?

**જવાબ :–** વિગતવાર ઈમાન લાવવા વિષે પૂછવામાં આવે તો જરૂરથી તમારો બયાન કરેલો પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે અને એના માટે કલામે ખુદા અને ગેર કલામે ખુદામાં ફરક ગણવો જરૂરી છે. પરંતુ આપણી આ શંકાનો ઉકેલ પણ મહાન આલિમોએ કરી આપ્યો છે. **(૧)** અકાઈદ વિષે સઘળા નબીઓની તાલીમ એક સરખી છે તો જો આગલી કિતાબોની વાતો અકાઈદમાં આપણા કુર્આન અને હદીષ વિરૂધ્ધ હોય તો કબૂલવામાં આવશે નહીં.

મિશ્કાત શરીફમાં નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે : દુનિયા અને આખિરતમાં હું હઝરત ઈસા બિન મરયમથી સૌથી અધિક નિકટ છું, નબીઓ પરસ્પર ભાઈ ભાઈ છે. માતાઓ અલગ અલગ અને બાપ એક. તેઓનો ધર્મ એક જ છે. આપ અને ઈસાની વચમાં નબી નથી. **(૨)** શરઈ અહકામમાં ફરક થઈ શકે છે. પરંતુ અહકામ

વિષે જે ઉલ્લેખ કુર્આનમાં કર્યો અને વર્ણવ્યું કે આ હુકમ આગલી કિતાબોમાં હતો અને તેની વિરૂધ્ધ જોવા મળે તો કબૂલવામાં આવશે નહીં, અને જેના વિષે કોઈ ઉલ્લેખ કુર્આન અને હદીષમાં જોવા ન મળે તેમાં આપણે ચુપ રહેવું જોઈએ અને એટલું કહેવું કે અલ્લાહની કિતાબો પર અમારું ઈમાન છે. સારાંશ એ કે કુર્આન અને હદીષથી મળતી વાતો હય તો કબૂલવામાં આવશે અને વિરૂધ્ધ હોય તો કબૂલવામાં આવશે નહીં અને કાંઈ ખબર ન પડે તો તેના વિષે ચુપ રહેવામાં આવશે. આ જવાબ પછી કોઈ શંકા રહી શકતી નથી.

## ★ ખુદાની કિતાબો બદલાઈ શાથી ? ★

એ વાત તો આપણો અકીદો છે કે અલ્લાહ ત્આલાની કિતાબોમાં લોકોએ મિલાવટ શી રીતે કરી અને મિલાવટ કરવામાં આવી તો અલ્લાહ ત્આલાએ પોતાના કલામ અને લોકોની મિલાવટમાં જુદાઈ કેમ ન કરી આપી ? આમ અનેક વાતો ઉપસ્થિત થઈ શકે છે અને આપણે શંકા કુશંકાનો શિકાર બની શકીએ છીએ.

**જવાબ :–** અલ્લાહ તબારક વત્આલાએ લોકોની હિદાયત માટે કિતાબો નાઝિલ ફર્માવી. હિદાયત અને નજાતનો માર્ગ નક્કી કર્યો. હવે લોકોની જવાબદારી હતી કે તેઓ ખુદાની કિતાબને મજબૂત પકડી તેની જ ઉપર અમલ કરતા. ખુદાની વાતોની જગાએ પોતાની મનમાની વાતોને જગા ન આપતા. પરંતુ તેઓ શૈતાનના દાવમાં આવી ગયા અને એ જવબાદારી ભૂલી ગયા કે અલ્લાહ ત્આલાએ અમને કિતાબ કેમ અતા ફર્માવી અને અમારો સંબંધ ખુદાની કિતાબ સાથે કેવો હોવો જોઈએ.

બીજું એ કે અલ્લાહ તરફથી જેઓને કિતાબ આપવામાં આવી હતી તેની હિફાઝતની જવાબદારી પણ તેઓને જ આપવામાં આવી હતી, તો તેઓના આલિમો ગરીબો અને અશકતો માટે ખુદાઈ હુકમો જારી કરતા અને જ્યારે કોઈ માલદાર સશકતની વાત આવતી તો તેને બચાવવા વાતો બદલવાની કોશિશ કરતા. આમ એક બીજાની ખુશી માટે તેમણે ખુદાની કિતાબની હિફાઝત ન કરી અને હુકમો બદલી નાખ્યા





અને આ પ્રમાણે ખયાનતમાં કામો નબીના દુનિયાથી પરદો ફર્માવી ગયા બાદ થયા હતા.

## ★ હિફાઝતની જવાબદારી લોકોને કેમ આપવામાં આવી ? ★

એક સવાલ એ પણ ઉપસ્થિત થઈ શકે છે કે અલ્લાહ ત્આલાએ હિફાઝતની જવાબદારી લોકોને કેમ આપી ? જો પોતાની હિફાઝતમાં રાખી હોત તો લોકો પોતાના તરફથી ખુદાની કિતાબમાં મિલાવટ ન કરી શકતા. એનો જવાબ એ છે કે અલ્લાહ તબારક વત્આલાએ લોકોની પરીક્ષા માટે જવાબદારી આપી કે આ મારી કિતાબ છે જે નબીઓ થકી તમને અર્પણ કરવામાં આવી છે. તો તેઓ અલ્લાહ તરફથી કરવામાં આવેલી પરીક્ષામાં નાકામ ઠર્યા. બીજું એ કે અલ્લાહ فَعَّالٌ لِّمَا يُرِيْدُ છે. તેને એ ઈરાદો ફર્માવ્યો કે કિતાબની હિફાઝતની જવાબદારી તેઓને જ આપવામાં આવે. ત્રીજું એ કે એક નબી પછી બીજો નબી અને એક રસૂલ પછી બીજો રસૂલ આવવાનો છે. એટલે કે જે ખરાબી થશે તેનો ઉકેલ બીજા નબી અને રસૂલની તાલીમાતથી થઈ જશે. એટલે અલ્લાહ ત્આલાએ હિફાઝતની જવાબદારી લોકોને આપી.

## ★ કુર્આનની હિફાઝતની જવાબદારી ખુદાએ કેમ લીધી ? ★

એક જવાબ તો એ જ કે અલ્લાહ ત્આલા فَعَّالٌ لِّمَا يُرِيْدُ તે પોતે જેવો ઈચ્છે તેવો ફૈસલો કરી શકે છે. તેનો ફૈસલો કુર્આન બાબતે એ રહયો કે એની હિફાઝતની જવાબદારી હું પોતે મારા કરમ પર રાખીશ. બીજો જવાબ એ કે આપણા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم ખુદાના અંતિમ નબી અને રસૂલ છે. આપ પછી કોઈ નબી અને રસૂલ આવવાનો નથી. પછી જો લોકોને હિફાઝતની જવાબદારી આપવામાં આવતી તો

લોકો પરીક્ષામાં નાકામ રહી દીનમાં ખરાબી પેદા કરતા અને દીન બરબાદ થઈ જતો. તો અલ્લાહ ત્આલાએ પોતાના ફઝ્લો કરમથી હિફાઝતની જવાબદારી પોતે જ સ્વીકારી અને દીનને ખરાબીથી બચાવ્યો. અલ્લાહ ત્આલા કુર્આન શરીફમાં ઈર્શાદ ફરમાવે છે :–

إِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَإِنَّا لَهُ لَحَافِظُونَ ○

"બેશક ! અમે ઉતાર્યું છે આ કુર્આન અને બેશક ! અમે પોતે એના રક્ષક છીએ."

મુસલમાનોનાં સીનાઓ ખોલી નાખવામાં આવ્યા. જ્યારે અલ્લાહ તબારક વત્આલાએ પોતાના કરમથી કુર્આનની હિફાઝતની જવાબદારી કબૂલ ફર્માવી તો તેણે મુસલમાનો માટે કુર્આનને યાદ કરવું સરળ કરી આપ્યું. આગલી કિતાબોના હાફિઝ માત્ર નબી જ હોતા, પરંતુ કુર્આની મો'જેઝો છે કે ટૂંક મુદ્દતમાં ઓછી મહેનતે મુસલમાનોના નાના નાના બાળકોને પણ યાદ થઈ જાય છે. જે કલામ માટે માત્ર નબીનો સીનો ખોલવામાં આવતો હતો. તેના માટે સઘળા મુસલમાનોનો સીનો ખોલી નાખવામાં આવ્યો. મુસલમાનોની વસ્તીનું કોઈ નાનકડું ગામડું પણ ભાગ્યે જ એવું હશે જેમાં કુર્આનનો હાફિઝ એક પણ ન હોય. આજે સમગ્ર જગતમાં લાખોની સંખ્યામાં હાફિઝો છે, જેઓ એક ઝેર ઝબરની પણ ભૂલ થવા દેતા નથી.

## ★ કુર્આનની છપાઈ ★

દુનિયામાં કોઈ પણ કિતાબ એવી નહીં હોય જેને કુર્આન જેટલી સંખ્યામાં છાપવામાં આવી હોય. દુનિયામાં વધુ સંખ્યામાં છાપવામાં આવેલી કિતાબ કુર્આન શરીફ છે. દરેક મુસલમાનનાં ઘરમાં કુર્આનનો એક નુસ્ખો તો જરૂરથી હશે. તિલાવત ભલે ન આવડતી હોય તો પણ માત્ર બરકતને માટે પણ મુસલમાનોનાં ઘરો છે એટલાં કુર્આન તો અવશ્ય છે. શું કોઈ કિતાબ એવી છે જે દુનિયામાં દરેક મુસલમાનના ઘરમાં હોય ?





## ★ છપાઈમાં ભૂલો થતી હોય છે ★

કયારેક એવું પણ થાય છે કે પ્રૂફ રીડિંગ ધ્યાનથી કરવામાં ન આવે તો કયારેક ઝેર ઝબરની ભૂલ રહી જાય છે. પરંતુ આજ સુધી કુર્આનનો કોઈ એવો નુસ્ખો નહીં હોય જેમાં ઝેર ઝબરની કોઈ ભૂલ થઈ હોય અને તેને સુધારવામાં ન આવી હોય. હાફિઝો છાપેલા કુર્આનની એક વખત તિલાવત કરી તેને સુધારી લે છે અને એ પણ ખુદાનો ફઝ્લ છે કે કુર્આનની છપાઈમાં પણ ભૂલ થતી નથી અને થાય તો ભાગ્યે જ અને તે પણ સુધારી લેવામાં આવે છે. એટલે કુર્આન શરીફમાં કયારે પણ મિલાવટ થઈ શકતી નથી. આજ સુધી એમાં કોઈ કામયાબ થયું નથી અને થશે પણ નહીં. કારણ કે જે ચીજ ખુદાની હિફાઝતમાં હોય તેમાં ફેરફાર આવી શકતો નથી.

## ★ કુર્આનની હિફાઝત આપણા નબીના અંતિમ હોવાની દલીલ છે ★

અહલે સુન્નત વલ જમાઅતનો અકીદો છે અને એના પર કુર્આન શરીફની આયત દલીલ પણ છે કે આપણા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહ ત્આલા عزوجل તરફથી આ જગતના માર્ગદર્શન માટે આવેલા અંતિમ નબી છે. આપ પછી કોઈ નવો નબી આવવાનો નથી અને કોઈ દાવો કરશે તો તેને જૂઠો કહેવામાં આવશે. આપણા નબીના આ દુનિયાથી પર્દો ફર્માવી ગયા બાદ અન્ય લોકોએ નબી હોવાનો જૂઠો દાવો કર્યો, પરંતુ તેઓ પોતાની ચાલમાં સફળ ન થયા.

જ્યારે આપણા નબી અંતિમ નબી છે અને કોઈ નવો નબી કયામત સુધી આવવાનો નથી તો જો કુર્આનની હિફાઝત ન થાય અને એમાં ફેરફાર થાય તો દીન બરબાદ થઈ જાય અને કોઈ નબી ન આવે તો તેને સુધારે કોણ ? તો અલ્લાહ ત્આલાએ કુર્આનની હિફાઝત પોતાના કરમથી પોતે કબૂલ ફર્માવી. તો જાણવા મળ્યું કે ખુદાએ કુર્આનની

હિફાઝતનું એલાન કરી નબીના અંતિમ નબી હોવા તરફ ઈશારો ફર્માવ્યો છે.

## ★ ઈસ્લામ સંપૂર્ણ દીન છે ★

જ્યારે એ વાત સાબિત થઈ ગઈ કે આપણા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહ ત્આલાના અંતિમ નબી છે અને આપ પછી કોઈ નબી આવવાનો નથી તો એ સ્પષ્ટ દલીલ છે કે દીન સંપૂર્ણ થઈ ગયો છે અને દીન માટે હવે કોઈ નબીની જરૂરત નથી. તો હવે દીન માટે કુર્આન પછીની કોઈ ખુદાની કિતાબ નથી, તો અંતિમ નબી આપણા નબી અને ખુદાની નાઝિલ કરેલી અંતિમ કિતાબ કુર્આન છે. જો કુર્આનમાં કોઈ પ્રકારનો ફેરફાર થાય અને લોકો તરફથી વધઘટ કરવામાં આવે તો એ ખયાનત ખુદાની કિતાબ માટે એક અયબ અને નુકશાન છે અને ખુદાની નાઝિલ કરેલી કિતાબનું થયેલું નુકશાન અને કમી નબીથી જ પૂરી થઈ શકે છે. જ્યારે કોઈ નબી આવવાનો જ નથી તો અલ્લાહ ત્આલાએ પોતાના કરમથી કુર્આનની હિફાઝતની જવાબદારી લીધી. જેને લઈને કુર્આનમાં કયામત સુધી કોઈ ફેરફાર થઈ શકશે નહીં. દીને ઈસ્લામના સંપૂર્ણ હોવા તરફ અલ્લાહ ત્આલાએ ઈશારો કરતાં ફરમાવ્યું :

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِىْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا ۔

"અને મારાથી ડરો! આજ મેં તમારા માટે તમારો ધર્મ સંપૂર્ણ કરી દીધો અને તમારા પર મારી નેઅમત પૂરી કરી દીધી અને તમારા માટે ઈસ્લામને ધર્મ પસંદ કર્યો."

ઉપરોકત ઉલ્લેખથી એ પણ સાબિત થઈ ગયું કે કુર્આનની હિફાઝતની જવાબદારી ખુદા ત્આલાએ પોતાના કરમથી કબૂલ ફરમાવી એ જેવી રીતે નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અંતિમ નબી હોવાની દલીલ છે. એ જ પ્રમાણે કુર્આન શરીફના ખુદાની અંતિમ કિતાબ





હોવાની પણ દલીલ છે.

## ★ અલ્લાહની કિતાબોનાં નામો ★

એ તો ઉલ્લેખ થઈ ગયો કે અલ્લાહની નાઝિલ કરેલી કિતાબોની સંખ્યા ૧૦૪ છે, પરંતુ એનાં નામો વિષે વધું ઉલ્લેખ જોવા નથી મળતો. પરંતુ ચાર મશહૂર છે. જેના નામોનું વર્ણન કુર્આન શરીફમાં થયું છે.

(૧) કુર્આન શરીફ :

شَهْرُ رَمَضَانَ الَّذِىْٓ اُنْزِلَ فِيْهِ الْقُرْاٰنُ هُدًى لِّلنَّاسِ وَبَيِّنٰتٍ مِّنَ الْهُدٰى وَالْفُرْقَانِ ۔

"રમઝાનનો મહીનો જેમાં કુર્આન ઉતર્યું, લોકો માટે હિદાયત અને માર્ગદર્શન અને ફૈસલાની રોશન વાતો."

(૨) ઝબૂર શરીફ : وَاٰتَيْنَا دَاوٗدَ زَبُوْرًا

"અને અમે દાવૂદને ઝબૂર આપી."

(૩) ઈન્જીલ શરીફ : ذٰلِكَ مَثَلُهُمْ فِى التَّوْرٰىةِ وَمَثَلُهُمْ فِى الْاِنْجِيْلِ

(૪) તૌરેત શરીફ : "આ તેમનો ગુણ તૌરેતમાં છે અને તેમનો ગુણ ઈન્જીલમાં."

**કુર્આન શરીફ** આપણા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم પર નાઝિલ થયું. **ઝબૂર શરીફ** હઝરત દાવૂદ علیہ الصلوٰۃ والتسلیم પર નાઝિલ થઈ. **ઈન્જીલ શરીફ** હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم પર નાઝિલ થઈ. **તૌરેત શરીફ** હઝરત મૂસા علیہ الصلوٰۃ والتسلیم પર નાઝિલ થઈ.

## ★ ઈસાઈ અને યહૂદીઓની એક દલીલ ★

કુર્આન શરીફમાં તૌરેત ઝબૂર અને ઈન્જીલનું નામ આવ્યું

છે. તેનાથી ઈસાઈ અને યહૂદીઓની ખુશીનો પાર ન રહયો અને તેમના પાદરીઓ મુસલમાનો સમક્ષ ગર્વથી કહેવા લાગ્યા કે હે મુસલમાનો તમે તો કહો છો કે અમારી કિતાબો અસલ નથી અને તેમાં ફેરફાર કરી દેવામાં આવ્યો છે, પરંતુ તમારું કુર્આન તો અમારી કિતાબોને સાબિત કરે છે અને તમારા કુર્આનમાં અમારી કિતાબો પર ઈમાન લાવવા વિષે કહેવામાં આવ્યું છે. જો તમે અમારી ઈન્જીલનો અસ્વીકાર કરો તો તમે તમારા કુર્આનની રોશનીમાં કાફિર છો. કુર્આન શરીફમાં છે :–

قُلْ يَا أَهْلَ الْكِتَابِ لَسْتُمْ عَلَىٰ شَيْءٍ حَتَّىٰ تُقِيمُوا التَّوْرَاةَ وَالْإِنجِيلَ
وَمَا أُنزِلَ إِلَيْكُم مِّن رَّبِّكُمْ ۔

"તમે ફર્માવી દો, અય કિતાબીઓ ! તમે કશું જ નથી જ્યાં સુધી તૌરેત, ઈન્જીલ અને જે કંઈ તમારા રબ તરફથી તમારી ઉપર ઉતર્યું હોય તે લાગુ ન કરી લો."

અને તમારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم બાબત કુર્આન શરીફમાં છે :

وَإِذْ أَخَذَ اللَّهُ مِيثَاقَ النَّبِيِّينَ لَمَا آتَيْتُكُم مِّن كِتَابٍ وَحِكْمَةٍ ثُمَّ
جَاءَكُمْ رَسُولٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ لَتُؤْمِنُنَّ بِهِ وَلَتَنصُرُنَّهُ

"અને યાદ કરો જ્યારે અલ્લાહ ત્આલાએ પેગમ્બરો પાસેથી એમનું વચન લીધું. જો હું તમને કિતાબ અને હિકમત આપું પછી તમારી પાસે તે રસૂલ પધારે કે તમારી કિતાબોની સત્યતા જાહેર કરે, તમે જરૂર તેમના પર ઈમાન લાવજો અને જરૂર તેમની મદદ કરજો."

ઉપરોકત આયતે કરીમાથી સાબિત થયું કે તમારા નબી અમારા નબીઓની કિતાબોની તસ્દીક કરે છે અને તે કિતાબો સત્ય છે અને તેમાં કોઈ પ્રકારનો ફેરફાર થયો નથી એ જાહેર કરે છે. જ્યારે તમારા નબી અમારી કિતાબોની તસ્દીક કરે છે અને અલ્લાહ ત્આલા તરફથી તમને આ જવાબદારી આપવામાં આવી છે. પછી તમે લોકો તમારા નબીના ફરમાન વિરૂધ્ધ કેમ જાવ છો ? શું તમે





અમારી કિતાબોને નથી માનતા ? પણ તમે તો તમારી કિતાબને પણ ભૂલો છો.

**અમારો જવાબ (૧) :** તમે એ કઈ રીતે કહો છો કે અમે આગલા નબીઓ પર નાઝિલ થયેલી કિતાબોનો અસ્વીકાર કરીએ છીએ બલ્કે અમારો અકીદો તો એ છે કે અમે અલ્લાહના તમામ નબીઓ અને રસૂલો પર ઈમાન લાવીએ છીએ અને એમની ઉપર જે કંઈ અલ્લાહ તરફથી ઉતારવામાં આવ્યું તેની ઉપર પણ ઈમાન લાવીએ છીએ. ઈન્કાર અને અસ્વીકાર તો તમારા ધર્મમાં છે. તમે ઈસાઈ છો તો યહૂદીઓને નથી માનતા અને યહૂદી છો તો ઈસાઈઓને નથી માનતા. અમારું કુર્આન અમને એ વાતથી આગાહ કરે છે :

وَقَالَتِ الْيَهُودُ لَيْسَتِ النَّصَارَىٰ عَلَىٰ شَيْءٍ وَقَالَتِ النَّصَارَىٰ لَيْسَتِ
الْيَهُودُ عَلَىٰ شَيْءٍ

"યહૂદી બોલ્યા નસરાની (ઈસાઈ) કંઈ નથી અને ઈસાઈ બોલ્યા યહૂદી કંઈ નથી."

ઉપરોકત આયતથી જાણવા મળ્યું કે ન માનવું તમારું કામ છે, અમે તો સઘળા નબીઓને માનીએ છીએ અને અલ્લાહની નાઝિલ કરેલી સઘળી કિતાબોને પણ કબૂલ કરીએ છીએ. પરંતુ આનાથી તમારે એ ન સમજવું જોઈએ કે અમે તમારી પાસે જે કિતાબો હાલ છે તેને ૧૦૦ ટકા કબૂલ કરીએ છીએ. બલ્કે અમે અલ્લાહની નાઝિલ કરેલી સાચી કિતાબોને કબૂલ કરીએ છીએ.

(૨) તમે કહ્યું કે કુર્આનમાં અમારી કિતાબોનો નામો સાથે ઉલ્લેખ થયો છે. તો તમારે તેને સાચી માનવી જોઈએ એ પણ ખોટું છે. અમારા કુર્આને અમને કહયું છે કે ઈસાઈઓ અને યહૂદીઓએ ખુદાની કિતાબોમાં ફેરફાર કરેલો છે અને હુકમો બદલેલા છે એટલે તમારી કિતાબો અમારી નજરમાં ૧૦૦ ટકા સાચી નથી, તેમાં જરૂરથી ફેરફાર થયો છે. કુર્આન શરીફમાં છે :

وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوا الْحَقَّ وَأَنتُمْ تَعْلَمُونَ

"અને સત્ય સાથે જૂઠ ન ભેળવો અને જાણી જોઈને સત્ય ન છુપાવો."

## ★ એક સવાલ ઈસાઈઓ અને યહૂદીઓને ★

ઈસાઈઓ અને યહૂદીઓ પોતાનો ઉલ્લુ સીધો કરવા કુર્આનની આયતોને આપણા વિરૂધ્ધ દલીલ રૂપે પેશ કરે છે તો તેમને કહેવામાં આવે કે પ્રથમ જે આયત તમે સવાલ રૂપે પેશ કરી, તેમાં તો એવું વર્ણન પણ છે કે તમારા નબીઓને કહેવામાં આવ્યું કે તમે એ નબી પર ઈમાન લાવશો અને તેમની મદદ કરશો, તો તમારા નબીઓએ કબૂલ કર્યું અને પોતાના ઉમ્મતીઓને બશારત પણ આપી કે અલ્લાહના મુકદ્દસ નબી પધરામણી કરશે. તો પછી તમે તમારા નબીની વાત કબૂલ કેમ નથી કરતા ? તમે પણ અમારા નબી પર ઈમાન લઈ આવો ! વિવાદ જ ઉડી જશે.

## ★ ઈસાઈ અને યહૂદીનો જવાબ ★

"હે મુસલમાનો ! અમે તો તમારા કુર્આનને ખુદાની કિતાબ માનતા જ નથી, પછી તેની આયતોથી તમારે અમારી વિરૂધ્ધમાં દલીલ લાવવી ખોટી છે.

## ★ અમારો જવાબ ★

હે ઈસાઈઓ અને યહૂદીઓ ! જ્યારે તમે અમારી કિતાબને ખુદાની કિતાબ માનતા જ નથી તો પછી તમે અમારી સમક્ષ અમારી કિતાબથી દલીલ શા માટે લાવો છો ! જે કલામને તમે જૂઠું માનો છો અને પછી તમે તેની દલીલ કબૂલ કરો છો ? અને અમે કહયું કે અમે તો અમારી કિતાબને ૧૦૦ ટકા ખુદાની કિતાબ માનીએ છીએ અને અમારૂં એ પણ ઈમાન છે કે તેમાં એક શબ્દનો પણ ફેરફાર થયો





નથી. અમારૂં કુર્આન કહે છે : ذَٰلِكَ الْكِتَابُ لَا رَيْبَ فِيهِ "તે જ બુલંદ મર્તબા કિતાબ જેમાં કોઈ શંકા નથી. અને તમારી કિતાબો બાબત તો કહ્યું કે હક અને બાતિલની મિલાવટ કરવામાં આવી છે અને અમે તારીખ (ઈતિહાસ)થી તમને સમજાવીશું કે તમારી કિતાબોની હાલત શું છે અને તેમાં કેવા ફેરફાર કરવામાં આવ્યા છે.

## ★ તૌરેત, ઝબૂર અને ઈન્જીલ તારીખ (ઈતિહાસ)ના પ્રકાશમાં ★

આપણો દા'વો એ છે કે અલ્લાહ ત્આલાની કિતાબોમાંથી માત્ર કુર્આન જેવું નાઝિલ થયું એ જ હાલતમાં છે, તેમાં કોઈ ફેરફાર થયો નથી અને થશે પણ નહીં. કારણ કે હિફાઝતની જવાબદારી પોતાના કરમથી ખુદા ત્આલાએ જ કબૂલ ફર્માવી છે, પરંતુ તે સિવાયની બીજી આસ્માની કિતાબોમાં ફેરફાર થઈ ગયો છે. બલ્કે સાચી તૌરેત, ઈન્જીલ અને ઝબૂરનો વજૂદ નથી. દુનિયામાં થયેલી લડાઈમાં તેના નુસ્ખાઓ ખોવાઈ ગયા અને ત્યાર બાદ શુભેચ્છકોએ એક બીજાથી પૂછી પૂછીને અમુક હુકમો ભેગા કર્યા અને અમુક તારીખી વાતોનો વધારો કરી તેને જ આસમાની કિતાબો તરફ સંબંધ કરી તેના પર ઈમાન રાખે છે. આસમાની કિતાબનો મતલબ શું છે ? જેમાં અલ્લાહ ત્આલાની ફર્માવેલી વહી તે જ શબ્દોમાં લખવામાં આવી હોય. ભલે તરજુમો અને રૂપાંતર ગમે તે ભાષામાં કરવામાં આવ્યું હોય. તારીખની કિતાબોને, સીરત અને તફસીરની કિતાબોને આસમાની કિતાબ નથી કહી શકતા. કારણ કે તેમાં શબ્દો લોકોના હોય છે, ખુલાસો લોકો તરફથી કરવામાં આવે છે, એટલે આપણે માત્ર કુર્આનને ખુદાની નાઝિલ કરેલી કિતાબ કહીએ છીએ, જ્યારે કે હદીષ, તફસીર, ફિકહ, સીરત દરેકની અલગ અલગ કિતાબોમાં ગણતરી કરીએ છીએ, પછી ઈસાઈઓની પોતે ભેગી કરેલી અને પોતાના શબ્દોમાં લખેલી કિતાબોને અસલ આસ્માની કિતાબો શી રીતે કહી શકાય છે ?

## ★ આસ્માની કિતાબોના બે કાળ ★

આસ્માની કિતાબોમાં તેમના શુભેચ્છકો તરફથી ફેરફાર થતો રહયો છે અને કાફિર બાદશાહો અને રાજાઓના વિજયી થયા બાદ તેનો અંત આવતો રહયો અને ફરી એક બીજાથી પૂછીને લખવામાં આવી. આમ તે કિતાબોને ફરીથી લખવાનો જમાનો બદલાતો રહયો એટલે આના બે પ્રકાર કરવામાં આવે છે. જુનો કાળ, નવો કાળ.

## ★ આસ્માની કિતાબોનો જુનો કાળ ★

બાયબલ યુનાની શબ્દ છે એનો અર્થ કિતાબ છે. આયતને વર્સ કહેવામાં આવે છે. એક કિતાબમાં અન્ય કિતાબો છે તો તેમાંની દરેક કિતાબને સિફ્ર કહેવામાં આવે છે. ટોટલ ૪૭ કિતાબો છે. જેમાં ૩૮ સુધી ઈસાઈ અને યહૂદમાં વિવાદ નથી. માત્ર નવમાં વિવાદ છે જેને ઈસાઈ માને છે પરંતુ યહૂદી માનતા નથી. (૧) સિફ્રે ખલીફા (૨) સિફ્રે ખોરૂજ (૩) કિતાબે અહબાર (૪) સિફ્રે અહદ (૫) સિફ્રે ઈસ્તિષ્ના (૬) કિતાબે યશૂઅ (૭) કિતાબુલ કોઝાત (૮) કિતાબે રાઉષયારૂત (૯) સિમવઈલની પ્રથમ કિતાબ (૧૦) સિમવઈલની બીજી કિતાબ (૧૧) સલાતીનની પ્રથમ કિતાબ (૧૨) સલાતીનની બીજી કિતાબ (૧૩) તવારીખની પ્રથમ કિતાબ (૧૪) તવારીખની બીજી કિતાબ (૧૫) અઝાની પ્રથમ કિતાબ (૧૬) અઝાની બીજી કિતાબ (૧૭) કિતાબે ઐયૂબ (૧૮) ઝબૂરે દાવૂદ عليه الصلوٰة والسلام (૧૯) અમ્ષાલે સુલૈમાન عليه الصلوٰة والسلام (૨૦) નશીદે અન્શાહ (૨૨) યસઅયાહ નબીની કિતાબ (૨૩) યરમિયાહ નબીની કિતાબ (૨૪) યરમિયાહ નબીનો મરસિય્યો (૨૫) હિઝકીલ નબીની કિતાબ (૨૬) દાનિયાલ નબીની કિતાબ (૨૭) હોવયસીઅ નબીની કિતાબ (૨૮) યૂઈલ નબીની કિતાબ (૨૯) આમૂસ નબીની કિતાબ (૩૦) અબ્દયાહ નબીનું સ્વપ્ન (૩૧) કિતાબે યુના (યૂનુસ) (૩૨) મીકા નબીનું ઈલ્હામ (૩૩) નાહૂમ નબીનું ઈલ્હામ (૩૪) હબકકુક નબીનું





ઈલ્હામ (૩૫) સફૂનિયા નબીનું ઈલ્હામ (૩૬) હુજ્જૈ નબીનું ઈલ્હામ (૩૭) ઝકરિય્યા નબીનું ઈલ્હામ (૩૮) મલાખિયા નબીનું ઈલ્હામ. અહિંયા સુધીની કિતાબોને તૌરેત પણ કહેવામાં આવે છે. ઈસાઈઓ અને યહૂદીઓ એને માને છે. યહૂદીઓમાં સામેરીય ફિર્કો તૌરેત, કિતાબે યુશૂઅ અને કિતાબુલ કોઝાતને માને છે અને બીજી કિતાબોનો ઈન્કાર કરે છે.

ઈસાઈઓ તરફથી નવ કિતાબોનો વધારો કરવામાં આવ્યો છે જેમાં ઈસાઈઓનો વિવાદ છે. અુમક માને છે અને અમુક તેને નથી માનતા. નવા કિતાબોમાંથી (૧) કિતાબે આસ્તરત (૨) કિતાબે બાશક (૩) કિતાબે દાનિયાલનો એક ભાગ (૪) કિતાબે તુબયાસ (૫) કિતાબે યહૂદિય્યત (૬) કિતાબે વિઝડમ (૭) કિતાબે ઈકલિઝ (૮) મકાબીસની પ્રથમ કિતાબ (૯) મકાબીસની બીજી કિતાબ. આ નવ કિતાબોને યૂહદીઓ તદ્દન માનતા નથી, પરંતુ વધુ પડતા ઈસાઈઓ એને ઈલ્હામી માને છે.

## ★ નવી કિતાબો ★

(૧) ઈન્જીલે મત્તા (મત્તા હવારીએ હઝરત ઈસા عليه الصلوٰة والسلام નું જીવન ચરિત્ર લખેલું છે.) (૨) ઈન્જીલે મરકસ મરકસનું હઝરત ઈસા عليه الصلوٰة والسلام ની શાનમાં લખેલું જીવન ચરિત્ર. (૩) ઈન્જીલે લૂકા, જેમાં લૂકાએ લોકોથી સાંભળીને હઝરત ઈસા عليه الصلوٰة والسلام નું જીવન ચરિત્ર લખેલું છે. (૪) ઈન્જીલ યૂહન્ના, તેમાં યૂહન્ના હવારીએ વિગતવાર ઈસા عليه الصلوٰة والسلام નું જીવન ચરિત્ર લખેલું છે. આને અનાજીલે અરબઆ કહેવામાં આવે છે.

આ ચાર ઈન્જીલોની લખાણની તારીખમાં અહલે કિતાબનો ઘણો જ વિવાદ છે. પ્રથમ ઈન્જીલ ઈસવી સન ૩૭ અથવા ૩૮ અથવા ૪૨ અથવા ૪૮ અથવા ૬૧ અથવા ૬૨ અથવા ૬૩ અથવા ૬૪માં લખવામાં આવી. બીજી ઈન્જીલ ઈસવી સન ૫૬ અથવા ૬૫ અથવા ૬૦ અથવા ૬૩માં લખવામાં આવી. ત્રીજી ઈન્જીલ ઈસવી સન ૫૩

અથવા ૬૩ અથવા ૬૪માં લખવામાં આવી. ચોથી ઈન્જીલ ઈસવી સન ૬૮ અથવા ૬૯ અથવા ૭૦ અથવા ૯૭ અથવા ૯૮માં લખવામાં આવી.

(૫) આમાલે હવારીયીન જેમાં હવારીઓનું જીવન ચરિત્ર લખવામાં આવ્યું છે (૬) હવારી અને ગેર હવારીના પત્રો જે ટોટલ વીસ કિતાબો છે, જેને ઈસાઈઓ કબૂલ કરે છે. સાત કિતાબો બીજી પણ છે. જેને અમુક ઈસાઈઓ કબૂલ કરે છે અને અમુક તેનો અસ્વીકાર કરે છે. (૧) પોલોસનો પ્રથમ પત્ર (૨) પેટરસનો બીજો પત્ર (૩) યુહન્નાનો બીજો પત્ર (૪) યુહન્નાનો ત્રીજો પત્ર (૫) યાકૂબનો પત્ર (૬) યહૂદાનો પત્ર (૭) મુકાશફાતે યુહન્ના.

## ★ ઈસાઈ કોન્ફરન્સ ★

ઉપરોકત ઉલ્લેખથી તમને એ તો ખબર પડી જ ગઈ હશે કે ઈસાઈઓ અને યહૂદીઓમાં અલ્લાહની નાઝિલ ફર્માવેલી કિતાબો બાબતે ઘણો જ વિવાદ છે અને તેઓ પોતે પણ પૂરી ઈન્જીલને કબૂલ કરવા તૈયાર નથી. કયો ભાગ ઈન્જીલનો અને કયો ભાગ લોકોનો વધારેલો જેની બાબતે તેઓ આજ સુધી ફૈંસલો નથી કરી શકયા અને જ્યારે ઈન્જીલના શરૂ જમાનામાં તેઓથી ફૈંસલો ન થયો તો હવે કયામત સુધી તેમનાથી એકમતી ફૈંસલો થઈ શકશે નહીં. શાહે કુસ્તુનતુનયાના હુકમથી ઈ.સ. ૩૨૫માં શહરે નાઈસમાં ઈસાઈ આલિમો અને પાદરીઓની એક કોન્ફરન્સ કરવામાં આવી હતી. તે કોન્ફરન્સનો મતલબ એ હતો કે ઈન્જીલ બાબતે વિવાદ નાબૂદ કરવામાં આવે અને ઈન્જીલમાં જે ફેરફાર થયો છે અને ખુદાના કલામમાં બીજા લોકોની વાતો પણ શામિલ કરી દેવામાં આવી છે તેને ઈન્જીલથી અલગ કરવામાં આવે. આલિમોની ચર્ચા વિચારણા થતાં અંતે એકમતીનો ફૈંસલો એ થયો કે સઘળી કિતાબોમાંથી કબૂલને પાત્ર માત્ર કિતાબે યહૂદિય્યત છે. તે સિવાયની કિતાબો ઈલ્હામી નથી બલ્કે કલામે ખુદા સાથે મિલાવટ છે.





## ★ બીજી કોન્ફરન્સ ★

ઈ.સ. ૩૬૪માં ઈન્જીલ બાબતે બીજી કોન્ફરન્સ થઈ. તેમાં ચર્ચા વિચારણા પછી કિતાબે યહૂદિય્યત સાથે બીજી સાત કિતાબોને પણ માન્ય રાખવામાં આવી. એટલે કે ટોટલ આઠ કિતાબોને ઈલ્હામી કહેવામાં આવી. સારાંશ એ કે પ્રથમ ૪૭ કિતાબોની ઈન્જીલ હતી. ૩૮ કિતાબો યહૂદીઓને માન્ય હતી. સામેરિય્ય ફિર્કાને માત્ર ત્રણ માન્ય હતી. ત્યાર બાદ માત્ર એકને માન્ય રાખવામાં આવી. ફરી વિવાદ ઉભો થયો તો આઠને માન્ય રાખી. જાણવા મળ્યું બાયબલ બાબતે યહૂદીઓ અને ઈસાઈઓનો વિવાદ છે અને તેઓ પોતે જ સ્વીકારે છે કે ઈન્જીલ ૧૦૦% ખુદાનું કલામ નથી. તેમાં ઘણી જ વધઘટ થઈ છે. પછી ઈસાઈઓ અને યહૂદીઓ આમ શા માટે કહે છે કે તમારા કુર્આનમાં અમારી કિતાબો બાબતે ઉલ્લેખ છે તો પછી અમારી કિતાબો સાચી અલ્લાહની જ કિતાબો છે ! જ્યારે કે તમે પોતે પોતાની કિતાબો પર શંકા કરી રહયા છો. અમારા કુર્આને તો જાહેર કરેલું જ છે કે અહલે કિતાબે હક અને બાતિલમાં મિલાવટ કરી છે અને ખુદાના કલામને શંકાનું સેન્ટર બનાવાયું છે.

## ★ માન્ય રાખેલી કિતાબોના નામો ★

(૧) કિતાબે યહૂદિય્યત (૨) કિતાબે આસ્તર (૩) પેટરસનો બીજો પત્ર (૪) (૫) યુહન્નાના બંને પત્ર (૬) યહૂદાનો પત્ર (૭) યાકૂબનો પત્ર (૮) પોલોસનો ઈબ્રાનીઓને લખેલો પત્ર.

## ★ ત્રીજી કોન્ફરન્સ ★

ઈ.સ. ૩૯૭માં ઈસાઈઓની ત્રીજી કોન્ફરન્સ થઈ. જેમાં ૧૨૬ પાદરીઓએ આગલી કોન્ફરન્સનો ચૂકાદો માન્ય રાખ્યો હતો વત્તા સાત કિતાબોનો વધારો કર્યો : (૧) કિતાબે વિઝડમ (૨) કિતાબે તુબયાસ (૩) કિતાબે બારૂખ (૪) કિતાબે ઈકલીઝ યાસ્તીકસ (૫), (૬) મકાબીસની બે કિતાબો (૭) મુકાશફાતે યુહન્ના. બારસો વર્ષ

સુધી ઈસાઈઓએ આ ઈન્જીલને માન્ય રાખી.

## ★ ઈસા عليه الصلوة والسلام સુધી ઝબૂરની હાલત ★

એ તો ઉલ્લેખ થઈ ગયો કે જુની કિતાબોના આધારે ૩૮ કિતાબોમાં યહૂદની પણ સંમતી હતી પરંતુ તે ૩૮ કિતાબોની તારીખ અને ઈતિહાસના પ્રકાશમાં કેવી હાલત છે એ જાણવું પણ જરૂરી છે. ઈતિહાસ તો એ બતાવી રહયો છે કે હઝરત મૂસા عليه الصلوة والسلام ના જમાનામાં લખવાનો રિવાજ ન હતો અને લખવા માટે પેપર વજૂદમાં ન આવ્યો હતો. લંડનમાં છાપવામાં આવેલી હિસ્ટ્રીની કિતાબમાં છે (ઈસવી સન ૧૮૫૦) શરૂ જમાનામાં સળીઓથી પાટિયા પર લખવામાં આવતું, ઝાડનાં પાંદડાંઓ પર લખવાનો રિવાજ મિસ્રમાં થયો. આઠમી સદી ઈસવીમાં રૂ અને રેશમનો પેપર તૈયાર થયો. જ્યારે એ વાત સાબિત થઈ ગઈ કે પેપર ન હતો અને પાટિયા પર ચિતરવામાં આવતું હતું તો તે તૌરેતના વધારે નુસ્ખા નહીં હોય. ભાગ્યે જ બે ત્રણ હોય તો દુનિયામાં બની ઈસરાઈલમાં કેટલી વખત કુફ્ર આવ્યું અને કાફિર રાજાઓએ આસ્માની કિતાબો સળગાવી દીધી. પછી એ દાવો શી રીતે થઈ શકે છે કે અસલ તૌરત ઈસા عليه الصلوة والسلام સુધી મૌજૂદ હતી.

## ★ યહૂદીઓ અને ઈસાઈઓનો જવાબ ★

તમે આમ કહયું કે ગૈર અહલે કિતાબ કાફિર રાજાઓની હુકૂમતમાં અસલી આસમાની કિતાબો સળગાવી દેવામાં આવી તો એ તો માન્ય છે કે આમ થયું છે પરંતુ એક બે નુસ્ખા સળગાવી દેવાથી એ કયાં સાબિત થાય છે કે સમગ્ર જગતમાંથી અલ્લાહની કિતાબો નાબૂદ થઈ ગઈ શું ? કુર્આનના પાંચ પચાસ નુસ્ખા સળ ગાવી દેવામાં આવે તો તમે એ માની શકો છો કે સમગ્ર જગતથી કુર્આન નાબૂદ થઈ ગયું. જે સળગ્યા તે સળગ્યા અને જે બાકી છે તે બાકી. તો એ જ હાલ અમારી કિતાબોનો છે. એટલે હે મુસલમાનો તમારી દલીલ અમને માન્ય નથી.





## ★ અમારો જવાબ ★

ઈસાઈ સાહબ અને યહૂદી સાહબ ! તમે અમારો સવાલ સમજી નથી શકયા. કારણ કે અમે તમારી કિતાબથી સાબિત કર્યું કે પેપર ઈ.સ. સન આઠસોમાં વજૂદમાં આવ્યો અને મૂસા عليه الصلوة والسلام ના જમાનામાં લખવાનો રિવાજ ન હતો. લખાણ પાટિયાઓ પર કરવામાં આવતી હતી. એટલે ઈન્જીલ અને તૌરેતના વધુ નુસ્ખા માન્ય નથી. બે ત્રણ ભાગ્યે જ હોય અને એને નાબૂદ કરવાથી કિતાબ નાબૂદ થઈ શકે છે અને અમારા કુર્આન પર તમારો સવાલ ખોટો છે. કારણ કે કુર્આન હાડકાં ચામડાં અને તખ્તીઓ પર લખવામાં આવતું હતું. વત્તા સહાબાએ કિરામ તેને યાદ કરી લેતા હતા. સહાબામાં સેંકડો હાફિઝો હતા, તો જો કોઈ લખાણ ન મળ્યું તમારા ધારવા મુજબ તો પણ હાફિઝોના દિમાગમાં હતું. એટલે કુર્આનના નાબૂદનો સવાલ ઉભો થઈ શકતો નથી અને આજે પણ લાખોની સંખ્યામાં હાફિઝો છે. **શું તમારી કિતાબોના હાફિઝો છે ? ત્યારે પણ ન હતા અને આજે પણ નથી !** એટલે અસલી કિતાબનો આધાર રહયો નહીં અને અંતે તેમણે કિતાબની શોધ લોકોને પૂછી પૂછીને કરી તો પછી તે અસલી કિતાબો ન રહી બલ્કે લોકોને યાદ રહેલી અથવા સાંભળવામાં આવેલી વાતો અને કિસ્સા કહાની રહયા. જેને અસલ ખુદાની કિતાબ નથી કહી શકતા. કારણ કે તેમાં શબ્દો પણ ખુદાના નાઝિલ કરેલા અને ઉતારેલા હોય છે. એટલે અમારા તરફથી કહેવામાં આવે છે કે આજે જે કિતાબ તમારી પાસે છે અને તમે તેને ખુદાની કિતાબ માનો છો તો તે ખરેખર અલ્લાહની કિતાબ નથી, તેમાંની અમુક વાતો હશે જેમાં શબ્દ લોકોના અને બીજો ભાગ ઈતિહાસનો અને આ વાત માત્ર અમારી નથી પણ તમારા મહાન લોકોને પણ કબૂલ છે.

## ★ તૌરેત પર થયેલા હુમ્લાઓ ★

એ તો ઉલ્લેખ થઈ ગયો કે બાયબલમાં ઈસા عليه الصلوة والسلام સાથે

આગલા નબીઓ અને રસૂલોની કિતાબોનો પણ સમાવેશ છે અને તેમાં શું વિવાદ છે તે તમે જાણી લીધો. આગલા નબીઓની અલ્લાહ તરફથી ઉતરેલી સાચી કિતાબો તો નાબૂદ થઈ ગઈ છે પરંતુ સદીઓ પછી ઈસા عليه الصلوٰة والسلام ના હવારીઓએ પોતાના તરફથી જીવન ચરિત્રના ઢબમાં લખી. જો કે અમુક વાતો અન્ય કિતાબોની હશે તે પણ શબ્દો હવારીઓના અને મતલબ ખુદાની કિતાબનો રહયો હશે. ઈસા عليه الصلوٰة والسلام ની પધરામણી પહેલાં બની ઈસરાઈલ પર કેવી કેવી આફતો આવી અને બની ઈસરાઈલ કુફ્રો–બુત પરસ્તીમાં પણ કેટલી વખત જઈને પરત આવ્યા, તેમણે કુફ્રના જમાનામાં ખુદાની કિતાબની કેવી કદ્ર કરી હશે તે જાહેર છે. જો એ માનવામાં આવે કે તૌરેત તખ્તીઓ પર લખીને જ હઝરત મૂસા عليه الصلوٰة والسلام ને આપવામાં આવી હતી તો તૌરેત માનવાવાળાઓએ એ પણ સાબિત કરવું પડશે કે એ તખ્તીઓ ઈસા عليه الصلوٰة والسلام સુધી સલામત રહી છે અને તેમાં કોઈ પ્રકારનો ફેરફાર થયો નથી. પરંતુ તેમની જ કિતાબો આ વાતનો અસ્વીકાર કરે છે. કિતાબે ઈતિહાસના બાબ ૩૧ વર્સ (રૂકૂઅ) નવમાં છે. હઝરત મૂસા عليه الصلوٰة والسلام એ તે શરીઅત લખી અને શહાદતની પેટી ઉઠાવનારા બની લાવી અને બની ઈસરાઈલના બુઝુર્ગોને સુપ્રત કરી. ત્યાર બાદની હાલત સાંભળો. તેઓ સાત વર્ષે એક વખત ઈદ ઉજવતા અને શહાદતની પેટી ખોલી તૌરેતની ઝિયારત કરતા અને પઢીને સંભળાવવામાં પણ આવતી હતી. ધીમે ધીમે યહૂદીઓમાં કુફ્ર આવવા લાગ્યું અને મૂર્તિપૂજામાં લાગી ગયા તો તૌરેત ઉઠાવી લેવામાં આવી. પણ એ નથી કહી શકતા કે કયારે ગઈ, પરંતુ એટલું તો કહી શકાય છે કે હઝરતે સુલૈમાન عليه الصلوٰة والسلام પહેલાં આમ બન્યું હતું. કારણ કે જ્યારે હઝરત સુલૈમાન عليه الصلوٰة والسلام એ શહાદતની પેટી ખોલી તો તેમાંથી માત્ર બે તખ્તીઓ નીકળી, જેમાં માત્ર દસ હુકમોનું વર્ણન હતું. આ વાતનો ઉલ્લેખ કિતાબુસ્સલાતીન બાબ આઠ વર્સ (રૂકૂઅ) નવથી સાબિત છે. આનાથી એ તો સ્પષ્ટ થયું કે તૌરેત ભલે ને પથ્થરની તખ્તીઓમાં લખેલી હોય પણ હઝરત સુલેમાન عليه الصلوٰة والسلام ના જમાનામાં માત્ર બે જ તખ્તીઓ રહી ગઈ હતી. બાકી તખ્તીઓ લોકોએ ગાયબ કરી





અથવા ઉઠાવી લેવામાં આવી. જે પણ હોય એટલું તો જાહેર છે કે પૂરી તૌરેતમાંથી માત્ર બે જ તખ્તીઓ રહી ગઈ હતી.

## ★ બયતુલ મુકદ્દસ પર હુમલાઓ ★

હઝરત સુલૈમાન عليه الصلوٰة والسلام ના પર્દો ફર્માવી ગયા બાદ બની ઈસરાઈલમાં બે ફાંટા પડી ગયા અને તેઓ બે હુકૂમતોમાં વહેંચાઈ ગયા અને બંને હુકૂમતો શિર્કમાં લાગી ગઈ. આ જમાનો એક બે વર્ષનો નહીં બલ્કે ૨૫૦ વર્ષો સુધી તેઓની આ હાલત રહી. આખિઝના જમાનામાં બઅલ બૂતની પૂજા થવા લાગી અને જગા જગાએ તેના નામના મઝબહ (સ્લોટર) બનાવવામાં આવ્યા. બયતુલ મુકદ્દસના દરવાજાઓ બંધ કરી દેવામાં આવ્યા. બયતુલ મુકદ્દસ પર બે વખત હુમલા થયા. એક હુમલો મિસ્રના રાજાએ કર્યો. બયતુલ મુકદ્દસ લૂંટી લીધું અને ઈમારત ખરાબ કરી નાખી. અને બીજી વખત બની ઈસરાઈલના એક ગુમરાહ રાજાએ હુમલો કરી બયતુલ મુકદ્દસને વધુ નુકશાન પહોંચાડયું. મનસ્સાના જમાનામાં તો મૂર્તિપૂજા એટલી હદે પ્રગતિ પામી કે બયતુલ મુકદ્દસમાં મૂર્તિઓ રાખવામાં આવી અને ખુદાની ઈબાદત માટે બનેલા મુકદ્દસ ઘરમાં શિર્ક થવા લાગ્યું. હઝરત સુલૈમાન عليه الصلوٰة والسلام બાદ ૪૦૦ વર્ષ સુધી બની ઈસરાઈલની આ હાલત રહી. યૂસયાહ બિન આમુન રાજા બન્યો, તો તેણે શિર્કથી તૌબા કરી અને મૂસવી દીન તરફ પરત આવ્યો. તેણે પોતાના જમાનામાં તૌરતની શોધ કરી પરંતુ તૌરાતનો કોઈ પતો મળ્યો નહીં. અઢાર વર્ષો બાદ ખિલકિયા પાદરીએ દાવો કર્યો કે તૌરાતનો નુસ્ખો બયતુલ મુકદસમાંથી જમીનમાં દબાએલો મળ્યો અને તેણે તે નુસ્ખો યસયાહ રાજાને પહોંચાડયો. અહિં એ વાત જાણવા લાયક છે કે રાજાએ તૌરત શોધવાની કોશિશ કરી પણ તે નાકામ રહયો અને અઢાર વર્ષ પછી ખિલકિયાએ દાવો કર્યો. મતલબ એ છે કે એણે લોકોને પૂછીને મૂસા عليه الصلوٰة والسلام ની જીવન વ્યાખ્યાઓ ભેગી કરી અને અઢાર વર્ષે રેડી કર્યા બાદ દાવો કર્યો કે મને જુનો નુસ્ખો

બયતુલ મુકદસમાંથી મળ્યો અને આ દાવો એટલા માટે પણ ખોટો છે કે યૂસયાહ રાજાના ચારસો વર્ષ પહેલાં અસ્લી કિતાબમાંથી માત્ર બે તખ્તીઓ રહી ગઈ હતી, તો પછી સઘળી તૌરેત બયતુલ મુકદસમાંથી મળી આવવાનો કોઈ સવાલ ઉભો થતો જ નથી.

## ★ બુખ્તો નસ્સરનો ભયંકર હુમલો ★

યૂસયાહ બાદ તેનો બેટો યૂસ આખિઝ રાજા બન્યો અને કાફિર થઈ ગયો. તેને મિસરનો રાજા પકડી ગયો. ત્યાર બાદ તેનો ભાઈ યહૂયકીમ રાજા બન્યો તે પણ કાફિર હતો. તેના બાદ તેનો બેટો યહૂયકીન રાજા બન્યો અને તે પણ કાફિર જ હતો. તેના જમાનામાં બાતિલના રાજા બુખ્તોનસ્સરે હુમલો કરી યહૂયકીનને પકડી લીધો. મુલ્કમાં લૂંટમાર કરી સેંકડો બની ઈસરાઈલને કાપી નાખ્યા. વધેલાને લોંડી–ગુલામ બનાવ્યા. બયતુલ મુકદસ તોડી ફોડીને વિરાન કરી નાંખ્યું. બની ઈસરાઈલની કોઈ નિશાની બાકી ન રહેવા દીધી. અસલ નુસ્ખો તો હતો જ નહીં. ખિલકીયા પાદરીનો ભેગો કરેલો નુસ્ખો માનવામાં આવે તે પણ નાબૂદ થઈ ગયો અને આ વાતનો ઈકરાર બની ઈસરાઈલ પણ કરે છે. એટલે તૌરેતનો નુસ્ખો નાબૂદ થઈ ગયો અને તેનો વજૂદ ન રહયો. બુખ્તો નસ્સરનો વાકયો કિતાબુસ્સલાતીન ભાગ–૨ અને બાબ–૨૪ માં છે.

## ★ હઝરત ઉઝૈર અને તૌરેતની તસ્દીક ★

હઝરત ઉઝૈર عليه السلام નો જમાનો હઝરત ઈસા عليه السلام ની પધરામણીથી ૪૫૯ વર્ષ પહેલાં છે. કુર્આન શરીફના ત્રીજા સિપારાના ત્રીજા રૂકૂઅમાં હઝરત ઉઝૈર عليه السلام નો ૧૦૦ વર્ષ સૂતા રહેવાનો વાકયો બયાન કરવામાં આવ્યો છે. તે બુખ્તો નસ્સરના હુમલા પછીનો વાકયો છે. હઝરત ઉઝૈર عليه السلام ને તૌરેત યાદ હતી. આપે તૌરેત પઢી સંભળાવી અને એક જુનો નુસ્ખો દફન કરેલો કાઢી મંગાવ્યો અને આપના પઢેલાની તસ્દીક એ જુના નુસ્ખાથી અને જુના નુસ્ખાની તસ્દીક આપના પઢવાથી થઈ. તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં પણ





આનો ઉલ્લેખ થયો છે અને અહલે કિતાબ યહૂદીઓને પણ આ વાતનો ઈકરાર છે કે જો બુખ્તો નસ્સરના હુમલા પછી હઝરત ઉઝૈર عليه السلام ન આવતા તો તૌરેત દુનિયાથી નાબૂદ થઈ જતી. આપ તૌરાતના હાફિઝ હતા એટલે તૌરેતને આપના સદકામાં નવો વજૂદ મળ્યો. પરંતુ એ જ નુસ્ખો હમેશાં માટે સલામત રહયો. એ વાત યહૂદીઓને પણ કબૂલ નથી. કારણ કે હઝરત ઈસા عليه السلام સુધીમાં ચાર સદીઓનો ફરક છે અને ચાર સદીઓમાં પણ બની ઈસરાઈલ પર હુમલા થયા છે અને તેમાં ધાર્મિક કિતાબો સળગાવી દેવામાં આવી છે.

## ★ એન્ટોકસ રાજાનો હુમલો અને ધાર્મિક કિતાબોને આગ ★

હઝરત ઈસા عليه السلام ની પધરામણીથી એકસો એકસઠ વર્ષો પહેલાં યહૂદ પર સાડા ત્રણ વર્ષો માટે એન્ટોકેસની હુકૂમત રહી. કિતાબે અવ્વલ મકાબીસ પહેલા બાબમાં છે, એન્ટોકસ ફરંગી રાજાએ યરોશલમ પર ચડાઈ કરી અને જુના જમાનાની સઘળી કિતાબો સળગાવી નાખી અને હુકમ આપ્યો કે જેની પાસે આ કિતાબો નીકળ શે અથવા કોઈ શરઈ રિવાજ પર અમલ કરશે તેને કત્લ કરી દેવામાં આવશે અને મહિનામાં ત્રણ વખત ઘરો ચેક કરવામાં આવતાં હતાં. ઈસવી સન ૧૮૪૩ માં ડરબીથી છપાએલી કિતાબના પેજ નં. ૧૧૫ પર છે, આલિમોની આ વાત પર એકમતિ છે કે તૌરેતનો અસલી નુસ્ખો અને જુના જમાનાના અસલી નુસ્ખાઓ બુખ્તો નસ્સરના હુમલામાં બરબાદ થઈ ગયા (નાબૂદ થઈ ગયા) તેની સાચી નકલો હઝરત ઉઝૈર મારફત મળી પરંતુ તે પણ એન્ટોકસના હુમલામાં નાબૂદ થઈ ગઈ. હઝરત મસીહ અને તેમના હવારીઓની શહાદત વગર તેને સ્વીકારવાની કોઈ સૂરત ન હતી.

## ★ શું હવારીઓની શહાદત સ્વીકારી શકાય છે ? ★

ઉપરોકત ઐતિહાસિક વાતોથી એ વાત સ્પષ્ટ થયું કે અસલ

તૌરેત નાબૂદ થઈ ગઈ અને સદીઓ બાદ જે તૌરેત બનાવવામાં આવી તેમાં જીવન ચરિત્ર અને કિસ્સા કહાનીઓ છે. તે ઈલ્હામી અને ખુદાની નાઝિલ ફર્માવેલી નથી. બની શકે છે કે અસલ તૌરેતની અમુક વાતો અને અમુક હુકમો લોકવાયકાથી ચાલતા રહયા હોય અને તેને ભેગા કરવામાં આવ્યા હોય. પરંતુ અહલે કિતાબને એ વાતનો સ્વીકાર છે કે હઝરત ઈસા عليه السلام અને આપના હવારીઓએ જે બયાન આપ્યું અને આગલી કિતાબોમાંથી જેનો સ્વીકાર કર્યો તે તૌરેતને અસલ હોવાનું સાબિત કરે છે પરંતુ તમને એ વાત બતાવી દેવામાં આવી કે ઈસાઈઓ પાસે જે બાયબલ છે તે હઝરત ઈસા عليه السلام પર નાઝિલ થયેલી કિતાબ નથી બલ્કે હવારીઓએ ઈસા عليه السلام નું જીવન ચરિત્ર લખ્યું તે છે. જયારે બાયબલનું સાચી ખુદાની કિતાબ હોવાનો સબૂત શી રીતે લાવી શકાય છે ?

## ★ તૌરાતનું લખાણ તેના ઈલ્હામી હોવાનો ઈન્કાર કરે છે ★

તૌરેત જે હઝરત મૂસા عليه السلام પર નાઝિલ થઈ તેની ઉપર તો અમારું ઈમાન છે. જેમ કે કુર્આનના ખુદાની કિતાબ હોવા પર અમારું ઈમાન છે પરંતુ યહૂદીઓ પાસે જે તૌરેત છે અને તેને તેઓ અલ્લાહની નાઝિલ કરેલી કિતાબ કહે છે તે અમને કબૂલ નથી. કારણ કે તે કિતાબ એક બીજાથી સાંભળીને લખવામાં આવી છે અને તેનો ઉલ્લેખ ઐતિહાસિક દલીલોથી થઈ ગયો છે. એ સિવાય અન્ય લખાણ તૌરેતના એટલા ખોટાં છે જેનાથી પણ એ સાબિત થાય છે કે તૌરેત અસલ નથી, સદીઓ પછી લખવામાં આવેલી છે. અને તેને અસલ ખુદાની કિતાબથી કોઈ સંબંધ નથી. અન્ય નમૂના તમારી ખિદમતમાં રજૂ કરવામાં આવે છે. જેનાથી આપને પણ એ વાતનું યકીન થઈ જશે કે અસલ કિતાબ નાબૂદ થઈ ગઈ છે.





# ☆ તૌરાતના ખોટા લખાણો ☆

## ★ ખુદા ચિંતામાં પડી ગયો ?! ★

દરેક નબીની તાલીમમાં ખુદા બાબતે અકીદામાં કોઈ ફરક નથી. જે ચીઝો ખુદા માટે અયબ છે તે કોઈ પણ શરીઅતમાં ખુદા માટે જાઈઝ માનવામાં આવી નથી. પરંતુ તૌરેતમાં ખુદાની જાતને અયબી અને ફોલ્ટી બતાવવામાં આવી છે. કિતાબે પેદાઈશ, બાબ ૩ વર્સ (રૂકુઅ–૨૨)માં છે : ખુદાવંદે એ કહયું કે માણસ સારા અને ખરાબની ઓળખમાં અમારામાંથી એક જેવો બની ગયો છે. હવે એવું ન થાય કે પોતાનો હાથ લાંબો કરે અને હયાતના ઝાડથી કંઈ લે અને ખાય અને હમેશાં જીવતો રહે.

## ★ ખરાબીઓ ★

(૧) "અમારામાંથી એક જેવો બની ગયો" આ વાતથી શિર્ક સાબિત થાય છે કે ખુદા એક જ નથી, એકથી વધુ છે. આ અકીદો દરેક શરીઅતમાં શિર્ક છે અને એને સત્ય માનવું મુસલમાનને મુશ્રિક બનાવી દે છે.

(૨) "જેવો બની ગયો" માણસની જાતને ઈલ્મ અને નૉલેજમાં ખુદા બરાબર કહેવામાં આવી અને આ પણ શિર્ક છે.

(૩) તે પછીના લખાણથી એ સાબિત થાય છે કે ખુદાને માણસ હમેશાં જીવી ન જાય તેની ચિંતા થવા લાગી. શું અલ્લાહ પાસે શકિત ન હતી ! અથવા અલ્લાહ માણસને પોતાના ઈરાદાથી રોકી શકતો ન હતો કે તેને માણસથી ચિંતા કરવી પડે ! આ પણ કુફ્ર છે.

## ★ બીજું ખોટું લખાણ ★

કિતાબે પેદાઈશા બાબ ૬ વર્સ (રૂકૂઅ) ૫, ૬ માં છે.

**ખુદાવંદે જમીન પર માણસને પેદા કરવા પર અફસોસ કર્યો અને ઘણો જ ચિંતિત થયો.** આ લખાણ પણ કુફ્રી છે અને એની માન્યતા પર માણસનું ઈમાન ખરાબ થાય છે. કારણ કે ઉપરોકત લખાણ એ સાબિત કરે છે કે અલ્લાહ ત્આલાએ પેદા કરવામાં તો માણસને પેદા કરી દીધો પછી તેને અફસોસ કરવો પડયો અને માણસ તેની બરાબર ન બની જાય તેના માટે ચિંતિત થયો. આનાથી ખુદાના કામ કરવા પર તેના અંજામ અને રિઝલ્ટથી નાવાકેફ હોવું છે અને તેની જહાલત તથા અજાણતાની દલીલ છે. શું સાચો ઈમાનવાળો આ લખાણને કબૂલી શકે છે ? અને શું ખુદા આ પ્રમાણે વહી નાઝિલ કરી શકે છે ?

## ★ ત્રીજું ખોટું લખાણ ★

કિતાબે ખોરૂજ બાબ ૧૬, ૨૫, કિતાબે અહબાર બાબ ૨૬, સિમવઈલની બીજી કિતાબ બાબ ૭, ૨૨ સલાતીનની પ્રથમ કિતાબ બાબ ૨૨ વગેરે અન્ય જગાઓ પર છે. **ખુદા ત્આલા વાદળીમાં ઉતર્યો, તંબુના દરવાજા પાસે ઊભો રહ્યો, તેના મોઢામાંથી આગ અને નસકોરામાંથી ધૂમાડા નીકળ્યા અને તે એક સવારી પર સવાર થઈને ઊઠયો. ઈસરાઈલના ૭૦ માણસોએ મૂસા અને હારૂન (અલયહિસ્સલામ) સાથે ખુદા ત્આલાને જોયો અને ખાધું પીધું. તેનો વસ્ત્ર બરફ જેવો સફેદ, માથાના વાળ સ્વચ્છ ઉન જેવા હતા.**

ઉપરોકત લખાણથી એ સાબિત થાય છે કે અલ્લાહ ત્આલાનું માણસ જેવું શરીર (બદન) છે, તે ખાવા પીવાથી પાક નથી, તે કપડાં પણ પહેરે છે અને તેના વાળ પણ છે. વગેરે અકીદાનું ખૂન કરનાર વાતો તેમાં છે. જયારે કે અલ્લાહ બાબતે સત્ય અકીદો એ છે કે તે શરીર અને શરીરને લગતી દરેક ચીજ વસ્તુથી પાક અને બે અયબ છે. શું ઉપરોકત વાત પર એ માન્યતા ધરાવી શકાય છે કે એ અલ્લાહનું કલામ છે ?





## ★ ચોથુ ખોટુ લખાણ ★

કિતાબે પેદાઈશ બાબ ૩૨ વર્સ (રૂકૂઅ) ૨૪માં છે : **યાકૂબ સાથે સઘળી રાત સવાર સુધી ખુદા ત્આલા કુશ્તી લડતો રહ્યો અને જયારે સવારમાં જવાનો ઈરાદો કર્યો તો યાકૂબે બરકત લીધા વિના જવા દીધો.** શું ખુદામાં માણસ બરાબર અથવા માણસથી ઓછી શકિત છે કે તેને પોતાની શકિત બતાવવા માણસ સાથે કુશ્તી કરવી પડે અને શું ખુદા પાસે એ શકિત નથી કે માણસ પાસેથી જે લઈ લેવા ઈચ્છે તે લઈ લે ? અને શું માણસ પાસે ખુદાથી વધુ શકિત છે કે ખુદાને નિરાશ કરી દે ? આમ અલ્લાહ ત્આલા બાબતે અન્ય કુફ્રી અકીદાઓ સાબિત થાય છે. પછી પણ એવું કહી શકાય છે કે આ પ્રમાણે ખુદાએ વહી નાઝિલ કરી ?

## ★ પાંચમું ખોટુ લખાણ ★

કિતાબે પેદાઈશ બાબ ૯ માં છે. **હઝરત નૂહ** عليه الصلوٰة والسلام **દારૂ પીને નશામાં પડયા અને હોશ ગુમાવી બેસ્યા તો તેમનું સતર ખુલી ગયું અને તેમના પુત્રોએ ઢાંકયું.** નબી માસૂમ હોય છે, પેદાઈશથી મોત સુધી નાના મોટા દરેક ગુનાહથી પાક હોય છે અને અક્કલથી પડી ગયેલાં કામો તેમનાથી વજૂદમાં આવી શકતા નથી. પછી શું આ લખાણથી નબીને અયબદાર બનાવવું નથી ? શું આ પ્રમાણે માન્યતા રાખી શકાય છે ? શું આ પ્રમાણેની વાતો સત્ય દીન બની શકે છે ?

## ★ છઠ્ઠુ ખોટુ લખાણ ★

કિતાબે પેદાઈશ બાબ ૧૯માં છે : **હઝરત લૂત** عليه الصلوٰة والسلام **એ દારૂ પીને પોતાની બે બેટીઓથી ઝિના કર્યો. આ કામ બે વખત વજૂદમાં આવ્યું.** એક નબી દુનિયામાં લોકોને સીધો માર્ગ બતાવા માટે આવે છે. જો તેનાથી આવા મહાન ગુનાહ થાય તો તેની

વાત કોઈ માન્ય રાખે ? એટલે ઈમાનવાળાઓનો અકીદો એ છે નબી માસૂમ છે, તેમનાથી નાનો મોટો કોઈ ગુનોહ થઈ શકતો નથી, અલ્લાહ ત્આલા તેમને દરેક ખરાબ કામથી બચાવે છે. શું આવી વિભિન્ન વાતો ખુદાના કલામમાંથી થઈ શકે છે ?

## ★ સાતમુ ખોટુ લખાણ ★

કિતાબે પેદાઈશ બાબ ૨૭માં છે : **હઝરત યાકૂબ عليه السلام એ બકરીના બચ્ચાના ચામડાને હાથો પર વિંટી જૂઠ બોલ્યો અને પોતાના બાપ ઈસ્હાક عليه السلام ને ધોકો આપ્યો અને પોતાનું નામ ઈસ બતાવ્યું.** આ લખાણ કેટલું ખતરનાક છે કે એક નબીએ બીજા નબીને ધોકો આપ્યો. પોતાનું જૂઠું નામ બતાવ્યું. શું આ લખાણ માન્ય રાખી શકાય છે ? અને આવી વાતોને ખુદાની વાતો કહી શકાય છે ?

## ★ આઠમી ખોટી વાત ★

કિતાબે પેદાઈશ ૩૪ બાબમાં છે : **યાકૂબના પુત્રોએ તેનાથી એ ચાલ રમી કે તુ અને તારી સઘળી કોમ ખત્ના કરી લે તો દીનાની શાદી તારી સાથે કરી આપીશું. તો તેમણે આમ જ કર્યું. યાકૂબના પુત્રોએ તેને અને તેની સઘળી કોમને બેગુનાહ અતિ ત્રાસથી કત્લ કરી, તેમનો માલ લૂંટી લીધો. તેમની બીવીઓ અને બાળકોને લોંડી ગુલામ બનાવ્યાં, પરંતુ હઝરત યાકૂબે મના કરવું તો દૂરની વાત આ ખરાબ કામ પર પોતાની નારાઝગી પણ જાહેર ન કરી.** ઝિના કોણે કર્યો અને સજા નિર્દોષોને મળી અને ધ્યાન દેવાની વાત એ છે કે હઝરત યાકૂબ તરફ ઈશારો કરતાં કહ્યું કે તેમના પુત્રોના કામથી તેઓ પોતે ખુશ હતા એટલે તેમણે કંઈ ન કહ્યું. શું આ વાતનો સંબંધ હઝરત યાકૂબ عليه السلام થી યોગ્ય છે ? અને આવી કુફ્રની વાતને ખુદાની વહી દ્વારા નાઝિલ કરેલી વાત કહી શકાય છે ?





## ★ નવમી ખોટી વાત ★

કિતાબે ખોરૂજ બાબ ૩૨માં છે : **બની ઈસરાઈલના કહેવાથી મૂસાની ગીબતમાં હારૂન عليه السلام એ ઝેવરનો એક બૂત (મૂર્તિ) બનાવ્યો અને તમામ બની ઈસરાઈલથી એની પૂજા કરાવી અને એના માટે કુર્બાની કરવાનો હુકમ આપ્યો અને કહ્યું આ તમારો તે માબૂદ છે જે તમને મિસ્રની જમીનથી કાઢી લાવ્યો.** એક નબી તરફ મૂતિપૂજાનો સંબંધ કેટલી વિભિન્ન વાત છે, પરંતુ અહલે કિતાબની વાતોમાં નબીઓ બાબતે આ પ્રમાણેની વાતો લખવામાં આવી છે.

## ★ દસમી ખોટી વાત ★

સિમવઈલની બીજી કિતાબ બાબ ૧૧માં છે : **હઝરત દાવૂદ પોતાના છાપરા પર ચઢયા. જોગાનુજોગ ઔરાચ્યતની વાઈફ બુતસબઅને નહાતી દેખી, તેણી પર આશિક થઈ ગયા અને એક માણસને મોકલી તેણીને બોલાવી પછી તેણી સાથે ઝિના કર્યો, તેણી પ્રેગનન્ટ (ગર્ભવતી) થઈ ગઈ. તેણીના પતિને ચાલબાજીથી મારી નખાવ્યો. જેને લઈને નાતન નબી થકી દાવૂદની બુરાઈ બયાન થઈ અને તેને ધમકાવવામાં આવ્યો.** આ લખાણમાં કેટલા પ્રકારના કુફ્ર શામિલ કરવામાં આવ્યાં છે ! બીજાની ઔરતને નગ્ન હાલતમાં જોવું (૨) બીજાના નિકાહમાં હોવા છતાં તેના પર આશિક થવું (૩) તેણીને બોલાવી ઝિના કરવો (૪) હરામની ઔલાદ લાવવી (૫) નાહક તેણીના પતિને કત્લ કરાવવો. કુર્આનમાં તો હઝરત દાવૂદ عليه السلام ની તારીફ કરવામાં આવી છે અને અલ્લાહ ત્આલાનું ફર્માન છે : وَآتَيْنَا دَاوُودَ زَبُورًا અને અમે દાવૂદને ઝબૂર અતા ફરમાવી. સાબિત થયું કે આપ નબી અને રસૂલ છે. આપની બાબત અહલે કિતાબની બાબતોમાં ઉપરોક્ત ઉલ્લેખ પછી પણ એવું કહી શકાય છે કે તેઓની કિતાબો અસલી છે અને તેમાં ફેરફાર થયો નથી ?!

## ★ અગિયારમી ખોટી વાત ★

કિતાબુસ્સલાતીન બાબ ૧૧માં છે : **હઝરત સુલૈમાન عليه السلام એ મનાઈ કરવા છતાં મૂઆબી અને અમ્મૂની વગેરે મૂર્તિપૂજક સ્ત્રીઓ સાથે નિકાહ કર્યો અને વાસનાને એટલી હવા આપી કે સાતસો પત્નીઓ અને ત્રણસો હરમો સુધી પહોંચ્યો અને પછી તેણીઓ પર એટલી હદે આશિક બન્યા કે મૂર્તિઓ તરફ નમ્યો અને મંદિરો બનાવવામાં લાગી ગયો અને છેલ્લી ઉંમરમાં તો ઈમાનને પણ સલામ કહી ગયો.**

ઉપરોકત લખાણ પરથી તમે વિચારી શકો છો કે એક લુચ્ચો લફંગો જે કામ વિચારી નથી શકતો તેવા વિભિન્ન કામોનો સંબંધ એક માસૂમ નબી સાથે કર્યો અને એવી તોહમત લગાવી કે ઔરતોનો એટલો આશિક હતો કે ખુદાને ભૂલી ગયો અને મૂર્તિપૂજામાં લાગી ગયો ! અને એટલા પર બસ નહીં, લોકોને મૂર્તિપૂજામાં સહૂલત મળે તેના માટે જગા જગાએ મંદિરો બનાવ્યાં. અંતે એ કે નબી હોવા છતાં પોતાની નબુવ્વતને ભૂલી ગયો અને ઈમાન પણ ગુમાવી બેસ્યો. શું આવા લખાણને કહી શકાય છે કે આ ખુદાની કિતાબ છે ?

## ★ બારમી ખોટી વાત ★

કિતાબ યસઈયાહ બાબ ૪૨માં છે : **ખુદા ત્આલા ફર્માવે છે હું એક લાંબી મુદ્દત સુધી ચુપ રહ્યો, તમને રોકતો ગયો પરંતુ હવે હું તે ઔરત માફક જેને ડિલેવરીનું દુઃખ ઉભરે બુમો પાડીશ, હાંફીશ અને જોર જોરથી ઠંડી શ્વાસ લઈશ.** શું અલ્લાહ ત્આલા મજબૂર છે ? તેની પાસે કોઈ શકિત નથી ? શું લોકો ન માને તો તેને રડવું પડે ? શું તે રોકી નથી શકતો ? પછી અલ્લાહ ત્આલા બાબતે આ પ્રમાણેનું બયાન એક ઈમાનવાળાના ગળા નીચે શી રીતે ઉતરી શકે છે (અલ્લાહની પનાહ)





## ★ તૌરેતમાં લાખો ભૂલો ★

ઉપરોકત દાખલાઓથી તેમને એ વાતનું યકીન થઈ ગયું હશે કે અહલે કિતાબ જેને પોતાની ઈલ્હામી કિતાબ કહે છે તેમાં અલ્લાહ અને નબીની શાનમાં ઘણો જ બકવાસ કરવામાં આવ્યો છે અને તેને નબીઓ માટે જાઈઝ માની લેવાથી ઈમાન બાકી રહી શકતું નથી. પરંતુ એવું ન સમજવું જોઈએ કે માત્ર આટલી જ જગાઓ પર બકવાસ થઈ છે ? બલ્કે લાખો જગાએ આ પ્રમાણેની બકવાસ કરવામાં આવી છે. જ્યારે ઈસાઈઓ અને યહૂદીઓને ખોટા લખાણ બાબતે પૂછવામાં આવે છે તો તેમના પાદરીઓ તરફ જવાબ આપવામાં આવે છે. આ લખવાવાળાની ભૂલ છે જેને સાહિબે કાતિબ કહેવામાં આવે છે. પણ તેઓનો આ જવાબ ગળા નીચે ઉતરી શકતો નથી. એક બે જગાએ હોય તો માનવામાં આવે. એક બે શબ્દનો ફેરફાર હોય તો કબૂલ કરી લેવામાં આવે, પણ જ્યાં પેજનાં પેજ રંગાએલા હોય તેને આમ કહીને શી રીતે ભૂલાવી શકાય છે કે આ સહ્‌વે કાતિબ છે ? બલ્કે ભૂલોનું વધુ પ્રમાણ તેના બનાવટી હોવાનો યકીની સુબૂત છે.

## ★ ભૂલોનો ઈકરાર તેમને પણ છે ★

પાદરી ફંડર કિતાબ ''મુબાહષએ દીની'' મતબૂઆ અકબરાબાદ પેજ નં. ૫૩ પર લખે છે. ગોરીસબાખએ આવી ખોટી જગાઓ એક લાખ પચાસ હજાર ગણી બતાવી છે. ઈનસાઈકલોપીડીયા બ્રિટાનિકા ભાગ ૧૯માં છે :– ફાઝિલ વિટસ્ટીનએ આવી જગાઓ દસ લાખથી વધુ ગણાવી છે. જ્યારે તેમને પોતાને એ વાતનો ઈકરાર છે કે ધર્મપુસ્તકમાં લાખો ભૂલો કરવામાં આવી છે. પછી કેવી રીતે કહી શકાય છે કે તે કિતાબ અસલી ખુદાની કિતાબ છે ? બલ્કે સદીઓ બાદ પાદરીઓ તરફથી લખવામાં આવેલી બનાવટી કિતાબો છે જેને કયારેય પણ ઈલ્હામી કિતાબ નથી કહી શકતા. જો કે તે કિતાબોમાં અમુક વાતો હશે જેને અસલી કિતાબથી સંબંધ હોય પણ અમુક વાતોને લઈને સઘળી કિતાબને ઈલ્હામી અને

ખુદાની કિતાબ કેવી રીતે કહી શકાય છે ? જો તે કિતાબોમાં અકીદા વિષે ફેરફાર ન થયા હોતે તો એટલું કહી શકાતું કે અકીદા વિષેનું લખાણ ઈલ્હામી છે પરંતુ તમે એ પણ જોઈ લીધું કે અકીદામાં પણ તે કિતાબો બરાબર નથી. વિના સનદે ઈલ્હામી કિતાબો કબૂલ થઈ શકતી નથી. ઈલ્હામી અને વહી દ્વારા નાઝિલ થયેલી કિતાબોની એ શાન છે કે જો તેના એક હર્ફ (શબ્દ)નો ઈન્કાર કરવાથી માણસ કાફિર બની જાય છે. હુકમ બાકી રહેવો અથવા ન રહેવો અલગ વાત છે પરંતુ ઈમાન લાવવું સઘળી વાતો પર જરૂરી છે. ઈમાન લાવવા વિષે આજ કાયદો છે, પણ એ કયારે ?! જ્યારે ઈલ્હામી અને વહી દ્વારા નાઝિલ થનાર કિતાબ સાચી સનદોથી તે નબી સુધી પહોંચે અને અહલે કિતાબ જેને પોતાની ઈલ્હામી કિતાબ કહે છે અને આપણા કુર્આનમાં આવેલા તૌરેત, ઝબૂર અને ઈન્જીલના હવાલાથી કહે છે હે મુસલમાનો ! તમારે અમારી કિતાબો પર ઈમાન લાવવું જરૂરી છે. જો તમે નહી માનો તો તમારા કુર્આનની તાલીમના પ્રકાશમાં તમે મુસલમાન રહેશો નહીં. આ પ્રશ્નના ઉત્તરમાં અમે કહીશું, હે અહલે કિતાબ ! તમે એ સાબિત કરો કે આ તે જ ઈન્જીલ છે જે હઝરત ઈસા عليه الصلاة والسلام પર નાઝિલ થઈ હતી. આ તે જ ઝબૂર છે જે હઝરત દાવૂદ عليه الصلاة والسلام પર નાઝિલ થઈ હતી. આ તે જ તૌરેત છે જે હઝરત મૂસા عليه الصلاة والسلام પર નાઝિલ થઈ હતી. જ્યારે કે અન્ય ઐતિહાસિક દલીલો તમારી જ કિતાબોના હવાલાથી અમે રજુ કરી જેનાથી સાબિત છે કે તમને પોતે જ યકીન નથી કે એ સઘળી કિતાબો તમારા નજીક ઈલ્હામી હોય, કારણ કે તમારા પાદરીઓએ કેટલી કિતાબોને બનાવટી કહી છે ! જ્યારે તમે પોતે જ શંકામાં છો તો પછી અમને તેના પર યકીન લાવવાની કોશિષ શા માટે કરો છો ? જો અમે તમારી પૂરી કિતાબને ઈલ્હામી માની લઈએ તો માની લેવાથી અમારૂં ઈમાન અમને સલામ કહી અલવિદાઅ થઈ શકે છે અને અમારે ઈમાનથી હાથ ધોઈ નાખવા પડે છે. કારણ કે તમારી કિતાબોમાં સત્ય અકીદો પણ સાબિત રાખવામાં આવ્યો નથી. તમારા લેખકો આજ સુધી એ સાબિત નથી કરી શકયા કે આ કિતાબોનો





લેખક કોણ છે ? તમારા દરેક લેખકે અલગ અલગ લેખકોના નામ લખેલાં છે. જ્યારે તમને તેના લેખકની ખબર નથી પછી તમે તેના માટે સનદે મુત્તસિલ કેવી રીતે લાવી શકો છો જેનાથી એ સાબિત થાય કે હઝરત મૂસા عليه الصلاة والسلام પર જે નાઝિલ થઈ હતી તે આ જ કિતાબ છે ? અમે મુસલમાનો સઘળા નબી અને રસૂલની સઘળી કિતાબો પર ઈમાન લાવીએ છીએ. પરંતુ તે કિતાબો પર જે નબીઓ પર નાઝિલ થઈ હતી, તે નહીં જે તમારી પાસે છે. તમારી પાસે તો બનાવટી કિતાબો છે. તેની ઉપર ઈમાન લાવવું જરૂરી નથી, બલ્કે ઈમાન ન લાવવું જરૂરી છે. અમે તમારી કિતાબો બાબતે વચલો માર્ગ એ કાઢેલો છે કે જે વાતો અમારા કુર્આનને મળતી આવશે તેને કબૂલ કરીશું. જે વાતો અમારા કુર્આન વિરૂધ્ધ હશે તેને તમારી ઉપજાવેલી કહીશું અને જેની બાબતે કુર્આન અને હદીષ ચુપ હશે. કોઈ ઉલ્લેખ ન મળતો હોય તેની બાબતે અમે પણ ચુપ રહીશું.

## ★ ઈન્જીલ ઈતિહાસના પ્રકરણમાં ★

તૌરેતની બાબત એટલું કહી શકાય છે કે અસલ કિતાબની અમુક વાતો એમાં હશે, કારણ કે નબીઓ આવતા રહેતા હતા એટલે ફેરફાર થયો હોય તેમાં સુધારો આવ્યો હોય, જેનો ઉલ્લેખ રજૂ થઈ ગયો છે. પરંતુ ઈન્જીલ બાબત આમ નથી કહી શકાતું. કારણ કે ઈન્જીલ જે આજે ઈસાઈઓમાં ચાલી રહી છે તે હઝરત ઈસા عليه الصلاة والسلام નું જીવન ચરિત્ર છે. જે આપના હવ્વારીઓ તરફથી લખવામાં આવ્યું. જીવન ચરિત્રમાં નબીના મો'જેઝા લખવામાં આવ્યા હોય અથવા આપની તાલીમાતને લખવામાં આવી હોય પણ એનાથી તે કિતાબ ઈલ્હામી અને વહી દ્વારા નાઝિલ થયેલી માની નથી શકાતી. જેમ કે આપણામાં હદીષ અલગ છે, તફસીર અલગ છે, સીરત અને જીવન ચરિત્ર અલગ છે. શું કોઈ હદીષને કુર્આન કહે છે ? શું કોઈ તફસીરને કુર્આન કહે છે ? શું કોઈ સીરત અને જીવન ચરિત્રને કુર્આન કહે છે ? તો પછી અહલે કિતાબ હઝરત ઈસા عليه الصلاة والسلام ના જીવન ચરિત્રને ઈન્જીલ ખુદાની નાઝિલ કરેલી

કિતાબ શી રીતે કહે છે ? કોઈ પણ કિતાબના ખુદાની નાઝિલ કરેલી કિતાબ કહેવા માટે એ પણ જરૂરી છે કે તે કિતાબ નબી અને રસૂલ પર ફરિશ્તા મારફત ઉતારવામાં આવી અને તેના શબ્દો પણ અલ્લાહ તરફથી નાઝિલ થયા હોય, જેમાં કોઈ ફેરફાર કરી શકાતો નથી. નબીએ ખુદાની કિતાબ કહીને કોઈ વાત ન કરી હોય તો તે નબીની તાલીમ તો છે, અલ્લાહ તરફથી તો છે પણ તે ખુદાની કિતાબ નથી. એટલે ઈસાઈઓએ આજે જે બાયબલ, ઈન્જીલ લોકોમાં પ્રકાશિત કરી છે તે હવ્વારીઓની ભેગી કરેલી છે. ખુદાની કિતાબ હોવામાં તેનો સમાવેશ નથી. આનો થોડો ઉલ્લેખ તમારી ખિદમતમાં રજૂ થઈ ગયો છે.

## ★ ફિતરતનો જમાનો ★

હઝરત ઈસા عليه الصلوة والسلام અને આપણા પ્યારા આકા صلى الله تعالى عليه وسلم ની વચમાંનો જમાનો નબીથી ખાલી એટલે ફિતરતનો જમાનો કહેવામાં આવે છે. બંનેમાં ૫૮૦ નો ગાળો છે. આટલા લાંબા ગાળામાં ઈન્જીલમાં જે ફેરફાર થયો તેને સુધારે કોણ ? અને અમે તમને બતાવીશું કે અસલ ઈન્જીલ પણ નાબૂદ થઈ ગઈ છે. કારણ કે ઈસાઈઓ ગરીબ હતા અને જ્યાં હવ્વારીઓ જતા તેમને તકલીફો આપવામાં આવતી અને લગભગ ૩૦૦ વર્ષ સુધી તેઓ દુશ્મનોના હોથામાં રહ્યા અને દુશ્મનોએ તેમની ઉપર ત્રાસ ગુજાર્યો અને તેમની પાસે જે કિતાબો હતી સળગાવી દીધી અને ધર્મ પર તેમને અમલ કરવા દીધો નથી. પછી અસલ ઈન્જીલ કયાં મળે ? તે જમાનામાં પ્રેસ ન હતા. કાગળનો વજૂદ ન હતો. તો એ પણ નથી માની શકાતું કે ઈન્જીલના એટલા વધારે નુસ્ખા દસ્તી બનાવવામાં આવ્યા હોય કે અમુકને સળગાવી દેવાથી ઈન્જીલના બાકી રહી જવાની શકયતા રહે અને એવું પણ ન થયું હતું કે ઈસાઈયત સમગ્ર જગતમાં છવાઈ ગઈ હોય કે એક મુલ્કમાં આફત આવવાથી બીજો મુલ્ક સલામત રહ્યો હોય અને તેમાં બાયબલની હિફાઝત કરવામાં આવી હોય. એટલે ઈન્જીલના નાબૂદ થઈ જવાનો સુબૂત તૌરેતના નાબૂદ થવાથી





વધારે ઠોસ અને મજબૂત છે.

## ★ હવારીઓમાંથી કોઈ નબી નથી ★

વહી નબી પર આવે છે એટલે એટલું તો માની શકાય છે કે આગલા નબી પર જે કિતાબ નાઝિલ થઈ હોય અને તેમના પર્દો કરી ગયા બાદ તેમાં ફેરફાર થયો હોય અથવા નાબૂદ થઈ હોય તો નબીને વહી દ્વારા બતાવી દેવામાં આવે. પણ અહલે કિતાબ પણ હવ્વારીઓમાંથી કોઈને નબી માનતા નથી અને તેમની કિતાબોથી એ વાતનો ઉલ્લેખ પણ નથી. એટલે હવ્વારીઓની પોતાના શબ્દોમાં જીવન ચરિત્રની ઢબમાં લખેલી કિતાબોને અલ્લાહની નાઝિલ કરેલી કિતાબ નથી કહી શકતા. ઈન્જીલે લૂકા અસલ ઈન્જીલ નથી. ઈન્જીલે લૂકા, લૂકા હવ્વારીની લખેલી કિતાબ છે. જેમાં હઝરત ઈસા عليه الصلوة والسلام નું જીવન ચરિત્ર લખવામાં આવ્યું. તેની વાતો તેણે હઝરત ઈસા عليه الصلوة والسلام ને પૂછીને લખવામાં આવી નથી. કારણ કે ઈતિહાસ એ વાતનો ગવાહ છે કે લુકાને હઝરત ઈસાનો જમાનો નથી મળ્યો. બલ્કે તેના ઉસ્તાદ પોલોસને પણ હઝરતે ઈસાને દેખવાનો મોકો નથી મળ્યો. લોકોને પૂછી પૂછીને ભેગી કરવામાં આવી, પછી તે કિતાબ ઈલ્હામી અને વહી દ્વારા નાઝિલ થયેલી કિતાબ શી રીતે કહી શકાય છે ? મરકસની ઈન્જીલ અસલ નથી. મરકસની ઈન્જીલને અસલ એટલા માટે નથી કહી શકતા કે તેને હઝરત ઈસાનો જમાનો નથી મળ્યો, એટલે તેણે જે કંઈ લખ્યું તે એકબીજાને પૂછી પૂછીને લખ્યું છે. એટલે તેને ખુદાનુ કલામ નથી કહી શકતા.

## ★ લુકાની ગવાહી કે ઈન્જીલ અસલ નથી ★

લુકા પોતાની કિતાબના શરૂમાં લખે છે કે : **ઘણા લોકોએ તૈયારી કરી કે જે કામો લોકોમાં બન્યાં તેને બયાન કરે, જેમ કે તેઓ જેઓ પોતે દેખાવાવાળા અને કલામની**

**ખિદમત કરવાવાળા હતા અમારાથી રિવાયત કરી. મેં પણ યોગ્ય જાણ્યું કે સઘળી વાતોને સાચી અને સારી રીતે જાણ કરીને અય બુઝુર્ગ થ્યુફલ્સ અનુક્રમથી તારા માટે લખું.**

લુકાનું લખાણ એ સાબિત કરી રહ્યું છે કે તેને હઝરત ઈસા عليه السلام ને દેખવાનો મોકો નથી મળ્યો. (૨) બીજા લોકોએ લખવાનું કામ કર્યુ હતું અને તેમાં ભૂલો હતી. (૩) લોકોથી જાણ કરીને એટલે કે લોકોથી પૂછી પૂછીને. (૪) જો અસલ કિતાબ હોતી તો લોકોને પૂછવાની કોઈ જરૂરત ન હતી. (૫) લુકા એક વાસ્તાથી જ મસીહ عليه السلام ને મળે છે તો પણ તેની પાસે અસલ કિતાબ નથી અને લોકોથી પૂછવાની જરૂરત પડી તો પછી આજના ઈસાઈઓ આજની ઈન્જીલને અસલ કિતાબ શી રીતે કહે છે ?

## ★ યૂહન્નાની ઈન્જીલ પણ અસલ નથી ★

યૂહન્નાને હઝરત મસીહ عليه السلام નો જમાનો મળ્યો હતો અને આપની સંગતમાં પણ રહ્યો હતો પરંતુ તેનું લખાણ એ વાતનું સાક્ષી છે કે તેની લખેલી ઈન્જીલ અસલી નથી બલ્કે તેણે હઝરત મસીહના જીવન ચરિત્રમાં લખેલી છે. યૂહન્નાની ઈન્જીલ છેલ્લો ફિક્રો છે. **તે સિવાય ઘણાં બધાં કામો છે જે યસૂઅએ કર્યા, જો તેને જુદા (અલગ) લખવામાં આવતા તો હું ખ્યાલ કરૂં છું જે કિતાબો લખવામાં આવતી દુનિયામાં ન સમાઈ શકતી.**

આ લખાણ સાબિત કરી રહ્યું છે કે યૂહન્નાએ પોતાના તરફથી લખાણ કર્યું છે, જો અસલ ઈન્જીલ તેની પાસે હોતી તો અલગથી લખવાની કોઈ જરૂરત ન હતી અને વહીથી નાઝિલ થયેલીમાં કોઈ ફેરફાર થતો નથી. જ્યારે તેનું પોતાનું લખાણ છે તો તેને જીવન ચરિત્ર કહી શકાય છે, અલ્લાહની નાઝિલ કરેલી કિતાબ શી રીતે કહી શકાય ?

## ★ મત્તાની ઈન્જીલ પણ અસલ નથી ★

મત્તાની ઈન્જીલ જીવન ચરિત્રની ઢબમાં મત્તા તરીફથી





હઝરત ઈસા عليه السلام ના દુનિયાથી ઉઠાવી લીધા બાદ લખવામાં આવી હતી. કારણ કે પોલોસ પોતાની ઈન્જીલ બાબ અવ્વલ રુકૂઅ ૧૧માં લખે છે : **અય ભાઈઓ ! હું તમને બતાવું છું કે જે ઈન્જીલની મેં ખબર આપી માણસના તરીકા પર નથી (એટલે કે અલ્લાહનું ઉતારેલું છે) એટલા માટે કે મેં એને કોઈ માણસ પાસેથી નથી લીધું, ન કોઈએ મને શિખવાડયું, બલ્કે તે યસૂઅ મસીહના ઈલ્હામથી મને મળી છે.** પોલોસ પોતાની ઈન્જીલે ઈલ્હામી બતાવી, બીજી જેટલી પણ ઈન્જીલો હોય તેનો ઈન્કાર કરતાં લખે છે :– તે બાબતમાં **પરંતુ અમે અથવા કોઈ ફરિશ્તો આસ્માનથી તે ઈન્જીલ સિવાય લાવે જે અમે તમને સંભળાવી બીજી ઈન્જીલ સંભળાવે તે મલઊન બન્યા.** ઈન્જીલે મત્તાની ઈન્જીલ પોલોસની ઈન્જીલથી અલગ છે. એટલે એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે તેની ઈન્જીલ પણ અસલ નથી બલ્કે તેને પોતાના શબ્દોમાં હઝરત ઈસા عليه السلام નું જીવન ચરિત્ર લખ્યું છે.

## ★ પોલોસની ઈન્જીલ નાબૂદ છે ★

પોલોસના લખાણથી સાબિત થાય છે કે અસલ ઈન્જીલ તેની પાસે હતી. પરંતુ ઈસાઈઓમાં ચાલતી ઈન્જીલોમાં પોલોસની ઈન્જીલ જોવા મળતી નથી, બલ્કે તે પણ નાબૂદ છે. પછી એ કેવી રીતે કબૂલી શકાય કે ઈસાઈઓ જે બાયબલને માને છે તે અસલી બાયબલ છે બલ્કે તે જીવન ચારિત્ર છે.

## ★ હવ્વારીઓમાં ઈન્જીલ બદલાઈ ★

હઝરત ઈસા عليه السلام ના આસ્માનો પર ચાલ્યા ગયા બાદ અસલ ઈન્જીલનો કોઈ પતો ન લાગ્યો. માત્ર પોલેસનો દાવો એ હતો કે અસલ ઈન્જીલ મારી પાસે છે અને એની સિવાય કોઈ ફરિશ્તો પણ બીજી ઈન્જીલ લાવે તો તેને કબૂલ કરવામાં નહીં આવે. એનો

મતલબ એ પણ છે કે બીજી ઈન્જીલ મારી વજૂદમાં આવી હતી. અથવા અલગ અલગ ઈન્જીલ લખાતી હશે તેની જાણ પૂલસને થઈ ગઈ હશે તે રૂકૂઅ ૧૪માં ફરિયાદ કરતાં લખે છે :– **જ્યારે મેં જોયું કે તેઓ ઈન્જીલની સચ્ચાઈ પર સીધી ચાલ નથી ચાલતા** પોલેસની ફરિયાદ પેટરસ અને બરનાબા હવારીઓ માટે હતી જેઓ ઈન્જીલમાં ફેરફાર કરતા હતા.

## ★ ઈસાઈ પાદરીઓનો જવાબ ખોટો છે ★

ઈસાઈ પાદરીઓને કહેવામાં આવે છે કે તમારી અસલ ઈન્જીલનો વજૂદ નથી, તે નાબૂદ થઈ ગઈ છે અથવા તેમાં ફેરફાર થઈ ગયો છે. તો તેઓ જવાબ આપે છે, ઈન્જીલમાં ફેરફાર કરવાથી શું ફાયદો ? પણ પોલોસનું લખાણ ગવાહ છે કે હવ્વારીઓએ જ રદ્દો બદલ ચાલુ કરી દીધી હતી.

## ★ ૧૨ હવ્વારીઓનાં નામો ★

(૧) શમ્ઉન જેને પેટરસ પણ કહેવામાં આવે છે (૨) ઈંડરયાસ પેટરસનો ભાઈ (૩) ઝુબદીનો બેટો યાકૂબ (૪) તેનો ભાઈ યૂહન્ના (૫) ફિલીપૂસ (૬) બરથુલ્મા (૭) થૂમા (૮) મત્તા (૯) યાકૂબ તલ્ફઈનો બેટો (૧૦) લુબ્બી (૧૧) શમ્ઉન કન્આની (૧૨) યહૂદા

## ★ ઈસાઈઓની બરબાદી ★

અસલ ઈન્જીલ નાબૂદ થઈ જવાનાં ઘણાં કારણો છે. હવારીઓને પોતાના લખાણને શોહરત આપવાનો શોખ. તે જમાનામાં કાગળનો બંદોબસ્ત ન હોવો વત્તા ઈસાઈઓની દુશ્મનીમાં તેમની ઉપર ૩૦૦ વર્ષનો લાંબો જમાનો ઘણો જ કઠિન ગુજર્યો, જેમાં તેઓને માત્ર ગુલામ બનીને રહેવું પડયું હતું. પાંચ પચાસ વર્ષની વાત હોય તો માની લેવામાં આવે પણ ત્રણ સદીઓ સુધી જાલિમોના હાથ નીચે દબાઈને રહેવામાં કોણ અસલ કિતાબની





હિફાઝત કરી શકે છે ? ત્રણસો વર્ષમાં દસ વખત ઈસાઈઓ પર કત્લે આમ થયો હતો. પ્રથમ હુમ્લો એમની ઉપર ઈસવી સન ૬૪માં થયો નૈરૂન શાહ ફરંગિસ્તાનના હુકમાથી કત્લે આમ થયો, જેમાં પેટરસ અને પોલોસ પણ કત્લ થયા. બીજો હુમ્લો દુમશિયાનના જમાનામાં થયો, જેમાં યૂહન્નાને વનવાસ કરી દેવામાં આવ્યો. ત્રીજો કત્લે આમ તર્જાનના જમાનામાં થયો. આમ દસ વખત ઈસાઈઓનો કત્લે આમ થયો. તેમાં ચર્ચો તોડી નાખવામાં આવ્યાં અને કિતાબો શોધી શોધીને સળગાવી દેવામાં આવી. તે જમાનામાં કાગળ ન હતો. ઈન્જીલ હશે તો પથ્થરની તખ્તીઓમાં અથવા લાકડાનાં પાટિયાઓ પર દુશ્મનોના સતત હુમ્લાઓમાં તેની હિફાઝત નથી થઈ શકતી. અને ઈસા عليه السلام પછી તો જમાનો આપણા નબી સુધી નબુવ્વતથી ખાલી જમાનો છે. જેમાં બીજો કોઈ નબી નથી આવ્યો અને એ પણ શંકા છે કે હવ્વારીઓની લખેલી કિતાબો પણ ૩૦૦ વર્ષના કત્લે આમમાં નહીં રહી હોય, ઈસાઈઓ ગરીબ હતા, દુશ્મનોનાં હાથોમાં દબાએલા હતા અને ઘણા જ નાનાં વર્તુળમાં હતા એટલે પણ નથી કહી શકાતું કે એક જગાએ બરબાદી આવી હોય તો બીજા જગાએ સલામત હોય.

## ★ ઈસાઈઓને એક સવાલ ★

ઈસાઈ પાદરીઓને એટલી તો ખબર હશે કે ખુદાની નાઝિલ કરેલી કિતાબ માત્ર તે જ છે જે અલ્લાહ ત્આલાએ ફરિશ્તા મારફત નબી પર નાઝિલ ફર્માવી. જેમાં શબ્દો પણ તેના જ નાઝિલ કરેલા હોય છે. હવે તેઓ બતાવે કે જ્યારે હવારીઓએ પોત પોતાના શબ્દોમાં લખી તે વાકયો અને વાતો સાચી પણ હોય તેને ખુદાની કિતાબ શી રીતે કહી શકાય ? શું લોકોના લખાણને ખુદાનું નાઝિલ કરેલું કલામ કહી શકાય છે ? આ વાતનો જવાબ ઈસાઈ પાદરીઓ પાસે નથી.

## ★ ઈસાઈ મુનાઝિરની લાચારી ★

પાદરી સફદર અલી જેમણે તોડ ફોડ કરીને ઈન્જીલને

ઈલ્હામી અને અસલી સાબિત કરવાની કોશિશ કરી છે અને તેના માટે કેટલાક પેજો રંગીન કર્યા છે તેમણે પણ એક જગાએ જઈને પોતાની લાચારી અને મજબૂરી દબાએલા શબ્દોમાં કબૂલ કરી લીધી છે. પોતાની કિતાબ નિયાઝનામા, પેજ નં. ૨૧૯ પર લખે છે : **ઉપરોક્ત કારણોસર લગભગ ઈસવી સન ૩૦૦ સુધી તમામ જમાઅતોને તમામ રિસાલાઓનો અસલી હાલ માલૂમ ન હતો.** જ્યારે ૩૦૦ વર્ષ સુધી એટલે ત્રણ સદીઓ સુધી અસલી ઈન્જીલનો હાલ માલૂમ ન હતો તો પછી લોકોને અસલી ઈન્જીલ કેવી રીતે જાણવા મળી ? સ્પષ્ટ છે કે અસલ ઈન્જીલ નાબૂદ છે. જે કંઈ તમારી પાસે છે સાચું જૂઠું જીવન ચારિત્ર છે તેને અસલ ઈન્જીલ કયારે પણ નથી કહી શકતા.

## ★ ઈન્જીલ મત્તા ઈબ્રાની ભાષામાં હતી ★

એ તો મેં તમને બતાવ્યું કે અસલ ઈન્જીલ તો હવ્વારીઓ પાસે પણ ન હતી. નહીં તો તેમને પોતાના તરફથી કંઈ લખવાની જરૂરત ન હતી. માત્ર તેની જ હિફાઝત બસ હતી. પરંતુ ઝુલ્મની વાત તો એ કે હવ્વારીઓની ઈન્જીલોના પણ ઠેકાણાં નથી. તે પણ દુશ્મનોના હુમલાઓમાં બરબાદ થઈ ગઈ. જેનો એક દાખલો એ છે કે ઈન્જીલે મત્તા ઈબ્રાની ભાષામાં હતી. પછી તે યુનાનીમાં થઈ અને પછી બીજી ભાષાઓમાં પણ આજે ઈબ્રાનીનો કોઈ નુસ્ખો જોવા નથી મળતો. જેનાથી એ કહી શકાય કે તરજુમો શબ્દો પ્રમાણે કરવામાં આવ્યો છે અને ભાષાંતર કરવાવાળાનો પણ પતો નથી.

## ★ હવારીઓ અને પાદરીઓની કરામતો હક્કની દલીલ નથી ★

ઈસાઈઓ પર જ્યારે હવારીઓ અને પાદરીઓનો સવાબ કરવામાં આવે છે કે તેઓએ અસલ કિતાબને નાબૂદ કરી પોત પોતાની લખેલી કિતાબોને ફેમસ કરવાની કોશિશ કરી છે, તો તેઓ





તેમના સત્ય હોવા પર તેમની કરામતો ગણાવે છે. બલ્કે હવારીઓની કરામતો પર તેમણે કિતાબો લખી છે, પરંતુ કોઈની કરામતથી એ કયાં સાબિત થાય છે કે તેમણે જે ઈન્જીલ આપી તે ખુદાની કિતાબ છે ? જાદુગરો પોતાના જાદુના મંતરોથી અક્કલમાં ન આવે એવાં કામો કરી બતાવે છે અને લોકોમાં ફેમસ થઈ જાય છે. શું આ તેમના હક હોવાની દલીલ બની શકે છે ? અને જો માની લેવામાં આવે તો પણ તમારી કિતાબો વિરૂધ્ધ છે. કારણ કે ઈન્જીલ મત્તા બાબ ૨૪, રૂકૂઅ ૨૪માં હઝરત ઈસા عليه السلام ની વાત લખવામાં આવી છે કે :– **ઘણા બધા જૂઠા નબીઓ જાહેર થશે અને એવા મહાન મો'જેઝા અને કરામતો (ઇસ્તિદરાજ) બતાવશે જો શક્ય હોત તો તેઓ નેક લોકોને ગુમરાહ બનાવી દેતે.** હઝરત ઈસા عليه السلام ના ફરમાનથી જાહેર છે કે કરામતો અને અક્કલને અચંબામાં મૂકી દે એવી શોબદાબાઝીથી કોઈને નબી માની લેવામાં નહીં આવે. એટલે જાહેર છે હવારીઓમાંથી કોઈ નબી નથી અને એ પણ સાબિત થયું કે માત્ર શોબદાબાઝીથી કોઈને હક માની લેવામાં આવે નહીં. ઈસાઈઓ જો તમે હવારીઓની શોબદાબાઝીમાં ગમે તેટલી કિતાબો લખી હશે તો એનાથી કોઈ ફરક પડતો નથી. કોઈ કિતાબને ખુદાની કિતાબ કહેવા માટે યકીની સુબૂત જરૂરી છે. જેમાં કોઈ પ્રકારની શંકા ન રહી જાય. જ્યારે તમે પોતે જ કબૂલ કરેલું છે કે ૩૦૦ વર્ષ સુધી લોકોને અસલ ઈન્જીલની જાણ ન હતી. જે ઈન્જીલો ઈસાઈઓમાં ચાલી રહી છે તેની હકીકત શું છે તેના વિષે ઉલ્લેખ થઈ ગયો છે અને પોલોસનું લખાણ છે : મારી ઈન્જીલ સિવાય કોઈ ફરિશ્તો નવી ઈન્જીલ લાવે તો તેને માનવું ખોટું છે. અમને તો પૂલસની ઈન્જીલ સાચી છે એ પણ કબૂલ નથી. કારણ કે એનો પણ યકીની સુબૂત નથી પણ માત્ર માની લેવામાં આવે તો પણ તેનો વજૂદ નથી તે નાબૂદ થઈ ગઈ છે.

## ★ હવારીઓ બેઈમાન છે અમારૂં નહીં ઈસાનું ફરમાન ★

ઈન્જીલે મરકસ બાબત ૧૬, રૂકૂઅ ૧૪માં છે. હઝરત

મસીહ રૂખ્સત સમયે હવારીઓને બેઈમાનનો લકબ આપી ગયા અને હઝરત ઈસા عليه الصلوٰة والسلام ને પકડાવનાર હવારી યહૂદા હતો. હવે પણ ઈસાઓ પાસે કોઈ જવાબ છે ?

## ★ બાસૂબર અને લિયાફાનની કબૂલાત ★

આ બે માણસો કોણ છે અને ઈસાઈઓમાં તેમનું સ્થાન શું છે તેને ઈસાઈઓ સારી રીતે જાણે છે. તો સાંભળો ! તેમણે એ વાતની કબૂલાત કરી છે કે હવારીઓની ઈન્જીલ ઈલ્હામી નથી પરંતુ તેમણે આંખોથી જોઈને લખેલું છે અને ભરોસાપાત્ર ગવાહોથી સાંભળીને લખેલું છે એટલે તેઓને ઈલ્હામની જરૂરત પણ ન હતી અને અમારે સાબિત પણ એ જ કરવું છે કે તમારી પાસે જે ઈન્જીલ છે તે ઈલ્હામી નથી બલ્કે લોકોએ પોતાના શબ્દોમાં જીવનચારિત્ર્ય લખેલું છે. **જ્યારે હવારીએ પોતાની આંખથી દેખેલું અથવા ભરોસાપાત્ર ગવાહોથી સાંભળીને લખતા હતા પછી તેમને ઈલ્હામની શી જરૂરત.**

## ★ ઈસાઈઓની કુર્આનની આયતોથી દલીલ ★

પાદરી સફદર અલી પોતાની કિતાબ નિયાઝનામામાં ઈન્જીલને અસલ અને ઈલ્હામી સાબિત કરવામાં કુર્આનની આયતો પેશ કરે છે અને કહે છે કુર્આનમાં તૌરેત અને ઈન્જીલના માનવાવાળાઓને તેમની ઉપર અમલ કરવાનો શોખ આપવામાં આવ્યો છે. જો અમારી કિતાબો સાચી ન હોતી તો આ પ્રમાણેનું લખાણ તમારા કુર્આનમાં ન હોવું જોઈએ અને તમારે તમારી કુર્આનની આયતો લક્ષમાં રાખી અમારી વાતો માની લેવી જોઈએ :

وَلَوْ أَنَّهُمْ أَقَامُوا التَّوْرَاةَ وَالْإِنجِيلَ وَمَا أُنزِلَ إِلَيْهِم مِّن رَّبِّهِمْ لَأَكَلُوا مِن فَوْقِهِمْ وَمِن تَحْتِ أَرْجُلِهِم .

(૧) અને જો તેઓ કાયમ રાખત તૌરેત અને ઈન્જીલ અને તે જે કંઈ તેમની તરફ તેમના રબ તરફથી ઉતર્યું તો તે મને રોજી મળત ઉપરથી અને તેમના પગો નીચેથી.





قُلْ يَا أَهْلَ الْكِتَابِ لَسْتُمْ عَلَىٰ شَيْءٍ حَتَّىٰ تُقِيمُوا التَّوْرَاةَ وَالْإِنجِيلَ وَمَا أُنزِلَ إِلَيْكُم مِّن رَّبِّكُمْ .

(૨) તમે ફરમાવી દો અય કિતાબીઓ ! તમે કશું જ નથી જ્યાં સુધી તૌરેત અને ઈન્જીલ અને જે કંઈ તમારા રબ તરફથી ઉતર્યું હોય તમારી તરફ તે લાગુ ન કરી લો.

وَكَيْفَ يُحَكِّمُونَكَ وَعِندَهُمُ التَّوْرَاةُ فِيهَا حُكْمُ اللَّهِ

(૩) અને તેઓ તમારી પાસે કેમ કરી ફૈસલો માંગશે, તેમની પાસે તૌરેત હોવા છતાં જેમાં અલ્લાહનો હુકમ મૌજૂદ છે.

قُلْ فَأْتُوا بِالتَّوْرَاةِ فَاتْلُوهَا إِن كُنتُمْ صَادِقِينَ

(૪) આપ ફરમાવો કે લાવો તૌરેત પછી પઢો તેને જો તમે સાચા હોય.

કુર્આન શરીફમાં મુસલમાન ઈમાનવાળાઓને આગલી કિતાબો પર ઈમાન લાવવાનો હુકમ આપવામાં આવ્યો છે અને નબીએ પાક عليه الصلوٰة والسلام ની એક સિફત એ બતાવામાં આવી છે કે આપ આગલી કિતાબોની તસ્દીક કરશે, અને કુર્આનના શબ્દોથી એ વાત જાહેર છે, પછી મુસલમાનોએ કુર્આનની વાતો માની લેવી જોઈએ.

## ★ અમારો જવાબ ★

કુર્આન શરીફમાં તૌરેત અને ઈન્જીલનો સુબૂત છે અને તેનાં નામો બયાન કરવામાં આવ્યાં છે પરંતુ તેનાથી અસલ તૌરેત જે હઝરત મૂસા عليه الصلوٰة والسلام પર નાઝિલ થઈ હતી તે મુરાદ છે અને અમારૂં તે અસલ તૌરેત પર ઈમાન છે. ઈન્જીલથી મુરાદ અસલ ઈન્જીલ છે જે હઝરત ઈસા عليه الصلوٰة والسلام પર નાઝિલ કરવામાં આવી હતી અને અમારું તેની ઉપર ઈમાન છે. અમારો વિવાદ તમારી સાથે તે તૌરેત અને ઈન્જીલનો છે જેને આજે તમે કિતાબ કહી રહ્યા છો અને કુર્આનની આ આયત :

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَالْكِتٰبِ الَّذِيْ نَزَّلَ عَلٰي رَسُوْلِهٖ وَالْكِتٰبِ الَّذِيْٓ اَنْزَلَ مِنْ قَبْلُ ۔

અય ઈમાનવાળાઓ ! ઈમાન રાખો અલ્લાહ અને એના રસૂલ પર અને તે કિતાબ પર જે પોતાના રસૂલ પર ઉતારી અને તે કિતાબ પર જે પહેલાં ઉતારી.

આ આયત બતાવી રહી છે કે નાઝિલ થયેલી કિતાબો પર ઈમાન લાવો અને અમે તેની ઉપર ઈમાન રાખીએ છીએ, તમે તો નકલને અસલ કહેવા માંગો છો, એ કેવી રીતે કબૂલ કરી શકાય છે !

કુર્આનમાં જે તૌરેત અને ઈન્જીલ પર તમને અમલનો શોખ આપવામાં આવ્યો છે તે મુનાઝરાના ઢબમાં છે કે જો માની લેવામાં આવે કે તમારી પાસે જે તૌરેત અને ઈન્જીલ છે જેને તમે અસલ તૌરેત અને ઈન્જીલ માનો છો તો પછી તમે તેની વિરૂધ્ધ કેમ કરો છો ? એટલે કે જો તમે તેની ઉપર અમલ કરો તો પણ આખરી નબીનો ઈન્કાર ન કરો, પણ તમારો અમલ બતાવી રહયો છે કે તમે આ નકલીને પણ અમલમાં લાવતા નથી. દાખલા તરીકે કોઈ માણસ કુર્આનમાં ફેરફાર કરીને લાવે અને અમારી સમક્ષ તે કુર્આનને દલીલ બનાવવા ઈચ્છે તો અમે તો તેને કુર્આન માનવાના નથી. પરંતુ જો તે બનાવટી કુર્આનની વાતો વિરૂધ્ધ જતો હોય તો મુનાઝરામાં માત્ર તેને ચુપ કરવા માટે આ પ્રમાણે કહેવાનો હક છે કે જનાબ તમારા કુર્આનમાં ફલાણી ફલાણી વાત છે, તમે તો તેની વિરૂધ્ધ જઈ રહ્યા છો ! એનાથી એવું કયાં સાબિત થાય છે કે અમે તેની ફેરફાર કરેલી કિતાબને કુર્આન સ્વીકારી લીધી. બસ, એ જ પ્રમાણે કુર્આને તમને તમારી તૌરેત અને ઈન્જીલ યાદ અપાવી છે.

અરબીમાં આખી કિતાબનો શબ્દ બોલીને એક ભાગ પણ મુરાદ લેવામાં આવે છે અને તેના અનેક દાખલાઓ અરબી જાણવાવાળાઓને ખબર છે. તો અહીં પણ એ જ પ્રમાણે બયાન છે, તૌરેત બોલીને તૌરેતની અમુક વાતો મુરાદ છે અને ઈન્જીલ બોલીને





ઈન્જીલની અમુક વાતો મુરાદ છે. એટલે એનાથી આખી કિતાબનું ઈલ્હામી હોવું સાબિત નથી થતું.

તૌરેત અને ઈન્જીલથી તેના અમુક હુકમો મુરાદ છે. જેના શબ્દો તો ઈલ્હામી નથી. કારણ કે અસલ કિતાબો ઈતિહાસની દલીલથી નાબૂદ થઈ ગઈ છે, પરંતુ બીજા શબ્દોમાં હુકમનો મતલબ બયાન થઈ શકે છે. તો કુર્આનનો મતલબ એ છે કે જે હુકમો અલ્લાહના છે તેની ઉપર અમલ કરો. એનાથી એવું કયાં સાબિત થાય છે કે આ કિતાબોનો શબ્દે શબ્દ સાચો છે ? અને એ બાબતે અમે તો એક કિનારે છીએ તમને પોતાને પણ શંકા છે ! અને તમે જ લોકોએ અમુક અમુક રિસાલાઓ બાબતે વિવાદ ઉભો કરેલો છે જેનો ઐતિહાસિક ખુલાસો પાછલા પેજોમાં રજૂ થઈ ગયો છે.

## ★ અસલી નથી તો ખ્યાતી કેમ મળી ? ★

એક દલીલ પાદરીઓ તરફથી એ બયાન કરવામાં આવે છે કે અમારી કિતાબ ઈન્જીલને સૌથી વધારે ખ્યાતી મળી છે અને દુનિયાની સઘળી ભાષાઓમાં ઈન્જીલના તર્જુમા થઈ ગયા છે. દુનિયામાં એક મોટો ભાગ તેનાથી ફાયદો પ્રાપ્ત કરી રહ્યો છે. પછી એ કિતાબ અસલી કેમ ન કહેવાય ?

**જવાબ** :– તમને એ તો કબૂલ છે કે ત્રણસો વર્ષ સુધી લોકોને એની ખબર પણ ન હતી અને ત્યાર બાદ પેપર તો હતા નહીં અને લખવામાં તખ્તીઓ પર લખવું પડતું હતું અને એના છાપખાનાં પણ ન હતાં. પછી એવું તો શી રીતે કહી શકાય કે પ્રથમથી ઈન્જીલને ખ્યાતી મળી છે. વધારેમાં વધારે એક હજાર વર્ષો થયાં છે અને એ તો કોઈ કાયદો છે કે કોઈ કિતાબને ખ્યાતી મળી ગઈ હોય તો તે ઈલ્હામી છે ? એવી તો લોકોની લખેલી ઘણી કિતાબો એવી છે જેને ઘણી જ ખ્યાતી મળી અને કેટલી ભાષાઓમાં તેનું રૂપાંતર થયું. એટલે અસલી હોવા પર આ દલીલ સંપૂર્ણ જહાલત અને અજાણતા છે.

## ★ અખ્લાકો અને આદાબની વાતો સત્ય હોવાની દલીલ છે ★

પાદરીઓ પોતાની ઈન્જીલને અસલી સાબિત કરવા માટે કયારેક એવું પણ કહે છે કે અમારી કિતાબમાં અખ્લાકો આદાબની વાતો છે અને તેની ઉપર અમલ કરવાથી માણસ માણસ બનીને રહે છે. પછી શું આ તેના સત્ય હોવાની દલીલ નથી ?

**જવાબ :–** તમને એટલી તો ખબર હોવી જોઈએ કે દુનિયામાં ઘણી બધી કિતાબો એવી પણ લખવામાં આવી છે જે અખ્લાકો આદાબમાં બેમિષાલ છે, તો પણ તે પબ્લિકની લખેલી છે અને તેને કોઈ પણ ઈલ્હામી કિતાબ કહેતુ નથી. સ્કૂલમાં પણ ઘણી બધી ચોપડીઓ અખ્લાકો આદાબની તાલીમમાં હોય છે, પરંતુ તે લોકોની લખેલી છે. પછી તમારૂં એ કહેવું કે તેમાં અખ્લાકો આદાબની વાતો છે તે એના સત્ય હોવાની દલીલ છે ! તદન ખોટુ છે. શું તમને ખબર છે અમારા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાલીમાતથી ઉત્તમ કોની તાલીમાત છે ? આપે ૧૪૦૦ વર્ષો પહેલાં જે નસીહતો ફર્માવી હતી તે કિયામત સુધીના માણસો માટે સંપૂર્ણ છે અને લોકોને બીજા કોઈની તાલીમની જરૂરત અખ્લાકો આદાબના વર્તુળમાં રહેશે નહીં અને આ બાબતે અમારા નબીની એક નહીં લાખો હદીષો છે. પરંતુ અમારા મુસલમાનોની ઈમાનદારી જુઓ કે અમે હદીષ અને કુર્આનમાં પૂરે પૂરો ફરક રાખેલો છે. તેનું લખાણ પણ અલગ નામથી થઈ રહ્યું છે. અમે તો આજ દિવસ સુધી હદીષને હદીષ અને કુર્આનને કુર્આન કહીએ છીએ. અમે કુર્આનમાં એક શબ્દનો પણ વધારો કરતા નથી અને કોઈ પ્રકારની મિલાવટ થવા દેતા નથી અને કલામે ખુદા સાથે મિલાવટ થાય ! જેમ કે તફસીરની કિતાબોમાં, જેમાં અમુક આયતો લખીને પછી મુફસ્સિર તરફથી તેની તફસીર કરવામાં આવે છે. પરંતુ તેને પણ અમે કુર્આન નથી કહેતા ! તફસીરની કિતાબ કહીએ છીએ. તેના હુકમમાં પણ ફરક આવી જાય કે માત્ર કુર્આનને વગર વુઝૂએ પકડવું હરામ છે, જ્યારે કે તફસીરની કિતાબ પકડવા માટે વુઝૂ જરૂરી





નથી, કરી લેવામાં આવે તો ઉત્તમ છે. અમારા નિકટ કુર્આન તે જ છે જેને અલ્લાહ ત્આલાએ જિબ્રઈલે અમીન મારફત સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم પર નાઝિલ ફર્માવ્યું અને અમારા નબીએ કોઈ પણ પ્રકારના વધારા ઘટાડા વિના તે જ શબ્દોમાં સંભળાવ્યું અને સહાબા પાસે લખાવ્યું. અમારા નબીનો પોતાનો એક પણ શબ્દ પણ કુર્આનમાં નથી, જે છે તે અલ્લાહનું નાઝિલ કરેલું છે. તો એને ખુદાની કિતાબ કહી શકાય છે. અને હે ઈસાઈઓ ! તમે તો લોકોની લખેલી વાતોને ખુદાનું કલામ કહો છો ? તમને તો એ પણ ખબર નથી કે ખુદાનું કલામ કોને કહેવાય અને તે ખાસ કલામને ખુદાનું કલામ કહેવા માટે શું શું શર્તો છે ? જો તમે જે પ્રમાણેની કિતાબોને ખુદાની કિતાબો કહો છો તેવું અમે કહેતા તો કુર્આન લાખો ભાગોમાં હોતું ! દરેક તફસીરની કિતાબ કુર્આન, દરેક ફિકહની કિતાબ કુર્આન, દરેક હદીષની કિતાબ કુર્આન ! તો આ પ્રમાણે અસંખ્ય કુર્આન બની જતાં, પરંતુ અમારી ઈમાનદારી તમારે માનવી જ પડશે કે અમે કુર્આનની કેટલી હિફાઝત કરી છે કે ૧૪૦૦ વર્ષ થયાં પરંતુ ખુદાના કલામમાં એક શબ્દનો પણ વધારો ઘટાડો થવા દીધો નથી અને થશે પણ નહીં.

## ★ કુર્આનની આટલી હિફાઝત શા માટે ★

હે ઈસાઈઓ ! તમને એટલી તો ખબર હોવી જોઈએ કે અમારા નબી સઘળા નબીઓના સરદાર છે. તેમનો દરજ્જો ખુદાની બારગાહમાં સૌથી ઊંચો અને મહાન છે. આપના મરતબાનું ખુદાની મખ્લૂકમાં કોઈ નથી અને એટલે જ આપને અંતિમ નબી બનાવીને મોકલવામાં આવ્યા કે આપ પછી જગતમાં કોઈ નવો નબી ન આવે અને આપ પોતાની તાલીમથી કિયામત સુધીની જરૂરત પૂરી ફરમાવે અને આપ પર ખુદા તરફથી જે કિતાબ નાઝિલ કરવામાં આવે તેમાં કોઈ પ્રકારનો ફેરફાર ન થઈ શકે અને આ જવાબદારી ખુદાએ પોતાના કરમથી પોતે જ લીધી. જેના ઈલ્મથી કોઈ બાહ્ય નથી પછી કુર્આનમાં ફેરફાર કેવી રીતે થઈ શકે છે ? અને એટલા માટે તો ખુદા ત્આલાએ પોતાની નાઝિલ કરેલી કિતાબ કુર્આનને અમારા માટે એટલી ઈઝી

અને સહેલી બનાવી કે કમજોર દિમાગના બાળકો બીજું કશું ભલે યાદ ન કરી શકે પણ કુર્આનને યાદ કરવા ઈચ્છે તો અમુક વર્ષોમાં તે પણ હાફિઝ બની જાય છે. શું તમારી કિતાબનો કોઈ હાફિઝ છે ? માત્ર નબીઓને આ નેઅમત આપવામાં આવતી હતી, જ્યારે કે કુર્આન હિફઝ કરવાની નેઅમત મુસલમાનોના બાળકોને પણ આપવામાં આવી છે.

## ★ અમારી ઈમાનદારી અને તમારી ઈમાનદારીનો ફરક ★

અલ્લાહ ત્આલાએ હે ઈસાઈઓ અને યહૂદીઓ ! તમને કિતાબો આપી હતી અને તેની હિફાઝતની જવાબદારી તમને આપવામાં આવી હતી, પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે તમે એ જવાબદારી ન નિભાવી અને આજે તમારી પાસે અસલ કિતાબોનું નામ નિશાન ન રહ્યું અને અલ્લાહ ત્આલાએ કુર્આન નાઝિલ ફર્માવ્યું. ભલે ને હિફાઝતની જવાબદારી તેણે પોતે પોતાના કરમથી સ્વીકારી અને તે જ હિફાઝત કરી રહ્યો છે પરંતુ હિફાઝતના જાહેરી સબબ તો અમે મુસલમાનો જ છીએ. અમે અમારા કુર્આનની કેટલી હિફાઝત કરી કે એક શબ્દ પણ વધારાનો તેમાં આવવા દીધો નથી અને નબીની વાતોને પણ કુર્આનથી અલગ રાખી. આ છે, અમારી ઈમાનદારી ! તમે તમારી ઈમાનદારીનો જવાબ આપો ?

## ★ આગલી કિતાબો ખુદાની હતી પછી આમ કેમ બન્યું ? ★

લોકોના દિમાગમાં એક સવાલ એ પણ ઉપસ્થિત થઈ શકે છે કે કુર્આન શરીફ માફક આગલા નબીઓ પર નાઝિલ થયેલી કિતાબો ખુદાની જ હતી, પછી તેની હિફાઝત કેમ ન કરવામાં આવી અને લોકોએ પોતાની વાતો મીલાવી તો તેમને રોકવામાં કેમ ન આવ્યા ? અને ખુદાએ હિદાયત માટે મોકલી હતી તો પછી નાબૂદ





થઈ જવાથી હિદાયત કેવી રીતે મળી શકે છે ? આમ અન્ય સવાલો છે જે આ જગાએ ઉપસ્થિત થાય છે.

આ સવાલોના અકલી જવાબો એ છે કે અલ્લાહ ત્આલાએ ઉમ્મતોમાં ફર્ક કરવા માટે આમ થવા દીધું, કે લોકોને ખબર પડે. અંતિમ નબીની ઉમ્મત કેટલી ઈમાનદાર છે અને આગલા નબીની ઉમ્મત કેટલી બેવફા હતી કે ખુદાના કલામની સંભાળ ન રાખી શકી. ઉમ્મતે મુહમ્મદીની ઉત્તમતા જાુઓ કે ખુદાના કલામમાં એક શબ્દનો ફરક ન આવવા દીધો અને તેમણે જોયું કે માત્ર લખાણથી હિફાઝત નથી થઈ શકતી અને દુશ્મનો પોતાની ચાલમાં સફળ થઈ શકે છે તો સહાબાના જમાનાથી કુર્આનના હિફઝનો તરીકો જારી કરવામાં આવ્યો. જો લખાણમાં કોઈ ફરક થાય અથવા દુશ્મન કોઈ દાવ રમે તો હાફિઝો તેને પારખી શકે અને ખુદાના કલામને મિલાવટથી પાક રાખે. ૧૪૦૦ વર્ષોમાં કરોડોની સંખ્યામાં લોકોએ કુર્આન હિફઝ કર્યું હશે. સમગ્ર જગત મળીને કોશિશ કરે અને પોતાની સઘળી દૌલત કુર્આન બદલવાના માર્ગમાં ખર્ચી નાખે તો પણ તેઓ સફળ થઈ શકતા નથી. કારણ કે અમે મુસલમાન અમારા મસ્અલામાં ગમે તેને માફ કરી શકીએ છીએ, પરંતુ કુર્આનમાં ફેરફાર કયારે પણ કબૂલ ન કરીએ.

## ★ એક ઈસાઈ લાજવાબ ★

અહિં યુ. કે. માં ઈસાઈઓની અમુક જમાઅતો એવી પણ છે જેમના દિલોમાં તેમના ઈસાઈ ધર્મની મહોબ્બત છે. પછી તે ગમે તેવી હશે પરંતુ તેઓ તેમના દીન અને ધર્મના પ્રચાર માટે ઘેર ઘેર ફરે છે અને દરવાજાઓ પર આવી આવીને લોકોને ઈસાઈ ધર્મ બાબતે સમજાવે છે અને કોઈ સવાલ થાય તો તેનો જવાબ આપવાની કોશિશ કરે છે. એક વખતે એક ઈસાઈ અમારા દારૂલ ઉલમ બરકાતિયા (પ્રેસ્ટન, યુ.કે.)ના દરવાજા પર આવ્યો અને બાળકોથી ઈન્જીલ બાબતે ચર્ચા કરવા લાગ્યો અને કહયું, મુસલમાનોએ અમારી કિતાબ

પર ઈમાન લાવવું જોઈએ. તમારા કુર્આનમાં અમારી કિતાબ પર ઈમાન લાવવા વિષે કહેવામાં આવ્યું છે. બાળકોએ જવાબ આપ્યો, તમારી કિતાબમાં ફેરફાર થઈ ગયો છે. અમે અસલ કિતાબ પર ઈમાન લાવીએ છીએ ફેરફાર થયેલી વાતો પર નહીં. તેણે કહયું, ઈન્જીલ ખુદાની કિતાબ છે તેમાં ફેરફાર કેવી રીતે થઈ શકે છે ? શું તમે તમારા કુર્આનમાં ફેરફાર કબૂલ કરો છો ? જ્યારે કુર્આનમાં ફેરફાર નથી તો પછી ઈન્જીલ પણ ખુદાની કિતાબ છે તેમાં ફેરફાર કેવી રીતે ? બાળકોએ જવાબ આપતાં કહયું : કુર્આનનો ભરોસો માત્ર લખાણ પર નથી, બલ્કે તેને મોઢે પણ કરવામાં આવે છે. અમે પ્રેસ્ટનમાંથી ૫૦ હાફિઝો કુર્આનના લાવી બતાવીએ. તમે આખા યુ.કે. માંથી માત્ર ઈન્જીલનો એક હાફિઝ લઈ આવો ! બિચારો લાજવાબ થઈ ગયો અને તેનું મોઢું શરમથી લટકી ગયું. ઈસાઈઓ કુર્આન વિરૂધ્ધમાં ઈન્જીલને સત્ય કિતાબ સાબિત કરવા માટે ઘણી જ કોશિશ કરે છે અને તેમની આવકનો અધિક ખર્ચ આ કામ માટે થઈ રહયો છે પણ જ્યાં મોઢે ખુદાની કિતાબ યાદ કરવાની વાત આવે છે ત્યાં એમની પાસે કોઈ જવાબ રહેતો નથી.

## ★ સઘળી કિતાબો એક પલ્લામાં અને કુર્આન એક પલ્લામાં ★

અલ્લાહ ત્આલાએ પોતાના ફઝલો કરમ અને અપાર કૃપાથી લોકોને સત્ય માર્ગ બતાવવા માટે નબીઓ અને રસલો પર કિતાબો નાઝિલ ફર્માવી પરંતુ તે સઘળી કિતાબો તે જમાનાની જરૂરત પ્રમાણે હતી. જેમ કે નાના બાળકને ભાષા શિખવાડવા માટે નાની નાની સહેલી અને સરળ બુકો હોય છે. પરંતુ જેમ જેમ તે પુખ્તવયનો થતો જાય છે કિતાબો બદલાતી જાય છે અને તેના લેવલ પ્રમાણે તેમાં નોલેજ અપાતું હોય છે. તો આ જ દાખલા પ્રમાણે માણસને ધીમે ધીમે પ્રગતિ અને ઉન્નતિના પંથે લઈ જવાનો હતો તો તેની સલાહિયત અને લાયકાત પ્રમાણે અલ્લાહની તાલીમ કિતાબો મારફત આવતી રહી અને તે જેમ જેમ આગળ વધતો ગયો અને લાયકાતમાં વધારો





થતો ગયો તો નવી નવી કિતાબો ઉતરતી રહી અને તેની લાયકાત પ્રમાણે તાલીમ અપાતી રહી. ત્યાં સુધી કે માણસને પૂરતી લાયકાત આવી ગઈ તો તેના માટે પૂરતી લાયકાતની કિતાબ અંતિમ નબી સરવરે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم પર નાઝિલ કરવામાં આવી જે પૂરતી લાયકાતવાળાઓ માટે પૂરતી તાલીમાતનો અપાર સંગ્રહ છે. એટલે જ કહી શકાય છે કે અલ્લાહ ત્આલાની નાઝિલ કરેલી સઘળી કિતાબો એક પલ્લામાં અને કુર્આન શરીફ એક પલ્લામાં તો પણ ફઝીલતના દરેક પંથે કુર્આન જ ઉત્તમ રહેશે.

## ★ કુર્આનની સંભાળ ખુદાના કરમ પર શા માટે ? ★

ઉપરોકત ઉલ્લેખથી એ વાત પણ સ્પષ્ટ થઈ જ ગઈ કે કુર્આનની હિફાઝત અલ્લાહ ત્આલાએ પોતાના કરમ પર કેમ લીધી અને આગલી કિતાબોની સંભાળની વ્યવસ્થા ખુદા તરફથી કેમ ન કરવામાં આવી. એટલે જ કે લાયકાત પ્રમાણે નાઝિલ કરવામાં આવી હતી તો જેમ જેમ લાયકાતમાં વધારો થતો જાય તેમ હુકમો પણ બદલી જ નાખવાના હતા. જો આગલી કિતાબોમાં એક શબ્દનો ફેરફાર ન થતો તો પણ બીજી કિતાબોથી તેના અહેકામોનો હુકમ ઉઠી જ જવાનો હતો. પરંતુ અમુક લોકોએ ખુદાથી બેખૌફ થઈને વખત પહેલાં તેને બદલી ગુનાહોનું વજન પોતાના સિરે લીધું. કુર્આન શરીફની વાત જ અલગ છે. તેને તો અલ્લાહ ત્આલાએ પૂરતી લાયકાત માટે ઉતારેલું છે અને અંતિમ નબી પર અંતિમ કલામ છે. તેના હુકમોમાં કોઈ ફેરફાર થવાનો જ નથી અને કિયામત સુધી આ જ શરીઅત રહેવાની છે તો અલ્લાહ તઆલાએ કુર્આનની હિફાઝત પોતાના કરમ પર લીધી અને તેણે હિફાઝતનું કામ તેના પ્યારા બંદાઓ મારફત લીધું કે તેઓના સીનાઓ ખુદાના કલામના હિફઝ માટે ખોલી દેવામાં આવ્યા કે લખાણવાળા કુર્આનમાં તો શબ્દોનો ફેરફાર દુશ્મનો તરફથી શકય છે પરંતુ તમારા સીનામાં જે છાપેલું

છે તેને કોણ બદલી શકવાનું છે. જો કુર્આન બદલાતુ અને તેમાં ફેરફાર થઈ જતો તો કિયામત સુધી આવનાર ઈન્સાનો માટે ઈમાનનો ખતરો ઉભો થઈ જતો. કોઈ નબી આવવાનો નથી, જે વહી દ્વારા ફેરફારનો પતો બતાવી શકે, જેથી અલ્લાહ ત્આલાએ પોતાના કરમ પર સંભાળનું કામ લઈ લીધું.

## ★ કુર્આનની અમને ચિંતા નથી ★

અમને અમારા દીન બાબતે અનેક વાતોની ચિંતા છે, પરંતુ કુર્આનની હિફાઝત બાબતે અમને કોઈ જ ચિંતા નથી. અમને એ ફિકર જ નથી કે કુર્આન બદલી દેવામાં આવશે. કારણ કે હિફાઝતની જવાબદારી પોતાની અપાર કૃપાથી ખુદાએ પોતે જ કબૂલ ફર્માવી છે. પછી અમને કુર્આન બાબતે ચિંતા શું ? અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

لَا يَأْتِيهِ الْبَاطِلُ مِنْ بَيْنِ يَدَيْهِ وَلَا مِنْ خَلْفِهِ

બાતિલ તેની પાસે નથી આવી શકતું, ન તેની સામુંથી અને ન તેની પાછળથી.

એટલે કે કુર્આનની હિફાઝત ખુદાના કરમ પર છે અને તે આલિમુલ ગયબે વશ્શહાદહ છે. તેને કોણ છેતરી શકે અને કોણ છે જે તેનાથી બચી પોતાનો મકસદ પૂરો કરી શકે છે. જાણમાં નહીં તો અજાણમાં કામ થઈ ગયું હોય, ઈમાનવાળાએ નહીં તો કોઈ દુશ્મને કર્યું હોય પણ જ્યારે ખુદાની જ હિફાઝતમાં છે પછી ચિંતા કેવી ? ન જાહેરમાં કોઈ મિલાવટ થઈ શકશે અને ન કોઈ ગુપ્તમાં પોતાનો દાવ રમી શકશે.

## ★ શું ખુદાના કલામમાં ફેરફાર શકય છે ? ★

અહલે કિતાબ ઈસાઈઓ અને યહૂદીઓ તરફથી કયારેક એ સવાલ પણ કરવામાં આવે છે કે હે મુસલમાનો ! તમને એટલું તો





જરૂર કબૂલ છે કે દુનિયામાં અલ્લાહ તરફથી તૌરેત અને ઈન્જીલ ઉતારવામાં આવી છે અને તૌરેત તથા ઈન્જીલ ખુદાની કિતાબ છે. જો તમે આનો પણ અસ્વીકાર કરો તો મુસલમાન રહી શકતા નથી. કારણ કે તમારો જ કાયદો છે, કુર્આનના એક શબ્દનો ઈન્કાર પણ કુફ્ર છે. હવે જ્યારે તમને એટલું તો કબૂલ જ છે કે તૌરેત અને ઈન્જીલ અલ્લાહ ત્આલાએ નાઝિલ કરેલી છે તો તે અસલ તૌરેત અને અસલ ઈન્જીલ ખુદાનું કલામ છે. શું ખુદાના કલામ અને ખુદાના કલામમાં કોઈ ફરક હોય છે ? તો તમે કહેશો જરૂર ફરક હોય છે. કયાં ખુદા અને કયાં બંદો ! પછી જો બંદાઓ તરફથી કોઈ વાત મિલાવવામાં આવે તો કેમ ખબર ન પડે ? તો પછી તમે જ્યારે કહો છો કે તૌરેત અને ઈન્જીલમાં ફેરફાર થયો છે અને ખુદાના કલામમાં બંદાઓના કલામને મિલાવામાં આવ્યું છે તો તમે ખુદાના કલામમાં અને બંદાના કલામમાં ફરક કરીને અસલ ભાગ અમને બતાવો ?

## ★ ખુદાના કલામમાં ફેરફાર શકય છે ! ★

પ્રથમ તો અમે એ જ નથી માનતા કે ખુદાના કલામમાં બંદાઓ તરફથી ફેરફાર નથી થઈ શકતો. થઈ શકે છે અને જરૂર થઈ શકે છે. આ માત્ર નબી અને રસૂલ નથી કરી શકતા, કારણ કે તેઓ માસૂમ હોય છે અને અલ્લાહ ત્આલાએ તેઓને ગુનાહથી પાક રાખેલા છે. તે સિવાય બંદાથી ફેરફાર થઈ શકે છે. અને એટલે જ તમારી પાસેથી તૌરેત અને ઈન્જીલમાં ફેરફાર થયો છે. બલ્કે તમે તો એટલો ફેરફાર કર્યો કે અસલ કિતાબો નાબૂદ થઈ ગઈ અને તમારા પાદરીઓનું લખાણ રહી ગયું.

## ★ ત્યારે તો કુર્આનમાં પણ ફેરફાર થયો જ હશે ? ★

શત્રુઓ તરફથી ફરી ફરીને એક સવાલ આવે છે કે અમારી

કિતાબોમાં ખુદાનું કલામ હોવા છતાં ફેરફાર થઈ શકે છે તો પછી કુર્આનમાં પણ ફેરફાર થઈ શકે છે ! અને અમે તો કહીશું ફેરફાર થયો જ છે. હે મુસલમાનો ! તમે તો અમારી કિતાબોમાં શંકા કરીને કુર્આનને પણ શંકાના સ્થાને જ બેસાડયું છે !

## ★ અમારો જવાબ ★

એ તો અમને કબૂલ જ છે કે ખુદાના કલામમાં ફેરફાર થઈ શકે છે અને એટલે જ તમારી કિતાબોમાં ફેરફાર થયો છે. અને અમારા કુર્આનમાં પણ ફેરફાર શકય હતો, જો ખુદાત્આલાએ હિફાઝતની જવાબદારી ન લીધી હોતે. અને કુર્આનમાં ફેરફાર ન થવાની એક દલીલ એ પણ છે કે કુર્આન શરીફને એવી અરબીમાં ઉતારવામાં આવેલું છે કે તેના જેવું સંપૂર્ણ કલામ કોઈનાથી બની શકતું નથી. અને એટલે જ કુર્આન શરીફમાં જગા જગાએ ચેલેંજ કરવામાં આવ્યું છે કે કુર્આનના ખુદાના કલામ હોવામાં કોઈ શંકા હોય તો તેના જેવી એક સૂરત બનાવી લાવો. અને આ ચેલેંજ કિયામત સુધી છે. ૧૪૦૦ વર્ષ થયાં પણ આજ સુધી કોઈ મોટામાં મોટો શાયર અને અરબીદાં પણ ચેલેંજનો જવાબ ન આપી શકયો અને જ્યારે તે જમાનાના શાયરો જેમની પાસે ઉત્તમ ફસાહત હતી જવાબ ન આપી શકયા અને એકલા નહીં ભેગા મળીને પણ ન આપી શકયા તો આજના શાયરો અને અદીબો જેઓ એક બીજાની નકલોથી કામ ચલાવતા હોય છે તેઓ શી રીતે જવાબ આપી શકે છે ? અને ત્રીજી દલીલ એ કે અમુક શબ્દોનો ફેરફાર શકય હતો, પણ કયારે ? જ્યારે કુર્આનનો ભરોસો માત્ર લખાણ પર રહેતો. જ્યારે કે એવું નથી. કુર્આનના અસંખ્ય હાફિઝો દરેક જમાનામાં રહ્યા છે એટલે એ પણ શકય ન રહ્યું. એટલે હે ઈસાઈઓ અને યહૂદીઓ ! તમારો સવાલ કુર્આન બાબતે તદ્દન પાયા વિનાનો છે.

## ★ ઉમ્મતે મુહમ્મદીને હિફ્ઝની નેઅમત સંભાળ માટે ★

આગલા નબીઓને અલ્લાહની કિતાબના હિફઝની





નેઅમત આપવામાં આવતી હતી, પબ્લિકને આ નેઅમત ન મળતી હતી. પરંતુ સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم અંતિમ નબી છે અને આપ પછી કોઈ નબી આવવાનો નથી, તો અલ્લાહ ત્આલા તરફથી આ નેઅમત જે માત્ર નબીને આપવામાં આવતી હતી તે ઉમ્મતે મોહંમદીને આપવામાં આવી અને તેના માટે આપણી ઉપર કુર્આન હિફઝ કરવું સરળ બની ગયું. અને હાફિઝ હોવાનો જવાબ એટલો યોગ્ય જવાબ છે કે દરેક ઈસાઈ અને યહૂદી ગમે તેટલી ચર્ચા કરે તેઓને ચૂપ કરવા હોય તો માત્ર એટલું જ કહી આપવું કે કુર્આનમાં ફેરફાર શકય નથી, કારણ કે તમારી કિતાબો માફક તેનો ભરોસો માત્ર લખાણ પર નથી, લખાણની સાથે હિફ્ઝ પર પણ છે.

## ★ ઈસાઈઓનો દાવ નિષ્ફળ ગયો ★

જ્યારે ઈન્ડિયામાં અંગ્રેજોની હુકૂમત હતી ત્યારે તેમણે વિચાર કર્યો કે ગરીબ મુસલમાનો પાસેથી વધારે કિંમત આપી જુના કુર્આનોની ખરીદી કરવામાં આવે અને પછી થોડો ફેરફાર કરીને નવા કુર્આનો ફેલાવી દેવામાં આવે, જેનાથી મુસલમાનોમાં મોટો વિવાદ ઉભો થઈ જશે અને તેમનામાં ફિર્કાઓ પડી જશે. અને તેમણે તેની ઉપર અમલ પણ કર્યો અને અસંખ્ય કુર્આનો તેમણે ખરીદી પણ કરી લીધાં. આ કામમાં જે અંગ્રેજ આગળ વધીને કામ કરી રહ્યો હતો તેની નિકટમાં રહેતા એક મુસલમાને તેને સવાલ કર્યો, મને સમજમાં નથી આવતું કે તમે કિતાબોની જગાએ મુસલમાનો પાસેથી કુર્આનો કેમ ખરીદી કરો છો ? તેણે ભૂલથી પોતાનું રહસ્ય બતાવી દીધું કે આ કુર્આનો અમે નાબૂદ કરી દઈશું અને બીજા કુર્આનોને ખ્યાતી આપીશું ! મુસલમાને કહયું તમે અંગ્રેજ આટલા હોશિયાર અને ચાલાક છો, પછી આવી મૂર્ખાઈનું કામ શા માટે કરી રહયા છો ? તમે ફેરફાર કરીને નવા કુર્આનને ખ્યાતી આપશો પરંતુ જેમણે કુર્આન હિફ્ઝ કરેલું છે એક વખત પઢીને જ બધાંને કહી આપશે કે અંગ્રેજોએ ચાલબાજી કરી છે ! તો તે દિવસથી કુર્આનની ખરીદી રોકાઈ જશે.

અંગ્રેજોની અક્કલમાં વાત આવી તો તે દિવસથી કુર્આનની ખરીદી રોકાઈ ગઈ. સાબિત થયું કુર્આનનું હિફ્ઝ અલ્લાહની એવી નેઅમત છે જેનો જવાબ નથી.

## ★ ઉલ્માએ કિરામની એક તહકીક ★

કુર્આન શરીફનું હિફ્ઝ કરવું જ્યારે આટલી અમૂલ્ય દોલત છે, જેના થકી અલ્લાહ ત્આલાએ પોતાની કિતાબની હિફાઝત ફર્માવી અને રક્ષણ કર્યું અને કિયામત સુધી કરતો રહેશે. અને તમે જાણ્યું તેમ કે આગલી કિતાબોના હાફિઝ માત્ર તે કોમના નબી હોતા પરંતુ ઉમ્મતે મુહમ્મદની એ ફઝીલત કે જે હિફ્ઝ કરવા ઈચ્છે થોડી મહેનતમાં હાફિઝ બની જાય.

હાફિઝ અરબી શબ્દ છે. એનો માયનો હિફાઝત કરનાર અને રક્ષણ કરનાર થાય છે. હાફિઝ કુર્આન શરીફનું હિફ્ઝ કરી તેનું રક્ષણ કરી રહ્યો છે કે હવે પછી કોઈ એક ઝેર અથવા ઝબર બદલી કુર્આનમાં ફરક લાવવા માંગે તો તે હાફિઝ તેને પારખી ભૂલ સુધારી કુર્આનના શબ્દોને તેની અસલ સ્થિતિ પર લઈ આવશે અને ભૂલ બાકી રહેશે નહીં. એટલે હાફિઝમાં બે માયના છે. કુર્આન મોંઢે યાદ કરી લેનાર અને કુર્આનનું રક્ષણ કરનાર, અને બંને માયના તેની ઉપર સાચા ઠરે છે.

જ્યારે કુર્આનના હિફ્ઝથી કુર્આન શરીફનું રક્ષણ થાય છે તો ઉલ્માએ કિરામ તરફથી એ ફત્વો સાદિર કરવામાં આવ્યો કે કુર્આનના હાફિઝ બનવું **ફર્ઝે કિફાયા** છે. વસ્તીમાંથી કોઈ એકે આ કામ કરવું જરૂરી છે. નહીં તો આખી વસ્તી ગુનેહગાર ઠરશે અને તેમણે ખુદાની બારગાહમાં જવાબ આપવો પડશે. જો વસ્તીમાંથી કોઈ એક મુસલમાન આ જવાબદારી પૂરી કરશે તો વસ્તીના સઘળા માણસો ખુદાની બારગાહમાં સવાલથી મુકત છે.

ઉલ્માએ કિરામ તરફથી આ ફત્વો એટલા માટે જ સાદિર કરવામાં આવ્યો છે કે વસ્તીમાં એક મુસલમાન પણ હાફિઝ હશે તો





કુર્આનમાં કોઈ પ્રકારની તબ્દીલ અને ફેરફાર થઈ શકશે નહીં. કારણ કે આખી દુનિયા અને સમગ્ર જગતમાં કુર્આનમાં તો ફેરફાર શકય નથી પરંતુ એટલું થઈ શકે છે કે એક નાનકડા ગામમાં જુના કુર્આનો લઈ નવા કુર્આન આપવામાં આવે તો લોકો પોતાની તબીયતના આધારે આમ કરી શકે છે કે ચાલો જુના પરત કરી નવા મળે તો આમ કરવું જ જોઈએ. અને કોઈ શત્રુ પોતાનો ઉલ્લુ સીધો કરવા માંગે તો એક વસ્તીમાં ટેંપરરી આમ કરી શકે છે અને થોડા દિવસ માટે ખોટી તિલાવત થઈ શકે છે પરંતુ દરેક વસ્તીમાં વધારે નહીં તો એક હાફિઝ હોય તો થોડા દિવસ માટે પણ દુશ્મનનો ઉલ્લુ સીધો થઈ શકતો નથી. એટલે વસ્તીમાં કુર્આનનું હિફ્ઝ ફર્ઝે કિફાયા કરવામાં આવ્યું.

## ★ હાફિઝોની કદર કરો ★

તમે એટલું તો જાણી લીધું કે આગલા નબીઓ પર જે કિતાબો નાઝિલ કરવામાં આવી હતી તેના હાફિઝ માત્ર નબીઓ હતા. એટલે તેઓ જ્યાં સુધી આ જગતમાં રહ્યા ખુદાની કિતાબની હિફાઝત અને રક્ષણ તેમણે કર્યું, પરંતુ તેમના પર્દો ફર્માવી ગયા બાદ કોઈ હાફિઝ ન રહેતું તો દીનના શત્રુઓ ખુદાની કિતાબમાં પોતાની વાસના પ્રમાણે ફેરફાર કરી લોકોને તેમની મનેચ્છા પર લઈ આવતા. પરંતુ અલ્લાહ ત્આલાએ અંતિમ નબી પર નાઝિલ ફર્માવેલી અંતિમ કિતાબની હિફાઝત અને રક્ષણની જવાબદારી પોતાની કૃપાથી લીધી તો તેણે પોતાની પાક કિતાબ માટે મુસલમાનોના સીનાઓ ખોલી નાખ્યાં અને હિફ્ઝ તેમના માટે સરળ કરી આપ્યું. તો ઉમ્મતે મુહમ્મદીમાં જેઓ હાફિઝ છે તેમને અલ્લાહ તરફથી રક્ષણ કરવાવાળી જમાઅતમાં શામિલ કરી લેવામાં આવ્યા છે. એટલે કુર્આનના હાફિઝોની કદર અને ઈજ્જત કરવી જોઈએ અને લોકોએ તેમના દુન્યવી રક્ષણમાં લાગી જવું જોઈએ. તેમની મદદ કરવી જોઈએ, તેમની જરૂરતો પૂરી કરવી જોઈએ. કારણ કે નબીઓને

આપવામાં આવતું ઈનામ હાફિઝોને આપવામાં આવ્યું.

## ★ શું આપણે હાફિઝો અને મોલ્વીઓને ઈજ્જત આપી છે ? ★

મને એટલું યાદ છે કે ઉત્તર પ્રદેશમાં હાફિઝો અને મોલ્વીઓની સંખ્યા ઈન્ડિયાના દરેક રાજયથી અધિક છે અને ત્યાં દીની ઈદારાઓ જે પ્રમાણે ચાલે છે તેવાં કોઈ રાજયમાં ચાલતા નથી. તો આલિમોની બેઈજ્જતી અને હાફિઝોની બેકદ્રી ત્યાં હોવી જોઈએ. પરંતુ ત્યાં આલિમો અને હાફિઝોની સારી એવી કદર કરવામાં આવે છે. ઉત્તર પ્રદેશમાં અમુક નાનકડા ગામડાઓમાં પણ દારૂલ ઉલૂમ ચાલતાં હોય છે અને ત્યાંના લોકો માલ મિલ્કતથી ગરીબ છે પરંતુ દિલથી ધનવાન છે. દરેક ઘરેથી એક એક તાલિબ ઈલ્મને આલિમ બનતા સુધીની દાવત આપી દેવામાં આવે છે. વર્ષો વર્ષ સવાર સાંજ ઈજ્જતથી ભોજન જમાડે છે. કેટલાક તો એટલા સખી છે કે જો ઘર દૂર હોય અને તાલિબે ઈલ્મ આવવા ન ઈચ્છે તો પોતાના ખર્ચે સાયકલ લઈ આપે અને કહે સાયકલથી આવજો પણ આવજો જરૂર ! એટલે જ તેઓને દીની ઈલ્મ મળ્યું અને દીની સમજ એટલી હદે આપવામાં આવી કે સમગ્ર જગતનો ઉર્દૂ જાણતો તબકો તેઓના હાથમાં છે અને દીની જરૂરતમાં દરેકનો ચહેરો તેઓ તરફ છે. આ શું છે ?! ઈલ્મે દીનની ઈજ્જત કરવાનું ઈનામ.

## ★ ગુજરાતીઓમાં દીની ઈલ્મ કેમ નથી ? ★

ગુજરાતમાં પ્રથમથી જોર પીરોનું રહ્યું અને તેમણે પોતાની કામયાબી મુરીદોને જાહિલ રાખવામાં જ જાણી તો કોઈને દીનનું ઈલ્મ શિખવાનો શોખ ન આપ્યો. કારણ કે તેમને ખબર છે લોકોને દીનનું ઈલ્મ આવડી જશે તો તેઓ પ્રકાશમાં આવી જશે. અંધારામાં કોણ શું કરે છે દેખાતું નથી, પણ પ્રકાશમાં બાજીગરોનો ઉલ્લુ સીધો થઈ





શકતો નથી. તો તેમણે ગુજરાતીઓને અંધારામાં રાખ્યા. (ઈલ્લા માશા અલ્લાહ)

## ★ જાહિલ પીરની ઈજ્જત થશે પણ મહાન આલિમની નહીં ★

ગુજરાતીઓમાં પીર શરઈ પીરનું લકબ નથી બલ્કે પીરનો સંબંધ વંશથી છે, પીરનો બેટો પીર ! પછી ગમે તે હોય અને ગમે તેવો હોય અને આટલું આટલું સમજાવા પછી પણ આજે એ જ હાલ છે. જાહિલ પીર અને મહાન આલિમ એક સાથે મુસાફો કરવા ઉભા હોય તો ગુજરાતી જાહિલ પીરના હાથ ચૂમશે તથા હાથ માથે રાખશે અને મહાન આલિમે દીનની એટલી જ ઈજ્જત કે માત્ર તેનાથી હાથ મેળવી લેશે. આ મહાન આલિમનો હાલ છે ! હાફિઝ અને બાંગી જેમને ઈસ્લામના વર્તુળમાં ઘણી જ ઈજ્જત આપવામાં આવી છે અને આખિરતની ઘણી જ ખૂશખબર આપવામાં આવી છે તેમને તો ગુજરાતી લોકો સાવ તુચ્છ સમજે છે ! યુ.પી.માં તો આલિમ અને હાફિઝ સાથે પોતાની છોકરીઓની શાદીને ફખ્ર સમજે અને ગુજરાતીઓ તેમને ફકીર સમજીને આવેલા રિશ્તા અને સગાઈ પર નકારાત્મક જવાબ આપે. આલિમો અને હાફિઝોને ગરીબ લોકો પોતાની છોકરીઓ શાદી માટે આપતા હોય છે અને આ તોહફો અને ભેટ ગુજરાતીઓને પીરોએ આપેલી છે ! પીર લોકો આલિમો અને મોલ્વીઓની જેટલી નફરત કરતા હોય છે ભાગ્યે જ ઉમ્મતે મુહમ્મદીમાં કોઈ એટલી નફરત કરતો હશે. **પીરો ખોટુ કરતા હોય અને આલિમો મસ્અલાની વાત કરે તો પીર લોકો પોતાના મુરીદોને આમ કહી શરીઅતની વાત ભૂલાવશે કે, મુલ્લાઓની વાત છોડો ! તેઓનું કામ મસ્અલા બતાવવાનુ છે, તે સિવાય તેમને શું આવડે છે !** એટલે આજે પણ ગુજરાતીઓમાં એ જહાલત છે કે હજાર આલિમોની વાત નકારી શકાય છે પણ પીર ગમે તેટલો જાહિલ હોય અને ઈસ્લામ વિરૂધ્ધ બોલતો હોય પણ તેની

વાત પથ્થરની લીટી ! ખુદા સાચી સમજ અતા ફર્માવે.

## ★ પીરના ગુસ્સાનો (ક્રોધ) પાર ન રહ્યો ★

એક પીર સાહેબને ઘણી જ ખ્યાતિ પ્રાપ્ત હતી અને લોકો તેમને ખૂબ જ માનતા હતા. ગુજરાતીમાં કહેવત છે, ''આંધળામાં કાણો રાજા !'' જાહિલો તો એવું જ સમજે છે કે ધર્મમાં જે કંઈ છે તે પીર જ છે. મુદ્દાની વાત એ કે પીર સાહેબ નાની સરખી ફેશની દાઢી રાખતા હતા એટલે શરીઅતની પરિભાષામાં પાકા ફાસિક. આલિમોની જવાબદારી એટલી કે ખોટું થતું હોય તો કહી આપવું, માનવું ન માનવું લોકોનું કામ. એક મસ્જિદમાં આલિમ સાહેબે પીર સાહેબની રૂબરૂમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી પ્યારી સુન્નત અને ઈસ્લામના મરદો માટે વાજિબી હુકમ બતાવતાં કહ્યું, દાઢી રાખવી મરદો માટે વાજિબ છે, તેની શરઈ હદ એક મુટ્ઠી છે, તેનાથી નાની કરાવવી અથવા મુંડાવવી સખ્ત ગુનાહનું કામ છે. તેમનાથી મરદ ગમે તેવો બુઝુર્ગ હોય ફાસિક બની જાય છે એટલે મરદોએ આ વાત પર પૂરતું ધ્યાન આપવું જોઈએ અને કોમે મુસ્લિમના આગેવાનોએ તો આ સુન્નત પર જરૂરથી અમલ કરવો જોઈએ, કારણ કે તેમના કામો લોકો માટે દલીલ સમાન છે.

બયાન થઈ ગયું અને જુમ્આની નમાઝ પણ થઈ ગઈ. પબ્લિકમાંથી કોઈ કાંઈ જ ન બોલ્યું. જો પીર સાહેબ ભરી મહેફિલમાં બોલ્યા હોતે તો મોલ્વીની આવી બનતી. પણ પીર સાહેબ ચૂપ રહ્યા અને પોતાની દાવતમાં મોલ્વી સાહેબને કહ્યું : મુલ્લાજી ! તમારી જબાન લાંબી લાગે છે, અમારૂં ખાયને અમારી જ વિરૂધ્ધમાં જાવ છો ! મેં તમને જવા દીધા નહીં તો હમણાં જ નોકરી પરથી ફરતા કરી નાખતો ! આ છે પીરોની હાલત જેમને મોલ્વીઓથી નફરત છે અને તેમના મુરીદોને પણ જાહિલ રાખવાની જ વાત કરે છે. ઈલ્મની ઉત્તમતા તેમની સમક્ષ કયારે પણ રજૂ કરતા નથી. જેને લઈને ગુજરાતીઓમાં પીરોને ઈજ્જતની નજરે જોવામાં આવે છે અને





આલિમોને તુચ્છ સમજવામાં આવે છે.

## ★ હું હક્ક વાત કહીને જ રહીશ ! ★

ગુજરાતમાં ઈલ્મે દીનની કમી છે. હાફિઝો તો થોડા ઘણાં જોવા મળે છે પરંતુ આલિમોનું તો નામ નહીં. કયારેક કોઈ આલિમ બની જાય અને તે પણ જોઈએ તેવો નહીં અને તે બોલે પણ શું ? જગા જગાએ પીરોની જ વાહ વાહ ! કોઈને મરવું હોય તો તેમની વિરૂધ્ધ અવાજ બુલંદ કરે ! હું મારી જ વાત કરૂં તો ગુજરાતમાં તો હું દારૂલ ઉલૂમમાં પઢાવતો હતો એટલે પબ્લિક સાથે વધારે સંબંધ ન હતો અને મને પબ્લિકનો માહોલ ખબર પણ ન હતો. પણ જ્યારે યુ.કે. માં આવીને મેં ઈમામત સંભાળી તો કામ મારું કામ પબ્લિકમાં શરૂ થયું. મને પબ્લિકાના માહોલની પણ જાણ થઈ. મેં તો સત્ય બોલવાનો આરંભ કર્યો. આજે ગુજરાતીઓમાં અમુક લોકો હક્ક વાત કહેવાને કારણે ! મારાથી નફરત કરે છે તો ગુજરાતીઓના માહોલ પર લખવાની અને બોલાવાની મને રજા છે એમાં મને કોઈ રોકી શકતુ નથી.

ગુજરાતીઓમાં દીની ઈલ્મનું મહત્વ નથી અને એટલે જ આલિમો અને હાફિઝોની કદર કરવામાં નથી આવતી અને એટલે જ લોકો પોતાના બાળકોને દીની ઈલ્મ શિખવા માટે દારૂલ ઉલૂમમાં નથી બેસાડતા. દારૂલ ઉલૂમમાં માત્ર ગરીબોના બાળકો આવતાં હોય છે (ઈલ્લા માશા અલ્લાહ) અને તેઓ જ દીનની ખિદમત કરે છે અને લોકોનો વર્તાવ આજે પણ તેમની સાથે એવો જ છે કે તેઓ ગરીબ રહે. મસ્જિદો અને મદ્રસાઓમાં પઢાવતા મુદર્રિસોને પૂરતો પગાર આપવામાં આવતો નથી. જો સંસ્થાની આવક ઓછી હોય તો માની લઈએ ઓછી આવક હોવાને લઈને ઓછો પગાર આપવામાં આવે છે પરંતુ કેટલીક સંસ્થાઓ એવી છે જેમની આવક જરૂરતથી અધિક ઘણી વધારે છે કે તેને બેન્કમાં રાખવાથી ઈન્ટરેસ્ટ એટલુ મળે કે તેનાથી પગારો અને બધો જ ખર્ચો નીકળી જાય, તો પણ પરેશાન કરવામાં આવે છે તો માત્ર દીનની ખિદમત માટે પોતાને

વકફ કરનાર ને જ ! લોકો તો દીનની ખિદમત માટે પોતાની મહેનતની કમાણી આપે અને સંસ્થાના કર્મચારીઓ તેને બેન્કમાં રાખી યહૂદી અને ઈસાઈઓના વેપારો વિકસાવે ! ખિદમત માટે મળેલી રકમને ખિદમતમાં લગાડો ! ઈન્ટરેસ્ટ ખાઈને દીનનું ભલું કેવી રીતે થશે ?

## ★ દીનના ખિદમતગારો મજબૂર બનીને દુનિયામાં જોડાયા ★

ઈન્ડિયામાં અને યુ.કે.માં ઘણાં બધા એવા કિસ્સા છે કે આલિમો અને હાફિઝો જેઓ દીનની ખિદમત કરતા હતા અને જે કંઈ મળે તેની ઉપર પોતાનું ગુજરાત ચલાવતા હતા. પરંતુ જ્યારે તેમના બાળકો મોટા થયા અને ઘરવાળાઓ તરફથી આર્થિક માંગો થવા લાગી તો તેઓ મજબૂર બનીને દુનિયાનાં કામમાં જોડાઈ ગયા. આજે દીનના ખિદમતગારોની કમી છે. લોકો દીનની તાલીમ શિખવા માટે તૈયાર થતા નથી. એક ગામમાં માત્ર એક બે પઢતા હોય તો પઢતા હોય ! તેવા ગંભીર વાતાવરણમાં દીનના ખિદમતગારો સાથેનો ત્રાસ મુસલમાન કોમને કયાં લઈ જશે તે ગંભીર પરિણામને શબ્દોમાં વર્ણન નથી કરી શકાતું. એ તો આવતા દિવસો પોતે જ બતાવશે કે એ શી ગત બની !

## ★ દીનની રકમ દીનના ખિદમતગારોથી કેમ રોકવામાં આવે છે ? ★

તમને એ તો સારી રીતે ખબર છે કે લોકો પોતાની રકમ ખિદમતે દીન માટે જ આપતા હોય છે. બિલ્ડીંગોની ખુબસૂરતીથી દીનને શું ફાયદો ? પણ ધ્યાન કરવામાં આવે તો જાણવા મળશે દીનને વિકસાવવા માટે આપવામાં આવતી રકમ ખૂબસૂરત મકાનોમાં લાગી રહી છે અને દીનના માર્ગમાં તે રકમો લાગતી નથી. દીની સંસ્થાઓના કર્મચારીઓને કહેવામાં આવે છે કે તમે દીનના ખિદમતગારોને વધારે પગારો આપો તાકે તેઓ દુનિયા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત ન કરે. ત્યારે તેઓ જવાબ આપે છે, અમે બખીલી અને કંજૂસાઈ અમારા





માટે નથી કરતા, સંસ્થા માટે જ કરીએ છીએ. પરંતુ આ જ કર્મચારીઓ બિલ્ડિંગ બનાવવામાં લાગે છે તો દુનિયાના હિસાબે ધૂમ ખર્ચો કરે છે. ત્યાં નહીં વિચારે કે દીનની રકમ ઈંટ અને પથ્થરમાં કેમ લાગી રહે છે ? પૂછવામાં આવે તો જવાબ આવશે, દીનમાં બખીલી અને કંજૂસાઈ નહીં કરવાની ! લોકોનાં ઘરો ખૂબસૂરત બની રહ્યાં છે અને ધાર્મિક સંસ્થાઓ પણ ખૂબસૂરત બનાવામાં આવે. કેટલા ન્યાયની વાત છે. પગારની વાત હોય તો બખીલી કરો ! અને ઈંટ–પથ્થરમાં દીનની રકમો બરબાદ કરો ! દીનની ખૂબસૂરતી ઈમારતોથી નથી, દીની ખિદમતગારોથી છે. ઈમારતો આલીશાન હોય અને ખિદમતગારો તકલીફમાં હોય તેનાથી કંઈ ફાયદો નથી. દીનની બરબાદી છે, સુન્નીઓમાં જે નુકશાન થયું તે તમારી સમક્ષ છે.

## ★ હાફિઝોની ફઝીલત હદીષના પ્રકાશમાં ★

કુર્આન શરીફ પઢવા પઢાવવાની અને તેની આયતો યાદ કરવાની હદીષ શરીફમાં ઘણી ફઝીલત આવી છે.

(૧) તિર્મિઝી શરીફમાં છે, સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : કુર્આન શરીફવાળો કિયામતના દિવસે આવશે તો કુર્આન (ખુદાની બારગાહમાં) વિનંતી કરશે, અય મારા રબ ! તેને વસ્ત્ર અતા ફરમાવ, તો એ માણસને કરામતનો તાજ અતા ફર્માવશે. ફરી વિનંતી કરશે, અય મારા રબ ! એથી અધિક અતા ફર્માવ ! તો એને બુઝુર્ગીનો વસ્ત્ર પહેરાવશે. ફરી વિનંતી કરશે, અય મારા રબ ! એનાથી ખૂશ થઈ જા ! તો અલ્લાહ ત્આલા તેનાથી ખૂશ થઈ જશે. પછી તેને કહેવામાં આવશે કે પઢ અને ચઢ ! અને દરેક આયત પર એક નેકીનો વધારો કરવામાં આવશે. અને ફર્માવે છે, (કુર્આનવાળાને) કહેવામાં આવશે, પઢ અને ધીમે ધીમે પઢ, જેમ કે તુ દુનિયામાં ધીમે ધીમે પઢતો હતો. તારૂં મુકામ તે અંતિમ આયત પાસે છે જેને તુ પઢશે.

સારાંશ એ કે કુર્આન શરીફની જેટલી આયતો એને યાદ

હશે અને એ પઢતો જશે એટલા દરજા બુલંદ કરવામાં આવશે. દરેક આયત એક દરજા બરાબર છે. આ હદીષ અનુસાર જેને જેટલા દરજા બુલંદી પ્રાપ્ત કરવી હોય તેટલી આયતો યાદ કરવી જોઈએ અને યાદ રાખવાની કોશિશ પણ કરવી જોઈએ. યાદ કરીને ભૂલી જવું મહાન ગુનાહનું કામ છે અને આ હદીષથી એ પણ જાણવા મળ્યું કે હાફિઝને આખુ કુર્આન યાદ હોય છે એટલે એને વધારે દરજા બુલંદી પ્રાપ્ત થશે.

**(૨)** બુખારી શરીફમાં છે હુઝૂર પૂરનૂર આકાએ યૌમુન્નોશૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારામાં ઉત્તમ એ છે જે કુર્આન શીખે અને તેને શીખવાડે. (જેને ઉત્તમ બનવું હોય તેણે બેમાંથી એક કામ જરૂરથી કરવું જોઈએ).

**(૩)** દારેમીની હદીષ છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે ફરિશ્તાઓએ કુર્આન સાંભળ્યું તો બોલ્યા, ખુશી તે ઉમ્મત માટે જેની ઉપર આ ઉતર્યું અને ખુશી એ સીનાઓ માટે જે એને ઉઠાવશે (યાદ કરશે) અને ખુશી તે જીભો માટે જે એને પઢશે. (એટલે કે યાદ કરવું અને પઢવું બંને કામો ઉત્તમ છે.)

**(૪)** તિર્મિઝી શરીફમાં છે : રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેનામાં કુર્આનમાંથી કંઈ નથી વેરાન ઘર જેવું છે. (એટલે કે જેમ ઘરોનો શણગાર સામાન અને રહેવાવાળાઓથી છે તેમ દિલોના ઘરોનો શણગાર કુર્આનથી છે. જેણે પોતાના દિલને ઝગમગ ઝગમગ કરવું હોય તેણે કુર્આન યાદ કરવું જોઈએ.)

**(૫)** અબૂ દાવૂદમાં છે : બસીરો નઝીર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે કોઈ કુર્આન પઢીને ભૂલી જશે કિયામતના દિવસે ખુદા ત્આલા પાસે કોઢી થઈને આવશે. (એટલે કે કુર્આન યાદ કરી ભૂલી જવું ગુનાહનું કામ છે, જેમને યાદ હશે તેમને તો દરજાતની બુલંદી મળશે અને ભૂલી જનાર લેપ્રેસીમાં સપડાએલો હશે.)

**(૬)** તિર્મિઝીમાં છે રઊફો રહીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મારી ઉમ્મતના ગુનાહ મારી સમક્ષ રજુ કરવામાં આવ્યા તો મેં એનાથી





મોટો ગુનો ન જોયો કે કોઈને કુર્આનની એક સૂરત અથવા આયત યાદ હોય પછી તે ભૂલાવી દે. (એટલે કે કુર્આન શરીફ યાદ કરીને તેની તિલાવત કરતાં રહેવું જોઈએ, તા કે દિમાગમાંથી નીકળી ન જાય)

**(૭)** કુર્આન શરીફમાં છે :

وَمَنْ اَعْرَضَ عَنْ ذِكْرِيْ فَاِنَّ لَهٗ مَعِيْشَةً ضَنْكًا وَّنَحْشُرُهٗ يَوْمَ الْقِيٰمَةِ اَعْمٰى ○ قَالَ رَبِّ لِمَ حَشَرْتَنِيْٓ اَعْمٰى وَقَدْ كُنْتُ بَصِيْرًا ○ قَالَ كَذٰلِكَ اَتَتْكَ اٰيٰتُنَا فَنَسِيْتَهَا وَكَذٰلِكَ الْيَوْمَ تُنْسٰى ○

અને જેણે મારી યાદથી મોઢું ફેરવ્યું તો બેશક ! તેના માટે જીવન તંગ છે અને અમે તેને કિયામતના દિવસે અંધ ઉઠાડીશું. કહેશે, અય મારા રબ ! મને તેં કેમ આંધળો ઉઠાડયો હું તો દેખતો હતો ! કહેશે, આમ જ તારી પાસે અમારી આયતો આવતી હતી, તેં તેમને ભૂલાવી દીધી અને એવી જ રીતે આજે કોઈ તારી ખબર લેશે નહીં.

**(૮)** મુસ્લિમમાં છે, હબીબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કુર્આનને પકડી રાખો (યાદ કરતા રહો) તેની કસમ જેના કબ્જામાં મારી જાન છે ! કુર્આન છૂટી જવા વધારે તત્પર છે, તે ઊંટોથી જેઓ પોતાની દોરડીઓમાં બાંધેલા છે. (એટલે કે ઊંટ બાંધેલું હોય તો પણ તોડીને નાસી જવા માંગે એ હાલ કુર્આનનો છે, તો યાદ કરતા રહેવું જોઈએ.)

## ★ કુર્આન શરીફ નબીએ પાક લખાવતા હતા ★

કુર્આન શરીફની તિલાવતનો સહાબાએ કિરામને ઘણો જ ઉમંગ અને શોખ હતો. જ્યારે કોઈ સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم પર કોઈ સૂરત અથવા આયત ઉતરતી અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તેની તિલાવત ફર્માવતા તો તેઓ તેને યાદ કરી લેતા હતા અને એ વાત પણ જગજાહેર છે કે કુર્આનની સઘળી સૂરતો અને આયતો એકઠી નાઝિલ કરવામાં આવી નથી, બલ્કે જરૂરત મુજબ થોડું થોડું કરીને આખુ કુર્આન ૨૩ વર્ષમાં નાઝિલ કરવામાં આવ્યું હતું. આજે જ્યારે નાના નાના બાળકો થોડી મહેનતમાં બે થી ત્રણ

વર્ષમાં કુર્આન શરીફ હિફ્ઝ કરી લે છે તો તે જમાનામાં જ્યારે અરબનાં દિમાગો ખૂબ ચાલતાં હતાં, એક વખત સાંભળીને લાંબા લાંબા કસીદાઓ યાદ કરી લેવા તેમના માટે સામાન્ય કામ હતું. ૨૩ વર્ષોના લાંબા ગાળામાં તેમના માટે કુર્આન શરીફ હિફ્ઝ કરી લેવું પણ સામાન્ય હતું. એટલે તારીખ અને ઈતિહાસના આધારે સેંકડોની સંખ્યામાં કુર્આનના હાફિઝો હતા, પણ જ્યારે હિફ્ઝનો આધાર લખાણ પર અને લખાણનો આધાર હિફ્ઝ પર છે જેને લઈને સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ હિફ્ઝ સાથે કુર્આન શરીફ લખવાનું પણ કામ કરાવ્યું હતું. જ્યારે અલ્લાહ ત્આલા તરફથી વહી નાઝિલ થતી તો આપને તો વિના મહેનતે ખુદાના ફઝલો કરમથી હમેશાં માટે યાદ થઈ જતી હતી. તો પણ આપ વહી લખનાર સહાબાને પોતાની રૂબરૂ બેસાડી શબ્દે શબ્દ લખાવી આપતા. એટલે જ કે કોઈને પોતાના હિફ્ઝમાં શંકા થાય તો લખાણથી શંકા દૂર કરે અને ખુદા ન ખ્વાશ્તા કોઈથી લખાણમાં ભૂલ થાય તો લખાણમાં શંકા થાય તો હિફ્ઝથી સુધારો કરે. જેને લઈને કુર્આન શરીફના લખાણમાં અને લોકોના હિફ્ઝમાં કોઈ પ્રકારનો ફેરફાર ન આવી શકે. સારાંશ એ કે બંને કામ એક સાથે થઈ રહયાં હતાં અને આજે પણ તે તરીકા પર અમલ થઈ રહ્યો છે અને કિયામત સુધી તે તરીકા પર અમલ થતો રહેશે અને કુર્આન બાબતે કોઈ પ્રકારની શંકા ઉપસ્થિત થઈ શકે નહીં.

## ★ નમાઝનો એક ફર્ઝ તિલાવતે કુર્આન ★

નમાઝ બાહ્ય કુર્આનની તિલાવતની શી ફઝીલત છે તેના વિષે અલગ બયાન આપવામાં આવશે, પરંતુ કુર્આન શરીફના રક્ષણના કારણો પૈકી એક એ પણ છે કે કુર્આન શરીફની તિલાવતને નમાઝનો એક ફર્ઝ બનાવવામાં આવ્યો અને દિવસ રાતના ચોવીસ કલાકમાં પાંચ વખતની નમાઝ ફર્ઝ છે તેની સાથે વાજિબ અને સુન્નત નમાઝો ગણત્રીમાં લાવતાં ૪૮ રકાતો થાય છે. પાંચ વખતનો નમાઝી મુસલમાન દિવસમાં ઓછામાં ઓછી ૪૮ વખત કુર્આન શરીફની





તિલાવત કરે છે અને તે પણ મોઢે. જે કિતાબની લગભગ દરેક મુસલમાન દિવસમાં ૪૮ વખત તિલાવત કરે છે તે કુર્આનમાં કોઈ પ્રકારનો ફેરફાર શી રીતે આવી શકે ?

## ★ નમાઝે તરાવીહમાં એક વખત પૂરા કુર્આનની તિલાવત ★

સહાબાએ કિરામ અને ઔલિયાએ ઈઝામમાંથી ઘણા બધા એવા પણ હતા જેઓ નફલ નમાઝોમાં પૂરા કુર્આન શરીફની તિલાવત કરતા હતા. માત્ર બે રકાતોમાં પણ તેઓ પૂરૂ કુર્આન પઢી જતા હતા. પરંતુ સઘળા મુસલમાનો વધુ નહીં તો વર્ષમાં એક વખત અને એક બે રકાતમાં નહીં તો સઘળા મહિનામાં લગભગ ૩૮૦ રકાતમાં એક વખત કુર્આનની તિલાવત કરે તો તેના માટે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપણને રમઝાન માસમાં તરાવીહની નમાઝનો અમૂલ્ય તોહફો આપ્યો. જેમાં ક્રમસર કુર્આન શરીફની તિલાવત કરવામાં આવે છે અને રમઝાનની સત્તાવીસમી તરાવીહમાં પુરૂં કુર્આન ખત્મ કરવામાં આવે છે.

## ★ હઝરતે ઉમર ફારૂકે આ'ઝમનું અહેસાન ★

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાએ કિરામને ત્રણ દિવસ જમાઅતથી તરાવીહ પઢાવી હતી, પરંતુ ત્યાર બાદ એટલા માટે તર્ક (છોડી) ફર્માવી હતી કે સહાબાનો શોખ જોઈને ફર્ઝ ન કરી દેવામાં આવે. સહાબાએ કિરામ માહે રમઝાનમાં તરાવીહની નમાઝ ત્યાર બાદ એકલા પઢતા હતા. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ દુનિયાથી તશરીફ લઈ ગયા બાદ હઝરત અબૂ બકર સિદીક رضی اللہ عنہ ની ખિલાફતના જમાનામાં પણ આ જ પ્રમાણે રિવાજ રહ્યો. જ્યારે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની ખિલાફતનો જમાનો આવ્યો અને આપે માહે રમઝાનમાં લોકોને એકલા તરાવીહ પઢતા જોયા તો આપને શોખ થયો કે બધાને

જમાઅતથી તરાવીહ પઢાવી જોઈએ અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ ત્રણ દિવસ જમાઅતથી પઢાવી હતી. એટલે જમાઅતથી પઢી શકવાનો સુબૂત પણ હતો. વહી દ્વારા ફર્ઝ થઈ જવાનો હુઝૂરના તશરીફ લઈ ગયા બાદ કોઈ સંભવ પણ ન હતો. એટલે આપે તરાવીહને જમાઅતથી પઢવાનો આદેશ આપ્યો અને જમાઅતથી તરાવીહ થવા લાગી. આપે જમાઅત જોઈને ફર્માવ્યું :– ذٰلِكَ الْكِتٰبُ لَا رَیْبَ فِیْهِ "આ કેટલી સારી બિદઅત છે !" અમીરૂલ મુઅમેનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ઉપરોકત ઈજતેહાદથી મુસલમાનોને એ ફાયદો થયો કે પહેલાં તો જે હાફિઝ હોય તે જ પૂરા કુર્આનની તિલાવત પોતાની નમાઝમાં કરી શકતો હતો પણ હવે જમાઅતથી પઢાવવામાં આવતી તરાવીહમાં લગભગ તમામ મુસલમાનોને નમાઝમાં પૂરૂં કુર્આન ખત્મ કરવાનો સવાબ મળી જાય છે અને ભૂલી જવાનો સંભવ રહેતો નથી. આ પણ રક્ષણના કારણો પૈકી છે.

## ★ દારૂલ ઉલૂમ અને કુર્આનનું રક્ષણ ★

દુનિયામાં દીની ઈદારાઓ જે બનાવવામાં આવે છે અને તેમાં કુર્આન શરીફનું હિફ્ઝ કરાવવામાં આવે છે અને એક નિસાબથી હિફ્ઝ પઢાવવામાં આવે છે એ પણ ખુદાનો ફઝલ અને તેની કૃપા છે. રક્ષણના કારણો પૈકી એક કારણ છે, જો મદ્રસાઓમાં અને દારૂલ ઉલૂમમાં એક નિસાબથી હિફ્ઝ કરાવવામાં ન આવે તો બાળકો માટે હિફ્ઝ કરવું મુશ્કેલ થઈ પડે અને જેટલા અધિક પ્રમાણમાં હાફિઝો ફારિગ થઈ રહ્યા છે ફારિગ ન થઈ શકે. પરંતુ હાફિઝોની મોટી એવી ટીમ દારૂલ ઉલૂમ અને દીની ઈદારાઓની ભેટ છે. એટલે દીની ઈદારાઓનું અહેસાન માનવું જોઈએ અને કર્મચારીઓને વધારે ચંદો આપી દીનની પ્રગતિના કામમાં ભરપૂર ભાગ લેવો જોઈએ. કારણ કે કુર્આનનું રક્ષણ હાફિઝોથી છે અને હાફિઝોનું કારખાનું દારૂલ ઉલૂમ અને દીની ઈદારા છે. દારૂલ ઉલૂમના કર્મચારીઓ પણ માણસો





છે. તેમનાથી પણ સંચાલનમાં ભૂલ થઈ શકે છે. સુલેહ શાંતિથી વિવાદ ખત્મ કરવો જોઈએ. સલાહ મશ્વેરાથી કામ આગળ ધપાવવું જોઈએ. દીની ઈદારાને નુકશાન પહોંચાડવું દીનને નુકશાન પહોંચાડવા બરાબર છે.

## ★ હિફ્ઝના મુદર્રિસની ઈજ્જત કરો ★

બાળકોને હિફઝ કરાવવું કોઈ સહેલું કામ નથી. ઘણુ જ કઠિન કામ છે. એને એ જ સમજી શકે છે જે આ માર્ગેથી પસાર થયો હોય. પરંતુ મારા ધારવા મુજબ દારૂલ ઉલૂમમાં હાફિઝ કલાસના મુદર્રિસોની વધારે ઈજ્જત પણ નથી કરવામાં આવતી અને એમને ઘણો જ ઓછો પગાર આપવામાં આવે છે. મૌલ્વી કલાસથી વધુ જવાબદારીનું કામ હાફિઝ કલાસનું છે. એટલે દારૂલ ઉલૂમના કર્મચારીઓએ આ બાબતે ધ્યાન આપવું જોઈએ. સાથે હાફિઝ કલાસમાં પઢતા બાળકોની પણ ઈજ્જત કરવી જોઈએ. કારણ કે તેઓ મહેનતથી લખાણવાળા કુર્આનને પોતાના દિલો દિમાગમાં ઉતારે છે.

## ★ રક્ષણના કારણો પૈકી એક કુર્આનની મહોબ્બત છે ★

કુર્આન શરીફ અલ્લાહ ત્આલાની કિતાબ છે. મુસલમાન ગમે તેવો બેઅમલ હોય પરંતુ તેને પણ કુર્આનથી અતિ પ્રેમ અને મહોબ્બત હોય છે. દરેક મુસલમાનના ઘરમાં કુર્આન શરીફ હોય છે અને દરેક મુસલમાનની તમન્ના એ જ હોય છે કે તેમના બાળકો અરબી કુર્આનની તિલાવત શીખી શકે. તેના માટે ગરીબથી ગરીબ ગામમાં પણ મદ્રસાઓની વ્યવસ્થા કરવામાં આવે છે. ભાગ્યે જ કોઈ ગામ એવું હોય જેમાં મસ્જિદ અને મદ્રસાની વ્યવસ્થા ન હોય. સહાબાએ કિરામના જમાનામાં કાગળોની વ્યવસ્થા ન હતી અને કુર્આનની આયતો હાડકાં, લાકડાનાં પાટિયાં, પકાવેલાં ચામડાં પર લખવામાં આવતી હતી. પરંતુ જેમ જેમ દુનિયાની પ્રગતિ થતી રહી

કુર્આન શરીફનું લખાણ વધતુ ગયું. પ્રેસની વ્યવસ્થા ન હતી એટલે કાતિબ લોકો હાથે કુર્આન લખીને વેચતા હતા. હઝરત આલમગીર رحمۃ اللہ علیہની તારીખમાં લખવામાં આવ્યું છે આપ દેશના ખજાનામાંથી પોતાના ખર્ચમાં ન લાવતા, પરંતુ આપ કુર્આનની કિતાબત કરી તેની વેચી તે કમાણીથી ખર્ચો કરતા હતા. સારાંશ એ કે પ્રેસો ન હતાં ત્યારે હાથોથી કુર્આન લખવામાં આવતાં અને આજે જ્યારે પ્રેસો થઈ ગયાં, જગા જગાએ કાગળની ફેકટરીઓ બની ગઈ, અસંખ્ય કુર્આન છાપવામાં આવે છે અને એનું વેચાણ પણ એટલુ છે કે કોઈ પણ છાપખાનામાં કુર્આન પડી રહેતું નહીં હોય. જે જમાનામાં હાથોથી કુર્આન લખવામાં આવતાં હતાં ત્યારે કુર્આનના લખાણમાં ભૂલભાલ થઈ શકતી હતી, પરંતુ હાફિઝોથી તેની હિફાઝત અને રક્ષણ થયું અને આજે જ્યારે લાખોની સંખ્યામાં કુર્આન છાપવામાં આવે છે, ફેરફાર થવાનો સંભવ નથી.

## ★ ભૂલથી પાક કુર્આનની છપાઈ ★

એ વાત તો દરેકે કબૂલવી જ પડશે કે પ્રેસોથી છાપવામાં આવતી બુકો અને પુસ્તકોમાં ગમે તેવું પ્રુફ રીડીંગ કરવામાં આવે તો પણ થોડી ઘણી ભૂલો રહી જાય છે અને વાંચનારે તેને સુધારવી પડે છે. પરંતુ કુર્આન શરીફની કિતાબ એટલી કાળજી પૂર્વક કરવામાં આવે છે કે તેમાં ઝેર ઝબરની પણ ભૂલ રહી જતી નથી. કારણ કે દરેકને ખબર છે કે કુર્આનના રક્ષણનો ભરોસો માત્ર લખાણ પર નથી કે અમુક ભૂલો માફ થઈ જશે બલ્કે તેનું હિફઝ પણ થાય છે. જો ભૂલ સુધારા વગર છાપી દેવામાં આવે તો નુકશાન વેઠવું પડે. એક કુર્આન પણ વેચાય નહીં અને વેચાયા હોય તો પરત લેવાં પડે. આ બધું શા માટે ? એટલે જ કે કુર્આનનું રક્ષણ ખુદાની જવાબદારીમાં છે અને આનાથી હાફિઝનો ફાયદો પણ જોવા મળે છે. તેમની બીકથી કુર્આનનું લખાણ કાળજીપૂર્વક કરવામાં આવે છે.





## ★ રક્ષણનાં કારણો પૈકી કુર્આનનું બેમિસાલ હોવું છે ★

અલ્લાહ ત્આલાએ જે કિતાબ આપણી હિદાયત અને માર્ગદર્શન માટે નાઝિલ ફરમાવી તે અજોડ, અનુપમ અને બેમિસાલ છે. બંદાથી તેની જેવું કલામ બની શકતું નથી. આ માત્ર દાવો જ નહીં બલ્કે અલ્લાહ ત્આલા તરફથી લોકોને ચેલેંજ પણ કરવામાં આવ્યું છે. અને જ્યારે કુર્આન શરીફ કિયામત સુધી પોતાના આદેશો સાથે સલામત રહેનાર કિતાબ છે તો તે ચેલેંજ પણ કિયામત સુધીનું છે. પરંતુ કુર્આનનાં ચેલેંજનો જવાબ ત્યારે પણ ન બન્યો અને આજ દિવસ સુધી ન બની શકયો અને બની પણ નહીં શકે. કારણ કે કુર્આન ખુદાની કિતાબ છે અને તેનું રક્ષણ ખુદા ત્આલા કરી રહ્યો છે. પછી તેના ચેલેંજનો જવાબ કોણ બનાવી શકે ? કીડી નાનું સરખુ જાનવર છે પણ આજ સુધી કોઈ ફેકટરી એવી નથી બની અને બની પણ નહીં શકે જેમાં જીવંત કીડીઓ બનાવામાં આવે. જ્યારે કે પ્લેન દુનિયાની અનુપમ શોધ છે પરંતુ તેને બનાવનાર માણસ છે તો એકથી વધીને એક પ્લેન દુનિયામાં બની રહ્યાં છે અને દરેક એક બીજાની કોપી કરી લે છે, પરંતુ ખુદાની પેદા કરેલી નાની મખ્લૂકની પણ કોપી ન થઈ શકી ! આ તફાવત છે માણસની બનાવટ અને ખુદાની બનાવટમાં. પછી જ્યારે કુર્આન ખુદાની કિતાબ છે તો તેમાં ફેરફાર શી રીતે થઈ શકે છે ? અને તે ચેલેંજનો જવાબ કોણ બનાવી શકે છે અને એટલે જ અલ્લાહ ત્આલાનું ફર્માન છે : ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ فِيْهِ

## ★ કુર્આનના ચેલેંજો ★

કુર્આન ખુદાની કિતાબ છે અને તેના ખુદાની કિતાબ હોવાના સુબૂતમાં પબ્લિકની શંકાનો નાશ કરવા અનેક ચેલેંજો કરવામાં આવી છે. પ્રથમ તેઓને દસ સૂરતોનું ચેલેંજ કરવામાં આવ્યું કે કુર્આન જેવી દસ સૂરતો બનાવી લાવો. જો તમને એ શંકા થતી હોય કે કુર્આન

ખુદાની કિતાબ નથી. કારણ કે માણસ માણસની બનાવટની કોપી કરી શકે છે અને એક બીજાથી વધુ શકિતમાન હોવા પર ચેલેંજનો જવાબ આપી શકે છે, પરંતુ ખુદાથી અધિક શકિતમાન કોઈ નથી. એટલે ખુદા ત્આલાએ શંકા કરવાવાળાઓને ચેલેંજ આપ્યું કે તમારૂં માનવું એવું છે કે એ ખુદાની કિતાબ નથી, મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની તરફથી વિચારી વિચારીને બનાવી છે, તો પછી તમને ખબર છે કે સરકારે મદીનાનો કોઈ ઉસ્તાદ નથી. તેઓ કોઈની પાસે શીખવા ગયા નથી. આગલી કિતાબો તેમની નજરથી પસાર થઈ નથી. તેઓ શાયર પણ નથી કે તમે કહી શકો કે તેઓ શાયર છે એટલે તેમણે આ પ્રમાણે અજોડ કલામ અર્પણ કર્યું. તો પછી જ્યારે તમારામાં ખ્યાતિ પામેલા શાયરો છે અને તમારા ધારવા મુજબ તેઓ અનુભવી, નોલેઝેબલ અને અજોડ ફસાહતો બલાગતના માલિક છે તો પછી તમારા માટે કુર્આનનું ચેલેંજ કબૂલ કરવું સામાન્ય છે.પરંતુ કાફિરો પોતાના શાયરોની મદદથી પણ આ પ્રમાણે એક સૂરત ન બનાવી શકયા. જેમને યકીન થઈ ગયું કે આ મખ્લૂકનું કલામ નથી તો તેઓ ઈમાન લઈ આવ્યા અને જેઓ હસદની અગ્નિમાં પિડાતા રહ્યા તેઓ ચેલેંજનો જવાબ ન બનવા પર જાદુ કહીને ચાલતા થયા.

## ★ કુર્આનની ચેલેંજની નિરાલી ઢબ ★

ચેલેંજમાં એ વાતનો ખયાલ પણ રાખવામાં આવે છે કે એક મુકાબિલ સામે એક અને જેવા સાથે તેવો હોય છે. ૧૫ વર્ષનો છોકરો ચેલેંજ કરે કે મારી સાથે કોઈ કુશ્તી કરી લે ! તો તેની સામે તેટલી જ ઉંમરનો લાવવામાં આવે છે. હવે જો બે ચાર પાંચ મળીને તેને હરાવે તો એને ચેલેંજનો જવાબ ન કહેવાય. પરંતુ કુર્આનના ચેલેંજની ઢબ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો એ રહસ્ય પણ જાણવા મળી શકે છે કે દુશ્મનોનું કહેવું તો એવું હતું કે કુર્આન માત્ર સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم વિચારી વિચારીને બનાવી રહ્યા છે. તો ચેલેંજનો મતલબ એ થાય કે સરકારે મદીનાને તમે જે સ્થિતિમાં





માનો છો તે પ્રમાણેના માણસથી કુર્આનનો જવાબ આપો. હવે જો કોઈ શાયર અથવા અરબીનો અનુભવી તેમના કલામનો જવાબ આપે તો તે ચેલેંજનો જવાબ ન કહેવાય. પણ કુર્આનમાં જે ચેલેંજ છે તે એક મુકાબિલ એકથી નહીં, જેવા સાથે તેવો નહીં બલ્કે જેને ચેલેંજ કબૂલ કરવું હોય અને જેવી રીતે કરવું હોય એકલા અથવા સઘળા એકઠા થઈને પણ તે પ્રમાણે પણ ચેલેંજનો જવાબ ન બની શકયો ! પછી પણ કુર્આનના ખુદાની કિતાબ હોવામાં કોઈ શક થઈ શકે છે ? એટલે જ અલ્લાહ ત્આલાએ ફરમાવ્યું...

ذٰلِكَ الْكِتٰبُ لَا رَیْبَ فِیْهِ

## ★ પ્રથમ ચેલેંજ ★

اَمْ یَقُوْلُوْنَ افْتَرٰىهُ قُلْ فَاْتُوْا بِعَشْرِ سُوَرٍ مِّثْلِهٖ مُفْتَرَیٰتٍ وَّادْعُوْا مَنِ اسْتَطَعْتُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ○

શું એવું કહે છે કે એમણે તો એને મનથી બનાવી કાઢયું ! તમે ફરમાવો, તમે આવી બનાવી કાઢેલી દસ સૂરતો લઈ આવો અને અલ્લાહ સિવાય જે કોઈ મળી શકે તે બધાને બોલાવી લો, જો તમે સાચા હોઉ તો.

## ★ બીજું ચેલેંજ ★

اَمْ یَقُوْلُوْنَ افْتَرٰىهُ قُلْ فَاْتُوْا بِسُوْرَةٍ مِّثْلِهٖ وَادْعُوْا مَنِ اسْتَطَعْتُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ○

શું એવું કહે છે કે તેમણે તેને ઉપજાવી કાઢયું છે ! કહે છે કે તેમણે તેને ઉપજાવી કાઢયું છે. તમે ફર્માવો, તો એના જેવી એક સૂરત લઈ આવો અને અલ્લાહને બાદ કરીને જે મળી શકે બધાંને બોલાવી લાવો, જો તમે સાચા હોઉ તો.

## ★ ત્રીજું ચેલેંજ ★

وَإِنْ كُنْتُمْ فِي رَيْبٍ مِمَّا نَزَّلْنَا عَلَىٰ
عَبْدِنَا فَأْتُوا بِسُورَةٍ مِنْ مِثْلِهِ
وَادْعُوا شُهَدَاءَكُمْ مِنْ دُونِ
اللَّهِ إِنْ كُنْتُمْ صَادِقِينَ ○
فَإِنْ لَمْ تَفْعَلُوا وَلَنْ تَفْعَلُوا
فَاتَّقُوا النَّارَ الَّتِي وَقُودُهَا النَّاسُ
وَالْحِجَارَةُ أُعِدَّتْ
لِلْكَافِرِينَ ○

અને જો તમને કંઈ શક હોય તેમાં જે અમે પોતાના તે ખાસ બંદા પર ઉતાર્યું તો તેના જેવી એક સૂરત લઈ આવો અને અલ્લાહ સિવાય પોતાના તમામ ટેકેદારોને બોલાવી લો, જો તમે સાચા હોઉ તો. પછી જો ન લાવી શકો અને અમે કહી દઈએ છીએ કદાપી લાવી શકો નહીં ! તો ડરો તે આગથી જેનું બળ તણ આદમી અને પથ્થર છે ! તૈયાર રાખી કાફિરો માટે.

## ★ ચોથુ ચેલેંજ ★

قُلْ لَئِنِ اجْتَمَعَتِ الْإِنْسُ وَالْجِنُّ
عَلَىٰ أَنْ يَأْتُوا بِمِثْلِ هَٰذَا الْقُرْآنِ
لَا يَأْتُونَ بِمِثْلِهِ وَلَوْ كَانَ بَعْضُهُمْ
لِبَعْضٍ ظَهِيرًا ○ (پ۱۵ سورۂ بنی اسرائیل)

તમે ફર્માવો, જો આદમી અને જિન્નાત બધા એ બાબતે એકમત થઈ જાય કે આ કુર્આન જેવું લઈ આવીએ તો એના જેવું લાવી શકશો નહીં.

## ★ પાંચમું ચેલેંજ ★

أَمْ يَقُولُونَ تَقَوَّلَهُ بَلْ لَا يُؤْمِنُونَ ○
فَلْيَأْتُوا بِحَدِيثٍ مِثْلِهِ إِنْ
كَانُوا صَادِقِينَ ○ (پ۲۷ سورۂ طور)

અથવા કહે છે તેમણે આ કુર્આન ઉપજાવી કાઢયું છે બલ્કે તેઓ ઈમાન ધરાવતા નથી, તો એના જેવી એક વાત તો લઈ આવો ! જો સાચા હોઉ તો.





## ★ છઠ્ઠુ ચેલેંજ ★

قُلْ فَأْتُوا بِكِتَابٍ مِنْ عِنْدِ اللَّهِ
هُوَ أَهْدَىٰ مِنْهُمَا أَتَّبِعْهُ إِنْ
كُنْتُمْ صَادِقِينَ ○ (پ۲۰ س القصص)

તમે કહો, તો અલ્લાહ પાસેથી કોઈ કિતાબ લઈ આવો જે આ બંને કિતાબોથી વધારે માર્ગદર્શક હોય, હું તેને અનુસરીશ જો તમે સાચા હોઉ.

ઈસ્લામના વિરોધીઓને અનેક ઢબોથી ચેલેંજ આપવામાં આવ્યું. કયારેક તેમને સઘળા કુર્આનથી ચેલેંજ કરવામાં આવ્યું કે જો તમને શંકા હોય કે આ ખુદાનું કલામ નથી તો તમે પણ અરબી છો, તમને પણ અરબી ભાષાના કાયદા અને લોગાત આવડે છે, એના જેવું કલામ બનાવી લાવો. જો તમે બનાવી લાવો તો એ ખુદાનું કલામ નથી અને મોહમ્મદ صلى الله تعالى عليه وسلم તેને ખુદાનું કલામ કહેવામાં જૂઠા છે ! અને તમારાથી નબી શકે તો પછી પોતાની લાચારીને સમક્ષ રાખી ઈસ્લામના વર્તુળમાં આવી જાવ ! અને ચેલેંજનો જવાબ અલગ અલગ બનાવાની જરૂરત નથી પણ તમારી જે કોઈ મદદ કરી શકે તે પછી ઈન્સાનોમાંથી હોય અથવા જિન્નાતોમાંથી હોય તેમનો સહારો લો અને પછી બનાવો ! પણ તેમનાથી પૂરા કુર્આનનો જવાબ ન બની શકયો તો પછી ચેલેંજમાં થોડો ઘટાડો કરવામાં આવ્યો કે તેમાંથી માત્ર દસ સૂરતો બનાવી લાવો. જો તેમાં તમે વિજયી થયા તો પણ તમે તમારા દાવમાં સાચા છો. પરંતુ તેઓ દસનો જવાબ પણ ન બનાવી શકયા અને તેમાં પણ તેમની લાચારી જોવા મળી. તો પછી ચેલેંજમાં પણ અધિક ઘટાડો કરવામાં આવ્યો અને કહેવામાં આવ્યું કે જો તમે દસ સૂરતોથી ઉત્તર ન આપી શકયા તો હવે તમને માત્ર એક સૂરતથી ચેલેંજ કરવામાં આવે છે કે જો તમે માત્ર એક સૂરત કુર્આન જેવી બનાવી લાવો તો તમે તમારા દાવામાં સાચા ! પણ તેમનાથી કુર્આન જેવી એક સૂરત પણ ન બની શકી અને કુર્આનનું ફર્માન لَنْ تَفْعَلُوا "તમે કયારેક પણ ચેલેંજનો જવાબ આપી શકશો નહીં"ની ગયબી ખબર સત્ય થઈને જ રહી. આ છે ખુદાની કિતાબનું

ચેલેંજ જેનો જવાબ માણસ અને મખ્લૂકથી બની શકતો નથી. અલ્લાહ ત્આલા આપણને કુર્આન પર અમલની તૌફીક અતા ફર્માવે, આમીન, બિજાહિ સૈય્યિદિલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم.

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِيْن

# ☆ ખુદાની કિતાબની સચ્ચાઈ ☆

## ★ કુર્આનની અજોડતાની દલીલો ★

**(૧)** કુર્આન શરીફમાં કાફિરોને ચેલેંજ કરવામાં આવ્યું કે જો તમને એ શંકા હોય કે, આ કિતાબ ખુદાની નથી તો પછી તમારે ચેલેંજ કબૂલ કરી લેવું જોઈએ. પણ તમારાથી જવાબ બનતો નથી. એટલે જ કે, તમારી ફસાહત અને બલાગત એક હદમાં છે. તમને શું આવડે છે ? માત્ર એ જ કે ઊંટ, ઘોડો, લોંડી, ગુલામ, રાજા, કહેવતો, કોઈની બુરાઈ વગેરે ખ્યાતિ પામેલી વાતો હોય જેમાં તમારી અને તમારા શાયરોની શાયરી થતી રહે છે અને કુર્આનમાં એ વાતો નથી. પછી નવી વાતોમાં તમને શબ્દો કયાંથી મળે ? અને તમે કેવી રીતે તત્પર થાવો ? પછી તમે વિચારો જ્યારે તમે અનુભવી છો ! અને એક બીજાથી શીખેલા છો અને તમને શાયરી પર ગર્વ છે તો પછી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم નથી શાયર, નથી કોઈની પાસે પઢવા ગયા. પછી તેમણે તો કહી આપ્યું આ મારૂં કલામ નથી, ખુદાનું કલામ છે. તમારા માટે ત્રણ માર્ગો છે. ચેલેંજ કબૂલ કરી એનો જવાબ બનાવો અને ઉત્તર આપો. પણ એ તમારાથી શકય નથી. એને ખુદાની કિતાબ સ્વીકારી ઈસ્લામના વર્તુળમાં આવી જાવ ! જો તમે ચેલેંજનો ઉત્તર ન આપો અને ખુદાની કિતાબ ન સ્વીકારો તો એ તમારી હઠધર્મી છે. તમને તેની કિયામતના દિવસે ભરપૂર સજા આપવામાં આવશે.

**(૨)** કુર્આન શરીફ જ્યારે અલ્લાહ ત્આલાની કિતાબ છે તો એમાં સત્ય વાતો જ છે. જૂઠને સ્થાન મળી શકતું નથી, અશકય છે અને





શાયરો બુરાઈમાં કે તારીફમાં જ્યારે પોતાનું કલામ રજુ કરે છે તો પોતાની શાયરીને ઉત્તમ બનાવવા માટે અને વાહ વાહ માટે તેઓને જૂઠનો સહારો લેવો પડે છે. જો કે માત્ર સત્યના આધારે પણ શાયરી બની શકે છે, પણ અધિક ઉત્તમતા માટે અવશ્ય હક અને સત્યથી આગળ વધવું પડે છે. જ્યારે કે કુર્આન શરીફ ખુદાની કિતાબ છે અને માત્ર સત્યથી જ કલામને ફસાહતો બલાગતમાં ઉત્તમ બનાવ્યું છે. અરબની ખ્યાતિ પામેલી શાયરીથી અલગ નવી વાતોમાં અજોડ અને અનુપમ છે. એટલે અરબના શાયરોથી તેની જેવું કલામ બની શકે તેમ ન હતું અને એટલે જ તેઓ ચેલેંજનો ઉત્તર ન આપી શકયા અને હસ્સાન બિન ષાબિત رضی اللہ تعالیٰ عنہ મા ઈસ્લામ સ્વીકારતા પહેલાં અરબના અજોડ શાયરોમાં માનવામાં આવતા હતા અને તેઓને અરબ કબીલાઓમાં શાયરીના આધારે ખ્યાતિ પ્રાપ્ત હતી અને ઈસ્લામના વર્તુળમાં પ્રવેશ્યા પછી પણ તેઓ કાફિરોની વિરૂધ્ધમાં શાયરી કરતા હતા. પરંતુ તેમની શાયરીની જે ઉત્તમતા હાલતે કુફ્રમાં હતી તે હાલતે ઈસ્લામમાં ન હતી. એટલે જ કે હાલતે કુફ્રમાં તેમની નજર માત્ર પોતાના કલામને ઉત્તમ બનાવા માટે હતી અને ઈસ્લામમાં આવ્યા પછી શાયરી સાથે સત્ય પર ધ્યાન આપવાનું હતું.

**(3)** અરબના લોકોની ફસાહત અને બલાગતનો આધાર શાયરી પર હતો. પરંતુ કુર્આન શાયરી અને શાયરીથી ઉત્તમ છે. બીજુ કે કોઈ શાયરની શાયરીનો દરેક શેર ફસીહ અને બલીગ નથી હોતો. સઘળા કસીદામાં માત્ર એક બે શેર અધિક ઉત્તમ હોય છે. જ્યારે કે કુર્આન શરીફની દરેક આયત અને સઘળું સર્જન ફસાહતો બલાગતમાં અતિ ઉત્તમ છે અને એ અલ્લાહની જ શાન છે જેમાં અયબને દખલ ન હોય. પછી કોઈ શાયરથી એવું કલામ કેવી રીતે બની શકે છે, જેમાં સત્ય હોય, જૂઠને દખલ ન હોય, તે કલામ શાયરી પણ ન હોય અને તેમાંનો દરેક ફકરો અને વાકય રચના અતિ ઉત્તમ હોય, અને આ પ્રમાણેનું કલામ શાયરો માટે શકય ન હતું.

**(૪)** શાયરીમાં કોઈ શેર અતિ ઉત્તમ અને ફસીહો બલીગ હોય પણ જો કસીદામાં તે જ શેરને પેશ કરવામાં આવે તો તે શેર એક કલામમમાં બીજી જગાએ ફસાહતમાં પ્રથમતા સ્થાને નથી પહોંચી શકતો, પરંતુ કુર્આને મજીદ ફુર્કાને હમીદમાં ઘણી બધી આયતો ડબલ વખત રજુ કરવામાં આવી છે, તો પણ કલામની ઢબ અને વાકય રચના એટલી સુંદર હોય છે કે બંનેની ઉત્તમતામાં કોઈ ફરક આવતો નથી.

**(૫)** કુર્આન શરીફમાં ઈબાદતોનો હુકમ આપવામાં આવ્યો છે. હરામ કામોથી મનાઈ કરવામાં આવી છે. સારા અખ્લાક અને ઉત્તમ આદતો માટે તત્પર કરવામાં આવ્યા છે. દુનિયાથી સંબંધ ઓછો કરવો અને આખિરત માટે શ્રમ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે અને વાકય રચનાના અનુભવી લોકો સારી રીતે જાણે છે કે આવી વાતોમાં જોઈએ તેવી ફસાહત નથી આવી શકતી. જેને ઉર્દૂમાં ખુશ્ક મૌઝૂઅ્ (શુષ્ક વિષય) પણ કહેવામાં આવે છે. તમને પણ એ વાતનો અનુભવ છે કે કયારેક મુકર્રિરો ઘણું જ સારૂં બયાન આપે છે કે બધા જ શ્રોતાઓ ઝુમી ઉઠે છે. પરંતુ તેવો ખ્યાતિ પામેલો મુકર્રિર અને પ્રવકતા નમાઝ, રોઝા અને બીજા અખ્લાકી પ્રકરણ પર એટલા જામી પણ નથી શકતા અને ઓડિયન્સને એટલો ઉત્સાહ પણ નથી મળતો. માત્ર ફઝીલતના બયાનોમાં જ વાહ વાહ થતી હોય છે. જ્યારે કુર્આને મજીદમાં નમાઝ, રોઝા અને અખ્લાકી પ્રકરણો પર આયતો નાઝિલ થઈ છે, પરંતુ કલામની વાકય રચનાને અરબી ભાષાના માહિરો સમજી શકે છે કે માણસથી આ પ્રમાણેની વાકય રચના નથી થઈ શકતી.

**(૬)** અરબનો દરેક શાયર દરેક પ્રકરણમાં અનુભવી ન હતો. દરેક શાયરનો શોખ શાયરીના અલગ અલગ પ્રકરણથી હોય છે. કોઈને સ્ત્રીઓની તારીફ પસંદ હોય તો તેનો દરેક શેઅર ઔરતોની સુંદરતાને દર્શાવતો હોય છે. કોઈને ઘોડા અને ઊંટોથી મહબ્બત હોય તો તેનો દરેક શેઅર ઊંટ અને ઘોડાની ખૂબીઓ બતાવતો હોય છે.





કોઈને દુશ્મનોની બુરાઈ કરવામાં મજા પડે તો તે પોતાની શાયરીને તે જ તરફ લઈ જતો હોય છે. કોઈને દારૂના નશામાં મસ્ત રહેવું પસંદ આવે તો તે પોતાની શેઅરશકિતને તેમાં જ બગાડતો હોય છે. કોઈને પોતાના શુભેચ્છકોને વિજયી બનાવવાનો શોખ હોય તો તે પોતાની શાયરીથી તેમને ઉમ્મીદો અપાવતો અને દુશ્મનોની વિરૂધ્ધમાં પ્રોત્સાહિત કરતો હોય છે. અરબના શાયરોને દરેક પ્રકરણમાં ઉત્તમ કલામ પેશ કરતાં ન આવડતું હતું, બલ્કે દરેક પોતાની ચાહતના પ્રકરણોમાં કોશિશ કરતા હતા. ઈમરઉલ કૈસનું કલામ ઔરતો અને ઘોડાના પ્રકરણમાં ઉત્તમ રહેતું. નાબેગાનું કલામ બીવડાવવામાં ઉત્તમ હોતું. અઅસાનું કલામ દારૂના પ્રકરણમાં સુંદર હોતું. ઝોહૈરનું કલામ ઉમ્મીદો અપાવવામાં ઉત્તમ હોતું. આમાંથી દરેકને પોતાની ચાહતનું પ્રકરણ આપવામાં આવે તો તેમની ફસાહત અને બલાગત જોવા મળે અને તે પણ દરેક શેઅરમાં નહીં પણ પૂરા કસીદાના અમુક શેઅરો કાબિલે તારીફ હોય. જ્યારે કુર્આન દરેક પ્રકરણમાં અદ્‌ભૂત કલામ પેશ કરે છે જે ખુદાની શાન છે. માણસ એ કલામથી લાચાર છે.

**(૭)** દરેક ઈલ્મનું મૂળ કુર્આન છે. ઈલ્મે કલામ કુર્આનમાં છે ઈલ્મે મુઝરા કુર્આનમાં છે, ઈલ્મે ફિકહ કુર્આનમાં છે, ઈલ્મે ઓસૂલે ફિકહ કુર્આનમાં છે, ઈલ્મે સર્ફ કુર્આનમાં છે, ઈલ્મે નહ્‌વ કુર્આનમાં છે, ઈલ્મે લોગત કુર્આનમાં છે, ઈલ્મે અખ્લાક કુર્આનમાં છે, ઈલ્મે તસવ્વુફ કુર્આનમાં છે, ઈલ્મે આખેરત કુર્આનમાં છે. આમ અસંખ્ય ઈલ્મો કુર્આનમાં છે. માણસ પોતાની શકિત અને ખુદાના ફઝલ પ્રમાણે તેના રહસ્યો પ્રાપ્ત કરી શકે છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફરમાવે છે :–

وَلَا رَطْبٍ وَّلَا يَابِسٍ اِلَّا فِىْ كِتٰبٍ مُّبِيْنٍ

અને ન કોઈ લીલી વસ્તુ ન કોઈ સુકી વસ્તુ જે એક ખુલ્લી કિતાબમાં લખેલી ન હોય.

## ★ અરબી ભાષાની વિશાળતા ★

એ તો દરેકને કબૂલ છે કે અરબી ભાષા દુનિયાની અતિ વિશાળ ભાષા છે. સૌથી વધારે કાયદા કાનૂન તેને સમજવા માટે લખવામાં આવ્યા છે. તેને ઈલ્મે સર્ફ અને ઈલ્મે નહ્વ કહેવામાં આવે છે. પરંતુ અરબી ભાષાની ખૂબીઓ અને ખામીઓ જાણવા માટે એક અલગ ઈલ્મ બનાવવામાં આવ્યું છે જેને ઈલ્મે બલાગત કહેવામાં આવે છે. જેને ઈલ્મમાં મહારત હોય તેને કુર્આનની વાકય રચના અને તેના રહસ્યો સારી રીતે સમજમાં આવી શકે છે. નહીં તો કયારેક કોઈના દિમાગમાં એવી પણ શંકા ઉપસ્થિત થઈ શકે છે કે કુર્આન અરબીમાં છે, તો પછી અરબી ભાષા બોલવાવાળા માટે તેના જેવી વાતો બનાવવું સામાન્ય છે, પણ તમને એનો જવાબ એ પ્રમાણે મળી શકે છે કે જો એટલું જ સામાન્ય હોત તો પછી એનો ઉત્તર કેમ આપવામાં ન આવ્યો ? તો સ્પષ્ટ થયું કે માત્ર કુર્આનની અરબીમાં ચેલેંજ કરવામાં નથી આવ્યું બલ્કે જે રહસ્યો અને ખૂબીઓનો સમાવેશ કુર્આનમાં છે તે પ્રમાણેનું કલામ પેશ કરવાનું ચેલેંજ કરવામાં આવ્યું છે અને તેમાં લોકો લાચાર છે.

**(૮)** ગયબનું સત્ય ઈલ્મ જેમાં ગત જમાનાની સત્ય વાતો વત્તા ભવિષ્યમાં જે થવાનું છે તેની યકીની ખબર જેમાં કોઈ પ્રકારની શંકા ન રહે અને આ ખબરો આપવામાં કોઈને સહારો લેવો ન પડે એ માણસ માટે આપમેળે શકય નથી, પછી કુર્આન જેવું સત્ય કલામ ભવિષ્યવાણીમાં કોણ પેશ કરી શકે છે ?

## ★ નબીનો મહાન મો'જેઝો કુર્આન છે ★

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહ ત્આલા તરફથી અસંખ્ય મો'જેઝા આપવામાં આવ્યા હતા. બલ્કે આમ કહેવું પણ ખોટું નથી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહ ત્આલા તરફથી અધિકાર આપવામાં આવ્યો હતો કે આપ લોકોની ઈચ્છા





પ્રમાણે મો'જેઝો પેશ કરે અને હદીષે પાકમાં આના વિષે ઘણા દાખલાઓ જોવા મળે છે અને આ પ્રમાણે અધિકાર આપવામાં કેમ ન આવે ? આપ અંતિમ નબી છે, આપ પછી કોઈ નવો નબી આવવાનો નથી. તો પછી આપ લોકોને ખુદા તરફથી મળેલા અધિકાર દ્વારા ઈસ્લામના સત્ય હોવાનું યકીન અપાવે અને કોઈ પ્રકારની શંકા બાકી ન રહેવા દે. અરબની જહાલત જેવી સઘળી દુનિયામાં કોઈ જગાએ જહાલત ન હતી. તેઓને પોતાની ભાષા પર ગર્વ હતો. અરબ પ્રદેશના લોકો અરબી અને અરબ પ્રદેશથી બાહ્યના રહેવાસી અજમી એટલે ગુંગા કહેવાતા. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જેઝા હતા. જેનાથી અરબ કોમની કાયા પલટાઈ અને તેઓ સમગ્ર જગતમાં સરદાર બની ગયા અને જેઓ બીજા મો'જેઝાને જાદુ કહીને શંકાનો શિકાર રહ્યા તેઓ પણ કુર્આન શરીફની મધુર વાણીથી મુસલમાન બની ગયા. તેઓમાંથી જેઓ હઠધર્મીથી કુફ્ર ન છોડી શકયા તેઓ ફત્હે મક્કા બાદ સરકારે મદીનાના અખ્લાકો કિરદારથી તેઓ પણ મુસલમાન બની ગયા. જેઓ અઝલી કાફિર હશે તેઓ જ કાફિર રહ્યા અને કુફ્રની મોતે ગયા. સ્પષ્ટ થયું કે કુર્આન હુઝૂરનો મહાન મો'જેઝો છે.

## ★ કુર્આન મહાન મો'જેઝો કેમ ? ★

જવાબ એ છે કે બીજા મો'જેઝાત પબ્લિકની શકિતથી પર હતા એટલે તેમનાથી તેઓ પૈકી કોઈ કામ થઈ શકતું ન હતું. માત્ર એક મો'જેઝો એવો હતો જે સામાન્ય લોકો માટે શકય થઈ શકતો હતો તે છે કુર્આનનો મો'જેઝો. કારણ કે કુર્આન અરબી ભાષામાં ઉતારવામાં આવ્યું અને અરબના લોકો પોતે અરબી ભાષા બોલતા હતા અને અરબીમાં શેર શાયરી પણ કરતા હતા. તેમની જ ભાષામાં કોઈ કલામ હોય અને તેની બાબતે ચેલેંજ કરવામાં આવે તો અરબી લોકો માટે આદતના આધારે શકય હતું. પરંતુ જ્યારે તેમણે ખુદાના કલામ બાબતે શંકા કરી અને તેને હુઝૂરનું બનાવેલું કલામ કહ્યું એટલે જ કે તેઓ અરબી હતા અને કુર્આન અરબીમાં હતું. તેમને થયું આ

તો અમે પણ બનાવી શકીએ છીએ. તો તેઓને તેઓની જ ભાષામાં કુર્આન જેવું કલામ બનાવી લાવવાનું ચેલેંજ આપવામાં આવ્યું. પરંતુ તેઓ લાચાર રહ્યા અને તેમનાથી ઉત્તર આપી શકાયો નહીં અને આ માત્ર તે જમાનાની જ વાત નથી બલ્કે હાજર મો'જેઝો છે અને કિયામત સુધી આ ચેલેંજ બાકી રહેશે. એટલે કુર્આન મહાન મો'જેઝો છે.

## ★ ઈન્સાનો સાથે જિન્નાતોને પણ ચેલેંજ ★

જેમ ઈન્સાનમાં બે પ્રકારની શકિત છે તે અલ્લાહના ફર્માન પર ચાલી પણ શકે છે અને શૈતાના હાથે ચઢે તો ગુનાહ અને નાફર્માની પણ કરી શકે છે. એ જ પ્રમાણે જિન્નાતોમાં પણ બે પ્રકારની શકિત છે. તેઓ પણ ગુનાહ કરી શકે છે અને નાફર્માનીમાં ઈન્સાનથી આગળ વધી શકે છે. એટલે તેઓની હિદાયત માટે અલ્લાહ ત્આલાએ કિતાબો નાઝિલ ફર્માવી અને નબીઓ મોકલવામાં આવ્યા, પરંતુ નબી ઈન્સાનમાંથી મરદ જ હોય છે, જેને અલ્લાહ ત્આલાએ નબુવ્વતનું પદ અતા ફર્માવ્યું. સારાંશ એ કે જિન્નાતો માટે પણ નબી તે જ છે જે ઈન્સાનો માટે છે. આપણા નબી ઈન્સાનોના નબી છે અને જિન્નાતોના પણ નબી છે. સમગ્ર જગતના પણ નબી છે. પશુ–પક્ષીઓ તો પાબંદ નથી. ફરિશ્તાઓ સત્ય દીનથી હટી શકતા નથી. તો નબુવ્વત થકી જેમને પાબંદ બનાવામાં આવ્યા તે ઈન્સાન અને જિન્નાત છે. તો કુર્આન શરીફનું ચેલેંજ માત્ર ઈન્સાનો માટે નથી, બલ્કે તેમાં જિન્નાતો પણ શામિલ છે અને આ ઉત્તર તેઓ પણ ન આપી શકયા અને આપી પણ નહીં શકે જેમ કે, કુર્આનમાં છે :–

قُلْ لَئِنِ اجْتَمَعَتِ الْجِنُّ وَالْإِنْسُ

## ★ યહૂદીઓ અને ઈસાઈઓ પણ લાચાર છે ★

ઈસ્લામ વિરોધી શકિતઓ પૈકી યહૂદીઓ અને નસરાનીઓની ઈસ્લામથી દુશ્મની છે. તેઓ દુનિયામાં કોઈ ધર્મથી





એટલો ખતરો મહસૂસ નથી કરતા જેટલો ઈસ્લામથી તેઓને ખતરો છે. કારણ કે ઈસ્લામ સત્ય દીન છે અને ઈસ્લામની તાલીમ એવી છે જેનાથી લોકોના દિલો ઈસ્લામ તરફ આકર્ષાય છે. એટલે તેઓ દરેક યુકિતથી ઈસ્લામને તોડવાની કોશિશ કરે છે. બાતિલ ફિર્કાઓને મોટો સહકાર તેઓનો છે. કાફિરોને ઈસ્લામ વિરૂધ્ધ ઉશ્કેરવાનુ કામ તેઓનું છે. આજે દુનિયામાં મુસ્લિમ મુલ્કો પર હુમલા થઈ રહ્યા છે, મુસલમાનો પર ત્રાસ કરવામાં આવે છે, પરંતુ તેમની તરફેણમાં કોઈનો અવાજ ઉઠતો નથી. માત્ર એટલા માટે જ કે ઈસ્લામ મુસલમાનોથી છે, મુસલમાનો પર ત્રાસ કરો તેમની બુરાઈઓને ઈસ્લામના અનુયાયી કહીને લોકોમાં ખ્યાતિ આપો, તેમની વિરૂધ્ધમાં કિતાબો છાપો. આમ અન્ય પ્રકારના દાવ રમવામાં આવે છે. શું તેમને કુર્આનનું ચેલેંજ યાદ નથી ? અને તેમણે કુર્આનના ચેલેંજનો જવાબ બનાવવા માટે કોશિશો નથી કરી ? ઈસાઈઓ અને યહૂદીઓ તરફથી અરબી ડિક્ષનરીઓ પણ લખવામાં આવી છે. શું તેઓ એ કોશિશમાં નહીં લાગેલા હોય ? પરંતુ તેમને ખબર છે કે કુર્આન ખુદાની કિતાબ છે અને તેના ચેલેંજનો જવાબ બની નથી શકતો, છતાં તેમની હઠધર્મી છે એટલે તેઓ ઈસ્લામ સ્વીકારતા નથી. તેઓમાંથી જેઓ ઈલ્મવાળા અને ન્યાયી હતા તેઓ ઈમાન લઈ આવ્યા જેમ કે કઅબ અહબાર અને અબ્દુલ્લાહ બિન સલામ رَضِيَ اللّٰهُ عَنْهُمَا વગેરે અને આજે પણ ઈસાઈઓ અને યહૂદીઓમાંથી ઘણા બધા નવજવાનો અને યંગસ્ટરો ઈમાન લાવી રહ્યા છે. બ્રિટનમાં સેંકડો વાઈટ–પિપલ મુસલમાન છે અને અમેરિકામાં તો લાખોની સંખ્યામાં લોકો મુસલમાન બની રહ્યા છે.

## ★ હઠધર્મી હક્કથી રોકે છે ★

અલ્લાહ ત્આલાએ લોકોના દિલો દિમાગની રચના એ પ્રમાણે કરી છે કે દલીલોના પ્રકાશમાં હક જાહેર કરવામાં આવે તો તેને હક સમજમાં આવી શકે છે અને તેનું દિલ હકને હક જાણી પણ લે છે, પરંતુ કયારેક હસદ અને પોતાની ઈજ્જતનો ખયાલ આવી

જાય છે, તો માણસ હક કબૂલવાથી રોકાય જાય છે અને હકને હક જાણવા છતાં તેને કબૂલવાથી રોકાવું હઠધર્મી છે. કુર્આન શરીફમાં ઈસાઈઓ અને યહૂદીઓ બાબતે કહેવામાં આવ્યું છે :–

الَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ ؕ وَاِنَّ فَرِيْقًا مِّنْهُمْ لَيَكْتُمُوْنَ الْحَقَّ وَهُمْ يَعْلَمُوْنَ ○

જે લોકોને અમે કિતાબ આપી તેઓ રસૂલને પોતાના બાળકોની માફક ઓળખે છે અને બેશક ! તેઓની એક જમાઅત જાણવા છતાં હક છુપાવે છે.

ઉપરોકત આયતથી જાણવા મળ્યું કે, માણસનો ઈન્કાર અને હક બાબતે નકારાત્મક જવાબ દરેક વખતે હક ન જાણવાથી નથી હોતો, બલ્કે કયારેક તેને દલીલોના પ્રકાશમાં હક જાણવા મળે છે, પરંતુ તે પોતાની ઈજ્જતનો ખયાલ રાખી હકને જતુ કરે છે અથવા જેનાથી હક સ્વીકારવાનો છે તેનાથી તેને ઈર્ષા છે જેને લઈને હક પર તત્પર થતો નથી, એટલે આમ કહેવું ખોટું છે કે, હક કબૂલ ન કરનાર હક સમજી નથી શકતો, એટલે કબૂલ નથી કરતો.

## ★ અહલે કિતાબનો હસદ ★

યહૂદીઓ અને ઈસાઈઓના આલિમો જાણે છે કે ઈસ્લામ હક છે અને સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની પધરામણીની ખબર તેમની બદલેલી કિતાબોમાં પણ હતી, પરંતુ હસદ અને ઈર્શાદની અગ્નિએ તેઓને એવા ભસ્મ કર્યા કે હકને જતુ કર્યું. તેઓની હઠધર્મીએ છે કે સઘળા નબીઓ હઝરત ઈસ્હાક علیہ الصلوٰۃ والتسلیم ની ઔલાદ છે અને માત્ર મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم ની ઔલદમાં કેમ આવ્યા ? એટલે કે બનૂ ઈસ્હાકથી હોત તો તેઓ કબૂલ કરી લેતા. શું આ તેઓની હઠધર્મી નથી ? તેઓ અલ્લાહ સમક્ષ પોતાનો અધિકાર ચલાવવા માંગે છે કે, જે નબીની પધરામણીની ખબર આપવામાં આવી હતી તે બનૂ ઈસ્હાકમાંથી જ હોવો જોઈએ. એ તો અલ્લાહની મરજી કે તેમણે બનૂ ઈસ્માઈલને





ફઝીલત અતા ફર્માવી અને પોતાના મહબૂબ નબીને બની ઈસ્માઈલનો તાજ પહેરાવ્યો. આનું નામ છે હસદ અને હઠધર્મી જે માણસને હક કબૂલવાથી રોકી આપે છે.

## ★ ઈસાઈઓ હવે ઈસાઈ પણ નથી ★

જેઓ યૂરોપમાં થોડો સમય રહી ચૂકયા છે તેઓને એ વાતની ખબર હશે કે કયારેક ઈસાઈઓ પોતાના ધર્મમાં પાકા રહ્યા હશે. પણ આજે ઈસાઈઓની એટલી ખરાબ હાલત છે કે, તેઓમાંથી વધુ પડતા લોકો નાસ્તિક અને દેહરિયા બની ગયા છે. તેઓ દુનિયાના કોઈ પણ ધર્મને માનતા નથી. બલ્કે તેઓ અલ્લાહ ત્આલાનો પણ ઈન્કાર કરે છે અને કહે છે ગોડ કોઈ નથી. દુનિયા ચાલતી આવી છે અને ચાલતી રહેશે. તેમના પાદરીઓએ તેમની પબ્લિકને અંધારામાં રાખી અને હક કબૂલવાથી રોકી તો તેઓ ઈસ્લામ તો ન લાવ્યા પણ ઈસાઈયતમાંથી પણ ગયા ! આ છે હસદની અગ્નિ જે ભસ્મ કરીને રહે છે.

## ★ શૈતાનનો મસ્અલો અને અહલે કિતાબનો મસ્અલો એક જેવો છે ★

અહલે કિતાબ યહૂદી અને ઈસાઈમાંથી જેઓ ઈમાન નથી લાવ્યા તેઓનો મસ્અલો શૈતાન જેવો જ છે અને તેઓ શૈતાનના ભાઈ છે. કારણ કે શૈતાનને પણ એ વાતની ખબર હતી અને એ જાણતો હતો કે સત્ય અધિકાર ખુદા ત્આલાનો છે અને સત્ય ફઝીલત ખુદા ત્આલાની અર્પણ કરેલી છે. તે પોતાના અધિકારથી જેને ઈચ્છે તેને પોતાની બારગાહનો મહબૂબ બનાવે અને ફઝીલતનો તાજ તેને પહેરાવે. તેમાં મખ્લૂકને બોલવાનો કોઈ જ અધિકાર નથી. પરંતુ શૈતાને આ મસ્અલો જાણવા છતાં હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ની ફઝીલત ન સ્વીકારી અને હસદની અગ્નિમાં બળવા લાગ્યો. તેનાથી હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ને કોઈ નુકસાન ન થયું પણ શૈતાનને એ નુકસાન

થયું કે, જે ખુદાની બારગાહમાં તેનું પદ હતું તે ગયું અને ખુદા ત્આલા તેનાથી હમેશાં માટે નારાજ થઈ ગયો અને તે જહન્નમી બની ગયો. જો કે શૈતાનને ખબર પણ હતી કે જેમ અલ્લાહ ત્આલાએ મને ફઝીલત આપી છે તેમ તે ઈચ્છે તો મારાથી અધિક ફઝીલત બીજા કોઈને પણ આપી શકે છે ? પરંતુ હસદની અગ્નિમાં બળવાને લઈને તે અલ્લાહનો અધિકાર ભૂલી ગયો અને અલ્લાહના કામ પર સવાલ કરવા લાગ્યો. જો શૈતાન પાસે હસદ ન હોત તો ઉમ્મીદ હતી તે આ પ્રમાણે ફેંકાઈ ન જતો. બસ આજ હાલ અહલે કિતાબ યહૂદી અને ઈસાઈનો છે કે, તેમણે હસદને લઈને હક કબૂલવાથી ઈન્કાર કર્યો અને કહેવા લાગ્યા, અંતિમ નબી બનૂ ઈસ્હાકમાંથી કેમ નથી ? અરે ભાઈ ! ખુદાનો અધિકાર છે. જેમાંથી ઈચ્છે અંતિમ નબીને મોકલે. તેણે પોતાના અધિકારથી બની ઈસ્માઈલને ફઝીલત આપી તો તેમાં તમારૂં શું બગડે છે ? કબૂલ કરી લો, ફાયદો તમને છે કે તમે તમારા દીન પર ઈમાન લાવ્યા, અને અંતિમ નબીના દીન પર પણ ઈમાન લાવ્યા, ડલબ સવાલ તમને પ્રાપ્ત થશે. પરંતુ તમે હસદને લઈને ઈસ્લામના શત્રુ બન્યા તો તમે ગમે તેટલા હાથ પગ મારીને પણ ઈસ્લામની પ્રગતિ ન રોકી શકયા અને તમને એ નુકસાન થયું કે તમે બદમાશી કરીને તમારો દીન તો ગુમાવ્યો પણ ઈસ્લામની દોલતથી પણ મેહરૂમ રહ્યા. આજે તમારા અસંખ્ય ભાઈઓ તમારા દીનનો ઈન્કાર કરે છે જ્યારે કે તેઓ પ્રથમ પોતાને ઈસાઈ કહેતા હતા. આજે તેઓ નાસ્તિક છે અને ધર્મનો તો ધર્મનો ખુદાનો પણ ઈન્કાર કરે છે ! તેઓ અમારા તો ન બન્યા પણ તમારા હાથમાંથી પણ ગયા !

## ★ પાદરીઓએ પબ્લિકને અંધારામાં રાખી ★

પબ્લિક પોતાના ધર્મના આલિમોને માનતી હોય છે અને ધર્મ બાબતે તેમની વાતોને સ્વીકારતી હોય છે, પરંતુ ધર્મગુરૂઓનો મસ્અલો ઘણો જ બારિક છે અને તે બાબતે પૂરતું ધ્યાન આપવામાં ન આવે તો ધર્મ બાબતે નુકસાનનો સામનો કરવો પડે છે અને દરેક ધર્મમાં આ પ્રમાણેના અસંખ્ય દાખલાઓ મૌજૂદ છે. મુસલમાનોમાં





પણ અસંખ્ય વિવાદો જોવા મળે છે. જો કે દરેક વિવાદ ખોટો નથી હોતો. પરંતુ અકીદા અને માન્યતા બાબતે થતો વિવાદ જરૂરથી ખોટો છે અને તે મુસલમાનોમાં અને બીજા ધર્મોમાં ધર્મગુરૂ લોકોથી જ થયું છે. એ જ પ્રમાણે ઈસાઈઓ અને યહૂદીઓમાં એમના અંગત વિવાદો છે અને એમનામાં પણ અલગ અલગ ફિર્કાઓ છે, પરંતુ ઈસ્લામ બાબતે પબ્લિકને અંધારામાં રાખનાર પણ પાદરી લોકો છે. એટલે પબ્લિકે દરેક વાતમાં ધર્મગુરૂની વાત સ્વીકારવી ન જોઈએ. પોતે પણ વિચાર કરવો જોઈએ અને અલ્લાહની કિતાબોમાં ધ્યાન કરવું જોઈએ. હક ખુદાની કિતાબોમાં હોય છે ધર્મગુરૂમાં નહીં, જો ધર્મગુરૂ કિતાબ પર ચાલતો હોય અને કિતાબની વાત બતાવતો હોય તો તે સાચો છે. નહીં તો ધર્મગુરૂની વાત પણ માનવામાં આવશે નહીં, પરંતુ દુનિયામાં લોકોની આ બાબતે ભૂલ થાય છે જેને લઈને તેમના અકીદાઓ બદલાય જાય છે અને વિવાદ ઉભો થાય છે. પાદરીઓએ માલદારોને ખૂશ રાખવા માટે ખુદાના આદેશોમાં ફેરફાર કર્યો છે. બલ્કે તેમણે ખુદાની કિતાબોને ગાયબ કરી પોતાની લખેલી કિતાબોને ખ્યાતિ આપી અને તેને ખુદાની કિતાબ કહી લોકોને અંધારામાં રાખ્યા. જેનો ઉલ્લેખ થઈ ગયો છે કે, આજે અહલે કિતાબ પાસે અસલ કિતાબો નથી. બલ્કે પાદરીઓ અને હવારીઓના લખેલા જીવન ચારિત્ર છે જેમાં પોતાના શબ્દોમાં સાંભળેલી વાતો અને કિસ્સા કહાનીઓ છે, અને હવારીઓના લખેલા જીવન ચરિત્રમાં પણ કેટલો ફેરફાર થયો હશે. એ તો ખુદા જ જાણે, જો અહલે કિતાબ પોતાની કિતાબો પર રિસર્ચ કરે તો તેમની કિતાબોની વાસ્તવિકતા તેમના પર જાહેર થઈ જશે અને તેના બનાવટી હોવામાં કોઈ શંકા રહેશે નહીં અને જ્યારે તેમને પોતાની કિતાબોની વાસ્તવિકતાનું ઈલ્મ થઈ જશે તો તેમને એકમતીથી કહેવું જ પડશે કે કુર્આન જેવી કોઈ કિતાબ નથી અને કુર્આનનું રક્ષણ જે પ્રમાણે થયું તેવું રક્ષણ કોઈ કિતાબનું થયું જ નથી. એટલે જ અલ્લાહ તબારક વ ત્આલાએ ઈર્શાદ ફર્માવ્યો : ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ فِيْهِ

## ★ હઝરત ઉમરનો વિચાર વહીથી નિકટ ★

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો વિચાર વહીથી નિકટ હતો અને ઘણા બધા વહી દ્વારા ઉતરેલા હુકમો એવા છે જેના પર પ્રથમ મશ્વેરો અમીરૂલ મુઅમેનીન હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ નો હતો અને પછી તે પ્રમાણે વહી ઉતરી. તે જ ઉમર ફારૂક આઝમે જંગે યમામા પછી હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ ની ખિદમતમાં પોતાનો મશ્વેરો રજુ કર્યો. જે જંગમાં એક રિવાયત મુજબ આઠસો અને એક રિવાયત મુજબ બારસો સહાબા શહીદ થયા હતા તેમાં અધિક સંખ્યા હાફિઝોની હતી. આપે ફર્માવ્યું, કુર્આનને એકઠું કરી લેવામાં આવે. કારણ કે અવાર નવાર લડાઈઓ થતી રહે છે અને તેમાં હાફિઝો પણ શહીદ થાય છે. જો કુર્આનને એકઠું કરવામાં નહીં આવે તો તેનો અમુક ભાગ મુસલમાનોના હાથોમાંથી ચાલ્યો જશે. તો આપના મશ્વેરા બાદ કુર્આન શરીફ એક જગાએ કરવાનું કામ શરૂ થયું અને આ જવાબદારી હાફિઝે કુર્આન હઝરત ઝૈદ બિન ષાબિત رضی اللہ عنہ ને આપવામાં આવી, જેઓ કુર્આનની વહી લાવવા માટે નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી ચૂંટવામાં આવ્યા હતા. આપ હાફિઝ પણ હતા અને વહી લખતા પણ હતા એટલે આપને કુર્આન બાબતે વધુ અનુભવ હતો.

## ★ કુર્આનને એકત્ર કરનાર પ્રથમ વ્યકિત અબૂ બક્ર સિદ્દીક છે ★

અમીરૂલ મુઅમેનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને જામેએ આયાતે કુર્આન કહેવામાં આવે છે. તેનું કારણ તમને બતાવામાં આવશે પરંતુ કુર્આન એકત્ર કરવા બાબતે પહેલો આદેશ હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ નો હતો. એકત્ર કરેલું કુર્આન પાસે રહ્યું. આપની વફાત બાદ હઝરત ઉમર પાસે રહ્યું અને હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ ની ખિલાફતના જમાનામાં જ્યારે કુર્આનમાં નહીં,





કુર્આનની કિરાઅત અને તિલાવતમાં જ્યારે વિવાદ ઉભો થયો અને આપને ખતરો લાગવા માંડયો કે અહલે કિતાબ યહૂદી અને ઈસાઈ જેવું કામ ખુદાની કિતાબ સાથે ન થાય જેથી આપે સહાબાએ કિરામને એકત્ર કરી તેમની સમક્ષ ઉપરોકત ખતરો રજુ કર્યો અને લોકોએ જ્યારે એ બાબતે આપને કોશિશ કરવા કહ્યું તો આપે વિવાદાસ્પદ કિરાઅતવાળા નુસ્ખાઓ મંગાવી તેને સળગાવી દીધા અને હઝરત હફસા رضی اللہ عنہا, પાસે જે નુસ્ખો હતો, જેના પર પ્રથમ સહાબામાં એકમતી થઈ ગઈ હતી અને તેમાં કુરૈશની લોગાત મુજબ હતું અને કુર્આન તે જ લોગાતમાં નાઝિલ થયું હતું. તેના લગભગ સાત નુસ્ખાઓ લખાવી અલગ અલગ રાજ્યોમાં રવાના કર્યા.

## ★ કુર્આન એકત્ર કરવાનો આરંભ હદીષના પ્રકાશમાં ★

બુખારી શરીફમાં છે, હઝરત ઝૈદ બિન ષાબિત رضی اللہ عنہ એ ફર્માવ્યું, હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ એ યમામાવાળાઓનો કત્લ થયો તે સમયે મારી પાસે (માણસ) મોકલ્યો (મને બોલાવવા માટે) (જ્યારે હું આપની ખિદમતમાં હાજર થયો) તો (મેં જોયું કે) હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ આપની પાસે (પધારેલ) હતા. હઝરત અબૂ બકર رضی اللہ عنہ એ ફર્માવ્યું : બેશક ! ઉમર મારી પાસે આવ્યા અને ફર્માવ્યું કે યમામાના દિવસે કુર્આનના કારીઓ સાથે કત્લ ગરમ રહ્યો (કત્લ ચાલુ રહી) અને બેશક ! મને ખતરો લાગે છે કે અલગ અલગ જગાઓ પર કુર્આનના હાફિઝોનો કત્લ ગરમ રહેશે તો કુર્આનનો મોટો ભાગ જતો રહેશે. તો મારો મશ્વરો એ છે કે આપ કુર્આન એકત્ર કરવાનો આદેશ આપો. મેં કહ્યું, ઉમરને તમે એ કામ કેવી રીતે કરશો જેને صلی اللہ تعالیٰ علیہ وسلم એ નથી કર્યું ? તો હઝરત ઉમરે ફર્માવ્યું, અલ્લાહ ત્આલાની કસમ ! આ કામ ઉત્તમ છે. હઝરત ઉમર મારાથી વારંવાર કહેતા રહ્યા, ત્યાં સુધી કે અલ્લાહ ત્આલાએ મારો સીનો એના માટે વિશાળ કરી દીધો અને મને પણ તેમાં એ જ ફાયદો

જણાયો જે ઉમરને જણાયો. હઝરત ઝૈદે કહ્યું, હઝરત અબૂ બકરે ફર્માવ્યું કે તમે એક સમજદાર નવ જવાન છો ! તમે વહી લખતા હતા. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم માટે તમે કુર્આન શોધો અને કિતાબમાં ભેગુ કરો (હઝરત ઝૈદ ફર્માવે છે) જો તેઓ મને કોઈ પહાડ ખસેડવાની જવાબદારી આપતા તો તે મને ભારે ન લાગતી પણ આપના કુર્આન એકત્ર કરવાના હુકમથી હઝરત ઝૈદ કહે છે મેં વિનંતિ કરી જે કામ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ નથી કર્યું તે તમે શી રીતે કરશો ? આપે ફર્માવ્યું, પણ તે અતિ ઉત્તમ છે ! હઝરત અબૂ બકર વારંવાર ફર્માવતા રહ્યા ત્યાં સુધી કે અલ્લાહ ત્આલાએ મારો સીનો તે કામ માટે વિશાળ કરી આપ્યો, જેના માટે હઝરત અબૂ બકર અને હઝરત ઉમરનો સીનો વિશાળ કર્યો. સારાંશ એ કે મેં કુર્આન એકત્ર કરવાનું શરૂ કર્યું. ખજૂરની ડાળીઓમાંથી સફેદ પથ્થરોમાંથી અને લોકોના સીનાઓમાંથી (હાફિઝો પાસેથી). ત્યાં સુધી કે સૂરએ તૌબાનો અંતિમ ભાગ હઝરત અબૂ ખુઝૈફા અન્સારી પાસેથી મળ્યો અને આ ભાગ મને તેમની સિવાય બીજા પાસેથી ન મળ્યો અને તે ભાગ આ છે :– لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ અંતિમ સૂરત સુધી (મારા એકત્ર કરેલા) ભાગો હઝરત અબૂ બકર પાસે તેમની વફાત સુધી રહ્યા. ત્યાર બાદ હઝરત ઉમર પાસે રહ્યા. ત્યાર બાદ જીવન ર્પંત હઝરત ઉમરની સાહેબઝાદી હઝરતે હફ્સા પાસે રહ્યા.

## ★ કુર્આનના નુસ્ખામાં એકમતી ★

ઉપરોકત હદીષથી એ જાણવા મળ્યું કે કુર્આન શરીફની એક આયત પણ લખવાની રહી ગઈ નથી અને એ નુસ્ખા પર સહાબાએ કિરામની એકમતી રહી. એટલે એ બાબતે વિવાદ સાંભળ વા નથી મળતો. હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ ની ખિલાફતના જમાનામાં પણ એકમતી રહી. કોઈ વિવાદ જોવા નથી મળતો અને તે વખતે કુર્આનનું લખાણ પણ મૌજૂદ હતું અને સહાબામાં હાફિઝો



''કુર્આન'' એક ઝિંદા મો'જેઝો

પણ હતા. એટલે કોઈ પ્રકારનો ફેરફાર હોતો તો જરૂર તેઓમાં તેની ચર્ચા થતી, પણ એવું નથી. એટલે કુર્આન જેવું ઉતર્યું તેવું યાદ કરવામાં આવ્યું અને તેવું જ લખવામાં આવ્યું. એટલે જ કે કુર્આન શરીફનું રક્ષણ ખુદા તઆલાના કરમથી તેની જવાબદારીમાં છે, પછી તેમાં કોઈ પ્રકારનો ફેરફાર કેવી રીતે આવી શકે છે.

## ★ કિરાઅતમાં વિવાદ ★

ઈસ્લામ વિરોધી શકિતઓ તરફથી કયારેક એવો પણ સવાલ કરવામાં આવે છે કે સહાબામાં પણ કુર્આન બાબતે વિવાદ હતો, જુદા જુદા ઈલાકામાં જુદી જુદી રીતે કુર્આન પઢવામાં આવતું હતું. જો કુર્આનનું રક્ષણ થયું છે અને એમાં કોઈ ફેરફાર નથી થયો તો કુર્આનના પ્રથમ જમાનામાં સહાબામાં વિવાદ કેમ કરી થયો ? એટલે હે મુસલમાનો ! તમે કહો છો તૌરેત અને ઈન્જીલમાં ફેરફાર થયો છે, તો તમારૂં કુર્આન પણ તે જ અયબ ધરાવે છે !

## ★ ઉપરોકત પ્રશ્નનો ઉત્તર ★

અમે જે તૌરેત અને ઈન્જીલ બાબતે કહીએ છીએ તેમાં અને કુર્આનમાં ફરક છે. તૌરેત અને ઈન્જીલ તો અસલ કિતાબો જ નથી. અસલ કિતાબો ગાયબ કરીને હવારીઓ (તેમના સાથી સહાબા) અને પાદરીઓના શબ્દોમાં જીવન ચારિત્ર અને કિસ્સા કહાનીઓ લખવામાં આવી છે જે વિષે ઉલ્લેખ થઈ ગયો છે અને તમારો ખુદાની કિતાબો બાબતે એવો વિવાદ છે જેનાથી હુકમો પણ બદલી નાખવામાં આવ્યા છે. જયારે કુર્આનમાં જે વિવાદ હતો હકીકતમાં નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી રજા આપવામાં આવી હતી. અને દરેકને એ વાતની ખબર છે કે ઈલાકા બદલવાથી બોલી બદલાય છે જયારે કે મૂળ ભાષા બધાંની એક જ હોય છે. ગુજરાતીમાં કહેવામાં આવે છે બાર ઘવે બોલી બદલાય, એટલે કે ઉચ્ચાર અને સ્ટાઈલ બદલાય છે. ઉચ્ચાર અને સ્ટાઈલના ફરકથી એવું નથી કહી શકાતું

કે તેઓની ભાષામાં ફરક છે ? એ જ પ્રમાણે અરબના જુદા જુદા કબીલાઓની ભાષા તો અરબી હતી, પરંતુ તેમના ઉચ્ચારમાં ફરક હતો અને તેઓ કુર્આનને પોતાના લબો લહેજામાં પઢતા હતા અને લબો લહેજાના ફરકથી નથી માયનો બદલાતો કે નથી મૂળ હુકમમાં કોઈ ફરક આવતો, પછી કિરાઅતના ઉચ્ચારી ફરકને કુર્આનના વિવાદમાં શામિલ કરવું તદ્દન અક્કલથી પડેલી વાત છે.

## ★ જુદી જુદી કિરાઅત બાબતે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની રજા ★

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી જુદા જુદા કબીલાઓને તેમના લબો લહેજા પ્રમાણે કિરાઅત પઢવાની રજા આપવામાં આવી હતી. અને સહાબા સરકારે મદીનાની રજાથી જુદી જુદી કિરાઅત પઢતા હતા.

બુખારી અને મુસ્લિમ શરીફમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. આપે ફરમાવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, હઝરત જિબ્રઈલે પ્રથમ વખત મને એક કિરાઅત (ઢબમાં)થી કુર્આન પઢાવ્યું, પછી (મેં મારી ઉમ્મતની સહૂલત માટે) વારંવાર માંગ કરી અને વધારો કરાવતો રહ્યો અને મારા માટે વધારો થતો રહ્યો. ત્યાં સુધી કે સાત ઢબે પહોંચી. હઝરત ઈબ્ને શિહાબે કહ્યું : મને એ વાત પહોંચી છે કે આ સાત કિરાઅતો (ઢબો) હુકમમાં એક છે. હલાલ અને હરામમાં વિવાદાસ્પદ નથી.

ઉપરોકત હદીષે પાકથી જાણવા મળ્યું કે કિરાઅત બાબતે કુર્આનનો વિવાદ સત્ય વિવાદ નથી અને તેનાથી કુર્આનના રક્ષણમાં કોઈ ફરક આવતો નથી. આ વિવાદ માત્ર ઉચ્ચારનો અને ઢબોનો છે અને નબી તરફથી તેની રજા આપવામાં આવી હતી. જો માત્ર કુરૈશના લબો લહેજામાં કુર્આનની કિરાઅત જરૂરી કરી દેવામાં આવતી તો અરબ બાહ્યના લોકો માટે તો એ કામ કષ્ટદાયક બની જતું. પરંતુ





અરબના કબીલાઓનો એક લબો લહેજો ભાષાના આધારે ખાસ હતો. તેમના માટે કુર્આનની કિરાઅત આપણાથી વધારે કષ્ટદાયક બની જતી. પરંતુ સરકારે મદીનાની માંગથી અલ્લાહ ત્આલાએ આપણને સહૂલત આપી છે. અને એકથી અધિક સાત પધ્ધતિમાં કુર્આન શરીફ પઢવાની ખુદા તરફથી પરવાનગી મળી.

## ★ હુઝૂરની માંગ અને ખુદાની અતા ★

હઝરતે ઓબેય બિન કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે, આપે ફરમાવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામ સાથે મુલાકાત થઈ. આપે ઈર્શાદ ફરમાવ્યો : અય જિબ્રઈલ ! મને અણપઢ લોકો તરફ નબી બનાવીને મોકલવામાં આવ્યો છે. તેઓમાં વૃધ્ધ, ડોસા, બાળકો અને બાળકીઓ છે અને એ કોમમાં એવો માણસ પણ છે જેણે કયારેય પણ કિતાબ નથી પઢી. આપે વિનંતી કરી, અય મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم બેશક ! કુર્આન સાત કિરાઅતોમાં ઉતારવામાં આવ્યું છે. (તિર્મિઝી શરીફ) અબૂ દાવૂદ અને અહમદ رضی اللہ عنہما ની રિવાયતમાં આટલો વધારો છે, "તેઓ પૈકી દરેક કાફી અને શાફી છે." નસાઈની રિવાયતમાં છે : નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બેશક ! જિબ્રઈલ અને મીકાઈલ મારી પાસે આવ્યા. જિબ્રઈલ મારી જમણી બાજુ અને મીકાઈલ મારી ડાબી બાજુ બેઠા તો હઝરત જિબ્રઈલે વિનંતિ કરી આપ કુર્આનને એક જ કિરાઅતમાં પઢો. હઝરત મીકાઈલે વિનંતી કરી, તમે એકથી અધિકની માંગ કરો ! ત્યાં સુધી કે સાત કિરાઅતો થઈ, દરેક શાફી અને કાફી.

ઉપરોકત હદીષે પાકથી જાણવા મળ્યું કે અલ્લાહ ત્આલા તરફથી હઝરત જિબ્રઈલ અને મીકાઈલ علیہم السلام ને સરકારે મદીનાની ખિદમતમાં મોકલવામાં આવ્યા હતા. જેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એકથી અધિક પ્રકારની કુર્આનની કિરાઅત કરી શકવાની માંગ કરે અને અલ્લાહ ત્આલા હુઝૂરની માંગ આપની

ઉમ્મતની સહુલત માટે પૂરી ફર્માવે. ઉમ્મતમાં અલગ અલગ કબીલા અને ખાનદાનના લોકો હતા. ભાષા સર્વેની અરબી પણ ઉચ્ચાર શ્રેણીમાં તફાવત. વળી કુર્આની કિરાઅતનો શોખ કોને ન હોય ? સર્વેની એ ઈચ્છા કે હું કુર્આનની અધિકથી અધિક તિલાવત કરૂં. વૃધ્ધ અને બાળકોને એક પ્રકારની ઉચ્ચાર શ્રેણીમાં તકલીફ પડી શકે છે. તો અલ્લાહ ત્આલાએ પોતાની કૃપાથી હુઝૂરની માંગ આપણા માટે કબૂલ ફર્માવી અને સાત પધ્ધતિમાં કુર્આનની તિલાવતની રજા મળી.

જેઓ કુર્આનની અલગ અલગ સાત કિરાઅતોને કુર્આનનો વિવાદ સમજે છે અને કુર્આનના રક્ષણ બાબતે શંકા કરે છે તેમણે હદીસો પર લક્ષ આપવું જોઈએ કે, કિરાઅતનો અને ઉચ્ચાર શ્રેણીનો તફાવત કુર્આનના રક્ષણમાં નુકસાની નથી કરી શકતો. કારણ કે રક્ષણમાં ફરક કયારે આવે છે જ્યારે લોકો આપમેળે કંઈ ફેરફાર કરે. જેમ કે હે ઈસાઈઓ અને યહૂદીઓ ! તમે ખુદાની કિતાબોમાં કર્યું છે. પરંતુ અમારા કુર્આન બાબતે સાત કિરાઅતોની રજા અમને સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી આપવામાં આવી છે અને આપને અલ્લાહ ત્આલા તરફથી રજા મળી છે. જયારે રક્ષણ કરનાર ખુદા રજા આપે તો પછી તે વાત વિવાદાસ્પદ કયાં રહે છે ? અને શું તમે બતાવી શકો છો કે તમારી પાસે જે કિતાબો છે તેના શબ્દોનું તમે રક્ષણ કર્યું છે ? અને ખુદાની કિતાબમાં કોઈ ફેરફારની તમને રજા મળી છે ? તેનો હવાલો આપી શકો છો ?

જ્યારે એ સાબિત થઈ ગયું કે સાત કિરાઅતોમાં લબો લહેજા, ઢબ અને પધ્ધતિમાં તફાવત છે, તેનાથી કુર્આન શરીફના હુકમોમાં કોઈ તફાવત આવતો નથી તો પછી રક્ષણ વિરૂધ્ધ કયાં છે ? અને જયારે સાત કિરાઅતોનો ખુદાઈ આદેશ છે તો સાત કિરાઅતો પણ રક્ષણમાં જ સામેલ છે. પછી સવાલ ઉપસ્થિત નથી થઈ શકતો.

## ★ કુર્આનના રક્ષણની ચિંતા ★

તમે એ વાત તો જાણી લીધી કે સરકાર મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم





કુર્આનના પ્રથમ હાફિઝ હતા અને સહાબાએ કિરામમાં પણ સેંકડો હાફિઝે કુર્આન બન્યા હતા. પરંતુ કુર્આનનો આધાર માત્ર દિમાગ પર ન હતો, બલ્કે નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم કુર્આનની વહી લખાવી લેતા હતા. એટલે કુર્આન નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلمની હાજરીમાં જ લખવામાં આવ્યું હતું. એટલે એ વાતમાં તો કોઈને શંકા નથી કે પ્રથમ કુર્આન નબીની હાજરીમાં આપના આદેશથી લખવામાં આવ્યું હતું. હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہએ કુર્આન એકત્ર કરવાનો આદેશ આપ્યો. એનો મતલબ માત્ર એ હતો કે હુઝૂરના ઈર્શાદથી વહી લખનાર કાતિબોની એક મોટી સંખ્યા હતી અને આપ અમુકને અમુક સૂરતો લખાવતા હતા. એટલે કુર્આન તો આખું જ લખાએલું હતું પણ અલગ અલગ કાતિબો પાસે, તો આપે તેને એકત્ર કરી પોતાના રક્ષણમાં રાખ્યું અને એનું કારણ એ પણ હતું કે કાફિરો સાથે સતત લડાઈઓ ચાલી રહી હતી અને અવાર નવાર લડાઈઓમાં સહાબાની શહાદત થતી રહેતી હતી. જો કોઈ સહાબી પાસે કુર્આનના લખાણનો કોઈ ભાગ હોય અને તેમની શહાદત થઈ જાય અને તેઓ કુર્આનના તે ભાગ બાબતે બતાવી ન શકે તો લખાણથી તે ભાગ ચાલ્યો જાય અને ઉમ્મત કુર્આનના તે ભાગથી મહરૂમ બની જાય. એટલે આપે એકત્ર કરાવી પોતાના રક્ષણમાં કરી લીધું. એટલે આમ નથી કહી શકાતું કે હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہના આદેશથી લખવામાં આવ્યું હતું, બલ્કે માત્ર એકત્ર કરવામાં આવ્યું હતું. તે કુર્આન જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ લખાવ્યું હતું. એટલે આ નુસ્ખો જે હઝરત અબૂ બકર સિદ્દીક પાસે હતો તે હુઝૂરના લખાવેલા કુર્આનનો અસલ નુસ્ખો હતો અને સહાબાએ કિરામની તેની ઉપર એકમતી થઈ ગઈ હતી. હઝરત ઉમર ફારૂકે આઝમના રક્ષણમાં પણ આ જ નુસ્ખો રહ્યો અને આપના પર્દો ફર્માવ્યા બાદ આપની સાહેબઝાદી ઉમ્મુલ મુઅમેનીન હઝરત હફસા رضی اللہ عنہا પાસે રહ્યો અને જયારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની ખિલાફતના જમાનામાં અમુક અમુક કિરાઅતો પર નકારાત્મક જવાબ આપવા માંડયો અને તેની ફરિયાદ આપને કરવામાં આવી

તો આપે સહાબાની મોટી સંખ્યાને ભેગી કરી જે પચાસ હજાર લગભગ હતી. તેઓની સમક્ષ આપે કુર્આનની કિરાઅતના વિવાદ વિષે ચિંતા પ્રગટ કરી અને ઈર્શાદ ફર્માવ્યો કે મને એવું લાગે છે કે આજની ઉચ્ચાર શ્રેણીનો રિવાજ કાલે અસલ કુર્આની વિવાદ બની જશે અને લોકોમાં નાઈત્તેફાકી ઉભી થઈ જશે. તો મેં તમને આ બાબતે ચિંતા અને મનન કરવા ભેગા કર્યા છે. તમે કોઈ એવો નિકાલ બતાવો જેથી વિવાદનો ખાત્મો થઈ જાય. લોકોએ આપને વિનંતી કરી કે આપ બતાવો ! આપે તે બાબતે શું ફૈંસલો કરેલો છે ? આપે પોતાની ઈચ્છા પ્રગટ કરી કે અસલ નુસ્ખો જે નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતે લખાવ્યો અને તેને જ અબૂબકર સિદ્દીક رضی اللہ عنہ ની ખિલાફતના જમાનામાં એકત્ર કરવામાં આવ્યો અને તે આજે ઉમ્મુલ મુઅમેનીન હઝરત હફસા رضی اللہ عنہا પાસે તેમના રક્ષણ હેઠળ છે. તેની ઉપર દરેકને એકત્ર કરી દેવામાં આવે અને જુદી જુદી ઉચ્ચાર શ્રેણીના હિસાબે જે જે નુસ્ખાઓ વિવાદનું કારણ બન્યા છે તેને લોકો પાસેથી લઈ લેવામાં આવે અને ભવિષ્યમાં તે બાબતે ફરી વિવાદ ઉભો ન થાય માટે તેને સળગાવી દેવામાં આવે.

સહાબાએ કિરામને એ વાતની તો ખબર હતી જ કે અસલ નુસ્ખો હઝરત હફસા પાસે છે અને વિવાદ ખત્મ કરવા માટે તે જ અસલ નુસ્ખાને આધાર બનાવવો ન્યાય અને ઈન્સાફ છે. તો પચાસ હજારની મોટી સભાએ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની વાતને ટેકો આપ્યો અને આપને કામ આગળ ધપાવાની વિનંતી કરી. તો હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ એ હઝરત હફસા رضی اللہ عنہا પાસેથી તે અસલ નુસ્ખો મંગાવ્યો અને તેમનાથી વાયદો કર્યો કે આને નકલ કર્યા બાદ તમને આ અસલ નુસ્ખો પરત કરવામાં આવશે. તો તે નુસ્ખાથી અબૂ દાવૂદની રિવાયત મુજબ સાત નુસ્ખાઓ લખલામાં આવ્યા. એક નુસ્ખો શામ મોકલવામાં આવ્યો, એક યમન મોકલવામાં આવ્યો, એક બસરા મોકલવામાં આવ્યો, એક બહરૈન મોકલવામાં આવ્યો, એક કૂફા મોકલવામાં આવ્યો, એક મક્કા મોકલવામાં આવ્યો અને





એક મદીનામાં રાખવામાં આવ્યો. આમ સાત નુસ્ખા થયા અને લોકોને તાકીદ સાથે આ નુસ્ખા પર અમલ કરવાનુ કહેવામાં આવ્યું અને વિવાદાસ્પદ નુસ્ખાઓ લઈ લેવામાં આવ્યા.

## ★ કુર્આનના નુસ્ખા સળગાવવામાં કેમ આવ્યા ★

અહીં એ સવાલ ઉપસ્થિત થાય છે કે બીજા નુસ્ખાઓ સળગાવી દેવામાં કેમ આવ્યા ? શું કુર્આનને સળગાવું જાઈઝ છે ? અને શું દફન કરીને આમ કામ ન થઈ શકતું હતું ? તો આ સવાલોનો જવાબ એ છે કે સળગાવવામાં નિય્યત પર ફૈંસલો છે. જો કુર્આનના જુના નુસ્ખા અને ફાટેલા પેજ એટલા માટે સળગાવામાં આવે કે તેની બેઅદબી અને બેહુરમતી ન થઈ શકે, તો તેને નાજાઈઝ નથી કહી શકતા. પરંતુ અદબની જગા મળી શકે એમ હોય તો દફન કરી દેવા જોઈએ, જેથી કોઈને શંકા ન થાય અને જો પાણીમાં નાખી તેના અક્ષરો ઉડાવી દેવામાં આવે તો આમ પણ કરી શકાય છે. પરંતુ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ એટલા માટે સળગાવી દીધા કે અહીં વિવાદ ખત્મ કરવાનો હતો. જો દફન કરવામાં આવે તો બની શકે કે કોઈ લઈ જાય અને ફરી તે ચર્ચાનો સબબ બને અને પાણીમાં નાખવા પર એ ખતરો બાકી રહે છે, જ્યારે કે આગમાં સળગાવી દેવાથી તે રાખ બની જાય અને ફરી કોઈના હાથમાં પહોંચવાનો ખતરો રહી જતો નથી એટલે આપે સળગી દેવામાં જ ભલાઈ જાણી.

## ★ વિવાદ ખત્મ કરવા ઉસ્માને ગનીનો શ્રમ ★

બુખારી શરીફમાં હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત હુઝૈફા બિન યમાન رضی اللہ عنہ અમીરૂલ મુઅમેનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની ખિદમતમાં (ફરિયાદ માટે) આવ્યા. તે સમયે હઝરત ઉસ્માન શામ અને ઈરાકના અરમીના અને આજર બાયજાનની લડાઈ માટે જેહાદની સાધન સામગ્રી ફરમાવી રહ્યા હતા. હઝરતે હુઝૈફાને લોકોના કિરાઅત

બાબતે વિવાદમાં બીક લાગતી. આપે હઝરત ઉસ્માનને વિનંતી કરી, અય અમીરૂલ મુઅમેનીન ! લોકો કિતાબુલ્લાહમાં યહૂદીઓ અને નસરાનીઓ જેવો વિવાદ કરી બેસે તે પહેલાં તમે એનો નિકાલ લઈ આવો. (હઝરત ઉસ્માને આપની વાત સાંભળી) હઝરત હફસા رضی اللہ عنہا પાસે માણસ મોકલ્યો કે આપ કુર્આન મોકલાવો, અમે એને લખાવી તમારી પાસે મોકલી આપીશું. તો હઝરત હફસાએ હઝરત ઉષ્માનને તે મોકલાવ્યું. આપે ઝૈદ બિન હારિષ બિન હિશામને હુકમ આપ્યો તો તેમણે નુસ્ખા લખ્યા. હઝરત ઉસ્માને ત્રણની ટોળીને કહ્યું, જો તમારામાં અને ઝૈદ બિન સાબિતમાં કુર્આનની કોઈ વાતમાં વિવાદ થાય તો તેને કુરૈશની ભાષામાં લખો. કારણ કે કુર્આન તેમની ભાષામાં ઉતર્યું છે. તો તેમણે અમુક નુસ્ખામાં લખવાનું કામ પૂરૂં કર્યું. હઝરત ઉસ્માને જુનો નુસ્ખો હઝરત હફસાને મોકલાવી દીધો. લખેલા નુસ્ખા સઘળા રાજ્યોમાં પહોંચાડયા અને હુકમ સાદિર ફર્માવ્યો કે આ સિવાયના નુસ્ખા જેમાં કુર્આન લખવામાં આવ્યું હોય સળગાવી દેવામાં આવે. હઝરત ઈબ્ને શિહાબે ફર્માવ્યું, મને ખારિજા બિન ઝૈદ બિન ષાબિતે ખબર આપી, તેમણે હઝરતે જૈદ બિન સાબિતથી સાંભળ્યું. આપે ફર્માવ્યું, જયારે અમે કુર્આનના નુસ્ખા લખ્યા ત્યારે સૂરએ અહઝાબની એક આયત મને ન મળી જે હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળતો હતો. આપ તેની તિલાવત ફર્માવતા અને તેની શોધ કરી તો હઝરત ખુઝૈફા બિન સાબિત અન્સારી પાસેથી મળી. مِنَ الْمُؤْمِنِيْنَ رِجَالٌ صَدَقُوْا مَا عَاهَدُوا اللّٰهَ عَلَيْهِ ... અમે કુર્આનમાં તે સૂરતમાં મિલાવી.

## ★ હઝરત ઝૈદને લખવા માટે કેમ ચૂંટવામાં આવ્યા ? ★

હઝરત ઝૈદ બિન સાબિત નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાતિબે વહી હતા અને કુર્આનનો નુસ્ખો હઝરત અબૂ બકર رضی اللہ عنہ ના ફરમાનથી પ્રથમ આપે એકત્ર કર્યો હતો. એટલે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ કુર્આનના બીજા નુસ્ખાઓ નકલ





કરવા માટે આપને પસંદ ફર્માવ્યા. જે આયત છૂટી જવા બાબતે આપે ફર્માવ્યું, તો એનાથી સાબિત થયું કે આપને કુર્આન યાદ હતું અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું પઢવું પણ આપને યાદ હતું અને આપે એટલો ભાગ ન મળવા પર શોધ કરી કે યાદ તો છે પણ લખાણથી તેનો સુબૂત મળવો જોઈએ તો આપને હઝરત ખુઝૈમા પાસેથી લખાણમાં તેનો સુબૂત મળ્યો. આથી એ પણ જાણવા મળ્યું કે કુર્આનમાં એક શબ્દ પણ ઓછો નથી. કુર્આનનું સંપૂર્ણ રક્ષણ થયું છે અને તેમાં કોઈ ફેરફાર થયો નથી.

## ★ કુર્આનનો એક નુસ્ખો હતો તો પછી બીજા કયાંથી આવ્યા ? ★

એક સવાલ અહીં એ ઉપસ્થિત થાય છે કે જ્યારે કુર્આનનો એક નુસ્ખો જે નબીએ અકરમ નૂર મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હાજરીમાં લખવામાં આવ્યો હતો અને તેને એકત્ર કરી ખલીફાઓના રક્ષણમાં રહ્યો હતો, તો પછી બીજા વિવાદાસ્પદ નુસ્ખા લોકોમાં કયાંથી આવ્યા જેને વિવાદ વધવાથી સળગાવવા પડયા ? તો એનો જવાબ એ છે કે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સાત પધ્ધતિથી કુર્આનની તિલાવતની રજા આપી હતી. તો લોકોએ પોતાની સહુલતવાળી પધ્ધતિમાં કુર્આન લખ્યું હોય, જેનાથી અમુક ઝેર ઝબરમાં અને શબ્દોના ઉચ્ચારમાં ફરક આવતો હોય તો પ્રથમ દરેક સાત પધ્ધતિમાંથી એક એક પધ્ધતિને પસંદ કરી હોય પણ આગળ જઈને અમુક લોકોએ પોતાની પધ્ધતિને લક્ષમાં રાખી બીજી પધ્ધતિનો ઈન્કાર કર્યો. જ્યારે સહુલત માટે સાત પધ્ધતિથી પઢવાની રજા હતી તો કોઈને સાતમાંથી એકનો પણ ઈન્કારની રજા નથી. પણ જ્યારે ઈન્કાર કરવા લાગ્યા તો એ ઈન્કાર સત્ય વિવાદ બની જાય જેને લઈને હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ એ કડક પગલાં લીધાં અને બધાંને કુરૈશની પધ્ધતિમાં નુસ્ખાઓ લખી મોકલાવ્યા કે પછી જ્યારે દરેકની પધ્ધતિ એક હોય કોઈને ઈન્કારનો કે વિવાદનો મોકો

ન મળે. તો આ પ્રમાણે વિવાદાસ્પદ નુસ્ખાઓ વજૂદમાં આવ્યા.

## ★ ગેર મુતવાતિર નુસ્ખાઓ દલીલ નથી બની શકતા ★

અમુક ઈસ્લામના શત્રુઓ તરફથી એ પ્રશ્ન પર કરવામાં આવે છે કે અમુક નુસ્ખામાં શબ્દોનો વધારો હતો. જો કુર્આનનું રક્ષણ થયું છે ને એમાં ફેરફાર થયો નથી તો પછી શબ્દોનો વધારો કઈ વાતની દલીલ છે ? એટલે ના છૂટકે એટલું કહેવું જ પડશે કે કુર્આનનું પણ સંપૂર્ણ રક્ષણ નથી થયું અને તેમાં પણ ફેરફાર થયો છે ! હે મુસલમાનો ! તમે અમારી કિતાબો બાબતે ચર્ચા કરો છો તો તમારી કિતાબ કુર્આન પણ એ જ સ્થિતિમાં છે.

## ★ ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર ★

અમારે ત્યાં રિવાયતોથી સુબૂતમાં એક ફાયદો નિયુકત છે. ભારે ભરખમ રિવાયતની મૌજૂદગીમાં તેનાથી હલકી રિવાયત માન્ય રાખવામાં આવતી નથી. માન્ય ન રાખવાનો મતલબ એ કે તેના પર અમલ થતો નથી. તો કુર્આન બાબતે અમે મુતવાતિર રિવાયત પર અમલ કરીએ છીએ અને તેમાં માત્ર સાત કિરાઅતોને શામિલ માનવામાં આવે છે જેને અરબીમાં કિરાઅતે સબઆ કહેવાય છે અને એની અમને અલ્લાહ અને તેના રસૂલ તરફથી રજા આપવામાં આવી છે. એટલે તેને ચર્ચાનું કારણ નથી બનાવી શકતા.

ઉપર અમે ઉલ્લેખ કર્યો કે નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હાજરીમાં આપ તરફથી કુર્આન લખવામાં આવ્યું હતું. અબૂ બકર અને ઉમર رضی اللہ عنہما ની ખિલાફતના જમાનામાં તેને જ એકત્ર કરીને રક્ષણમાં રાખવામાં આવ્યું હતું અને સહાબાએ કિરામની તેના પર એકમતી હતી. જ્યારે ગેરમુતવાતિર રિવાયતોથી બીજા નુસ્ખાઓ પબ્લિકમાં આવ્યા અને તેમાં અમુક શબ્દોનો વધારો હશે અને તે વિવાદનું કારણ બન્યા તો હઝરત અમીરૂલ મુઅમેનીન ઉસ્માન





ગની رضی اللہ عنہ એ પચાસ હજાર સહાબાની મોટી સભામાં કુર્આનના રિવાયતી વિવાદ બાબતે ચર્ચા કરી અને સર્વેની એકમતીથી જે નુસ્ખો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ લખાવ્યો હતો અને તેને એકત્ર કરવામાં આવ્યો હતો અને પછી તે હઝરત હફસાના રક્ષણમાં હતો તેને જ લખાવ્યો અને ઈસ્લામી રાજ્યોમાં રવાના કર્યો. તો અસલ નુસ્ખો ભરોસા પાત્ર છે અને તેનાથી અધિક શબ્દો જો બીજા નુસ્ખાઓમાં મળે તો એ વાતની દલીલ છે કે કોઈ શબ્દની તફસીરમાં નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કંઈ ફર્માવ્યું અને સાંભળનારે તેને કુર્આનના શબ્દોમાં દાખલ કર્યું. વાસ્તવિકતામાં તે તફસીર હતી અને એનો સુબૂત એ જ કે હુઝૂરે જ્યારે લખાવ્યું તેમાં તે શબ્દ ન હતો, જો કુર્આનનો શબ્દ હોત તો હુઝૂર તેને જરૂરથી લખાવતા, પણ ન લખાવવું તફસીર હોવાની દલીલ છે. જ્યારે ઉત્તમતા આપતાં તેની સિવાયના બીજા નુસ્ખાઓને નાબૂદ કરવામાં આવ્યા અને અક્કલનો ફૈંસલો પણ એ જ છે કે જ્યારે વિવાદ ઉભો થાય તો તેને રોકવા માટે મૂળ લખાણને જ ઉત્તમતા આપવામાં આવે અને અહીં આમ જ કરવામાં આવ્યું.

## ★ અમારી સત્યતાની દલીલ ★

વિવાદાસ્પદ નુસ્ખાઓ પર કડક પગલાં અમારી સત્યતાની દલીલ છે. કારણ કે નુસ્ખાઓમાં શબ્દોનો અમુક જગાએ વધારો હતો તે શબ્દો પણ તેઓના ન હતા બલ્કે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુખેથી સાંભળેલા હતા. પણ તે શબ્દો અસલ કુર્આનના નહીં તફસીરના હતા. તો પણ જ્યારે વિવાદ થયો અમે તેને કુર્આન તરીકે માન્ય ન રાખ્યા અને નબીએ પાકનો લખાવેલો અસલ નુસ્ખો ફરી લખાવીને લોકોને તેની ઉપર અમલ કરવાનો આદેશ આપવામાં આવ્યો. શું આ કુર્આનનું રક્ષણ નથી કે જેમાં માત્ર કુર્આન તરીકે જે શબ્દોની વહી થઈ હતી તેને જ કુર્આન તરીકે કબૂલવામાં આવે અને કુર્આનની વહીથી એક શબ્દ વધારે હોય જે નબીએ પોતાના તરફથી તફસીર પેટે ફર્માવ્યો હોય તો તેને તફસીર કહેવામાં આવે. મૂળ કુર્આનથી તેને ખારિજ સમજવામાં આવે.

શું આવું રક્ષણ તમે કોઈ કિતાબનું બતાવી શકો છો ? કે જેમાં નબીના પોતાના શબ્દોને પણ અલગ કરી દેવામાં આવે.

હે યહૂદીઓ અને ઈસાઈઓ ! આ છે અમારી સત્યતા અને આ છે અમારી કિતાબ કુર્આનનું ખુદાઈ રક્ષણ. તમે તો લોકોના શબ્દોમાં લખવામાં આવેલા જીવન ચારિત્રને ખુદાની કિતાબ કહો છો અને તેમાં તમારા અસંખ્ય ફિર્કાઓ છે અને તેઓ કિતાબમાંના અમુક ભાગોનો ઈન્કાર કરે છે. જો નબીના શબ્દ હોત તો પણ માની શકતા હતા પણ એવું તમારી કિતાબમાં નથી ! લખાણ પણ શુભેચ્છકોનું છે. તો પછી તમારે અમારી કિતાબ પર ચર્ચા કરતાં પહેલાં પોતાના ઘરની ખબર લેવી જોઈએ.

## ★ મન્સૂખ (જેનો હુકમ ઉઠી ગયો) આયતો પર ચર્ચા ★

જેમ આગલી કિતાબોના અમુક હુકમો કુર્આનથી મન્સૂખ થયા અને તેનો અમલ કરવો જરૂરી ન રહ્યો. એવી જ રીતે કુર્આન શરીફની અમુક આયતોથી અમુક હુકમો આપવામાં આવ્યા અને પછી તેની બદલીમાં બીજી આયતો નાઝિલ થઈ. પ્રથમ હુકમ ઉઠી ગયો અને નવી નાઝિલ થયેલ પર અમલ થવા લાગ્યો. કુર્આન શરીફ ફુર્કાને હમીદમાં છે અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

مَا نَنْسَخْ مِنْ آيَةٍ أَوْ نُنْسِهَا نَأْتِ بِخَيْرٍ مِنْهَا أَوْ مِثْلِهَا أَلَمْ تَعْلَمْ أَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيرٌ ○

જ્યારે કોઈ આયત અમે મન્સૂખ કરીએ અથવા ભૂલાવી દઈએ તો તેનાથી સારી અથવા તેના જેવી લઈ આવીશું. શું તમને ખબર નથી અલ્લાહ બધું જ કરી શકે છે.

## ★ નસ્ખ ★

શરીઅતની પરિભાષામાં એ છે કે એવો શરઈ હુકમ આવવો જેનાથી આગલો શરઈ હુકમ ઉઠાવી લેવામાં આવે. પ્રથમ હુકમ એક





વખત માટે ખાસ હતો અને તે વખતે તે હુકમ આપવો અલ્લાહની હિકમત હતી. પછી તેની જગાએ બીજો હુકમ આપવામાં આવ્યો જે અલ્લાહની હિકમતથી હતો અને આમ થઈ શકે છે અને થયું પણ છે. આગલી કિતાબોના ઘણા બધા હુકમો હતા જે કુર્આનના હુકમોથી ઉડી ગયા અને તેની ઉપર અમલ નાજાઈઝ થઈ ગયો. જે વખતે અલ્લાહ ત્આલાએ હુકમ આપ્યો ત્યારે પણ તેની હિકમત હતી અને જ્યારે બીજો હુકમ નાઝિલ કરી આગલો હુકમ રદ કર્યો તે પણ તેની હિકમત હતી અને જ્યારે અલ્લાહ ત્આલા અધિકારવાળો છે અને તેના કામ પર કોઈને સવાલ કરવાનો હક નથી તો પછી અલ્લાહે હુકમ આપ્યો અને અલ્લાહે ઉઠાવી લીધો તેમાં કોઈ અચબ નથી. ખુદાની કિતાબમાં અચબ બંદાઓ તરફથી થતા ફેરફારમાં છે અને ખુદા પોતે કોઈ હુકમ બદલી નાખે તો તેને ખુદાની કિતાબનો ફેરફાર નથી કહી શકતા.

## ★ નસ્ખવાળી આયતો ★

જે આયતો કોઈ હુકમ સાબિત કરે અને પછી તેને ઉઠાવી લેવામાં આવે તો બીજી આયત જેનાથી હુકમ ઉઠી જાય તેને નાસિખ અને જેનો હુકમ ઉઠી જાય તેને મન્સૂખ કહેવામાં આવે.

(૨) કિરાઅત બાકી છે પણ હુકમ ઉઠાવી લેવામાં આવે, એટલે કે તિલાવત થાય અને કુર્આનમાં લખવામાં આવે છે પરંતુ તેનો હુકમ મન્સૂખ છે તેની ઉપર અમલ થશે નહીં.

(૩) તિલાવત અને હુકમ બંને મન્સૂખ થઈ જાય. એટલે કે કુર્આનમાં લખવામાં ન આવે અને તેનો હુકમ પણ બાકી ન હોય.

### નં. એકની દલીલ....

الشَّيْخُ وَالشَّيْخَةُ إِذَا زَنَيَا فَارْجُمُوهُمَا الْبَتَّةَ

પરણેલો મરદ અને ઔરત ઝિના કરે તો તેઓને જરૂરથી પથ્થર મારીને મારી નાંખો.

આ આયત કુર્આનમાં નથી જ્યારે કે આનો સમાવેશ પણ

કુર્આનમાં હતો અને પછી તેની તિલાવત મન્સૂખ કરી દેવામાં આવી. આજે પણ આ આયત પર અમલ કરવામાં આવે છે. જેમણે નિકાહ કરીને સંભોગ કરી લીધો હોય અને પછી બીજી ઓરત સાથે જે એના નિકાહમાં નથી અથવા ઓરત બીજા મરદ સાથે જે એના નિકાહમાં નથી તેની સાથે ઝિના કરે અને તેઓ પોતે કબૂલે અથવા ગવાહોથી એમની વાત સાબિત થાય તો તેઓને સંગસાર કરવામાં આવશે. નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં આની ઉપર અમલ રહેલો છે અને ઈસ્લામી લૉ પ્રમાણે ચાલતી ઈસ્લામિક કન્ટ્રીઓમાં આજે પણ આની ઉપર અમલ થઈ રહ્યો છે. સાબિત થયું કે હુકમ બાકી છે. કિરાઅત મન્સૂખ છે.

### ★ નં. બેની દલીલ

وَالَّذِينَ يُتَوَفَّوْنَ مِنكُمْ وَيَذَرُونَ أَزْوَاجًا وَصِيَّةً لِّأَزْوَاجِهِم مَّتَاعًا إِلَى الْحَوْلِ غَيْرَ إِخْرَاجٍ ۚ

અને તમારામાં જે મરી જાય અને પત્નીઓ મૂકી જાય તે પોતાની પત્નીઓ માટે વસિયત કરી જાય ભરણ પોષણની કાઢી મૂકયા વગર એક વર્ષની.

આ આયતથી વિધવા થનાર સ્ત્રી માટે ઈદ્દત એક વર્ષની સાબિત થાય છે અને પ્રથમ આની ઉપર અમલ રહ્યો પણ જ્યારે કુર્આનમાં બીજી આયત નાઝિલ થઈ અને તેમાં વિધવા થનાર સ્ત્રીની ઈદ્દત ચાર મહીના દસ દિવસ બતાવવામાં આવી છે અને બંને પર અમલ નથી થઈ શકતો. તો એ સાબિત થઈ ગયું જે પ્રથમ નાઝિલ થઈ તેનો હુકમ મન્સૂખ થઈ ગયો, હવે તેની ઉપર અમલ કરવામાં આવશે નહીં. બીજી વખત જેનો નુઝૂલ થયો તેની ઉપર અમલ કરવામાં આવશે. તે આયત આ છે :

وَالَّذِينَ يُتَوَفَّوْنَ مِنكُمْ وَيَذَرُونَ أَزْوَاجًا يَتَرَبَّصْنَ بِأَنفُسِهِنَّ أَرْبَعَةَ أَشْهُرٍ وَعَشْرًا ۚ

અને તમારામાં જે મરી જાય અને પત્નીઓ છોડી જાય તે ચાર માસ દસ દિવસ પોતાને રોકી રાખે.





**★ નં. ૩ની દલીલ :–** عَشْرُ رَضَعَاتٍ يُحَرِّمْنَ આની કુર્આનમાં તિલાવત થતી હતી પછી بِخَمْسٍ رَضَعَاتٍ يُحَرِّمْنَ થી તેને મન્સૂખ કરવામાં આવી અને કુર્આનમાં તેને લખવામાં પણ નથી આવતી. સાબિત થયું કે તિલાવત પણ મન્સૂખ થઈ અને હુકમ પણ મન્સૂખ થયો. આ પ્રમાણે નસ્ખથી ત્રણ પ્રકાર વજૂદમાં આવે છે.

## ★ ભૂલાવીને નસ્ખ કરવું ★

બયહકી અને અબૂ દાવૂદની રિવાયત છે. એક સહાબી રાતમાં તહજ્જુદ પઢવા માટે ઉભા થયા અને એક સૂરત પઢવાનો ઈરાદો કર્યો. ઘણી કોશિશ કરી પરંતુ એક શબ્દ પણ યાદ ન આવ્યો. સવારમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અને બીજા સહાબાને પૂછયું : સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : સૂરતની તિલાવત મન્સૂખ થઈ ગઈ છે, દરેકના દિલોમાંથી ભૂલાવી દેવામાં આવી છે અને એનું લખાણ પણ ભૂંસાઈ ગયું છે. અને આ પ્રમાણે બુખારીમાં હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે.

ઉપરોકત રિવાયતોથી એ સાબિત થયું કે કુર્આનની અમુક આયતો ઉઠાવી લેવામાં આવી અને અમુક આયતો જેની તિલાવત મન્સૂખ છે કુર્આનમાં લખવામાં આવતી નથી. પરંતુ અમુક જાહિલો અને ઈસ્લામ શત્રુઓ તરફથી અહીં એક શંકા જાહેર કરવામાં આવે છે અને તેમના તરફથી આ બાબતે કિતાબો લખવામાં આવી છે કે મુસલમાનો જવાબ આપો ! જ્યારે તમે કહો છો કે કુર્આન શરીફનું સંપૂણ રક્ષણ થયું છે અને તેમાં કોઈ પ્રકારનો ફેરફાર થયો નથી તો પછી કુર્આનની જે સૂરત ઉઠાવી લેવામાં આવી તે કુર્આનમાં હતી પછી ચાલી ગઈ ! તો અસલ કુર્આનનો એટલો ભાગ ઓછો થયો કે નહીં ? અને જે આયતોની તિલાવત મન્સૂખ થઈ અને તેને કુર્આનમાં લખવામાં નથી આવતી તો પછી તે કુર્આનનો ભાગ છે અને કુર્આનથી બહાર કરી દેવામાં આવ્યો તો કુર્આનનો એટલો ભાગ ઓછો થયો કે નહીં ? પછી તમે શી રીતે કહો છો કે કુર્આનમાં ફેરફાર નથી થયો

અને આજ પૂરૂં કુર્આન છે અને એની ઉપર ઈમાન લાવવું જરૂરી છે ?! ત્રીજું એ કે તમારી શરીઅતનો કાયદો છે કે કુર્આનની એક આયત શું માત્ર એક શબ્દનો કોઈ જાણવા છતાં ઈન્કાર કરશે તો તે કાફિર છે અને તેણે ફરીથી તૌબા કરી કલ્મો પઢવો પડશે. તો હવે તમે બતાવો, તમે કહો છો કે આ પૂરૂં કુર્આન છે એની જ ઉપર ઈમાન લાવવું જરૂરી છે તો પછી જે ભાગ અલગ કરવામાં આવ્યો છે તેનો ઈન્કાર થશે અને તે કુફ્ર છે અને જો તેને કુર્આનનો ભાગ સ્વીકારો છો તો તમારું કહેવું કે આજ પૂરૂં કુર્આન છે, એની ઉપર ઈમાન રાખવું જરૂરી છે ! કુફ્ર થશે. અને તમે કબૂલ કરી લો કે એ પણ કુર્આનનો ભાગ છે તો પછી એ કુર્આનમાં નથી એટલે કુર્આનમાં ફેરફાર થયો છે અને એનું સંપૂર્ણ રક્ષણ નથી થયું ! અને આ અમારો દા'વો છે કે જેમ તમે અમને કહો છો કે તમારી ઈન્જીલ અને તૌરેતમાં ફેરફાર થયો છે અને તેનું રક્ષણ નથી કરવામાં આવ્યું તો પછી તમારી સમક્ષ એ જ મસ્અલો ફેંણ માંડીને ઉભો છે, છૂટીને કયાં જશો ! **ચાહ કનરા ચાહ દર પેશ**, કૂવો ખોદવાવાળા સમક્ષ કૂવો, તેને ગુજરાતીમાં કહે છે કૂવો ખોદે તે પડે.

ચોથું એ કે એ મુસલમાનો તમારા કુર્આનમાં છે : لَا تَبْدِيلَ لِكَلِمَاتِ اللَّهِ અલ્લાહના શબ્દોની કોઈ ફેરબદલી નથી. અને તમે લોકો કુર્આનની આયતોમાં જે નસ્ખ સાબિત કરો છો તે આ આયત વિરૂધ્ધ છે. કુર્આન તો કહે છે અલ્લાહની વાતોમાં ફેરફાર નથી થતો અને નસ્ખ કુર્આનની આયતોમાં એ સાબિત કરે છે કે ફેરફાર થાય છે. પછી બંને આયતોમાંથી કઈ આયત માનવામાં આવે. જો તમે કહો બંને બરાબર છે તો બંને વિરોધ્ધાર્થી છે. એકને સત્ય માનવાથી બીજાની સત્યતા બાકી રહેતી નથી. અને તમે કહો કે એક સત્ય છે તો એનો સાફ મતલબ એ કે બીજી સત્ય નથી. તો કુર્આનમાં અસત્ય પણ છે ! અને અસત્ય ખુદા તરફથી નથી હોતું. તો સાફ મતલબ એ કે કોઈએ મિલાવટ કરી છે ! અને અમારો દાવો એ જ છે કે તમારી કિતાબમાં પણ ફેરફાર થયો છે.





## ★ અહલે કિતાબનો મકસદ ★

અહલે કિતાબ યહૂદી અને ઈસાઈ હસદ અને ઈર્ષાને લીધે ઈમાન ન લાવ્યા તો તેઓ ઈસ્લામ ધર્મના શત્રુ બની ગયા અને તેઓની ઈચ્છા એ છે કે ઈસ્લામની વાતોમાં શંકા પેદા કરો. નવા નવા સવાલો ઉપસ્થિત કરો અને લોકોને શંકામાં નાખો. જે ઈમાન ન લાવ્યો હોય તે ઈમાન ન લાવે અને ઈસ્લામ તરફ પોતાને નમાવી ન શકે અને જે ઈમાન લઈ આવ્યો છે તે આપણા સવાલોથી શંકામાં પડી જાય અને તેને ઈસ્લામ પર સાચુ ઈમાન ન રહે અથવા તેના દિલમાંથી ઈસ્લામની મહોબ્બત અને પ્રેમ ઓછો થઈ જાય.

## ★ અહલે કિતાબ આપણા દુશ્મન છે કુર્આનની પુકાર ★

કુર્આન શરીફ ફુર્કાને હમીદમાં અહલે કિતાબની શત્રુતાને જાહેર કરવામાં આવી છે કે, યહૂદી અને ઈસાઈમાં વિવાદ છે અને ધર્મ બાબતે બંને એક બીજાના વિરોધી છે, પરંતુ એ તેઓના અંગત મસ્અલાઓ છે. પણ હે મુસલમાનો ! જ્યારે તમારી વારી આવે છે તો તેઓ તમને બરબાદ કરવા એક થઈ જાય છે, એક બીજાના શુભેચ્છક બની જાય છે અને તેઓને પોતાનો અંગત વિવાદ યાદ રહેતો નથી.

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَتَّخِذُوا الْيَهُودَ وَالنَّصَارَىٰ أَوْلِيَاءَ بَعْضُهُمْ أَوْلِيَاءُ بَعْضٍ وَمَنْ يَتَوَلَّهُمْ فَإِنَّهُ مِنْهُمْ إِنَّ اللَّهَ لَا يَهْدِي الْقَوْمَ الظَّالِمِينَ ۔

અય ઈમાનવાળાઓ ! યહૂદીઓ અને ઈસાઈઓને મિત્ર ન બનાવો ! તેઓ અંદરો અંદર એક બીજાના મિત્રો છે અને તમારામાં જે કોઈ તેમની સાથે મિત્રતા રાખશે તે તમારામાંથી જ છે. બેશક ! અલ્લાહ ત્આલા અન્યાય કરનારાઓને માર્ગ આપતો નથી.

## ★ તેઓનો મકસદ કુર્આનના હવાલાથી ★

وَدَّ كَثِيرٌ مِّنْ أَهْلِ الْكِتَابِ
لَوْ يَرُدُّونَكُم مِّن بَعْدِ إِيمَانِكُمْ
كُفَّارًا حَسَدًا مِّنْ عِندِ أَنفُسِهِم
مِّن بَعْدِ مَا تَبَيَّنَ لَهُمُ الْحَقُّ
فَاعْفُوا وَاصْفَحُوا حَتَّىٰ يَأْتِيَ
اللَّهُ بِأَمْرِهِ.

ઘણા કિતાબવાળાઓએ ઈચ્છયું કે કાશ ! તમને ઈમાન પછી કુફ્ર તરફ ફેરવી દે પોતાના દિલોની બળતરાથી. એ પછી કે હક તેઓ પર ખૂબ સ્પષ્ટ થઈ ગયું તો તમે જવા દો ને દરગુઝર કરો ત્યાં સુધી કે અલ્લાહ પોતાનો હુકમ લાવે.

## ★ મુસલમાનોને એક નસીહત ★

ઉપરોકત આયતથી એ જાણવા મળ્યું કે યહૂદી અને ઈસાઈ ઈસ્લામ બાબતે શંકા કેમ પેદા કરે છે અને નવા નવા સવાલો કેમ ઉપસ્થિત કરે છે ? માત્ર એટલા માટે કે તેઓ આપણું ઈમાન અશકત કરે અને આપણા દિમાગમાં ઈસ્લામી વાતોથી શંકા પેદા કરે અને આ નસીહત કુર્આનની છે અને ખુદા ત્આલાએ કરેલી છે. તો આપણે તેમની ખોટી વાતોમાં ન પડવું જોઈએ અને તેમની સાથે ઈલ્મ ન હોય તો ચર્ચા પણ ન કરવી જોઈએ અને જો કોઈ સવાલ તમારા સાંભળવામાં આવે અને તમને કોઈ શંકા થાય તો સારા આલિમથી તેનો જવાબ મેળવી લેવો જોઈએ. જેથી શૈતાનને મોકો ન મળે અને આપણને મજબૂત યકીન પ્રાપ્ત થઈ જાય. અને કોઈ જવાબ આપી શકે તેમ ન લાગે અથવા કોઈના જવાબથી આપણા આત્માને શાંતિ ન થાય તો આપણા અહલે સુન્નતના દારૂલ ઈફતામાં સવાલ લખીને મોકલવો જોઈએ. ત્યાંથી તમને આત્મશાંતિનો જવાબ જરૂરથી મળશે. દારૂલ ઈફતા ઈસ્લામનો રક્ષણ વિભાગ છે. સારાંશ એ કે જહાલતનો શિકાર ન બનો અને શંકા પર અટલ ન રહો. શૈતાનની કામયાબી જહાલત અને શંકામાં છે.





## ★ પહેલા અને બીજા સવાલનો જવાબ ★

અમારો દાવો એ જ છે કે આ કુર્આન જે આજે કિતાબી શકલમાં છે મૂળ કુર્આન છે અને એમાં કોઈ ફેરફાર નથી થયો અને એનું રક્ષણ ખુદા ત્આલા તરફથી થઈ રહ્યું છે અને એની ઉપર ઈમાન રાખવું જરૂરી છે. એના એક શબ્દનો ઈન્કાર જાણવા છતાં કરવો કુફ્ર છે અને એમાં અમારી બેમતી નથી. અમે સર્વ મુસલમાન એકમત છીએ અને તમારા તરફથી નસ્ખનો સવાલ કરવામાં આવ્યો તો કુર્આનની આયતના આધારે અમે નસ્ખ માનીએ છીએ અને હદીષની રિવાયતોના આધારે એ સાબિત થાય છે કે અમુક આયતોમાં નસ્ખ થયો છે. જેનો હવાલા સાથે ઉલલેખ થઈ ગયો છે અને તફસીરે રૂહુલ બયાનમાં એ રિવાયતો નકલ કરવામાં આવી છે. એટલે નસ્ખે આયતને અમે જાઈઝ માનીએ છીએ. તમારો નસ્ખને લક્ષમાં રાખીને એ સવાલ કે કુર્આનનું રક્ષણ નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ દુનિયાથી પર્દો કરી ગયા પછીનો મસ્અલો છે અને નબીએ પાકના પરદો ફર્માવી ગયા બાદ આપનું લખાવેલું કુર્આન એકત્ર કરવામાં આવ્યું અને તે આજ છે જે આજે મુસલમાનના ઘર ઘરમાં ઈમાનનું પ્રકાશ બનીને પધારેલ છે અને જેની તિલાવત થઈ રહી છે. નસ્ખ નબીની હયાતનો મસ્અલો છે. જે કંઈ નસ્ખ થવાનો હતો નબીની હયાતીમાં થઈ ગયો અને ત્યાર બાદ તેનું સંપૂર્ણ રક્ષણ થઈ રહ્યું છે. પછી તમારો સવાલ ઉપસ્થિત થતો જ નથી.

## ★ નસ્ખ ખુદાનો અધિકાર છે ★

ખુદા ત્આલા સંપૂર્ણ અધિકારવાળો છે અને તેણે પોતાના અધિકાર અને ઈરાદાથી કિતાબ નાઝિલ ફરમાવી અને પોતાના અધિકાર અને ઈરાદાથી નબી મોકલ્યા. તો જ્યારે કિતાબ નાઝિલ કરવું અધિકાર અને નબી મોકલવો અધિકાર તો પછી કોઈ હુકમ નાઝિલ કરવો અને તેને પોતાની હિકમતથી એક સમય માટે રાખવો અને સમય પૂરો થયા બાદ તેની જગાએ બીજો હુકમ નાઝિલ કરવો

એ પણ તેનો અધિકાર છે. જેમ આગલી નાઝિલ કરવામાં આવેલી કિતાબો એક સમય માટે હતી પરંતુ બીજા રસૂલ પર બીજી કિતાબ નાઝિલ થઈ તો તેમાં આગલા હુકમોમાં ફેરફાર થયો. અુમક સહુલતો રોકી લેવામાં આવી અને હુકમોમાં સહુલત આપવામાં આવી અને જો આમ ન હોય તો એક કિતાબ પછી બીજી કિતાબ નાઝિલ કરવાની જરૂરત ન હતી. દરેક માટે એક કિતાબ રાખવામાં આવતી. જ્યારે કે આ મસ્અલો અહલે કિતાબને પણ માન્ય છે અને તેઓ અલગ અલગ રસૂલો માટે અલગ અલગ કિતાબો માને છે અને તેમની તૌરેત અને ઈન્જીલમાં તેમના લખાણના આધારે આગલા નબીની કિતાબોનો સમાવેશ છે. તો દરેક રસૂલ માટે એક જ શરીઅત હોય એ જરૂરી નથી અને એનો ઈકરાર તમને પણ છે. તમારી કિતાબ અગલાતનામા પ્રકાશિત ઈ.સ. ૧૮૪૧, પેજ નં. ૩૮માં છે : **અમે ન સાંભળીશું અને દેખીશું મૂસાને એટલા માટે કે તે માત્ર યહૂદીઓ માટે હતો અને અમારો તેનાથી કોઈ સંબંધ નથી.** ત્યાર બાદ લખવામાં આવ્યું છે : **અમે ન મૂસાને ન એની તૌરેતને કબૂલ કરીશું એટલા માટે કે તે ઈસાનો દુશ્મન છે અને જલ્લાદોનો ઉસ્તાદ છે.**

આ લખાણમાં જ્યાં હઝરત મૂસા عليه الصلوٰة والسلام ની બેઅદબી કરવામાં આવી છે ત્યાં એ વાત પણ સાબિત થાય છે કે ઈસાઈઓ મૂસવી શરીઅતને પોતાના માટે કબૂલ કરતા નથી અને પોતાની શરીઅતથી મૂસવી શરીઅતને રદ તથા મન્સૂખ માને છે. તો પછી તમારો સવાલ તમારા માથે તેમજ જવાબ આપો કે મૂસવી અહકામ ખુદાના હતા અને તમારા અહકામ ખુદાના છે તો પછી તમારી શરીઅતથી મૂસાની શરીઅત મન્સૂખ કેમ થઈ ? જો તમે મન્સૂખ ન માનતા હોઉ તો તમારે આગલી શરીઅત પર અમલ કરવો જોઈએ. પરંતુ તમારું લખાણ સાબિત કરે છે કે તમે અમારા કુર્આન પર ચર્ચા કરવા માટે નસ્ખનો ઈન્કાર કરો છો, જ્યારે કે તમારી કિતાબથી નસ્ખ સાબિત અને તમે તેની ઉપર અમલ પણ કરો છો.

હે ઈસાઈઓ અને યહૂદીઓ ! જેમ તમે એક બીજાથી





કિતાબને મન્સૂખ માનો છો એ જ પ્રમાણે અમારી કિતાબ તમારી શરીઅતને મન્સૂખ કરે છે અને જેમ અમારી શરીઅતે તમારી શરીઅત મન્સૂખ કરી એમ જ અમારી શરીઅતના અમુક હુકમો અમુક હુકમોથી મન્સૂખ થયા છે.

અમારું આ કુર્આન સંપૂર્ણ કુર્આન છે અને જે આયતો તિલાવતથી મન્સૂખ થઈ અથવા ભૂલાવી દેવામાં આવી એનાથી કુર્આનના સંપૂર્ણ હોવામાં ફરક પડતો નથી. કારણ કે નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلى الله تعالى عليه وسلم જ્યાં સુધી આ જગતમાં (જાહેરી હયાતમાં) હતા ત્યાં સુધી કુર્આનનું નાઝિલ હોવું ચાલુ હતું. એટલે જ્યારે જેટલું ઉતર્યું તેટલું સંપૂર્ણ રહ્યું. પછી જ્યારે બીજી આયતો ઉતરી ત્યારે સંપૂર્ણ તેને મેળવીને થયું. આમ વધારો થતો રહેતો હતો અને જે કંઈ બદલવાનું હતું તે બદલાઈ ગયું. પછી જ્યારે અમારા નબી આ દુનિયાથી પરદો ફર્માવી ગયા તો કુર્આન એવું સંપૂર્ણ થયું કે, પછી ન કંઈ આવી શકે છે, ન એમાંથી કોઈ શબ્દ ઓછો થઈ શકે છે. એટલે સંપૂર્ણ હુઝૂરના પરદો ફર્માવી ગયા બાદ ગણવામાં આવે છે. તેમાં નથી વધારો કે નથી નસ્ખ. પછી તે કુર્આનમાં ફેરફાર થયો જ નથી. એટલે નસ્ખનો સવાલ નિરર્થક છે.

## ★ જવાબનુ બીજુ પાસુ ★

અમુક આલિમોએ કુર્આનની આયતોમાં નસ્ખનો ઈન્કાર કર્યો છે અને કહ્યું છે કુર્આનની આયતોમાં નસ્ખ નથી થયો અને કુર્આનની આયતથી જે નસ્ખ સાબિત છે તેનો મતલબ તૌરેત અને ઈન્જીલ અને આગલી કિતાબોનો નસ્ખ છે કે કુર્આન શરીફથી આગલી કિતાબોની શરીઅત મન્સૂખ થઈ ગઈ ન કે કુર્આની અમુક આયતોથી અમુક આયતો મન્સૂખ થઈ ગઈ. કારણ કે જેને નાસિખ અને મન્સૂખ કહેવામાં આવે છે રિવાયતમાં બંનેએ એક સ્થિતિમાં હોવું જોઈએ. જે રિવાયતોથી નસ્ખ સાબિત કરવામાં આવે છે તેની રિવાયતો ઝઈફ અને અશકત છે અથવા સહીહ પણ ખબર વાહિદ છે, અને કુર્આન શરીફની દરેક આયત બલ્કે દરેક શબ્દ મુતવાતિર છે. અને કાયદા

પ્રમાણે નાસિખ મન્સૂખ બંનેએ મુતવાતિર હોવું જરૂરી છે અને અહીં બંનેની સ્થિતિ એક નથી એટલે નસ્ખ માનવામાં આવશે નહીં. ઉપરોકત રિવાયતોથી તતબીક અને બંધબેસ્તો જવાબ એ છે કે અમુક વાતો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ તફસીરમાં ફર્માવી તો અમુકે તેને કુર્આન સમજી યાદ રાખી કે લખીને રાખી. પરંતુ એ બધો ફરક ત્યારે જાણવા મળ્યો જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمનું લખાવેલું કુર્આન એકત્ર કરવામાં આવ્યું અને તેને દરેક લખાણ પર ઉત્તમતા આપવામાં આવી. કારણ કે જેમણે પોતે કંઈ લખેલું હોય તેમાં શંકા થઈ શકે છે કે કુર્આન હશે અથવા તફસીર હશે અથવા કોઈની સમજ ફેર થઈ છે પણ જે કલામ હુઝૂરે લખાવ્યું તેમાં એ પ્રકારની શંકા આવી શકતી જ નથી. જ્યારે નસ્ખ છે નથી તો પછી નસ્ખવાળો દરેક સવાલ બેકાર છે.

## ★ કુર્આન બાબતે ચિંતા શાની ? ★

જ્યારે કુર્આનનું લખાણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ કરાવ્યું હતું તો પછી ખિલાફતના જમાનામાં કુર્આન બાબતે ચિંતા કેમ કરવામાં આવી અને તે બાબતે કોશિશો કેમ થઈ ? તો એનો જવાબ એ છે કે, કલામે પાક નબીએ પાકનું લખાવેલું હતું પણ તે એકત્ર ન હતું. જુદા જુદા કાતિબો હતા અને દરેક પાસે અલગ અલગ સૂરતોનું લખાણ કરવામાં આવતું હતું. એટલે ખિલાફતના જમાનામાં નવું કુર્આન લખવામાં નથી આવ્યું અને હાફિઝોએ માત્ર પોતાના હિફઝથી નથી લખ્યું બલ્કે હુઝૂરનું લખેલું એકત્ર કરવામાં આવ્યું હતું અને હઝરત ઉસ્માન ગનીના જમાનામાં જ્યારે કિરાઅતમાં વિવાદ ઉભો થયો અને તેનો ઉલ્લેખ થઈ ગયો છે તો આપે તે અસલ લખાણવાળો નુસ્ખો મંગાવી તેની કોપીઓ કરી ઈસ્લામી મુલ્કોમાં પહોંચતી કરી. કોપીથી લખાણમાં ફરક આવતો નથી.

## ★ ત્રીજા સવાલનો જવાબ ★

તેના એક જવાબનો ઉલ્લેખ થઈ ગયો કે રિવાયતોથી જે





નસ્ખ સાબિત થાય છે તે ખબરે આહાદથી છે અને તેનો ઈન્કાર કુફ્ર નથી અને બીજું એ કે અમે તે રિવાયતોને કુર્આનનો ભાગ નથી માનતા પણ તેને હદીષની રિવાયતોમાં માનીએ છીએ એટલે ઈન્કારનો પ્રશ્ન આવતો જ નથી.

તમારો સવાલ માત્ર તે ભાગથી છે, જેને કુર્આનમાં લખવામાં નથી આવતો. તો તેનો બીજો જવાબ એ છે કે જ્યારે તેની તિલાવત મન્સૂખ થઈ ગઈ તો લખાણવાળા કુર્આનનો તે ભાગ ન રહ્યો. પછી તેના લખાણ પર ઈમાન જરૂરી ન રહ્યું. તેના હુકમ પર ઈમાન જરૂરી રહેશે. જો હુકમ મન્સૂખ ન થયો હોય અને એ પણ ત્યારે જ્યારે રિવાયતી સુબૂત તવાતુર સુધી પહોંચે.

## ★ ચોથા સવાલનો જવાબ ★

અલ્લાહના કલેમાત (શબ્દો) બદલાઈ નથી શકતા. તો આ આયતનો સંબંધ ખબરો બશારતો અને વઈદો સાથે છે. અકાઈદના બયાન સાથે છે જેમાં નસ્ખ થઈ શકતો નથી, અને નસ્ખ સાબિત નથી, પરંતુ શરઈ હુકમોમાં થઈ શકે છે. અને તમે જે આયતનો ઉલ્લેખ કર્યો છે તેમાં પ્રથમ બશારત અને ભલાઈના વાયદાનો ઝિક્ર થયો છે : لَهُمُ الْبُشْرٰى فِي الْحَيٰوةِ الدُّنْيَا وَفِي الْاٰخِرَةِ તેઓ માટે ખુશખબર છે દુનિયા અને આખિરતના જીવનમાં'' અને ત્યાર બાદ છે : لَا تَبْدِيْلَ لِكَلِمٰتِ اللّٰهِ ''અલ્લાહના કલેમાત (શબ્દો) માટે કોઈ રદ્દો બદલ નથી.'' જ્યારે બંને આયતોનો સંબંધ અલગ અલગ વાતોથી છે તો એક બીજા માટે વિરોધાર્થી બની શકતી નથી.વિરોધાર્થી હોવા માટે બંનેનો સંબંધ દરેક દિશાએ એકથી હોવો જરૂરી છે.

## ★ શું તૌરેત અને ઈન્જીલ પર ઈમાન જરૂરી નથી ? ★

આપના ઉપરોકત ઉલ્લેખથી એ વાતની શંકા થાય છે કે જે મન્સૂખ થાય તેની ઉપર ઈમાન જરૂરી ન રહ્યું, તો પછી આગલી

આસ્માની કિતાબો આપણા કુર્આનથી મન્સૂખ છે, જ્યારે કે તેની ઉપર ઈમાન રાખવું જરૂરી છે.

આગલી આસ્માની કિતાબો પર ઈમાન રાખવું જરૂરી છે. એનો મતલબ અસલી અને મૂળ કિતાબો પર જે અલ્લાહ ત્આલા તરફથી નાઝિલ થઈ તેના પર ઈમાન રાખવું જરૂરી છે અને માત્ર કિતાબે તૌરેત, ઝબૂર અને ઈન્જીલ તથા ઈબ્રાહીમ عليه الصلوة والسلام ના સહાઈફનો ઝિક્ર અને બીજી અમુક કિતાબોનો ઝિક્ર કુર્આનથી છે અને કુર્આનનો સુબૂત તવાતુરથી છે અને એની દરેક આયતનો સુબૂત તવાતુરથી છે. એટલે આગલી કિતાબોનો ઝિક્ર કુર્આનના આધારે તવાતુરથી થયો. એટલે અસલી અને મૂળ કિતાબો પર ઈમાન રાખવું જરૂરી છે. પણ આજે જે કિતાબો અહલે કિતાબ પાસે છે તે અસલી અને મૂળ કિતાબો નથી જેનો ઉલ્લેખ થઈ ગયો છે. અને તેમની પાસે જે કિતાબો છે તેનું રક્ષણ સાબિત નથી અને તેની દરેક વાતના સત્ય હોવા પર મુતવાતિર સુબૂત નથી. એટલે એમાંની અકીદા વિરૂધ્ધની વાતો માનવામાં નહીં આવે જે આપણા કુર્આન વિરૂધ્ધ હોય અથવા જેનો હુઝૂરે ઉલ્લેખ કર્યો હોય તેને માનવામાં નહીં આવે. અને જે આપણી કિતાબ વિરૂધ્ધ નથી તેની બાબતે આપણું કુર્આન ખામોશ છે તો આપણે પણ ખામોશ રહીશું. મન્સૂખ બાબતે ઉપરોકત ઉલ્લેખ શત્રુને ખામોશ કરવા માટે છે.

## ★ શિઆઓના વિવાદથી ગેરમુસ્લિમોને ફાયદો ★

શિઆઓની જમાઅત પોતાને અહલે બયતની શુભેચ્છક સમજે છે અને તેઓ અહલે બયત સિવાય કોઈને કંઈ સમજતા નથી. બલ્કે તેઓ સહાબાએ કિરામને ગાળો આપે છે અને સૌથી અધિક બુરાઈ પ્રથમ બે ખલીફાની કરે છે, અમીરૂલ મુઅમેનીન હઝરત અબૂ બકર સિદ્દીક અને અમીરૂલ મુઅમેનીન હઝરત ઉમર ફારૂકે આઝમ رضي الله عنهما ની તેમના નિકટ સાચી શિઆઓ તે જ છે જે લાન તાન અને બુઝુર્ગોની બુરાઈનું કામ કરે. તેઓનું કહેવું એવું છે





કે, પ્રથમ ખલીફા અમીરૂલ મુઅમેનીન હઝરત અલી રદી كرم الله وجهه الكريم હતા અને પછી ખિલાફત તેમની ઓલાદમાં ચાલી. તેઓમાં ઘણાં બધા ફિર્કાઓ છે. દરેકની માન્યતા અલગ અલગ છે પરંતુ તેમની વાસ્તવિકતા એક છે. તેઓનું કહેવું એવું છે કે, અહલે બયતની સૌથી અધિક ફઝીલત છે અને તેમની બરાબરીમાં ઉમ્મતનું કોઈ નથી. પણ તેઓથી તેના આ દાવા પર દલીલ માંગવામાં આવે છે તો તેમની પાસે કોઈ કુર્આની દલીલ નથી હોતી. તો તેઓએ એક વાત ઉપજાવી કાઢી કે કુર્આનનો જે ભાગ અહલે બયતને સંબંધિત હતો તે પ્રથમ તે ખલીફાઓએ કુર્આન એકત્ર કરવામાં ગાયબ કરી દીધો છે જેથી દલીલ ન લાવી શકે. આમ તેઓ આ કુર્આનને સંપૂર્ણ નથી માનતા અને પોતાનો ઉલ્લુ સીધો કરવા ખુદાની કિતાબને શંકામાં નાખવાની નાપાક કોશિશ કરે છે. ભલા જેને કુર્આન શરીફ પર ઈમાન હોય તે કયારે એવો વિચાર પણ નથી લાવી શકતો કે કુર્આનમાં ફેરફાર થયો હશે કે તેમાંનો કોઈ ભાગ ઈરાદા પૂર્વક ગાયબ કરી દેવામાં આવ્યો હશે. કારણ કે કુર્આન પોતાના સંપૂર્ણ હોવાની દલીલ પોતે જ આપે છે કે, મારૂં રક્ષણ લોકોના હાથોમાં ન હતું કે તેઓ ફેરફાર કરતે બલ્કે ખુદાની કુદરતમાં છે અને મારૂં રક્ષણ તે કરી રહ્યો છે, પછી ફેરફાર થવાની કે કોઈ ભાગ ગાયબ થઈ જવાની વાત જ કયાં છે ?

અહલે કિતાબ યહૂદી અને નસરાનીઓને મોકો મળી ગયો કે હે મુસલમાનો ! તમે તો કહો છો તમારા કુર્આનમાં ફેરફાર નથી થયો અને જે પ્રમાણે નાઝિલ થયું હતું તે પ્રમાણે રક્ષણમાં રાખવામાં આવ્યું, પરંતુ તમારો દાવો અમારાથી નહીં બલ્કે તમારા મુસલમાનોના કહેવાથી જ તૂટી રહ્યો છે. કારણ કે તમારા મુસલમાનોમાં શિઆ લોકોનો દાવો છે અને તેમના આલિમોની કિતાબો આ પ્રમાણેની શંકાઓથી ભરેલી છે. પછી તમે આમ નથી કહી શકતા કે તમે અમારા દુશ્મન છે અને તમે જાણી જોઈને કુર્આનમાં શંકા પેદા કરો છો, પણ અહીં તો તમારા ભાઈઓ જ કહી રહ્યા છે કે, કુર્આનમાં ફેરફાર થયો છે અને એના અમુક ભાગો ગાયબ કરી દેવામાં આવ્યા છે અને તમારા ભાઈઓ તરફથી એ રિવાયત પણ

નકલ કરવામાં આવે છે કે હઝરત આઈશા رضی اللہ عنہا પાસે કુર્આનનું અમુક લખાણ હતું જે આપની બકરી ખાઈ ગઈ હતી, તો પછી તમારે તમારા મુસલમાન ભાઈને જ રોકવા જોઈએ ?

આ હતો અહલે કિતાબનો ઉલ્લેખ કે અમે તમારા કુર્આનમાં રક્ષણ પૈકી જે શંકાઓ ઉભી કરી છે તે માત્ર અમારી જ ઉપજાવેલી નથી બલ્કે તમારા મુસલમાનો તરફથી પણ કુર્આન બાબતે શંકાઓ ઉભી કરવામાં આવી છે. એટલે જે કિતાબો અમારી પાસે છે અને અમે કહીએ છીએ કે આ કિતાબો નબીઓ પર ઉતારવામાં આવી હતી અને અમારી પાસે છે, તો તમે કહો છો ફેરફાર થયો છે. તમારા તરફથી તેમાં ફેર બદલી કરવામાં આવી છે, તો હવે તમે બતાવો તમારા કુર્આનનું પણ રક્ષણ નથી અને તમારા મુસલમાનોના કહેવા મુજબ તેમાં પણ ફેરબદલી થઈ છે અને ઘણો બધો ભાગ કુર્આનનો પણ ગાયબ કરી દેવામાં આવ્યો છે. જેમાં તમારા નબીના કુટુંબીઓની તારીફ તેમની બીજા લોકો પર ફઝીલત અને ખિલાફતનું પદ, તેઓના માટે જ ખાસ છે, આ પ્રમાણેની ઘણી બધી વાતો હતી. તમે બતાવો એ તમારા કુર્આનમાં કયાં છે ? તો પછી જે શંકા તમે અમારી કિતાબો બાબતે કરો છો, તમારી કિતાબ પણ અયબોથી પાક નથી ! ગુજરાતીમાં કહેવામાં આવે છે "ઘર ફુટે ઘર જાય, ઘરકો ભેદી લંકા ઢાયે."

## ★ અહલે બૈયતની મહબ્બત નહીં કુર્આનની દુશ્મની ★

મુસલમાનોમાં શિઆ લોકોનો ફિર્કો એવો ખતરનાક છે જેઓ અહલે બયતના ચાહક હોવામાં હક માર્ગે નથી, બલ્કે પાગલ બની ગયા છે અને બીજા મુસલમાન ફિર્કાઓ તો પોતાની વાત સાબિત કરવામાં કુર્આન અને હદીષનો સહારો લે છે ન બને તો ગમે તે આયતના માયનાને ગમે તેમ ફેરવી પોતાની દલીલ બનાવવાની કોશિશ કરે છે. પરંતુ શિઆ લોકો જ્યારે પોતાના અકીદાઓ અને માન્યતાઓમાં દલીલની શોધ કરે છે અને નથી મળતી તો હદીષોમાં





તો મનઘડતથી કામ ચલાવી લે છે. બલ્કે તેમણે હદીષના વિષયને બદનામ કરી આપ્યો હતો. અસંખ્ય હદીષો શિઆ લોકો તરફથી બનાવવામાં આવી હતી અને જૂઠી સનદોથી લોકોમાં ફેલાવવામાં આવી હતી. જો અસ્માઉર્રિજાલના આલિમોએ મુસલમાનો પર અહેસાન અને કૃપા ન કરી હોત તો સમગ્ર મુસ્લિમ જગત ગુમરાહીમાં પડી જતું. પણ જેમ ખુદા ત્આલા પોતાની નાઝિલ કરેલી અંતિમ કિતાબનું પોતાની કૃપાથી રક્ષણ કરે છે તેમ પોતાના દીન અને ધર્મનું પણ તે પોતે પોતાની કૃપાથી રક્ષણ કરી રહ્યો છે એટલે હકમાં કરવામાં આવેલી બાતિલ વાતને ખુદા ત્આલા ગુપ્ત રહેવા દેતો નથી, ગમે ત્યારે ગમે તે બહાને જાહેર કરી આપે છે. તો શિઆઓની બનાવેલી મનઘડત હદીષો પકડાઈ ગઈ અને તેને કિતાબોથી અલગ કરી દેવામાં આવી.જો કે આજે પણ હદીષની કિતાબોમાં અુમક રિવાયતો મનઘડત છે પણ તેના મનઘડત હોવાનું જાહેર કરી દેવામાં આવ્યું છે. આ હતી દિલેરી નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષોમાં, જેમાં તેમના દિલોમાં ખુદાનો ખોફ અને ડર ન આવ્યો કે ભલા આપણી બનાવેલી વાતને રસૂલે પાકની વાત કહીને શી રીતે બયાન કરી શકાય ! જેના વબાલ અને અઝાબમાં શિઆને અલ્લાહ ત્આલાએ અહલે સુન્નત વલ જમાઅતથી અલગ કરી નાખ્યા અને તેમને સત્ય માન્યતા ધરાવવાવાળાઓમાં ગુપ્ત ન રહેવા દીધા. સમગ્ર જગત ઈસ્લામમાં વધુ નહીં તો બે ફિરકા તો કબૂલે છે, સુન્ની અને શિઆ. અને આ પણ ખુદાની કૃપાથી દીન અને ધર્મનું રક્ષણ છે કે, બાતિલ અને અધર્મી એક નામથી ન રહે.

હદીષ બાબતે તો તમે સાંભળ્યું કે હદીષનો આધાર સનદોથી હતો અને સઘળી હદીષો લખીને નબીથી તસ્દીક કરાવવામાં ન આવી હતી. વધુ પડતી હદીષો યાદદાશ્ત પર ચાલી રહી હતી. એટલે જ્યારે હદીષો સનદો સાથે લેવામાં આવી અને તેની રિવાયતોનો લોકોમાં રિવાજ પડયો , તો શિઆ પોતાના દાવામાં કામયાબ થવા માટે બાજીગરી કરી પણ તેમનો મકસદ પૂરો ન થયો. કારણ કે તેઓ સમગ્ર ઈસ્લામી જગતને પોતાની માન્યતા હેઠળ લાવવા માંગતા હતા.

શિઆ લોકોને હદીષોમાં તો ફેરફાર કરવાનો મોકો મળ્યો પણ કુર્આનનો સવાલ હતો કે તે તો નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم લખાવતા હતા અને તેનું સંપૂર્ણ રક્ષણ કરવામાં આવ્યું હતું અને ખુદા ત્આલા તરફથી ચેલેંજ પણ હતું કે તેની જેવું કલામ બની શકશે નહીં. તો શિઆ તેમાં ચિંતિત થયા કે હદીષમાં તો આપણો દાવ ચાલ્યો પણ કુર્આનમાં તો દાવ ચાલી શકશે જ નહીં ! તો તેમણે શૈતાનની મદદથી એક માર્ગ શોધ્યો કે, ત્રણ ખલીફાનો કુર્આન એકત્ર કરવામાં મોટો ફાળો હતો જેથી તેમની ઉપર તોહમત અને આક્ષેપ લગાવો કે કુર્આનમાં અહલે બયતથી મહબ્બત અને અહકામ બાબતે એક ભાગ અલગ હતો અને તેમાં ખિલાફતનું વર્ણન પણ હતું. અને જો તેને બાકી રાખવામાં આવતું તો અહલે બૈયત સિવાય એટલે કે ઔલાદે અલી સિવાય આ માર્ગમાં બીજો કોઈ કામયાબ ન થતો. તો તેમણે અહલે બયતનો આખો ભાગ ગાયબ કરી દીધો અને પોતે ખલીફા થઈ ગયા ! બીજા સહાબા પણ અહલે બયતના દુશ્મન હતા. તેઓ કુર્આનના ગાયબ થયેલ ભાગ વિષે કંઈ ન બોલ્યા અને અહલે બયતનો હક તેમણે પણ મારી લીધો. (મઆઝલ્લાહ)

શિઆ લોકો પોતાને અહલે બયતના ચાહક કહે છે. પરંતુ વિચારવા જેવી વાત એ છે કે, તેઓ અહલે બયતની મહબ્બતમાં કુર્આનના દુશ્મન બની ગયા અને મુસલમાન થઈને સમગ્ર જગતમાં કુર્આન બાબતે શંકા જાહેર કરી અને દુશ્મનોને કંઈક લખવાનો મોકો આપ્યો. એટલે જ હું કહું છું કે શિઆ અહલે બયતથી મહબ્બતના દાવામાં કુર્આનના દુશ્મન છે. કારણ કે તેઓ કુર્આન બાબતે શંકા પેદા કરે છે અને અલ્લાહ ત્આલાના આ ઈર્શાદને ભૂલીને વાત કરે છે :–

إِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَإِنَّا لَهُ لَحَافِظُونَ

બેશક ! અમે કુર્આન ઉતાર્યું અને બેશક ! અમે તેના જરૂર રક્ષક છીએ. અને સહાબાએ કિરામ જેમની બાબતે નબીએ અકરમ નૂર મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : اَلصَّحَابَةُ كُلُّهُمْ عُدُوْلٌ





સઘળા સહાબીઓ ન્યાયી છે તેઓમાંનો કોઈ પણ હક અને ઈન્સાફ છોડીને વાત નથી કરી શકતો. ગલત વાતને હવા નથી આપી શકતો અને જૂઠી વાતનો સપોર્ટ નથી કરી શકતો. પછી શું સહાબા કુર્આનનો ભાગ ઈરાદાપૂર્વક ગાયબ કરે અથવા ગાયબ કરવામાં આવ્યો હોય તો ચુપ રહે ! માનવામાં આવી શકતું જ નથી. બીજી હદીષમાં છે : اَصْحَابِىْ كَالنُّجُوْمِ فَبِاَيِّهِمُ اقْتَدَيْتُمْ اِهْتَدَيْتُمْ

સહાબા તારાઓ માફક છે, તેઓ પૈકી જેની પણ પેરવી કરશો સત્ય માર્ગ પર રહેશો. શું પછી સહાબાને અહલે બયતનો દુશ્મન કહી શકાય છે ? આ તો હદીષ હતી જેની સનદો સહાબાથી હોય છે. જેને બની શકે કે શિઆ ન માને. કારણ કે તેઓ સહાબાને ન્યાયી અને સત્યનો સપોર્ટ કરનાર કબૂલ નથી કરતા. પણ કુર્આનનો જે ભાગ છે તેને તેઓ માને છે તો કુર્આનમાં તો અસંખ્ય આયતો સહાબાએ કિરામની ફઝીલતમાં આવી છે તેઓ પૈકી એક છે. رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ ''અલ્લાહ તેઓથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી.'' શું હવે પણ તેઓ લાન તાનના લાયક છે ? બીજી જગાએ તેમની તારીફમાં કહેવામાં આવ્યું :

وَالَّذِيْنَ مَعَهٗۤ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ تَرٰهُمْ رُكَّعًا سُجَّدًا يَّبْتَغُوْنَ فَضْلًا مِّنَ اللّٰهِ وَرِضْوَانًا سِيْمَاهُمْ فِىْ وُجُوْهِهِمْ مِّنْ اَثَرِ السُّجُوْدِ ذٰلِكَ مَثَلُهُمْ فِى التَّوْرٰىةِ وَمَثَلُهُمْ فِى الْاِنْجِيْلِ.

અને તેમના સહાબા કાફિરો પર સખત અને પરસ્પર દયાવાન. તુ તેમને રૂકૂઅ સિજદા કરતા દેખીશ. જેઓ અલ્લાહની કૃપા અને ખુશીની શોધમાં છે. તેમની નિશાની તેમના ચહેરાઓમાં સિજદાઓનાં ચિન્હો. આ તેમનો ગુણ છે તૌરેતમાં અને તેમનો ગુણ છે ઈન્જીલમાં.

આ તો કુર્આન અને હદીષથી માત્ર સહાબાની ફઝીલતના દાખલા હતા. નહીં તો અસંખ્ય આયતો અને હદીષોથી તેમની ફઝીલત સાબિત થાય છે. જેના વિષે ઈન્શા અલ્લાહ અલગથી બયાન આપીશ.

શિઆના ફિરકાઓ અને તેમની માન્યતાઓને અલગથી બયાન કરીશ. અહીં એટલું કહીને શિઆથી અલગ થાઉં છું કે તેઓ અહલે બયતની જૂઠી મહબ્બતમાં પાગલ થઈને કુર્આનનો પણ ઈન્કાર કરે છે, અસંખ્ય હદીષોનો પણ ઈન્કાર છે અને જેની ફઝીલત કુર્આનથી સાબિત છે તેમની શાનમાં ગુસ્તાખી કરે છે અને ગેર મુસ્લિમોને હસવાનો મોકો આપે છે. અલ્લાહ ત્આલા તેઓની ખોટી માન્યતાઓથી તમામ મુસલમાનોને બચાવે અને કુર્આનો હદીષ પર અમલની તૌફીક બખ્શે.

## ★ અહલે કિતાબને અમારો જવાબ ★

હે યહૂદીઓ અને ઈસાઈઓ ! તમે અમારા કુર્આન બાબતે એ શંકા રજુ કરી કે કુર્આનમાં માત્ર અમને શંકા નથી બલ્કે તમારા મુસલમાનોએ કુર્આનમાં શંકા જાહેર કરી છે અને એનો અમુક ભાગ ગાયબ કરી દેવામાં આવ્યો છે, તેનું લખાણ કરેલું છે. તો અમારા તરફથી એનો જવાબ એ છે કે જે મુસલમાનોના લખાણથી તમે સવાલ કર્યો છે તેઓ તમારા જ ભાઈઓ છે. તમે તમારા નબીઓની સત્ય નહીં ખોટી મહોબ્બતમાં હદ અને સીમા ઓળંગી ગયા અને અંતિમ નબીની બશારતો તમારી કિતાબોમાં હોવા છતાં તમે હસદ અને ઈર્ષાથી તેનો ઈન્કાર કર્યો, બસ ! શિઆ પણ તમારી માફક છે, તેઓ અહલે બયતને ફઝીલતમાં સૌથી આગળ લાવવા હદીષોમાં ફેરફાર કરે છે અને કુર્આનમાં દલીલ નથી મળતી તો તેમાં શંકા પેદા કરે છે.

(૨) તેમની દલીલથી તમને ફાયદો ત્યારે જ થઈ શકતો હતો જ્યારે અમે તમને ઈસ્લામના વર્તુળથી બાહ્ય ન જાણતા, પરંતુ તેઓમાંથી. આ પ્રમાણેની માન્યતા ધરાવવાવાળાઓને અમે મુસલમાન જ નથી માનતા. જ્યારે તેઓ મુસલમાન નથી તો પછી એમની દલીલ પણ વજનમાં માત્ર તમારી દલીલ માફક રહી. અમારે ત્યાં અહલે સુન્નત વલ જમાઅતની દલીલો અને તેમની માન્યતા દલીલ છે. શિઆ અહલે સુન્નત વલ જમાઅતના વર્તુળથી અલગ છે એટલે તેમનું લખાણ દુશ્મનીનું લખાણ છે, અમે તેને સ્વીકારને પાત્ર નથી.





(૩) શિઆને મુસલમાનનો એક અલગ ફિરકો ગણાવામાં આવે છે અને લખવામાં આવે છે તેઓનું મુસલમાનોનો એક ફિરકો હોવું અહલે સુન્નતના આધારે નથી બલ્કે દુનિયાના ગેરમુસ્લિમો તેઓને ઈસ્લામ અને મુસલમાનનો એક ફિરકો સમજે છે. દુનિયા ગમે તેને મુસલમાન કહે તેનાથી અમને કોઈ મતલબ નથી. અમારા અકીદા અને અમારી માન્યતાના આધારે જે મુસલમાન હોય તે જ મુસલમાન ગણાશે એટલે શિઆથી અમારો કોઈ સંબંધ નથી.

(૪) શિઆ લોકો પાગલ છે અને પાગલની વાત માન્ય રાખવામાં આવતી નથી અને તેઓ પાગલ એટલા માટે છે કે, તેમને દીન બાબતે બોલવામાં નથી ઈલ્મ અને નથી સમજ. તેનો રસૂલ એ છે કે તેમણે કહેવામાં તો કહ્યું કે સહાબાએ અથવા પ્રથમ ત્રણ ખલીફાએ એકત્ર કરવામાં ન્યાયથી કામ નથી લીધું અને અહલે બયતનું અપમાન કરવા કુર્આનનો તે ભાગ ગાયબ કરી દીધો ! પણ અહીં તેમણે પોતે અહલે બયતનું અપમાન કર્યું છે અને તેમનું નામ પણ ન્યાયીમાંથી કાઢી નાખ્યું છે. અહલે બયતના સરદાર હઝરત અલી શેરે ખુદા كرم الله تعالى وجهه الكريم ને માનવામાં આવે છે. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપને મદીનતુલ ઈલ્મ ફરમાવ્યું એટલે કે હઝરતે અલી ઈલ્મનો દરવાજો છે. અને શિઆ જ્યારે આપને સૌથી અધિક ઈલ્મવાળા માને છે, તકવા પરહેઝગારી અને વિલાયતમાં આપનું મુકામ સૌથી ઉત્તમ માને છે. જ્યારે કુર્આન શરીફ એકત્ર કરવાની તહેરીક ચલાવામાં આવી ત્યારે આપ ત્યાંજ હતા જ્યારે કુર્આન શરીફ એકત્ર થઈ ગયું, આપ ત્યાં જ હતા, જ્યારે બે ખલીફાના રક્ષણમાં રહ્યું ત્યારે આપ ત્યાં જ હતા, જ્યારે હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ એ વિવાદાસ્પદ નુસ્ખાઓને સળગાવી બીજા નુસ્ખાઓ હઝરત હફસા رضی اللہ عنہا ના રક્ષણમાં રહેલ નુસ્ખાથી લખાવ્યા અને મુસલમાન મુલ્કોમાં મોકલાવ્યા ત્યારે આપ ત્યાં જ હતા, બલ્કે જ્યારે આપ પોતે ખિલાફત પર આવ્યા ત્યારે આપે પણ આ જ કુર્આનને ઉત્તમતા આપી, તેની જ તિલાવત કરી અને કોઈ પ્રકારનો વિવાદ કુર્આન બાબતે જાહેર ન કર્યો.

શિઆઓના કહેવા અનુસાર હઝરત અલી رضی اللہ عنہ પ્રથમ ત્રણ ખિલાફતના જમાનામાં મસ્લેહતને લક્ષમાં રાખીને કોઈ બોલતાં ન હતા. પણ જ્યારે આપ પોતે ખલીફા બન્યા ત્યારે તો આપ પોતાનો મકસદ બયાન કરી શકતા હતા ? પણ આપે આમ ન કર્યું. બલ્કે આપના પછી આપના સાહેબઝાદા અમીરૂલ મુઅમેનીન હઝરત ઈમામ હસન رضی اللہ عنہને ખિલાફતનું પદ મળ્યું અને આપે છ મહિના સુધી ખિલાફત ચલાવી અને પછી પોતાની ખુશીથી હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہને સુપ્રત કરી આપી. આપે પોતાનો મકસદ બયાન કેમ ન કર્યો ? શું આપને એ બાબતે ઈલ્મ ન હતું ? આમ તો માની શકાતું જ નથી. કારણ કે જ્યારે શિઆને એ વાતનું ઈલ્મ છે તો તેઓને કેમ નહીં હોય ? અને જ્યારે તેમને પણ એ વાતનું ઈલ્મ હતું તો પછી તેમણે તે મકસદને લોકોમાં બયાન કરવો જોઈતો હતો. તેમણે બયાન કેમ ન કર્યો ? શું તેઓ કુર્આનનો ભાગ ગાયબ થવા પર ખુશ હતા ? શું તેઓ પણ અહલે બયતના અને પોતાના ખાનદાનના દુશ્મન હતા ? આમ અનેક સવાલો તેમની બાબતે ઉપસ્થિત થાય છે. જાણવા મળ્યું કે શિઆ પાગલ છે ! કંઈ જાણતા નથી ! તેઓ અહલે બયતની ફઝીલત સાબિત કરવામાં ખૂદ હઝરત અલી શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم ને તેમના શત્રુઓની જમાઅતમાં બેસાડી આવ્યા.

## ★ શિઆઓના મહાન આલિમોનું મંતવ્ય ★

જેમ આજે અહલે સુન્નત વલ જમાઅતમાં ઘણા બધા ફિરકાઓ થઈ ગયા અને તેમના અકીદા ખરાબ થઈ ગયા તો પણ તેઓને અહલે સુન્નલ વલ જમાઅત કહેવામાં આવે છે. વાસ્તવિકતામાં તેઓ અહલે સુન્નત વલ જમાઅતના વર્તુળથી બહાર છે. માત્ર લોકોની ભાષામાં તેમને સુન્ની કહી દેવામાં આવે છે. એવી જ રીતે શિઆ ઘણો જુનો મુસલમાનોથી અલગ થયેલ ફિરકો છે અને તેઓમાં ઘણા વિવાદ થયા છે અને તેઓમાં ફિરકાઓ વધતાં વધતાં ૨૨ જેટલા ફિરકાઓ થઈ ગયા છે અને તેઓની માન્યતામાં





થોડો ઘણો ફરક છે. તેમના વિષે હું તમને અલગથી બયાન આપીશ, "શિઆ ફિરકાઓ અને તેમનો વિવાદ." તેઓ પૈકી અમુક ફિરકાઓ તો માત્ર જાહિલોની જહાલત અને તેઓની કુમાન્યતાથી જનમ્યા છે. તેઓના મોઢા પર લગામ હોતી નથી. તેઓ ગમે તેની બાબતે જે ઈચ્છે છે તે બોલે છે અને મનમાની માન્યતા ધરાવે છે. તેઓ તો કુર્આન વિષે આજે પણ આ જ માન્યતા રાખે છે કે, કુર્આનમાં ફેરફાર થયો છે અને અમુક ભાગો માત્ર હસદ અને ઈર્ષામાં ગાયબ કરી દેવામાં આવ્યા છે. પરંતુ તેઓના અમુક આધારભૂત આલિમોએ એ વાતને ખોટી અને ઉપજાવી કાઢેલી કહી છે અને કહ્યું છે કે કુર્આનમાં કોઈ ફેરફાર થયો નથી અને તેનો કોઈ ભાગ શું એક આયત પણ ગાયબ કરવામાં આવી નથી.

**(૧) રસાઈલે અકાઈદિયા :–** લેખક શેખ સદૂક અબૂ જાફર મુહમ્મદ બિન અલી કુર્આન બાબતે પોતાનું મંતવ્ય જાહેર કરતાં લખે છે : **જો કુર્આન કે અલ્લાહ ત્આલાને હઝરતકો દિયા થા વહી હૈ કે જો અબ લોગોંકે પાસ મૌજૂદ હૈ. ન ઉસ્મેં કુછ કમ હુવા હૈ ન ઝિયાદા.** એટલે કે કુર્આન જેવું સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم પર નાઝિલ થયું હતું અને આપે લખાવ્યું હતું, અને આપના પરદો ફરમાવ્યા બાદ એકત્ર કરવામાં આવ્યું હતું, તેમાં કોઈ પ્રકારનો ફેરફાર થયો નથી અને તેમાં કોઈ પ્રકારની વધઘટ થઈ નથી. આ તે જ કુર્આન છે અને તેવું જ છે.

**(૨) "તફસીર મજમઉલ બયાન"** શિઆઓની આધારભૂત તફસીરમાં સૈય્યિદ મુરતઝા કહે છે કે **જો કુર્આન કે અહદે પયગમ્બર صلی اللہ تعالیٰ علیہ وسلم મેં થા વહી અબ ભી હય બિલા તફાવુત.** એટલે કે કુર્આન મજીદ ફુર્કાને હમીદની સંપૂર્ણ હિફાઝત અને રક્ષણ થયું છે, તેમાં કોઈ ફેરફાર થયો નથી. એટલે શિઆઓમાં જે તફાવત બાબતે ચર્ચા કરે છે ખોટી છે અને તેઓની જહાલત છે. તેમની વાત પર લક્ષ આપવામાં આવશે નહીં.

**(3) "મસાઈબુન્નવાસિબ"** લેખક કાઝી નૂરૂલ્લાહ શોસતરી લખે

છે :– **યહ બાત જો શિઆકી તરફ મન્સૂબ કી જાતી હય વોહ કુર્આનમેં તગય્યુરો તબદુલ કે કાઈલ હૈં, મહઝ ગલત હૈ, મોહક્કેકીને શિઆ મેં સે કોઈ ઈસ્કા કાઈલ નહીં ઔર જો કોઈ કહે તો ઉસ્કા કયા એતબાર.** કાઝી સાહેબે ફેંસલો ફરમાવ્યો કે કુર્આન સંપૂર્ણ છે, એમાં કોઈ પ્રકારનો ફેરફાર થયો નથી અને શિઆ તરફ જે વાતનો સંબંધ કરવામાં આવે છે તે તદ્દન ખોટી અને પાયા વિનાની વાત છે. શિઆ ધર્મમાં જેમને આધાર માનવામાં આવે છે તેવા અલિમોમાં કોઈએ આ પ્રમાણેની વાત કરી નથી અને જો કોઈએ કહી હશે તો તે એવા માણસની હશે જેનો અમારા ધર્મમાં કોઈ એતબાર અને ભરોસો નથી. ધર્મ બાબતે ગમે તેની વાત માન્ય ન રાખી શકાય. એટલે શિઆ પણ કુર્આનને સંપૂર્ણ માને છે.

**(૪) શર્હે કલીની**માં મુલ્લા સાદિક લખે છે **યેહ કુર્આન ઈસી તરહ ઈમાન મહેંદી તક સાલિમ રહેગા.** એટલે કે આ કુર્આન સંપૂર્ણ છે અને તેમાં ફેરફાર થયો નથી અને હઝરત ઈમામ મહેંદી સુધી તેમાં કોઈ પ્રકારનો ફેરફાર થશે નહીં. એટલે શિઆ તરફ આ વાતનો સંબંધ ખોટો છે. અમે લોકો પણ કુર્આનને સંપૂર્ણ માનીએ છીએ. જો કોઈએ કુર્આન બાબત કંઈ લખ્યું હોય અને તેમાં શંકા લાવવાની કોશિષ કરી હોય તો એ તેની જહાલત છે, તેની વાત માન્ય રાખવામાં આવશે નહીં.

**(૫) મુહમ્મદ બિન હસન આમેલી** કહે છે : **જો રિવાયત પર ઝરા ભી નઝર કરેગા યકીની તૌર પર જાન જાયેગા કે કુર્આનમેં બ ચંદ વોજૂહ કમી ઝિયાદતી નામુમકિન હૈ ઔર બિલ ફર્ઝ કોઈ સાહબ યેહ અકીદા ભી રખે તો હમ ઉસ્કો દો વજહસે કાઈલ કરતે હૈં. (૧) યેહ કે અઈમ્માએ અહલે બેયત ઔર બની હાશિમ બિલ ખોસૂસ આલે અલી ઔર ખૂદ હઝરત અલી ઔર બની ફાતેમાને કયોં અપને મસાહિફકો મહફૂઝ ન રખ્ખા. બલાસે શિઆ હી મેં વોહ કુર્આન મુરવ્વજ ઔર મુસ્તઅમલ હોતા. ઔર ખૈર અગર ઝાહેરન ઉસ્કો ન**





**રખતે છુપા હી કે રખતે વરના હિફઝ હી કે તૌરસે મુતવારિષ રખતે બલ્કે અસ્લે હમિય્યતે ઈસ્લામ તો યેહ થી કે ઈસ ખયાનતે કુર્આનકે બારેમેં મુખાલેફિન કો અલા રોઉસિલ અશહાદ ફઝીહત કરતે. અવ્વલ તો જિસ તરહ કુછ ન કુછ લોગ હર ઝમાનેમેં ઉન્કે સાથ હોતે રહે હૈં. ઉસ વકત ભી હોતે વરના બની હાશિમ તો ઝરૂર સાથ દેતે ઔર અગર કોઈ ન દેતા તો ખુદા તો સાથ ઝરૂર હી દેતા કે જિસ્ને કુરૈશ કે મુકાબલેમેં એક યતીમે બેકસ બેઝર યઅની સૈય્યેદુલ મુરસલીન** صلى الله عليه وآله **કી મદદ કી ઔર રૂએ ઝમીન પર ઉસ્કા મઝહબ ફૈલા દિયા. વરના ખૈર જિસ તરહ ઈમામત ઔર રિયાસત કે બારેમેં નૌબત બ શહાદત પહોંચી ઉસ ખાસ દીની કામમેં પહોંચતી તો કયા થા.**

ઉપરોકત લખાણમાં જેઓ કુર્આન બાબતે ખોટી માન્યતા ધરાવે છે. તેમની ઉપર ઘણા બધા સવાલો ઉપસ્થિત થાય છે. તે વર્ણવવામાં આવ્યા અને એ જાહેર કરવામાં આવ્યું કે, જેઓ આ પ્રમાણેની માન્યતા ધરાવે છે તેઓ અહલે બેયતની ફઝીલત સાબિત નથી કરતા, પરંતુ તેઓ ફઝીલતના નામથી તેઓને બદનામ કરે છે અને તેમણે એ મંતવ્યું રજુ કર્યું કે કુર્આનમાં ફેરફાર અશકય છે.

## ★ હઝરત આઈશાની રિવાયતનો જવાબ ★

અ કે સવાલ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની રિવાયતથી ઉપસ્થિત કરવામાં આવ્યો હતો કે તેમની પાસે કુર્આનનું થોડું લખાણ હતું તેને બકરી ખાઈ ગઈ હતી ! તો તેટલો ભાગ કુર્આનનો લખવાથી રહી ગયો હતો. તો એનો જવાબ એ છે કે જો કુર્આનનું માત્ર લખાણ કરવામાં આવ્યું હોતે અને કોઈને મોઢે યાદ ન હોતું તો જરૂર એ શંકા થઈ શકતી હતી કે, કુર્આનનો એટલો ભાગ ગાયબ થઈ ગયો હશે, પરંતુ પાછલા પેજમાં ઉલ્લેખ થઈ ગયો કે કુર્આનનો આધાર લખવા પર અને હિફઝ પર હતો. જો આ રિવાયત

પર કોઈ સવાલ ઉપસ્થિત કરવામાં ન આવે અને તેને સત્ય માની લેવામાં આવે તો પણ એનાથી કોઈ ફરક પડતો નથી. બકરી ખાઈ ગઈ તો ખાઈ ગઈ પણ લોકોના દિમાગમાં હતું તેને કોણ ખાઈ જવાનું હતું ? એટલે લખાણથી ગાયબ થયેલો ભાગ હિફઝમાં હાજર હતો અને શિઆ લોકોનો જવાબ પણ આનાથી બની શકે છે કે, તેમની શંકા અનુસાર કુર્આનનો એક ભાગ ગાયબ કરી દેવામાં આવ્યો છે તો તે લખાણમાંથી ગાયબ થયો હોય, પણ જ્યારે સહાબામાં અસંખ્ય હાફિઝો હતા તેમના દિમાગથી કયાં ગાયબ થવાનું હતું. એટલે હઝરત આઈશાવાળી રિવાયત લાવે કે સઘળા કુર્આનનું લખાણ બકરી ખાય ગઈ હતી અને લખાણમાંથી કંઈ બાકી ન રહ્યું હતું તો પણ અમને વાંધો નથી. કારણ કે એ વાતનો ઉલ્લેખ થઈ ગયો છે કે અમારી કિતાબના હાફિઝ માત્ર નબી નથી, બલ્કે ઉમ્મતને પણ આ શરફ મળ્યો છે અને સહાબામાં અસંખ્ય હાફિઝો હતા.

## ★ કુર્આનની મક્કી અને મદની સૂરતો ★

કુર્આનના લખાણમાં દરેક સૂરતના આરંભમાં તે સૂરતનું નામ અને તેનું મક્કીયા અને મદનીયા હોવું લખેલું હોય છે અને એનો મતલબ એ બયાન કરવામાં આવે છે કે, મક્કીયા એટલે મક્કામાં ઉતરેલી સૂરત અને મદનીયા એટલે મદીનામાં ઉતરેલી સૂરત. પરંતુ મક્કીયા અને મદનીયાની તારીફ આ પ્રમાણે કરવામાં આવે તો એક સવાલ ઉપસ્થિત થાય છે કે, કુર્આનની ઘણી સૂરતો એવી છે જે નથી મક્કામાં ઉતરી અને નથી મદીનામાં ઉતરી બલ્કે અલગ અલગ જગાઓ પર પણ ઉતરી છે, તેને શું નામ આપવામાં આવશે ? જ્યારે કે દરેક પ્રકારના નામ આપવામાં આવે છે તો આનો જવાબ શું ?

## ★ મક્કીયા અને મદનીયાનો મતલબ ★

મક્કીયા અને મદનીયાની ઉપરોકત તારીફ જરૂર વિવાદાસ્પદ છે અને એની ઉપર ઉપરોકત સવાલ ઉપસ્થિત થઈ





શકે છે. સત્ય અને નિર્વિવાદ તારીફ એ છે કે, મક્કીયા એટલે હિજરત પહેલાં નાઝિલ થનારી સૂરતો અને મદનીયા એટલે હિજરત પછી નાઝિલ થનારી સૂરતો. હિજરત પહેલાં ગમે ત્યાં નાઝિલ થઈ હોય તે મક્કીયા અને હિજરત પછી ગમે ત્યાં નાઝિલ થઈ હોય મદનીયા કહેવામાં આવશે.

## ★ સૂરતોનાં નામ કેમ ? ★

કુર્આનની સૂરતોને મક્કીય્યહ્ અને મદનિય્યહ્ના નામ કેમ આપવામાં આવે છે ? તો એનું કારણ એ છે કે, સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની જિંદગીના બે ભાગ પાડવામાં આવે છે, મક્કી જિંદગી અને મદની જિંદગી. હિજરત પહેલાંની મક્કી જિંદગી અને હિજરત પછીની મદની જિંદગી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉમર શરીફ ૬૩ વર્ષોની હતી. ચાલીસ વર્ષે આપે પોતાની નબુવ્વતનું એલાન ફરમાવ્યું અને ત્યાર બાદ તેર વર્ષો મકકામાં રહ્યા અને પછી આપે હિજરત ફર્માવી. તો ૫૩ વર્ષો મક્કામાં રહ્યા. પણ એલાને નબુવ્વત પછીનું જીવન માનવામાં આવે તો આપનું મક્કી જીવન તેર વર્ષનું ગણવામાં આવશે. કારણ કે વહી દ્વારા હુકમો ઉતરવાનો આરંભ આ જમાનામાં થયો હતો. મદની જિંદગીના દસ વર્ષો છે. કારણ કે ૬૩ વર્ષની ઉંમરમાં આપે પરદો ફર્માવ્યો અને મલએ આલામાં તશરીફ લઈ ગયા.

વાસ્તવિકતામાં મક્કી અને મદની જીવનનો સંબંધ નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે છે, પરંતુ કુર્આન મજીદ ફુર્કાને હમીદ આપ પર નાઝિલ થયું હતું એટલે આપની સિફત કુર્આનની સૂરતોને આપીને સૂરતોને મક્કીયા અને મદનિય્યહ્નું નામ આપવામાં આવ્યું. નહીં તો ખુદાનું કલામ ન મક્કીય્યહ્ છે અને ન મદનિય્યહ્ છે, પણ નબી મક્કી તો કલામ મક્કી અને નબી મદની તો કલામ મદની.

## ★ નામો આપવાની શી જરૂરત ? ★

સૂરતોને આ નામો કેમ આપવામાં આવ્યાં ? સૂરતોને

નામોની શી જરૂરત હતી ? તેનું કલામે ખુદા હોવું જ તેના માટે ઉત્તમ કક્ષાનું નામ છે. આ તો એટલા માટે કે કુર્આન શરીફની તિલાવત કરવાવાળાઓને ખબર પડી શકે છે, મક્કામાં અથવા હિજરત પહેલાં કઈ કઈ સૂરતો નાઝિલ થઈ હતી અને હિજરત પછી કઈ કઈ સૂરતો નાઝિલ થઈ હતી. આ વાતનો સંબંધ તારીખ અને ઈતિહાસ સાથે છે. મક્કી ને મદની નામથી એ વાતની જાણ થાય છે કે મક્કામાં કેવી જરૂરત હતી અને મદીનામાં કેવી જરૂરત હતી. કઈ સૂરત પહેલી અને કઈ સૂરત પછી નાઝિલ થઈ. તેનો પણ તફાવત જાણી શકાય છે. અહેકામમાં ફરક કરવો પણ આનાથી સરળ થઈ શકે છે.

## ★ કુર્આનને ક્રમમાં કોણે લખાવ્યું ? ★

કુર્આને મજીદ ફુર્કાને હમીદ એક સાથે નાઝિલ નથી થયું. બલ્કે થોડું થોડું કરીને જરૂરત પ્રમાણે સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم પર નાઝિલ થયું હતું અને સર્વ મુસલમાનોને એ વાતની ખબર છે કે આખુ કુર્આન શરીફ ૨૩ વર્ષોમાં ઉતર્યું હતું. જે મક્કી અને મદની જિંદગીનો સરવાળો છે. અહીં સવાલ એ ઉપસ્થિત થાય છે કે કુર્આનની આયતો અને સૂરતો ક્રમથી ઉતરતી ન હતી, જરૂરત પ્રમાણે ઉતરતી હતી અને આખી આખી સૂરત એક સાથે નહીં બલ્કે મોટી સૂરતોનો અમુક અમુક ભાગ ઉતરતો હતો. પછી તેને આ ક્રમસર જે આજે કુર્આનમાં જોવામાં આવે છે કેવી રીતે લખવામાં આવી ? શું સહાબાએ પોતાની મરજીથી લખાવી અથવા સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلمએ પોતે ક્રમથી લખાવી હતી ? અને તે ક્રમ કયા ક્રમથી થયો છે ? કુર્આનને વગર ક્રમે કેમ નાઝિલ કરવામાં આવ્યું ? એક સાથે કુર્આન નાઝિલ કેમ ન થયું ? કુર્આનની આયતો બે પ્રકારની છે. અમુકથી એક સાથે નાઝિલ થઈ જવું સાબિત થાય છે. એનો મતલબ શું ? થોડું થોડું કરીને નાઝિલ કરવામાં શું ફાયદો ? નુઝૂલ અને ઉતરવા પ્રમાણે તેનો ક્રમ શું છે ? આ પ્રમાણે અસંખ્ય સવાલો છે જે આ જગાએ ઉપસ્થિત થઈ રહ્યા છે. તેનો જવાબ ક્રમથી આપવામાં આવશે. (ઈન્શા અલ્લાહ)





## ★ કુર્આન ક્રમથી નબીએ લખાવ્યું હતું ★

અહમદ, તિર્મિઝી અને અબૂ દાવૂદ رضی اللہ عنہم ની રિવાયતથી જાણવા મળે છે કે કુર્આન શરીફ ભલેને જરૂરત પ્રમાણે થોડું થોડું વિના ક્રમે ઉતરતું હતું, પરંતુ સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખુદા તરફથી એ ખબર પણ આપવામાં આવતી હતી કે આયતોનો સંબંધ કોની સાથે છે અને પ્રથમ નુઝૂલનો તેનો ક્રમ શું છે. તો આપ કુર્આનના કાતિબો પાસે જે સૂરતની આયતો હોય અને તેના જે ક્રમ હોય તે પ્રમાણે લખાવતા હતા. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, આપે હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ ને સવાલ પૂછયો : આપે સૂરએ અન્ફાલ જે મષાનીમાંથી છે અને સૂરએ બરાઅત જે મિઈનમાંથી છે નજીક નજીક રાખી અને બેની વચમાં બિસ્મિલ્લાહ શરીફ લખીને ફરક પણ ન કર્યો ? એનું કારણ શું છે ? પછી એ કે આપે સૂરએ અન્ફાલને સાત મોટી સૂરતોની વચમાં શા માટે રાખી ? હઝરત ઉસ્માન ગનીએ જવાબ આપ્યો, નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં ટાઈમ પસાર થઈ રહ્યો હતો અને આપ પર સૂરતો ઉતરતી રહેતી. જયારે આપ પર કંઈ ઉતરતું આપ કાતિબાને વહીમાંથી કોઈને બોલાવતા અને ફર્માવતા, આ આયતોને તે સૂરતમાં જેમાં ફલાણો ફલાણો ઝિક્ર છે લખી લો ! અને ફરી જ્યારે ઉતરતી તો ફરમાવતા આને તે સૂરતમાં જેમાં ફલાણો ફલાણો ઝિક્ર છે લખી લો. અને અન્ફાલ (ની સૂરત) મદીનામાં નાઝિલ થયેલી. પ્રથમ સૂરતોમાંથી છે અને સૂરએ બરાઅત કુર્આનના નુઝૂલમાં અંતિમ છે અને બંને સૂરતોનું બયાન એક જેવું છે. રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم અમારામાંથી તશરીફ લઈ ગયા પણ આપે એ ન બતાવ્યું કે સૂરએ બરાઅત સૂરએ અન્ફાલનો ભાગ છે કે નથી. તો આ કારણસર મેં એને એક સાથે રાખી અને બેની વચમાં બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ લખીને (ફરક ન કર્યો) અને એને મોટી સૂરતોમાં લખી.

ઉપરોકત હદીષે પાકથી જાણવા મળ્યું કે ગમે તે આયત ગમે ત્યારે અને ગમે તે જગ્યાએ નાઝિલ થઈ હોય પણ નબીએ પાક

صلى الله تعالى عليه وسلم ને બતાવવામાં આવતું હતું કે કઈ સૂરતનો ભાગ છે અને એનો ક્રમ શું છે. તો આપ કાતિબાને વહીમાંથી જેમની પાસે જે ભાગ રહેતો તેમાં ક્રમથી લખાવી આપતા હતા. તો સાબિત થયું કુર્આનનો ક્રમ રસૂલે પાકે કરેલો છે, સહાબાએ નહીં.

## ★ કુર્આનની સૂરતોની વહેંચણી ★

તિવાલ, મિઈન, મષાની, મુફસ્સલ : કુર્આન શરીફની પ્રથમ લાંબી સાત સૂરતોને **તિવાલ** કહેવામાં આવે છે : (૧) બકરહ (૨) આલે ઈમરાન (૩) નિસાઅ (૪) માઈદા (૫) અન્આમ (૬) અઅરાફ (૭) અન્ફાલ (૮) તૌબા. **મિઈન** : યૂનુસથી શોઅરા સુધીની સૂરતોને મિઈન કહેવામાં આવે છે. મિઈન મિઅતનું બહુવચન છે. મતલબ થયો સો સો વાળી સૂરતો. આ સૂરતોમાં સૌથી અધિક આયતો છે એટલે એને મિઈન કહેવામાં આવે છે. તિવાલ તવીલનું બહુવચન છે એટલે લાંબી. કેમ કે, આ સૂરતો કુર્આનની લાંબી સૂરતો એટલે તેમને તિવાલ કહેવામાં આવે છે. **મિઈનની વિગત :–** (૧) યૂનુસ (૨) હૂદ (૩) યૂસુફ (૪) રઅદ (૫) ઈબ્રાહીમ (૬) હજર (૭) નહલ (૮) બની ઈસરાઈલ (૯) કહફ (૧૦) મરયમ (૧૧) તાહા (૧૨) અંબિયા (૧૩) હજ (૧૪) મુઅમેનૂન (૧૫) નૂર (૧૬) ફુરકાન (૧૭) શોઅરા.

**મષાની :–** શોઅરાથી હુજરાત સુધીની સુરતોને મષાની કહેવામાં આવે છે. કારણ કે સૂરતોના કિસ્સા અને બયાન એક બીજાથી મળતા આવે છે.

**મષ્નાનું** બહુવચન મષાની છે. એનો મતલબ બે બે થાય છે એટલે કે ડબલ ડબલ.

**મષાનીની વિગત :–** (૧) નમ્લ (૨) કિસસ (૩) અન્કબૂત (૪) રૂમ (૫) લુકમાન (૬) સિજદા (૭) અહઝાબ (૮) સબા (૯) ફાતિર (૧૦) યાસીન (૧૧) સાફફાત (૧૨) સાદ (૧૩)





ઝોમર (૧૪) મુઅમિન (૧૫) હા–મીમ–સિજદા (૧૬) શૂરા (૧૭) ઝુખરૂફ (૧૮) દુખાન (૧૯) જાષિયા (૨૦) અહકાફ (૨૧) મુહમ્મદ (૨૨) ફતહ

**મુફસ્સલ :–** સૂરએ હુજુરાતથી નાસ સુધીની સઘળી સૂરતોને મુફસ્સલ કહેવામાં આવે છે. મુફસ્સલ જેની અંદર જુદાઈ કરવામાં આવે છે. કારણ કે આ સૂરતો બીજી સૂરતોથી નાની છે અને એમની વચમાં બિસ્મિલ્લાહ શરીફથી ફરક જલ્દી જલ્દી આવે છે એટલે તેમને મુફસ્સલ કહેવામાં આવે છે.

**મુફસ્સલ :–** મુફસ્સલના અલગથી ત્રણ પ્રકાર કરવામાં આવે છે. (૧) તિવાલે મુફસ્સલ (૨) અવસાતે મુફસ્સલ (૩) કિસારે મુફસ્સલ.

**તિવાલે મુફસ્સલ :–** મુફસ્સલમાં આ બીજી સૂરતોથી લાંબી છે એટલે તેને તિવાલે મુફસ્સલ કહેવામાં આવે છે.

**તિવાલે મુફસ્સલની વિગત :–** (૧) હુજુરાત (૨) કાફ (૩) ઝારિયાત (૪) તૂર (૫) વન્નજમ (૬) કમર (૭) રહમાન (૮) વાકિઆ (૯) હદીદ (૧૦) મુજાદેલા (૧૧) હશ્ર (૧૨) મુમતહેના (૧૩) સફ (૧૪) જુમ્આ (૧૫) મુનાફેકૂન (૧૬) તગાબુન (૧૭) તલાક (૧૮) તહરીમ (૧૯) મલક (૨૦) કલમ (૨૧) હાક્ક (૨૨) મઆરિજ (૨૩) નૂહ (૨૪) જિન (૨૫) મુઝઝમ્મિલ (૨૬) મુદ્દષ્ષિર (૨૭) કિયામહ (૨૮) દહ્ર (૨૯) મુરસલાત (૩૦) નબઅ (૩૧) નાઝિઆત (૩૨) અબસ (૩૩) તકવીર (૩૪) ઈન્ફેતાર (૩૫) મુતફફેફીન (૩૬) ઈન્શેકાક

**અવસાતે મુફસ્સલ :–** મુફસ્સલમાં આ સૂરતો વચલા ગાળાની છે એટલે તેઓને અવસાતે મુફસ્સલ કહેવામાં આવે છે. વિગત (૧) બોરૂજ (૨) તારિક (૩) અઅલા (૪) ગાશિયા (૫) ફજ્ર (૬) બલદ (૭) શમ્સ (૮) લૈલ (૯) દુહા (૧૦) ઈન્શેરાહ (૧૧) તીન (૧૨) અલક (૧૩) કદ્ર (૧૪) બય્યેના

**કિસારે મુફસ્સલ** :– મુફસ્સલમાં આ સૌથી નાની સૂરતો છે એટલે તેઓને કિસારે મુફસ્સલ કહેવામાં આવે છે. વિગત (૧) ઝિલઝાલ (૨) આદિયાત (૩) કારિઅહ (૪) તકાષુર (૫) અસ્ર (૬) હુમઝહ (૭) ફીલ (૮) કુરૈશ (૯) માઉન (૧૦) કૌષર (૧૧) કાફેરૂન (૧૨) નસ્ર (૧૩) લહબ (૧૪) ઈખ્લાસ (૧૫) ફલક (૧૬) નાસ. આ હતી કુર્આનની સૂરતોની વહેંચણી.

## ★ કુર્આનનો ક્રમ કયા ક્રમથી છે ★

કુર્આન શરીફમાં છે : إِنَّا أَنزَلْنَاهُ فِي لَيْلَةِ الْقَدْرِ બેશક ! અમે એને (કુર્આન) ઉતાર્યું કદ્રવાળી રાતમાં. ઈન્ઝાલનો મતલબ એક સાથે ઉતારવું છે. દુનિયામાં તો કુર્આન ૨૩ વર્ષોમાં ઉતારવામાં આવ્યું હતું તેનો ઈકરાર સર્વને છે. પણ જ્યાં સુધી પ્રથમ આકાશમાં આવવાની વાત છે તો સઘળું કુર્આન જે નાઝિલ થયું એક સાથે શબે કદ્રમાં પ્રથમ આકાશમાં આવ્યું અને ત્યાંથી જરૂરત પ્રમાણે નાઝિલ કરવામાં આવતું હતું. તો પ્રથમ આકાશમાં જે ક્રમથી નાઝિલ થયું સરદારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે ક્રમથી સહાબાને કુર્આન લખાવ્યું. એટલે આમ નથી કહી શકાતું કે કુર્આન જે પ્રમાણે નાઝિલ થયું તે પ્રમાણે તેનો ક્રમ હોવો જોઈએ. નુઝૂલ પ્રમાણે ન હતું, જરૂરત પ્રમાણે હતું, પણ લખાણ ક્રમથી હતું.

## ★ નુઝૂલના ક્રમની વિગત ★

આ કુર્આન જે આજે આપણી પાસે છે અને આપણે તેની તિલાવત કરીએ છીએ પ્રથમ આકાશમાં આવેલા કુર્આન માફક છે અને એ જ તેનો સાચો ક્રમ છે પરંતુ કુર્આનના અહેકામ માટે કુર્આનનો આ દુનિયામાં થયેલ નુઝૂલનો ક્રમ જાણવો પણ જરૂરી છે. અમુક હુકમો ઈસ્લામના આરંભમાં આપવામાં આવ્યા હતા પરંતુ પછી તેને બદલી બીજા હુકમો આપવામાં આવ્યા હતા. જો નુઝૂલના આ ક્રમની જાણ ન હોય તો અહેકામની ફેરબદલી સમજમાં આવી શકતી નથી.





**નોંધ** :– દરેક સૂરતની દરેક આયત એક સાથે નાઝિલ નથી થઈ, પરંતુ વધુ આયતોના આધારે આ ક્રમ બયાન કરવામાં આવે છે.

(૧) અલક (૨) કલમ (૩) મુઝઝમ્મિલ (૪) મુદષિયર (૫) ફાતેહા (૬) લહબ (૭) તકવીર (૮) અઅલા (૯) લૈલ (૧૦) હજ્ર (૧૧) દુહા (૧૨) અલમ નશ્રહ્ (૧૩) અસ્ર (૧૪) આદિયાત (૧૫) કૌષર (૧૬) તકાષુર (૧૭) માઉન (૧૮) કાફેરૂન (૧૯) ફીલ (૨૦) ફલક (૨૧) નાસ (૨૨) ઈખ્લાસ (૨૩) નજમ (૨૪) અબસ (૨૫) કદ્ર (૨૬) શમ્શ (૨૭) બોરૂજ (૨૮) તીન (૨૯) કુરૈશ (૩૦) કારિઆ (૩૧) કિયામહ (૩૨) હુમઝહ (૩૩) મુરસલાત (૩૪) કાફ (૩૫) બલદ (૩૬) તારિક (૩૭) કમર (૩૮) સાદ (૩૯) અઅરાફ (૪૦) જિન (૪૧) યાસીન (૪૨) ફુરકાન (૪૩) ફાતિર (૪૪) મરયમ (૪૫) તાહા (૪૬) વાકિઆ (૪૭) શોઅરા (૪૮) નમ્લ (૪૯) કિસસ (૫૦) બની ઈસરાઈલ (૫૨) યૂનુસ (૫૨) હૂદ (૫૩) યૂસુફ (૫૪) હજર (૫૫) અન્આમ (૫૬) સાફફાત (૫૭) લુકમાન (૫૮) સબાઅ (૫૯) ઝોમર (૬૦) ગાફિર (૬૧) ફુસ્સેલત (૬૨) શૂરા (૬૩) ઝુખરૂફ (૬૪) દુખાન (૬૫) જાષિયા (૬૬) અહકાફ (૬૭) ઝારિયાત (૬૮) ગાશિયાત (૬૯) કહફ (૭૦) નહલ (૭૧) નૂહ (૭૨) ઈબ્રાહીમ (૭૩) અંબિયા (૭૪) મુઅમેનૂન (૭૫) સિજદા (૭૬) તૂર (૭૭) મુલ્ક (૭૮) હાકકા (૭૯) મઆરિજ (૮૦) નબઅ (૮૧) નાઝિઆત (૮૨) ઈન્ફેતાર (૮૩) ઈન્શેકાક (૮૪) બોરૂજ (૮૫) અન્કબૂત (૮૬) મુતફફેફીન (૮૭) બકરહ (૮૮) અન્ફાલ (૮૯) આલે ઈમરાન (૯૦) અહઝાબ (૯૧) મુમતહેના (૯૨) નિસાઅ (૯૩) ઝિલઝાલ (૯૪) હદીદ (૯૫) મુહમ્મદ (૯૬) રઅદ (૯૭) રહમાન (૯૮) ઈન્સાન (૯૯) તલાક (૧૦૦) બય્યેના (૧૦૧) હશ્ર (૧૦૨) નૂર (૧૦૩) હજ (૧૦૪) મુનાફેકૂન (૧૦૫) મુજાદેલા (૧૦૬) હુજરાત (૧૦૭) તહરીમ (૧૦૮) તગાબુન (૧૦૯) સફ (૧૧૦) જુમ્આ (૧૧૧) ફત્હ (૧૧૨) માઈદા

(૧૧૩) તૌબા (૧૧૪) નસ્ર.

આ હતો કુર્આન શરીફનો ક્રમ સરકારે મદીના પર નાઝિલ થવાના આધારે જેનો સંબંધ અહકામની ફેરબદલીથી છે. કયો હુકમ નાસિખ (રદ કરવાવાળો) અને કયો હુકમ મન્સૂખ (રદ થયેલો) તે આ ક્રમથી જાણી શકાય છે. કારણ કે રદ કરવાવાળો હુકમ પછીનો હોય છે અને રદ થયેલો હુકમ પહેલાંનો હોય છે. તેના વિષે જરૂરત પૂરતી વિગત તમારી ખિદમતમાં રજુ કરી આપવામાં આવી છે. (નાસિખ અને મન્સૂખ)

## ★ કુર્આનની બીજી વહેંચણી ★

પ્રથમ જમાનામાં કુર્આન શરીફની સૂરતો અને મંઝિલોની વહેંચણી થઈ ગઈ હતી અને કુર્આન શરીફની આ પ્રમાણે વહેંચણી તિલાવત કરવાવાળાઓની સહુલત માટે હતી. જેમ કે કોઈ માણસ સફરમાં નીકળે છે તો રોડ અને સડકો પર જગા જગાએ કિ.મી. અને માઈલના સાઈન બોર્ડ લગાવવામાં આવે છે. જે એક મકસદે પહોંચવા માટે રોડની વહેંચણી છે. જેનાથી મુસાફરને સહુલત રહે છે અને એ જાણવા મળે છે કે એને કેટલો રસ્તો પાર કર્યો અને કેટલો બાકી છે. હવે કેટલા સમયમાં પહોંચી જશે. આ પ્રમાણે કુર્આન શરીફમાં મંઝિલો સિપારા અને રૂકૂઅ તથા દરેક સિપારાના ભાગો પણ કરવામાં આવ્યા છે અને કેટલો ફાયદો છે તેને તિલાવતનો શોખ રાખનાર સમજી શકે છે.

### સાત મંઝિલોની વિગત :–

**પ્રથમ મંઝિલ** : (૧) સૂરએ ફાતિહા (૨) બકરહ (૩) આલે ઈમરાન (૪) નિસાઅ.

**બીજી મંઝિલ** : (૧) માએદહ (૨) અન્આમ (૩) અઅ્રાફ (૪) અન્ફાલ (૫) તૌબા.

**ત્રીજી મંઝિલ** : (૧) યૂનુસ (૨) હૂદ (૩) યૂસુફ (૪) રઅદ (૫)





ઈબ્રાહીમ (૬) હજર (૭) નહલ.

**ચોથી મંઝિલ** : (૧) બની ઈસરાઈલ (૨) કહફ (૩) મરયમ (૪) તાહા (૫) અંબિયા (૬) હજ (૭) મુઅમેનૂન (૮) નૂર (૯) ફુરકાન.

**પાંચમી મંઝિલ** : (૧) શોઅરા (૨) નમ્લ (૩) કિસસ (૪) અન્કબૂત (૫) રૂમ (૬) લુકમાન (૭) સિજદા (૮) અહઝાબ (૯) સબા (૧૦) ફાતિર (૧૧) યાસીન.

**છઠ્ઠી મંઝિલ** : (૧) સાફ્ફાત (૨) સાદ (૩) ઝુમર (૪) મુઅમિન (૫) હા–મીમ–સિજદા (૬) શૂરા(૭) ઝુખરફ(૮) દુખાન (૯) જાષિયા (૧૦) અહકાફ (૧૧) મુહમ્મદ (૧૨) ફતહ હજરાત

**સાતમી મંઝિલ** : (૧) કાફ (૨) ઝારિયાત (૩) તૂર (૪) નજમ (૫) કમર (૬) રહમાન (૭) વાકિઆ (૮) હદીદ (૯) મુજદેલા (૧૦) હશ્ર (૧૧) મુમતહેના (૧૨) સફ (૧૩) જુમ્આ (૧૪) મુનાફેકૂન (૧૫) તગાબુન (૧૬) તલાક (૧૭) તહરીમ (૧૮) મલક (૧૯) કલમ (૨૦) હાકકા (૨૧) મઆરિજ (૨૨) નૂહ (૨૩) જિન (૨૪) મુઝઝમ્મિલ (૨૫) મુદષ્ષિર (૨૬) કિયામહ (૨૭) દહ્ર (૨૮) મુરસલાત (૨૯) નબઅ (૩૦) નાઝિઆત (૩૧) અબસ (૩૨) તકવીર (૩૩) ઈન્ફેતાર (૩૪) મુતફફેફીન (૩૫) ઈન્શેકાક (૩૬) બોરૂજ (૩૭) તારિક (૩૮) અઅલા (૩૯) ગાશિયા (૪૦) ફજ્ર (૪૧) બલદ (૪૨) શમ્સ (૪૩) લૈલ (૪૪) દુહા (૪૫)ઈન્શેરાહ (૪૬) તીન (૪૭) અલક (૪૮) કદ્ર (૪૯) બય્યેના અને અંત સુધી.

## ★ સાત મંઝિલોનું રહસ્ય ★

સાત મંઝિલોનું રહસ્ય એ છે કે જે એક અઠવાડિયામાં કુર્આન શરીફની તિલાવત ખત્મ કરવા ઈચ્છે તો તે આ પ્રમાણેની સાત મંઝિલોમાંથી દરરોજ એક એકની તિલાવત કરે તો આસાનીથી

અઠવાડીયામાં કુર્આન શરીફ ખત્મ કરી શકે છે. બીજું એ કે અઠવાડિયામાં કુર્આન શરીફ ખત્મ કરવાનો શોખ આપવામાં આવી રહ્યો છે કે, સાત દિવસ છે અને સાત મંઝિલ છે. દરરોજ એક મંઝિલ પઢી લો.

## ★ કુર્આનના રુકૂઅ ★

આખા કુર્આનમાં **૫૫૬** રૂકૂઅ છે. હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ તરાવીહમાં કુર્આન શરીફની તિલાવત ફરમાવતા તો આપ જ્યાં જ્યાં રુકૂઅ કરતા તેટલા ભાગને રુકૂઅનું નામ આપવામાં આવ્યું. નાની સૂરતો અલગ અલગ હતી. એટલે તેને પણ રુકૂઅ કરી દેવામાં આવ્યું. એટલે રકઆતોથી થોડા સુધી અધિક થાય છે.

## ★ રુકૂઅ નામ કેમ ? ★

રુકૂઅને રુકૂઅનું નામ કેમ આપવામાં આવ્યું ? તેનું રહસ્ય તમે જાણ્યું કે રુકૂઅ જેટલા ભાગનું કુર્આન પઢીને ત્યાં રુકૂઅ કરવામાં આવ્યો હતો. તો એટલો ભાગ પઢીને રૂકૂઅ થયો તો તેટલા ભાગને પણ રૂકૂઅનું નામ આપી દેવામાં આવ્યું. રૂકૂઅનું નિશાન કુર્આન શરીફમાં (ઐન) છે. રૂકૂઅના શબ્દનો છેલ્લો અક્ષર (ઐન) છે. એટલે તેનો એક હરફ લઈને નિશાન બનાવવામાં આવ્યું. અને અમુક લોકોએ કહયું (ઐન) નો મતલબ ઉસ્માન છે. કારણ કે આપના પઢેલા ભાગને રુકૂઅનું નામ આપવામાં આવ્યું હતું.

## ★ કુર્આનમાં હરકતોનું લખાણ ★

અરબી ભાષાના લખાણમાં હરકાત એટલે ઝેર, ઝબર, પેશ વગેરે લખવામાં નથી આવતી, ભાષા જાણનાર કાયદા કાનૂનના આધારે પોતે લગાવી શકે અને બોલવામાં તો આવે જ છે. એટલે કુર્આન શરીફના લખાણમાં પ્રથમ આ પ્રમાણેની હરકતો લગાડવામાં





આવતી ન હતી. જ્યારે કુર્આનની તિલાવતમાં અરબી લોકોથી ભૂલો થવા લાગી અને સામાન્ય લોકો માટે તિલાવત મુશ્કિલ થઈ પડી તો કુર્આનમાં હરકાત લગાડવાની જરૂરત પેશ આવી. આમ જ નુકતા પણ લખવામાં ન આવતા હતા. તો તેને પણ લખાવવા પડયા. ઈતિહાસ બતાવે છે કે હજ્જાજ બિન યૂસુફના હુકમથી હઝરત અબૂ અસ્વદ દુઐલી તાબઈએ આ કામ કર્યું હતું.

જ્યારે હરકાત અને નુકતાના લખાણ વિના અરબી લોકોને કુર્આનની તિલાવત કષ્ટદાયક લાગતી તો જેઓ અરબી નથી અને જેમને અરબી કાયદા કાનૂનનું નૉલેજ નથી તેમની શી હાલત થતી ? એટલે મુસલમાનો માટે આ કામ અપાર કૃપા છે.

## ★ મદ અને વકફની નિશાનીઓ ★

કિરાઅતના વિષયના આધારે વકફ અને મદનું નૉલેજ પણ જરૂરી છે. પરંતુ દરેકનું તેના કાયદા જાણી લેવું આદતના આધારે અશકય છે. તો કુર્આનમાં મદની નિશાનીઓ લગાવામાં આવી અને વકફની અલામતો અને નિશાનો પણ લખવામાં આવે કે, તિલાવત કરવાવાળાએ વિચારવું ન પડે અને કાયદાથી દરેક કામ કરી શકે. આ કામ ખલીલ બિન અહમદ ફરાઈદીએ કર્યું હતું.

## ★ કુર્આનના તીસ સિપારા ★

કુર્આન શરીફના પૂરા લખાણના પઢવાવાળાઓની સહુલત માટે ત્રીસ ભાગ કરવામાં આવ્યા. જેને અરબીમાં જુઝ કહેવામાં આવે છે અને ઉર્દૂમાં પારહ અને ગુજરાતીમાં સિપારો કહેવામાં આવે છે. આ ભાગ પણ પછી જ કરવામાં આવ્યા હતા. સિપારાના પણ ભાગ પાડવામાં આવ્યા છે. રોબઅ, નિસ્ફ, થોલુષ, મામૂન અબ્બાસીના જમાનામાં આ કામ થયું હતું.

## ★ સૂરતોના નામો ★

એનો ઉલ્લેખ થઈ ગયો કે સૂરતોની આયતોનો ક્રમ તો

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી થયો હતો અને આનાથી એ પણ સ્પષ્ટ છે કે સૂરતોને અલગ અલગ કરીને બતાવવામાં આવી હતી અને હદીષે પાકમાં પણ આનો ઉલ્લેખ છે. બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી, આપે ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સૂરતોના તફાવતમાં તકલીફ થતી હતી તો આપ પર બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ ઉતરી. એટલે કે આપ પર સૂરતોની વચમાં ફરક કરવા માટે બસ્મલા શરીફ ઉતારવામાં આવી. તો જાણવા મળ્યું સૂરતો બિસ્મિલ્લાહ શરીફના ફરકથી અલગ અલગ હતી પરંતુ સૂરતોને કોઈ નામ આપવામાં ન આવ્યાં હતાં. ખઝાઈનુલ ઈર્ફાનમાં છે, સૂરતોનાં નામ લખવાનું કામ પણ હજ્જાજ બિન યૂસુફે કર્યું હતું. જેનો એ ફાયદો થયો કે આયત લખી હવાલો આપવામાં અને હાફિઝોને શોધવામાં અને બતાવવામાં સહુલત મળે છે.

જો કે કુર્આનની સૂરતોને અલગથી નામ આપવામાં નથી આવ્યાં બલ્કે સૂરતના કોઈ ખાસ શબ્દને જેની ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ખાસ કરીને તેનાં નામ આપવામાં આવ્યાં. અમુક નામો ટૂંકસારને લક્ષમાં રાખીને આપવામાં આવ્યાં છે. આમ જ સિપારાનાં નામો પણ અલગથી આપવામાં નથી આવ્યાં, બલ્કે જ્યાં એક સિપારો પૂરો થયો અને બીજો શરૂ થયો, સિપારાઓનો ફરક અને તફાવત જાણવા મળે છે.

કુર્આન શરીફમાં આ સઘળાં કામો કુર્આનનો ફેરફાર નથી બલ્કે મૂળ કુર્આન તો તેની જગ્યાએ છે પણ આ કામો લોકોની સહુલત માટે કરવામાં આવ્યાં છે. જેનાથી કુર્આન કુર્આન છે પણ પઢવાવાળો સહુલતથી પસાર થઈ શકે છે.

## ★ બિદઅતે હસનાનો જવાઝ ★

કુર્આન શરીફમાં જે પ્રમાણે પઢવાવાળાઓની સહુલતનો ખ્યાલ કરી અમુક વાતોનો વધારો કરવામાં આવ્યો, જેનો હાલ ઉલ્લેખ





થયો અને એ જ પ્રમાણે કુર્આન શરીફને એક કિતાબમાં ભેગું કરી લેવામાં આવ્યું જેનો ઉલ્લેખ પણ થઈ ગયો. આ સઘળાં કામો નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ દુન્યવી હયાતમાં ન થયાં હતાં, પછી કરવામાં આવ્યાં તો તે બિદઅત થયાં. પરંતુ ખૈરે કોરૂનમાં આ સઘળાં કામોને જાઈઝ સમજવામાં આવ્યાં અને મુસલમાનો તરફથી તેનો વિરોધ ન થયો. આ એ વાતની દલીલ છે કે બિદઅતનું કામ શરીઅત વિરૂધ્ધ ન હોય અને લોકો માટે ફાયદાકારક હોય તો કરી શકાય છે. આના વિષે વધુ ઉલ્લેખ તોહફાએ નજાત ભાગ–૫માં પઢો.

## ★ ઉષ્માન ગની જામેએ આયાતે કુર્આન ★

એનો પણ ઉલ્લેખ થઈ ગયો કે કુર્આન એકત્ર કરવા વિષે પ્રથમ કોશિશ હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ એ કરી હતી. આપના મશ્વેરા પર હઝરત અબૂ બકર બિન સાબિત رضی اللہ عنہ ને આપ્યો હતો જેનો ઉલ્લેખ થઈ ગયો છે પરંતુ હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ ને જામેએ આયાતે કુર્આન એટલા માટે કહેવામાં આવે છે કે પ્રથમ માત્ર કુર્આન એકત્ર રક્ષણ માટે કરવામાં આવ્યું હતું અને હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ એ વિવાદાસ્પદ નુસ્ખાઓને અલગ કરી કુર્આનને ખ્યાતિ આપી હતી અને લોકોને આ એક નુસ્ખા પર એકત્ર કર્યા હતા. એટલે આપને જામેએ આયાતે કુર્આન કહેવામાં આવે છે.

## ★ આપને આ શર્ફ કેમ મળ્યો ? ★

વિવાદ ખત્મ કરી મૂળ નુસ્ખાને ખ્યાતિ આપી એટલે આપને જામેએ આયાતે કુર્આન કહેવામાં આવે છે. આપને આ શર્ફ માટે મળ્યો કે સુલહે હુદૈબિયામાં સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપને મુસલમાનોના એલચી બનાવીને મક્કા મોકલ્યા હતા. જ્યારે સહાબાએ આપના હાથો પર બયઅત કરી તો આપે પોતાનો ડાબો હાથ જમણા હાથ પર રાખીને ફર્માવ્યું : આ ઉસ્માનનો હાથ છે અને આ તેમની બયઅત છે. તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના હાથને

ઉસ્માનનો હાથ ફર્માવ્યો અને અલ્લાહ ત્આલાએ હુઝૂરના હાથને પોતાનો હાથ ફર્માવ્યો. તો એટલા માટે હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ ને કુર્આન એકત્ર કરવામાં ખ્યાતિ મળી અને આપને જામેએ આયાતે કુર્આન કહેવામાં આવ્યા.

ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ

"તે ને અલ્લાહનો ફઝલ જેને ઈચ્છે અર્પણ કરે." તેણે નબીએ પાકના હાથના સદકામાં આ ફઝલ હઝરત ઉસ્માનને આપ્યો.

## ★ કુર્આન એકત્ર નાઝિલ કેમ ન થયું ? ★

એ વાત ખોટી છે કે કુર્આન એકત્ર નાઝિલ નથી થયું બલ્કે જરૂરથી કુર્આન એકત્ર નાઝિલ થયું છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફરમાવે છે : اِنَّآ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةِ الْقَدْرِ

"બેશક ! અમે ઉતાર્યું તેને (કુર્આનને) કદ્રવાળી રાતમાં."

બાબે ઈફઆલથી એનો મતલબ એકત્ર ઉતારવું થાય છે. તો જાણવા મળ્યું કુર્આન એકત્ર ઉતારવામાં આવ્યું છે. પણ કયાં ? લૌહે મહફૂઝથી પ્રથમ આકાશમાં ! અને ત્યાંથી જરૂરત પ્રમાણે આ દુનિયામાં ઉતારવામાં આવ્યું. સાબિત થયું કે કુર્આન પ્રથમ એકત્ર ઉતારવામાં આવ્યું અને તેને પ્રથમ આકાશમાં રાખવામાં આવ્યું અને ત્યાંથી જરૂરત મુજબ ઉતર્યું.

## ★ અમારો મતલબ દુનિયામાં ઉતરવું છે ★

લૌહે મહફૂઝમાં હોય કે પછી પ્રથમ આકાશમાં અમને એનાથી કોઈ મતલબ નથી. એ સઘળી વાતોનો સંબંધ ગયબથી છે. અમે તેમને એ પૂછવા ઈચ્છીએ છીએ કે જેમ બીજી અલ્લાહની કિતાબો લખી લખાઈ રસૂલ પર ઉતારવામાં આવી તો પછી આ પ્રમાણે કુર્આન શરીફ પણ ઉતરવું જોઈએ ? એ વાત તો સર્વને માન્ય છે કે





અલ્લાહ ત્આલા فَعَّالٌ لِّمَا يُرِيْدُ છે, તેના ઈરાદાને કોઈ બદલી નથી શકતું, તે જે ઈચ્છે તે કરે. જ્યારે અલ્લાહ ત્આલાની આ સિફત છે અને અલ્લાહ ત્આલા સંપૂર્ણ અધિકારવાળો છે. તો પછી તેને પોતાના સંપૂર્ણ અધિકારથી આગલી કિતાબો એક સાથે નાઝિલ કરવાનો ઈરાદો કર્યો અને નાઝિલ કરી અને કુર્આનને ક્રમે ક્રમે ઉતારવાનો ઈરાદો કર્યો અને એ પ્રમાણે ઉતાર્યું. જો તમને તેના ખુદાની કિતાબ હોવામાં શક અને શંકા હોય તો પછી તમે પણ એની જેવી કિતાબ બનાવી લાવો. તમારાથી આ ચેલેંજનો જવાબ બની ન શકયો અને બની પણ નહીં શકે. તો પછી માણસનું એ કામથી લાચાર થવું એ વાતની દલીલ છે કે આ માણસની શકિતથી બહાર છે અને ખુદા ત્આલાની નાઝિલ કરેલી કિતાબ છે.

## ★ આગલી કિતાબો એકત્ર કેમ ઉતરી ★

આગલી કિતાબો એક સાથે ઉતારવામાં આવી હતી પરંતુ તેમાં ચેલેંજ ન કરવામાં આવ્યું હતું કે આના જેવી બનાવી લાવો, પરંતુ કુર્આન શરીફમાં તો ચેલેંજ કરવામાં આવ્યું છે કે જો તમને આના ખુદાની કિતાબ હોવામાં શક હોય તો ચેલેંજ કબૂલ કરો.

સઘળી કિતાબ એક તબક્કે બનાવવી લોકો માટે અશકય હતું અને તેમને એવું કહેવાનો મોકો મળતો કે આટલી મોટી કિતાબ એક તબક્કે તો કેવી રીતે બનાવી શકાય, તો તેમના માહોલ પ્રમાણે તેમના દિમાગથી નિકટ કરવામાં આવ્યું કે તમારા મહાન મહાન શાયરો થોડું થોડું કરીને પોતાનું કલામ બનાવે છે અને અમુક અમુક કસીદા કરીને દીવાનની શકલ આપે છે તો સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم પર થોડું થોડું કરીને કિતાબ નાઝિલ કરી કે પ્રથમ ન માનવાવાળાઓ વિચારે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم શાયરો માફક થોડું થોડું કલામ પેશ કરે છે. જ્યારે આ વાત સમજમાં આવે કે શાયરો માફક કરે છે તો કુર્આને પોતાની સચ્ચાઈ અને સદાકત ચેલેંજથી દર્શાવી કે અય ન માનવાવાળાઓ ! જ્યારે તમે કહો છો શાયરો માફક થોડું થોડું પેશ કરવામાં આવે છે

તો એ તમારા માટે પણ શકય થઈ ગયું. તો હવે તમે તેમના કલામનું ચેલેંજ કબૂલ કરો અને તમે પણ થોડું થોડું કરીને એ પ્રમાણે બનાવી લાવો અને બનાવી શકશો નહીં. તો પછી કબૂલ કરો આ શાયરો માફક નથી. જો હોત તો તમારા માટે ચેલેંજનો જવાબ શકય રહેતે અને તમે જવાબ આપી પોતાનો દાવો સાબિત કરી દેતા. પણ તમે જાણી લીધું કે તમારાથી બની શકશે નહીં. તો જ્યારે થોડું થોડું નથી બની શકતું તો પછી સઘળું કુર્આન એકત્ર નાઝિલ થયું હોતે તો તમારાથી એનો જવાબ શી રીતે બનતો ? સાબિત થયું કે આ ખુદાની કિતાબ છે. આનો જવાબ પબ્લિકથી બની શકતો નથી. જેમ કે એક મચ્છર નાનો સરખો અને સજીવ પણ તેના જેવો પબ્લિકથી ન બની શકયો. આ જ ફરક છે પબ્લિકમાં અને ખુદામાં. પબ્લિકમાંથી કોઈએ પ્લેન બનાવ્યું તો આજે દુનિયાની વધુ પડતી કન્ટ્રીઓમાં પ્લેન બની રહ્યાં છે. જ્યારે કે આ માણસની અચરજમાં પડી જવાય એવી શોધ છે. પણ માણસની છે તો માણસ માટે તેવી જ નહીં તેનાથી પણ સારી બનાવાની શકિત રહી. પણ મચ્છર એક નાનું સરખું પંખી પણ તેના જેવું આજ સુધી ન બની શકયું અને કિયામત સુધી બની નહીં શકે.

## ★ બીજું રહસ્ય ★

પ્રશ્ન ઉપસ્થિત કરવો હોય તો ગમે તેમ કરીને ઉપસ્થિત કરી શકાય છે. કુર્આન થોડું થોડું નાઝિલ થયું તો સવાલ ઉપસ્થિત કરવામાં આવ્યો કે થોડું થોડું કેમ ઉતર્યું ? એકત્ર ઉતરવું જોઈએ. આ તો શાયરો માફક કામ છે. અને જો એકત્ર ઉતર્યું હોતે તો ન માનવાવાળાઓ કહેતા, આ કુર્આન થોડું થોડું કરીને ભેગું કર્યું હશે અને એકત્ર થયું તો દાવો કર્યો આ ખુદાની કિતાબ છે. તો ન માનવાવાળો ગમે તે બહાને માની શકતો નથી. દુશ્મનો માટે ફાયદો થોડું થોડું નાઝિલ થવામાં જ હતો કે તેઓ પણ ચેલેંજ કબૂલતા તો તેમને થોડું થોડું કરીને જ મુકાબલામાં લાવવાનું હતું. પણ જ્યારે અતિ સહેલું અને





તેમની આદત પ્રમાણેનું કામ તેમનાથી ન થઈ શકયું તો બીજુ શું થઈ શકે છે ? અલ્લાહ ત્આલા કુર્આન મજીદમાં ઈર્શાદ ફર્માવે છે :– પછી તમારાથી ખુદાઈ ચેલેંજનો જવાબ કયાં બની શકવાનો છે ?

## ★ ત્રીજું રહસ્ય ★

કુર્આન થોડું થોડું કરીને નાઝિલ થવામાં એક રહસ્ય એ જાણવા મળે છે કે અલ્લાહ તબારક વ ત્આલાને અંતિમ નબી અહમદે મુજતબા મુહંમદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉમ્મત સાથે મહોબ્બત છે. એટલે સઘળા હુકમો એક સાથે નાઝિલ ન ફરમાવ્યા. ગુનાહોમાં ડૂબેલો માણસ એક સાથે દરેક ગુનાહ છોડીને શરઈ દરેક જવાબદારી પર અમલ કેવી રીતે કરી શકે છે ? તો અલ્લાહ ત્આલાએ થોડા થોડા કરીને હુકમો નાઝિલ ફર્માવ્યા કે લોકો ધીમે ધીમે ગુનાહોથી અલગ થઈ શરીઅતની પાબંદી કરી શકે. એકત્ર કિતાબ નાઝિલ થવામાં આ ફાયદો પ્રાપ્ત નથી થઈ શકતો.

## ★ શું આગલા નબીની ઉમ્મતો ખુદાને પ્યારી ન હતી ? ★

આગલી કિતાબો એક સાથે નાઝિલ થઈ હતી. આપના દર્શાવેલ રહસ્યને લક્ષમાં લાવતાં જાણવા મળે છે કે આગલા નબીની ઉમ્મતોથી ખુદાને પ્યાર અને મહોબ્બત ન હતી ! ત્યારે જ તો એકત્ર કિતાબ એક સાથે નાઝિલ ફર્માવી ?

સત્ય અકીદાથી દીનને માનવાવાળાઓ દરેક નબીના જમાનામાં ખુદાના પ્યારા રહ્યા, પરંતુ અમારા કહેવાનો મતલબ એ છે કે આ ઉમ્મતને મહોબ્બતમાં ઉત્તમતા પ્રાપ્ત છે અને તેના માટે સહુલતનો ખ્યાલ રાખવામાં આવ્યો.

## ★ આ રહસ્ય માત્ર નુઝૂલના જમાનામાં માન્ય છે ★

એક સવાલ અહિં એ ઉપસ્થિત કરવામાં આવે છે કે ચાલો

થોડી વાર માટે અમે તમારૂં દર્શાવેલ રહસ્ય માની લઈએ તો એનાથી માત્ર એટલું સાબિત થાય છે કે આ ફાયદો નુઝૂલના જમાના સુધીનો હતો. જ્યારે સઘળું કુર્આન નાઝિલ થઈ ગયું ત્યાર પછી ઈસ્લામ સ્વીકારનાર માટે તો એક સાથે સઘળા કુર્આન પર ઈમાન અને અમલ જરૂરી થઈ ગયો. તો જે સવાલ પ્રથમ હતો તે હવે પણ ઉપસ્થિત થઈ શકે છે ?

ઉપરોકત સવાલનો જવાબ એ છે કે જેઓ મુસલમાન બની ગયા અને તેમના ઘરે જે બાળકો જનમ્યાં તેમને તો બાળપણથી એ વાતની તાલીમ મળી કે ઈસ્લામ શું છે અને એમાં કેવા એહકામ છે અને અમારે કેવી રીતે રહેવાનું છે. એટલે તેઓ મા–બાપની શિખામણથી ગુનાહોથી પ્રથમથી બચીને રહે છે અને તેમણે અમલની જવાબદારી આવવામાં બાલિગ થવાનો સમય આપવામાં આવે છે. એટલે તેમની ઉપર અમલ કષ્ટદાયક નથી. આ કોઈ કાફિર મુસલમાન બને તેની બાબતે સવાલ થઈ શકે છે કે તેણે તો સઘળા કુર્આન પર ઈમાન અને સઘળી શરીઅત પર અમલ જરૂરી થઈ જશે ? તો તેને સહુલત કેમ કરી મળશે ? તો આનો જવાબ એ છે કે તે મુસલમાન બનશે. મુસલમાનોની સંગતમાં રહીને અને તેમના કામો દેખીને અથવા કિતાબોનું વાંચન કરીને. તો કુફ્રના જમાનામાં તેની ઉપર માત્ર એક જવાબદારી હતી કે ઈમાન લાવે અને જ્યાં સુધી તે દેખીને નૉલેજ મેળવી રહ્યો છે અથવા વાંચન કરી રહ્યો છે તેને જાણવા મળ્યું કે મારે ઈસ્લામ લાવી શું શું કરવાનું છે અને કયા કયા કામોથી બચવાનું છે. તો આ જમાનો તેની સહુલતનો જમાનો રહ્યો. હવે જ્યારે ઈસ્લામ સ્વીકારશે તો તેના માટે અમલ કષ્ટદાયક રહેશે નહીં. કુર્આનના નુઝૂલના જમાનામાં દેખીને અથવા વાંચન કરીને ઈસ્લામ શિખવાનો સવાલ જ ન હતો ? જ્યારે કુફ્રના માહોલમાં ઈસ્લામ નવી શકલથી આવી રહ્યો હતો એટલે ડૂબેલાને કાઢવા માટે થોડું થોડું કરીને કુર્આન નાઝિલ કરવામાં ફાયદો હતો.





## ★ આસ્માની કુર્આનથી તમારા કુર્આનમાં ફરક છે ★

એક સવાલ એ ઉપસ્થિત કરવામાં આવ્યો છે કે તમારા દર્શાવ્યા મુજબ કુર્આનમાં સિપારા, મંઝિલો, રૂકૂઅ, અવકાફના નિશાનો, સૂરતના નામો, સૂરતોના ફરક માટે પાડવામાં આવતી ડિઝાઈનો, આ કામો નબીએ લખાવેલા કુર્આનમાં ન હતાં. તો સાબિત થયું કે આકાશમાં ઉતરેલા કુર્આનમાં પણ નહીં હોય. તો આનાથી જાણવા મળ્યું કે તમારા કુર્આનમાં ફેરફાર છે અને આ કુર્આન આકાશવાળા કુર્આન મુજબ નથી.

જવાબ એ છે કે આ સઘળાં કામોને અમે મૂળ કુર્આનમાં શામિલ નથી કરતા અને નથી કહેતા કે આ કામો મૂળ કુર્આનથી લેવામાં આવ્યાં છે અને એ જ અમારી સત્યતા અને ન્યાય છે કે, જે કુર્આનથી નથી તેને અમે કુર્આનમાં શામિલ નથી કરતા. એટલે અસલ કુર્આનથી આ કુર્આનમાં ફરક નથી. ફરક નકલીને અસલી કહેવાથી પેદા થાય છે અને આમ કરવામાં નથી આવ્યું. અમે આ સઘળાં કામોનો વધારો કિરાઅત અને તિલાવતની સહુલત માટે કરેલો છે કે જે પબ્લિક કુર્આનની તિલાવત અને કિરાઅતના કાયદાથી નાવાકિફ છે તેઓ પણ નિશાનીઓથી તેની પાબંદી કરી શકે છે.

## ★ ચોથું રહસ્ય ★

કુર્આન શરીફ થોડું થોડું કરીને નાઝિલ કરવાનો એક ફાયદો એ પણ છે કે ઈમાનવાળાઓના ઈમાનમાં વધારે થતો રહે અને એ પ્રમાણે તેમની મહોબ્બતમાં પણ વધારો થતો રહે, અને આમાં જે લિઝઝત છે તેને એક મહોબ્બતવાળો પોતાની દિલી હાલતથી સારી રીતે સમજી શકે છે. બીજું એ કે દુશ્મનોની દુશ્મનીમાં વધારો થતો રહે અને એ પ્રમાણે તેમના કુફ્રમાં વધારો થતો રહે. કુર્આન શરીફમાં છે :–

وَإِذَا مَآ أُنْزِلَتْ سُوْرَةٌ فَمِنْهُمْ مَّنْ يَّقُوْلُ أَيُّكُمْ زَادَتْهُ هٰذِهٖٓ إِيْمَانًا ۚ فَأَمَّا الَّذِيْنَ اٰمَنُوْا فَزَادَتْهُمْ إِيْمَانًا وَّهُمْ يَسْتَبْشِرُوْنَ ○

અને જ્યારે કોઈ સૂરત ઉતરે છે ત્યારે તેમાંથી કોઈ કહે છે તેણે તમારામાંથી કોના ઈમાનને વધાર્યું, તો જેઓ ઈમાનવાળાઓ છે તેમના ઈમાનને તેણે પ્રગતિ આપી અને તેઓ ખુશીઓ મનાવી રહ્યા છે.

કાફિરો બાબતે કુર્આનમાં છે :–

وَإِذَا مَآ أُنْزِلَتْ سُوْرَةٌ نَّظَرَ بَعْضُهُمْ إِلٰى بَعْضٍ هَلْ يَرٰىكُمْ مِّنْ أَحَدٍ ثُمَّ انْصَرَفُوْا ۚ صَرَفَ اللّٰهُ قُلُوْبَهُمْ بِأَنَّهُمْ قَوْمٌ لَّا يَفْقَهُوْنَ ○

અને જ્યારે કોઈ સૂરત ઉતરે છે તેમનામાં એક બીજાને જોવા માંડે છે કે કોઈ તમને જોતું નથી, પછી ફરી બેસે છે. અલ્લાહે તેમના દિલો ફેરવી નાખ્યા કે તેઓ ના સમજ લોકો છે.

## ★ પાંચમું રહસ્ય ★

કુર્આન શરીફ થોડું થોડું નાઝિલ કરવામાં એક રહસ્ય એ પણ છે કે કાફિરોની જહાલતને ખ્યાતિ આપવામાં આવે કે તેઓ કેવા મહાન જાહિલ અને દુશ્મનીના ખાડામાં પડેલા છે કે તેમને થોડું થોડું કરીને સમજાવવામાં આવે છે તો પણ તેમની સમજમાં આવતું નથી. તો જો એક સાથે સઘળું કુર્આન નાઝિલ કરવામાં આવતું તો તેમની સમજમાં કેવી રીતે આવતું ?

## ★ છઠ્ઠું રહસ્ય ★

કુર્આન શરીફ થોડું થોડું કરીને નાઝિલ કરવામાં એક રહસ્ય એ પણ છે કે સહાબાએ કિરામ ખુદા તરફથી નાઝિલ થતા કલામની રાહ જોતા, તેના ઈન્તેઝારમાં રહેતા અને ઈન્તેઝારમાં રહેવુ પણ સવાબ છે. તો આ પ્રમાણે તેમના સવાબમાં વધારો થતો રહે છે એટલે થોડું થોડું કરીને નાઝિલ કરવામાં આવ્યું.





## ★ સાતમું રહસ્ય ★

કુર્આન શરીફની વહી લખાણથી નથી થઈ જેમ કે આગલા રસૂલોને કિતાબો લખાણથી આપવામાં આવી હતી. બલ્કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર એક ખાસ પ્રકારની સ્થિતિ પેદા થતી હતી અને તેમાં હઝરત જિબ્રઈલ અમીન علیہ الصلوٰۃ والسلام પધારીને ખુદાનો પયગામ આપને સંભળાવતા હતા અને ખુદાના ફઝલથી આપને યાદ કર્યા વિના માત્ર સાંભળી લેવાથી હમેશાં માટે યાદ રહી જતું હતું. જો આખા કુર્આનની વહી એક સાથે કરવામાં આવી હોતે તો તેમાં ઘણો જ સમય લાગતો. એટલે થોડું થોડું કરીને કુર્આન નાઝિલ કરવામાં આવ્યું કે, નબીયે અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સહુલત રહે.

## ★ આગલા નબીઓએ એક સાથે કિતાબ કેવી રીતે પ્રાપ્ત કરી ★

આગલા નબીઓ પર જે કિતાબ અને રિસાલા ખુદા ત્આલા તરફથી ઉતારવામાં આવ્યા તે તમે જાણ્યું કે સંભળાવવામાં ન આવ્યું હતું બલ્કે લખીને આપી દેવામાં આવી હતી. લખેલી આપવામાં એટલો સમય નથી લાગતો. દાખલા તરીકે કોઈ માણસને આપણે કોઈ હજાર પેજની બુક ભેટ આપીએ તો તેમાં અમુક સેકન્ડોનો સમય લાગે છે. ઉઠાવીને આપી દેવી. પરંતુ હજાર પેજ સંભળાવવામાં આવે તો તો માટે ઘણો સમય લાગે છે. એટલે આગલી કિતાબોની વહી એક સાથે લખીને અર્પણ થઈ. જ્યારે કુર્આન પઢીને નાઝિલ થયું તો નબીની સહુલત માટે થોડું થોડું કરીને નાઝિલ કરવામાં આવ્યું.

## ★ આઠમું રહસ્ય ★

કુર્આન શરીફની આયતો નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પર જરૂરતથી નાઝિલ થતી હતી. જેવો કોઈએ આવીને સવાલ કર્યો કે જવાબમાં વહી ઉતરી આવી, કોઈ મસ્અલો પેશ આવ્યો તો વહી

ઉતરી આવી, અહલે કિતાબ દ્વારા તેમની કિતાબની ખોટી વાત બતાવવામાં આવી તો જવાબમાં વહી ઉતરી આવી. આનાથી નબીએ અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم નું મુકામ અને મરતબો જાણવા મળે છે કે આપ અલ્લાહના કેટલા મહબૂબ છે કે અલ્લાહ આપને માયૂસ નથી થવા દેતો અને જરૂરત પર પોતાના તરફથી અનેક વખત જિબ્રઈલને હુકમ કરીને વહી નાઝિલ ફર્માવે છે. જેથી આ રહસ્યને લઈને થોડું થોડું કુર્આન નાઝિલ કરવામાં આવ્યું.

## ★ નવમું રહસ્ય ★

કુર્આન શરીફનો મરતબો કેટલો બુલંદ છે કે તેને માત્ર એક વહીથી નાઝિલ કરવામાં નથી આવ્યું બલ્કે થોડું થોડું કરીને ૨૩ વર્ષમાં ઉતારવામાં આવ્યું. એટલે કે દુનિયામાં તેને ઉતારવામાં ૨૩ વર્ષોનો સમય લાગ્યો. આનાથી કુર્આન શરીફની શાન જાણવા મળે છે. એટલે કુર્આનને થોડું થોડું કરીને નાઝિલ કરવામાં આવ્યું.

## ★ દસમું રહસ્ય ★

કુર્આન શરીફના અમુક હુકમો ઉતારીને તેના પર અમલ કરાવી રદ કરવાના હતા અને તેનાથી ઉમ્મતે મોહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم નો મર્તબો અને તેમની ઉત્તમતા બનાવાની હતી કે, અલ્લાહ ત્આલાએ પ્રથમ હુકમ નાઝિલ ફરમાવ્યો પણ આપની ઉમ્મતને તેના પર અમલમાં તકલીફથી પસાર થવું પડયું, તો અલ્લાહ ત્આલાએ ઉમ્મતની સહુલત માટે પોતાનો નાઝિલ કરેલો હુકમ બદલી નાખ્યો અને સહુલતવાળો હુકમ અતા કર્યો. અને આમ ત્યારે જ થઈ શકે છે જયારે કુર્આનને ક્રમે ક્રમે નાઝિલ કરવામાં આવે. તો અલ્લાહ ત્આલાએ થોડું થોડું કરીને કુર્આન ઉતાર્યું અને નબીના સદકામાં નબીની ઉમ્મત કેટલી ઉત્તમ છે જાહેર ફર્માવ્યું.

## ★ ઉમ્મતની ઉત્તમતા કુર્આનના પ્રકાશમાં ★

અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે.....





كُنْتُمْ خَيْرَ أُمَّةٍ أُخْرِجَتْ لِلنَّاسِ تَأْمُرُونَ بِالْمَعْرُوفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُونَ بِاللّٰهِ ۔ (پ ٤ سورۃ آل عمران)

તમે શ્રેષ્ઠ છો તે બધી ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ કરો છો અને બુરાઈથી મના કરો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો.

وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا

અને વાત એમ જ છે કે અમે તમને બધી ઉમ્મતોમાં શ્રેષ્ઠ બનાવ્યા કે તમે લોકો પર ગવાહ બનો અને આ રસૂલ તમારા રક્ષક અને ગવાહ છે.

## ★ કિયામતનો દિવસ ★

કિયામતના દિવસે લોકોનો હિસાબ લેવામાં આવશે. આગલા નબીની ઉમ્મતોના કાફિરોને પૂછવામાં આવશે કે શું તમારી પાસે અમારા તરફથી કોઈ નબી આવ્યો હતો ? અને તેમને તમને શિખામણ આપી હતી ? તો તેઓ ઈન્કાર કરશે. અલ્લાહ ત્આલા તે ઉમ્મતના નબીઓને પૂછશે. તેઓ કહેશે, અય અલ્લાહ ! અમે તારા તરફથી મળેલી જવાબદારી નિભાવી હતી અને તેમાં કોઈ પ્રકારની આળસ કરી નથી. અલ્લાહ ત્આલા તેમનાથી ગવાહની માંગ કરશે, તો તેઓ ઉમ્મતે મોહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم ને ગવાહ કરીને પેશ કરશે. આ ઉમ્મતને પૂછવામાં આવશે કે તમને ગવાહ તરીકે પેશ કરવામાં આવ્યા છે, શું તમે નબીઓની ખિદમત બાબતે ગવાહી આપો છો ? તો તેઓ ગવાહી આપશે. તેમને પૂછવામાં આવશે કે તમે તો અંતિમ નબીની ઉમ્મત છો અને તમે તો તેના જમાનામાં હાજર ન હતા. પછી ગવાહી કેમ કરી આપો છો ? તો કહેશે, અય અલ્લાહ ! સરકારે મદીના صلی اللہ تعالٰی علیہ وسلم ના ફર્માનથી, આપે અમને કહ્યું હતું. ત્યારે હુઝૂરને પોતાની ઉમ્મત અને આગલા નબીઓના ગવાહ તરીકે પૂછવામાં આવશે. તો અઆપ ગવાહી આપશે અને ફેંસલો થઈ જશે. જાણવા મળ્યું કે ઉમ્મતે મોહમ્મદીને ઘણી ઉત્તમતા આપવામાં આવી છે,

તેમને મેદાને મહેશરમાં નબીઓના ગવાહ બનાવવામાં આવશે અને નબીઓ પોતે આ ઉમ્મતને ગવાહ તરીકે ખુદાની બારગાહમાં રજુ કરશે. અલ્લાહ ત્આલાએ પ્રથમથી સહુલતનો હુકમ કેમ ન આપ્યો ? તો એટલા માટે કે પ્રથમથી સહુલતનો આદેશ આપવામાં આવતો તો ઉપરોકત રહસ્ય જાણવા ન મળતું. એટલે પ્રથમ સખત હુકમ મળ્યો અને પછી માંગ કરવા પર સહુલત કરવામાં આવી.

## ★ અગિયારમું રહસ્ય ★

કિતાબ લખીને ઉતારવામાં આવી હોતે તો કાફિરો અને શત્રુઓ કહેતા કે કોઈની પાસે લખાવી હશે અને હવે તેમાંથી યાદ કરીને સંભળાવે છે. પણ જયારે પઢીને ઉતારવામાં આવી. તો પાસે કોઈ કિતાબ નથી, સામે કોઈ બતાવનારો નથી અને પછી ભાષાના અનુભવીઓને ચેલેંજ કરવાવાળું કલામ પેશ કરે તો એ વાતની દલીલ છે. એમનું કલામ ખુદા તરફથી નાઝિલ થયું છે, એટલે કુર્આન પઢીને સંભળાવવામાં આવ્યું અને ક્રમે ક્રમે એટલા માટે કે અનેક વખત વહી આવે અને અનેક વખત વહી દ્વારા નબીની ગંભીર સ્થિતિ જોવા મળે તો દરેકને એ વાતનું ઈલ્મ થઈ જાય કે આ સ્થિતિ જે વહી સમયે થતી હોય છે, માણસના પોતાના અધિકારમાં નથી કે ઢોંગથી આમ થઈ શકતું નથી. એટલે ક્રમે ક્રમે વહી નાઝિલ થઈ.

## ★ બારમું રહસ્ય ★

અન્ય વાતો નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતે ઈર્શાદ ફરમાવતા હતા. જો કે તે પણ હુકમે ખુદાથી જ હોય છે. જેમ કે અલ્લાહ ત્આલા ઈર્શાદ ફરમાવે છે :–

مَا يَنْطِقُ عَنِ الْهَوٰى اِنْ هُوَ اِلَّا وَحْيٌ يُّوْحٰى

તેઓ કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા. તે તો જે વહી તેમને કરવામાં આવે છે, તેના સિવાય બીજું કશું જ નથી.





તો પણ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ખુદાના કલામને અલગ લખાવતા હતા અને તેમાં પોતાનો કોઈ શબ્દ મેળવવા ન દેતા હતા, તો આનાથી નબીએ પાકની સત્યતા સાબિત થાય છે કે, જો કુર્આનની આયતો આપે બનાવી હોતે તો પોતાના દરેક કલામને કુર્આનમાં શામિલ કરતા. પણ પોતાના કલામ અને ખુદાના કલામમાં ફરક કરાવવો સત્યતાની દલીલ છે. એટલે કુર્આન તિલાવતથી ઉતારવામાં આવ્યું અને સ્થિતિ પોતાના કલામમાં બદલાતી ન હતી. ખુદા તરફથી કુર્આનની વહીમાં બદલાતી હતી અને ક્રમે ક્રમે નાઝિલ થાય અને અન્ય વખત સ્થિતિમાં ફરક આવે તો લોકોને જાણવા મળે ખુદાનું કલામ કેવી સ્થિતિમાં નાઝિલ થાય છે. એટલે થોડું થોડું કરીને કુર્આન નાઝિલ કરવામાં આવ્યું.

## ★ તિલાવતથી નુઝૂલમાં ફાયદો ★

લખાણની જગાએ પઢીને સંભળાવામાં સંભળાવનારનો મતલબ સારી રીતે સમજમાં આવે છે. કારણ કે ઘણી બધી વાકય રચના એવી પણ હોય છે જેના લખાણથી ઘણા મતલબ નીકળી શકે છે. દાખલા તરીકે "તમે મુંબઈ જશો." આ વાકયથી એ મતલબ નીકળે છે કે સામે વાળો તમને તમારા થવાવાળા કામની ખબર આપી રહ્યો છે. પ્રશ્ન પણ બની શકે છે કારણ કે અમુક વખત "શું"નો શબ્દ બોલવામાં નથી આવતો અને બોલવાની સ્થિતિ બદલીને તેને પ્રશ્ન બનાવામાં આવે છે. અચરજનું વાકય પણ બની જશે કે અને તે પણ સ્થિતિથી સમજી શકાય છે. "તમે મુંબઈ જશો" અચરજમાં પડી જવાની સ્થિતિમાં બોલવામાં તો આ શબ્દો જ આવશે પણ મતલબ નીકળશે "તમે ને મુંબઈ જશો !" ઉપરોકત વાકયથી હુકમ અને આદેશનો માયનો પણ થઈ શકે છે. "તમે મુંબઈ જશો" એટલે મારો હુકમ છે. તમે મુંબઈ જશો.... એક વાકયમાં આ પ્રમાણેની શંકા લખાણથી થઈ શકે છે, પણ પોતે બોલીને બતાવે તો માહોલના આધારે તેની વાત ચીતની સ્થિતિથી જાણી શકાય છે કે તેણે ઉપરોકત માયનામાંથી કયો માયનો લેવાનો ઈરાદો કર્યો છે. એટલે અલ્લાહ

ત્આલા તરફથી કુર્આનની આયતો લખીને નહીં પઢીને ઉતારવામાં આવી કે, વાકય રચનાનો મતલબ નિયુકત થઈ શકે અને લખાણથી પેદા થતી માયનાની શંકાઓનો નાશ થઈ શકે. બીજું એ કે એક વખત સંભળાવવામાં આવે તો લખવાનું કામ તો માણસ પણ કરી શકે છે કે, જે પ્રમાણે ઉતારવામાં આવ્યું તે પ્રમાણે લખાવે. અને નબીએ પાકે કુર્આન ઉતરતું ગયું અને લખાવતા ગયા, જેનો ઉલ્લેખ થઈ ગયો છે. એટલે એ પણ કહેવામાં આવે છે કે નબીથી વધીને કુર્આન કોઈ સમજી શકતું નથી. કારણ કે નબીને સંભળાવવામાં આવ્યું હતું જેનાથી માયનાની શંકાઓનો નાસ થઈ જાય છે. એટલે કુર્આન શરીફ તિલાવતથી નાઝિલ કરવામાં આવ્યું.

## ★ કુર્આન અને હદીષમાં ફરક ★

કુર્આન અને હદીષમાં ફરક જાણવો પણ જરૂરી છે. જો કે આજે કુર્આન આપણી સમક્ષ એક કિતાબી શકલમાં એકત્ર છે અને દરેક મુસલમાનના ઘરમાં મોજૂદ છે. એટલે એટલું તો જાણી શકાય છે કે જે કંઈ કુર્આનમાં છે ખુદાનું કલામ અને કુર્આન છે અને તે સિવાય જે કંઈ નબી તરફ સંબંધ કરી બયાન કરવામાં આવે અથવા લખવામાં આવે તે હદીષ છે કુર્આન નથી. પરંતુ ખુદાનો પયગામ હોવામાં ફરક એ છે કે, કુર્આનનો માયનો અને શબ્દ બંને વહી દ્વારા છે. જ્યારે હદીષમાં માયનો વહીથી અથવા વિના ફરિશ્તે ખુદા તરફથી ઈલ્હામ હોય છે પણ તેના બયાનમાં શબ્દો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હોય છે. હદીષ અને કુર્આનમાં આ તફાવત અગત્યનો છે.

## ★ કિયામમાં હદીષની તિલાવત જાઈઝ નથી ★

આપણને એ વાતની તો ખબર છે કે હાલતે નમાઝમાં ઉભા રહીને જેને અરબીમાં કિયામ કહેવામાં આવે છે તેમાં માત્ર કુર્આનની તિલાવત ફર્ઝ છે અને સૂરએ ફાતિહા અને તેની સાથે કુર્આનનો બીજો ભાગ મેળવવો વાજિબ છે. તેનો ખુલાસાવાર ઉલ્લેખ **તોહફાએ**





**નજાત ભાગ–૪**માં થઈ ગયો છે. તો શું કુર્આન પઢવામાં ન આવે અને તેની જગાએ હદીષની તિલાવત કરવામાં આવે તો નમાઝ જાઈઝ થશે ? તો દરેક મુફતી તમને એ જ ફત્વો આપશે કે ભલેને હદીષ પણ અલ્લાહનો આદેશ છે પણ નમાઝમાં તેની રજા મળશે નહીં. એટલે જ કે તિલાવતનો સંબંધ શબ્દોથી છે અને કુર્આનના શબ્દો પણ વહી દ્વારા છે. જ્યારે કે હદીષનો માયનો વહી દ્વારા હોય છે પણ તેમાં શબ્દો નબીના હોય છે એટલે નમાઝમાં હદીષની તિલાવતની રજા નથી. આનાથી પણ હદીષ અને કુર્આનમાં ફરક જાણવા મળે છે કે, કુર્આન વહીએ મતલુનું નામ છે અને હદીષ વહીએ ગૈરમતલુનું નામ છે.

## ★ સનદી ફરક ★

કુર્આન અને હદીષમાં સનદી તફાવત પણ જોવા મળે છે, સનદોના આધારે હદીષોના ઘણા પ્રકાર છે અને તે પ્રમાણે તેના હુકમમાં પણ ફરક આવતો રહે છે. જ્યારે કે કુર્આન સનદના આધારે અંતિમ કક્ષાએ મજબૂત છે તો કલામે ખુદા હોવામાં કોઈ શંકા નથી અને સનદની દ્રષ્ટિએ સઘળું કુર્આન એક પ્રકારનું મજબૂત અને મુતવાતિર છે. જ્યારે કે હદીષમાં દરેક હદીષ આ પ્રમાણે સનદથી મજબૂત નથી. અમુક હદીષો સનદોથી તવાતુરની હદે પહોંચેલી છે. દરેક હદીષ એ હદે નથી કે તેનો ઈન્કાર કુફ્ર બની જાય. પણ કુર્આનની દરેક આયત એ હદે છે કે તેનો ઈન્કાર કુફ્ર છે અને તેમાં બે મત નથી.

## ★ કુર્આન છે તો પછી હદીષની શી જરૂરત ★

એક સવાલ એ ઉપસ્થિત કરવામાં આવે છે કે કુર્આન શરીફ અલ્લાહ ત્આલા તરફથી લોકોની હિદાયત અને માર્ગદર્શન માટે ઉતારવામાં આવ્યું તો પછી માત્ર તેનાથી માર્ગદર્શન લેવું જોઈએ. માર્ગદર્શનમાં બીજા કશાની જરૂરત નથી. કુર્આન શરીફમાં છે અલ્લાહ ત્આલા ફરમાવે છે :–

شَهْرُ رَمَضَانَ الَّذِي أُنزِلَ فِيهِ الْقُرْآنُ هُدًى لِّلنَّاسِ وَبَيِّنَاتٍ مِّنَ الْهُدَىٰ وَالْفُرْقَانِ ۝

રમઝાનનો મહિનો જેમાં કુર્આન ઉતાર્યું લોકો માટે હિદાયત અને માર્ગદર્શન અને ફૈસલાની રોશન વાતો.

કુર્આન શરીફની આ આયત સ્પષ્ટ દર્શાવી રહી છે કે કુર્આન માર્ગદર્શન માટે છે તો પછી હદીષ અને ફિકહની જરૂરત નથી. માત્ર કુર્આનની તાલીમાત પર અમલ સંપૂર્ણ છે અને કુર્આન શરીફનું ઉતરવાનું સંપૂર્ણ થતાં ફર્માવવામાં આવ્યું :–

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِيْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا ۔

આજ મેં તમારા માટે તમારો ધર્મ સંપૂર્ણ કરી દીધો અને તમારા પર મારી નેઅમત પૂરી કરી દીધી અને તમારા માટે ઈસ્લામને ધર્મ તરીકે પસંદ કર્યો.

ઉપરોકત આયત પણ એ સાબિત કરી રહી છે કે કુર્આનના નુઝૂલથી દીન સંપૂર્ણ થઈ ગયો છે અને હવે દીનના સંપૂર્ણ હોવામાં બીજા કશાની જરૂરત નથી.

## ★ પ્રશ્નનો ઉત્તર ★

મુસલમાનોમાં કમનસીબીએ ઘણા ફિરકાઓ પડી ગયા છે અને પાર્ટીબાજીઓ થઈ ગઈ છે. એટલે કાફિરો, ગેરમુસ્લિમો અને અહલે કિતાબ ઈસાઈઓ અને યહૂદીઓ તરફથી જે એટેક કરવામાં આવે છે, તે તો એટલા માટે કે તેઓ આપણા દીનને માનતા નથી અને ન માનવાવાળો ગમે તેવી રીતે પોતાના વિરોધીને નીચો પાડવાની કોશિષ કરે છે અને તેમના તરફથી વિરોધી પ્રવૃત્તિઓ અફસોસ પાત્ર નથી. પરંતુ મુસલમાન મુસલમાન થઈને જ્યારે ઈસ્લામ વિરોધની વાતો કરે, પોતાને દોસ્ત કહીને દુશ્મનીનાં કામો કરે. જેને જવાબ બનાવવાનો, તે જ સવાલ ઉપસ્થિત કરે ! ત્યારે જરૂરથી અફસોસ થતો હોય છે. આપણી શકિત દુશ્મનોને ઝેર કરવા





માટે છે તેના બદલે આપણે આપણી શકિતનો ઉપયોગ આપણા ભાઈઓ માટે કરવો પડે છે. કયારેક લોકો આમ કહે છે લોકોમાં તબ્લીગ કરવાથી આટલા લોકો સુધરી ગયા અને નમાઝી બની ગયા, આટલાઓએ ગુનાહથી તૌબા કરી દીધી અને દીનની ખિદમતમાં લાગી ગયા. ત્યારે હું મારા તરફથી મનોમન એ જ કહેતો હોઉં છું કે કાશ ! મુસલમાનો પોતાની ઈસ્લામી જવાબદારીનો પોતે ખયાલ રાખી અમલ કરશે તો જે મુસલમાનો દીનની ખિદમત કરે છે, સત્ય અકીદાના પ્રકાશમાં તબ્લીગે દીન અને ધર્મનો પ્રચાર કરે છે તેમની શકિત અને તેમનો અતિ કિંમતી સમય મુસલમાન ભાઈઓમાં જ ખર્ચ થઈ રહ્યો છે તે ગેરમુસ્લિમોમાં ખર્ચ થતો અને તેમને ઈસ્લામ સ્વીકારવાની તૌફીક મળતી. પણ મુસલમાનો પોતાના દીનની ખિદમત કર્તાઓને પોતાના ગુનાહથી ગેર મુસ્લિમો સુધી જવાથી રોકે છે.

ઉપરોકત સવાલ કોઈ ગેરમુસ્લિમનો ઉપસ્થિત કરેલો નથી, બલ્કે મુસલમાનોમાં એક ફિરકો છે જેને **નેચરી** કહેવામાં આવે છે, પરંતુ તેઓ પોતાને "અહલે કુર્આન" કહે છે. તેઓ હદીષ અને ફિકહને દીનથી બહાર સમજે છે અને કહે છે કુર્આન સંપૂર્ણ છે અને માર્ગદર્શન માટે કાફી છે. તેમાં હદીષ અને ફિકહને શામિલ કરવાની કોઈ જરૂરત નથી અને તે બાબતે સાંભળી ન શકાય તેવી વાતો બનાવતા હોય છે.

## ★ અહલે કુર્આન કુર્આનના વિરોધી છે ★

પોતાને અહલે કુર્આન કહેવાથી કોઈ અહલે કુર્આન નથી બની જતો. ગલાઝત પર ચાંદીનું પેપર લગાવાથી તે મીઠાઈ નથી બની જતી. અહલે કુર્આન કુર્આનને સમજીને તેની ઉપર અમલ કરવાથી બની શકે છે અને કુર્આન સમજવામાં નબીની જરૂરત છે. તેનો ઉલ્લેખ કુર્આને કર્યો છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફરમાવે છે :–

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ○

બેશક ! અલ્લાહનું મોટું એહસાન થયું મુસલમાનો પર કે તેમનામાં તેમનામાંથી જ એક રસૂલ મોકલ્યા, જે તેમના પર તેની આયતો પઢે છે અને તમને પાક કરે છે અને તેમને કિતાબ તેમજ હિકમત શિખવાડે છે અને તેઓ સચિત એ પહેલાં ગુમરાહીમાં હતા.

કુર્આન શરીફ અરબીમાં ઉતારવામાં આવ્યું હતું તે અરબીમાં જ છે. ભલે તેનું ભાષાંતર ગમે તે ભાષામાં થયું હોય. અલ્લાહ ત્આલા ફરમાવે છે :–

اِنَّآ اَنْزَلْنٰهُ قُرْاٰنًا عَرَبِيًّا لَّعَلَّكُمْ تَعْقِلُوْنَ ○

બેશક ! અમે તેને અરબી કુર્આન ઉતાર્યું, તાકે તમે સમજી શકો.

જે કુર્આન પોતાની સિફત અરબી કુર્આન બતાવી રહ્યું છે તે કુર્આન નબીની સિફત બયાન કરતાં કહે છે, وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ કિતાબ કુર્આન છે. કુર્આન અરબીમાં છે તો પછી અરબીઓને શીખવવાની શી જરૂરત છે ? જાણવા મળ્યું કુર્આન શીખવા માટે નબીની જરૂરત છે. તો તેમણે કુર્આન શીખવવા જે તાલીમ આપી તે હદીષ છે. પછી હદીષનો ઈન્કાર શી રીતે કરી શકાય ? હિકમત કિતાબ પછી વધારાનો એક શબ્દ છે જે નબીની હદીષોને સ્પષ્ટ સાબિત કરી રહ્યો છે. જાણવા મળ્યું કુર્આન સાથે હદીષની જરૂરત છે.

**બીજી આયત :–** અલ્લાહ ત્આલા ઈર્શાદ ફરમાવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ

અય ઈમાનવાળાઓ ! હુકમ માનો અલ્લાહનો અને હુકમ





માનો રસૂલનો.

કુર્આન પર અમલ અલ્લાહ તઆલાની ઈતાઅત અને ફર્માંબરદારી છે, તો પછી અતીઉર્રસૂલ શું છે ? નબીની સુન્નતોની પેરવી, જેનાથી હદીષોનું મુકામ જાણવા મળે છે.

**ત્રીજી આયત :–**

مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ

જેણે રસૂલનો હુકમ માન્યો, બેશક ! તેણે ખુદાનો હુકમ માન્યો.

રસૂલની ઈતાઅત ખુદાની ઈતાઅત છે,તો રસૂલની ઈતાઅતમાં કુર્આન પણ શામિલ છે અને હદીષ પણ શામિલ છે. જાણવા મળ્યું, કુર્આન સાથે હદીષની પણ જરૂરત છે.

**ચોથી આયત :–**

يُصْلِحْ لَكُمْ اَعْمَالَكُمْ وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ فَازَ فَوْزًا عَظِيْمًا ○

તમારાં કર્મો તમારા માટે સુધારી દેશે અને તમારા ગુનાહો માફ ફરમાવી દેશે અને જે અલ્લાહ અને તેને રસૂલનું કહ્યું માને તેણે મહાન સફળતા મેળવી.

આ આયત સ્પષ્ટ કરી રહી છે કે મહાન સફળતા પ્રાપ્ત કરવા માટે અલ્લાહની ઈતાઅત સાથે રસૂલની ઈતાઅત જરૂરી છે અને રસૂલની ઈતાઅત કુર્આન સાથે હદીષની જરૂરત પણ શામિલ કરે છે.

**પાંચમી આયત :–**

اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ

જો તમે અલ્લાહને દોસ્ત રાખતા હોઉ તો મારા ફર્માંબરદાર બની જાવ, અલ્લાહ તમને દોસ્ત રાખશે.

આ આયત બતાવી રહી છે કે ખુદાની મહોબ્બતમાં સત્ય કરવા અને ખુદાની મહોબ્બત પ્રાપ્ત કરવા નબીની ઈતાઅત આપની પાછળ પાછળ ચાલવું જરૂરી છે અને નબીની પાછળ ચાલવામાં કુર્આન સાથે હદીષ પણ છે. જાણવા મળ્યું, કુર્આન સાથે હદીષે પાકની જરૂરત છે.

## છઠ્ઠી આયત :–

إِنَّكَ لَعَلَىٰ خُلُقٍ عَظِيمٍ ۝

(અને) બેશક ! તમારૂં ચારિત્ર્ય અતિ ઉચ્ચ છે.

જાણવા મળ્યું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અતિ સારા સંસ્કાર પર પેદા કરવામાં આવ્યા છે અને હુઝૂરના સંસ્કાર દર્શાવતી હદીષો છે. જાણવા મળ્યું કુર્આન સાથે હદીષની જરૂરત છે.

## સાતમી આયત :–

وَمَا كَانَ لِمُؤْمِنٍ وَلَا مُؤْمِنَةٍ إِذَا قَضَى اللَّهُ وَرَسُولُهُ أَمْرًا أَن يَكُونَ لَهُمُ الْخِيَرَةُ مِنْ أَمْرِهِمْ

"અને કોઈ પણ મુસલમાન પુરૂષ કે મુસલમાન સ્ત્રીને એ હક નથી કે જ્યારે અલ્લાહ અને રસૂલ કાંઈક આદેશ આપે તો તેમના પોતાને પોતાના મામલામાં કંઈક અધિકાર રહે.

**કદલ્લાહ** કુર્આન છે અને **કદર્રસૂલ** હદીષ છે. જાણવા મળ્યું કે કુર્આન સાથે હદીષની જરૂર છે.

## આઠમી આયત :–

لَقَدْ كَانَ لَكُمْ فِي رَسُولِ اللَّهِ أُسْوَةٌ حَسَنَةٌ

"બેશક ! તમારા માટે રસૂલુલ્લાહનું અનુસરણ બેહતર છે."

રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم માં ઉસ્વએ હસનામાં હુઝૂરના બોલ અને કામ શામિલ છે અને તેનું નામ હદીષ છે. જાણવા મળ્યું ઈસ્લામમાં કુર્આન સાથે હદીષે પાકની પણ જરૂરત છે.





આ તો માત્ર દાખલાઓ હતા, જો આને લગતી આયતો ભેગી કરવામાં આવે તો એક મોટી કિતાબ માત્ર હદીષના સુબૂતમાં બની જાય. હવે તમે વિચારો ! અહલે કુર્આન પોતાને અહલે કુર્આન કેવી રીતે કહી શકે છે ! કુર્આનની સ્પષ્ટ આયતો પણ તેમની સમજમાં આવતી નથી ! અને કેમ ન હોય જેઓ નબી દ્વારા કુર્આન મળવા છતાં વચમાંથી નબીને હટાવવા માંગે તેમની ઉપર ખુદાનો આમ જ ફિટકાર હોય છે.

## ★ ફિકહની પણ જરૂરત છે ★

કુર્આન અને હદીષથી મેળવવામાં આવતી દીની અને ધાર્મિક સમજને ફિકહ કહેવામાં આવે છે. ફિકહ માટે કુર્આન અને હદીષની જરૂરત છે. આ વિષે કુર્આનમાં પણ ઉલ્લેખ થયો છે. અલ્લાહ ત્આલા ફર્માવે છે :–

فَاسْأَلُوا أَهْلَ الذِّكْرِ إِن كُنتُمْ لَا تَعْلَمُونَ

તો અય લોકો ! ઈલ્મવાળાઓને પૂછો જો તમને જાણ ન હોય.

જાણવા મળ્યું કુર્આન અને હદીષમાં આટલો ઉલ્લેખ હોવા છતાં લોકોને અજાણી વાતોમાં જાણકારને પૂછવું પડશે. જાણવા મળ્યું ફિકહની જરૂરત છે અને ફકીહ કુર્આન અને હદીષના પ્રકાશમાં તમારી મુંઝવણ દૂર કરશે.

## બીજી આયત :–

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا أَطِيعُوا اللَّهَ وَأَطِيعُوا الرَّسُولَ وَأُولِي الْأَمْرِ مِنكُمْ

અય ઈમાનવાળાઓ ! હુકમ માનો અલ્લાહનો અને હુકમ માનો રસૂલનો અને તેમનો જેઓ તમારામાં હકૂમતવાળા છે.

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહની ઈતાઅત કુર્આન, રસૂલની ઈતાઅત હદીષ અને સુન્નત અને ઉલુલ અમ્રની

ઈતાઅત ફિકહ, જેઓ અલ્લાહ અને રસૂલની ઈતાઅતમાં દરેક કામનો ફેંસલો કરતા હોય છે.

### ત્રીજી આયત :–

وَمَا كَانَ الْمُؤْمِنُوْنَ لِيَنْفِرُوْا كَآفَّةً فَلَوْلَا نَفَرَ مِنْ كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوْا فِي الدِّيْنِ وَلِيُنْذِرُوْا قَوْمَهُمْ اِذَا رَجَعُوْا اِلَيْهِمْ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ○

અને મુસલમાનોથી એ તો બની શકતું નથી કે સર્વ નીકળે તો એવું કેમ ન બને કે તેમના દરેક વર્ગમાંથી એક ટોળું નીકળે કે તેઓ દીનની સમજ પ્રાપ્ત કરે અને પાછા આવી પોતાની કોમને ડરાવે એ આશાએ કે તેઓ બચે.

આ આયત સ્પષ્ટ શબ્દોમાં દર્શાવી રહી છે કે વસ્તીમાંથી કોઈ એકે દીનના ફિકહનું ઈલ્મ મેળવવું જોઈએ અને પઢીને પોતાની કોમને શિખવાડવું જોઈએ. જો કુર્આન પછી બીજા કશાની જરૂરત ન હોય તો કુર્આન તો દરેક મુસલમાનના ઘરમાં હોય છે પછી જવાની સફર કરવાની અને ફિકહ શીખવાની શી જરૂરત ? પણ કુર્આન ફર્માવી રહ્યું છે કે આમ કરવામાં આવે. જાણવા મળ્યું કે ફિકહની જરૂરત છે અને ફકીહની પણ જરૂરત છે, તે સિવાય દીનનું નૉલેજ મળી શકતું નથી.

### ચોથી આયત :–

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ○ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ○

અમને સીધા રસ્તે ચલાવ, તેઓના રસ્તે જેમના ઉપર તેં એહસાન કર્યું, નહીં કે તેઓના જેમના ઉપર ગઝબ થયો અને ન ભટકેલાઓના.

ઈમાનવાળા કોણ તેની બાબતે કુર્આને ઉલ્લેખ કરેલો છે :–

اَلَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا ○

જેમના પર અલ્લાહે કૃપા દ્રષ્ટિ કરી એટલે કે નબીઓ, સિદ્દીકો, શહીદો અને નેક લોકો, આ કેટલા સરસ સાથી છે !





ઉપરોકત આયતમાં ઈમાનવાળાઓના ચાર પ્રકાર બયાન કરવામાં આવ્યા : (૧) નબીઓ (૨) સિદ્દીકો (૩) શહીદો (૪) નેકોકાર રબ્બાની આલિમો. આ ચારેનો માર્ગ ફિકહ અને દીની સમજને સંબંધિત છે. તો જાણવા મળ્યું, સત્ય માર્ગ પર ચાલવા માટે ઉપરોકત ઈનામવાળાઓનો સહારો લેવો જરૂરી છે.

કુર્આનની આયતોથી સાબિત થયું કે કુર્આન સંપૂર્ણ છે પણ તેનાથી ફાયદો પ્રાપ્ત કરવો દરેક માટે સરળ નથી. એટલે જેમને ખુદા તરફથી દીનની સમજ મળી છે આપણે દીનની તાલીમમાં તેમનો સહારો લેવો જોઈએ. તો જાણવા મળ્યું કે કુર્આન સાથે હદીષ અને ફિકહની જરૂરત કુર્આનની બતાવેલી જરૂરત છે. એના પર અમલ કુર્આન પર અમલ છે. એનાથી ખસવું કુર્આનથી ખસવું છે. એટલે અહલે કુર્આન કુર્આનની તાલીમથી ખસેલા છે. તેઓ ગલાઝત પર ચાંદીનું પેપર લગાડીને માર્કેટમાં મીઠાઈની મધૂર અવાજો લગાવી રહ્યા છે ! ગલાઝત ચાંદીના પેપરથી મીઠાઈ માફક તો લાગે છે પણ જેનું નાક સુંઘવાની શકિત ગુમાવતું નથી તે દુર્ગંધમયથી ગલાઝતને પારખી જાય છે.

## ★ કિતાબો રસૂલો પર નાઝિલ કેમ થઈ ? ★

તમે એ તો જાણી લીધું કે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ અને બંદીઓના માર્ગદર્શન માટે ૧૦૪ કિતાબો નાઝિલ ફર્માવી, પરંતુ ઈતિહાસ બતાવી રહ્યો છે કે કિતાબો ડાયરેકટ દુનિયામાં નથી આવી, બલ્કે અલ્લાહ ત્આલાએ ફરિશ્તા મારફત નબી અને રસૂલ પર નાઝિલ ફર્માવી. જ્યારે ખુદાની કિતાબ દરેકને સમજમાં આવી શકે છે તો પછી તેના માટે પ્રથમ નબી અને રસૂલની શી જરૂરત ?

પ્રથમ નબી અને રસૂલ છે પછી તેમની ઉપર કિતાબ નાઝિલ કરવામાં આવી છે. એટલા માટે કે ખુદાની કિતાબને ખુદાની કિતાબ કબૂલવા માટે નબીના કિરદાર, તેમના મો'જેઝાની જરૂરત

હોય છે. તેનાથી પબ્લિક પ્રથમ તેમને કબૂલે છે અને તેમને કબૂલ્યા પછી તેમના કહેવાથી ખુદાની કિતાબને કબૂલે છે અને ખુદાની કિતાબની સમજ નબીના ફરમાનથી અને તેમના સંસ્કારથી પ્રાપ્ત કરવામાં આવે છે. એટલે અલ્લાહ ત્આલાએ કિતાબો નબીઓ પર નાઝિલ ફરમાવી. પછી પણ કોઈ અક્કલનો દુશ્મન એવું કહે કે ખુદાની કિતાબ છે. પછી હદીષની શી જરૂરત ? તો તેના શબ્દોનો બીજો મતલબ એ છે કે અહલે કિતાબ આ પ્રમાણેની ખોટી વાતો પબ્લિકમાં લાવીને તેમને પણ દીન અને ધર્મથી હટાવી દોઝખની આગમાં લઈ જવા માંગે છે. તો દરેક મુસલમાને પોતાના સાચા દીન અને ધર્મની હિફાઝત માટે કોશિશ કરવી જોઈએ. પોતે તેનું રક્ષણ કરવું જોઈએ. ખુદાથી ઈમાનના રક્ષણની દુઆ કરવી જોઈએ. કારણ કે એક તરફ એક સત્ય દીન છે અહલે સુન્નત વલ જમાઅતનો અને એક તેમની વિરૂધ્ધમાં પોતાને મુસલમાન કહી કુફ્રી અકીદાના પ્રચારમાં લાગેલા બોત્તેર ફિરકાઓ છે. પછી ઈમાનનું રક્ષણ કેટલું અગત્યનું છે ? એટલે દીન બાબતે વધુથી વધુ નોલેજ પ્રાપ્ત કરવું જોઈએ અને સત્ય લોકોની સંગતમાં રહેવું જોઈએ. બદ અકીદાઓથી બચવું જોઈએ. પૂર્વજ મુખ્લિસ આલિમોની પોતાના દીનમાં પેરવી કરવી જોઈએ. અલ્લાહ ત્આલા ફર્માવે છે.....

عَلَيْكُمْ أَنْفُسَكُمْ لَا يَضُرُّكُمْ مَنْ ضَلَّ إِذَا اهْتَدَيْتُمْ

તમે પોતાનું રક્ષણ કરો, તમને નુકસાન નહીં પહોંચાડે ગુમરાહ બદ્દીન જ્યારે તમે માર્ગ પર રહેશો.

અલ્લાહ તઆલા સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં આપણા ઈમાનનું રક્ષણ ફર્માવે, ઈમાન સાથે હયાત રાખે અને ઈમાન સાથે આપણો ખાત્મો ફર્માવે. આમીન બિજાહિ સય્યિદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِينُ





# ☆ તઅવ્વુઝ અને તસ્મિયાના રહસ્યો ☆

(પ્રકરણ)

وَلَقَدْ يَسَّرْنَا الْقُرْآنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُدَّكِرٍ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો તેની બાબત અલ્લાહ ત્આલા મને હક કહેવાની અને તમને બધાંને હક સાંભળવાની અને તેની ઉપર અમલની તૌફીક અતા ફર્માવે. આમીન બિ જાહિ સૈય્યિદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم

મારી બહેનો ! ગત વીકોમાં તમે ક્રમે ક્રમે "કુર્આન અને તેનું સપૂર્ણ રક્ષણ"ના પ્રકરણ પર ઘણુ બધું રસપ્રદ અને અસંખ્ય શંકાઓનો નાશ કરતું બયાન સાંભળ્યું. તેને સાંભળી લીધા બાદ એ વાતનું યકીન મજબૂત અને સશકત બની જાય છે કે આપણે જે પ્રમાણે કુર્આનના સંપૂર્ણ રક્ષણનુ ઈમાન રાખીએ છીએ તે જ પ્રમાણે તારીખ અને ઈતિહાસના આધારે પણ કુર્આનનું સંપૂર્ણ રક્ષણ સાબિત થાય છે અને તેમાં કોઈ પ્રકારનો ફેરફાર થયો નથી અને કિયામત સુધી તેમાં ફેરફાર આવશે નહીં.

જ્યારે અલ્લાહ ત્આલાએ સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને કુર્આનની અમૂલ્ય દોલત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم મારફત વહી દ્વારા નાઝિલ ફરમાવી અને પોતે તેણે પોતાની અતિ કૃપાથી તેના રક્ષણની જવાબદારી સ્વીકારી અને કુર્આનની ફઝીલત અને તેના ખુદાની બારગાહમાં સઘળી આકાશી કિતાબોથી ઉત્તમ હોવાનો સુબૂત આપે છે.

કુર્આન શરીફમાં જ્યાં આપણી હિદાયત અને માર્ગદર્શન માટે ઉતારવામાં આવ્યું તેનાથી આપણને ખુદા ત્આલાની ખુશનુદીનો સત્ય માર્ગ મળે છે. સારાંશ એ કે દુનિયા અને આખિરતની દરેક દીની અને દુન્યવી જરૂરતો તેનાથી ઈસ્લામી વર્તુળમાં પૂરી થઈ શકે

છે. આ તો કુર્આન પર અમલની દોલત છે, પણ કુર્આન તો એવી મુકદસ અને પાકીઝા કિતાબ છે કે, તેની તિલાવત, કિરાઅત અને તેનું પઢવું પણ બરકત અને સવાબથી ખાલી નથી. બલ્કે માત્ર બરકતની નિય્યતથી કુર્આનને અદબથી ઘરો, દકાનો અને મકાનોમાં રાખવું પણ ઉત્તમ કામ છે અને તેનાથી આફતોથી આપણુ રક્ષણ થાય છે. એટલે દુનિયામાં સૌથી અધિક કુર્આનની તિલાવત થાય છે, અને દરેક મુસલમાન પોતાના ઘરમાં બીજી કોઈ કિતાબ રાખે કે ન રાખે પણ કુર્આનને તો જરૂર રાખે છે. મુસલમાનનું કોઈ ઘર તેનાથી ખાલી નહીં હોય. આનાથી પણ જાણવા મળે છે કે કુર્આન ઉત્તમ ફઝીલતવાળી ખુદાની કિતાબ છે તેમાં માણસને ફાયદો જ ફાયદો છે.

## ★ કુર્આનની તાલીમની અધિક વ્યવસ્થા ★

કુર્આન મજીદ ફુર્કાને હમીદની ફઝીલત દરેક મુસલમાનને માન્ય છે અને પોતાનાં બાળકોને કુર્આનની તિલાવત શીખવાડે એટલા માટે દુનિયાની કોઈ પણ કંટ્રી અને મુલ્કમાં મુસલમાન રહેતા હશે તો ત્યાં તેઓ ગમે ત્યાંથી દીનના આલિમો અને હાફિઝો બોલાવીને બીજી કોઈ કિતાબ શીખવાડે કે ન શીખવાડે પણ કુર્આનની તિલાવત તો જરૂરથી શીખવાડે છે અને તેના માટે મદ્રસાઓ કાયમ કરે છે. પોતાની કમાણીનો એક ભાગ મદ્રસાના ખર્ચમાં લગાડે છે. જાણવા મળ્યું કે દુનિયામાં સૌથી અધિક કોઈ ઈલ્મની પ્રાપ્તિ માટે વ્યવસ્થા કરવામાં આવતી હોય તો તે કુર્આન છે. અને કેમ ન હોય, જ્યારે તેનું નામ જ કુર્આન છે એટલે "પઢવું", તો પછી તેનાથી અધિક પઢવાવાળા કઈ કિતાબના થઈ શકે છે !

## ★ ગૈર મુસ્લિમની પણ સાક્ષી ★

ઈનસાયકલૉ પીડિયા ઑફ બરતાનિકામાં છે કે દુનિયામાં ઘણી બધી કિતાબો છે, લખવામાં આવે છે, છપાવવામાં આવે છે, પઢવામાં આવે છે, પરંતુ દુનિયામાં જેટલા અધિક પ્રમાણમાં





કુર્આનની તિલાવત થાય છે, એટલી અધિક આજ સુધી કોઈ કિતાબની તિલાવત થઈ નથી.

બીજા શબ્દોમાં આ મુસલમાનોની પણ તારીફ છે કે મુસલમાનોને ખુદાની કિતાબથી કેટલો પ્યાર અને મહોબ્બત છે કે તેની તિલાવત શીખે છે અને પોતાના બાળકોને શિખવાડે છે કે તેમના કિરદાર અને સંસ્કારથી ગેરમુસ્લિમોને પણ સાક્ષી આપવી પડે છે કે કુર્આનથી અધિક દુનિયામાં કોઈ કિતાબની તિલાવત કરવામાં નથી આવતી અને કિયામત સુધી આવશે પણ નહીં. કારણ કે આ ખુદાની અંતિમ ફઝીલતવાળી કિતાબ છે. તેને આગલી કિતાબોમાં દરેક તરીકાથી ઉત્તમતા પ્રાપ્ત છે.

## ★ નબી તરફથી તિલાવતનો શોખ ★

નમાઝની હિકમતો પર લક્ષ આપવામાં આવે તો એક વાત એ પણ જાણવા મળે છે કે નમાઝની દરેક રકા'તમાં કુર્આન શરીફની તિલાવત ફર્ઝ અને વાજિબ છે. માત્ર બેથી અધિક રકા'તની ફર્ઝ નમાઝમાં ત્રીજી અને ચોથીમાં આપણો ઈખ્તિયાર છે. પઢીએ અથવા ન પઢીએ પણ પઢવું ઉત્તમ છે. જેનો ઉલ્લેખ ભાગ–૪માં થઈ ગયો છે. આમ દિવસ અને રાત્રીની પાંચ નમાઝોમાં ફર્ઝ, વાજિબ, સુન્નત અને નફલ મેળવી ૪૮ રકા'તો ઓછામાં ઓછી પઢવામાં આવે છે અને એટલી જ વખત કુર્આનની તિલાવત કરવામાં આવે છે. જે મુસલમાન નમાઝનો પાબંદ હોય અને ન હોય તો બનવું જ જોઈએ, તે દિવસ અને રાત્રીમાં અલગથી કુર્આનની તિલાવત માટે કોઈ ટાઈમ ન કાઢે પણ નમાઝના સદકામાં તે દિવસ અને રાતમાં ટોટલ **૪૮ વખત** કુર્આનની તિલાવત જરૂરથી કરશે અને કોઈને અરબી દેખીને પઢતાં ન આવડતું હોય તે પણ નમાઝની જરૂરત જેટલું યાદ કરીને રાખે છે અને તે પણ તિલાવત કરે છે.

## ★ મુસલમાનોને અરબીનો શોખ ★

જ્યારે અલ્લાહ ત્આલાએ સમગ્ર જગતના માર્ગદર્શન માટે

પોતાની ઉત્તમ અને પાક કિતાબ કુર્આન અરબીમાં નાઝિલ ફર્માવી અને સમગ્ર જગતને દીનની દાવત આપનાર નબીને અરબ પ્રદેશમાં અરબી ભાષા સાથે મોકલ્યા તો દરેક મુસલમાને અરબીથી દીન અને ધર્મની મહોબ્બતથી શોખ ધરાવવો જોઈએ. માત્ર અરબી પઢતાં ન શીખવું જોઈએ બલ્કે તેને સમજવાની પણ તાલીમ પ્રાપ્ત કરવી જોઈએ. અરબી દુનિયાની એવી ભાષા છે કે એના લખાણમાં જે ઊંડાઈ છે તેવી દુનિયાની બીજી ભાષાઓમાં જોવા નથી મળતી. એટલે કુર્આન અને હદીષ શરીફનો ખરો ફાયદો પોતે અરબી શીખીને હાંસલ થઈ શકે છે, જેથી મુસલમાનોએ કુર્આનની તિલાવતના શોખ માફક અરબી સમજવાનો પણ શોખ રાખવો જોઈએ.

## ★ અરબી શીખવાથી અધિક ફાયદો ★

આપણા કુર્આનની ભાષા અરબી છે. આપણા નબીની તાલીમથી ભરપૂર હદીષો અરબી છે અને આપણા નબીની ભાષા અરબી છે તો એ ભાષાને આપણે કુર્આન, હદીષ અને નબીની ભાષા સમજીને શીખીએ તો તેના શીખવામાં પણ આપણને સવાબ છે અને તેની સમજથી આપણને એક અગત્યનો ફાયદો પ્રાપ્ત થઈ શકે છે તે એ છે કે આપણે કુર્આન અને હદીષની અરબીનો તરજુમો કરી શકીશું અને આપ મેળે થોડો ઘણો ફાયદો પ્રાપ્ત કરી શકીશું.

## ★ બાતિલ ફિરકાઓના ગલત તરજુમા ★

સરકારે મદીના ﷺ ના ફરમાન મુજબ કે મારી ઉમ્મત તોત્તેર ફિરકાઓમાં વહેંચાય જશે, તેઓ પૈકી એક જન્નતી અને બીજા જહન્નમી છે. સાચા ફિરકાની ઓળખ આપે એ બતાવી **મા અના અલૈહિ વ અસ્હાબિહી** જે માર્ગ પર હું છું અને મારા સહાબા છે, તે માર્ગને પકડી રાખનાર જન્નતી છે.

આ ફર્માન મુજબ આ ઉમ્મતે ઈજાબત એક પછી એક ફિરકામાં વહેંચાય રહી છે. નવા નવા અકીદાઓ અને જુદી જુદી





માન્યતાઓ વજૂદમાં આવી રહી છે. પબ્લિકની તો સમજમાં જ નથી આવતું કે ધર્મ બાબતે આટલો વિવાદ કેમ ? અને આટલા ફિરકાઓમાંથી કયા ફિરકાને સત્ય માનવો ! આ એવો ભયંકર વિવાદ છે કે રોજના અસંખ્ય મુસલમાનોને શૈતાન બાતિલ ફિર્કાઓના શુભેચ્છક બનાવી દે છે. દરેક ફિર્કાના લોકો પોતાને સાચા અને બીજાને બાતિલ અને ખોટો કહે છે. દરેક ફિરકાના આલિમો પોતાની ઉપજાવેલી માન્યતા પ્રમાણે કુર્આન અને હદીષને ફેરવવા માંગતા હોય છે. એટલે દરેક જમાઅત તરફથી કુર્આનના અલગ તરજુમા અને ભાષાંતર થઈ રહ્યાં છે અને મફતમાં સાચા અકીદાવાળાઓના ઘરોમાં પહોંચી રહ્યા છે. આ વિનાશકારક જમાનામાં સામાન્ય લોકોનું ઈમાન ખતરામાં છે અને તેઓ પોતાની કમઈલ્મીથી ગમે તે ફિરકાની વાતોમાં આવી પોતાના ઈમાનને અલ વિદાઅ કરી શકે છે. જાણવા મળ્યું કે અસલ કુર્આન અરબી તેમાં ફેરફાર થયો નથી. અસલ હદીષો જે સનદો સાથે નિયુકત છે. ફિકહની અરબી કિતાબો જે ઈમામે મુજતહિદ અને તેમના સહાયકોએ લખેલી છે, જુની તફસીરો જે હાલના વિવાદ પહેલા લખવામાં આવી છે, તેને પઢવાથી જાણવા મળે છે કે ઈસ્લામ અને અહલે સુન્નત બાબતે સત્ય અકીદો શું છે ? અને બીજા ફિર્કાઓ કેટલા પ્રમાણે ફેરફાર લાવી રહ્યા છે. જો આપણે અરબી શીખવાની કોશિશ કરીએ તો અરબીના તરજુમા અને ભાષાંતરમાં શું તફાવત થયો છે તે જાણવા મળી શકે છે. એટલે આપણે અરબી પઢતાં જ ન શીખવું જોઈએ, બલ્કે તેની સમજ પણ પ્રાપ્ત કરવી જોઈએ. નહીં તો સુન્ની આલિમો સિવાય તથા સુન્ની લેખકો સિવાય બીજા લેખકોની કિતાબો વાંચવી ન જોઈએ. અલગ અલગ ફિરકાના આલિમોની કિતાબો પબ્લિકના હાથોમાં આવવાથી માહોલ વધારે ખરાબ થયો છે.

## ★ મુસલમાન અને અંગ્રેજી ★

આપણા ધર્મનો સંબંધ અરબીથી છે તો મુસલમાનોમાં વધુ મહોબ્બત અને શીખવાનો શોખ અરબીથી હોવો જોઈએ. પણ

કમનસીબી એ કે અંગ્રેજોએ પોતાની ભાષાને એટલી ખ્યાતિ આપી અને પોતાના મુલ્કોને પ્રગતિના પંથે પહોંચાડયા. તો આજે સમગ્ર જગતની નિગાહો તેમની તરફ છે અને દરેક તેમની ભાષાને શીખવા માટે પાગલ અને ગાંડો થઈને ફરે છે. બલ્કે તેમની ભાષા શીખવા માટે લોકો પોતાની આવકનો અડધો ભાગ ખર્ચો કરી નાખે છે અને તેવા અંગ્રેજી શીખનાર બાળકો પર અંગ્રેજીનુ ભૂત સવાર થાય છે તો તેમને ઈસ્લામની વાતો સમજમાં નથી આવતી. અંગ્રેજની વાતો સમજમાં આવે છે ! અને તેઓ પછી ઈસ્લામના અકીદાઓમાં શંકાઓ પેદા કરતા થઈ જાય છે.

## ★ મુસ્લિમ યુનિવર્સિટી અને અકીદાની ખરાબી ★

અલીગઢ યુ.પી.માં એક યુનિવર્સિટી છે જેને મુસ્લિમ યુનિવર્સિટી કહેવામાં આવે છે. પણ ત્યાંથી તાલીમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અકીદા બાબતે મજબૂત રહેતા નથી. વિવાદવાળી માન્યતાઓ તેની જગાએ પણ માત્ર ઈસ્લામના એકમતી અકીદાઓ અને માન્યતાઓમાં પણ તેઓ શંકાનો શિકાર હોય છે. અને તેઓ પોતાની યુનિ.ના ફાઉન્ડર માફક ભટકેલી વાતો કરતા થઈ જાય છે. ગેર મુસ્લિમ યુનિ. માં જેટલો ફેરફાર નથી આવી શકતો તેનાથી અધિક ત્યાંના વિદ્યાર્થીઓમાં આવે છે. એટલે અંગ્રેજી ભૂત કઢાવો અને અરબીની રૂહ પેદા કરો જેનાથી ઈસ્લામ સમજમાં આવે અને ઈસ્લામમાં મજબૂત બનો.

## ★ અરબીમાં ગરીબના બાળકો ★

અરબી પર પૂરતું ધ્યાન અરબી મદ્રસાઓમાં આપવામાં આવે છે જેને આપણી પરિભાષામાં દારૂલ ઉલૂમ કહેવામાં આવે છે. તેમાં કુર્આન, હદીષ અને ફિકહની ભરપુર તાલીમ આપવામાં આવે છે. દીનથી વાકિફ કરવામાં આવે છે અને તેનો કેટલો ફાયદો છે તે મુસલમાનો પોતાના દિલ પર હાથ રાખીને કહી શકે છે કે તાલીમમાં





ગમે તેવો કમઝોર અને અશકત પણ દીનની વાતોથી પાબંદી કરતો હોય છે, નમાઝ પઢતો હોય છે, માથે ટોપી રાખતો હોય છે, મુસલમાન લાગે તેવાં વસ્ત્ર પહેરતો હોય છે, દાઢી પણ રાખતો હોય છે. તેઓ પૈકી વધુ પડતા અરબીમાં તો અશકત હોય છે પણ ઈસ્લામી માહોલમાં હોય છે. આ છે અરબીની રૂહ જે માણસને અરબી આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ના નકશે કદમ પર લઈ જાય છે. જ્યારે નાની નાની સ્કૂલ અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓમાંથી તમને એક પણ ઈસ્લામી ઢબમાં નહીં મળે. આ તફાવત છે અંગ્રેજી ભૂત અને અરબી રૂહમાં. પરંતુ અફસોસની વાત એ છે કે ગરીબો માટે અરબીની રૂહ છે જેનાથી તેઓ આલિમ બને છે અને માલદારો માટે અંગ્રેજી ભૂત છે જેનાથી તેઓ મુસલમાનીના નામે અંગ્રેજનો પ્રચાર કરે છે. વસ્ત્ર અંગ્રેજી, બૂટ અંગ્રેજી, માથા પર વાળ અંગ્રેજી અને ચાલવાની સ્ટાઈલ અંગ્રેજી. એટલે કે મોઢાથી બોલે તો અંગ્રેજી ભાષાનો પ્રચાર અને ચુપ રહે તો પોતાના દરેક તરીકા અને સ્ટાઈલથી અંગ્રેજનો પ્રચાર. એના મુસલમાન હોવામાં ઈસ્લામની ઓળખ માટે માત્ર તેનું નામ અને બાકી બધું અંગ્રેજનું કામ (ખુદા બચાવે).

## ★ અરબી મદ્રસાઓની સહાય કરો ★

આપણે એ તો જાણી લીધું કે અરબી મદ્રસાઓ કુર્આન અને હદીષની ભાષાઓ શીખવાડી રહ્યા છે અને વિદ્યાર્થીઓને માત્ર શીખવાડતા નથી બલ્કે ઈસ્લામના બીબામાં તેમને ધારી રહ્યા છે. તો અરબી મદ્રસાઓની મદદ આપણા દીન અને ધર્મ સંબંધિત છે, તેને આપણે નહીં ચલાવીશું તો કોણ ચલાવશે ? એટલે આપણે આપણી કમાણીનો ખુદાના માર્ગમા કાઢવામાં આવતો ભાગ અરબી મદ્રસાઓને આપવો જોઈએ.

## ★ આલિમો અને હાફિઝો ઈસ્લામની ઉર્મી છે ★

ઈસ્લામના વર્તુળમાં હાફિઝોનો શું ફાયદો છે એ તમને ગત બયાનમાં બતાવામાં આવ્યું હતું કે આજે કુર્આનના રક્ષણ બાબતે આપણું માથુ

ઊંચુ છે તે હાફિઝોથી અને કુર્આનનું લખાણ ફેરફારથી બચેલું છે તેમાં પણ હાફિઝોનો મોટો ફાળો છે. રમઝાનના મુબારક માસમાં તરાવીહમાં એક વખત કુર્આન ખત્મ કરવું સુન્નત છે. જો હાફિઝો ન હોય તો લોકોને આ સુન્નતથી મહરૂમ રહેવું પડે છે. હાફિઝોનું મુસલમાનો પર મોટું એહસાન છે જેમના થકી વર્ષે એક વખત કુર્આન ખત્મની સુન્નત અદા થાય છે. તેઓ મદ્રસાઓમાં સર્વિસ કરતા હોય છે, મસ્જિદોમાં ઈમામત કરતા હોય છે, તો દીની ઈદારા અને મસ્જિદોનું રક્ષણ થાય છે અને મુસલમાનોની ધાર્મિક જરૂરતો સહૂલતથી પૂરી થાય છે. જાણવા મળ્યું ઈસ્લામના વર્તુળમાં હાફિઝોથી પણ ધાર્મિક ઉર્મી છે.

આલિમો જેઓ દીનને કાયદા કાનૂનથી સમજવાની કોશિશ કરે છે અરબીનું ભાષાંતર શીખે છે, સાચા અકીદાઓથી લોકોને વાકિફ કરે છે, માહોલમાં પેદા થતી બુરાઈઓ પર અંકુશ લાવે છે, પોતાના બયાનો અને લખાણથી લોકોને અલ્લાહ અને રસૂલની તાલીમથી જાણકાર કરે છે, હલાલ અને હરામનો ફરક બતાવે છે. નમાઝ, રોઝા અને દીનના અમલોના તરીકા શીખવાડે છે. બાતિલ ફિરકાઓ જ્યારે પોતાની માન્યતાના ઝહેરને સીધા સાદા શબ્દોના મધમાં મેળવીને લોકોની ખિદમતમાં રજુ કરે છે તો તેની ડૉકટરી આલિમો જ કરતા હોય છે. સુન્ની આલિમોમાં કોઈ પણ આલિમ પોતે અમલના મેદાનમાં ગમે તેટલો અશકત હોય પણ જ્યાં દીનમાં અકીદાની વાત આવતી હોય છે તે ચુપ રહી શકતો નથી અને દીની માન્યતામાં ફેરફાર આવવા દેશે નહીં. અમલ તેનું પોતાનું કામ છે, તેનો ફાયદો તેને પોતાને પહોંચે છે, જ્યારે તેની ઈસ્લામી તારીખ અને દીનની વાતોનો ગમે તે પ્રકારથી પ્રચાર મુસલમાનો પર એહસાન અને કૃપા છે.

આજે ઈસ્લામી વર્તુળમાં આલિમો ન હોય તો ગેરમુસ્લિમો ઈસ્લામ બાબતે એવા વિવાદ પેદા કરે કે પબ્લિકે મુસલમાન રહેવું મુશ્કેલ થઈ પડે. કુર્આનના રક્ષણ બાબતે તમે જાણ્યું કે અહલે કિતાબ ઈસાઈ અને યહૂદી તરફથી કેટલી શંકાઓ પેદા કરવામાં આવી. જો આલિમો તેમની શંકાનો જવાબ ન બતાવે તો કુર્આનના રક્ષણ બાબતે





તમારું ઈમાન શંકામાં પડી જાય. હિંદુઓના પણ અસંખ્ય સવાલો છે, પણ હિંદુઓથી મુસલમાનોને એટલો ખતરો નથી, કારણ કે તેઓ મુશ્રિક અને મૂર્તિપૂજક છે એટલે મુસલમાન તેની વાતમાં આવી શકતો નથી અને પોતાનો ધર્મ બદલી શકતો નથી.પરંતુ ઈસાઈ અને યહૂદી નબીઓના દીન અને નબીઓની કિતાબોને માને છે એટલે કે તેમની શંકાઓનો જવાબ આપવો પડે છે. વહાબી, દેવબંદી, જમાઅતે ઈસ્લામી, અહલે હદીષ, નેચરી, શિઆ વગેરે ફિરકાઓ જેઓ પોતાને મુસલમાન કહે છે, પોતાની માન્યતા પર કુર્આન અને હદીષના લખાણનો સહારો લેતા હોય છે. ઈસ્લામી સત્ય માન્યતાઓની વિરૂધ્ધમાં પોતાની મનમાની વાતો કરતા હોય છે. રાત દિવસ પોતાની માન્યતાઓને ખ્યાતિ આપવાની કોશિશમાં લાગેલા હોય છે. તેમની ખોટી માન્યતાઓથી તમને વાકિફ કોણ કરે છે ? તેમના મધમાં રહેલા ઝહેરની ડૉકટરી કોણ કરે છે ? તેમના ખોટા લખાણના હવાલાઓ કોણ આપે છે ? ઈસ્લામની દરેક સીમારેખા પર ધ્યાન કોણ આપે છે ? દુશ્મનોને અંકુશમાં કોણ લાવે છે ? તમારી સત્ય માન્યતાઓના જવાબો કોણ બતાવે છે ? શંકાઓનો નાશ કોણ કરે છે ? તમારી ધાર્મિક જરૂરત કોણ પૂરી કરે છે ? તમારા ધાર્મિક સવાલોના જવાબો કોણ આપે છે ? તમારા ખોટા અમલોને કોણ સુધારે છે ? માહોલમાં ચાલતી બુરાઈઓને રોકવાની કોશિશ કોણ કરે છે ? અને તમારે કહેવું જ પડશે કે આ સઘળાં કામો આલિમો કરી રહ્યા છે. જેમ એક મુલ્ક માટે લશ્કર જરૂરી છે તેના વિના મુલ્ક ખતરામાં છે, તેનાથી અધિક જરૂરત મુસલમાનો માટે આલિમોની છે, એટલે આલિમોની ઈજ્જત કરો, તેમની જરૂરતો પૂરી કરો, તેમનું ધ્યાન દુનિયા તરફ કેન્દ્રિત ન થવા દો. તેમની સાથે એવો સંબંધ રાખો કે દરેક માણસના દિલમાં આલિમ બનવાની તલબ જાગે. શું તમને ખબર છે મુલ્કમાં આર્મીની કેટલી ખિદમતો કરવામાં આવે છે ? તેમના ખાવા, પીવા, રહેવા સહેવાની વ્યવસ્થા મુલ્ક તરફથી હોય છે, તેમને પગારો પણ આપવામાં આવે છે, તેમને દરેક પ્રકારના નવા હથિયારોની ટ્રેનીંગ આપવામાં આવે છે. આર્મીનો મુલ્ક તરફથી

આટલો ખ્યાલ કરવામાં કેમ આવે છે ? માત્ર એટલે જ કે મુલ્કનું રક્ષણ આર્મી પર છે. મુલ્કની સીમારેખાઓનો અંકુશ આર્મી પર છે. જો તેઓ ખુશ ન હોય અથવા તેમનું ધ્યાન રક્ષણ તરફ ન હોય બલ્કે પોતાની જરૂરતોમાં લાગેલું હોય તો દુશ્મનને સફળતા મળી શકે છે. એક મુલ્કને પોતાના મુલ્કથી અધિક પોતાના મુલ્કની આર્મીથી પ્રેમ હોય છે. તો હે મુસલમાનો ! તમારો મુલ્ક ઈસ્લામ છે, તેની સીમારેખાઓ શરીઅત છે અને તમારી આર્મી આલિમો છે. જો તમારે તમારા દીનનું રક્ષણ કરવું હોય તો આલિમોની ઈજ્જત કરવી પડશે અને તેમની જરૂરતોનો ખ્યાલ રાખવો પડશે.

## ★ તિલાવતનો આરંભ ★

કુર્આન શરીફની તિલાવત ઘણી ફઝીલત બરકત અને સવાબનું કામ છે. અલ્લાહ ત્આલા જેની નેકીઓમાં વધારો કરવાનો ઈરાદો ફરમાવે છે તેને કુર્આન શરીફની તિલાવતની તૌફીક અતા ફરમાવે છે. કુર્આન શરીફ પઢવા માટે 'હદષે અકબર'થી પાક હોવું જરૂરી છે. એટલે કે કોઈની ઉપર ગુસ્લ કરવું ફર્ઝ હોય, તો તે ગુસ્લ કર્યા વિના મોઢે પણ કુર્આનની તિલાવત કરી શકતો નથી અને કુર્આન શરીફ પકડીને તેની અંદર દેખીને પઢવું હોય તો ગુસ્લ સાથે વુઝૂ પણ જરૂરી છે. એટલે કે ગુસ્લ ન હોય તો ગુસ્લ કરે અને વુઝૂ ન હોય તો વુઝૂ કરે. વિના વુઝૂએ કુર્આન શરીફ પકડવું **હરામ** છે. કુર્આન શરીફમાં છે અલ્લાહ ત્આલા ફરમાવે છે :–

لَا يَمَسُّهٗٓ اِلَّا الْمُطَهَّرُوْنَ ○ પાક લોકો જ એને પકડે.

ઉત્તમ એ છે કે મોઢું કિબ્લા તરફ હોય, કપડાં પણ પાક સાફ હોય, દિલ તિલાવતની ઈચ્છા ધરાવતું હોય. તઅવ્વુઝ અને તસ્મિયાથી તિલાવતનો આરંભ કરવામાં આવે.

## ★ તઅવ્વુઝ (અઊઝુબિલ્લાહ) સુન્નત છે ★

કુર્આન શરીફની તિલાવત તઅવ્વુઝથી શરૂ કરવી સુન્નત





છે. સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم કુર્આનની તિલાવત તઅવ્વુઝથી શરૂ ફરમાવતા હતા. કુર્આન શરીફમાં અલ્લાહ ત્આલાએ આપણને તઅવ્વુઝ પઢવાનો સબક આપ્યો છે :–

فَاِذَا قَرَاْتَ الْقُرْاٰنَ فَاسْتَعِذْ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ

તો જ્યારે કુર્આન પઢે પનાહ માંગ અલ્લાહની મરદૂદ શૈતાનથી.

આ આયતથી જાણવા મળ્યું કે કુર્આનની તિલાવત પહેલાં તઅવ્વુઝ પઢી લેવું જોઈએ. મસ્લકે હનફીમાં તઅવ્વુઝ પઢવું સુન્નત છે.

## ★ શૈતાન આપણો દુશ્મન છે ★

શૈતાનને ઈન્સાનના લીધે જન્નતમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યો અને તે જન્નતથી હમેશાં માટે મહરૂમ થઈ ગયો. એટલે એ ત્યારથી જ આપણો દુશ્મન બની ગયો છે અને આપણને બરબાદ કરવાના સતત પ્રયાસો કરી રહ્યો છે. કુર્આન શરીફમાં અલ્લાહ ત્આલાએ ઈર્શાદ ફરમાવ્યો :–

اِنَّ الشَّيْطٰنَ لَكُمْ عَدُوٌّ فَاتَّخِذُوْهُ عَدُوًّا

બેશક ! શૈતાન તમારો દુશ્મન છે તો તમે પણ તેને દુશ્મન બનાવો.

بِاِنَّ الشَّيْطٰنَ لِلْاِنْسَانِ عَدُوٌّ مُّبِيْنٌ ، اِنَّمَا يَدْعُوْا حِزْبَهٗ لِيَكُوْنُوْا مِنْ اَصْحٰبِ السَّعِيْرِ

બેશક ! શૈતાન ઈન્સાન માટે ખુલ્લો દુશ્મન છે. બેશક ! તેની પાર્ટી બોલાવે છે જેથી લોકો જહન્નમી બને.

આ આયતો દર્શાવી રહી છે કે શૈતાન આપણો શત્રુ અને દુશ્મન છે. તેની કોશિશ આપણને દોઝખી બનાવવામાં છે. તો કુર્આનની તિલાવત, ઈબાદત અને સવાબનું કામ છે અને ઈન્સાનના માર્ગદર્શનનો આધાર તેની ઉપર છે. એટલે શૈતાન કુર્આનની

તિલાવતમાં આપણને વસવસો આવે છે, દિલ લાગવા દેતો નથી. આળસ અને સુસ્તી લાવે છે. કયારેક નિય્યતમાં ફરક લાવે છે. નિય્યત બદલાવવાથી પણ સવાબ બદલાય છે. માયનામાં સમજ ફેર લાવે છે અને દિલોમાં શંકા પેદા કરે છે જેનાથી કયારેક માણસનો સત્ય અકીદો બદલાય જાય છે. એટલે અલ્લાહ ત્આલાએ આપણને કુર્આનની તિલાવતના આરંભમાં તઅવ્વુઝ પઢવાની તાલીમ આપી.

## ★ તઅવ્વુઝનો મતલબ ★

શૈતાન અતિ ભયંકર અને શકિતશાળી છે, તેના દાવપેચ એટલા ગુપ્ત હોય છે કે તેનાથી વાકિફ થવું સામાન્ય કામ નથી. જેને અલ્લાહ બચાવે તે રક્ષણમાં રહે છે. ઈતિહાસ સાક્ષી છે કે શૈતાને મહાન મહાન આલિમો અને દીનના માર્ગદર્શકોને બદ અકીદા બનાવી કુર્આનમાં ગલત તરજુમા, ગલત તફસીર અને ગલત ઉલ્લેખ પર તત્પર કરી બેદીન બનાવી નાખ્યા અને તેમના થકી કેટલા લોકોને સત્ય માર્ગથી હટાવી નાખ્યા. કુર્આનમાં છે, અલ્લાહ ત્આલા ફર્માવે છે :–

يُضِلُّ بِهِ كَثِيرًا وَّيَهْدِي بِهِ كَثِيرًا

તેના થકી ગુમરાહ કરે છે ઘણાંને અને તેના થકી માર્ગે ચલાવે છે ઘણાને.

આ સત્ય દર્શાવી રહ્યું છે કે કુર્આનની મૂળ સિફત તો લોકોને સત્ય માર્ગ બતાવવો છે, પરંતુ કુર્આનની આ સિફત મુત્તકી અને પરહેઝગારો માટે છે, જેઓ દરેક કામમાં ખુદાનો ખૌફ અને ડર રાખે છે. ખુદાનો ડર તેમનું દીન અને દુનિયામાં રક્ષણ કરે છે અને શૈતાનના દાવપેચોથી તેમને બચાવે છે. એટલે તેઓ પોતાની મનમાની કરવા નથી માંગતા. ખુદા અને રસૂલના ફરમાનને ઉત્તમતા આપી તેની ઉપર અમલ કરવાની કોશિશ કરે છે અને જેઓ નિડર હોય છે તેઓ પોતાને ખુદા અને રસૂલના ઈર્શાદ પર લાવવા નથી માંગતા. બલ્કે તેમના ઈર્શાદને પોતાની તરફ દોરી જવાની નાપાક કોશિશો કરતા હોય છે, તેઓ કુર્આન અને હદીષને સાથે રાખીને





પણ દીનથી ખસી જાય છે. ખુદાનો ડર રાખીને ચાલનાર માટે કુર્આન સત્ય માર્ગ બતાવનાર છે. તેની બાબત કુર્આન કહે છે :–

ذٰلِكَ الْكِتَابُ لَا رَيْبَ فِيهِ هُدًى لِّلْمُتَّقِينَ ○

તે ઉચ્ચ દરજજાની કિતાબ કોઈ શંકાને સ્થાન નથી, એમાં માર્ગદર્શન છે ડરવાવાળાઓને.

## ★ મુત્તકી કોણ ? કુર્આની ઉલ્લેખ ★

કુર્આનની આયત બતાવી રહી છે કે કુર્આન લોકોના માર્ગદર્શન માટે ઉતારવામાં આવ્યું છે, પણ તેનું માર્ગદર્શન મેળવવા માટે દિલો દિમાગમાં ખુદાના ડરને જગા આપવી જરૂરી છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

الَّذِينَ يُؤْمِنُونَ بِالْغَيْبِ وَيُقِيمُونَ الصَّلٰوةَ وَمِمَّا رَزَقْنٰهُمْ يُنفِقُونَ ○ وَالَّذِينَ يُؤْمِنُونَ بِمَا أُنزِلَ إِلَيْكَ وَمَا أُنزِلَ مِن قَبْلِكَ وَبِالْاٰخِرَةِ هُمْ يُوقِنُونَ ○

તો જેઓ વિના દેખે ઈમાન લાવે, નમાઝ કાયમ રાખે, અમારી આપેલી રોજીમાંથી અમારા માર્ગમાં આપે અને તે જે ઈમાન લાવે અય મહબૂબ ! તેના પર જે તમારી તરફ ઉતર્યુ અને આખિરત પર યકીન રાખે.

આ હતો મુત્તકી બાબતે કુર્આની ઉલ્લેખ. તેઓ હિદાયત પર અને સત્ય માર્ગે છે તેનો સુબૂત પણ કુર્આન આપી રહ્યું છે. અલ્લાહ ત્આલા ફર્માવે છે :–

أُولٰٓئِكَ عَلٰى هُدًى مِّن رَّبِّهِمْ وَأُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُونَ ○

તે જ લોકો પોતાના રબ તરફથી હિદાયત પર છે અને તેઓ જ મુરાદ સુધી પહોંચનાર છે.

ઉપરોકત આયતમાં يَهْدِي بِهِ كَثِيرًا થી આ લોકો તરફ ઈશારો કરવામાં આવ્યો છે, જેઓ ઈમાન રાખે છે અને પોતાને ખુદાના ઈર્શાદના પાબંદ બનાવે છે. ઈર્શાદને પોતાના પાબંદ નથી બનાવતા.

## ★ કુર્આનથી ગુમરાહ કોણ થાય છે ? ★

કુર્આનની બીજી સિફત એ બયાન કરવામાં આવી કે તેના થકી ઘણા બધા લોકો ગુમરાહ અને બેરાહ બની જાય છે. આ કુર્આનની સિફત નથી બલ્કે તેનાથી ફાયદો પ્રાપ્ત કરવાવાળાની સિફત છે. ગુમરાહ થનારનું વર્ણન કરતાં કુર્આન ઈર્શાદ ફર્માવે છે :–

وَمَا يُضِلُّ بِهِ إِلَّا الْفَاسِقِينَ

અને તેના થકી ગુમરાહ નથી કરતો પણ ફાસિકોને.

જ્યારે એ વાતનો ઉલ્લેખ થઈ ગયો કે કુર્આનથી માણસ સત્ય માર્ગે ચાલી શકે છે, અને મનમાની કરવા માંગે તો સત્ય માર્ગેથી ખસી પણ શકે છે. એટલે અલ્લાહ ત્આલા તરફથી આપણને તાલીમ આપવામાં આવી કે, શૈતાન અતિ શકિતશાળી છે અને એનાથી બચવું ઘણું મુશ્કેલ છે, તો કુર્આન શરીફની તિલાવતનો આરંભ તઅવ્વુઝથી કરો. જેનાથી તમને ખુદાની પનાહ અને રક્ષણ મળશે. તો શૈતાનથી તે તમને બચાવશે અને શૈતાનથી બચશો તો ગુમરાહ થઈ શકશો નહીં.

**એક પ્રશ્ન :–** મુસલમાનોમાં સત્ય ફિરકાના લોકો હોય કે ખોટા ફિરકાના લોકો પણ દરેક તિલાવતનો આરંભ તઅવ્વુઝથી કરતા હોય છે. પછી તેઓ ગુમરાહ કેમ કરી થયા અને તેઓ બચી કેમ ન શકયા ?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે અલ્લાહ ત્આલાએ ઘણા બધા કામોનો આપણને અધિકાર આપેલો છે, અને એ અધિકારને લઈને કિયામતના દિવસે આપણે આપણા અમલોનો હિસાબ આપવો પડશે. સારા અમલોનો બદલો મળશે અને ખરાબ અમલો માફ કરવામાં નહીં આવે, તો દોઝખમાં જવું પડશે. તો એ અધિકારને લઈને માણસ કયારેક પોતે પણ ભૂલ કરી બેસે છે. એટલે તઅવ્વુઝ પઢવા છતાં ખોટે માર્ગે જઈ શકે છે. બીજુ એ કે કોઈ માણસ પોતે





બચવા ન ઈચ્છે તો એ તેની પોતાની ભૂલ છે. દાખલા તરીકે કોઈ માણસ પોતે આત્મહત્યા કરે તો તે ગુનેહગાર છે કારણ કે તેણે પોતાના જીવનની કદ્ર ન કરી અને અલ્લાહના હુકમની રાહ ન જોઈ. સારાંશ એ કે તઅવ્વુઝનો ફાયદો છે પણ માણસ પોતે બચવા ન ઈચ્છે તો તે એની પોતાની ભૂલ છે.

## ★ તઅવ્વુઝ અને લાચારીની કબૂલાત ★

તઅવ્વુઝનો એક ફાયદો એ છે કે, માણસ પોતાની લાચારીની કબૂલાત કરે છે કે, હે મૌલા ! હું અશકત છું, લાચાર છું, મારા દીન અને દુનિયાના નફા–નુકસાનનો માલિક તુ છે. તુ જો મારી મદદ ફરમાવે તો દુનિયાની કોઈ શકિત મને નુકસાન નથી કરી શકતી અને તુ મારું રક્ષણ કરે તો કોઈ તાકાત મને હક માર્ગેથી ખસાવી નથી શકતી. હે અલ્લાહ ! શૈતાન અમારો દુશ્મન છે અને તેની અમારી સાથેની દુશ્મની તેં કલામે પાકમાં દર્શાવી છે. અમારો દુશ્મન શકિતશાળી છે અને તે અમને દેખાતો નથી, ગુપ્ત રહીને પોતાનું કામ કરે છે, પણ હે મૌલા ! તારા ઈલ્મથી કોઈ બહાર નથી, અને તારાથી કોઈ અધિક શકિત નથી. હું તારા ફઝલ અને તારી કૃપાનો સવાલ કરું છું. જો તે મારી સાથે રહેશે તો મને દુશ્મનનો ડર રહેશે નહીં અને દુશ્મન મારું કંઈ બગાડી શકશે નહીં. એટલે હે મૌલા ! હું તઅવ્વુઝ દ્વારા તારી રહમત કૃપા અને રક્ષણનો સવાલ કરું છું.

## ★ એક માણસને કેટલા દુશ્મન ★

માણસ આપ મેળે ઘણો જ કમજોર અને અશકત છે. તેની અંદર અને બહાર એવા ભયંકર શત્રુઓ છે જે દરેક પળે તેને અલ્લાહ ત્આલાની યાદ અને તેની લજ્જતથી રોકે છે. લાલચ, ગુસ્સો, ઈર્ષા, નફસ, બદનના અવયવોની ખોટી ઈચ્છા અને વાસના, હમઝાદ શૈતાન જે હંમેશા સાથે રહે છે, મોટો શૈતાન જે ઘણો જ સશકત છે. બુરા દોસ્તો અને સાથીઓ, આમ અસંખ્ય દુશ્મનો છે અને દરેકનું કામ ખુદાની યાદથી રોકવું છે. એક અશકત માણસ અને અસંખ્ય

દુશ્મનો, બચી કેવી રીતે શકાય ! તો અલ્લાહ તઆલા તરફથી આપણને તઅવ્વુઝની અમૂલ્ય નેઅમત આપવામાં આવી કે, હે ઈન્સાન ! તુ અશકત છે અને આપ મેળે અસંખ્ય દુશ્મનોનો મુકાબલો નથી કરી શકતો. તો તઅવ્વુઝનો સહારો લઈ મારી પનાહ અને રક્ષણમાં આવી જા. જેને મારું રક્ષણ અને પનાહ પ્રાપ્ત થાય છે તેનાથી કોઈ દુશ્મન કામયાબ થઈ શકતો નથી અને ખુદાની યાદથી તેને કોઈ ચીજ ગાફિલ કરી શકતી નથી. સારાંશ એ કે શૈતાન તે દરેક તાકત અને શકિતને કહી શકાય છે જે આપણને અલ્લાહ તઆલાથી ગાફેલ કરે અને દીન દુનિયામાં નાહક તકલીફ પહોંચાડે. કુર્આન શરીફમાં છે :–

الَّذِي يُوَسْوِسُ فِي صُدُورِ النَّاسِ مِنَ الْجِنَّةِ وَالنَّاسِ

જે લોકોના દિલોમાં વસવસો નાખે છે જિન અને માણસોમાંથી.

આ આયત દર્શાવી રહી છે કે માણસોમાંથી પણ એવા છે જે દિલોમાં વસવસો નાખે છે, ખોટી સમજ આપે છે અને માણસને સત્ય માર્ગેથી હટાવે છે અને સ્પષ્ટ શબ્દોમાં બંને માટે શૈતાનનો શબ્દ પણ આવ્યો છે. અલ્લાહ ત્આલા ફરમાવે છે :–

وَكَذَٰلِكَ جَعَلْنَا لِكُلِّ نَبِيٍّ عَدُوًّا شَيَاطِينَ الْإِنسِ وَالْجِنِّ

અને એવી જ રીતે અમે દરેક નબીના શત્રુ બનાવ્યા છે, માનવીઓ અને જિન્નાતોમાંના શૈતાનો.

હદીષ શરીફમાં શૈતાન સિવાય ઘણી બધી ચીજોથી ખુદા ત્આલાની પનાહ લેવામાં આવી છે. તેનાથી પણ એ સાબિત થાય છે કે, બુરાઈમાંથી જે કંઈ આપણને દીન અને દુનિયામાં લાચાર કરે તે શૈતાન છે અને કુર્આનમાં પણ અલગ અલગ ચીજોથી પનાહનો ઉલ્લેખ થયો છે.

(૧) કુર્આન શરીફમાં છે :–





قُلْ أَعُوذُ بِرَبِّ الْفَلَقِ ، مِن شَرِّ مَا خَلَقَ ، وَمِن شَرِّ غَاسِقٍ إِذَا وَقَبَ وَمِن شَرِّ النَّفَّاثَاتِ فِي الْعُقَدِ وَمِن شَرِّ حَاسِدٍ إِذَا حَسَدَ .

તમે ફર્માવો, હું પનાહ લઉં છું જે પ્રભાતને પેદા કરનાર છે તેની બધી જ સૃષ્ટિના અનિષ્ટથી અને અંધકાર નાખનારના અનિષ્ટથી જયારે તે અસ્ત થાય અને તે સ્ત્રીઓના અનિષ્ટથી જેઓ ગાંઠોમાં ફૂંક મારે છે અને હસદ કરનારના અનિષ્ટથી જયારે તેને મારી જલન થાય.

ઉપરોકત સૂરતમાં દીન અને દુન્યવી દરેક બુરાઈથી પનાહનો આદેશ મળે છે તો તસવ્વુફના અને આલિમોની પરિભાષામાં દરેકને શૈતાન કહી શકાય છે.

قُلْ أَعُوذُ بِرَبِّ النَّاسِ ، مَلِكِ النَّاسِ ، إِلَٰهِ النَّاسِ ، مِن شَرِّ الْوَسْوَاسِ الْخَنَّاسِ ، الَّذِي يُوَسْوِسُ فِي صُدُورِ النَّاسِ ، مِنَ الْجِنَّةِ وَالنَّاسِ .

(૨) તમે કહો, હું તેના આશરામાં આવ્યો જે બધા લોકોનો રબ, બધા લોકોનો બાદશાહ, બધા લોકોનો ખુદા, તેના અનિષ્ટથી જે હૃદયમાં ખરાબ ખ્યાલો નાખે અને દબાઈ રહે, તેઓ જે લોકોના દિલોમાં વસવસાઓ નાંખે છે જિન્નાત અને માનવી.

ઉપરોકત સૂરતથી જાણવા મળ્યું કે અલગ અલગ સિફતના ઉલ્લેખથી પણ ખુદાની પનાહ લઈ શકાય છે. وَلِلَّهِ الْأَسْمَاءُ الْحُسْنَىٰ فَادْعُوهُ بِهَا અલ્લાહનાં સારાં સારાં નામો છે એનાથી તેને બોલાવો અને યાદ કરો અને એ પણ જાણવા મળ્યું કે જેનાથી પનાહ લેવામાં આવે તે માણસમાંથી પણ થઈ શકે છે.

**(3) હઝરત નૂહને તઅવ્વુઝનો ફાયદો :–** હઝરત નૂહ عليه السلام એ ખુદા ત્આલાની પનાહ માંગતા ફર્માવ્યું :–

رَبِّ إِنِّي أَعُوذُ بِكَ أَنْ أَسْأَلَكَ مَا لَيْسَ لِي بِهِ عِلْمٌ (هود)

અય મારા રબ ! જેની મને જાણ નથી એવી વસ્તુ તારી પાસે માંગવાથી હું તારો આશરો ઈચ્છું છું.

આ પ્રમાણે દુઆ કરવાથી હઝરત નૂહ علیہ الصلوٰۃ والسلام ને બે ઈનામ આપવામાં આવ્યાં.

ફર્માવવામાં આવ્યું :–

قِيلَ يَا نُوحُ اهْبِطْ بِسَلَامٍ مِّنَّا وَبَرَكَاتٍ عَلَيْكَ. (ھود)

અય નૂહ ! વહાણમાંથી ઉતર, અમારી તરફ શાંતિ અને બરકતો સાથે જે તારા પર છે.

**(૪) હઝરત યૂસુફને તઅવ્વુઝનો ફાયદો :–** હઝરત યૂસુફ علیہ الصلوٰۃ والسلام એ ખુદાની પનાહ માંગતાં ઈર્શાદ ફર્માવ્યો :–

مَعَاذَ اللّٰهِ إِنَّهُ رَبِّي أَحْسَنَ مَثْوَايَ

અલ્લાહની પનાહ ! તે અઝીઝ તો મારૂં પાલન કરનાર છે.

આ પ્રમાણે દુઆ કરવાથી હઝરત યૂસુફ علیہ الصلوٰۃ والسلام ને બે ઈનામ આપવામાં આવ્યાં.

لِنَصْرِفَ عَنْهُ السُّوْءَ وَالْفَحْشَاءَ

કે તેનાથી બુરાઈ અને નિર્લજ્જતાને વાળી દીધી.

**(૫) હઝરત મૂસા અને તઅવ્વુઝનો ફાયદો :–**

આપે પોતાની કોમને ગાય ઝબહ કરવાનો આદેશ આપ્યો તો તેઓ આ વાતને મજાક સમજ્યા તો હઝરતે મૂસા علیہ الصلوٰۃ والسلام એ પનાહ માંગતા ફમાવ્યું :–

أَتَتَّخِذُنَا هُزُوًا قَالَ أَعُوذُ بِاللّٰهِ أَنْ أَكُونَ مِنَ الْجَاهِلِينَ. (البقرہ)

શું આપ અમને મસ્ખરા બનાવો છો, ફર્માવ્યું, ખુદાની પનાહ ! કે હું જાહિલોમાં હોઉં.





આ પ્રમાણે દુઆ કરવાથી આપને બે ઈનામ આપવામાં આવ્યાં :–

فَقُلْنَا اضْرِبُوهُ بِبَعْضِهَا كَذٰلِكَ يُحْيِ اللّٰهُ الْمَوْتٰى وَيُرِيكُمْ اٰيٰتِهٖ.

તો અમે ફર્માવ્યું, તે મરનારને તે ગાયનો એક ટુકડો મારો અલ્લાહ આમ જ મુર્દા જીવાડશે અને તમને પોતાની નિશાનીઓ બતાવે છે.

**(૬) હઝરત મરયમ رضی اللہ عنہا ની માતા અને તઅવ્વુઝનો ફાયદો :–**

આપની માતાએ આપની પેદાઈશ પર આપને ખુદાની પનાહમાં આપતાં ફર્માવ્યું :

إِنِّي أُعِيذُهَا بِكَ وَذُرِّيَّتَهَا مِنَ الشَّيْطَانِ الرَّجِيمِ

હું તેણીને અને તેણીની ઓલાદને શૈતાન મરદૂદથી તારી પનાહમાં આપું છું (તુ તેમનું રક્ષણ ફર્માવ)

આ પ્રમાણે દુઆ કરવાથી આપને બે ઈનામ આપવામાં આવ્યા.

فَتَقَبَّلَهَا رَبُّهَا بِقَبُولٍ حَسَنٍ وَأَنْبَتَهَا نَبَاتًا حَسَنًا

તો તેણીને અલ્લાહ ત્આલાએ સારી રીતે સ્વીકારી અને એનો ઉત્તમ પ્રકારનો ઉછેર કર્યો.

**(૭) હઝરત મરયમ અને તઅવ્વુઝનો ફાયદો :–**

હઝરત મરયમ رضی اللہ عنہا પાસે ખુદાના હુકમથી જવાનની શકલમાં હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام આવ્યા તો આપે તેમનાથી ડરીને ખુદાની પનાહ માંગી, કારણ કે આપને ખબર ન હતી કે તેઓ ફરિશ્તા છે.

إِنِّي أَعُوذُ بِالرَّحْمٰنِ مِنْكَ إِنْ كُنْتَ تَقِيًّا ۝

બેશક ! હું તારાથી રહમાનની પનાહ માંગું છું, જો તુ

પરહેઝગાર હોય.

આ પ્રમાણે દુઆ કરવાથી હઝરત મરયમને બે ઈનામ આપવામાં આવ્યા. વિના બાપે પુત્રનો જન્મ અને તેમની પાકીની બાળકથી ગવાહી.

قَالَ اِنِّیْ عَبْدُ اللّٰهِ اٰتٰنِیَ الْكِتٰبَ وَجَعَلَنِیْ نَبِیًّا ○

ઈસા عليه الصلوٰة والسلام એ ફર્માવ્યું : બેશક ! હું અલ્લાહનો બંદો છું, તેણે મને કિતાબ અર્પણ કરી અને મને નબી બનાવ્યો.

## (૮) સરકારે મદીના અને તઅવ્વુઝનો ફાયદો :–

કુર્આન મજીદમાં સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઘણી બધી જગાએ તઅવ્વુઝનો હુકમ આપવામાં આવ્યો. તેઓ પૈકી સૂરતે ફલક અને નાસનો ઉલ્લેખ થઈ ગયો. તેનાથી આપને બે ઈનામ આપવામા આવ્યા. જાદુથી શિફા, અને ઉમ્મત માટે એક અમલી નુસ્ખો.

## ★ હદીષ શરીફ અને તઅવ્વુઝ ★

હઝરત મુઆઝ બિન જબલ رضی اللہ عنہ થી રિવાયત છે આપે ફર્માવ્યું, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ બે માણસોએ એક બીજાને હદથી વધીને બુરૂં ભલું કહ્યુ. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હું એક વાત જાણું છું. જો બંને તેને પઢી લેતા તો તેમનો ક્રોધ ચાલ્યો જતો અને તે આ ફર્માન છે :–

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ

## ★ દરેક આફત બલાથી રક્ષણ ★

હઝરત ખૌલા બિન્તે હકીમ رضی اللہ عنہا થી રિવાયત છે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે કોઈ જગાએ રોકાય તે આ પઢી લે :–

اَعُوْذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّامَّاتِ مِنْ شَرِّ مَا خَلَقَ





હું અલ્લાહના (પાક) કલેમાઓની પનાહ માંગું છું.

**★ મખ્લૂકની બુરાઈથી :–** તે જગાઓથી જતાં સુધી કોઈ ચીજ તેને નુકશાન નહીં પહોંચાડે.

**★ મિમ્બર અને તઅવ્વુઝ :–** હઝરત સોવૈદ કહે છે મેં હઝરત અબૂ બકર સિદીક رضی اللہ عنہ ને મિમ્બર પર પઢતાં સાંભળ્યું اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ આપે ફર્માવ્યું, મેં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને પઢતાં સાંભળ્યું છે કે આપ શૈતાન મરદૂદથી અલ્લાહની પનાહ લેતા હતા. તો હું મારી જીવનપર્યંત તેને છોડવું પસંદ કરીશ નહીં.

## ★ હસન હુસૈન માટે નબીનું તઅવ્વુઝ ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم હસન અને હુસૈન رضی اللہ عنہما માટે તઅવ્વુઝમાં ફર્માવતા :–

اُعِیْذُكُمَا بِكَلِمَاتِ اللّٰهِ التَّامَّاتِ مِنْ كُلِّ شَیْطَانٍ وَّهَامَّةٍ وَّمِنْ كُلِّ عَیْنٍ لَامَّةٍ.

હું તમારા બંનેને અલ્લાહના સંપૂર્ણ કલેમાઓની પનાહમાં આપું છું, દરેક શૈતાન અને બુરાઈવાળી આંખથી (એટલ નજરે બદથી).

આપ ફર્માવતા હતા, મારા પિતા ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام આની પનાહમાં આપતા ઈસ્માઈલ અને ઈસ્હાક علیہم السلام ને.

## ★ ફરિશ્તો નિયુકત કરવામાં આવે છે ★

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે દિવસમાં દસ વખત તઅવ્વુઝ પઢે અલ્લાહ ત્આલા એનાથી એક ફરિશ્તો નિયુકત કરે છે, જેનાથી શૈતાન દૂર ભાગે છે.

## ★ ફરિશ્તાઓ મગફેરતની દુઆ કરે છે ★

હઝરત મઅકલ બિન યસાર رضی اللہ عنہથી રિવાયત છે, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, જે સવારમાં ત્રણ વખત પઢે :–

أَعُوذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ

અને સૂરએ હશ્રની અંતિમ ત્રણ આયતોની તિલાવત કરે. આનાથી અલ્લાહ ત્આલા સિત્તેર હજાર ફરિશ્તાઓ નિયુકત કરે છે, જેઓ સાંજ સુધી તેના માટે મગફેરતની દુઆ કરે છે. જો તે રાત્રીએ તેનું અવસાન થાય તો શહીદ મરશે અને જે સાંજે પઢશે તેના માટે સવાર સુધી.

## ★ સૂવામાં ડરી જવા પર તઅવ્વુઝનો સહારો ★

હઝરત અમ્ર બિન શોઐબ رضی اللہ عنہથી રિવાયત છે તેઓ પોતાના પિતાથી અને તેઓ પોતાના દાદાથી નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ સૂવામાં બીય જાય તો પઢી લે :–

أَعُوذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّامَّةِ مِنْ غَضَبِهٖ وَعِقَابِهٖ وَشَرِّ عِبَادِهٖ وَمِنْ شَرِّ هَمَزَاتِ الشَّيَاطِيْنِ أَنْ يَحْضُرُوْنَ .

હું અલ્લાહના સંપૂર્ણ કલેમાતનો આશરો લઉં છું તેના ક્રોધ અને સજાથી, તેના બંદાઓની બુરાઈથી, શૈતાનોના વસવસાઓની બુરાઈથી, અને એ કે તેઓ હાજરી આપે તો તેઓ નુકસાન કરી શકશે નહીં.

## ★ તઅવ્વુઝનું તાવીઝ ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما પોતાના બાલિગ (પુખ્ત વયી) ગુલામને આ તઅવ્વુઝ શિખવાડતા હતા અને નાબાલિગ હોય તો લખીને તેના ગળામાં લટકાવતા હતા. (તફસીરે કબી)





જાણવા મળ્યું કે કુર્આન, હદીષ અને બુઝુર્ગોના લખાણોનું તાવીઝ ગળામાં લટકાવું જાઈઝ છે.

ઉપરોકત આયતો અને હદીષોથી જાણવા મળ્યું કે નબીઓ અને વલીઓ પણ પોતાનાં કામોમાં ખુદાના આશરાની માંગ તઅવ્વુઝથી કરતા હતા અને તઅવ્વુઝમાં અસંખ્ય ફાયદાઓ છે એટલે અલ્લાહ ત્આલાએ આપણને કુર્આનની તિલાવતનો આરંભ તઅવ્વુઝથી કરવાની તાલીમ આપી. જેના થકી આપણે મનથી તિલાવત કરી શકીએ અને મતલબ સમજવામાં આપણાથી ભૂલ ન થાય. આપણા માટે ફરિશ્તો નિયુકત કરવામાં આવે જે આપણને શૈતાનથી બચાવે. એટલે તિલાવતના આરંભમાં તઅવ્વુઝ અવશ્ય યાદ રાખો.

## ★ તઅવ્વુઝ અને મસાઈલ ★

(૧) જ્યારે એ જાણી લીધું કે કુર્આનના ઈર્શાદથી તિલાવતનો આરંભ તઅવ્વુઝથી કરવામાં આવે તો નમાઝની પ્રથમ રકા'તમાં તિલાવતનો આરંભ થાય છે એટલે પ્રથમમાં તઅવ્વુઝ પઢવામાં આવશે, સુન્નત છે, પછીની રકા'તોમાં નહીં.

(૨) ઈમામની પાછળ મુકતદી કિરાઅત નથી કરી શકતો, ઈમામની કિરાઅત તેની પોતાની કિરાઅત છે. એટલે મુકતદી માત્ર ષના પઢીને ચુપ રહેશે, તઅવ્વુઝ, તસ્મિયા પઢશે નહીં. આ બંનેનો સંબંધ કિરાઅતથી છે તો ઈમામ પઢશે. મુકતદી માટે કિરાઅત નથી તો આ પણ નથી.

(૩) નમાઝે જનાઝામાં કિરાઅત નથી તો તઅવ્વુઝ પણ નથી.

(૪) નમાઝે ઈદમાં પ્રથમ રકા'તમાં ચોથી તકબીર પઢી તઅવ્વુઝ પઢશે, કારણ કે વધારાની તકબીરો પછી કિરાઅતનો આરંભ છે.

(૫) એકલો નમાઝ પઢનાર પ્રથમ રકા'તમાં ષના બાદ તઅવ્વુઝ અને તસ્મિયા પઢશે કારણ કે તિલાવત પણ કરવાની છે.

(૬) મસ્બૂક જેની અમુક રકા'તો ઈમામ પાછળ છૂટી ગઈ હોય તે પોતાની છૂટેલી રકા'તો પૂરી કરવામાં એકલા હુકમમાં છે એટલે જ્યારે તે છૂટેલી રકાતો પૂરી કરવા માટે ઉભો થશે તો તે તેની પ્રથમ રકા'ત છે અને તિલાવતનો આરંભ છે એટલે તઅવ્વુઝ અને તસ્મિયા પઢશે.

(૭) નમાઝ બહાર તિલાવત કરનાર માટે તઅવ્વુઝ તસ્મિયા છે, સાંભળનાર માટે નહીં.

(૮) મુનાફીએ તિલાવત એટલે તિલાવત વિરૂધ્ધનું કોઈ કામ કરવામાં આવે તો પછી તિલાવત તરફ પલટવું તિલાવતનો આરંભ છે માટે તઅવ્વુઝ પઢવી પડશે.

## ★ પ્રથમ તઅવ્વુઝ પછી તસ્મિયા ★

તિલાવતના આરંભમાં પ્રથમ તઅવ્વુઝ અને પછી તસ્મિયા પઢવામાં આવે છે. તેનું કારણ એ છે કે અલ્લાહ તઆલાએ આપણને તિલાવતના આરંભમાં તઅવ્વુઝ પઢવાનો હુકમ આપ્યો. એટલે પ્રથમ તઅવ્વુઝ પઢવામાં આવે છે અને પછી તસ્મિયા. રહસ્ય એ છે કે શૈતાન નાપાક છે અને તે પોતાના વસવસાઓ પોતાની સૂંઢથી દિલમાં પહોંચાડે છે અને ખરાબ ઈરાદાઓથી દિલને ખરાબ કરે છે તેમજ શૈતાનનો ઉલ્લેખ દરેક બુરાઈથી થઈ ગયો છે. દિલને લગતી દરેક બુરાઈ દિલને ખરાબ કરે છે એટલે જેમ અલ્લાહનો ઈર્શાદ છે :–

لَا يَمَسُّهٗۤ اِلَّا الْمُطَهَّرُوْنَ પાક જ તેને પકડે.

જાહેરી પાકી વુઝૂ અને ગુસ્લથી પાક થાય છે, દિલની પાકી બુરાઈઓથી નફરત કરી ખુદાની પનાહમાં આવવાથી થાય છે એટલે બાતિની સફાઈ અને પાકી માટે પ્રથમ તઅવ્વુઝનો આદેશ આપવામાં આવ્યો. પ્રથમ પાકી પછી તિલાવત.

(૨) ખુદાનું નામ દિલની ઊંડાઈથી અતિ પ્રેમ સાથે લેવામાં આવે. જેમ જીભ તે પાક જાતનું નામ જપી રહી હોય, દિલ પણ બીજા





ઈરાદાઓ અને ખ્યાલોથી ખસીને તેની જ તરફ કેન્દ્રિત હોય અને તેની લિજ્જત પામી રહ્યું હોય અને તેમાં જ વધારે ફાયદો છે. એટલે દિલને બીજા ઈરાદાઓ અને વસવસાઓથી જુદુ કરવા તઅવ્વુઝનો આદેશ આપવામાં આવ્યો. તઅવ્વુઝથી બુરા ઈરાદાઓ અને ખોટા વસવસાઓનો નાશ થાય અને જ્યારે તસ્મિયા પર પહોંચે અલ્લાહ ત્આલા તરફ ધ્યાન કેન્દ્રિત હોય. આ રહસ્યને લઈને પ્રથમ તઅવ્વુઝ અને પછી તસ્મિયા છે.

(૩) **સંપૂર્ણ મહોબ્બત** એ છે કે **મહબૂબના દુશ્મનોને દુશ્મન સમજવામાં આવે** અને **તેમનાથી દૂર રહેવામાં આવે.** મહબૂબના દુશ્મનો સાથે દોસ્તી મહોબ્બતની કમીની દલીલ છે. શૈતાની વસવસાઓ, બુરા ખ્યાલો ખુદાથી ગાફિલ કરનાર છે અને જે મહબૂબથી ગાફિલ કરે મહોબ્બતના માર્ગમાં શત્રુ છે, તો ખુદાના દુશ્મનો સાથે દુશ્મનીનું પ્રથમ એલાન તઅવ્વુઝથી કરવામાં આવ્યું અને તેનાથી સંપૂર્ણ મહોબ્બતનો સુબૂત થયો તો પછી તસ્મિયાને પઢવાનો આદેશ આપવામાં આવ્યો કે જ્યારે તમને અમારાથી સંપૂર્ણ પ્રેમ છે તો તમને અમારા નામનો ઝિક્ર કરવાનો હક છે તો પઢો તસ્મિયા.

(૪) જ્યારે ગારે હિરામાં સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખુદાના કલામના આરંભમાં પ્રથમ તઅવ્વુઝ, પછી તસ્મિયા અને ત્યાર બાદ કુર્આનની આયત પઢી અને હુઝૂરને એ પ્રમાણે વિનંતી કરી. એટલે પ્રથમ તઅવ્વુઝ અને પછી તસ્મીયા પઢવામાં આવે છે.

(૫) ખુદા ત્આલા પોતાના દુશ્મનોથી નાખુશ છે કારણ કે તેઓ ખુદાની મખ્લૂક થઈને તેનો માર્ગ છોડી બીજાના માર્ગે ગયા. એટલે ખુદા ત્આલાએ કુર્આનમાં તેઓની બુરાઈ કરી. દાખલા તરીકે કાફિર, મુશ્રિક, મુનાફિક, શૈતાન, ફિરઔન, અબૂ લહબ, તેની બીબી, બની ઈસરાઈલના દુનિયાદાર આલિમો વગેરે. તો જાણવા મળ્યું કે ખુદાને તેના દુશ્મનોની બુરાઈ પસંદ છે અને તેનાથી તે ખુશ થાય છે. તો પ્રથમ તઅવ્વુઝથી દુશ્મનોની બુરાઈ કરી ખુદાને ખુશ કરવામાં આવ્યો

અને ખુશ થયા બાદ તસ્મિયા પઢવામાં આવ્યું. અલ્લાહ ત્આલા રાજી ખુશી હોય તો અમલ કબૂલ થવાની મજબૂત ઉમ્મીદ છે.

(૬) **''અલ હુબ્બો ફિલ્લાહ વલ બુગ્ઝો ફિલ્લાહ''** પસંદીદા અમલોમાંથી છે. તસ્મિયામાં માત્ર અલ્લાહ અને તેની સિફતોનું વર્ણન છે જે તેનાથી મહોબ્બતને જાહેર કરે છે જ્યારે તઅવ્વુઝમાં પ્રથમ અલ્લાહનું નામ છે અને પછી દુશ્મનનો શબ્દ છે. તો ખુદાથી મહોબ્બત અને તેના દુશ્મનોથી દુશ્મની બંને સાબિત થાય છે. એટલે પ્રથમ તઅવ્વુઝનો આદેશ આપવામાં આવ્યો.

(૭) ખુદાની નાફરમાનીથી બચવું અને ખુદાના બનીને રહેવું એ ખુદા ત્આલાના ફઝલ અને તેની કૃપાથી છે. જો તેની કૃપા ન હોય તો આપણને તૌફીક મળી શકતી નથી. અને તેનો સબક આપણને શૈતાનથી મળે છે કે તેને ઘણું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત હતું, ફરિશ્તાઓનો ઉસ્તાદ હતો પણ જ્યારે હઝરત આદમને ઉચ્ચ સ્થાન આપી શૈતાનને તાઝીમ કરવાનો આદેશ આપ્યો તો તે સમજી ન શકયો અને અભિમાનથી ઈન્કાર કરી ગયો. તો અલ્લાહ ત્આલાએ તેને ફેંકી માર્યો અને હમેશાં માટે બેઈજ્જત કરી નાખ્યો. તો આપણને નેક અમલો પર અભિમાન ન આવે અને ખુદાના ફઝલ અને કૃપા છોડીને વાત ન કરીએ એટલે પ્રથમ તઅવ્વુઝનો આદેશ આપવામાં આવ્યો. જેનો બીજા મતલબ એ થાય છે કે હે ખુદા ! હું તને મહાન માનું છું, તારા ફઝલ અને કૃપાથી જીવંત છું અને તારી તરફ ધ્યાન કેન્દ્રિત કરું છું, મારી દરેક તૌફીક તારા તરફથી છે. હું શૈતાન માફક નથી ફઝલને ભૂલનાર અને નથી અભિમાની. અને આનાથી બંદાનું સત્ય માયનામાં બંદા હોવું સાબિત થાય છે એટલે પ્રથમ તઅવ્વુઝ અને પછી તસ્મિયા છે.

## ★ ગૌષે પાક અને શૈતાન ★

હુઝૂર ગૌષે પાક મુહ્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ જ્યારે લોકોથી અલગ રહી મુરાકબાનો સમય વિતાવી રહ્યા હતા ત્યારે એક વખત શૈતાને વાદળમાંથી અવાજ આપ્યો : અબ્દુલ





કાદિર ! હું તારાથી ખુશ છું અને મેં તારા માટે ઈબાદત માફ કરી ! તો આપ વિચારમાં પડયા કે કોઈના માટે ઈબાદત માફ કરવામાં ન આવી, એટલે આ અવાજ શૈતાનનો છે. લાહૌલ શરીફ પઢી તો શૈતાન નાસતાં નાસતાં કહેવા લાગ્યો, અબ્દુલ કાદિર ! તારા ઈલ્મએ તને બચાવી લીધો. આપે ફર્માવ્યું, નહીં ! બલ્કે મારા રબના ફઝલે મને બચાવી લીધો. એટલે કે વિના ફઝલ ઈલ્મ બચાવતું તો તારી પાસે પણ ઈલ્મ હતું, તુ પણ ફરિશ્તાઓનો ઉસ્તાદ હતો, તુ કેમ બચી ન શકયો !

## ★ એક સવાલ અને જવાબ ★

એક સવાલ એ ઉપસ્થિત થાય છે કે હદીષ શરીફના આધારે તસ્મિયા શરીફથી પણ શૈતાન આપણા કામમાં શામિલ થઈ શકતો નથી. તો પછી માત્ર તસ્મિયાથી બે ફાયદાઓ થઈ શકે છે, પછી તઅવ્વુઝ કેમ ? તો એનો જવાબ એ છે કે, તસ્મિયા શરીફથી પણ શૈતાન દૂર થાય છે પરંતુ તઅવ્વુઝથી શૈતાનને દૂર કરવાનો ફાયદો એ છે કે તેની દુશ્મનીનું એલાન પણ છે અને માત્ર દોસ્તીનું એલાન તો તસ્મિયાથી થવાનું જ છે. એટલે પ્રથમ તઅવ્વુઝ અને પછી તસ્મિયા છે. બીજું એ કે તઅવ્વુઝમાં કુફ્ર, શિર્ક અને દરેક બુરાઈથી નફરતનો સુબૂત છે કારણ કે જો પસંદ હોય તો પનાહનો પ્રશ્ન ઉભો થતો નથી. તો સઘળી ખરાબીઓથી નફરત અને ખુદાથી મહોબ્બત બંને વાતો સાબિત થાય છે એટલે પ્રથમ તઅવ્વુઝ અને પછી તસ્મિયા છે.

## ★ તસ્મિયા અને તેનો તરજુમો ★

બિસ્મિલ્લાહ શરીફને તસ્મિયા કહેવામાં આવે છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

અલ્લાહના નામથી જે ઘણો મહેરબાન રહમતવાળો છે.

રહમાન એટલે વધારે રહમતવાળો અને રહીમ માત્ર રહમતવાળો.

અરબીમાં કહેવામાં આવે છે :–

يَارَحْمٰنَ الدُّنْيَا وَرَحِيْمَ الْاٰخِرَةِ

અય દુનિયાના રહમાન અને આખિરતના રહીમ ! એટલા માટે કે દુનિયામાં ખુદાની રહમત અને કૃપાથી દરેકને ભાગ મળે છે. કાફિર અને મુશ્રિકને પણ તે કૃપાનો આશરો છે, પરંતુ ખુદાની રહમત અને કૃપા આખિરતમાં માત્ર ઈમાનવાળાઓ માટે છે. કાફિરોને તે રહમત અને કૃપામાંથી એક છાંટો પણ મળશે નહીં. એટલે દુનિયામાં રહમાન ઘણી રહમતવાળો કે દરેકને આપે અને આખિરતનો રહીમ માત્ર ઈમાનવાળાઓને નેઅમતો આપે. રહમાન અને રહીમ કહીને દુનિયા આખિરત બંનેને ભેગી કરી લેવામાં આવી છે.

## ★ તસ્મિયામાં અલ્લાહનો શબ્દ પ્રથમ કેમ ? ★

તસ્મિયા શરીફમાં પ્રથમ અલ્લાહનો શબ્દ છે અને ત્યાર બાદ રહમાન અને રહીમ. એટલા માટે કે અલ્લાહ એ ખુદાનું જાતિય નામ છે અને રહમાન, રહીમ જાતને સબંધિત સિફત છે. સમજના આધારે પ્રથમ જાત અને પછી સિફત હોય છે. એટલે પ્રથમ અલ્લાહનો શબ્દ છે અને પછી રહમાનો રહીમ.

## ★ રહમાન રહીમથી પહેલાં કેમ ? ★

રહમાન અને રહીમ બંને સિફતોનું વર્ણન એક સાથે કેમ થયું ? તો એ આપણને ખુદાથી ઉમ્મીદ રાખવા માટે અને નાઉમ્મીદીથી બચવા માટે કે જે ખુદા દુનિયામાં પોતાની કૃપાથી તમને નવાજે છે આખિરતમાં પણ હે મુસલમાનો ! તમને રહમતની ચાદરમાં ઢાંકી દેશે.

## ★ તસ્મિયાનો ઉત્તમ તરજુમો ★

અમુક લોકો તસ્મિયા શરીફનો તરજુમો ગુજરાતીમાં આ





પ્રમાણે કરે છે. શરૂ અલ્લાહના નામથી. તો શરૂનો શબ્દ પ્રથમ અને અલ્લાહનો શબ્દ ત્યાર બાદ આવે છે. જો કે અરબીના આધારે તેનો ખોટો તરજુમો નથી કહી શકતા, પરંતુ જ્યારે આપણી ભાષાના આધારે અલ્લાહનો શબ્દ પ્રથમ રાખીને તરજુમો કરવામાં આવે તો વધુ ઉત્તમ છે. જ્યારે આપણે આપણી તિલાવત અથવા બીજું કોઈ જાઈઝ કામ અલ્લાહના નામથી બરકત અને તેની મદદથી શરૂ કરીએ તો બોલવામાં પણ પ્રથમ શબ્દ જે આપણા મુખે આવે અલ્લાહનો હોવો જોઈએ.

આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા** મુજદ્દિદે દીનો મિલ્લતનો તરજુમો આ રહસ્યને લક્ષમાં રાખીને છે. "અલ્લાહના નામથી શરૂ" તો બોલવામાં પણ પ્રથમ શબ્દ અલ્લાહ છે.

## ★ કાફિરોની મુખાલફત ★

અરબના કાફિરો મૂર્તિપૂજા કરતા હતા અને તેમની મૂર્તિઓમાં વધુ ખ્યાતિ પામેલી **લાત** અને **ઉઝ્ઝા** હતી. તેઓ પોતાનું કામ بِسْمِ اللَّاتِ وَالْعُزّٰى કહીને શરૂ કરતા હતા. તો શિર્કને તોડવા અને એક ખુદાથી સંબંધ જોડવા આપણને તસ્મિયા શરીફ આપવામાં આવી અને અલ્લાહના નામ સાથે સિફતોનો ઉલ્લેખ પણ થયો કે મૂર્તિઓ બેઈખ્તિયાર અને બેઅધિકાર છે, કંઈ નફો નથી પહોંચાડી શકતી અને આખિરતમાં તેનાથી નુકસાન છે કે, મૂર્તિપૂજકોને દોઝખમાં નાખવામાં આવશે, પરંતુ અમે જે અલ્લાહના નામથી અમારું કામ શરૂ કરીએ છીએ, તે રહમાન છે, દુનિયામાં અમને દરેક ચીઝ વસ્તુ અને નેઅમત આપે છે, જીવન આપે છે અને જીવંત રાખે છે અને આખિરતમાં રહીમ છે, અમને પોતાની રહમતમાંથી અર્પણ કરશે અને જન્નત અતા ફર્માવશે.

## ★ તસ્મિયામાં ઈસ્મે આઝમ છે ★

તફસીરે કબીરમાં છે અલ્લાહ ત્આલાના ત્રણ હજાર નામો

છે. એક હજાર ફરિશ્તાઓ જાણે છે, એક હજાર નબીઓ જાણે છે, ત્રીજા હજારમાંથી ત્રણસો નામ તૌરેતમાં છે, ત્રણસો નામ ઈન્જિલમાં છે, ત્રણસો નામ ઝબૂરમાં છે અને નવ્વાણું નામ કુર્આનમાં અને એક નામ અલ્લાહ ત્આલા જાણે છે. તસ્મિયામાં ત્રણ નામો છે : (૧) અલ્લાહ (૨) રહમાન (૩) રહીમ. આ ત્રણમાં ત્રણ હજારનો માયનો આવે છે, એટલે જેણે આ ત્રણ નામોથી અલ્લાહને યાદ કર્યો તેણે ત્રણ હજાર નામોથી ખુદાને યાદ કર્યો.

## ★ અલ્લાહનો શબ્દ પણ લાચાર નથી ★

જેવી રીતે અલ્લાહ તબારક વ ત્આલાની જાત સઘળી લાચારીઓ અને મજબૂરીઓથી પાક છે એના જાતિય નામ **અલ્લાહ** શબ્દમાં એ રહસ્ય જોવા મળે છે. اَللّٰه શબ્દમાંથી "અલિફ" કાઢી નાખવામાં આવે તો لِلّٰه બની જાય છે. એનો મતલબ છે અલ્લાહ માટે. અને لِلّٰه માંથી લામ કાઢી નાખવામાં આવે તો لَهٗ થઈ જાય છે. એનો મતલબ પણ એ જ છે, અલ્લાહ માટે. અને لَهٗ માંથી લામ કાઢી નાખવામાં આવે તો هٗ બની જાય છે. તેને અલગ થવા પર هُوَ લખવામાં આવે છે. એનો મતલબ પણ છે અલ્લાહ. આ નામ એ જાહેર કરે છે કે જેમ હું ખુદાની જાત તરફ ઈશારો કરવામાં શબ્દોનું લાચાર નથી એ જ પ્રમાણે અલ્લાહ ત્આલા પણ લાચારીઓથી પાક છે.

## ★ શબ્દ એક પણ સઘળી સિફતો એકત્ર ★

એનો ઉલ્લેખ તો થઈ ગયો કે અલ્લાહનો શબ્દ તેનું જાતિય નામ છે પણ તે નામનું રહસ્ય એ છે કે એનો તરજુમો કરવામાં આવે છે : એ જાત જેનામાં કમાલવાળી સઘળી સિફતો છે. જેણે અલ્લાહને માત્ર અલ્લાહ કહીને યાદ કર્યો તો જાણે તેણે અલ્લાહને તેની સઘળી સિફતોથી યાદ કર્યો. જો ખુદા ત્આલાના અસંખ્ય નામો હોય તો અલ્લાહના શબ્દથી તે સઘળાં નામો શામિલ થઈ શકે છે.





## ★ અલ્લાહના નામનું રક્ષણ ★

અલ્લાહના નામ પર અબ્દ લગાડીને છોકરાનું નામ અબ્દુલ્લાહ રાખવામાં આવે છે. આમ અલ્લાહ ત્આલાની સિફતો પર અબ્દ લગાડીને પણ બાળકોનાં નામો રાખવામાં આવે છે. અબ્દુલ ખાલિક, અબ્દુર્રહમાન, અબ્દુલ ગફૂર, અબ્દુશ્શકૂર વગેરે. પણ લોકોની બેકાળજી એ જોવા મળે છે અલ્લાહના સિફતી નામો પરથી અબ્દ ખસેડીને માત્ર ખુદાના સિફતી નામોથી લોકોને બોલાવતા હોય છે. શરઈ કાયદાના આધારે આ પ્રમાણે બોલવું **હરામ** છે. જો લોકો સુધરવા ન માંગતા હોય તો એ પ્રકારના નામો ન રાખવાં જોઈએ. જોવા જઈએ તો બંદાને ખુદાની સિફતનું નામ આપી ખુદાની સિફતનું અપમાન છે ! એટલે અલ્લાહની સિફતો સાથે અબ્દ લગાડીને જ બોલો. અહીં એક વાત વિચારવા જેવી છે કે ખુદા ત્આલાની સિફતોમાં તો લોકો અબ્દ ન લગાડીને ભૂલ કરી બેસે છે. પણ અબ્દુલ્લાહમાં ભૂલ નથી થતી અને કોઈ કરશે પણ નહીં. એટલા માટે કે અલ્લાહનું જાતીય નામ છે. ખુદા ત્આલા તરફથી એનું રક્ષણ કરવામાં આવેલું છે. એટલે કોઈનું નામ અબ્દુલ્લાહ હોય તો અબ્દુલ બોલશે પણ અલ્લાહ કોઈ નહીં બોલે. કોઈનાથી ભૂલથી પણ આમ નહી થયું હોય. બલ્કે આ નામનું એટલી હદે રક્ષણ છે કે કાફિરોએ પણ દુશ્મનીમાં આ નામને કોઈના માટે ઉપયોગ કર્યું નથી. કુર્આનમાં છે :–

هَلْ تَعْلَمُ لَهٗ سَمِيًّا શું તુ જાણે છે અલ્લાહ માટે હમનામ ?

આ નકારાત્મક પ્રશ્ન છે. એટલે કે અલ્લાહનું નામ કોઈને આપવામાં નથી આવ્યું. જેમ અલ્લાહનો કોઈ શરીક નથી તેમ તેના જાતિય નામમાં પણ તેનો કોઈ શરીક નથી. માત્ર એક મૌલ્વી છે જે પોતાના પીરને અલ્લાહુ મિયાં કહે છે ! પણ બીજા સુન્ની આલિમોએ તે બાબતને કુફ્રનો ફત્વો આપેલો છે.

## ★ કલેમામાં માત્ર સિફ્ત ઈમાન માટે સંપૂર્ણ નથી ★

ઈમાન માન્ય રાખવા માટે કલેમામાં માત્ર સિફતનો ઝિક્ર

ઈમાન કબૂલવા માટે સંપૂર્ણ નથી. કારણ કે ખુદાના સિફતી નામ હજારોની સંખ્યામાં છે. એ કેવી રીતે કબૂલી શકાય કે એક સિફતનો ઝિક્ર કરનાર બીજી સિફતોને માને છે કે નહીં ?! દાખલા તરીકે કોઈ કહે :–

لَآ اِلٰهَ اِلَّا الرَّحْمٰنُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ۔

આમ પઢી તો શકાય છે પણ ઈમાન માટે સંપૂર્ણ નથી. કારણ કે અલ્લાહ જાતિય નામ છે અને એકના ઝિક્રથી સઘળી સિફતોનો ઝિક્ર થઈ જાય છે. બીજું એ કે આ જાતિય નામ છે અને એનું રક્ષણ થયું છે, ગેરખુદા પર આ શબ્દ બોલવામાં નથી આવતો.

## ★ બિસ્મિલ્લાહ અને જન્નતની ચાર નહેરો ★

તફસીરે રૂહુલ બયાનમાં છે. સરકારે મદીના عليه الصلوٰة والتسليم જ્યારે મેઅરાજમાં તશરીફ લઈ ગયા તો આપે જન્નતમાં પાણી, દૂધ, શરાબ અને મધની ચાર નહેરોનો દીદાર કર્યો. આપે હઝરત જિબ્રઈલ અમીન عليه الصلوٰة والتسليم ને પૂછયું, આ નહેરો કયાંથી નીકળીને આવે છે ? આપે કહયું : હુઝૂર ! મને ખબર નથી. બીજા ફરિશ્તાએ અરજ કરી, એનું ઝરણું હું બતાવું છું ! તે ફરિશ્તો એક એવી જગાએ લઈ ગયો જ્યાં એક ઝાડ હતું, તેની નીચે એક મકાન બનેલું હતું, દરવાજા પર તાળુ પડેલું હતું. આપે ફર્માવ્યું : દરવાજો ખોલો ! વિનંતિ કરી, એની ચાવી આપની પાસે જ છે ! બિસ્મિલ્લાહ શરીફ પઢીને હાથ લગાડયો તો તાળુ ખુલી ગયું. અંદર જઈને જોયું તો તે મકાનમાં ચાર થાંભલા હતા. દરેક થાંભલા પર બિસ્મિલ્લાહ શરીફ લખેલી હતી. **બિસ્મિ**ના **મીમ**થી પાણીની નહેર વહી રહી છે. **અલ્લાહ**ના **''હે''**થી દૂધની નહેર વહી રહી છે. રહમાનના મીમથી શરાબની નહેર વહી રહી છે. **રહીમ**ના **મીમ**થી મધની નહર વહી રહી છે. અંદરથી અવાજ આવ્યો, મારા મહબૂબ ! તમારી ઉમ્મતમાંથી જે બિસ્મિલ્લાહ શરીફ પઢશે તેનો ચારેવ પર હક રહેશે.





## ★ દુશ્મનને પણ રક્ષણ ★

તફસીરે કબીરમાં છે ફિરઔને ખુદાઈ દાવો કરતાં પહેલાં એક મહેલ બનાવ્યો હતો. તેની ઉપર બિસ્મિલ્લાહ શરીફ લખવામાં આવી હતી. જ્યારે મૂસા صلى الله تعالى عليه وسلم એ તેને દીનનો આદેશ આપ્યો તેણે કબૂલ ન કર્યો. મૂસા صلى الله تعالى عليه وسلم એ તેના માટે બદદુઆ કરી. વહી આવી, અય મૂસા ! એ બરબાદ કરવા લાયક છે પણ એના દરવાજા પર બિસ્મિલ્લાહ શરીફ લખેલી છે એટલે એ અઝાબથી બચેલો છે ! આ કારણસર એની ઉપર અઝાબ ઘરમાં ન આવ્યો, બલ્કે લશ્કર સાથે દરિયા પર પહોંચવા દીધો અને તેમાં ડૂબાડી દીધો.

## ★ એક વલીની વસિય્યત ★

તફસીરે અઝીઝીમાં છે : અલ્લાહના એક વલીએ મરતી વખતે વસિય્યત કરી કે મરી ગયા બાદ મારા કફનમાં બિસ્મિલ્લાહ શરીફ લખીને મૂકી દેજો. લોકોએ આપને આનું કારણ પૂછયું તો આપે ફર્માવ્યું, કિયામતના દિવસે એ મારો દસ્તાવેઝ બનશે અને એના થકી હું અલ્લાહની રહમતની માંગ કરીશ. એટલે કે રહીમનો માયનો થાય છે આખિરતમાં રહમત કરવાવાળો. તો હું માંગ કરીશ, અય અલ્લાહ ! હું મુસલમાન છું, મારી ઉપર રહમ ફરમાવ અને મને અઝાબથી બચાવ !

## ★ બાળકનો દરેક શ્વાસ બાપની નેકી ★

તફસીરે કબીરમાં છે જે માણસ પોતાની પત્ની પાસે જતા પહેલાં બિસ્મિલ્લાહ શરીફ પઢી લે તો શૈતાન એના કામમાં દખલ નહીં કરે. જો તે સંભોગથી ગર્ભ રહી જાય અને બાળક જન્મે તો તેના શ્વાસ જેટલી નેકીઓ તેના બાપના અમલનામામાં લખવામાં આવશે.

## ★ શિફા અલ્લાહની છે ★

તફસીરે કબીરમાં છે હઝરત મૂસા عليه الصلوٰة والتسليم ના પેટમાં

દુઃખાવો થયો.આપે ખુદાની બારગાહમાં દુઆ કરી. આપને ખુદા ત્આલા તરફથી એક જડીબુટ્ટી બતાવવામાં આવી તે આપે ખાધી તો આપને શિફા મળી. બીજી વખત દુઃખાવો થયો તો આપે એ જડીબૂટ્ટી ખાધી પણ દુઃખાવો વધી ગયો. આપે દુઆ કરી કે મૌલા ! પ્રથમ વખત જડીબુટ્ટીથી શિફા મળી ! અને બીજી વખતે દુઃખાવો વધી ગયો ! એક દવામાં બે ગુણ કેવા ? અલ્લાહનો ઈર્શાદ થયો, અય મૂસા ! પ્રથમ વખતે તમે મારા કહેવાથી ગયા હતા અને બીજી વખતે તમે પોતે ગયા. શિફા મારા નામમાં જ છે. મારા નામ વિના દુનિયાની દરેક ચીજ ઝેર છે, ઝેરનો ઈલાજ મારું નામ છે. જાણવા મળ્યું કે દવા ખાતી વખતે બિસ્મિલ્લાહ શરીફ પઢી લેવું જોઈએ અને એ યકીન રાખવું કે શિફા અલ્લાહ ત્આલા તરફથી છે. અલ્લાહ ન ચાહે તો કોઈ ચીજ શિફા નથી આપી શકતી.

## ★ મુસીબતનો ઈલાજ ★

તફસીરે અઝીઝીમાં છે : જે માણસ કોઈ તકલીફ અને મુસીબતમાં હોય અને તે મુસીબતથી મુકિત મેળવવા માંગતો હોય તો તે બાર હજાર વખત બિસ્મિલ્લાહ શરીફ પઢે. જ્યારે એક હજાર વખત પઢી લે, બે રકાત નફલ નમાઝ પઢે અને આમ દરેક હજારે બે રકાત નમાઝ પઢતો જાય. તો બાર હજારે ૨૪ રકાત થશે. ત્યાર બાદ દુઆ માંગે તો અલ્લાહ ત્આલા તેની મુસીબત દૂર ફર્માવશે.

## ★ ઝહેર બેઅસર થઈ ગયું ! ★

હઝરતે ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ પાસે કોઈ માણસ ઝેર લાવ્યો અને કહ્યું જો તમે આ ઝહેર પી જાવ અને સલામત રહો તો હું જાણીશ કે ઈસ્લામ સત્ય ધર્મ છે. આપે બિસ્મિલ્લાહ શરીફ પઢીને ઝેર પી લીધું તો ખુદા ત્આલાના ફઝલથી ઝેરનો અસર ન થયો. તે માણસ આ કરામત દેખીને ઈમાન લઈ આવ્યો અને ઈસ્લામ ધર્મમાં પ્રવેશી ગયો. (કબીર)





## ★ માથાના દુઃખાવાનો ઈલાજ ★

રૂમનો રાજા હિરકલએ હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہની ખિદમતમાં પત્ર લખ્યો, મને માથાનો દુઃખાવો રહે છે તો તમે મારો કોઈ ઈલાજ કરો. આપે એક ટોપી તેને મોકલાવી. જ્યારે તે ટોપી માથે રાખતો દુઃખાવો જતો રહેતો અને ટોપી ઉતરતી તો દુઃખાવો શરૂ થઈ જતો. તે અચરજ પામી ગયો અને ટોપી ખોલાવી જોયું તો તેમાં એક (ચામડાના) ટુકડા પર લખેલું હતું...

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## ★ કબરથી અઝાબ ઉઠાવી લેવામાં આવ્યો ★

હઝરત ઈસા علیہ السلام એક કબર પાસેથી પસાર થયા તો જોયું કે મુડદા પર અઝાબ થઈ રહ્યો છે, એ જોઈને આગળ તશરીફ લઈ ગયા. આપ હાજતથી ફારિગ થઈને આવ્યા તો જોયું કે તે જ કબર પર રહમતની વર્ષા થઈ રહી છે. આપ અચંબામાં પડી ગયા. બારગાહે ઈલાહીમાં અરજ કરી, મૌલા ! આનું રહસ્ય મને બતાવવામાં આવે. ઈર્શાદ ફર્માવ્યો, હે રૂહુલ્લાહ ! આ કબ્રવાળો સખ્ત ગુનેહગાર અને પાપી હતો એટલે અઝાબમાં સપડાયેલો હતો. પણ તેણે મરતી વેળા તેની પત્નીને સગર્ભા છોડી હતી, તેને પુત્ર થયો હતો. આજે તેને મદ્રસે મોકલતાં ઉસ્તાદે તેને બિસ્મિલ્લાહ શરીફ પઢાવી. મને શરમ આવી કે જમીનની અંદર એવા માણસને અઝાબ આપું કે જેનુ બાળક જમીન પર મને રહમાન, રહીમ કહી રહ્યું છે ! (કબીર)

જાણવા મળ્યું બાળકોની નેકીથી મા બાપને સવાબ મળે છે અને બાળકોને મદ્રસા મોકલવાથી મા બાપને ઘણો ફાયદો થાય છે.

## ★ અલ્લાહના નામની ઈજ્જતનો બદલો ★

તફસીરે કબીરમાં છે નબીએ અકરમ નૂરે મુજસ્સમ

صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે જમીન પરથી કાગળ ઉઠાવે જેની ઉપર બિસ્મિલ્લાહ શરીફ લખેલું હોય, અલ્લાહ ત્આલાના નામની ઈજ્જત માટે. તો તેને અલ્લાહ ત્આલાની બારગાહમાં સિદ્દીકીનમાં લખવામાં આવે છે. તેનાં મા બાપથી અઝાબ હલકો કરવામાં આવે છે ભલે તેઓ મુશ્રિક કેમ ન હોય !

આજ કાલ પેપરોમાં અને પોસ્ટરોમાં આયતો અને ખુદાના નામો લખવામાં આવે છે. ગુજરાતી ભાષામાં તો આ ઓછું જોવા મળે છે, પણ ઉર્દૂ પેપરો તો આયતો અને હદીષોથી ભરેલાં હોય છે અને લોકો તેને ગમે ત્યાં નાખે છે અને કેટલાક તો રસ્તામાં ફેંકી દે છે. આ અલ્લાહના કલામની બેઈજ્જતી છે ! મુસલમાનથી આ પ્રમાણે ગંભીર કામ થવું જ ન જોઈએ. તમે ફઝીલત જાણી કે ખુદાનું નામ ઈજ્જતથી ઉઠાવી લે તેને સિદ્દીકીનમાં લખવામાં આવે છે.

## ★ જિનથી સતરનો પરદો ★

જિન અને શૈતાન આપણી પાસે હોય તો પણ આપણે તેમને દેખી શકતા નથી. તેમનું શરીર એટલું પાતળું બનાવવામાં આવ્યું છે. જેમ કે હવા ચાલે છે તે આપણને ખબર પડે છે પણ દેખી શકાતી નથી. કુર્આન શરીફમાં છે :–

إِنَّهُ يَرَاكُمْ هُوَ وَقَبِيلُهُ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ

બેશક ! તે અને તેના કુટુંબીઓ તમને દેખે છે જ્યાંથી તમે તેઓને નથી દેખી શકતા.

જ્યારે તેઓ આપણી પાસે હોય અને આપણને ન દેખાય તો પછી આપણે આપણું સતર ખોલેલું હોય તો તેઓની નજર આપણા સતર પર પડી શકે છે. તો નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી આપણને એક ઈલાજ બતાવામાં આવ્યો છે જેની ઉપર અમલ કરવાથી જિનની નિગાહો આપણા સતરને નથી જોઈ શકતી.





તફસીરે કબીરમાં હઝરત અનસ બિન માલિ رضی اللہ عنہ થી રિવાયત છે. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જિનની આંખો મને માણસના સતરની વચમાં પર્દો પડી જાય છે, સતરને જ્યારે તે ખોલે આ પઢવું :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

પેશાબખાના અથવા જાજરૂમાં જવું હોય તો અંદર જતાં પહેલાં પઢી લેવું જોઈએ. નાપાક જગાએ ખુદાનો ઝિક્ર કરવો મના છે. ખેતરોમાં અથવા એકાંત ખુલ્લી જગ્યામાં હોય તો કપડાં ખોલતાં પહેલાં પઢી લેવું.

## ★ સઘળા બદનની પાકી ★

વુઝૂમાં આપણે સઘળા બદનને પાક નથી કરતા બલ્કે માત્ર વુઝૂમાં ધોવામાં આવતા અવયવો ધોઈએ છીએ. પરંતુ જો આપણે બિસ્મિલ્લાહ શરીફ પઢીને વુઝૂ કરીએ તો સઘળા બદનને પાક કરવાની ફઝીલત પ્રાપ્ત થાય છે. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે વુઝૂ કરે અને અલ્લાહ ત્આલાનું નામ ઝિક્ર ન કરે તો પાકી છે માત્ર તે અવયવોની અને જે વુઝૂ કરે અને અલ્લાહના નામનો ઝિક્ર કરે તો તે સઘળા બદનની પાકી છે.

## ★ સવારીનો દરેક ડગ સવાબ ★

સવારી પર મુસાફરી કરવામાં આવે તો **બિસ્મિલ્લાહિ અલ હમ્દુ લિલ્લાહ** પઢી લેવામાં આવે. તો સવારીના દરેક ડગલે મુસાફરના અમલનામામાં નેકીઓ લખવામાં આવે છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની રિવાયત છે. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અય અબૂ હુરૈરહ્ ! જ્યારે તુ સવારી પર સવાર થાય તો પઢી લે "બિસ્મિલ્લાહિ વલ હમ્દુલિલ્લાહ" તારા માટે દરેક ડગના બદલે નેકી લખવામાં આવશે. (કબીર)

## ★ નાવડીથી નીકળતા સુધી નેકીઓ ★

ઉપરોકત હદીષનો ભાગ છે, આપે ઈર્શાદ ફર્માવ્યો, અય અબૂ હુરૈરહ્ ! જયારે તું નાવડીમાં સવાર થાય તો પઢી લે "બિસ્મિલ્લાહિ વલ હમ્દુ લિલ્લાહ" તારા માટે નેકીઓ લખવામાં આવશે, તેમાંથી નીકળતા સુધી.

## ★ એક રહસ્ય ★

અમરતુલ ફરગાનિયાએ એક હિકમતની વાત લખેલી છે. જુનૂબી અને હૈઝવાળીને કુર્આનની તિલાવતથી મનાઈ કરવામાં આવી છે, પરંતુ બિસ્મિલ્લાહ શરીફ પઢવાની રજા છે. એટલા માટે કે એ હબીબનો ઝિક્ર છે અને હબીબને યાદથી મનાઈ નથી કરતો.

## ★ બિસ્મિલ્લાહ અને સફળતા ★

ઈસ્લામ તરફથી આપણને એ તાલીમ આપવામાં આવી છે કે આપણુ આપણું કોઈ પણ જાઈઝ કામ બિસ્મિલ્લાહ શરીફથી શરૂ કરીએ. નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફમાવ્યું, જે કામ વિના બિસ્મિલ્લાહે કરવામાં આવે તો તે અધુરૂં છે એટલે કે એમાં સફળતા મળી શકતી નથી અને સફળતા મળી જાય તો પણ સવાબથી મેહરૂમ રહેવું પડે છે. કારણ કે બિસ્મિલ્લાહ શરીફનો ઘણો સવાબ અને ફઝીલત છે તે ફઝીલત પ્રાપ્ત થઈ શકતી નથી. કામ પૂરું થવું દુનિયાની સફળતા છે અને સવાબ મળવો આખિરતની સફળતા છે.

## ★ બિસ્મિલ્લાહ શરીફ અને ગુનાહથી રક્ષણ ★

અલ્લાહ તઆલાની હમેશાં યાદ માણસને ગુનાહથી બચાવે છે અને હમેશાં યાદ ન રાખે તો માત્ર કોઈ કામનો ઈરાદો કરે તો બિસ્મિલ્લાહ શરીફને યાદ રાખે અને પઢી લે. એનો એક ફાયદો તો એ છે કે, નાજાઈઝ અને ગુનાહના કામ પર અલ્લાહનું નામ નથી





લઈ શકતા, તો તે ગુનાહનાં કામને છોડી શકે છે કે, અલ્લાહ ત્આલા મને દેખી રહ્યો છે અને મારે હિસાબ આપવો પડશે. સાબિત થયું બિસ્મિલ્લાહ શરીફ ગુનાહોથી રક્ષણ છે.

## ★ બિસ્મિલ્લાહ અને શાને રહમત ★

બિસ્મિલ્લાહ શરીફમાં પ્રથમ ઈસ્મે જલાલત અલ્લાહ છે અને એ નામથી જલાલ ટપકે છે. પરંતુ ત્યાર બાદ રહમાન અને રહીમનો ઝિક્ર સંતોષ આપે છે કે, અલ્લાહ ત્આલાના જલાલ સાથે રહમાનો રહીમનો જમાલ પણ છે. એટલે અલ્લાહ ત્આલાની રહમતથી નાઉમ્મીદ થવું નાજાઈઝ અને હરામ છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :– لَا يَيْئَسُ مِنْ رَّوْحِ اللّٰهِ اِلَّا الْقَوْمُ الْخٰسِرُوْنَ
નુકશાનવાળી કોમ જ અલ્લાહની રહમતથી નાઉમ્મીદ થાય છે.

## ★ દરેક સૂરતનો આરંભ બસ્મલાથી ★

કુર્આન શરીફની દરેક સૂરતના શરૂમાં બિસ્મિલ્લાહ શરીફ છે અને તેની તિલાવતનો આરંભ અલ્લાહ ત્આલાના રહમાનો રહીમથી થાય છે. એનો મતલબ એ પણ છે કે, વઈદો અને ગુનાહો પર સજાઓનો ઉલ્લેખ બરહક છે પરંતુ દરેક સજા મુજરિમ માટે વાજિબ નથી. અલ્લાહ ત્આલાના ઈરાદા પર આધારિત છે. જો અલ્લાહ ત્આલા ઈચ્છે તો પોતાની કૃપાથી માફ પણ કરી શકે છે અને અઝાબવાળાને અઝાબથી મુકિત પણ આપી શકે છે. એટલા માટે કે તે રહમાન અને રહીમ પણ છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

يٰعِبَادِيَ الَّذِيْنَ اَسْرَفُوْا عَلٰى اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ اِنَّ اللّٰهَ يَغْفِرُ الذُّنُوْبَ جَمِيْعًا ـ

અય મારા બંદાઓ ! જેમણે પોતાની જાનો પર (ગુનાહોથી) ત્રાસ કર્યો, અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થઈ જાવ. બેશક ! અલ્લાહ ત્આલા સઘળા ગુનાહો માફ ફર્માવી દેશે. આ આયત રહમતની ઉમ્મીદ સાથે એ પણ સાબિત કરે છે કે ગુનાહો

પણ સજાનો ઝિક્ર એટલા માટે નથી કે તે સજાઓ મુજરિમો માટે વાજિબ થઈ ગઈ છે. બલ્કે અલ્લાહ ત્આલાના ઈરાદા પર છે. તે ચાહશે તો માફ પણ કરી આપશે. એટલે દરેક સૂરતનો આરંભ બિસ્મિલ્લાહ શરીફથી કરવામાં આવ્યો છે.

## ★ સૂરએ તૌબાનો આરંભ વિના બસ્મલાએ ★

જ્યારે એ વાતનો ઉલ્લેખ થઈ ગયો કે અલ્લાહ ત્આલાની રહમત અપાર વિશાળ છે. તેમાં કોઈ જ અંત અને સીમારેખા નથી. તો પછી જ્યાં કાફિરો અને ગેરમુસ્લિમો સાથે જેમાં સ્પષ્ટ કેતાલ અને જંગનો આદેશ આપવામાં આવ્યો અને એક વખત નહીં વારંવાર. તો તે સૂરતમાં અલ્લાહ ત્આલાનો જલાલ જોવા મળે છે એટલે બિસ્મિલ્લાહ શરીફથી તેનો આરંભ નથી. કારણ કે બિસ્મિલ્લાહ શરીફમાં જલાલ અને જમાલ બંને છે.

## ★ ઝબહમાં જમાલનો ઝિક્ર નથી ★

જ્યારે આપણે કોઈ જાનવર હલાલ કરીએ છે તો તેમાં આપણને ઈસ્લામ તરફથી આ દુઆ શિખવાડવામાં આવી છે :–

بِسْمِ اللّٰہِ اَللّٰہُ اَکْبَرُ

અલ્લાહના નામથી ઝબ્હ કરું છું, અલ્લાહ સૌથી મોટો છે.

આ દુઆમાં રહમાનો રહીમ પઢવામાં નથી આવતું. એટલા માટે કે જાનવરને ઝબ્હ કરવું જાનવર માટે કષ્ટદાયક છે એટલે ત્યાં અલ્લાહના જલાલની શાન જોવા મળે છે, રહમતની નહીં. માટે રહમાનો રહીમનો ઝિક્ર તે દુઆમાં નથી.

## ★ તઅવ્વુઝમાં પણ શાને જલાલ છે ★

તઅવ્વુઝ કોને કહેવાય તેનો ઉલ્લેખ થઈ ગયો. તેમાં





અલ્લાહનું નામ છે પરંતુ અલ્લાહની સિફત રહમાન અને રહીમનો ઝિક્ર નથી. કારણ કે તઅવ્વુઝ શૈતાનની બરબાદી અને તેની હલાકતનો ઝિક્ર છે અને તેમાં ખુદાનો શાને જલાલ જોવા મળે છે. એટલે તેમાં રહમાન અને રહીમનો ઝિક્ર નથી.

## ★ હઝરત નૂહ અને નજાત ★

તફસીરે અઝીઝીમાં છે, જ્યારે તુફાને નૂહ આવ્યું અને આખી દુનિયાને પોતાના પંજામાં લઈ લીધું તો હઝરત નૂહ علیہ الصلوٰۃ والسلام પોતાની નાવડીમાં સવાર થયા, પરંતુ ડૂબવાનો આપણને ડર લાગતો હતો. આપે ડૂબવાથી બચવા અને અઝાબથી રક્ષણમાં રહેવા માટે પઢયું :–

بِسْمِ اللّٰہِ مَجْرٖىهَا وَمُرْسٰىهَا اِنَّ رَبِّیْ لَغَفُوْرٌ رَّحِیْمٌ

અલ્લાહના નામ પર એનું ચાલવું અને એનું થોભવું. બેશક ! મારો રબ જરૂર માફ કરનાર મહેરબાન છે.

આ બરકતવાળા શબ્દોથી આપ અઝાબે ઈલાહીથી રક્ષણમાં રહ્યા. ફર્માવે છે, જ્યારે અડધી બિસ્મિલ્લાહ શરીફની બરકતથી ગંભીર અઝાબથી રક્ષણમાં રહ્યા તો પછી જે વ્યકિત જીવન પર્યંત પોતાનું કામ બિસ્મિલ્લાહ શરીફથી શરૂ કરે તેને નજાત કેમ ન મળે ? અને એટલા માટે આપણા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપણને દરેક કામ બિસ્મિલ્લાહ શરીફથી શરૂ કરવાની તાલીમ આપી.

## ★ ચોવીસો કલાક ઈબાદતમાં ★

અલ્લાહ તઆલાએ આપણને રાત અને દિવસની પાંચ નમાઝો અતા ફરમાવી છે. એટલે ચોવીસ કલાકમાં પાંચ કલાક નમાઝમાં ખર્ચ થઈ જાય છે જે ઈબાદતમાં શામિલ થાય છે. ૧૯ કલાક બાકી રહે છે તેમાં ૧૯ શબ્દો છે. જો માણસ પોતાનું દરેક કામ બિસ્મિલ્લાહ શરીફથી કરે તો તેનું દરેક કામ ઈબાદત બની જાય

છે. એટલે નમાઝના પાંચ કલાક પછીના ૧૯ કલાક પણ ઈબાદતમાં સામેલ થઈ જાય છે. આમ માણસના ચોવીસો કલાક ઈબાદતમાં સામેલ થઈ જાય છે.

## ★ દરજાતની બુલંદી ગુનાહોથી પાકી ★

નુઝહતુલ મજાલિસમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે બિસ્મિલ્લાહ શરીફ પઢશે તેના માટે દરેક શબ્દના બદલે ચાર હજાર નેકીઓ લખવામાં આવશે, ચાર હજાર ગુનાહો માફ થશે અને ચાર હજાર દરજ્જા બુલંદ કરવામાં આવશે.

બિસ્મિલ્લાહ શરીફમાં ૧૯ શબ્દ છે. જેનો ઉલ્લેખ થઈ ગયો. જ્યારે દરેક શબ્દ પર ચાર હજાર નેકીઓ તો ૧૯×૪ કરવામાં આવે તો ૭૬ થાય છે. એક વખત બિસ્મિલ્લાહ શરીફ પઢવાથી ૭૬ હજાર નેકીઓ મળે છે, એટલા જ ગુનાહ માફ થાય છે અને એટલા જ દરજ્જા બુલંદ કરવામાં આવે છે. જો આપણે આપણી જિંદગીના દરેક કામ પર બિસ્મિલ્લાહ શરીફની આદત બનાવી લઈએ તો આપણને ચોવીસ કલાકમાં અસંખ્ય નેકીઓ ખુદાની બારગાહમાં મળી શકે છે. આપણા અસંખ્ય ગુનાહો માફ થઈ શકે છે અને અસંખ્ય દરજ્જા ખુદાની બારગાહમાં આપણને બુલંદી આપવામાં આવે છે. તે સિવાયના બીજા ફાયદાઓનો ઉલ્લેખ થઈ ગયો છે.

## ★ અઝાબથી બચી ગયો ★

દુર્રે મુખ્તારમાં છે, એક માણસે મરતાં પહેલાં વસિય્યત કરી કે અવસાન પછી મારી છાતી અને કપાળ પર બિસ્મિલ્લા શરીફ લખી દેવામાં આવે. મરણ બાદ તેની વસિય્યત પર અમલ કરવામાં આવ્યો. કોઈ વ્યકિતએ તેને સ્વપ્નમાં જોયો અને તેની હાલત માલૂમ કરી. તેણે કહ્યું કે જ્યારે મને કબ્રમાં રાખવામાં આવ્યો તો અઝાબના ફરિશ્તાઓ આવ્યા, જ્યારે તેમણે કપાળ પર બિસ્મિલ્લાહ શરીફ





લખેલી જોઈ તો કહ્યું કે તુ અઝાબથી બચી ગયો !

## ★ બિસ્મિલ્લાહ શરીફ લખવાનો તરીકો ★

કોઈ મુસલમાન મરદ અથવા ઓરતનું અવસાન થઈ જાય તો આ વાત ભૂલવામાં ન આવે. તેમની પેશાની પર બિસ્મિલ્લાહ શરીફ લખી દેવામાં આવે. જો કે આ લખવું જરૂરી નથી, પણ લખવાથી મુરદાને ફાયદો થઈ શકે છે. તો એક મુસલમાન માટે ભલાઈની નિય્યતે આ કામ કરવું જ જોઈએ. હઝરત અલ્લામા શામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, એવું પણ થઈ શકે છે કે કપાળ પર બિસ્મિલ્લાહ શરીફ લખવામાં આવે અને છાતી પર પ્રથમ કલમો. મુરદાને ગુસલ દીધા બાદ કફન પહેરાવતાં પહેલાં કલમાની આંગળીથી લખવામાં આવે, ઈન્ક કે બીજી કશી વસ્તુથી લખવું નહીં.

## ★ મગફેરતની ખુશખબર ★

દૈલમીમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما થી રિવાયત છે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે ઉસ્તાદ બાળકને કહે છે ''બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ'' પઢો, તો આપ ફર્માવે છે કે ઉસ્તાદ બાળક અને તેના માતા પિતા માટે મગફેરત અને નજાત લખી આપવામાં આવે છે.

આ હદીષથી બાળકોને મસ્જિદ અને મદ્રસે મોકલવાનો સવાબ પણ જાણવા મળે છે અને એ પણ જાણવા મળે છે કે કોઈને તાલીમ આપવાથી ઉસ્તાદની પણ નજાત થઈ જાય છે અને શીખનારના માતા પિતાની પણ નજાત થઈ જાય છે. એટલે પોતાના બાળકોને જરૂરથી દીનની તાલીમ આપવી જોઈએ, દીનની તાલીમમાં ગમે તેટલો ખર્ચ થાય કરવો જોઈએ.

## ★ બાળકોને બદ અકીદાથી બચાવો ★

દીનની તાલીમ બાળકોને અપાવવી ઘણા જ સવાબનું કામ

છે. પરંતુ તાલીમ આપવામાં એ વાતનો ખાસ ખ્યાલ રાખવામાં આવે કે તેમનો ઉસ્તાદ બદઅકીદા ન હોય. કારણ કે બદ અકીદાથી બદઅકીદગી અને ખોટી માન્યતા બાળકોમાં આવે છે અને બદ અકીદા ગમે તેવી રીતે બાળકોને પોતાની માન્યતા પ્રમાણેની તાલીમ આપશે. જો બાળક દીનની તાલીમના નામથી બદઅકીદા બને તો એ સવાબનું કામ નથી, ગુનાહનું કામ છે. અને કિયામતના દિવસે એનો જવાબ મા–બાપે આપવો પડશે. સરકારે મદીના સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ ફર્માવે છે,

اِنَّ هٰذَا الْعِلْمَ دِيْنٌ فَانْظُرُوْا عَمَّنْ تَاْخُذُوْنَ دِيْنَكُمْ ○

"બેશક ! આ ઈલ્મ દીન છે. તો ધ્યાનથી જુઓ કે તમે તમારો દીન (ધર્મ) કોની પાસેથી લઈ રહ્યા છો." એટલે કે તાલીમથી દીન અને ધર્મની વાતો જાણવા મળે છે અને પછી તેની ઉપર અમલ કરવામાં આવે છે. જો દીન શીખવાડનાર ખોટો અને બદઅકીદા હોય તો તમને પોતાની માન્યતા પ્રમાણે દીન શીખવશે. પોતે તો બરબાદ છે પરંતુ તમને પણ બરબાદ કરશે. સવાબ અને ફાયદો તો બાજુ પર રહી જશે અને દોઝખી બનવું પડશે. એટલે આ વાત પર લક્ષ આપવામાં આવે.

## ★ સારી તાલીમ ખુશ અકીદાની છે ★

કેવળ કુર્આન શરીફની તિલાવત અને નિય્યતો આવડી જવી સારી તાલીમ નથી ! પણ સત્ય અકીદો જાણવો અને બુરા અકીદા અને ખોટી માન્યતાથી બચવું સારી તાલીમ છે. એટલે સારા અકીદાના ઉસ્તાદ પાસે તાલીમ અપાવો, તાલીમ પણ મળશે, ઈમાન અને અકીદાની હિફાઝત અને રક્ષણ પણ થશે.

## ★ મુસલમાનોની નિષ્કાળજી ★

આજે એ જોવા મળે છે કે મોટા શહેરોમાં વસનાર





મુસલમાનો દુનિયાની તાલીમ આપવા માટે પોતાના બાળકોને રીક્ષા બંધાવીને દૂર દૂરની સ્કૂલોમાં મોકલે છે, માત્ર એટલે જ કે તેમને સારી તાલીમ મળે. પણ દીન અને ધર્મની વાત આવે તો ગમે તે મદ્રસામાં મોકલી આપે છે. બલ્કે ઘરના નિકટ બદઅકીદાનો મદ્રસો હોય તો તેમાં પણ મોકલે છે. માત્ર પોતાની સહુલત માટે અને એવું સમજે છે કે અમે અમારા બાળકને દીનની તાલીમ આપીએ છીએ ! ઘણા સવાબનું કામ કરીએ છીએ ! પરંતુ ખરેખર તો એ ગુનાહનું કામ છે, આખેરત બર્બાદ કરવાનુ કામ છે. એક મુસલમાન માટે દીનથી અગત્યનું કોઈ કામ નથી. આખિરતમાં નજાત અને છૂટકારો સત્ય દીન અને સત્ય માન્યતા પર છે. માણસ દીનના ઈલ્મ અને અમલથી ગમે તેટલી ખ્યાતિ પામેલી હોય પણ જો તેનો અકીદો ખોટો છે અને તે માન્યતાના આધારે કુફ્રમાં પહોંચે છે તો ઈલ્મ અને અમલનો કોઈ ફાયદો પ્રાપ્ત થઈ શકતો નથી.

## ★ સુંદર અક્ષરોમાં બિસ્મિલ્લાહ લખવાની ફઝીલત ★

દુર્રે મન્ષૂરમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે; નબીએ પાક صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, જે વ્યકિત અલ્લાહ ત્આલાની તાલીમ અને ઈજ્જત માટે સુંદર અક્ષરોમાં બિસ્મિલ્લાહ શરીફ લખશે તો અલ્લાહ ત્આલા તેની મગફેરત ફરમાવી દેશે (તેને માફ કરી આપશે). આ રિવાયતથી એ પણ જાણવા મળે છે કે અરબી કિતાબત શીખવી જોઈએ અને ખુદાનું કલામ સુંદર અક્ષરોમાં લખવું જોઈએ.

## ★ બિસ્મિલ્લાહની તિલાવત અને નજાત ★

કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم થી રિવાયત છે કે માણસે "બિસ્મિલ્લાહિર્રહ્‌નિર્રહીમ" ની તિલાવત ઘણા ઉમદા અને ઉત્તમ તરીકાથી કરી તો એની બખ્શિશ થઈ ગઈ.

ખુદાના કલામને ખુદાનું કલામ સમજીને ઘણી જ મહોબ્બત

અને પ્રેમથી પઢવું જોઈએ. કિરાઅતના કાયદા શીખવા જોઈએ અને તજવીદથી મખરજ અને અરબી ઉચ્ચારથી તિલાવત કરવી જોઈએ અને ઉચ્ચારને તેના માયનામાં સંપૂર્ણ દખલ છે. ઉચ્ચાર બદલાવાથી માયનો બદલાય જાય છે. કયારેક અર્થનો અનર્થ પણ થઈ જાય છે. એટલે **તિલાવતની ફઝીલત પ્રાપ્ત કરવા માટે ઉચ્ચારનું ઈલ્મ શીખો અને તજવીદનું નૉલેજ પ્રાપ્ત કરો.**

## ★ નેકીઓ લખાતી રહે છે ★

એક રિવાયત વુઝૂની ફઝીલતમાં બયાન થઈ ગઈ છે કે બિસ્મિલ્લાહ શરીફ પઢીને વુઝૂ કરવામાં આવે તો સઘળુ બદન પાક થઈ જાય છે. બીજી ફઝીલતનો ઉલ્લેખ તિબ્રાની શરીફમાં થયો છે. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમે વુઝૂ કરો તો "બિસ્મિલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહ" પઢી લો તો જ્યાં સુધી તમારું વુઝૂ રહેશે ત્યાં સુધી તમારા ફરિશ્તા તમારા માટે માટે નેકીઓ લખતા રહેશે.

## ★ દુબળો શૈતાન ★

મવાહિબુલ લદુન્નિયામાં છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે, એક વખતે એક મુસલમાન અને કાફિરના શૈતાનની મુલાકાત થઈ. કાફિરનો શૈતાન ઘણો જાડો અને મોટો. શરીર પર કપડાં, માથામાં તેલ લગાવેલ હતો, જ્યારે મુસલમાનનો શૈતાન દુબળો, પાતળો વાળ વિખેરાએલા, બદન નગ્ન. કાફિરના શૈતાને મુસલમાનના શૈતાનને પૂછયું, ભાઈ તારી આવી હાલત કેમ છે ? તેણે કહ્યું કે હું એવા માણસ સાથે છું જે ખાવા ખાતી વખતે બિસ્મિલ્લાહ પઢે છે એટલે મારે ભૂખ્યા રહેવું પડે છે અને જ્યારે પાણી કે અન્ય કાંઈ પીએ છે તો બિસ્મિલ્લાહ પઢે છે એટલે મારે તરસ્યું રહેવું પડે છે. કાફિરના શૈતાને કહ્યું કે હું એવા વ્યકિત સાથે છું જે કોઈ પણ કામમાં બિસ્મિલ્લાહ પઢતો નથી. એટલા માટે ખાવા પીવા અને





અન્ય કામોમાં હું તેની સાથે શામિલ થઈ જાવું છું.

બિસ્મિલ્લાહ શરીફ પઢવાના સવાબો અને ફઝીલતો તેની જગાએ પણ જો આપણે આપણા કામોમાં બિસ્મિલ્લાહ શરીફ પઢીએ તો શૈતાન આપણા કામમાં ભાગ લઈ શકતો નથી અને આપણને બરકત પ્રાપ્ત થાય છે. એટલે ખાવા પીવા અને દરેક કામમાં સવાબ મળશે. દરેક કામ ઈબાદતમાં ગણાશે અને શૈતાનની શિર્કતથી રક્ષણ થશે.

## ★ એક ગુનેહગારની બખ્શિશ ★

નુઝહતુલ મજાલિસમાં છે એક દારૂડીયો દારૂના નશામાં મસ્ત થઈને જઈ રહ્યો હતો. માર્ગમાં કૂવો આવ્યો. તેને ઠોકર વાગી અને કૂવામાં પડી મરી ગયો. ત્યાર બાદ તેને કોઈએ સ્વપ્નમાં જોયો તો તેને પૂછયું અલ્લાહ ત્આલાએ તારી સાથે કેવો સુલૂક કર્યો ? તેણે કહ્યું, મને તો અલ્લાહ ત્આલાએ બખ્શી આપ્યો. પેલા માણસને આશ્ચર્ય થયું ! તેણે પેલાને પૂછયું, શું તુ શરાબી ન હતો ? તેણે જવાબ આપતાં કહ્યું; જરૂર હું શરાબી હતો અને મારી મોત પણ નશામાં થઈ હતી. પણ વાત એ છે કે હું નશામાં ડોલતો જઈ રહ્યો હતો તો મારી નજર કાગળના એક ટુકડા પર પડી જેની ઉપર "બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ" લખેલું હતું. મેં તે કાગળ ઉઠાવ્યો અને ગળી ગયો. ત્યાર બાદ મને ઠોકર વાગી અને હું કૂવામાં પડી ગયો. મરી ગયા બાદ મને દફન કરી દેવામાં આવ્યો. મારી પાસે મુન્કર નકીર આવ્યા. મને સવાલો પૂછવાનું શરૂ કર્યું. મેં તેઓને વિનંતી કરી કે તમે મને સવાલ કરો છો ? મારા રબનું પાક નામ તો મારા પેટમાં છે ! એટલામાં ગયબથી અવાજ આવ્યો, મારા બંદાએ સાચું કહ્યું છે ! એને છોડી દો, મેં એને બખ્શી આપ્યો. આમ એક શરાબીને ખુદાના નામની તાઝીમ અને ઈજ્જત કરવાથી માફ કરી દેવામાં આવ્યો.

## ★ દુશ્મન કાબૂમાં થયો ★

નુઝહતુલ મજાલિસમાં છે : હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام એક

વ્યકિત પાસેથી પસાર થયા જે ખતરનાક સાપનો શિકાર કરવા શ્રમ કરી રહ્યો હતો. તે સાપે હઝરત ઈસા عليه السلام ને વિનંતી કરી, અય અલ્લાહના નબી ! એને કહી આપો મારી અંદર કાતિલ ઝેર છે. આપે તેને મનાઈ કરી પણ તે ન માન્યો. જ્યારે આપ તે જગાએ પરત આવ્યા, આપે તે માણસને પૂછયું, શું તેં સાંપ પકડી લીધો ! સાંભળતાની સાથે શરમથી સાપે પોતાનું મોઢું પૂછડી નીચે દબાવી દીધું અને કહ્યું, અય અલ્લાહના નબી ! એ પોતાની શકિતથી મને કાબૂમાં નથી કરી શકયો બલ્કે ''બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ''ની બરકતથી કાબૂમાં કરી શકયો છે. બિસ્મિલ્લાહ શરીફની બરકતથી મારું ઝેર ખત્મ થઈ ગયું.

## ★ શૈતાન દરવાજો ખોલશે નહીં ★

સહીહ બુખારી અને મુસ્લિમમાં હઝરત જાબિર رضي الله عنه થી રિવાયત છે : નબીએ પાક صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, જ્યારે રાતનું પ્રથમ અંધારૂ શરૂ થાય, અથવા ફર્માવ્યું કે જ્યારે સાંજ થાય ત્યારે બાળકોને ભેગાં કરી લો. કારણ કે તે વખતે શૈતાનો ફેલાય છે. પછી જ્યારે રાતની એક ઘડી ચાલી જાય ત્યારે તેમને છોડી દો અને બિસ્મિલ્લાહ કહીને દરવાજા બંધ કરી લો. જ્યારે આ પ્રમાણે દરવાજો બંધ કરવામાં આવે શૈતાન ખોલશે નહીં. બિસ્મિલ્લાહ કહીને મશકોનું મોઢિયું બાંધી લો અને બિસ્મિલ્લાહ પઢીને વાંસણો ઢાંકી દો. ઢાંકો નહીં તો કોઈ વસ્તુ આડી કરી દો અને દિવા ઓલવી નાખો.

આ રિવાયતથી જાણવા મળ્યું કે બિસ્મિલ્લાહ પઢીને દરવાજા બંધ કરવામાં આવે તો શૈતાન તે દરવાજા ખોલી શકશે નહીં અને તેમાં પ્રવેશી પણ શકશે નહીં અને શૈતાન બીજા મારફતે પણ એ કામ કરી શકશે નહીં. એટલે કે ચોરોથી પણ ઘરોની હિફાઝત થશે.

મારા પ્યારા આકા صلى الله تعالى عليه وسلم ની પ્યારી દીવાનીઓ, કુર્આન શરીફની તિલાવતથી પ્રથમ તઅવ્વુઝ અને તસ્મીયા પઢવાનો આદેશ આપવામાં આવ્યો. તેનો કેટલો ફાયદો છે તે તમે જાણ્યું તો





તમારી તિલાવતનો આરંભ તઅવ્વુઝ અને તસ્મિયાથી કરો અને નેકીઓનો ઢગલો કરો.

તઅવ્વુઝ અને તસ્મિયાની ફઝીલતો અને રહસ્યોનો ઉલ્લેખ થયો તો હું એ પસંદ કરું છું કે અલ્લાહ ત્આલાની રહમત અને કૃપાને લગતી રિવાયતો આપને સંભળાવું અને આવતા વીકમાં કુર્આન શરીફની તિલાવતની ફઝીલતોના પ્રકરણ પર બયાન કરીશ, ઈન્શા અલ્લાહુ ત્આલા.

## ★ ગઝબ પર રહમત ગાલિબ ★

બુખારી અને મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે : નબીએ પાક صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, જ્યારે અલ્લાહ ત્આલાએ મખ્લૂક પેદા કરવાનો ઈરાદો ફર્માવ્યો, તો એક કિતાબ લખી તે અલ્લાહ ત્આલા પાસે અર્શ પર છે :–

إِنَّ رَحْمَتِي سَبَقَتْ غَضَبِي

બેશક ! મારી રહમત મારા ગઝબથી આગળ વધી ગઈ.

**સબકત રહમતી અલા ગઝબી જબસે તુને સુના દિયા યા રબ**
**આસરા હમ ગુનેહગારોંકા ઔર ભી મઝબૂત હો ગયા યા રબ**

દુનિયામાં ખુદા ત્આલાના ગઝબની નિશાનીઓ ઓછી જોવા મળે છે, જ્યારે ખુદા ત્આલાની નેઅમતો અને તેના તરફથી આપવામાં આવતાં ઈનામો અને ભેટો અસંખ્ય છે. અલ્લાહ તબારક વત્આલા કુર્આને મજીદ ફુર્કાને હમીદમાં ઈર્શાદ ફરમાવે છે :–

وَإِن تَعُدُّوا نِعْمَةَ اللَّهِ لَا تُحْصُوهَا

આ આયત સાબિત કરી રહી છે કે અલ્લાહ ત્આલાની નેઅમતો અસંખ્ય છે અને તે માણસની ગણતરીમાં નથી આવી શકતી. તો જરૂરથી એ પણ સાબિત થયું કે ગઝબ અને અઝાબની નિશાનીઓ ઘણી જ ઓછી છે જેને આંગળીઓ પણ ગણી શકાય છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :

إِنَّ عَذَابِيْ أُصِيْبُ بِهٖ مَنْ أَشَآءُ وَرَحْمَتِيْ وَسِعَتْ كُلَّ شَيْءٍ

બેશક ! મારો અઝાબ હું જેને ઈચ્છું છું પહોંચાડું છું અને મારી રહમત દરેક ચીઝને ઘેરી વળેલ છે. એટલે કે ખુદા ત્આલાની રહમત અને કૃપાનો ભાગ દુનિયાની મખ્લૂકમાંથી દરેકને મળે છે. દરેક મખ્લૂકનો વજૂદ ખુદા ત્આલાની રહમતની નિશાની છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

وَلَوْ يُؤَاخِذُ اللّٰهُ النَّاسَ بِظُلْمِهِمْ مَا تَرَكَ عَلَىٰ ظَهْرِهَا مِنْ دَآبَّةٍ

જો અલ્લાહ લોકોને તેમના ત્રાસ પર પકડે તો જમીનની ઉપર કોઈ જીવંત ન છોડે.

પરંતુ અલ્લાહ તબારક વ ત્આલા લોકોની ભૂલ માફ કરે છે, ગુનાહો બખ્શે છે અને નાફરમાની કરવા છતાં પોતાની રહમતની વર્ષા કરતો રહે છે. દુનિયા ચાલી રહી છે ખુદાની રહમતથી. જો તેની રહમત ન હોય તો એક સેકન્ડ માટે દુનિયાનું બાકી રહેવું મુશ્કેલ છે. ખુદા ત્આલાની આ રહમત અને કૃપા તો દુનિયામાં છે. આખિરતમાં ખુદાની રહમતો દુનિયાથી અસંખ્ય ગણી વધારે રહેશે. કારણ કે દુનિયામાં તો આપણને કામ અને કોશિશ પણ કરવી પડે છે, જ્યારે આખિરતમાં દિલમાં ઈરાદો થશે અને નેઅમત પ્રાપ્ત થઈ જશે.

## ★ રહમતની વિશાળતા આખિરતમાં ★

બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલે કરીમ રઉફો રહીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહ ત્આલા પાસે ૧૦૦ રહેમતો છે. તેઓ પૈકી એક જિન, માનવ, પ્રાણી અને ઝેરીલા જાનવરોમાં ઉતારી તેને લઈને તેઓ એક બીજાથી સંબંધ રાખે છે અને કૃપા કરે છે અને તે જ રહમતને લઈને જંગલી પ્રાણીઓ પોતાનાં બચ્ચાંઓથી પ્યાર કરે છે. નવ્વાણુ રહમતો અલ્લાહ ત્આલાએ રહેવા દીધી છે. જેના થકી કિયામતના દિવસે પોતાના બંદાઓ પર રહમ કરશે.





## ★ મહેશરમાં રહમતની વધારે જરૂરત છે ★

આજે આ વિશ્વમાં આપણને હિસાબ માટે નહીં અમલ માટે મોકલવામાં આવ્યા છે. એટલે અમલોનો હિસાબ આ જગતમાં લેવામાં નથી આવતો બલ્કે કિયામતની બીજી સૂર ફૂંકાયા બાદ લોકોને એક વિશાળ મેદાનમાં ભેગા કરવામાં આવશે અને ત્યાં તેઓને તેમના અમલનામાં આપવામાં આવશે. જો કોઈ વ્યકિત પોતાના ગુનાહનો ઈન્કાર કરશે તો તેના હાથ, પગ, અને જમીનનો તે ભાગ જયાં ગુનાહ કર્યા હશે ગવાહી આપશે. આવા સમયે જો અલ્લાહ ત્આલા કરમ ન ફર્માવે તો એક ગુનાહને લઈને પણ દોઝખમાં જવું પડે. પરંતુ અલ્લાહ ત્આલાની અતિ વિશાળ કૃપા અને મહેરબાની જુઓ કે, દુનિયા દારૂલ અમલ છે, તો તેમાં હિસાબ નથી, માત્ર એક રહમત આપવામાં આવી અને આખિરત દારૂલ જઝા છે તો ત્યાં પોતાના બંદાઓના ગુનાહ માફ કરવા નવ્વાણુ રહમતો રાખી. સાબિત થયું અલ્લાહ તબારક વ ત્આલા પોતાના બંદાઓ પર ત્રાસ તો કરી શકતો જ નથી પરંતુ બંદો પોતાના ગુનાહોથી નારાઝગીના કામો કરે છે તો પણ અલ્લાહ ત્આલાએ તૌબાનો દરવાજો ખુલ્લો રાખીને ઉમ્મીદ અપાવી કે તૌબા કરી લો, હું તમને માફ કરી આપીશ ! અને ફર્માવે છે :–

مَا يَفْعَلُ اللّٰهُ بِعَذَابِكُمْ إِنْ شَكَرْتُمْ وَآمَنْتُمْ وَكَانَ اللّٰهُ شَاكِرًا عَلِيْمًا.

અલ્લાહ તમને અઝાબ આપીને શું કરશે ! જો તમે સત્ય માનો અને ઈમાન લાવો, અને અલ્લાહ બદલો દેનાર જાણનાર છે.

## ★ અમલથી અધિક નેકીઓ ★

ઉપરોકત આયતથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે અલ્લાહ તબારક વ ત્આલા પોતાના બંદાઓ પર અઝાબ કરવા નથી ચાહતો અને એટલા માટે તો અલ્લાહ ત્આલાએ આપણી નજાત માટે અન્ય બહાનાંઓ બનાવ્યાં છે. એક શાયર લખે છે :–

**રહમતે હક બહા નમી જોયદ**
**રહમતે હક બહાના મી જોયદ**

એટલે કે અલ્લાહ ત્આલાની રહમત બંદાથી બદલો નથી માંગતી કે જેટલો અમલ હોય એટલો સવાબ મળે બલ્કે અલ્લાહ ત્આલાની રહમત બહાનુ શોધે છે કે કોઈ પણ બહાને મારા બંદાને માફ કરૂં અને મારી બનાવેલી જન્નત અતા કરૂં.

જો અલ્લાહ ત્આલા આપણને બખ્શવા ન ચાહતો તો તેણે આ ફૈસલો કેમ ફર્માવ્યો :–

مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا وَمَنْ جَآءَ بِالسَّيِّئَةِ فَلَا يُجْزٰٓى اِلَّا مِثْلَهَا وَهُمْ لَا يُظْلَمُوْنَ .

જે લાવ્યો એક ભલાઈ તેના માટે દસ છે તેના જેવી અને જે લાવ્યો એક બુરાઈ તેને તેના જેવો જ બદલો મળશે અને તેઓ પર ત્રાસ કરવામાં નહીં આવે.

કુર્આન શરીફની ઉપરોકત આયતમાં અલ્લાહ તઆલાની રહમતનો ઉલ્લેખ થયો છે કે જો અલ્લાહ ત્આલા પોતાના બંદાઓને બખ્શવા ન ચાહતો અને તેની રહમત તેના ગઝબથી આગળ ન હોતી તો નેક કામનો બદલો અને બુરા કામનો બદલો એક જેવો હોતો. એટલે કે એક કામ પર એક સવાબ અને એક બુરા કામ પર એક ગુનોહ. પરંતુ અહિં રહમતનો જલ્વો જોવા મળે છે કે નેકીના એક કામ પર દસ ગણો બદલો અને ગુનાહના એક કામ પર માત્ર એક ગુનોહ ! શું આ બખ્શવાનું બહાનું નથી ?!

## ★ એક કામ સાતસો નેકીઓ ★

અમુક વખત નિય્યતો પ્રમાણે સવાબ ઓછો વધતો થાય છે પણ ઓછામાં ઓછો બદલો દસ ગણો છે, વધારે સાતસો ગણો છે અને સૌથી વધારેની હદ અને સીમા નથી. ઈચ્છે તો માત્ર એક કામથી નજાત અતા કરે.

અલ્લાહ તઆલા બંદાને તેના નેક કામ પર સાતસો ગણો





બદલો આપવાની બશારત આપતાં ઈર્શાદ ફર્માવે છે :–

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِيْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ .

તેઓનું દ્રષ્ટાંત જેઓ પોતાના માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે તે દાણાની જેમ છે જેણે સાત કુંડીઓ ઉગાડી, દરેક કુંડીમાં સો દાણા અને અલ્લાહ જેના માટે ઈચ્છે આનાથી પણ અધિક વધારે અને અલ્લાહ ઉદારતાવાળો ઈલ્મવાળો છે.

ઉપરોકત આયતમાં એક અમલનો બદલો સાતસો ગણો છે, દાખલો આપીને સમજાવવામાં આવ્યું છે કે, કોઈ માણસ એક દાણો વાવે અને છોડ પેદા થયા તો તેની ઉપર સાત કંટીઓ એક સાથે આવે અને એક કંટી કેટલી લાંબી કે, તેમાં સો દાણા તો સાત કંટીઓના સાતસો દાણા. સારાંશ એ કે કોઈ માણસ નેકીનું એક કામ કરે તો તેને સાતસો ગણો બદલો પણ આપવામાં આવે છે અને એ પણ અંતિમ હદ નથી. બલ્કે وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ અલ્લાહ ત્આલા જેના માટે ઈચ્છે અનેક ગણું આપે. એટલે કે અલ્લાહ ત્આલા કોઈના એક કામથી ખુશ થઈ જાય તો સઘળા ગુનાહો માફ કરીને માત્ર એક કામથી જન્નત અતા ફરમાવે અને એવું ન વિચારશો કે એક કામ પર આટલો મોટો બદલો કેમ કરી આપશે ? આ કોઈ દુનિયાના સખીની વાત નથી કે જેની સખાવત એક હદમાં હોય અને તેની માલિકીમાં માલ દોલત પણ એક હદમાં હોય, બલ્કે આ તો ખુદા ત્આલાની સખાવત છે જેની માલિકીમાં સમગ્ર જગત છે, દુનિયા તથા આખિરત છે અને જે પોતાના એક હુકમથી અસંખ્ય આલમો પેદા કરી શકે છે પછી તેની સખાવતને હદમાં નથી લાવી શકતા, وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ.

## ★ નેકીનો ઈરાદો પણ બેકાર નથી ★

જે એ વાત સાબિત થઈ ગઈ કે અલ્લાહ તબારક વત્આલા

પોતાના બંદાઓને બખ્શવા માટે બહાનુ શોધે છે. તો તે બહાનાંઓ પૈકી એક એ પણ છે કે બંદો નેક કામનો ઈરાદો કરે અને સંજોગો વસાત કરી ન શકે તો તેને પણ તેના નેક ઈરાદાનો બદલો આપવામાં આવે. બુખારી અને મુસ્લિમ શરીફમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તઆલાએ નેકીઓ અને બુરાઈઓ લખી. જે કોઈ વ્યકિત નેક અમલનો ઈરાદો કરે, અને કરી ન શકે, અલ્લાહ ત્આલા પોતાના પાસે એક નેકી લખે છે સંપૂર્ણ. જો નેકીનો ઈરાદો કરી, કરી પણ લે, તો તેના માટે પોતાના પાસે દસથી સાતસો ગણી બલ્કે અનેક ગણી નેકીઓ લખે છે ! અને જે કોઈ વ્યકિત ગુનાહનો ઈરાદો કરે છે અને ન કરે તો તેના માટે પોતાના પાસે એક સંપૂર્ણ નેકી લખે છે અને ઈરાદો કરી, કરી લે તો તેના માટે માત્ર એક ગુનોહ લખે છે.

## ★ રહમત અને ન્યાય ★

બુરા અમલ પર અમલથી વધારે ગુનાહ લખવામાં આવે તો આમ કહી શકાય છે કે બદલો મળવામાં ન્યાય નથી, પણ અલ્લાહ ત્આલાની મહેરબાની જુઓ કે ગુનાહના કામ પર એક ગુનોહ લખવામાં આવે છે ! પરંતુ નેકીના કામ પર અસંખ્ય ગણો બદલો આપવામાં આવે છે, બલ્કે ઈરાદો પણ બેકાર થતો નથી. બંદાના ફાયદામાં ન્યાયનો ખ્યાલ કરવામાં આવે તો બંદાને ઘણી તકલીફોનો સામનો કરવો પડતો. કારણ કે શૈતાન આપણો દુશ્મન, આપણા શરીરમાં નફસ અને વાસનાઓ આપણી દુશ્મન, જેને લઈને ગુનાહનાં કામો વધારે થતાં હોય છે અને નેકીના કામો ઓછાં અને ઓછાં કામોમાં પણ નિય્યતનું ઠેકાણું નથી. પરંતુ અલ્લાહ ત્આલાએ આપણા નુકસાનમાં ન્યાયનો ઈરાદો ફર્માવ્યો અને તૌબાથી તેની પણ માફીની ખુશખબર સંભળાવી અને આપણા ફાયદામાં રહમતનો ઈરાદો ફર્માવ્યો કે પોતાની ઈચ્છાએ ગમે તેટલું આપે ને એટલું પણ આપે કે એક કામમાં જન્નત આપે. આ ફરક છે ન્યાય અને રહમતમાં.





ફાયદાના કામમાં વધુ બદલો રહમત છે અને નુકસાનમાં અમલથી વધારે બદલો ત્રાસ છે. તો અલ્લાહ ત્આલાએ ગુનાહ લખવામાં ન્યાયનો ફેંસલો કર્યો અને નેકીમાં રહમતનો જલ્વો બતાવ્યો.

## ★ કુફ્ર પર હમેશાંની દોઝખ કેમ ? ★

બીજા ગુનાહો માફક કુફ્ર અને શિર્ક પણ એક ગુનોહ છે. પણ તેની ઉપર હમેશાંની દોઝખનો ડર સંભળાવામાં આવ્યો છે અને તેઓને માફ નહીં કરવામાં આવે તેવી સત્ય ધમકી પણ આપવામાં આવી છે. તો અહિં એક સવાલ એ ઉપસ્થિત થાય છે કે કુફ્ર અને શિર્ક ગુનાહનું કામ છે અને ગુનાહમાં ન્યાયનો ફેંસલો કરવામાં આવ્યો છે. તો કોઈ માણસ જેટલું કુફ્ર કરે એટલો બદલો મળે. દુનિયામાં ૫૦ વર્ષ જીવે તો નાબાલિગીના ૧૩ વર્ષો અલગ કરવામાં આવે તો ૩૭ વર્ષો રહે છે જેથી વધુમાં વધુ તેને ૩૭ વરસ દોઝખમાં રાખવો જોઈએ અને એ ન્યાય છે. પણ તેને હમેશાં હંમેશ દોઝખમાં રાખવો એ સમજમાં નથી આવતું ?

આ સવાલનો જવાબ એ છે કે દારૂલ અમલમાં સમજાવી દેવામાં આવ્યું કે ફલાણા અમલ પર હમેશાં દોઝખમાં રહેવું પડશે. તો પ્રથમ કહેવું અને પછી તેની ઉપર અમલ કરવો ન્યાય છે. જો માણસને તે અમલની તે સજા યોગ્ય ન લાગતી હતી તો તેણે તે કામ શા માટે કર્યું ? એટલે તેણે પોતે પોતાની ઉપર ત્રાસ કર્યો છે.

وَمَنْ اَسَاءَ فَعَلَيْهَا وَمَا رَبُّكَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ

અને જેણે બુરાઈ કરી તો તેનો વબાલ તેની ઉપર છે અને તારો રબ બંદા માટે જાલિમ નથી .

બીજો જવાબ એ છે કે સૌથી મહાન ગુનાહ માટે સૌથી મહાન સજા એ ન્યાય છે. તો કુફ્ર ગુનાહોમાં સૌથી મહાન તેનાથી વધીને કોઈ ગુનોહ નથી અને સજાઓમાં સૌથી વધીને હમેશાંની સજા જેનાથી વધીને કોઈ સજા નથી. તો અલ્લાહ ત્આલા તરફથી સૌથી

મહાન ગુનાહ માટે સૌથી મહાન સજાનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે જે ન્યાય છે અને એમાં થોડો પણ ત્રાસ નથી.

## ★ ગુનાહ પર ધમકી પણ રહમત છે ★

કુર્આન અને હદીષમાં ગુનાહના કામો પર જે આખેરતની સજાનું વર્ણન થયું છે, દોઝખની ભયાનકતાનો ઉલ્લેખ થયો છે, વિવિધ પ્રકારના અઝાબોની ધમકીઓ આપવામાં આવી છે, જો અક્કલથી વિચારીએ તો તેમાં પણ અલ્લાહ ત્આલાની રહમતનો જલ્વો જોવા મળે છે. કારણ કે અલ્લાહ ત્આલા આપણને અઝાબ આપવા નથી ઈચ્છતો. તો ગુનાહનાં કામો પર જે સજાઓ અને અઝાબો નિયુકત કરવામાં આવ્યા છે તે પોતાના કલામમાં નાઝિલ કરી આપણને સંભળાવ્યાં. પોતાના હબીબને પોતાની બારગાહમાં બોલાવી જન્નત અને દોઝખ બતાવી કે, આપ જન્નતનો શોખ અપાવે અને દોઝખથી ધમકાવે. એટલે જ કે તેના બંદાઓ પોતાની ઉપર ગુનાહોથી ઝુલ્મ અને ત્રાસ ન કરે અને પોતાને અઝાબથી બચાવવા પ્રયત્ન કરે. જાણવા મળ્યું કે કુર્આન અને હદીષમાં સજાઓનું વર્ણન આપણને સજા આપવા માટે નથી બલ્કે સજાથી બચવા માટે છે. એનો એક દાખલો કુર્આનથી :–

يُعْرَفُ الْمُجْرِمُوْنَ بِسِيْمٰهُمْ فَيُؤْخَذُ بِالنَّوَاصِيْ وَالْاَقْدَامِ ۚ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ۔

અપરાધીઓ તેમની મુખાકૃતિઓથી ઓળખાઈ જશે તો પેશાની અને પગ પકડીને જહન્નમમાં નાખવામાં આવશે તો પોતાના રબની કઈ નેઅમતને જૂઠાડશો.

આખેરતમાં ગુનેહગાર સાથે કેવો વર્તાવ કરવામાં આવશે અને તેને કેવી રીતે દોઝખમાં લઈ જવામાં આવશે, તે એક સજા અને અઝાબનું વર્ણન છે. પરંતુ તે પછી નેઅમતની યાદ એ વાત સાબિત કરી રહી છે કે, કુર્આન અને હદીષમાં સજાઓ અને અઝાબોનું વર્ણન ખુદાની રહમત છે. એ નથી ઈચ્છતો કે તમને સજા આપે એટલે





અઝાબોનું વર્ણન કરીને આપને ગુનાહો અને નાફરમાનીઓથી રોકવા માંગે છે.

## ★ કાફિરને એક ખુશખબર ★

અલ્લાહ ત્આલા તરફથી કાફિરો માટે રહમતનો દરવાજો બંધ કરી દેવામાં નથી આવ્યો બલ્કે દરેક બંદા માટે ખુદાની રહમતનો દરવાજો આ દુનિયામાં ખુલ્લો છે. હા ! કાફિરો માટે આખિરતમાં રહમતનો દરવાજો બંધ કરી દેવામાં આવશે. ત્યાં માત્ર ઈમાનવાળાઓને રહમત આપવામાં આવશે. કાફિર ઈચ્છતો હોય કે આખિરતમાં ખુદાની રહમતથી તેને ભાગ મળે, તો તેણે આ દુનિયામાં પોતાના કુફ્રથી તૌબા કરી, સત્ય માન્યતાથી મુસલમાન બની જવું જોઈએ. દુનિયામાં કાફિરોને એક ખુશખબર આપવામાં આવી છે કે, તેમણે કુફ્ર અને શિર્કની હાલતમાં ગમે તેવા ગંભીર કામો કર્યા હોય પણ તેમણે નાઉમ્મીદ ન થવું જોઈએ. અલ્લાહ ત્આલાએ પોતાની રહમતનો દરવાજો તેમના માટે પણ ખુલ્લો રાખેલો છે. જો તેઓ ઈમાન લઈ આવે તો કુફ્ર અને શિર્કની હાલતના સઘળા ગુનાહ પછી તે ગમે તેવા ગંભીર કેમ ન હોય માફ કરી દેવામાં આવશે અને પછી તે બીજા મુસલમાનો માફક મુસલમાન છે. બીજા મુસલમાનો માફક તેને બદલો આપવામાં આવશે. આમ નથી કે તે કુફ્રથી ઈસ્લામમાં આવ્યો છે એટલે તેનું સ્થાન નીચું રહેશે.

બુખારી શરીફમાં હઝરત અબૂ સઅદ رضی اللہ عنہથી રિવાયત છે, રસૂલે પાક સાહિબે લૌલાક صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે કોઈ માણસ ઈસ્લામ કબૂલે અને તેનો ઈસ્લામ સારો હોય (અંદરથી પણ સત્ય અકીદા પર હોય) તો અલ્લાહ ત્આલા તેના કુફ્રના સઘળા ગુનાહો માફ કરી આપશે અને ત્યાર બાદ એને જે બદલો મળશે એક નેક કામ પર દસથી લઈને સાતસો ગણો બદલો અને તેનાથી પણ અસંખ્ય ગણો વધારે. એક ગુનાહ પર જેટલો બદલો બલ્કે અલ્લાહ ત્આલા તેનાથી પણ દરગુજર કરશે.

શું એક કાફિર માટે આનાથી મોટી અને મહાન બશારત થઈ શકે છે ? જાણવા મળ્યું કે રહમતનો દરવાજો દુનિયામાં દરેક બંદા માટે ખુલ્લો છે પણ તેણે પોતે પ્રવેશવાની કોશિશ કરવી જોઈએ.

## ★ માંથી વધારે ખુદા મહેરબાન છે ★

એક માં પોતાની ઔલાદ માટે ગમે તેટલી મહેરબાન હોય પણ તે મહેરબાની ખુદાની રહમતના મુકાબલામાં દરિયા સામે એક ટીપા જેટલી પણ નથી. કારણ કે ઉપરોકત એક હદીષનો ઉલ્લેખ થઈ ગયો કે, દુનિયામાં કોઈ પણ માણસ જિન અથવા પ્રાણી એક બીજાથી પ્યાર કરે છે તે માત્ર એટલા માટે છે કે અલ્લાહ ત્આલાએ પોતાની સો રહમતોમાંથી એક રહમતની તેઓમાં વર્ષા કરી છે. જ્યારે એક રહમતની આ હાલત છે તો સો રહમતોનો શું આલમ હશે ? સાબિત થયું કે અલ્લાહ ત્આલા સૌથી અધિક મહેરબાન છે.

અબૂ દાવૂદ શરીફમાં હઝરત આમિર رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે, અમે લોકો નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે હતા. એટલામાં એક માણસ આવ્યો જેના બદન પર કંબલ હતો. તેના હાથમાં કોઈ ચીજ હતી. જેની ઉપર તેણે ચાદર વિંતેલી હતી. તેણે અરજ કરી, અય અલ્લાહના રસૂલ ! હું ઝાડોના ગંજાણમાંથી પસાર થઈ રહ્યો હતો. મેં તેમાં પક્ષીનાં બચ્ચાંઓનો અવાજ સાંભળ્યો, મેં તેમને પકડી લીધાં અને મારી ચાદરમાં રાખી દીધાં. તેમની માં આવી અને મારા માથા પર ફરવા લાગી. મેં ચાદર ખસાવી તો તે બચ્ચાંઓ પર આવીને પડી. મેં બચ્ચાંઓ સાથે તેની માં ને પણ ચાદરમાં ઢાંકી દીધી. તો તેઓ મારી પાસે છે. આપે ફર્માવ્યું, તેને અહિં રાખો. તો મેં તેમને રાખ્યાં. માં દરેકને છોડીને પોતાના બાળકો સાથે ચોંટી ગઈ. રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, શું તમે આ પક્ષીના પોતાના બાળકોથી મહેરબાની કરવામાં આશ્ચર્યમાં છો ? કસમ છે તે જાતની જેણે મને હક્ક સાથે મોકલ્યો, અલ્લાહ ત્આલા પોતાના બંદાઓ માટે આ પક્ષીનાં પોતાનાં બચ્ચાંઓ પર મહેરબાન હોવાથી અધિક





મહેરબાન છે. આમને જ્યાંથી લીધાં હોય છોડી આવો. તો તેઓ તેમને છોડી આવ્યા.

## ★ આખેરતમાં કાફિરો માટે અઝાબ ★

આખિરતના અઝાબો જેનું વર્ણન કુર્આન અને હદીષમાં થયું છે તે મુસલમાનો માટે નથી કાફિરો માટે છે. કારણ કે મુસલમાનને દોઝખમાં નાખવામાં આવશે તો અઝાબ માટે નહીં માત્ર તેને ગુનાહોથી પાક કરી જન્નત લાયક બનવા માટે અને પછી તેને નજાત આપવામાં આવશે. શફાઅતથી, ખુદાના માફ કરવાથી અથવા સજા પૂરી થવાથી. પણ અઝાબ અઝાબના માયનામાં કાફિરોને આપવામાં આવશે અને તે પણ તેમની પોતાની ભૂલ છે કે તેમને દુનિયામાં બતાવવામાં આવ્યું હતું કે, જો કુફ્ર પર રહેશો અને ઈમાન નહીં લાવો તો તમને હમેશાંનો અઝાબ આપવામાં આવશે.

ઈબ્ને માજહ્માં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે : અમે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે કોઈ ગઝવા (લડાઈ)માં હતા, આપ એક કોમ પાસેથી પસાર થયા. આપે તેમને પૂછયું કે તમે કોણ છો ? તેમણે કહ્યું, અમે મુસલમાન છીએ. અને એક સ્ત્રી પોતાની હાંડલી નીચે આગ સળગાવી રહી હતી. તેણીનો નાનો છોકરો તેની પાસે હતો. ભડકો થતો તો તેણી બાળકને ખસાવી લેતી. તેણી નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે આવી અને વિનંતી કરી, શું તમે અલ્લાહના રસૂલ છો ? આપે ફર્માવ્યું, હાં ! તેણે કહ્યું, મારા માતા–પિતા તમારા પર કુર્બાન ! શું અલ્લાહ ત્આલા સૌથી અધિક મહેરબાન નથી ? ફર્માવ્યું, કેમ નહીં ? તેણે કહ્યું, શું અલ્લાહ ત્આલા માંના તેનાં બાળકથી પ્યારાં છે તેનાથી અધિક પોતાના બંદાઓ પર મહેરબાન નથી ? આપે ફર્માવ્યું, કેમ નહીં ? તેણે કહ્યું, માં તો પોતાના બાળકને આગમાં નથી નાખતી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ માથુ નમાવી લીધું અને રડવા લાગ્યા. પછી માથું તેની તરફ ઉઠાવ્યું અને ફર્માવ્યું, બેશક ! અલ્લાહ ત્આલા પોતાના

બંદાઓને અઝાબ નથી કરતો. પણ બદમાશને અને એવા બદમાશને જે અલ્લાહ સાથે બદમાશી કરે અને **લા ઈલાહ ઈલ્લલ્લાહ** કહેવાથી ઈન્કાર કરે, એટલે ઈમાન ન લાવે. સારાંશ એ કે અઝાબ માત્ર કાફિરને આપવામાં આવશે અને તેના માટે પણ આ દુનિયામાં રહમતનો દરવાજો ખુલ્લો છે. જો તેમની પાસે સમજ હોય તો તેમણે પોતાની જાત પર રહેમ કરવી જોઈએ.

## ★ ક્યાં માની મમતા અને ક્યાંથી રબની રહમત ★

બુખારી અને મુસ્લિમ શરીફમાં હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે : આપ ફર્માવે છે, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمની ખિદમતમાં બંદીઓ લાવવામાં આવ્યા તેમનામાં એક સ્ત્રી પણ હતી જેની છાતીઓથી દૂધ વહી રહ્યું હતું. તેણી બાળકની શોધમાં આમ તેમ દોડતી અને બંદીઓમાં કોઈ બાળક મળી જતું તો પોતાના પેટ સાથે ચોંટાડી તેને દૂધ પિવડાવતી. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, તમારૂં શું કહેવું છે આ ઓરત બાબત. શું તેણી પોતાનું બાળક આગમાં નાખી શકે છે ? અમે કહ્યું ના ! આપે ફર્માવ્યું, અલ્લાહ ત્આલા પોતાના બંદાઓ માટે અધિક મહેરબાન છે, આ સ્ત્રીથી તેના બાળક સાથેની મહેરબાની કરતાંય વધુ.

## ★ ગુનેહગાર પણ જન્નતમાં ★

ઈમાનવાળો ગમે તેટલો ગુનેહગાર હોય અને ગમે તેટલી નાફરમાની કરી હોય તો પણ તે જન્નતી છે અને તેને જન્નત આપવામાં આવશે. અમલ ન કરવાથી મુસલમાન ગુનેહગાર બને છે તેને ફાસિક કહેવામાં આવે છે પણ કાફિર નથી, છે તો મુસલમાન એટલે તે જન્નતી છે અને જન્નતમાં તેણે હમેશાં રહેવાનું છે. દોઝખમાં જશે એ પણ થોડો સમય માટે. ઈમાનવાળા માટે દોઝખ હમેશાંનું ઘર નથી, એટલે ઈમાનવાળો ગમે તેવો હોય પણ તે જન્નતી છે. બયહકીમાં હઝરત ઓસામા બિન ઝૈદ رضی اللہ عنہથી રિવાયત છે અલ્લાહ





عزوجلના આ ફર્માન પર :–

فَمِنْهُمْ ظَالِمٌ لِّنَفْسِهٖ وَمِنْهُمْ مُّقْتَصِدٌ وَمِنْهُمْ سَابِقٌۢ بِالْخَيْرَاتِ

તેઓ પૈકી કોઈ પોતાની ઉપર ત્રાસ કરનાર છે, તેઓ પૈકી વચલે માર્ગે ચાલનાર છે અને તેઓ કોઈમાં ભલાઈમાં આગળ વધનાર છે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, كُلُّهُمْ فِي الْجَنَّةِ ત્રણેવ પ્રકારના ઈમાનવાળાઓ જન્નતી છે. (જો કે અમલના આધારે તેમના મરતબામાં ફરક હશે, પરંતુ જન્નત સઘળા ઈમાનવાળાઓને આપવામાં આવશે.)

## ★ જન્નત માત્ર ખુદાની રહમતથી મળશે ★

ઈમાનવાળો ગુનેહગાર હોય અથવા નેકોકાર, સર્વને જન્નત ખુદા ત્આલાના ફઝલ અને રહમતથી આપવામાં આવશે. અમલથી નહીં. ઈબાદત અને બંદગી આપણું કામ છે. આપણે કરવાનું છે, કબૂલ કરવું ન કરવું ખુદાનું કામ છે. ચાહે કબૂલ ફર્માવે, ચાહે ન કબૂલ ફર્માવે. બંનેમાંથી એક પણ તેની માટે જરૂરી નથી. એહલે સુન્નતનો અકીદો અને માન્યતા એ છે કે અલ્લાહ ત્આલા પર પોતાના બંદાને ન જન્નત આપવી જરૂરી છે અને ન પોતાના બંદાને દોઝખમાં નાખવો જરૂરી છે. આ બધું તેના ફઝ્લ અને ન્યાય પર આધારિત છે. એ એનો વાયદો છે કે બંદા પર ઝુલ્મ નહીં કરે એટલે દોઝખમાં ઝુલ્મથી નાખવામાં નહીં આવે. ન્યાયથી ફૈસલો થશે અને જન્નત ખુદાના ફઝલ પર આધારિત છે. મુસ્લિમ શરીફમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, તમારામાંથી કોઈને પણ તેનો અમલ જન્નતમાં નહીં પહોંચાડે અને દોઝખથી નહીં બચાવે, મને પણ નહીં, પરંતુ અલ્લાહ ત્આલાની રહમતથી.

## ★ પછી અમલનો મતલબ શું ★

એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જ્યારે જન્નત

અલ્લાહના ફઝલથી મળશે અને દોઝખથી નજાત પણ અલ્લાહના ફઝલથી મળશે તો પછી અમલનો મતલબ શું ? સારાં કામોનો હુકમ કેમ આપવામાં આવ્યો અને બુરા અમલોથી મનાઈ કેમ કરવામાં આવી ? કુર્આન શરીફમાં છે અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

خَلَقَ الْمَوْتَ وَالْحَيٰوةَ لِيَبْلُوَكُمْ اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا

ઝિંદગી અને મોત પેદા કરી કે તમારી કસોટી થાય તમારામાંથી કોનું કામ વધારે સારૂં છે.

અલ્લાહ ત્આલા ફર્માવે છે :–

يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُلْهِكُمْ اَمْوَالُكُمْ وَلَا اَوْلَادُكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ۔

અય ઈમાનવાળાઓ ! તમારા માલ અને તમારી ઓલાદ તમને અલ્લાહના ઝિક્રથી ગાફિલ ન કરી દે અને જે આ કરશે તો તેઓ જ નુકસાન ઉઠાવનારાઓ છે.

નમાઝ છોડવા બાબત અલ્લાહનો ઈર્શાદ છે :–

فَخَلَفَ مِنْۢ بَعْدِهِمْ خَلْفٌ اَضَاعُوا الصَّلٰوةَ وَاتَّبَعُوا الشَّهَوٰتِ فَسَوْفَ يَلْقَوْنَ غَيًّا ۔

તો એમના પછી એમની જગાએ આવા અયોગ્ય વારસદારો આવ્યા જેમણે નમાઝો ગુમાવી અને પોતાની વાસનાઓને અનુસર્યા. તો નજીકમાં જ તેઓ દોઝખમાં ગયનું જંગલ પામશે.

ઝકાત ન આપવા બાબતે અલ્લાહનો ઈર્શાદ :–

وَالَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَالْفِضَّةَ وَلَا يُنْفِقُوْنَهَا فِيْ سَبِيْلِ اللّٰهِ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ۔

અને જેઓ સોનું અને ચાંદી સાચવી સાચવીને રાખે છે અને તેને અલ્લાહના રસ્તામાં વાપરતા નથી તેમને કષ્ટદાયક અઝાબની ખુશ ખબર સાંભળો.

આ ત્રણ આયતો દાખલા રૂપે વર્ણન કરવામાં આવી, નહીં





તો હદીષ અને કુર્આનમાં અસંખ્ય દાખલાઓ અમલના મૌજૂદ છે જેમાં જન્નતની બશારત અને દોઝખની ધમકીઓ આપવામાં આવી છે.

**જવાબ :–** અમલથી જન્નત અને દોઝખથી નજાત વાજિબ નથી. કારણ કે વાજિબનો મતલબ એ થાય છે કે અલ્લાહ ત્આલા માટે જરૂરી થઈ ગયું ! હવે ખુદા તે ફેંસલો બદલવા ઈચ્છે તો બદલી નથી શકતો. અને આ મતલબ અલ્લાહ ત્આલા માટે મજબૂરી અને લાચારી સાબિત કરે છે. જ્યારે કે અલ્લાહ ત્આલા માટે લાચારી અને મજબૂરી અયબ છે અને અલ્લાહ ત્આલા અયબથી પાક છે એટલે ઉપરોકત અકીદો નથી રાખી શકતા. પરંતુ અમલ સારો હોય તો તે રબની ખુશીનો સબબ બને છે અને નારાઝગી દોઝખમાં લઈ જવાનો સબબ બને છે. માત્ર અમલ પર જન્નત વાજિબ નથી કહી શકતા.

બીજો જવાબ એ છે કે સારા અમલો જન્નતમાં ત્યારે જ લઈ જઈ શકે છે જ્યારે તે ખુદાની બારગાહમાં કબૂલ થાય અને અમલના કબૂલ થવાનું યકીન નથી. માત્ર ઉમ્મીદ છે કે અલ્લાહ ત્આલા કબૂલ કરશે અને કબૂલ કરવું પણ ફઝલ અને રહમત પર આધારિત છે. એટલે હદીષમાં આવ્યું કે અમલથી જન્નતમાં નહીં જવાય બલ્કે ખુદાની રહમતથી જવાશે. કારણ કે અમલનું કબૂલ થવું રહમતથી છે.

ત્રીજું એ કે અમલ જન્નતની લાલચમાં અને દોઝખના ડરથી કરવામાં ન આવે બલ્કે સારાં કામો પર અમલ અને બુરા કામોથી બચાવ માત્ર અલ્લાહ અને રસૂલની મહોબ્બતથી તેમની ખુશી માટે કરવામાં આવે અને એ પ્રમાણે અમલ સાચી મહબ્બતની દલીલ છે. એટલે કહેવામાં આવ્યું કે માણસને જન્નતમાં પ્રવેશ અને દોઝખથી રક્ષણ અમલથી નહીં બલ્કે ખુદાના ફઝલથી મળશે. અમલ મહોબ્બતમાં કરો અને પોતાની ખુશી મહબૂબની ખુશીમાં સમજો. જન્નત અને દોઝખ તરફ અમલમાં લક્ષ ન આપો કે, મહોબ્બતના માર્ગમાં તમને મતલબી કહેવામાં આવે.

## ★ હઝરત રાબિઆ અદવિય્યા ★

હઝરત રાબિઆ અદવિય્યા رضی اللہ عنہا સ્ત્રીઓમાં ખ્યાતિ પામેલી અલ્લાહની વલીયા છે. તસવ્વુફના પ્રકરણમાં તેમની ઘણી નસીહતો છે. તેઓ પૈકી એક એ કે આપ દુઆ કરતી, અય અલ્લાહ ! મારા નસીબમાં દુનિયામાં જે લખવામાં આવ્યું હોય તે સઘળુ તું કાફિરને આપી દે અને મારા નસીબમાં આખેરતમાં જે લખેલું છે તે મુસલમાનોને આપી દે ! હું મારા માટે દુનિયા અને આખિરતમાં તારી ખુશીનો સવાલ કરૂં છું. એક વખત આપ એક હાથમાં પાણીની ડોલ અને બીજા હાથમાં આગ લઈને જતાં હતાં. આપ પર જઝ્બ અને વજ્દનો આલમ ગાલિબ હતો. કોઈએ સવાલ કર્યો, રાબિઆ ! આગ અને પાણી લઈને કયાં જઈ રહી છો ? જવાબ આપ્યો, હું પાણીથી દોઝખ ઓલવી નાખીશ અને આગથી જન્નત સળગાવી દઈશ ! એટલા માટે કે કોઈ જન્નતની લાલચમાં અને દોઝખના ડરથી ખુદાની બંદગી ન કરે, બલ્કે ઈબાદત માત્ર ખુદાની મહોબ્બતથી કરે. (આ પ્રમાણેના શબ્દો વજ્દમાં માફ થઈ શકે છે.)

હઝરત રાબિયા અદવિય્યા رضی اللہ عنہاની નસીહત ઉપરોકત સવાલનો જવાબ છે કે જન્નતની અતા અને દોઝખથી રક્ષણ ખુદા ત્આલાનું કામ છે. તેના કામમાં આપણને દખલ નથી. કારણ કે તેની ઉપર કોઈને અધિકાર નથી, પણ આપણે બંદા છીએ અને બંદાનું કામ છે માલિકના હુકમનું પાલન કરવું. તો આપણે આપણું કામ કરવું જોઈએ.

## ★ જન્નત તમારી તમે ખુદાના ★

આપણે અને આપણી માલિકીની દરેક ચીજ વસ્તુનો સમય માલિક અલ્લાહ તબારક વ ત્આલા છે. આપણી માલિકીનો મતલબ એટલો છે કે તે ચીજ આપણા હાથમાં છે અને અલ્લાહ ત્આલાએ આપણને તેની ઉપર અધિકાર આપેલો છે. આપણે ગુલામ અને બંદા છીએ અને દુનિયામાં તેનો કાયદો એ છે કે માલિકના હુકમનું પાલન કરે, તેને તેના કામ પર કોઈ બદલો ન મળે. તે જે કંઈ કમાય





તેનો પણ તે માલિક નથી, તેનો ખરીદદાર માલિક છે. આ છે કાયદો દુનિયામાં ગુલામ અને માલિકનો કાયદો. પણ અલ્લાહની મહેરબાનીનો જુઓ ! આપણને પેદા તેણે કર્યા, આપણો માલિક તે. તેણે આપણને પોતાના હુકમથી એક કિતાબ આપી, આપણને જીવન જરૂરિયાતની ચીજો તે આપે, આપણે જે કંઈ કમાઈએ તેના માલિક આપણને રાખે અને આપણે તેના હુકમનું પાલન કરીએ તો તે આપણને બદલો પણ આપે. આપણાથી નાફર્માની થઈ જાય તો તરત પકડ ન કરે. આપણને મહેતલ આપે. માફી માંગવાનો સમય આપે અને માફી માંગ્યા પર માફ કરી દેવાનો વાયદો પણ આપે અને જન્નતની ખુશ ખબર પણ આપે. દોઝખથી બચવાનો ડર પણ સંભળાવે. છે કોઈ આવો માલિક ? જે ગુલામ અને બંદાને આટલા અધિકાર આપે છે. પોતાની સખાવતું એલાન કરતાં ફર્માવે છે :–

إِنَّ اللّٰهَ اشْتَرٰى مِنَ الْمُؤْمِنِيْنَ اَنْفُسَهُمْ وَاَمْوَالَهُمْ بِاَنَّ لَهُمُ الْجَنَّةَ ۔

બેશક ! અલ્લાહ ત્આલાએ ખરીદી ઈમાનવાળાઓથી તેમની જાનો અને માલો અને બદલામાં કે તેઓ માટે જન્નત છે.

આ આયત એલાન કરી રહી છે કે હે બંદાઓ ! તમે પોતે પોતાની જાતના માલિક નથી, પોતાના માલ મિલ્કતના માલિક નથી. અલ્લાહ જ તેનો માલિક છે. તો પણ તે પોતાની સખાવતથી તમારી જાન અને માલનો તમને માલિક બનાવે છે અને પછી તમારાથી પોતાની જ ચીજની ખરીદી કરે છે અને કિંમતમાં જેવી તેવી ચીઝ નહીં બલ્કે જન્નત રાખે છે કે તમે મારા છો, મારા બની જાવો તો જન્નત મારી છે. પણ એ તમારી થઈ જશે.

## ★ હવે અધિકાર કેવો ? ★

ઉપરોકત આયતથી સાબિત થઈ ગયું કે તમે ઈમાન લાવીને ખુદા ત્આલા સાથે વેપાર કરેલો છે. તમે વેચનાર છો ખુદા ખરીદાર છે. આપણે જ્યારે કોઈ વેપારી પાસેથી કોઈ ચીજ વેચાતી

લઈએ છીએ તો આપણા રૂા., પૈસા કિંમતમાં આપણે વેપારીને આપીએ છીએ. તો પ્રથમ રૂા., પૈ. આપણા હતા. હવે વેપારીના થઈ ગયા. ચીજ વેપારીની હતી પણ હવે તે આપણી થઈ ગઈ. હે મુસલમાન ! તુ મહોબ્બત અને પ્રેમના બજારમાં તારા જાન અને માલ લઈને વેચવા બેઠેલો છે. જો કે તારી જાન અને માલની કિંમત તુ પોતે લગાડતો તો ઘણી જ ઓછી હોતી, પણ શુક્ર અદા કર કે, મહબ્બતના બજારમાં તારા માલનો ખરીદાર અલ્લાહ છે, અને તે એવી કિંમત લગાડી રહ્યો છે જેની ઉત્તમતા સુધી ખ્યાલ પણ પહોંચી શકતો નથી. કયાં તુ અને કયાં જન્નત ? કયાં તારો માલ અને કયાં જન્નત ? હે મુસલમાન ! જો તારે કિંમત જોઈતી હોય તો તુ પ્રથમ તારી જાન અને માલ અલ્લાહ ત્આલાને આપ, જન્નત તારી કિંમત બનીને તારા સામે ઉભી છે. તુ તારી ચીજ આપવા નથી માંગતો અને કિંમત માગી રહ્યો છે ? જો તેં તારી જાન અને માલ ખરીદાર ખુદાને આપી દીધાં તો હવે તને તેમાં કોઈ અધિકાર નથી. વેચ્યા પછી વેપારીનો અધિકાર નથી રહેતો, ખરીદારના અધિકારમાં આવી જાય છે. તુ કોઈ પણ કામ એવું ન કરતો જેનાથી તારો અધિકાર જોવા મળે. જો આમ થશે તો મહોબ્બતના બજારમાં બેસવાનો તને હક નથી, કારણ કે તુ જૂઠુ બોલી રહ્યો છે અને તુ સાચો વેપારી છે તો જન્નત તારી છે તેમાં તને અધિકાર છે. તારા માટે કોઈ રોક લગાડવામાં નહીં આવે. કારણ કે માલિકને પોતાના માલમાં અધિકાર હોય છે. હે મુસલમાન ! તને અમલનો પાબંદ એટલા માટે બનાવવામાં આવ્યો છે કે તેં જાન અને માલ વેચી દીધાં. હવે એની ઉપર ખુદાનો અધિકાર ચાલશે. સારાં કામોનો આદેશ અને ખરાબ કામોથી મનાઈ આ ખુદાઈ અધિકારના જલ્વા છે. તારા અધિકારના જલ્વા તુ જન્નતમાં જોઈ લેજે.

હઝરત રાબિઆ ફર્માવે છે :–

**તઅસીલ ઈલાહા વ અન્તા તુઝહેરો હુબ્બહુ**
**હાઝા લઅમરી ફીલ કિયાસે બદીઉ**
**લવ કાના હુબ્બોકા સાદિકન લઅતઅતહુ**
**ઈન્નલ મુહિબ્બો લેમંય યુહિબ્બો મુતીઉ**





(અર્થ) :– તુ અલ્લાહ ત્આલાની નાફરમાની કરે છે અને તેની મહોબ્બત જાહેર કરે છે. મારી જિંદગીની કસમ ! આ વાત સમજમાં આવી શકતી નથી. જો તારી મહોબ્બત સાચી હોતી તો તુ તેનું કહેવું માનતો અને અમલ કરતો, કારણ કે આશિક પોતાના મહબૂબના હુકમનું પાલન કરતો હોય છે.

## ★ જિંદગીભરની ઈબાદત એક નેઅમતનો પણ બદલો નથી ★

અલ્લાહ તઆલાએ આપણને અસંખ્ય નેઅમતો અતા ફરમાવી છે અને તે નેઅમતો કોઈ અમલનો બદલો નથી બલ્કે માત્ર અલ્લાહ ત્આલાના ફઝલ અને કૃપાથી બંદાઓને આપવામાં આવે છે. જો નેઅમતો કોઈ ચીજના બદલામાં આપવામાં આવતી તો માણસ પાસે એ શકિત ન હતી કે ખુદાની એક નેઅમતનો પણ બદલો આપી શકે. જિંદગીભરની ઈબાદત પણ એક નેઅમતનો બદલો બની શકતી નથી ! પછી અમલ તો માત્ર અલ્લાહ ત્આલાનો શુક્ર અદા કરવા માટે છે. જેમ કે આપણા નબી જન્નતી છે તો પણ ઘણી જ ઈબાદત અને બંદગી કરતા હતા, જ્યારે આપને વધુ ઈબાદત બાબતે પૂછવામાં આવ્યું તો આપે ઈર્શાદ ફર્માવ્યો :

શું હું ખુદાનો શુક્રગુઝાર બંદો ન રહું ?

એટલે કે જન્નતમાં તો ખુદા ત્આલાનો ફઝ્લ છે અને તેના આદેશો પર અમલ તેની નેઅમતનો શુક્રિયા છે. જન્નત ઈનામ છે અને અમલ શુક્રિયા છે. શુક્રિયાના બદલામાં જન્નતના દરજ્જા બુલંદ કરવામાં આવશે. ટ્રેન એક હોય છે પણ દરજ્જાના હિસાબે ટિકીટમાં તફાવત હોય છે. એ જ પ્રમાણે ઈમાનવાળાઓને ઈનામથી જન્નતની પાસ તો મળી છે, પણ જે કલાસમાં જવું હોય તે પ્રમાણે અમલ કરવા પડશે. જન્નતમાં પ્રવેશ ઈમાનવાળા માટે ખુદાના ફઝ્લથી અને દરજ્જા અને કલાસની અદલા બદલી અમલોથી છે. અમલ કરો મહોબ્બતને લક્ષમાં રાખીને. અમલ કરો નેઅમતોને લક્ષમાં

રાખીને, અમલ કરો દરજાતની બુલંદી લક્ષમાં રાખીને.

## ★ પાણીનું એક પ્યાલું સો વર્ષની ઈબાદતમાં ★

કિયામતના દિવસે એક માણસને મહેશરમાં હિસાબ માટે હાજર કરવામાં આવશે, જેને દુનિયામાં ત્રણસો વર્ષની ઉંમર મળી હતી. તેણે પૂરું જીવન ઈબાદતમાં વિતાવ્યું હશે, તેના અમલનામામાં ગુનાહનું નામ સુધ્ધાં નહીં હોય. અલ્લાહ ત્આલા ફર્માવશે :–

اِذْهَبُوْا بِعَبْدِىْ اِلٰى جَنَّتِىْ بِرَحْمَتِىْ

મારા બંદાને મારી જન્નતમાં મારી રહમતથી લઈ જાવ ! તો બંદો ખુદાની બારગાહમાં વિનંતિ કરશે, મૌલા ! મેં ૩૦૦ વરસ ઈબાદત કરી હતી તેનું શું થયું ? તુ તો ફર્માવી રહ્યો છે કે, મારી રહમતથી જન્નતમાં લઈ જાવ ! તો અલ્લાહ ત્આલા ફરિશ્તાઓને હુકમ આપશે કે મારા બંદાને ફલાણી જગાએ લઈ જાવ ! તેને લઈ જવામાં આવશે. જ્યારે તેને તરસ લાગશે અને પાણી માંગશે તો ફરિશ્તાઓ કહેશે કે પાણી મફતમાં નહીં મળે ! તમારે એક પ્યાલાની કિંમત ૧૦૦ વર્ષની ઈબાદત આપવી પડશે. તે મજબૂર થઈને ૧૦૦ વર્ષની ઈબાદત આપી પાણી લેશે. ફરી આગળ ચલાવવામાં આવશે. ફરી તરસ લાગશે અને ઉપરોકત શર્ત પર પાણી મળશે. પરત આપવા પર ફરી પાણી માંગશે અને ઉપરોકત શર્ત પર પાણી મળ શે. ત્રણસો વર્ષની ઈબાદત પાણીની કિંમતમાં લાગી ગઈ ! દામન ઈબાદતથી ખાલી થઈ ગયું ! ત્યારે કહેવામાં આવશે મારી રહમતથી જન્નતમાં લઈ જાવ !

જાણવા મળ્યું કે આપણી ઈબાદત એટલી અશકત અને સસ્તી છે કે વાસ્તવિકતામાં એક નેઅમતની કિંમત પણ નથી બની શકતી ! તો સ્પષ્ટ થયું **ઈબાદત અને બંદગી રબનો શુક્ર છે અને જન્નત તો ખુદાની રહમતથી અતા થશે.**





## ★ જ્યારે જન્નત મળશે તો અમલમાં વચલા માર્ગે રહો ★

જ્યારે હદીષોથી એ વાત સાબિત થઈ ગઈ કે ઈમાનવાળાઓને અલ્લાહ ત્આલા તરફથી જન્નત આપવામાં આવશે અને જન્નત તમારા માટે અમલનો બદલો નથી બલ્કે ખુદાનો ફઝલ છે. તો અલ્લાહ ત્આલા તરફથી જે આદેશ આપવામાં આવ્યા તેની ઉપર જરૂરથી અમલ કરો અને નફલ કામોમાં વચલો માર્ગ પસંદ કરો. એટલે કે ખાવો, પીવો, સૂવો, ઘરવાળાઓનો અને સગા સંબંધીઓનો હક અદા કરો અને પછી થોડી ઈબાદત પણ કરો. માત્ર ઈબાદતમાં લાગેલા રહેવાનો આપણને આદેશ નથી આપવામાં આવ્યો. બલ્કે આપણને કહેવામાં આવ્યું છે :–

فَاٰتُوْا كُلَّ ذِىْ حَقٍّ حَقَّهٗ "દરેકને તેનો હક આપો."

બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : અમલ કદાપિ નજાત આપશે નહીં ! સહાબાએ અર્ઝ કરી, હુઝૂર ! આપને પણ ? આપે ફર્માવ્યું, અને મને પણ ! પરંતુ એ કે અલ્લાહ ત્આલા રહમતથી મને ઢાંકી લે. તો પછી તમારા અમલને સીધા કરો, અમલમાં વચલા માર્ગે ચાલો. સવાર, સાંજ અને રાતના થોડા ભાગમાં ઈબાદત કરો. વચલા માર્ગે ચાલો, વચલા માર્ગે ચાલો, મકસદ પામી જશો.

## ★ ગુનેહગારને દોઝખી ન કહો ★

ગુનાહોથી માસૂમ **ફરિશ્તા** અને **નબીઓ** છે. તેમને છોડી અલ્લાહ ત્આલાની **મખ્લૂકમાં કોઈ માસૂમ નથી.** એ અલગ વાત છે કે ઘણાં બંદાઓ એવા પણ હશે જે ગુનાહોથી દૂર રહી પોતાનો દામન પાક રાખતા હશે. પરંતુ ગુનેહગારોની સંખ્યા દુનિયામાં વધારે છે. કોઈ જાહેરમાં ગુનોહ કરતા હશે તો કોઈ ગુપ્ત ગુનાહો કરી લેતા હશે. જો કે ગુનાહ જાહેરમાં કરવો ડબલ ગુનોહ ધરાવે છે, એક ખરાબ

કામનો ગુનોહ બીજો તેને જાહેર કરવાનો ગુનોહ. છતાં એકાંતમાં કરેલો ગુનોહ પણ ગુનોહ જ છે. અને પોતાની નેકીઓ પર અભિમાન ન કરવું જોઈએ અને પોતાને બીજાથી ઉત્તમ ન સમજવું જોઈએ. કારણ કે શૈતાન ઘણો જ મુત્તકી અને ઈબાદત ગુજાર હતો પરંતુ અભિમાની હતો તો એનું પરિણામ ખોટું આવ્યું. જેથી જાણવા મળ્યું કે નેક કામ પર અભિમાન ન કરવું જોઈએ. તસવ્વુફના આલિમો કહે છે કે તે ગુનોહ જેનાથી માણસ પોતાને નીચો સમજે તે નેક કામથી ઉત્તમ છે જેનાથી માણસ અભિમાની બની જાય.

ગુનોહ નાફરમાની છે ખુદાની અને ખુદા માલિક છે, બંદો તેનો ગુલામ છે. જ્યારે માલિક ફર્માવી આપે કે ગુનેહગાર તૌબા કરી લે તો હું તેને માફ કરી આપીશ. તો પછી આપણને કોઈ ગુનેહગારને દોઝખી કહેવાનો હક કયાં મળે છે.

મુસ્લિમ શરીફમાં હઝરત જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, એક માણસે બીજાને કહ્યું કે ખુદાની કસમ ! અલ્લાહ તઆલા ફલાણાને બખ્શશે નહીં ! પછી આપે ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો, કોણ છે જે મારી કસમ ખાઈને કહે છે કે હું ફલાણાને નહીં બખ્શું ! મેં તેને બખ્શી આપ્યો ! અને મારા અમલ બર્બાદ કરી નાખ્યા.

જ્યારે અભિમાનથી શૈતાનની હજારો વર્ષની ઈબાદત બરબાદ થઈ શકે છે અને તે દોઝખી બની શકે છે તો પછી આપણી ઈબાદત અને બંદગી કેટલી ? આપણને અભિમાન કરવાનો હક કેવી રીતે મળી શકે છે ? તૌબાનો દરવાજો ખુલ્લો છે અને દરેક ગુનેહગાર માટે તૌબાની ઉમ્મીદ જ્યાં સુધી તે જીવંત છે મૌજૂદ છે અને તૌબા પર માફીની ખુશખબર છે, પછી બની શકે તો ગુનેહગારને નસીહત કરવી જોઈએ, તેને તૌબા પર તત્પર કરવો જોઈએ. તેને તુચ્છ ન સમજવો જોઈએ. કાફિર અને મુશ્રિક માટે પણ તૌબાની ઉમ્મીદ છે. સારાંશ એ કે ગુનાહને બુરો સમજો, ગુનેહગારને નહીં. કાફિરને કાફિર, મુશ્રિકને મુશ્રિક, ગુનેહગારને ગુનેહગાર, ફાસિક ને ફાસિક





માનવો ઈસ્લામી કાયદો છે, એટલે કે હુકમો બદલાય શકતા નથી, પણ દોઝખી કહેવો આખેરતનો મસ્અલો છે એટલે દોઝખી નથી કહી શકતા. ઈમાનવાળા ગુનેહગારને તેને તૌબા ન કરી હોય તો પણ દોઝખી નથી કહી શકતા. કારણ કે ઈમાનવાળા માટે નજાતના ઘણા માર્ગો છે. કાફિર અને મુશ્રિકના હાલતે કુફ્રમાં મરવાનું યકીન હોય તો તેને શિર્ક એવો ગુનોહ છે જે વિના તૌબાએ માફ થઈ શકતો નથી. જો કોઈ ઈમાન લઈ આવે તો ગમે તેવું કુફ્ર અને શિર્ક કર્યું હોય ઈમાનથી માફ થઈ જાય છે, જેનો ઉલ્લેખ થઈ ગયો. પણ જો ઈમાન ન લાવે અને કુફ્ર તથા શિર્ક પર મૃત્યુ પામે તો તેને માફ કરવામાં નહીં આવે.

કુર્આન શરીફમાં અલ્લાહ ત્આલા ગુનેહગારને ઉમ્મીદ અપાવતાં ઈર્શાદ ફર્માવે છે :–

إِنَّ اللّٰهَ لَا يَغْفِرُ أَنْ يُشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ

બેશક ! અલ્લાહ નહીં બખ્શે તેની સાથે શિર્ક કરવાને અને બખ્શશે તેને છોડીને જેને ચાહશે.

આ આયતમાં શિર્ક અને કુફ્ર છોડીને દરેક ગુનેહગારને માફ કરવાની ખુશ ખબર સંભળાવવામાં આવી છે. અલ્લાહ ત્આલા ફર્માવે છે :–

وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ

અને બખ્શે છે તમારા માટે તમારા ગુનાહો ફર્માવે છે :–

إِنَّ اللّٰهَ يَغْفِرُ الذُّنُوْبَ جَمِيْعًا

બેશક ! અલ્લાહ ત્આલા સઘળા ગુનાહો માફ કરી આપશે.

إِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ

બેશક ! અલ્લાહ બખ્શવાવાળો મહેરબાન છે.

إِنَّ اللّٰهَ تَوَّابٌ رَّحِيْمٌ

આમ કુર્આનમાં સેંકડો આયતો છે જે ગુનાહોની માફીની ઉમ્મીદ અપાવી રહી છે. આ છે ખુદા ત્આલાની બંદાઓ

સાથે કૃપા અને મહેરબાની.

તિર્મિઝી શરીફમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, અલ્લાહ ત્આલાએ ફરમાવ્યું, અય ઈબ્ને આદમ (માણસ) ! જ્યાં સુધી તુ મારાથી માફીની દુઆ કરે અને મારાથી ઉમ્મીદ રાખે તો હું તારા ગુનાહને માફ કરીશ અને મને એનાથી મતલબ નથી. અય ઈબ્ને આદમ ! તારા ગુનાહ આકાશની બુલંદીએ પહોંચી જાય પછી તુ મારાથી બખ્શિશ ચાહે તો હું તને માફ કરી આપીશ અને મને એનાથી કોઈ મતલબ નથી. હે ઈબ્ને આદમ ! તુ મારાથી એ હાલતમાં મુલાકાત કરે કે, તારા ગુનાહથી જમીન ભરેલી હોય અને તેં મારી સાથે શિર્ક ન કર્યું હોય તો હું તારા માટે બખ્શિશથી ભરેલી જમીન લાવીશ.

સારાંશ એ કે તારા ગમે તેટલા ગુનાહ હોય અને તુ માફી ચાહશે કે હું તને માફ કરીશ. તુ મારાથી માફીની ઉમ્મીદ રાખશે તો હું તને નાઉમ્મીદ નહીં કરીશ. જ્યારે અલ્લાહ ત્આલા આટલી હદે મહેરબાન છે પછી આપણને ગુનેહગારથી નફરત કરવાનો અને તેને તુચ્છ સમજવાનો એ નિય્યતે કે તે દોઝખી છે અને તેને માફ કરવામાં નહીં આવે, હક નથી.

હા ! એટલા માટે નફરત કરવામાં આવે કે તે ગુનાહથી બચે અને તૌબા કરે તો ઈસ્લામ તરફથી એ વાતની રજા આપવામાં આવી છે અને ખાસ કરીને આલિમોને. કારણ કે તેઓ ઈસ્લામના માર્ગદર્શક છે. તેઓની નફરત લોકોને ગુનાહોથી બચાવે છે. જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દેવાદારની જનાઝાની નમાઝ ન પઢાવતા અને સહાબાને ફર્માવતા કે તમે તેની નમાઝ પઢી લો. એટલા માટે નહીં કે હુઝૂરને પોતાના ઉમ્મતીથી દુશ્મની અથવા નફરત છે, બલ્કે આપે લોકોમાં તે ગુનાહને મહાન બતાવવા માટે ઉપરોકત અમલ કર્યો. જેનાથી એ સાબિત થાય છે કે ગુનેહગારની ઈસ્લાહ માટે અને તેને ગુનાહથી બચાવવા માટે આલિમો અને પીરો નફરતનો વર્તાવ કરે તો તેઓને રજા છે. પણ અહિં તેમણે પણ એ ખ્યાલ રાખવો જરૂરી





છે કે **આ કામ અભિમાનથી ન હોય !**

## ★ આબિદ દોઝખી ગુનેહગાર જન્નતી ★

ઈમામ અહમદ رحمۃ اللہ علیہને રિવાયત કરી અને તેઓ રિવાયત કરે છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, બેશક ! બની ઈસરાઈલમાં બે માણસો એકબીજાના દોસ્ત હતા. તેઓ પૈકી એક ઈબાદતમાં ઘણી કોશિશ કરતો અને બીજો ગુનાહ કરતો અને કહેતો હું ગુનેહગાર છું. આબિદ ગુનેહગારને કહેતો તુ ગુનાહથી રોકાઈ જા. બીજો કહેતો કે મને મારા રબ પર છોડી દે. ત્યાં સુધી કે તેણે ઘણો મોટો ગુનોહ કરી લીધો, તો આબિદે કહ્યું, છોડી દે ! પેલાએ જવાબ આપ્યો, મને મારા રબ પર છોડી દે ! શું તુ મારો રક્ષક બનીને આવ્યો છે ? આબિદે કહ્યું, કસમ ખુદાની અલ્લાહ ત્આલા તારી કદાપિ બખ્શિશ નહીં કરે અને તને જન્નતમાં નહીં પહોંચાડે ! અલ્લાહ ત્આલાએ બંને તરફ ફરિશ્તો મોકલ્યો તો તેણે એમની રૂહ કબ્ઝ કરી લીધી. પછી બંનેને અલ્લાહ પાસે હાજર કરવામાં આવ્યા. અલ્લાહ ત્આલાએ ફર્માવ્યું, ગુનેહગાર ! તુ મારી રહમતથી જન્નતમાં પ્રવેશી જા. આબિદને પૂછયું, શું તુ મારી રહમતથી મારા બંદાને ના ઉમ્મીદ કરી શકે છે ? તેણે વિનંતી કરી, નહીં ! અય મારા રબ ! અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને કહ્યું, આને દોઝખમાં લઈ જાવ !

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે કોઈ ગમે તેવો ગુનેહગાર કેમ ન હોય તેને રબની રહમતથી નાઉમ્મીદ ન કરવો જોઈએ અને આબિદે પોતાની ઈબાદત અને બંદગી પર ગર્વ ન કરવો જોઈએ. કારણ કે અભિમાન સારા આબિદ મુત્તકી અને પરહેઝગારને બરબાદ કરી શકે છે અને નમ્રતા આજિઝી ગમે તેવા ગુનેહગારને સફળ બનાવી શકે છે. પોતાના અંજામ અને પરિણામથી કોઈ પણ ખબરદાર નથી. અલ્લાહની રહમતથી ઈમાનના રક્ષણની દુઆ કરવી જોઈએ અને શૈતાનનું પરિણામ કદાપિ ભૂલવું ન જોઈએ. એ ખુદાથી કેટલો નિકટ હતો, કેટલો મહાન

આલિમ અને આબિદ હતો, તેનામાં નમ્રતાનો છાંટો પણ ન હતો. ફરિશ્તાઓ તો નમ્રતાથી ખુદાના પ્યારા બની ગયા અને શૈતાન ગર્વથી ફેંકાય ગયો. એટલે ઈબાદત પર ગર્વ ન કરવો જોઈએ અને કોઈ પણ ગુનેહગારને રબની રહમતથી ના ઉમ્મીદ ન કરવો જોઈએ. રબની રહમત અતિ વિશાળ છે. અપાર રહમત સામે ગુનાહોની શી ગણતરી. રબ ઈચ્છે તેને માફ કરે અને તેણે જ્યારે ફર્માવી આપ્યું કે શિર્ક છોડીને ગમે તેવો ગુનોહ માફ કરી આપીશ ! તો અપાર રહમતવાળો માફ કરવા તત્પર છે તો બંદાઓને બખીલીથી કામ લેવાની જરૂરત નથી.

ઉપરોકત રિવાયતથી એ પણ જાણવા મળ્યું કે જન્નત અલ્લાહ ત્આલાની રહમતથી અતા થશે. જન્નતમાં પ્રવેશવાનું સર્ટિફિકેટ ઈમાન છે અને જન્નતમાં જવાનો ઝરીયો અલ્લાહ ત્આલાની રહમત છે. અમલ સારા હશે તો જન્નતમાં ઉચ્ચ દરજ્જા આપવામાં આવશે. એટલે ઈમાનવાળાઓએ પોતાની કામયાબી અને સફળતા માટે રબ તબારક વ ત્આલાની રહમત અને કૃપા પર ભરોસો રાખવો જોઈએ. કોઈ માણસને ગર્વ કયારે આવે છે અને અભિમાનનો શિકાર કયારે બને છે, જ્યારે તે પોતાની ચીજને સારી સમજીને તેની ઉપર ભરોસો કરી લે અને એ શૈતાનની કામયાબીનો અજમાવેલો દાવ છે. અમલ કબૂલ છે કે નથી તેની આપણને ખબર નથી. આપણો અંજામ અને પરિણામ શું છે તેની આપણને જાણ નથી. ભવિષ્યકાળ ામાં આપણી કેવી હાલત હશે એની આપણને ખબર નથી. બરબાદ કરનાર શત્રુઓ અસંખ્ય છે, કયારે શું થાય કહી ન શકાય. જ્યારે આટલી આટલી શંકાઓ એક આબિદ સાથે લાગેલી છે તો પછી ગર્વ કઈ વાતનો ? નમ્રતાથી રહો, પોતે પોતાને ભૂલી જાવ. રબની રહમત પર ઉમ્મીદ રાખો અને મુસલમાન ભાઈઓને પણ ઉમ્મીદ અપાવો. રબની રહમતનો સહારો હશે તો દુનિયામાં પણ કામયાબ રહેશો અને આખેરતમાં પણ કામયાબ થશો.

## ★ હઝરત અલીનું ફર્માન ★

હઝરત અલી كرم الله تعالیٰ وجهه الكريم લોકોને વચલો માર્ગ બતાવે છે





કે રબની રહમતથી નાઉમ્મીદ ન થવું જોઈએ અને અમલથી સફરનો સામાન સાથે લઈ લેવો જોઈએ. કારણ કે રસ્તો પૂરખતર છે. આપનો શેઅર છે :–

اَيَا صَاحِبَ الذَّنْبِ لَا تَقْنَطَنْ

કેમ કે બેશક ! અલ્લાહ મહેરબાન છે મહેરબાન ! અય ગુનેહગાર નાઉમ્મીદ ન થા કયારે પણ,

وَلَا تَرْحَلَنَّ بِلَا عُدَّةٍ

કેમ કે બેશક ! માર્ગ ખતરનાક છે ખતરનાક ! કયારે પણ મુસાફરી ન કરતો સામાન વિના.

સારાંશ એ કે મુસલમાન તુ તારા જીવનની ટ્રેનમાં બેઠેલો છે જે ઘણી ફાસ્ટ સવારી છે અને તુ દરેક પળ મુસાફર બનીને તેમાં સવાર છે. તુ ભરોસો અલ્લાહની રહમત પર રાખ, પરંતુ સાથે નેક અમલનો સામાન પણ લઈ લે. માર્ગ ખતરનાક છે સાથે સામાન હોય તો ફાયદો થઈ શકે છે. રબની સિફતો આ બાબતે વિરોધાર્થી છે. એ રહમાનો રહીમ છે, તે કહ્હારો જબ્બાર પણ છે. જો સિફતે રહમાનો રહીમનો જલ્વો હશે તો કોઈ વાત નથી એ બખ્શી આપશે, પણ જો સિફતે કહ્હારો જબ્બારનો જલ્વો હશે તો એવા સમયે સારા અમલો રબને ખુશ કરી સારું પરિણામ વાળી શકશે. એટલે તુ તારી વ્યવસ્થા કરી લે. રહમતથી કામ બનશે તો તારું નસીબ અને નહીં બને તો અમલ તો છે. اِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ બેશક ! અલ્લાહ ત્આલા નેક લોકોનો બદલો બરબાદ નથી કરતો.

અલ્લાહ ત્આલાની રહમત અને કૃપાના જલ્વા તમે જાણ્યા. જો અલ્લાહ ત્આલાના કહેરો જલાલના જલ્વા જાણવા હોય તો **તોહફાએ નજાત ભાગ–૨**નો અભ્યાસ કરી લો. અંતિમ હદીષ તમારી ખિદમતમાં રજુ કરું છું.

બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ رضی الله عنه થી રિવાયત છે, સરકારે દો આલમ صلی الله تعالیٰ علیه وسلم એ ફર્માવ્યું, જો

ઈમાનવાળો એ જાણી લે કે ખુદાને ત્યાં કેટલો અઝાબ છે તો કોઈ પણ જન્નતને યાદ ન કરે ! અને કાફિર જાણી લે કે અલ્લાહને ત્યાં કેટલી રહમત છે તો તેની જન્નતથી કોઈ નાઉમ્મીદ ન બને.

આ હદીષ બતાવી રહી છે કે અલ્લાહ ત્આલા રહમાનો રહીમ પણ છે અને કહ્હારો જબ્બાર પણ છે. એટલે રહમત પર ઉમ્મીદ રાખવી જોઈએ અને કહ્હારીથી બચવા અમલનો સહારો પણ લેવો જોઈએ. એટલે તિલાવતનો આરંભ તઅવ્વુઝથી થાય છે જેમાં કહ્હારીનો જલ્વો છે અને પછી તસ્મિયાથી થાય છે જેમાં જમાલનો જલ્વો છે. મતલબ એ કે જમાલને યાદ રાખો તો જલાલને ભૂલશો નહીં.

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ





# ☆ કુર્આન અને તિલાવતની ફઝીલતો ☆

(પ્રકરણ)

مَنْ شَغَلَهُ الْقُرْاٰنُ عَنْ ذِكْرِيْ وَمَسْأَلَتِيْ اَعْطَيْتُهٗ اَفْضَلَ مَا اُعْطِي السَّائِلِيْنَ وَفَضْلُ كَلَامِ اللّٰهِ تَعَالٰى عَلٰى سَائِرِ الْكَلَامِ كَفَضْلِ اللّٰهِ عَلٰى خَلْقِهٖ.

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ગત વીક મેં તમને તઅવ્વુઝ અને તસ્મિયા વિષે રસપ્રદ રહસ્યો અને વાકેઆ, કિસ્સાઓથી ભરપૂર બયાન સંભળાવ્યું હતું. જેનાથી તમને એ હિકમત પણ જાણવા મળી કે કુર્આન શરીફની તિલાવતનો આરંભ તઅવ્વુઝ અને તસ્મિયાથી કેમ કરવામાં આવે છે. આજે હું તમને "કુર્આન શરીફની તિલાવતની ફઝીલત"ના પ્રકરણ પર બયાન સંભળાવીશ. અલ્લાહ ત્આલા મને હક કહેવાની અને તમને બધાને હક સાંભળવાની અને તેની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે અને આપણને કુર્આનો હદીષના સત્ય માર્ગે ચલાવે. આમીન બિજાહિ સૈય્યિદિલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم.

## ★ મહોબ્બત ઈમાન છે ★

મારી બહેનો ! જેમ આપણો એ દાવો છે કે આપણને ખુદા ત્આલાથી મહોબ્બત છે અને જરૂર છે. એ માત્ર જીભ અને મુખના શબ્દો નથી, બલ્કે આપણી દિલી માન્યતા અને અકીદો પણ એ જ છે કે આપણને ખુદાથી મહોબ્બત છે. ઈમાનની બુનિયાદ અને ફાઉન્ડેશન આ અકીદો છે. પણ અલ્લાહ તઆલાની મહોબ્બત માત્ર તેની મહોબ્બતથી સંપૂર્ણ નથી થતી, બલ્કે તેનાથી સંબંધિત દરેક ચીજ

વસ્તુથી પણ મહોબ્બતની માંગ કરે છે. જેમ ખુદાની મહોબ્બત છે તે મહોબ્બતમાં તેની સઘળી સિફતોથી પણ મહોબ્બત જરૂરી છે. જેમ ખુદાથી મહોબ્બત છે તે મહોબ્બતમાં તેના નબીઓની મહોબ્બત પણ જરૂરી છે. જેમ ખુદાની મહોબ્બત છે તે મહોબ્બતમાં તેના રસૂલોની મહોબ્બત પણ જરૂરી છે. જેમ ખુદાની મહોબ્બત છે તે મહોબ્બતમાં તેની કિતાબોની મહોબ્બત પણ જરૂરી છે. આમાંથી કોઈ એકની મહોબ્બતનો ઈન્કાર સઘળી મહોબ્બતોને બેફાયદા બનાવી દે છે. જાણવા મળ્યું ખુદાથી પણ મહોબ્બત રાખો અને તેની સંબંધિત ચીજોથી પણ મહોબ્બત રાખો.

## ★ દુશ્મની ઈમાન છે ★

ખુદાની મહબ્બતને સંપૂર્ણ કરવામાં એ પણ જરૂરી છે કે તેના દુશ્મનોથી દુશ્મની કરવામાં આવે. ખુદાની મહોબ્બતમાં શૈતાનની દુશ્મની જરૂરી છે. ખુદાની મહોબ્બતમાં કુફ્રથી દુશ્મની જરૂરી છે. ખુદાની મહોબ્બતમાં શિર્કથી દુશ્મની જરૂરી છે. આમાંથી એકની દુશ્મનીનો ઈન્કાર પણ મહોબ્બતને બેફાયદા કરી દે છે.

આપણને કુર્આન શરીફની તિલાવતનો તરીકો એ શીખવાડવામાં આવ્યો કે પ્રથમ તઅવ્વુઝ પઢો. જેમાં દુશ્મનની દુશ્મનીનું એલાન છે અને પછી તસ્મિયા પઢો જેમાં ખુદા ત્આલા અને તેની સંબંધિત ચીજ વસ્તુઓથી મહોબ્બતનું એલાન છે. એટલે કે ખુદા ત્આલાની મુકદ્દસ કિતાબની તિલાવત પહેલાં આપણે તઅવ્વુઝ અને તસ્મિયાથી આપણા સંપૂર્ણ ઈમાનની બીજા શબ્દોથી ગવાહી આપીએ છીએ અને પછી તિલાવત શરૂ કરીએ છીએ.

## ★ કુર્આનની ફઝીલત ★

કુર્આન શરીફ ખુદાની કિતાબ અને ખુદાનું કલામ છે, તેનો દરેક શબ્દ અલ્લાહ તબારક વ ત્આલા તરફથી આપણા માર્ગદર્શન માટે ઉતારવામાં આવ્યો છે. અને તેની ફઝીલત તમામ કલામો અને





તમામ કિતાબો પર એવી છે, જેમ કે ખુદા ત્આલાની ફઝીલત સઘળી મખ્લૂક પર. જેમ ખુદાને યાદ કરવું, તેની ઈબાદતમાં રહેવું, તેના આદેશ પર અમલ કરવો, સવાબ છે બંદગી છે. એવી જ રીતે અલ્લાહ ત્આલાના કલામથી તિલાવત, તેના તરજુમા અને તફસીરમાં મશગૂલ થવું, તેની આયતોથી મસ્અલાઓની શોધ કરવી એ બધું અલ્લાહનું જ કામ છે. કોઈ માણસ પોતાના માટે દુઆનો સમય ન કાઢે અને તેમાં પણ તે કુર્આન શરીફની તિલાવત કરે, પોતાના નફલી વિર્દ પણ કુર્આન શરીફ માટે છોડી આપે તો અલ્લાહ ત્આલા તેવા માણસને પસંદ ફર્માવે છે અને કુર્આન શરીફની ફઝીલતથી તેને દુઆ કરનારથી અધિક આપે છે. બીજું એ કે દુઆ કરનાર પોતાના માટે સવાલ કરે છે, પોતાનો ફાયદો શોધી રહ્યો છે, તેનું ધ્યાન પોતાની તરફ છે, જ્યારે કુર્આનની તિલાવત કરનાર, તેનો તરજુમો પઢનાર, પોતાને ભૂલીને ખુદાના કામમાં ધ્યાન કેન્દ્રિત કરે છે. એટલે અલ્લાહ ત્આલા તરફથી તેને માંગવાવાળાથી અધિક આપવામાં આવે છે.

તિર્મિઝી શરીફમાં હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, અલ્લાહ તબારક વ ત્આલા ઈર્શાદ ફર્માવે છે, જે વ્યક્તિને કુર્આને મારી યાદ અને મારાથી દુઆ કરવાથી અલગ રાખ્યો તેને હું આપીશ, ઉત્તમ તેનાથી જે માંગવાવાળાઓને આપીશ. અને અલ્લાહ ત્આલાના કલામની ફઝીલત સઘળા કલામો પર એવી છે જેવી અલ્લાહની ફઝીલત તેની મખ્લૂક પર.

## ★ કુર્આન શરીફની ઈજ્જત કરો ★

જ્યારે એ સાબિત થઈ ગયું કે કુર્આનને સઘળા કલામો પર ફઝીલત પ્રાપ્ત છે તો તેની ઈજ્જત કરવી એક મુસલમાન માટે જરૂરી છે. કુર્આન ઊંચી જગાએ રાખવામાં આવે. કુર્આનની ઉપર કુર્આન સિવાય બીજી કોઈ કિતાબ રાખવામાં ન આવે. કુર્આનનો એક શબ્દ પણ જમીન પર પડવા દેવામાં ન આવે. કુર્આનમાં પેજ ફાટી ગયાં હોય તો તેને દફન કરવામાં આવે. કુર્આન સામે પગ ફેલાવવામાં

ન આવે, કુર્આનની તિલાવત થતી હોય તો ધ્યાનથી સાંભળવામાં આવે. કુર્આન ખુલ્લુ રાખી વાતો કરવામાં ન આવે. કુર્આનને ભીખ માંગવાનો ઝરીયો બનાવવામાં ન આવે. કુર્આનની તિલાવત મનથી કરવામાં આવે. કુર્આનને તકિયો બનાવવામાં ન આવે. આ દરેક મસ્અલો ઉપરોકત આયતથી સાબિત થાય છે.

## ★ માત્ર તિલાવત નહીં ! સમજો પણ ! ★

કુર્આન શરીફ અલ્લાહનું કલામ છે અને અને તિલાવતનો ઘણો સવાબ છે. પરંતુ એનો મતલબ એ નથી કે માત્ર તિલાવત કરો, પઢો, પણ તેને સમજવાની કોશિશ ન કરો. બલ્કે તેને સમજવાની કોશિશ કરો. કારણ કે તિલાવતથી માત્ર સવાબ મળે છે, જ્યારે સમજવાથી ઈલ્મ મળે છે. ખુદાના આદેશોની જાણ થાય છે. હલાલ અને હરામનો ફરક જાણવા મળે છે. બશારતો અને અઝાબોનું નૉલેજ મળે છે. દુનિયાની વાસ્તવિકતા અને દીનની ઉત્તમતાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને બીજા અસંખ્ય ફાયદાઓ છે, જે કુર્આન સમજવાથી સંબંધિત છે. એટલે કુર્આનની તિલાવતની સાથે કુર્આન સમજવાથી પણ મહોબ્બત કરવામાં આવે અને તેના માટે પણ સમય કાઢવામાં આવે.

બયહકી શરીફમાં હઝરત ઓબૈદા મોલૈકી رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અય કુર્આનવાળાઓ ! કુર્આનને તકિયો ન બનાવો. રાત દિવસ તેની તિલાવત કરો જે તેની તિલાવતનો હક છે. કુર્આનને ફેલાવો અને મધુર સ્વરથી પઢો અને જે તેમાં છે તેની ઉપર ધ્યાન આપો એ ઉમ્મીદ પર કે તમને કામયાબી મળે. તેના સવાબમાં જલ્દી ન કરો, બેશક ! તેના માટે સવાબ છે.

## ★ હદીષ અને રહસ્યો ★

**(૧)** જેમ કુર્આન શરીફમાં અલ્લાહ તબારક વ ત્આલાએ ઈમાનવાળાઓને يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ કહીને સંબોધન કર્યું, જેનાથી





એ જાણવા મળે છે કે અય ઈમાનવાળાઓ ! તમારું ઈમાન અમને કબૂલ છે અને અમે અમારા તરફથી તમને ઈમાનવાળા કહીએ છીએ. આ શબ્દથી લિજ્જત તેને પ્રાપ્ત થાય છે જે મહોબ્બત અને પ્રેમના દરિયામાં ડૂબકી લગાવી રહ્યો છે અને બીજું એ કે ઈમાનવાળાઓને તેમનું ઈમાન અને મહોબ્બત યાદ અપાવી અમલ માટે તત્પર કરવામાં આવે છે. હદીષે પાકમાં ઈમાનવાળાઓને સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ يَا أَهْلَ الْقُرْآنِ કહીને સંબોધ્યા.જેનાથી ઈમાનવાળાઓનો મરતબો બયાન થયો કે, તમે ઉચ્ચ દરજ્જાના માલિક છો. અલ્લાહ ત્આલાએ પોતાની કિતાબોમાં સૌથી ઉત્તમ કુર્આન તમને અતા કર્યું. તમે કુર્આનવાળી ઉમ્મત છો. તમારા માર્ગદર્શન માટે કુર્આન આવ્યું. બીજુ એ કે અહલે કુર્આન કહીને કુર્આનની તિલાવત, તેની સમજ, તેના આદેશ પર અમલ, તેની તાઝીમ અને ઈજ્જત અને તેનાં રહસ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવા તત્પર કરવામાં આવ્યા છે કે, જ્યારે તમે અહલે કુર્આન છો તો કુર્આનની તાલીમ પર અમલ કરો.

لَا تَتَوَسَّدُوا الْقُرْآنَ وَاتْلُوهُ حَقَّ تِلَاوَتِهٖ مِنْ آنَاءِ اللَّيْلِ وَالنَّهَارِ .

**(૨)** કુર્આન પર તકિયો ન કરી લો અને તેના હક પ્રમાણે તિલાવત કરો રાત અને દિવસના અમુક ભાગોમાં.

અહલે કુર્આન કહી જે અમલ માટે તત્પર કરવામાં આવ્યા, તે અમલનો ઉલ્લેખ કરવામાં આવ્યો કે જ્યારે તમે અહલે કુર્આન છો તો તમારો વર્તાવ કુર્આન સાથે કેવો હોવો જોઈએ ? કુર્આનને તકિયો ન બનાવો, તેના પર માથું રાખીને સૂઈ ન જાવ, બલ્કે તેની એટલી ઈજ્જત કરો કે તમારી ઈજ્જતથી લોકોને ખબર પડે કે આ કુર્આનનો ચાહક છે. કુર્આનની તાઝીમ અને ઈજ્જતનો આદેશ કુર્આનથી જાણવા મળે છે કે, અલ્લાહ ત્આલાએ વિના વુઝૂએ તેને પકડવાની પણ મનાઈ ફર્માવી છે.

હિંદુસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ વગેરે અન્ય દેશોના મુસલમાનો કુર્આન શરીફની તાલીમ અને ઈજ્જતનો હક અદા કરે

છે અને દરેક કોમને એ વાતની ખબર છે કે, મુસલમાનો પોતાના ધર્મ પુસ્તકની જેટલી હદે તાઝીમ અને ઈજ્જત કરે છે દુનિયામાં કોઈ ધર્મવાળો પોતાના ધર્મપુસ્તકની એટલી ઈજ્જત નહીં કરતો હોય અને દુનિયામાં જેટલી હદે કુર્આનની તિલાવત મુસલમાન શીખે અને શીખવાડે છે એટલી તાલીમ ધર્મપુસ્તકની કોઈ ધર્મમાં આપવામાં આવતી નથી. પરંતુ અરબના લોકો જેમની ઉપર તેમના માર્ગદર્શનની સહુલત માટે અરબીમાં કુર્આન ઉતારવામાં આવ્યું, તેમણે તો આપણાથી વધારે કુર્આનની તાઝીમ અનેઈજ્જત કરવી જોઈએ. પણ જેઓ સઉદીમાં રહે છે અથવા અવાર નવાર હજ અને ઉમરા માટે જાય છે તેઓને ખબર છે કે, અરબ લોકો (વહાબીઓ) કુર્આન સાથે કેવો વર્તાવ કરે છે. સૂવું હોય તો માથા નીચે રાખી સૂઈ જાય છે. પઢતા હોય તો પગ પર રાખીને પઢે છે. થાકે તો જમીન પર રાખી દે છે. નમાઝની જમાઅત થાય તો પીઠ પછવાડે રાખી દે છે. એટલે કે કુર્આનની ઈજ્જત શું છે તેની તેઓને ખબર નથી. આપણા મુલ્કોના લોકો જ્યારે અરબવાળાઓની કુર્આન સાથે આ પ્રમાણેની બેદરકારી જુએ છે તો અફસોસ કરે છે અને અફસોસ સિવાય કરી પણ શું શકાય છે ? તેઓ ગમે તેવું કરે તેઓ જાણે પણ આપણે હદીષની તાલીમાત પર અમલ કરી કુર્આનની ખૂબ ખૂબ ઈજ્જત કરવી જોઈએ.

ત્યાર બાદ આપણને કહેવામાં આવ્યું કે રાત અને દિવસના અમુક ભાગોમાં તેની તિલાવતનો હક અદા કરો. તિલાવતનો હક એ છે કે કાયદા કાનૂનથી તિલાવત કરવામાં આવે. મખરજ અને ઉચ્ચારથી તિલાવત કરવામાં આવે અને તિલાવતનો હક એ પણ છે કે ખુદાઈ આદેશો પર અમલ પણ કરવામાં આવે. તિલાવતથી પ્રેમ એટલા માટે જ છે કે, તે ખુદાનું કલામ છે તો આદેશ પર અમલ પણ એટલે જ હોવો જોઈએ કે તે ખુદાનો આદેશ છે. હદીષે પાકના ઉપરોકત ભાગથી નમાઝ પણ મુરાદ લઈ શકાય છે. કારણ કે સૌથી ઉત્તમ તિલાવત કરો. રાતમાં, સમય મળે તો રાતમાં અને દિવસમાં સમય મળે તો દિવસમાં તિલાવત કરો. છોડી ન આપો. તમારી





જિંદગીનો કોઈ સમય એવો ન હોય જેની રાત અને દિવસ વિના તિલાવતે રહી જાય અને એ ત્યારે જ થઈ શકે છે જ્યારે તમે નમાઝ ન પઢો. નમાઝ પઢનાર દરેક રકા'તમાં તિલાવત કરતો હોય છે. બાલિગ થયા બાદ જીવનનો કોઈ એવો દિવસ નથી જેમાં હોશ રાખવા છતાં નમાઝ ન હોય. એટલે કોઈ દિવસ એવો નથી આવી શકતો જેમાં તિલાવત ન હોય. અમુક નમાઝો દિવસની અને અમુક નમાઝો રાતની છે. પાંચ વખતની નમાઝની પાબંદી કરવાવાળો બાલિગ થયા બાદ પોતાના જીવનનો કોઈ દિવસ એવો નથી લાવી શકતો જેના દિવસમાં તિલાવત ન કરતો હોય અને કોઈ રાત એવી નથી લાવી શકતો જેમાં તિલાવત ન કરતો હોય. તિલાવતનો હક અદા કરવા નમાઝની પાબંદી કરો. સામાન્ય તરીકાથી નમાઝ પઢશો તો ઓછામાં ઓછી રાત અને દિવસમાં ૪૮ વખત કુર્આનની તિલાવતનો મોકો મળશે અને ખુદાઈ આદેશ પર અમલ પણ થશે.

**(3)** ફર્માવવામાં આવ્યું, أَفْشُوهُ તેને ફેલાવો ખ્યાતિ આપો. કુર્આનનો ફેલાવો ઘણા પ્રકારથી થઈ શકે છે. શીખવામાં આવે અને શિખવાડવામાં આવે. લોકો સાંભળવાનો શોખ રાખતા હોય તો ઊંચે સ્વરે પઢવામાં આવે. અમલનો પ્રચાર દરેક પ્રચારથી ઉત્તમ છે. કુર્આન છાપવામાં આવે. છાપેલા કુર્આન લોકોનાં ઘરોમાં પહોંચાડવામાં આવે. તેની તાઝીમ અને ઈજ્જત કરવામાં આવે.

**(૪)** تَغَنَّوْهُ તેને સુંદર સ્વરથી મધુર અવાજથી પઢો. એટલે કે કુર્આનની તિલાવતનો તરીકો જેને તજવીદ કહેવામાં આવે છે તેને લક્ષમાં રાખી કુર્આનની બુલંદ અવાજથી તિલાવત કરવામાં આવે છે જેને કિરાઅત કહેવામાં આવે છે. કોઈ માણસ મધુર અવાજથી તજવીદને લક્ષમાં રાખીને તિલાવત કરે છે તો કુર્આનનો મતલબ સમજમાં ન આવતો હોય તો પણ સાંભળવાવાળાઓની આંખોથી અશ્રુવર્ષા થવા લાગે છે અને દિલમાં કુર્આનની મહોબ્બત વધુ મજબૂત થતી જાય છે. એટલે તજવીદ દરેકે શીખવી જોઈએ પણ મધુર અવાજના લોકોએ જરૂરથી. તેઓ કુર્આનના ફેલાવામાં અગત્યનો

ભાગ ભજવી શકે છે.

(૫) تَدَبَّرُوْا مَا فِيْهِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ

કુર્આનમાં છે જે તેને સમજવાની કોશિશ કરો જેથી તમને કામયાબી મળે. એટલે કે માત્ર તિલાવત શીખો, તિલાવતથી કામ અટકાવવામાં ન આવે બલ્કે તિલાવતનો મકસદ સવાબ સાથે તેને સમજવું છે એટલે સમજવાની પણ કોશિશ કરવામાં આવે. કુર્આન સમજમાં આવે તો બશારતોથી શોખ પેદા થાય છે અને વઈદો અને અઝાબો ઉલ્લેખથી ડર પેદા થાય છે. શોખ અને ડર માણસને ગુનાહથી રોકી સારાં કામો પર તત્પર કરે છે. એટલે કામયાબી માટે તેની સમજ તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

(૬) وَلَا تَعْجَلُوْا ثَوَابَهٗ فَإِنَّ لَهٗ ثَوَابًا

તેના સવાબમાં જલ્દી ન કરો, તેના માટે બેશક ! સવાબ છે. એટલે કે કુર્આન શરીફની તિલાવતનો સવાબ છે અને તે આખિરતમાં તિલાવત કરનારને જરૂરથી મળશે. પરંતુ કુર્આનની તિલાવતનો બદલો દુનિયામાં લઈ લેવાની કોશિશ ન કરવી જોઈએ. **અમુક લોકો હદિયો લઈને કુર્આન પઢે છે. અુમક લોકો હદિયો નકકી કરીને રમઝાનમાં તરાવીહ પઢાવે છે.** અમુક લોકો કુર્આનની કિરાઅતનો પ્રોગ્રામ હદિયો નકકી કરીને કરે છે. અમુક લોકો કુર્આન પઢીને ભીખ માંગે છે. અમુક લોકો કુર્આનની તિલાવતથી ખ્યાતિ પામવાનો મકસદ રાખે છે. અમુક લોકો પબ્લિકને ખુશ કરવા માટે આ કામ કરે છે. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઉપરોકત ઈર્શાદથી આ સઘળા કામોથી મનાઈ ફર્માવી છે. જ્યારે આખિરતમાં મળતો બદલો હમેશાં કામ આવતો બદલો છે અને તે ઈખ્લાસથી મળી શકે છે. સવાબનો આધાર નિય્યત પર છે. નિય્યત ખ્યાતિની હોય, અથવા પૈસા હાસિલ કરવાની હોય તો દુનિયામાં કંઈ મળે કે ન મળે પણ આખિરતમાં તિલાવતના બદલે કંઈ મળશે નહીં. એટલે આપણને પ્રોત્સાહિત કરવામાં આવ્યા કે તિલાવતમાં ઈખ્લાસનો ખ્યાલ રાખો.





## ★ તિલાવત અને અમલ કુર્આનથી ★

મેં તમને એ તો બતાવ્યું કે કુર્આનની ઉત્તમ તિલાવત નમાઝમાં પઢવામાં આવતું કુર્આન છે. તેમાં તિલાવત અને કુર્આની તાલીમાત પર અમલ બંનેનો સંગમ છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

إِنَّ الَّذِيْنَ يَتْلُوْنَ كِتٰبَ اللّٰهِ وَاَقَامُوا الصَّلٰوةَ وَاَنْفَقُوْا مِمَّا رَزَقْنٰهُمْ سِرًّا وَّعَلَانِيَةً يَّرْجُوْنَ تِجَارَةً لَّنْ تَبُوْرَ

બેશક ! જેઓ અલ્લાહની કિતાબની તિલાવત કરે છે અને તેને આપેલી રોજીમાંથી થોડું ખર્ચ કરે છે, ગુપ્ત અને જાહેરમાં તેઓ કયારે પણ ખોટમાં ન જાય એવા વ્યાપારની ઉમ્મીદ કરે છે.

ઉપરોકત આયતમાં કુર્આનની તિલાવત સાથે નમાઝ કાયમ રાખવાનો અને માલદાર હોય તો પોતાના માલનો અમુક ભાગ ખુદાના માર્ગમાં ખર્ચ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. જેનાથી એ જાણવા મળે છે કે ઈબાદતના ત્રણ પ્રકાર છે. ઈબાદતે કૌલી શબ્દોથી સંબંધિત ઈબાદત, દાખલા તરીકે કુર્આનની તિલાવત. બદની ઈબાદત, બદની અવયવોના સહારે કરવામાં આવતી ઈબાદત, દાખલા તરીકે નમાઝ અને માલી ઈબાદત, માલ હલાલ તરીકાથી પ્રાપ્ત કરવો અને ખુદાના માર્ગમાં ખર્ચ કરવો. તો આ ત્રણ પ્રકારની ઈબાદતથી ઈબાદતના દરેક પ્રકાર તરફ ઈશારો કરવામાં આવ્યો. જાણવા મળ્યું તિલાવત અને અમલનો સંગમ કામયાબ બનાવનાર છે.

## ★ સવારની તિલાવત અને ફરિશ્તાઓની હાજરી ★

કુર્આન શરીફમાં ફજરની તિલાવતની ખાસ તારીફ કરવામાં આવી છે અને તે સમયની તિલાવત માટે ફરિશ્તાઓની હાજરીની બશારત આપીને અહલે ઈમાનને તિલાવત પર તત્પર કરવામાં

આવ્યા છે. કારણ કે માણસ સવાબની નિય્યતે તિલાવત કરે છે, પણ જ્યારે તેને ફરિશ્તાઓની હાજરી અને તેમના આગમનની ખબર આપવામાં આવે છે તો તેનો શોખ વધી જાય છે અને તે વધુ શોખ અને મહોબ્બતથી કુર્આનની તિલાવત કરે છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

أَقِمِ الصَّلٰوةَ لِدُلُوْكِ الشَّمْسِ إِلٰى غَسَقِ اللَّيْلِ وَقُرْاٰنَ الْفَجْرِ إِنَّ قُرْاٰنَ الْفَجْرِ كَانَ مَشْهُوْدًا ۔

નમાઝ કાયમ રાખો સૂર્ય નમવાથી રાતના અંધારા સુધી અને સવારનું કુર્આન બેશક ! સવારના કુર્આનમાં ફરિશ્તાઓ હાજર થાય છે.

ઉપરોકત આયતમાં નમાઝની પાબંદી સાથે કુર્આનની તિલાવતનો શોખ આપવામાં આવ્યો. જેનાથી તિલાવત અને અમલનો સંગમ ઉત્તમ છે ! એ તરફ ઈશારો કરવામાં આવ્યો. ફજરની નમાઝ સૂઈને ઉઠયા બાદ પઢવામાં આવે છે. એટલે તેમાં મુસલમાનોની વધુ ગફલત જોવા મળે છે. તો તે સમયની તિલાવત પર ફરિશ્તાઓની હાજરીની બશારત સંભળાવામાં આવી. બીજું એ કે નમાઝની તિલાવત ઉત્તમ છે અને ઉપરોકત ઉત્તમતા ફજરની નમાઝ પઢીને પ્રાપ્ત કરી શકાય છે.

## ★ નમાઝની તિલાવતની ઉત્તમતાનું મહત્વ ★

નમાઝમાં માણસનું મોં કિબ્લા તરફ હોય છે. જગા, કપડાં તથા પોતે પણ પાક સાફ હોય છે. ખાવા, પીવા, ચાલવા, ફરવા, વાતચીતથી નિવૃત્ત થઈ જાય છે. તેની દરેક સ્થિતિ ઈબાદતની હોય છે. ધ્યાન માત્ર અલ્લાહ ત્આલા તરફ હોય છે. એટલે કે તિલાવતના જેટલા અદબો છે નમાઝમાં મળે છે. એટલે નમાઝની તિલાવતને બીજા સમયમાં કરવામાં આવતી તિલાવત પર ઉત્તમતા આપવામાં આવી છે.

## ★ દેખાડો કરનાર સવાબથી મહરૂમ ★

તમને એ વાતની સારી એવી ખબર છે કે આખેરતમાં





કોઈ નેક અમલનો બદલો પ્રાપ્ત કરવા માટે ઈખ્લાસ અને સત્ય નિય્યતની જરૂરત છે. એટલે કે અલ્લાહ ત્આલાની ખુશી માટે એ કામ કરવામાં આવે. લોકોની તારીફ કમાવા માટે અથવા દુનિયાની પ્રાપ્તિ માટે ન હોય. નહીં તો ગમે તેવા નેક અમલનો બદલો આખેરતમાં મળશે નહીં. કુર્આનની તિલાવત બાબતે પણ એ મસ્અલો છે કે, કોઈ મુસલમાન મખરજથી કુર્આન પઢે, પણ તેને તજવીદના સઘળા કાયદા ન આવડતા હોય, જો તે અલ્લાહના કલામને અલ્લાહની ખુશી માટે પઢતો હોય અને તેના દિલમાં ઈખ્લાસ હોય તો તેનો અમલ ખુદાની બારગાહમાં મકબૂલ છે અને તેને તેના અમલનો બદલો આખેરતમાં મળશે. પરંતુ જે ખૂબ સારી કિરાઅત પઢતો હોય, જેના મખરજ પણ કાબિલે તારી, જેનો લહેજો દિલમાં મહોબ્બત પેદા કરે, મધૂર અને મીઠો અવાજ, તજવીદના સઘળા કાયદાઓ પર સંપૂર્ણ અમલ, પણ તેની નિય્યત લોકોને ખુશ કરવાની, તેમનાથી તારીફ કમાવાની અને દુનિયાનો માલ હાંસલ કરવાની હોય તો તેનો અમલ ખુદાની બારગાહમાં કબૂલ નથી. સાબિત થયું કે અમલના કબૂલ થવામાં ઈખ્લાસ અગત્યનો છે.

અબૂ દાવૂદમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે : આપ કહે છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم અમારી પાસે તશરીફ લાવ્યા જ્યારે અમે કુર્આનની તિલાવત કરી રહ્યા હતા, અમારામાં ગામડીયા અને ગૈર અરબી લોકો પણ હતા. આપે ફર્માવ્યું, પઢો તમારામાં દરેક સારૂ પઢે છે અને એક એવી જમાઅત નિકટમાં પેદા થશે જેમાંના અમુક લોકો કુર્આનને એવું સીધું કરશે જેમ તીરને સીધું કરવામાં આવે છે. તેનો બદલો જલ્દી (દુનિયામાં) પ્રાપ્ત કરવા માંગશે અને તેને આખેરત માટે બાકી રાખશે નહીં.

## ★ તિલાવતનો મકસદ ★

કુર્આન શરીફનો હક ત્રણ ચીજોથી સંબંધિત છે. તિલાવત,

ઈલ્મ, અમલ. જે માણસ કુર્આનની તિલાવત સારી કરે, કિરાઅત ઢબથી પઢે, પણ તેની પાસે કુર્આન સમજવાનું ઈલ્મ નથી તો તેણે કુર્આનનો હક અદા ન કર્યો. જેણે તિલાવતનો તરીકો હાંસલ કર્યો તે પ્રમાણે તિલાવત કરે છે તેની પાસે કુર્આનનું ઈલ્મ પણ છે પરંતુ તે અમલ નથી કરતો તો તેણે પણ કુર્આનનો હક અદા ન કર્યો. સાબિત થયું કુર્આનનો હક અદા કરવા માટે તિલાવત, ઈલ્મ અને અમલ ત્રણેવની જરૂરત છે. આ ત્રણેવ માટે આખિરતને સંબંધિત એક ચીજ છે ઈખ્લાસ. જેની પાસે ત્રણેવ હોય પણ ઈખ્લાસ ન હોય તેણે પણ હક અદા ન કર્યો અને તેની કોશિશ બેકાર થઈ પોતાની ભૂલને લઈને. એટલે તિલાવત બાબતે આ વાતો ભૂલવામાં ન આવે.

## ★ તિલાવતમાં તરતીલ જરૂરી છે ★

આજ કાલ એ જોવા મળે છે કે મદ્રસાઓમાં બાળકોને કુર્આન શરીફની તિલાવત તો શિખવાડવામાં આવે છે પરંતુ તે માત્ર તિલાવત હોય છે. અરબી શબ્દોના ઉચ્ચાર તરફ તદ્દન ધ્યાન આપવામાં આવતું નથી. જ્યારે કે તિલાવત માત્ર કુર્આન પઢવાનું નામ નથી. બલ્કે તેમાં અરબી શબ્દોના ઉચ્ચારની જરૂરત છે. તરતીલનો સૌથી નીચલો દરજ્જો અરબી શબ્દોનો તજવીદ પ્રમાણે સત્ય ઉચ્ચાર છે, તેની નીચે કોઈ દરજ્જો નથી. જો તિલાવતમાં અરબી શબ્દોના ઉચ્ચારનો ખ્યાલ ન કરવામાં આવે તો તેવી તિલાવત સવાબનું કામ નથી પણ ગુનાહનું કામ છે. નમાઝ બહાર તિલાવત સુન્નત અને મુસ્તહબ છે. પઢે તો સવાબ, ન પઢે કોઈ ગુનોહ નથી. પરંતુ ખોટા મખરજ અને **ખોટા ઉચ્ચારથી તિલાવત કરવી હરામ છે** અને **હરામ કામ કરવાથી સવાબ નથી મળતો, ગુનોહ થાય છે**. એટલે મદ્રસાઓમાં બાળકોને પ્રથમ અરબી શબ્દોના ઉચ્ચાર શીખવાડવામાં આવે અને પછી કુર્આનની તિલાવત શીખવાડવામાં આવે.

નમાઝમાં કુર્આન શરીફના કોઈ પણ ભાગની તિલાવત ફર્ઝ છે. સૂરએ ફાતિહા અને તેની સાથે સૂરત અથવા નાની ત્રણ





આયતો અથવા મોટી એક આયત મેળવવી વાજિબ છે. જો નમાઝ તરફથી કઈ પણ રકાતમાં અથવા એક રકાતમાં તદ્દન કિરાઅત ન કરવામાં આવે તો નમાઝ થશે નહીં. એ સૂરએ ફાતિહા અને તેની સાથે સૂરત મેળવવામાં ન આવે તો વાજિબ છોડવાથી નમાઝ ફરીથી પઢવી વાજિબ રહેશે. જાણવા મળ્યું કિરાઅત નમાઝનો એક ભાગ અને ફર્ઝ છે. જ્યારે વિના મખરજ અને સત્ય ઉચ્ચાર વગર કિરાઅત માન્ય નથી અને દરેક બાલિગ પર નમાઝ છે તો ઉચ્ચાર વિના તે નમાઝનો આ ફર્ઝ શી રીતે અદા કરશે. એટલે કે દરેક મુસલમાને મખરજ અને અરબી શબ્દોના ઉચ્ચાર શીખવા જરૂરી છે. જો વિના ઉચ્ચારે પઢવામાં આવશે તો ફર્ઝ કિરાઅત છૂટશે અને ફર્ઝ છૂટવાથી નમાઝ થશે નહીં.

## ★ એક પ્રશ્ન અને તેનો ઉત્તર ★

જુના લોકો જેમની ઉંમર થઈ ગઈ પણ તેમને અરબીના ઉચ્ચાર આવડતા નથી અને તેઓ નમાઝ પઢે છે તેમનું શું થશે ?

આ શરીઅતનો કાયદો છે ઉમરવાળા માટે માફ નથી, જો તેણે અરબી શબ્દોના ઉચ્ચારનું ઈલ્મ પ્રાપ્ત ન કર્યું હોય તો હાંસલ કરે. હદીષમાં છે :–

اُطْلُبُوا الْعِلْمَ مِنَ الْمَهْدِ اِلَى اللَّحْدِ

ઈલ્મ હાંસલ કરો પેદાઈશથી મોત સુધી.

શીખવાના જમાનામાં તેમની ઉપર માફ છે નમાઝ થઈ જશે. પણ જ્યારે શીખવાની નિય્યત ન હતી શીખ્યા બાદ તે સઘળી નમાઝો ફરી પઢવામાં આવે, ન જાણવું પોતાની ભૂલ છે. ન જાણવાનું બહાનું માન્ય રાખવામાં આવશે નહીં.

હદીષમાં છે : اَلْمُتَعَبِّدُ بِغَيْرِ عِلْمٍ كَالْحِمَارِ فِي الطَّاحُوْنِ

વિના ઈલ્મ ઈબાદત કરનાર ઘંટીના ગધેડા જેવો છે.

જુના જમાનામાં તેલ કાઢવા માટે કોલ્હુમાં બળદ અથવા ગધેડો બાંધવામાં આવતો હતો. તે સવારથી સાંજ સુધી વર્તુળમાં ફરતો હોય છે પણ તે વર્તુળમાં જ રહે છે, આગળ નથી વધતો. એ જ દાખલા પ્રમાણે જાહિલ વ્યકિત ગમે તેટલી ઈબાદત અને બંદગી કરે પણ તેનો મર્તબો બુલંદ નથી થતો બલ્કે તે ઘંટી અને કોલ્હુના ગધેડા માફક વર્તુળમાં જ રહી જાય છે. એટલે જરૂરતનું ઈલ્મ ફર્ઝ છે, દરેકે શીખવું જોઈએ.

**★ એક સહુલત :–** જાહિલો માટે એક સહુલત એ નીકળી શકે છે કે તેઓ સઘળા કુર્આનની તિલાવત મખરજથી ન શીખે તો કોઈ વાંધો નથી. તેઓ પોતે સઘળા કુર્આનની તિલાવત નહીં કરી શકે. **પરંતુ નમાઝ માટે જેટલું વાજિબ અને ફર્ઝ છે એટલું જરૂરથી સુધારી લેવામાં આવે. આટલાથી કમસે કમ નમાઝ તો થઈ જશે.** ત્યાર બાદ વધારાની કોશિશ કરવામાં આવે.

કુર્આન શરીફમાં છે :–

وَرَتِّلِ الْقُرْآنَ تَرْتِيلًا "કુર્આન તરતીલથી પઢો."

આ આયતથી કુર્આનનું તરતીલથી પઢવું જરૂરી છે એ સાબિત થાય છે, એટલે તરતીલની જરૂરતનો ઈન્કાર થઈ શકતો જ નથી.

فَاقْرَءُوْا مَا تَيَسَّرَ مِنَ الْقُرْآنِ "તો પઢો તે જે સરળ છે કુર્આનમાંથી."

આ આયતથી કુર્આનની તિલાવતનો કોઈ પણ એક ભાગ જે બસ્મલા શરીફ જેટલો હોય ફર્ઝ છે એ સાબિત થાય છે અને વાજિબનો સુબૂત હદીષે પાકથી છે.

**★ તિલાવતનો લહેજો :–** એ તો સાબિત થઈ ગયું કે કુર્આન શરીફની તિલાવત મખરજ અને અરબી શબ્દોના સત્ય ઉચ્ચાર સાથે કરવામાં આવે. વિના ઉચ્ચારે તિલાવત કરવી જેને તજવીદના કાયદામાં **લેહને જલી** કહેવામાં આવે છે. લેહને જલી સાથે કુર્આન





પઢવું અને સાંભળવું બંને **હરામ** છે, ગુનાહનું કામ છે. શબ્દોને લગતી અમુક એવી સિફતો છે જેના પઢવાથી સુંદરતામાં વધારો થઈ જાય છે. તજવીદના વિષયમાં આ પ્રમાણેની વાતોની છણાવટ કરવામાં આવે છે. જો સુંદરતામાં વધારો કરતી સિફતોનો ખ્યાલ કરવામાં ન આવે તો તેને **લેહને ખફી** કહેવામાં આવે છે. તે હરામ નથી **મકરૂહ** અને **નાપસંદ** છે. જો મખરજની અદાયગી થતી હોય તો સુંદરતામાં વધારો કરતી સિફતોને છોડી દેવામાં આવે. તો પણ નમાઝ થઈ જશે. તિલાવતના લેહજામાં આ વાતો અગત્યની હતી.

લોકોની પઢવાની ઢબો પણ અલગ અલગ હોય છે. તે ચાલી શકે છે પરંતુ તેમાં એ વાતનો ખ્યાલ રાખવો જરૂરી છે કે ગાયનો અને એ ઢબથી પઢવામાં આવતી શાયરી માફક કુર્આનની તિલાવત ન બની જાય. વત્તા બીજા ધર્મના લોકો પોતાના ધર્મ પુસ્તકને જે ઢબોથી પઢતા હોય કુર્આન શરીફને તે ઢબોથી પઢવામાં ન આવે. અહલે કિતાબ યહૂદી અને ઈસાઈ પોતાની ધાર્મિક કિતાબોની જે ઢબથી તિલાવત કરતા હોય કુર્આનની તિલાવત તેવી ઢબથી કરવામાં ન આવે. ઉપરોકત ઢબોને છોડી બીજી ઢબોથી કુર્આન શરીફની તિલાવત થઈ શકે છે. પરંતુ ઢબોમાં ઉત્તમ ઢબ અરબી લોકોના પઢવા પ્રમાણે પઢવું છે જેઓ તજવીદને લક્ષમાં રાખીને પઢતા હોય.

બયહકી શરીફમાં હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત છે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કુર્આનને અરબી લોકોની ઢબો અને તેમના અવાજથી પઢો. ઈશ્કવાળાઓ અને અહલે કિતાબ યહૂદી અને ઈસાઈઓની ઢબમાં પઢવાથી દૂર રહો. મારા બાદ એક કોમ એવી આવે જેઓ ગાયનો અને માતમની ઢબ પર કુર્આન પઢશે. કુર્આન તેમના ગળા નીચે નહીં ઉતરે (કબૂલ નહીં થાય) **તેમની કિરાઅત સાંભળીને ખુશ થવાવાળાઓનાં દિલો ફિત્નામાં પડી જશે.**

ઉપરોકત હદીષ શરીફથી જાણવા મળ્યું કે કુર્આન શરીફને કોઈ પણ ઢબમાં નથી પઢી શકાતું, બલ્કે તેમાં પણ ઉપરોકત ઢબોથી

બચવું જરૂરી છે. ગાયનોની ઢબોમાં પઢવામાં આવતી તિલાવત ખુદાની બારગાહમાં કબૂલ થતી નથી કારણ કે તેમાં દુનિયાદારોની મહોબ્બત ટપકી રહી છે.

ખોટી ઢબોમાં પઢવામાં આવતી તિલાવત લોકોને સારી લાગે અને લોકો તેવી ઢબોમાં કુર્આન શરીફ પઢવું પસંદ કરે તો પણ તેવી ઢબોથી પઢવામાં આવશે નહીં. બલ્કે લોકોને તે બાબતે શરઈ હુકમ સંભળાવવામાં આવશે. અને જો કોઈ કારી લોકોની વાહ વાહ માટે આ પ્રમાણેનું કામ કરતો હોય તો તેને પણ રોકવામાં આવશે. કુર્આન ખુદાનું કલામ છે, તેને દુનિયાદારોની ઢબોથી અલગ રાખવામાં આવશે. પબ્લિક ખોટી ઢબોમાં કુર્આન શરીફ પઢવાની ફરમાઈશ કરશે તો તેઓ મુજરિમ છે અને તેમની વાત સાંભળી અમલ કરનાર પણ મુજરિમ છે. જો કોઈ કિરાઅત કરવાવાળો કોઈ પણ ફરમાઈશ વિના પોતાની ચાહતથી ખોટી ઢબોમાં કુર્આન પઢશે તો પોતે તો ફિત્નામાં પડેલો છે, પણ સાંભળનારને પણ ફિત્નામાં નાખશે. એટલે આ વાત કિરાઅત બાબતે ભૂલવામાં ન આવે.

## ★ કોની કિરાઅત સાંભળો ★

ફાસિકની તાઝીમ અને ઈજ્જત ઈસ્લામી કાયદાના આધારે જાઈઝ નથી. અને ફાસિકને આગળ કરવો, તેને કિરાઅતનો મોકો આપવો, તેની કિરાઅતને તેનાથી ખુશ છે તે સ્થિતિમાં સાંભળવી એની રજા આપવામાં નથી આવી.એટલે કિરાઅત બાઅમલ કારીથી સાંભળવામાં આવે.

દારેમીમાં હઝરત તાઉસ رضی اللہ عنہથી રિવાયત છે : આપ કહે છે, નબી صلی اللہ تعالیٰ علیہ وسلمને પ્રશ્ન પૂછવામાં આવ્યો, લોકોમાં કોણ કુર્આન માટે અવાજવાળો અને સારી કિરાઅતવાળો છે ? આપે ફર્માવ્યું, તે જેનું પઢવું તમે સાંભળો તો મને એવું લાગે, બેશક ! તે ખુદાથી ડરનાર છે.

પરહેઝગાર માણસની વાતમાં એક રૂહાની અસર હોય





છે, જેને લોકોના દિલોમાં જગા મળે છે. એ જ પ્રમાણેની તિલાવતમાં પણ અસર છે. તે પઢતો હશે તો ખુદાની ખુશનુદી માટે, દેખાડા માટે નહીં. બીજું એ કે તેનું પઢવું સારું લાગશે અને તેની તારીફ કરવામાં આવશે, તો તે તારીફ મુત્તકી અને પરહેઝગારની થશે. મુત્તકી ખુદાને પસંદ છે તો તેની તારીફ પણ ખુદાને પસંદ રહેશે. તેની મહોબ્બત સાંભળનારના દિલમાં પણ પરહેઝગાર બનવાનો જઝબો પેદા કરશે અને તે સાંભળનારની આખેરત માટે ઉત્તમ છે અને પઢનાર પરહેઝગાર હશે તો પોતાના શુભેચ્છકને દીન પર લાવવાની કોશિશ કરશે. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلمએ આપણને એટલા માટે બતાવ્યું કે તમારા માટે ઉત્તમ કિરાઅત તે કારીની છે જેની તિલાવત તમે સાંભળો તો તમને એવું લાગે કે પઢનાર ખુદાથી ડરનાર છે. કુર્આન તો ગમે તેના મુખેથી કુર્આન જ છે. તેમાં તો કોઈ ફેરફાર નથી. પરંતુ ફાસિકોનું પઢવું તેમના અમલથી વિરૂધ્ધ જાય છે. જ્યારે પરહેઝગાર ઈબાદત ગુઝાર જે પઢે છે તેનો અમલ પણ તેવો જોવા મળે છે.

## ★ સુંદર સ્વરે કુર્આન પઢો ★

કુર્આન શરીફ ખુદાનું કલામ છે. તેને તજવીદના કાયદાથી જાઈઝ ઢબ અને સુંદર સ્વરે પઢવું જોઈએ. ખુદાના કલામથી લોકોના દિલોમાં કુર્આનની મહોબ્બત મજબૂત થાય છે અને પઢવાવાળાના સવાબમાં વધારો થાય છે. અબૂ દાવૂદ શરીફમાં હઝરત બરાઅ બિન આજિબ رضی اللہ عنہથી રિવાયત છે, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, કુર્આનને તમારા અવાજથી શણગાર આપો.

શણગાર આપવાનો મતલબ એ નથી કે તમે ગમે તેવી સ્ટાઈલમાં પઢો અને શણગાર આપો. શણગાર આપવાનો એક કાયદો નિયુકત છે જેને તજવીદ કહેવામાં આવે છે. તે પ્રમાણે પઢીને શણગાર આપો. તેનાથી ખસવું શણગાર નથી, બગાડ છે. એટલે કુર્આન પઢવા બાબતે ઉપરોકત વાતનો ખ્યાલ રાખવામાં આવે.

બુખારી શરીફમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત

છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

لَيْسَ مِنَّا مَنْ لَّمْ يَتَغَنَّ بِالْقُرْآنِ

જે કુર્આનને સુંદર સ્વરે ન પઢે તે અમારા સંપૂર્ણ માર્ગથી અલગ છે.

એટલે કે મુસલમાનના ઈમાનની ચાહત એ છે કે તે પોતાના દરેક કામથી ઈસ્લામની મહોબ્બત પ્રગટ કરે. તેઓ પૈકી એ છે કે કુર્આન પણ એ પ્રમાણે પઢે કે ખુદાના કલામથી સંપૂર્ણ મહોબ્બત છે એ સાબિત થાય અને બીજા મુસલમાનોને કુર્આન શરીફ પઢવાનો શોખ પેદા થાય.

## ★ નબીની કિરાઅત ★

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહના નબી છે, જેમની ઉપર અલ્લાહ ત્આલાએ કલામે મજીદ ઉતાર્યું. જ્યારે આપ સાહિબે કુર્આન છે તો આપની તિલાવત અને કિરાઅતની શાન શબ્દોથી કોઈ બયાન કરી શકે છે ? બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહ ત્આલા જેમ નબીનો અવાજ સાંભળે છે જ્યારે તેઓ સુંદર સ્વરે કુર્આન પઢે છે એ પ્રમાણે બીજો કોઈ અવાજ નથી સાંભળતો. એટલે કે નબીએ પાકનું કુર્આનની તિલાવત કરવું પણ તેમનો એક મો'જેઝો હોય છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે અરબના કબીલાઓને ઈસ્લામની દાવત આપતા અને તેમને કુર્આન પઢીને સંભળાવતા, તો લોકોની આંખોથી અશ્રુવર્ષા થવા લાગતી. અને ત્યાર બાદ અરબના ઈસ્લામ દુશ્મન સરદારો એવું કરતા કે જ્યારે આપ લોકોને કુર્આન સંભળાવતા તો પોતે બૂમો પાડતા કે લોકોના દિલોમાં આપની તિલાવત ઉતરી ન શકે. બલ્કે હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ પોતાના ઘર આંગણે એક રૂમમાં બુલંદ અવાજથી કુર્આન પઢતા તો ઓરતો અને બાળકો આપની તિલાવત





સાંભળવા આપની નિકટ આવી જતાં. સરદારોને ખતરો લાગ્યો તો તેમણે હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ ની તિલાવત પર પાબંદી લગાડી અને બુલંદ અવાજે કુર્આન પઢવા પર પ્રતિબંધ મૂકયો. પછી નબીની તિલાવત અને કિરાઅત કેવી હશે ? જેનાથી અરબના જાહિલિય્યતના યુગમાં એવો પલ્ટો આવ્યો કે શિર્ક અને બુતપરસ્તી કરનાર ઈસ્લામી તૌહીદના અલમબરદાર બની ગયા. નબીથી મધુર સ્વર કોનો હોય ? નબીથી વધારે તજવીદથી પઢનાર કોણ હોય ? નબીથી સારી ઢબ કોની હોય ? નબીના પઢવાથી વધારે તાસીર કોની હોય ? નબીથી વધારે કોનું પઢવું મકબૂલ હોય ? નબીથી વધારે સવાબ કોને પ્રાપ્ત થાય ? નબી તો નબી જ છે, તેનાથી વધીને ખુદાની મખ્લૂકમાં કોણ હોય ? જો હોય તો તે પણ નબી જ હોય.

બુખારી અને મુસ્લિમમાં હઝરતે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની બીજી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે નબી મધુર સ્વરે બુલંદ અવાજે કુર્આનની તિલાવત કરે છે અલ્લાહ ત્આલા તેમનો અવાજ સાંભળે છે તેવો કોઈનો સાંભળતો નથી. એટલે કે નબીના મુખેથી કુર્આનની તિલાવત અલ્લાહ ત્આલાને સૌથી અધિક પસંદ આવે છે.

તિર્મિઝી શરીફમાં હઝરત યઅબા બિન મમલકથી રિવાયત છે : તેમણે ઉમ્મુલ મો'મેનીન ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ને પ્રશ્ન કર્યો નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની કિરાઅત બાબતે. તો તેમણે હુઝૂરની કિરાઅત શબ્દ શબ્દ બયાન કરી. એટલે કે આપે એ પ્રમાણે કિરાઅત સંભળાવી અથવા એમના કહેવાનો ભાવાર્થ એ છે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم કુર્આનની તિલાવત એ પ્રમાણે કરતા કે જો કોઈ શબ્દો ગણવા ઈચ્છે તો ગણી શકે. નમ્રતાપૂર્વક છૂટા શબ્દે સંપૂર્ણ મખરજથી તિલાવત ફર્માવતા હતા.

તિર્મિઝી શરીફની બીજી રિવાયતમાં હઝરતે ઉમ્મે સલ્મા رضی اللہ عنہا થી રિવાયત છે : આપ ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તોડી તોડીને કિરાઅત કરતા. ''અલ્હમ્દુલિલ્લાહે રબ્બીલ્ આલમીન''

પઢતા પછી રોકાતા, પછી "અર્રહ્‌માનિર્રહીમ" પઢતા અને પછી રોકાતા. એટલે કે આપ આયતો પર વકફ કરતા હતા.

## ★ તરાવીહમાં લેહને જલી ★

તમને એ વાત તો બતાવવામાં આવી કે અરબી શબ્દોના જે ઉચ્ચાર છે તે શબ્દોની અતૂટ સિફત છે, શબ્દોથી કયારે પણ જુદા થઈ શકતી નથી. અને દરેક પઢવાવાળાએ ઓછામાં ઓછો ઉચ્ચારનો ખ્યાલ રાખવો જરૂરી છે. નહીં તો કુર્આન પઢવું સવાબની જગાએ અઝાબનું કારણ બની શકે છે. જો કે હાફિઝો અને આલિમો તરફથી નમાઝમાં કુર્આનની તિલાવત થાય છે તે એકંદરે ઉચ્ચારની અદાયગી સાથે હોય છે. ભલે પછી તેમાં સુંદરતાના કાયદાઓ ઉપયોગમાં લાવવામાં ન આવતા હોય. પણ જ્યારે રમઝાનનો મુબારક મહિનો આવે છે અને તરાવીહમાં ખત્મે કુર્આનની સુન્નતનો સવાલ આવે છે તો લોકો તરફથી તરાવીહ માટે હાફિઝોની વ્યવસ્થા કરવામાં આવે છે અને **હાફિઝો તરફથી તરાવીહ ખત્મે કુર્આનનો હદિયો પણ ફિક્સ કરવામાં આવે છે.** જ્યારે કે આ વાતના જવાઝની (જાઈઝ હોવાની) કોઈ દલીલ મળતી નથી. બીજું એ કે વિના ઉચ્ચારે જલ્દી જલ્દી પઢવામાં આવે છે. જે લેહને જલી કહે છે, અને આમ પઢવું **હરામ** છે. તેનાથી નમાઝ થતી નથી. મહેનત કરો અને પાણીમાં જાય ! ત્રીજું એ કે જો કોઈ મસ્જિદમાં સારો તજવીદ અને હદરથી કુર્આન પઢવાવાળો હાફિઝ હોય તો લોકો તરફથી ફરિયાદો થતી હોય કે આ તરાવીહ કેવી રીતે પઢી શકાય. હાફિઝ સાહેબ તો કેટલી ધીમી ગતિએ પઢે છે, એ તો સવારમાં આરામ કરશે અને અમારે તો કામે જવાનું છે. આ પ્રમાણેની ફરિયાદો સાંભળીને હાફિઝ સાહેબ ગુસ્સે થાય અને જલ્દી જલ્દી પઢવામાં ઉચ્ચારને ભૂલી જાય અને લહેને જલીનો ગુનોહ કરી બેસે. સારાંશ એ કે હાફિઝ સારો હોય તો પબ્લિક સારી ન હોય અને પબ્લિક સારી હોય તો હાફિઝનાં ઠેકાણા ન હોય. જેનાથી દુનિયામાં તરાવીહની સુન્નત પર અમલ થાય છે, પણ ખુદા માફ કરે. તરાવીહમાં ખત્મે કુર્આન સુન્નત





છે, પણ નમાઝમાં ઉચ્ચારથી પઢવું ફર્ઝ છે. ફર્ઝ છૂટી રહ્યો છે અને સુન્નતની બૂમો પાડવામાં આવે છે. જો આ પ્રમાણેની હાલત છે તો પછી સૂરતોની તરાવીહ મખરજથી પઢવામાં આવે તો ભલેને સુન્નત છૂટે પણ તદ્દન તરાવીહ તો ગાયબ ન થાય. વર્તમાન યુગમાં આ વાત પર ધ્યાન આપવાની જરૂરત છે.

## ★ દારૂલ ઉલૂમની બેદરકારી ★

જ્યારે દારૂલ ઉલૂમના કાર્યકર્તાને એ વાતની ખબર છે કે મખરજ સાથે કુર્આન પઢવું ફર્ઝ છે અને હાફિઝ કલાસ ચલાવતા હાફિઝોને પણ એ જ્ઞાન છે કે, મખરજ સાથે પઢવું ફર્ઝ છે, તો પછી હાફિઝ બનતા બાળકોને મખરજથી યાદ કરવામાં કેમ નથી આવતું ? જે પ્રમાણે યાદ કરવામાં આવે તે પ્રમાણે યાદ રહે છે. મખરજથી યાદ કરવામાં આવે તો મખરજથી અને વિના મખરજે યાદ કરવામાં આવે તો વિના મખરજે યાદ રહે છે. યાદ કરી લીધા પછી અને હાફિઝ બની ગયા બાદ જો તે ઈચ્છે કે મખરજથી પઢે, તો તે શકય નથી. તેને ફરી નવા નામથી કોશિશ કરવી પડશે. તો પછી હાફિઝો અને મદ્રસાના કાર્યકર્તાઓ પ્રથમથી મખરજનો ખ્યાલ રાખવાનું કેમ નથી કહેતા ? દારૂલ ઉલૂમમાં કારીની જરૂરત માત્ર કિરાઅત માટે નથી બલ્કે હાફિઝ કલાસના હાફિઝો પણ કારી હોવા જોઈએ. જો મખરજ સાથે કુર્આન યાદ કરાવવામાં ન આવે અને ગમે તેવા હાફિઝો બનાવીને લોકોમાં દારૂલ ઉલૂમને ખ્યાતિ આપવામાં આવે તો એનાથી દીનને કોઈ ફાયદો નથી. આ કામને ફરેબ તો કહી શકાય છે, દીની ખિદમત નથી કહી શકતા ! એટલે ખુદારા દીની સંસ્થાઓમાં ધ્યાન આપો અને શરઈ કાયદાથી તેને આગળ ધપાવો. દુનિયાને ફરેબ આપી શકાય છે અને આજે દુનિયાથી અસંખ્ય દીની સંસ્થાઓ ધર્મના નામ પર મુસલમાનોને ફરેબ આપી રહી છે. પણ શું ખુદાને ફરેબ આપી શકાય છે ? તો પછી આખિરતમાં તમારા અમલનો બદલો તમને મળશે નહીં. આખિરતમાં કંઈ જોઈતું હોય તો દીની સંસ્થાને ઈમાનદારીથી દીનની પ્રગતિ માટે ચલાવો. મને મીઠું બોલતા આવડતું જ નથી, કારણ કે

દુનિયામાં ઘણા બધા મૌલ્વીઓ છે જેમનો હેતુ દુનિયાને ખુશ રાખવી અને પોતાના ખીસ્સાં ભરવાં ! તેઓ મીઠી વાતો જ બોલતા હોય છે, દીન બરબાદ થતો હોય, વકફની મિલ્કતો બરબાદ થતી હોય પણ તેનાથી નિગાહ માત્ર પોતાના ફાયદા તરફ હોય છે અને એ પ્રકારના આલિમોએ જ દુનિયાનો માહોલ ખરાબ કર્યો છે. તો હે લોકો ! મીઠી મીઠી વાતો માટે તમારી સમક્ષ અસંખ્ય આલિમો છે. જો માણસ મીઠું જ ખાતો રહે તો સુગરની બીમારી થઈ શકે છે. એટલે હું દરેકને કડવી જ દવા આપું છું. જે જૂઠા મૌલ્વીઓની મીઠી વાતોએ ફેલાવેલ સુગરના ઝેરને મારે છે અને ધાર્મિક શિફા આપે છે.

## ★ કુર્આન શીખવનાર અને શીખનાર ★

જ્યારે કુર્આન શરીફ ખુદાની મુકદ્દસ અને મુબારક કિતાબ છે અને તેમાં "કૂજામાં દરિયો" માફક અસંખ્ય ઈલ્મો ભરી દેવામાં આવ્યાં છે. દરેક પોતાની ખુદાઈ અતા પ્રમાણે તેમાંથી મોતીઓ કાઢે છે. દુનિયામાં કુર્આન શરીફની જુદા જુદા ઢબોથી સેંકડો તફસીરો લખવામાં આવી છે, પરંતુ આજ સુધી કોઈ મુફસ્સિર અને આલિમ એવો પેદા નથી થયો જેણે એ દાવો કર્યો હોય કે મેં કુર્આનના સઘળા ઈલ્મો અને તેની દરેક તફસીર અને તેના સઘળા રહસ્યોને ભેગા કરી લીધાં છે, અને કોઈ કેવી રીતે હિંમત કરી શકે છે ? આ કોઈ માણસનું કલામ થોડું છે ? જેનું નોલેજ એક હદમાં અને જેની વિચારેલી વાતો એક હદમાં હોય ? બલ્કે આ તો ખુદા ત્આલાનું કલામ છે, જ્યારે ખુદા ત્આલાનું ઈલ્મ બેહદ અને બેસીમા છે તો તે નાઝિલ કરેલ કલામના રહસ્યો પણ સીમાથી બહાર છે. દરેક પોતાના ઈલ્મ અને ખુદાના ફઝલથી તેમાંનાં અમુક મોતીઓ કાઢી લાવે છે અને બસ, અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

وَمَآ اُوْتِيْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِيْلًا

અને તમને ઈલ્મથી થોડું જ આપવામાં આવ્યું

અને અલ્લાહ ત્આલા પોતાના કલેમાત માટે ફર્માવે છે :–





قُلْ لَّوْ كَانَ الْبَحْرُ مِدَادًا لِّكَلِمٰتِ رَبِّيْ لَنَفِدَ الْبَحْرُ قَبْلَ اَنْ تَنْفَدَ كَلِمٰتُ رَبِّيْ وَلَوْ جِئْنَا بِمِثْلِهٖ مَدَدًا

તમે ફર્માવી દો, જો દરિયો મારા રબની વાતો માટે શાહી હોય તો અવશ્ય દરિયો પૂરો થઈ જાય અને મારા રબની વાતો પૂરી ન થાય.જો આપણે બીજું એટલું વધારે તેની મદદે લઈ આવીએ.

જ્યારે અલ્લાહ ત્આલાનું કલામ આટલું મુકદ્દસ પાકીઝા અને ઈલ્મોનો ખઝાનો છે અને જેના રક્ષણની જવાબદારી ખુદા ત્આલાએ પોતાના કરમ અને કૃપા પર લીધી છે તો પછી તેને શીખવાની અને શિખવાડવાની કેટલી ફઝીલત અને ઉત્તમતા હશે ? સરકારેમદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :–

خَيْرُكُمْ مَّنْ تَعَلَّمَ الْقُرْاٰنَ وَعَلَّمَهٗ

તમારામાં અતિ ઉત્તમ તે છે જેણે કુર્આન શીખ્યું અને બીજાને શીખવાડયું. (બુખારી શરીફ).

કુર્આન શીખવાડવાના અને શીખવાના ઘણા પ્રકાર છે : (૧) મખરજ સાથે તિલાવત શીખવી. (૨) તજવીદ સાથે તિલાવત અને હદર શીખવું. (૩) મખરજ સાથે હાફિઝ બનવું. (૪) કુર્આન શરીફનો તરજુમો અને તફસીર શીખવી. (૫) ઈલ્મે મઆની અને બયાનથી કુર્આનની ફસાહત અને બલાગતના રહસ્યો જાણવાં. (૬) કુર્આન સમજવા માટે તેને લગતાં બીજા ઈલ્મો શીખવા. આ સઘળાં કામોની પ્રાપ્તિ કુર્આની ઉલૂમની પ્રાપ્તિ છે. તેમાં પોતાનો વખત લગાડવો, કુર્આન સમજવામાં વખત લગાડવો છે. જેમ કુર્આન દુનિયાની સઘળી કિતાબોમાં ઉત્તમ છે, તેની તાલીમમાં મશ્ગૂલ થનાર અને શીખવનાર પણ બીજા ઈલ્મો શીખનાર અને શીખવનારથી ઉત્તમ છે. જ્યારે તેઓ ખુદા અને રસૂલની બારગાહમાં ઉત્તમ છે તો આપણે પણ તેમને ઉત્તમ સમજવા જોઈએ, તેમની ઈજ્જત કરવી જોઈએ અને જ્યારે કુર્આન શીખવું અને શીખવવું બીજાં કામોથી ઉત્તમ છે તો એ પણ જાણવા મળ્યું કે નફલ ઈબાદતોથી પણ ઉત્તમ કામ છે.

## ★ તરતીલ એટલે શું ? ★

તમે એ તો જાણી લીધું કે કુર્આન શરીફની તિલાવતમાં તરતીલ જરૂરી છે. તરતીલમાં કેટલું ફર્ઝ છે તેનો પણ ઉલ્લેખ થઈ ગયો છે. તરતીલની વધુ વિગત તફસીરે અઝીઝીમાં છે જેને હું આપની ખિદમતમાં રજુ કરું છું.

હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહેબ ફર્માવે છે : તરતીલ અરબી શબ્દ કોશમાં સ્પષ્ટ અને સાફ તરીકાથી પઢવાને કહેવામાં આવે છે. જ્યારે શરીઅતમાં ઘણી બધી વાતોનો ખ્યાલ રાખી પઢવાને કહેવામાં આવે છે. (૧) શબ્દોને અરબી ઉચ્ચાર અને મખરજથી અદા કરવા. (૨) રોકાવાની જગાએ રોકાવું (વકફ કરવો). (૩) ઝબર, ઝેર અને પેશને સંપૂર્ણ પણે જાહેર કરવા. (૪) અવાજ એટલો બુલંદ કરવો કે પોતે સાંભળી શકે. (૫) અવાજમાં દર્દ પેદા કરવું. (૬) મદ અને તશદીદ સારી રીતે જાહેર કરવી જેનાથી કુર્આનની શાન પ્રગટ થાય. (૭) આયતે રહમત અને આયતે અઝાબનો હક અદા કરવામાં આવે. આ સાત પ્રકારની વાતોને તરતીલ કહેવામાં આવે છે. (આ પ્રમાણે પઢવાથી પઢવાનો સવાબ વધી જાય છે અનેકુર્આનની સુંદરતામાં પણ વધારો થાય છે. એ વાતનો ઉલ્લેખ થઈ ગયો છે કે તરતીલનો સૌથી નીચો દરજ્જો મખરજ અને અરબી શબ્દ ઉચ્ચારથી પઢવું છે. જો વિના મખરજે પઢવામાં આવે તો તેને **લહને જલી** કહેવામાં આવે છે અને એ **હરામ** છે.

## ★ એક ફાયદાની વાત ★

પબ્લિક તો એવું સમજે છે કે કુર્આનના શબ્દો ગમે તેમ પઢી જાવ એ જ તિલાવત છે ! અને દરેક શબ્દ પર દસ નેકીઓ ગણી જ લેવાની ! પણ વાત એવી નથી. સવાબ એટલી સહેલાઈથી નથી મળી જવાનો પણ તેના માટે થોડો શ્રમ પણ કરવો પડશે. થોડી ગળાને અને જીભને તકલીફ આપવી પડશે. વધુ નહીં તો ઉચ્ચાર તો શીખવા જ પડશે. દુનિયામાં દરેક ભાષાનો શબ્દાર્થી ઉચ્ચાર નિયુકત હોય





છે. સારા ભણેલા લોકો એ વાતને સારી રીતે સમજે છે અને પોતાના ભાષણમાં તેમણે અદબી ભાષાનો ખ્યાલ રાખવો પડે છે. પછી તમારું શું કહેવું છે કુર્આન શરીફની તિલાવત બાબત કે આપ પોતાના મુખે ખુદાનું કલામ ખુદાને જ સંભળાવી રહ્યા છો. શું ગમે તેમ પઢશો ? એને તો અદબ ન કહેવાય ! તો હે લોકો ! અરબી શબ્દોના ઉચ્ચાર શીખો અને મખરજથી ખુદાના કલામની તિલાવત કરો. શું તમે ખુદાના કલામના અદબ માટે બે દિવસની કુર્બાની પણ નથી આપી શકતા ? સવાબ કમાવા માટે બે દિવસની કુર્બાની કંઈ નથી. આજે જ તમે એ વાત માટે તત્પર થઈ જાવો.

હું મસ્જિદના ઈમામોને વિનંતિ કરૂં છું કે તમે લોકો કુર્આનની તિલાવતમાં મખરજનું શું મહત્વ છે એ બતાવો અને લોકોને મખરજ શીખવાડો. મખરજથી અધિકની જરૂરત નથી. કોઈ પોતાની ઈચ્છા પ્રગટ કરે તો તમારી મરજી. બે ત્રણ દિવસનું કામ છે.આપને પણ સવાબ મળશે, લોકો પણ કુર્આનની તિલાવત સહીહ ઉચ્ચારથી કરી શકશે. બની શકે તો તેઓને નાની નાની પાંચ સૂરતો મખરજ સાથે પઢતાં શીખવાડો અને કહી આપો કે તમે પોતાની નમાઝમાં માત્ર આ સૂરતો પઢો અને બીજી સૂરતો સુધારવાની કોશિશ કરો. મખરજથી આવડી જાય તો તેને પઢી શકો છો. જો દરેક મસ્જિદનો ઈમામ પોતાના મુકતદી માટે વધુ નહીં માત્ર આટલી કુર્બાની આપે તો મને ઉમ્મીદ છે દરેક મુસલમાન ભાઈને મખરજ આવડી જશે અને તેની પોતાની નમાઝો સહીહ થશે.

મુદર્રિસોને મારી એક વિનંતી કે જ્યારે આપણે દીનની તાલીમના પ્રસાર માટે ટાઈમ આપીએ છીએ અને નવા જનરેશનને કુર્આનની તિલાવત શીખવાડીએ છીએ તો મખરજ પર દબાણ કરવામાં આવે. તખ્તીથી મખરજથી બોલવાની કોશિશ કરવી જોઈએ. અમ્માનો સિપારો પઢશે ત્યાં સુધીમાં તો તેને અરબી શબ્દાર્થી ઉચ્ચાર સારી રીતે આવડી જશે અને ઈન્શાઅલ્લાહ કુર્આનમાં મખરજ બાબતે તમારે કહેવું પણ નહીં પડે અને કામ બની જશે. આજે લોકોમાં મખરજની કમી મદ્રસાની તાલીમની કમીને લઈને જ છે. જો મદ્રસામાં

મખરજ પર ધ્યાન આપવામાં આવે તો પબ્લિકમાં મખરજની મજબૂરી આવી શકતી નથી.

તેહરીકના મુબલ્લિગોને મારી વિનંતિ કે લોકોને થોડી ફઝીલતના સબક આપી અમલ માટે તત્પર કરે. તો પછી પોતાના ઈસ્લાહી સબકોમાં પ્રથમ સ્થાન મખરજને આપે અને મખરજ શીખવાડી નાની નાની ચાર અથવા પાંચ સૂરતો મખરજથી પઢતાં શીખવાડી દે. આ મુબલ્લિગોનું મુસલમાનો પર ઘણુ જ મોટું અહેસાન ગણાશે. મખરજની તાલીમમાં તેની સિફતો ગણાવવાની જરૂરત નથી. માત્ર અરબી શબ્દો બોલતાં શીખવાડે. અમુક વખત એવું પણ થાય છે કે કોઈ વ્યકિતને શબ્દોનો ઉચ્ચાર આવડી જાય છે, પણ જો તેને પૂછવામાં આવે કે આ મખરજ કયાંથી નીકળે છે ? તો શાયદ તે બતાવી ન શકે. એટલે શબ્દો બોલતાં શીખવાડો. આજે દુનિયામાં ઘણી કિતાબો પઢવામાં આવે છે. ફઝીલતના સબક આપવામાં આવે છે. પણ ધ્યાન આપવામાં નથી આવતું તો માત્ર મખરજ પર જે દરેક મુસ્લિમ માટે **ફર્ઝ** છે. કારણ કે નમાઝ ફર્ઝ છે અને નમાઝમાં કિરાઅત ફર્ઝ છે. ફર્ઝનું ઈલ્મ પણ ફર્ઝ છે.

દારેમીમાં હઝરત  બરાઅ બિન આઝિબ صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત છે, આપ કહે છે, મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કહેતાં સાંભળ્યા છે :–

حَسِّنُوا الْقُرْآنَ بِأَصْوَاتِكُمْ فَإِنَّ الصَّوْتَ الْحَسَنَ يَزِيْدُ الْقُرْآنَ.

પોતાના અવાજોથી કુર્આનને શણગારો, બેશક મધુર સ્વર કુર્આનની સુંદરતામાં વધારો કરે છે.

આ હદીષ શરીફમાં કુર્આનને શણગાર આપવાનો મતલબ તરતીલ છે. જેની  વિગત મોહદ્દિષ અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ એ બયાન ફર્માવી. જેનો ઉલ્લેખ થઈ ગયો. કોણ મુસલમાન એવો હશે જે ખુદાની કિતાબને શણગાર આપવા ન ઈચ્છે ? જો તમારી ઈચ્છા છે કે કુર્આનને શણગાર આપો અને તેની સુંદરતામાં વધારો કરો. તો માત્ર ઈચ્છાથી કામ બનશે નહીં, તેને અમલમાં લાવવા માટે કોશિશ





કરવી પડશે. તો તમારી મસ્જિદના ઈમામને વિનંતી કરી તેમનાથી આ દોલત પ્રાપ્ત કરો.

## ★ તરતીલથી કુર્આન પઢવાની ફઝીલત ★

તરતીલથી કુર્આન પઢવાનો એક ફાયદો તો સવાબ પ્રાપ્ત કરવો છે તે ઈન્શા અલ્લાહ મળશે અને તિલાવત પ્રમાણે તેની નેકીઓમાં વધારો થતો રહેશે. પરંતુ આખિરતમાં એક એવો મરતબો પ્રાપ્ત થવાનો છે જેની ગમે તેટલી તારીફ કરવામાં આવે ઓછી છે. તેમને કહેવામાં આવશે કે તમે તરતીલથી કુર્આન પઢવા જાવ, જેમ તમે દુનિયામાં પઢતા હતા અને ચાલતા રહો જે આયત તમારા પઢવામાં છેલ્લી હશે ત્યાં સુધી જન્નત તમારી છે. જેને જેટલી આયતો યાદ હશે તે આયતો પઢીને એટલી દરજ્જાની પ્રાપ્તિ કરી લેશે.

અબૂ દાવૂદમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું સાહિબે કુર્આનને કહેવામાં આવશે પઢતો જા અને ચઢતો જા ! અને તરતીલથી પઢ જેમ તુ દુનિયામાં તરતીલથી પઢતો હતો. તારું મુકામ તે અંતિમ આયત પર છે જેને તુ પઢશે. (સુબ્હાનલ્લાહ !)

ઉપરોકત હદીષે પાકથી કુર્આન શરીફની આયતો મોઢે યાદ કરવાની ફઝીલત જાણવા મળે છે. જેને જેટલી વધુ આયતો મોઢે આવડતી હશે તે તેટલી પઢીને જન્નતમાં એટલી બુલંદીએ પહોંચશે અને એટલા એના મરતબા વધી જશે. પણ તરતીલ સાથે પઢવાનો આદેશ એ  બતાવી રહ્યો છે કે ગમે તેમ પઢવાવાળાને આ ફઝીલત મળશે નહીં, બલ્કે દુનિયામાં જે તરતીલથી પઢતો હતો તેને તે પ્રમાણે તરતીલથી પઢવાનો આદેશ આપવામાં આવશે. ફઝીલત પ્રાપ્ત કરવી હોય તો તરતીલથી પઢવું જોઈએ અને ન આવડતું હોય તો સમય છે શીખી લેવું જોઈએ. શીખવા માટે દારૂલ ઉલૂમમાં જવાની જરૂરત નથી, પોતાની મસ્જિદોના ઈમામો પાસે પણ થોડો સમય કાઢીને શીખી શકાય છે.

આ હદીષે પાકથી તરતીલ સાથે હાફિઝ બની તે પ્રમાણે

પઢવાવાળાની ફઝીલત પણ જાણવા મળે છે કે તેને સઘળુ કુર્આન તરતીલથી મોઢે યાદ છે અને જ્યારે તેને કહેવામાં આવશે તો તે કુર્આનની આયતો જેટલા દરજ્જે પહોંચીને દમ લેશે. કુર્આનની આયતોમાં વિવાદ છે પણ એક રિવાયત એ છે કે કુર્આનમાં ૬૬૬૬ આયતો છે તો હાફિઝે કુર્આન જેને આખું કુર્આન યાદ હોય અને આખું કુર્આન પઢી શકતો હોય અને તરતીલ જાણતો હોય અને તરતીલથી પઢતો હોય તો તેને ૬૬૬૬ દરજ્જાની બુલંદી મળશે અને જન્નતમાં તેનો મરતબો ઘણો જ ઊંચો હશે.

ઈલ્મ હાસિલ કરનાર અને અમલ ન કરનાર જાહિલ છે બલ્કે જાહિલથી બદતર છે અને એવા ઈલ્મને ઈસ્લામની ભાષામાં ઈલ્મે ગેરનાફેઅ કહેવામાં આવે છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એવા ઈલ્મથી બચવાની દુઆ કરતા હતા. કુર્આન પણ ઈલ્મ છે, બલ્કે સઘળા ઈલ્મોનું મૂળ છે. તેમાં અલ્લાહ ત્આલા તરફથી અમલોના આદેશ પણ આપવામાં આવ્યા છે. કુર્આનની તરતીલથી તિલાવત કરનાર, તેનું ઈલ્મ પ્રાપ્ત કરનાર, તફસીર અને આદેશથી વાકિફ થનાર જો અમલ ન કરતો હોય તો તેને સાહિબે કુર્આન નથી કહી શકતા. એટલે ઉપરોકત ફઝીલત પ્રાપ્ત કરવામાં એ શર્તનો પણ વધારો કરવો પડશે કે સાહિબે કુર્આન સાહિબે અમલ (અમલોવાળો) પણ હોય.

## ★ બદ અકીદાને આ શર્ફ મળી શકે છે ? ★

એ વાતની દરેક મુસલમાનને ખબર છે કે **આખિરતમાં કોઈ પણ ફઝીલત પ્રાપ્ત કરવા માટે પ્રથમ શર્ત ઈમાનની છે.** કાફિર અને ઈસ્લામી વર્તુળમાં બદ અકીદગીથી કુફ્રમાં પહોંચનાર લોકો માટે કોઈ ફઝીલત નથી. બદ અકીદાઓમાં ઘણા બધા એવા હાફિઝો છે જે તરતીલથી પઢી શકે છે, અમલ પણ તેમના સારા હોય છે. પરંતુ તેઓ પોતાની બદઅકીદગીમાં એટલા આગળ વધેલા છે કે તેઓ પર કુફ્રનો ફત્વો આવી ગયો છે. શરઈ દલીલો તેમના માટે કુફ્રનો શબ્દ આપે છે. તો તેવા લોકોને તેમની તિલાવતથી અને અમલથી ફાયદો થશે નહીં. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–





وَنُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ وَلَا يَزِيْدُ الظّٰلِمِيْنَ اِلَّا خَسَارًا ۔ (بنی اسرائیل)

અને અમે કુર્આનથી ઉતારીએ છીએ તે જે ઈમાનવાળાઓ માટે શિફા અને રહમત છે અને ઝાલિમો માટે નુકશાનનો વધારો કરે છે :–

كَذَّبَ بِالْحَقِّ لَمَّا جَآءَهٗ اَلَيْسَ فِيْ جَهَنَّمَ مَثْوًى لِّلْكٰفِرِيْنَ ۔ (پ۲۱ عنکبوت)

તેણે હક જૂઠાવ્યું જ્યારે તે તેની પાસે આવ્યું ? શું કાફિરો માટે દોઝખમાં ઠેકાણું નથી ? (અન્કબૂત–૨૧)

وَلَا يَزِيْدُ الْكٰفِرِيْنَ كُفْرُهُمْ اِلَّا خَسَارًا

કાફિરો માટે તેમનું કુફ્ર નુકશાનનો જ વધારો કરે છે. (ફાતિર–૨૨)

اُولٰٓئِكَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ وَاُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ۔ (پ۱۰ توبہ)

તેઓ કે તેમના અમલ બેકાર થઈ ગયા, દુનિયા અને આખિરતમાં અને તેઓ જ નુકશાન પામનાર છે. (તૌબા–૧૦)

જ્યારે કાફિર માટે નજાત અને તેને માફ કરવામાં નહીં આવે અને તેણે પોતાની લાઈફમાં કોઈ પણ નેક અમલ કર્યો હશે તેને તે અમલનો બદલો મળશે નહીં. એટલે જે હાફિઝ હોય પણ જો તે દીનની જરૂરી વાતોનો ઈન્કાર કરતો હોય, તો તેના માટે કોઈ ફઝીલત નથી અને તેને ફાયદો પહોંચશે નહીં. એટલે ફાયદા બાબતે કુફ્ર અને ઈમાનની વાત ભૂલવામાં ન આવે.

## ★ બદઅકીદાની તિલાવત કબૂલ નથી ★

બદ અકીદા જેની બદઅકીદગી અને ખોટી માન્યતા શરઈ દલીલથી તેની ઉપર કુફ્ર સાબિત કરતી હોય તો તેવા માણસની તિલાવત પણ માન્ય નથી અને અલ્લાહ તરફથી તેને સવાબ મળશે નહીં. તો પછી એવા લોકોને ઈમામ પણ નથી બનાવી શકતા ! કારણ

કે નમાઝમાં કિરાઅત ફર્ઝ છે. જ્યારે તેનો કોઈ અમલ માન્ય નથી તો પછી તેની પછવાડે પઢનારનો અમલ માન્ય કેવી રીતે રાખી શકાય છે ? એ જ પ્રમાણે જ્યારે તેમની તિલાવત માન્ય નથી તો તેમની પાસે ખત્મે કુર્આન કરાવવું, તેમની પાસે દુઆ કરાવવી મુરદાંઓને કોઈ ફાયદો પહોંચાડશે નહીં. એટલે ખત્મે કુર્આન મુરદાંઓ માટે બદઅકીદા લોકોથી કરાવવામાં ન આવે. બદઅકીદા લોકોથી તિલાવત પણ કરાવવામાં ન આવે. કારણ કે જ્યારે તેની કિરાઅત પસંદ આવે તો તેની મહોબ્બત દિલમાં આવે છે અને તેની મહોબ્બત જાઈઝ નથી. એટલે બચવામાં આવે.

## ★ વેરાન દિલ ★

માણસના શરીરમાં અતિ અગત્યનો ભાગ જેના પર સઘળા અવયવોની પ્રવૃત્તિનો આધાર છે તે દિલ છે. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદ મુજબ જો તે સારું તો સઘળુ સારું અને તે ખરાબ તો સઘળુ ખરાબ. તેમાં ફરિશ્તો પણ આવે છે અને તેમાં શૈતાન પણ આવે છે. હિસ્ને હસીનમાં છે : જ્યારે માણસ ઝિક્રમાં તલ્લીન હોય, શૈતાન દૂર રહે છે અને ફરિશ્તો નિકટ જાય છે અને જ્યારે ગાફિલ થાય છે તો શૈતાન વસવસો આપે છે. શૈતાન વસવસો કેવી રીતે આપે છે ? તેના બાબતે **તોહફાએ નજાત (ભાગ–૩)** વાંચો.

દિલ પાક હોય તો તેમાંથી નીકળેલ પાઈપ લાઈન જેમ જોડાયેલાં અવયવોથી પાક કામો વજૂદમાં આવે અને દિલ ખરાબ અને નાપાક હોય તો તેમાંથી નીકળેલ પાઈન અવયવોમાંથી ખરાબ કામો વજૂદમાં આવે આવે. એટલે માણસે પોતાના દિલનું રક્ષણ કરવું ઘણું જરૂરી છે.

જેમ શહેરના રક્ષણ માટે કિલ્લો બનાવવામાં આવે છે. જ્યાં સુધી કિલ્લો ફતેહ ન થાય વિજય મળી શકતો નથી. એ જ પ્રમાણે શૈતાન માણસના શરીરના કિલ્લા પર ફતેહ મેળવવા દિલ પર હુમલો કરે છે અને તેને પોતાના કાબૂમાં કરી લેવાથી કોશિશ કરે છે. તેના





કિલ્લા પર શૈતાનને વિજય મળે તો તેના પર શૈતાનનું રાજ થઈ જાય છે અને તે માણસ શૈતાની જેલનો બંદી બની જાય છે અને તેના આદેશ પર પોતાનાં કામો કરતો હોય છે. જો તમારે શૈતાનના બંદી નહીં, ખુદાના બંદી બનીને રહેવું હોય તો દિલના કિલ્લાનું રક્ષણ કરવું પડશે. તમને ખબર છે કે દિલના કિલ્લાનું રક્ષણ કેવી રીતે થઈ શકે છે ? નબીની ઈતાઅત, ખુદા ત્આલાના હુકમનું પાલન, કુર્આનની તિલાવત, ખુદાનો ઝિક્ર, દુરૂદ શરીફ, મજબૂત ઈમાન, સત્ય અકીદા, અલ્લાહ અને રસૂલની કામિલ અને સંપૂર્ણ મહોબ્બત વગેરે દિલના રક્ષકો છે. જેમની પાસે આ નેઅમતો હશે, શૈતાન આવી શકશે નહીં અને આવશે તો તેને વિજય મળશે નહીં.

ઉપરોકત નેઅમતો દિલનો પ્રકાશ છે, નૂર છે. તે ફરિશ્તાની નિકટનો સબબ છે. જ્યારે દિલનુ અંધારૂં ચોરને પસંદ આવે છે અને તે ચોર શૈતાન છે. તમને ખબર છે દિલનું અંધારૂં કેવી રીતે આવે છે ? દિલ કાળુ કેવી રીતે બને છે ? તેનો પ્રકાશ કેમ કરી ચાલ્યો જાય છે ? તેના નૂરનો નાશ શી રીતે થાય છે ? સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદ મુજબ તે ગુનોહ છે જેનાથી દિલમાં કાળો દાગ પડે છે અને તૌબા કરવામાં ન આવે તો તે વધતો જાય છે અને ધીમે ધીમે દિલની દુનિયાને પોતાના સપાટામાં લઈ લે છે. પછી શું પૂછવું ! શૈતાનની ખુશીનો પાર રહેતો નથી. એટલે દિલના કિલ્લાના રક્ષણ માટે આપણને ઈસ્લામી તાલીમાતમાં અસંખ્ય નુસ્ખાઓ આપવામાં આવ્યા છે. તેઓ પૈકી એક કુર્આન શરીફની આયતોને પોતાના દિલમાં યાદ કરીને જગા આપવી છે જેનાથી દિલ આબાદ રહે છે, વેરાન થતું નથી. પ્રકાશિત રહે છે, અંધકારમય બનતું નથી. આબાદી જોઈને શૈતાન નાસે છે. વેરાન ઘર નજરોથી પડી જાય છે, તેમાં શણગાર રહેતો નથી. તે માણસના ઉપયોગમાં આવતું નથી. ફાયદાના આધારે વેરાન ઘરનું ન હોવું એક જ જેવું છે. માણસોની અવર જવર થતી નથી. પછી તેમાં કયારેક જિન્નાતો રહેવા લાગે છે, તો તમે તમારા દિલના કિલ્લાને વેરાન ન રાખો કે શૈતાન વિજય મેળવી લે. બલ્કે તેની ઉપર નેક અમલોના રક્ષક બેસાડી દો.

તિર્મિઝીમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બેશક ! જેના દિલમાં કુર્આનનો કોઈ ભાગ નથી તે વેરાન ઘર માફક છે.

કુર્આનની એક આયત પણ કુર્આનનો ભાગ છે અને મુસલમાનોમાંથી કોઈ પણ એવો વ્યકિત નહીં હોય જેને કુર્આનની નાની સૂરતોમાંથી અમુક યાદ ન હોય. એટલે મુસલમાનનું દિલ તદ્દન વેરાન નથી થઈ શકતું. હા ! એટલું કહી શકાય કે જ્યારે કુર્આન દિલને આબાદ કરે છે તો જેના દિલમાં કુર્આનનો ભાગ જેટલો વધારે હશે તેનું દિલ તેટલું વધારે આબાદ અને વધારે પ્રકાશિત છે. જ્યારે કુર્આનની આયતો આટલી બરકતવાળી છે તો તેની વધુથી વધુ તિલાવત કરવી જોઈએ. કારણ કે કુર્આન દિલમાં ત્યારે ઉતરે છે અને મોઢે ત્યારે જ થાય છે જ્યારે તેની વધુને વધુ વખત તિલાવત કરવામાં આવે. વધુ તિલાવતથી યાદ ન હોય તે યાદ થાય છે અને તિલાવત ન કરવાથી દિલમાં જગ્યા પામેલું પણ ચાલ્યું જાય છે. એટલે આ હદીષથી બીજા શબ્દોમાં વધુ તિલાવત માટે તત્પર કરવામાં આવ્યા છે. તો હે મુસલમાનો ! કુર્આનની ખૂબ ખૂબ તિલાવત કરો અને દિલ આબાદ રાખો.

જેમ કુર્આનના શબ્દો કુર્આન છે, કુર્આનનો માયનો અને તેનું ઈલ્મ પણ ઈલ્મે કુર્આન છે. માત્ર કુર્આનની તિલાવત કરવી અથવા તેનું હિફ્ઝ કરવું અને તેનું ઈલ્મ ન જાણવું માણસ માટે સંપૂર્ણ રક્ષક બની શકતું નથી. એટલે ઈલ્મે કુર્આનની ફઝીલત માત્ર તિલાવતે કુર્આનથી અધિક છે અને ઈલ્મ સાથે અમલ તેનાથી અધિક ફઝીલત ધરાવે છે. કારણ કે જે માણસ કુર્આનની તિલાવત કરતો હોય અને કુર્આનની વાતો પર અમલ ન કરતો હોય તો તો શૈતાનના માર્ગથી ખસ્યો જ નથી, બલ્કે તેના કહેવા પર ચાલી રહ્યો છે, ભલે પછી તે તિલાવત ન કરતો હોય. જે વ્યકિત કુર્આન પર અમલ ન કરતો હોય તે કુર્આનની તિલાવત કરનાર નથી, ભલે તે લગાતાર તિલાવત કરતો હોય. કારણ કે અલ્લાહ ત્આલાનું ફર્માન છે :–





كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ مُبٰرَكٌ لِّيَدَّبَّرُوْٓا اٰيٰتِهٖ وَلِيَتَذَكَّرَ اُولُوا الْاَلْبَابِ ۔

કિતાબ જે અમે તમારી ઉપર ઉતારી બરકતવાળી છે જેથી તેઓ મનન કરે તેની આયતોમાં અને એટલે કે સમજદાર લોકો નસીહત કબૂલ કરે છે.

તો માત્ર તિલાવત અને હિફ્ઝથી બુલંદ દરજ્જા જન્નતના પ્રાપ્ત થશે નહીં. ઈલ્મે કુર્આન અને અમલ અલલ્ કુર્આન દરજાતમાં વધારો કરે છે. હા ! ઈલ્મ હોય, અમલ હોય અને સાથે તિલાવત પણ હોય તો તે ફઝીલત માટે અતિ ઉત્તમ છે.

## ★ કુર્આન ફરિયાદ ખુદાથી ★

જેનો હક એ હોય કે તેનાથી મહોબ્બત કરવામાં આવે, તેના અહકામ પર અમલ કરવામાં આવે, તેની ઈજ્જત કરવામાં આવે, તેના પર ઈમાન લાવવામાં આવે વગેરે. જો ખુદા તરફથી આપવામાં આવેલા આ હક્કો અદા કરવામાં ન આવે તો કુર્આનને ખુદાની બારગાહમાં તેવા વ્યકિત માટે ફરિયાદ કરવાનો અધિકાર છે કે તે કહી શકે, અય ખુદા ! ફલાણા વ્યકિતએ મારો હક અદા નથી કર્યો. અને જ્યારે તે ફરિયાદનો અધિકાર રાખે છે તો જેણે એનો હક અદા કર્યો હશે તેની બાબત ગવાહી પણ આપશે કે, અય અલ્લાહ ! ફલાણા માણસે મારો હક અદા કર્યો હતો. પ્રથમને સજા મળી શકે છે અને બીજાને હક અદા કરવા પર ઈનામ આપવામાં આવે.

શર્હુસ્સુન્નહમાં હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ થી રિવાયત છે, નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ત્રણ (ચીજો) કિયામતના દિવસે અર્શ નીચે હશે : (૧) કુર્આન બંદાઓથી હુજ્જત કરશે, તેના માટે જાહેર અને ગુપ્ત છે (૨) અમાનત (૩) સગાઈ અવાજ દેશે કે હોશિયાર ! જેને મારાથી સંબંધ રાખ્યો તેનાથી અલ્લાહ ત્આલા સંબંધ રાખશે અને જેને મારાથી જુદાઈ કરી તેનાથી અલ્લાહ ત્આલા જુદાઈ કરશે.

ત્રણ ચીઝો અર્શ નીચે હશે. એનો મતલબ એ છે કે એ બાબતે પૂછતાછ કરવામાં આવશે. જેણે ઉપરોકત ત્રણ પર અમલ કર્યો, તેને જરૂરથી સજા આપવામાં આવશે. હુજ્જત બે પ્રકારની છે. બંદાના ફાયદા માટે અને બંદાના નુકસાન માટે. જેમ કે હદીષમાં છે :

اَلْقُرْاٰنُ حُجَّةٌ لَّكَ اَوْ عَلَيْكَ

"કુર્આન તારા ફાયદા માટે હુજ્જત કરશે." આનાથી એ વાત પ્રતિ નિર્દેશ કરવામાં આવ્યો કે કિયામતના દિવસે માણસ તકલીફમાં હશે. તેને પોતાના હિસાબની ફિકર હશે. એવા સમયે કુર્આન કામ આવશે અને તે હક અદા કરનારને ફાયદો પહોંચાડશે. તો આપણે કુર્આનનો હક અદા કરવો જોઈએ. તેનાથી આળસ ન કરવી જોઈએ. કુર્આનની જાહેર તિલાવત કરવી અને તેનો ગુપ્ત ભાગ તેનો તરજુમો અને તફસીર જાણવી છે. તિલાવત કરી તેના જાહેર પર અમલ કરો. માયનો જાણી અહકામ પર અમલ કરી તેના ગુપ્ત પર અમલ કરો. જાહેર અને ગુપ્ત પર અમલને સંપૂર્ણ હક અદા કરેલો કહેવામાં આવે છે.

અલ્લાહ અને બંદાના હક્કોની અદાયગીને અમાનત કહેવામાં આવે છે. તેમાં સગાઓનાં હક્કોનો પણ સમાવેશ છે. પરંતુ તેને અલ્લાહથી એટલા માટે બયાન કરવામાં આવ્યું કે તેની મહત્વતા તરફ ધ્યાન કેન્દ્રિત થાય. બંદાઓના હક્ક અદા કરવા શરઈ જવાબદારી છે. પરંતુ સગાને બંદા સાથે સગાઈની નિકટતા પ્રાપ્ત છે, તે સામાન્ય લોકોથી વધારે હક ધરાવે છે એટલે તેને અલગથી બયાન કરવામાં આવ્યું. જેણે શરઈ કારણ વિના સગાંઓનો હક અદા ન કર્યો, કિયામતના દિવસે અલ્લાહ ત્આલા તેવા માણસથી વધારે નારાજ થશે. જેણે સગાની નિકટતાનો ખ્યાલ રાખ્યો, ખુદા તેને પોતાની નિકટતા અતા કરશે અને જેણે સગાને દૂર રાખ્યો, ખુદા તેને પણ પોતાની રહમતથી દૂર કરી દેશે. અને એ પણ જાણવા મળ્યું કે માત્ર ખુદાના હક્કો અદા કરવાથી પણ કામ નહીં ચાલે, સંપૂર્ણ બનવા માટે સંપૂર્ણપણે બંને જવાબદારીઓને નિભાવવી જરૂરી છે.





મુસ્લિમમાં હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે, સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, બેશક ! અલ્લાહ ત્આલા આ કિતાબથી અમુક લોકોને બુલંદ કરે છે ને તે સિવાયનાને નીચે ફેંકે છે.

જે ઈમાન ન લાવે તેને નીચે ફેંકાવાનો અટલ ફેંસલો છે. આમ જ જે ઈમાન લાવી દીનની જરૂરી વાતનો ઈન્કાર કરે તે પણ કાફિર છે અને તેના ફેંકાઈ જવામાં કોઈ શંકા નથી. તે સિવાયના બીજા લોકો અમલના આધારે ફેંકવામાં આવશે. જે મુસલમાન હોય પણ ગુનાહ સિવાય સવાબનું કોઈ કામ ન કરે તો તેને સૌથી નીચે ફેંકવામાં આવે. ઈમાનવાળાઓમાં જેના ગુનાહ વધારે હોય, નેકીઓ ઘણી ઓછી હોય તેને પણ ફેંકવામાં આવશે. પ્રથમથી ઓછો. જેની નેકીઓ અને ગુનાહ બરાબર હોય તે દરજ્જા મેળવવામાં નીચો હશે. પરંતુ દુનિયામાં જાહેરમાં મોટા ગુનાહ કરનાર એક હોય કે વધુ ફાસિકના હુકમમાં છે અને તેમને ધર્મ બાબતે ઈજ્જતનું સ્થાન મળશે નહીં, તેઓની ગવાહી માન્ય રાખવામાં આવશે નહીં, તેઓને અઝાન અને ઈમામની રજા નથી. તેમને ઈમામ બનાવનાર ગુનેહગાર છે, તેમની પછવાડે પઢેલી નમાઝ દોહરાવી જરૂરી છે. આ ઈમાનવાળાઓનું અમલ ન કરીને દુનિયામાં ફેંકાવું છે અને આખિરતમાં માફ કરવામાં નહીં આવે. તો તેમને દોઝખમાં સજા પૂરી કરવા માટે ફેંકવામાં આવશે. જેઓ નેકીનાં કામો કરે છે. ગુનાહોથી બચે છે, તેઓને પોતાના અમલ પ્રમાણે દરજ્જો આપવામાં આવે છે. તેમના માટે દુનિયામાં ધાર્મિક ઈજ્જત છે. તેમની ગવાહી માન્ય, તેમને અઝાન અને ઈમામતની રજા, તેમની પછવાડે પઢેલી નમાઝ શરીઅતના કાયદામાં દોહરાવાની જરૂરત નથી, થઈ જાય છે. આ છે દુનિયાની ઈજ્જત. અને આખેરતમાં તેમને જન્નત આપવામાં આવશે, રબની નિકટતા પ્રાપ્ત થશે, અમલના આધારે જન્નતમાં ઠેકાણું આપવામાં આવશે. એટલે હદીષે પાકમાં છે કે અલ્લાહ ત્આલા કુર્આને મજીદ ફુર્કાને હમીદથી અમુક લોકોને ઉઠાવે છે, ઈજ્જત આપે છે અને તેમના માટે આખિરતમાં પણ ઈજ્જત છે અને અમલ ન કરનારને પોતાના

ગુનાહ પ્રમાણે વધુ સજા આપવામાં આવશે. જેની જેટલી અધિક સજા તે એટલો જ નીચો અને એટલો વધારે બેઈજ્જત. તો પછી આપણે કુર્આનની નેઅમતથી ઈજ્જત પ્રાપ્ત કરવી જોઈએ. કુર્આન જેવી અમૂલ્ય દોલત પ્રાપ્ત થયા પછી પણ ઈજ્જતમાં વધારો કરવામાં ન આવે, ગુનાહોથી બચવામાં ન આવે, ખુદાની નિકટતા પ્રાપ્ત કરવામાં ન આવે તો તે આપણી પોતાની ભૂલ છે. એટલે એ ભૂલ ન થઈ શકે અને શૈતાન આપણને અસફળ ન કરે તેના માટે આપણને હોશિયાર કરવામાં આવ્યા છે.

## ★ તિલાવત કરનાર સંતરા જેવો છે ★

બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہથી રિવાયત છે, સરકાર દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, જે મુસલમાન કુર્આને કરીમ પઢે છે તેનું દ્રષ્ટાંત સંતરૂ છે, જેની સુગંધ સારી અને તેનો સ્વાદ પણ સારો. જે મુસલમાન કુર્આન ન પઢે તેનું દ્રષ્ટાંત ખજૂર છે કે તેની સુગંધ તો નથી પણ તેનો સ્વાદ મીઠો છે. જે મુનાફિક કુર્આન ન પઢે તેનું દ્રષ્ટાંત ધતૂરો છે, જેમાં સુગંધ નથી હોતી અને તેનો સ્વાદ કડવો છે. જે મુનાફિક કુર્આન નથી પઢતો તેનું દ્રષ્ટાંત ફૂલ છે, જેની સુગંધ સારી છે, પણ તનો સ્વાદ કડવો છે. એક રિવાયતમાં થોડો વધારો છે કે જે મુસલમાન કુર્આન પઢે અને તેની ઉપર અમલ કરે તેનું દ્રષ્ટાંત કુર્આન છે અને જે મુસલમાન કુર્આન ન પઢે અને એની ઉપર અમલ કરે તેનું દ્રષ્ટાંત ખજૂર છે.

સંતરામાં સુગંધ હોય છે અને તેનો સ્વાદ પણ સારો હોય છે. લોકો તેને ખાવાનું પસંદ કરે છે. સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ કુર્આનની તિલાવત કરનાર અને અમલ કરનારને સંતરાનું દ્રષ્ટાંત એટલા માટે આપ્યું કે સુગંધનું કામ છે ફેલાવું, કુર્આનની તિલાવત કરનાર સવાબ ફેલાવે છે, તે પઢે તેને પોતાને સવાબ, તેનાથી બીજા સાંભળે તો તેને પણ સવાબ.જેની સુગંધથી બીજાને તેને ખાવાની તલબ પેદા થાય છે. એકને તિલાવત કરતો જોઈને બીજાને તિલાવતનો શોખ





પેદા થાય છે. જો તે તિલાવત ન કરતો હોય તો કુર્આનના આદેશ પર અમલ કુર્આનની તાલીમને પ્રેકટીસથી ફેલાવવું છે. જ્યારે સંતરાનો સ્વાદ સારો છે અને ખાવાથી નુકસાન નથી, ફાયદો છે. તો તિલાવત કરનાર અમલ કરનારની સંગત ફાયદાકારક છે. તેના અમલથી અમલનો તરીકો આવડશે. જે મસ્અલો ન આવડતો હોય પૂછીને માલૂમ થઈ જશે. સારાંશ એ કે તેનાથી દરેક રીતે સામેવાળાને ફાયદો મળે છે એટલે સંતરાથી તેનું દ્રષ્ટાંત આપવામાં આવ્યું.

તિલાવત કરનાર ન કરે પણ અમલ કરે તો તેવા મુસલમાનને ખજૂરનું દ્રષ્ટાંત એટલા માટે આપવામાં આવ્યું કે તેમાં સુગંધ તો નથી હોતી જે ફેલાય, તો મુસલમાન તિલાવત ન કરે તો તેનો સવાબ ફેલાતો નથી, પરંતુ પોતે અમલ કરે તો તેને સવાબ મળે છે.પરંતુ સામેવાળો તેનાથી ફાયદો પ્રાપ્ત કરવા ઈચ્છે તો પ્રાપ્ત કરી શકે છે. તેના અમલથી અમલનો તરીકો શીખે અને ન આવડતું હોય તો તેનાથી માલૂમ કરી લે. સારાંશ એ કે બંને પ્રકારના ઈમાનવાળાઓથી ઈમાનવાળાઓને ફાયદો પ્રાપ્ત થઈ શકે છે.

આ હદીષથી ઈમાનવાળાઓને તિલાવત અને અમલ પર તત્પર કરવામાં આવ્યો છે કે તમે સંતરા માફક બનવાની કોશિશ કરો અને સંતરૂ ન બની શકો તો ખજૂર તો જરૂરથી બનશો જેથી તમારી જિંદગી બેફાયદા ન રહે. બીજા માટે લાભદાયક રહો.

મુનાફિક પોતાના મુખેથી ઈસ્લામનો સ્વીકાર કરવાથી મુસલમાન કહેવામાં આવે છે, પરંતુ તેનો સ્વીકાર લોકોને બતાવવા પૂરતો હોય છે. તે દિલથી ઈસ્લામને માનતો ન હોય. જેમ કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمના જમાનાના મુનાફિકો. મુનાફિકને મુનાફિક કહેવા માટે નબીની જરૂરત હોય છે. જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ મુનાફિકોના નામ લઈ લઈને તેમને મસ્જિદથી બહાર કાઢી મૂકયા હતા. મુનાફિક દરેક જમાનામાં હોય શકે છે. પરંતુ મુનાફિક કહેવા માટે જે યકીની ઈલ્મની જરૂરત છે તે નથી એટલે હવે કહી નથી શકતા. જે પોતાના અકીદાથી દીનની જરૂરી વાતનો ઈન્કાર કરતો

હોય તો તે કાફિર છે. ગેર જરૂરતે દીનનો ઈન્કાર કરતો હોય અથવા ગેર મોતવાતિર હદીષોથી સાબિત વાતનો ઈન્કાર કરતો હોય તો ગુમરાહ બદ્દીન છે. સારાંશ એ કે મુનાફિક નથી કહી શકતા.

મુનાફિક જેનું કહેવું માન્ય નથી, જેનું પઢવું કબૂલ નથી, તેનો અમલ સ્વીકારવામાં નથી આવતો. એટલે તેને પોતાને કોઈ ફાયદો નથી અને તેની સંગતમાં રહેવાથી નુકસાન છે, ફાયદો નથી. ખરાબની સંગત સારા માણસને ખરાબ બનાવે છે અથવા બદનામ કરે છે. એટલે તેને ધતૂરાનું દ્રષ્ટાંત આપવામાં આવ્યું કે પોતે તિલાવત નથી કરતો અને છે મુનાફિક તો તેને પોતાને પણ ફાયદો નથી થઈ શકતો.

જે મુનાફિક હોય પણ લોકોને દેખાડવા માટે તિલાવત કરે તો તેને પોતાની તિલાવતથી ફાયદો નથી પરંતુ સાંભળનારને તિલાવતનો શોખ પેદા થાય છે અને સાંભળનારને ખબર નથી કે આ મુનાફિક છે અને તેને મુસલમાન સમજીને તિલાવત સાંભળે તો તિલાવત સાંભળવાનો સવાબ પ્રાપ્ત કરી શકે છે. તેનું મુનાફિક હોવું ખબર હોય તો કોઈના પણ મુખેથી કુર્આન તો કુર્આન છે, પણ તેની સંગ અપનાવી નથી શકતા, કારણ કે તેની સંગત નુકસાનનો સબબ છે. એટલે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેવા મુનાફિકને ફૂલથી દ્રષ્ટાંત આપ્યું કે તેમાં ખુશ્બુ અને સુગંધ છે પણ તેને પોતાને ફાયદો નથી અને તેની સંગત બીજા માટે નુકશાનનું કારણ છે એટલે કહેવામાં આવ્યું કે તેનો સ્વાદ કડવો છે.

## ★ કુર્આનની તિલાવતનો સવાબ ★

હકીકતમાં સવાબનો આધાર નિય્યત અને ઈખ્લાસ પર છે. દસથી લઈને સાતસો અને તેનાથી પણ અધિક મળી શકે છે. જેનો ઉલ્લેખ થઈ ગયો. પરંતુ કોઈ નેક કામ કરવા પર ઓછામાં ઓછો દસ ગણો બદલો આપવામાં આવે છે. આ કાયદાના આધારે તિલાવત એક કામ છે, તેના કરવા પર દસ નેકીઓ મળવી જોઈએ,





પરંતુ અલ્લાહ ત્આલાનો ફઝલ અને કૃપા કે પૂરા કામ પર દસ નેકીઓ નહીં પણ દરેક શબ્દ પર દસ દસ નેકીઓ આપવામાં આવે છે. કુર્આન શરીફ પઢવાની ફઝીલત, તેના રૂહાની ફાયદાઓ, તેનાથી રબની નિકટતા, બીજાને સંભળાવવાનો સવાબ, કુર્આન દેખીને પઢતા હોય તો જોવાનો સવાબ, હાથથી પકડેલું હોય તો પકડવાનો સવાબ વગેરે તિલાવતના સવાબોથી અલગ છે. જ્યારે કુર્આનની તિલાવત પર આટલી અધિક ફઝીલતો મળી શકે છે તો પછી આપણે આપણો સમય બેકાર વાતોમાં પસાર ન કરવો જોઈએ. બલ્કે આપણા કામથી ફારિગ થઈ કુર્આન શરીફની તિલાવત કરવી જોઈએ. હાફિઝો તો મોઢે પઢી શકે છે અને મોઢે પઢવા માટે વુઝૂ જરૂરી નથી, પરંતુ જેઓ હાફિઝ નથી તેઓ વુઝૂ કરવાની આળસને લઈને પઢતા ન હોય તો તેમના માટે એક સહુલત એ છે કે તેમને નાની નાની સૂરતો તો મોઢે આવડતી હશે. સમય મળે તો તેને પઢતા રહો અને સવાબ તથા ફઝીલતમાં વધારો કરતા રહો. કુર્આનની તિલાવત પર આટલી અધિક ફઝીલત એટલા માટે જ આપવામાં આવી કે આપણે સવાબની અધિકતા જોઈને તિલાવત માટે તત્પર રહીએ અને આપણો સમય બેકાર વાતોમાં ખર્ચ ન કરીએ. થોડા દિવસોની જિંદગીનો દરેક સમય કિંમતી છે. અને આખિરતમાં સફળતા પ્રાપ્ત કરવાનો ઝરીયો છે. તો પછી આપણે આપણા સમયની કિંમત જાણવી જોઈએ.

તિર્મિઝી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે : સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેણે અલ્લાહ તઆલાની કિતાબનો એક શબ્દો પઢયો, તેના માટે એક ભલાઈ અને એક ભલાઈ દસગણી છે. હું નથી કહેતો કે "અલીફ લામ મીમ" એક શબ્દ છે. બલ્કે અલેફ એક શબ્દ, લામ એક શબ્દ અને મીમ એક શબ્દ. તો જે વ્યકિત "અલીફ લામ મીમ"ની તિલાવત કરે તેને ત્રીસ નેકીઓ મળી શકે છે.

કુર્આનની અમુક સૂરતોનો આરંભ મુકત્તઆતના શબ્દોથી થયો છે. અહિં "અલીફ લામ મીમ" થી "અલમ તર કય્ફ" નો "અલમ" થઈ શકે છે. જેમાં ત્રણ શબ્દ ઉચ્ચારમાં પણ ત્રણ છે નહીં

તો. દાખલા તરીકે સૂરએ બકરહના આરંભમાં જે **''અલમ''** છે તે ઉચ્ચારમાં નવ શબ્દ છે. અલિફ, લામ, મીમ. દરેકના ત્રણ ત્રણ શબ્દ છે જેથી તેને પઢવામાં નેવું નેકીઓ મળી શકે છે.

ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ۚ

તે અલ્લાહની કૃપા છે જેને ઈચ્છે અતા કરે.

## ★ અધિકથી અધિક ફઝીલત ★

ભૂતકાળમાં અરબ પ્રદેશનો કિંમતી માલ ઊંટ હતું જેનાથી માણસને પોતાનો ખોરાક મળતો, સવારીના કામમાં આવતું, વજન ઉઠાવાના કામમાં આવતું વગેરે. જેની પાસે ઊંટ વધારે હોય તે વધુ માલદાર ગણવામાં આવતો. દુનિયામાં માણસ ગમે તેટલો માલદાર હોય, પરંતુ તેનો માલ ફના થનાર નાશવંત છે. પણ જે માલ ખુદાના માર્ગમાં ખર્ચ કરવામાં આવે તે બાકી રહેનાર છે. તેના માટે ફના નથી. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :– مَا عِنْدَكُمْ يَنْفَدُ وَمَا عِنْدَ اللّٰهِ بَاقٍ

તમારી પાસે જે છે ખત્મ થઈ જશે અને જે અલ્લાહ પાસે છે બાકી રહેશે. ન તેનો નાશ થશે, ન બરબાદ કરવામાં આવશે. કારણ કે તે માલ ખર્ચનો બદલો અને અજ્ર બની જાય છે. અલ્લાહ ફર્માવે છે :–

اِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ

બેશક ! અલ્લાહ બરબાદ નથી કરતો એહસાન કરવાવાળાઓનો બદલો.

માલી ઈબાદત તેની જગાએ એક ઈબાદત છે અને તેની કુર્આન અને હદીષમાં ઘણી ફઝીલત બયાન કરવામાં આવી છે, પરંતુ બદની ઈબાદતનો સંબંધ અલ્લાહ તઆલાથી જ હોય છે. એટલે તેનું વધારે મહત્વ છે. શબ્દાર્થી ઈબાદતને અલગથી બયાન કરવામાં આવે છે પણ તે બદની ઈબાદતનો એક ભાગ છે. આ વાત તરફ ઈશારો





કરતાં હદીષે પાકમાં છે. મુસ્લિમ શરીફમાં હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہ થી રિવાયત છે, આપ ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પધાર્યા જ્યારે અમે સુફ્ફામાં હતા. આપે ફર્માવ્યું, તમારામાંથી કોણ ઈચ્છે છે કે દરરોજ બુતહાન અથવા અકીક જાય અને ત્યાંથી બે મોટા ખાંધવાળી ઊંટડીઓ કોઈ પણ ગુનાહ અને સગાઈનો હક મારા વિના લઈ આવે ? અમે વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! અમારા બધાની એ જ ઈચ્છા છે. આપે ફર્માવ્યું, તમારામાંથી જે કોઈ મસ્જિદ જાય, પછી શીખવાડે અથવા પઢે અલ્લાહની કિતાબની બે આયતો ઉત્તમ છે તેના માટે બે ઊંટડીઓથી, ત્રણ ઉત્તમ છે ત્રણથી, ચાર ઉત્તમ છે ચારથી અને તેની ગણતરી પ્રમાણે ઊંટોમાંથી.

મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, શું તમારામાંથી કોઈ એ પસંદ કરે છે કે જ્યારે તે પોતાના ઘરવાળાઓ પાસે પરત આવે તો ત્યાં ત્રણ ગર્ભવતિ જાડી મોટી ઊંટડીઓ પામે ? અમે વિનંતી કરી, હાં ! આપે ફર્માવ્યું, ત્રણ આયતો તમારામાંથી જે કોઈ તેને પઢશે પોતાની નમાઝમાં, ઉત્તમ છે તેના માટે ત્રણ ગર્ભવતી જાડી મોટી ઊંટડીઓથી.

ઉપરોકત બંને હદીષોમાં ઊંટડીથી દાખલો આપવામાં આવ્યો કે એક કિંમતી ઊંટડીથી એક આયત સવાબમાં ઉત્તમ છે તેનો ઉલ્લેખ નથી. દુનિયામાં આપણે એક ઊંટ અથવા ઊંટડી વેચાણ લેવી હોય તો તેમાં ઘણી મહેનતથી કામ કરી એની કિંમતના રૂપિયા હાંસલ કરવા પડે છે અને મહેનત કરીને મળે તો દુનિયાનો માલ. પરંતુ અલ્લાહ ત્આલાનો ફઝલ તો જુઓ ! એક આયત પછી ગમે તેટલી નાની કેમ ન હોય, પણ સવાબ અને બદલામાં એક ઊંટડીથી વધી જાય. **આપણી પાસે એટલી રકમ ક્યાં છે કે આપણે દરરોજ પાંચ પચ્ચીસ ઊંટો ખુદાના માર્ગમાં ખર્ચ કરી સવાબ પ્રાપ્ત કરીએ. પણ આપણી પાસે એટલી શકિત તો છે કે આપણે પાંચ પચ્ચીસ આયતો પઢીને તેનાથી ઉત્તમ સવાબ હાંસલ કરીએ.** તો પછી આપણે કુર્આન શરીફની તિલાવતથી આળસ

ન કરવો જોઈએ અને **ઉચ્ચારથી મખરજની** સાથે વધુને વધુ કુર્આનની તિલાવત કરવી જોઈએ. અલ્લાહ ત્આલાથી વધીને કોઈ સખાવત કરી શકતું નથી. અલ્લાહ ત્આલા તો આપણને અધિકથી અધિક આપીને જન્નતમાં લઈ જવા ઈચ્છે છે. તો આપણે પણ કુર્આનની તિલાવતમાં અધિકથી અધિક કોશિશ કરવી જોઈએ. હદીષે પાકના આધારે જેટલો સવાબ કુર્આનની તિલાવતથી મળે છે કુર્આનની તાલીમ બીજાને શીખવાડવાથી પણ મળે છે, તો કોઈને શીખવું હોય શીખવાડવું જોઈએ, અને સાંભળવાથી પણ મળે છે તો કોઈ તિલાવત કરતું હોય આપણે સાંભળવું જોઈએ.

## ★ તિલાવતનો અનુભવી ★

કુર્આન શરીફની તિલાવતનો ઘણો ફાયદો અને સવાબ છે. જેનો ઉલ્લેખ થઈ ગયો. સાથે એ પણ વર્ણન થયું હતું કે **તિલાવત કરવામાં મખરજની અદાયગી ફર્ઝ છે.** વિના મખરજે કુર્આનની તિલાવત શરઈ કાયદાના આધારે હરામ કરવામાં આવી છે. અરબી શબ્દોના મખરજની ઓળખ અરબી શબ્દોના લખાણથી થઈ શકે છે. બીજી ભાષામાં લખવામાં આવે તો પઢી તો શકાય છે પણ મખરજની ઓળખ થશે નહીં. બીજું એ કે ઝેર ઝબર લખવાનો એક ખાસ તરીકો અરબી ભાષામાં છે. બીજી ભાષામાં લખવામાં આવતું કુર્આન તે ભાષાવાળાથી પઢવામાં આવે તો ખબર પડી શકે છે કે ઉચ્ચ ભાષાનો જાણકાર પણ ભૂલો પર ભૂલો કરે છે. જ્યારે બીજી ભાષામાં અરબી લખવામાં આવે તો ભૂલો વધારે થાય છે અને લોકો ખોટું પઢે છે. તો એવા સમયે એ કહેવું જ પડશે કે તમારે કુર્આનની તિલાવતનો વધુ ફાયદો પ્રાપ્ત કરવો હોય તો અરબીમાં કુર્આન પઢવાનું શીખો, નહીં તો પછી જે સૂરતો મોઢે આવડતી હોય તેની તિલાવત કરતા રહો. ખરી તિલાવતથી એક નાની સૂરત ખોટી તિલાવતના સઘળા કુર્આનથી ઉત્તમ છે. જ્યારે તમને આ વાતની જાણ થઈ ગઈ તો હવે જો તમારે તિલાવતની ફઝીલત પ્રાપ્ત કરવી હોય તો અરબીમાં તિલાવત શીખવી





પડશે અને મખરજનું ઈલ્મ પણ મેળવવું પડશે. ફઝીલત તો છે પણ સાથે થોડી મહેનત પણ છે.

કોઈ પણ કામમાં અનુભવ મેળવવા માટે તે કામ શીખવામાં આવે છે. પછી તેને વારંવાર કરવામાં આવે છે. વારંવાર કરવાથી કઠણ કામ પણ સહેલુ અને સરળ થઈ જાય છે. કુર્આનની તિલાવતમાં અનુભવ મેળવવા માટે પણ શીખવું અને પછી વારંવાર તિલાવત કરવી છે. પ્રથમ મખરજ અને ઉચ્ચારથી પઢવામાં ઘણી તકલીફ થાય છે અને થોડું પણ ધ્યાન ખસે તો મખરજ બદલાઈ શકે છે. પરંતુ વારંવાર મખરજથી પઢવામાં આવે તો પછી મખરજથી પઢવું સરળ થઈ જાય છે. વ્યવસ્થિત પઢવું હિફ્ઝ કરવાથી પ્રાપ્ત થઈ શકે છે અને હિફ્ઝ કરવામાં ન આવે તો તિલાવતનો અનુભવ પણ તિલાવતને વ્યવસ્થિત બનાવી શકે છે.

અમુક લોકોની જીભમાં તોતરાહટ હોય છે જેને લઈને તેમને કોઈ કોઈ શબ્દનો ઉચ્ચાર ઘણો કષ્ટદાયક લાગે છે. તેવા લોકો કુર્આનની તિલાવત શીખે અને તિલાવત કરે તો તેમને ડબલ સવાબ મળે છે. તિલાવત કરવાનો અને તોતરાહટને લઈને ઉચ્ચારની તકલીફનો. જો કોઈ શીખે પણ પાકુ ન શીખે તો તે પણ ઘણો અટકી અટકીને પઢે છે અને તેને પણ પઢવામાં ઘણી તકલીફ થાય છે તો આ તેની પોતાની ભૂલ છે. તેની જીભનો મસ્અલો નથી. એટલે જો તે મખરજ અને ઉચ્ચારથી પઢતો હોય તો માત્ર તિલાવતનો સવાબ તેને મળશે અને તેણે શીખવામાં વધારે કોશિશ કરવી જોઈએ.

બુખારી અને મુસ્લિમમાં હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કુર્આનનો અનુભવી લખનાર બાઈજ્જત નેકોકાર સાથે છે અને જે કુર્આન પઢે અને તેમાં તેને તોતરાહટ હોય તિલાવત તેના માટે કષ્ટદાયક હોય તેના માટે ડબલ બદલો છે.

લખનાર નેકોકાર બાઈજ્જતનો મતલબ ફરિશ્તાઓ પણ થઈ શકે છે. એટલે કે અનુભવી જે તિલાવત સારી રીતે કરતો હોય

તેને આખિરતમાં ફરિશ્તાઓનો દોસ્ત બનાવવામાં આવશે અને એનો મતલબ સહાબાએ કિરામ પણ થઈ શકે છે કે કુર્આનના અનુભવીઓને હશ્રમાં સહાબાએ કિરામની સંગત નસીબ થશે.

ઉપરોકત હદીષ પર એક સવાલ એ ઉપસ્થિત થાય છે કે લુકનતથી અટકી અટકીને પઢનારને ડબલ સવાબ મળશે તો એ માહિરે કુર્આનથી વધી શકે છે ? જ્યારે કુર્આનનું માહિર અને અનુભવી થવું વધારે મહેનતનું કામ છે.

જવાબ એ છે કે લુકનતવાળાને જીભની તકલીફને લઈને તિલાવત અને જીભની તકલીફનો સવાબ મળશે. તો તેમાં માત્ર સવાબ ડબલ છે અને બસ, જ્યારે કે કુર્આનનો અનુભવી કેટલો સવાબ પામતો હશે કે તેને ફરિશ્તાઓની દોસ્તી અથવા સહાબાએ કિરામની સંગત આખિરતમાં પ્રાપ્ત થશે.

માહિરે કુર્આનનું એક મંતવ્ય એ પણ બતાવામાં આવે છે કે કુર્આનના ઈલ્મોનો અનુભવી અમલ સાથે. તો તેમાં મહાન આલિમોનો સમાવેશ થાય છે. જેઓ કુર્આનની તિલાવતની મહારત અને અનુભવ સાથે કુર્આન સમજવાના ઈલ્મો અને તેને સંબંધિત કાયદાઓના જાણનાર હોય છે અને તેમના અમલો કુર્આનની તાલીમાતના ખામોશ પ્રચારક હોય છે. જેમના અમલોથી તેઓ ફરિશ્તા સિફત લાગે છે અને તેમને ફરિશ્તાઓની સંગત પ્રાપ્ત થશે.

## ★ તિલાવત પર ફરિશ્તાઓની હાજરી ★

અલ્લાહ તબારક વ ત્આલા તરફથી ફરિશ્તાઓને અલગ અલગ જવાબદારીઓ આપવામાં આવી છે અને તેઓ પોતાની જવાબદારી પૂરી કરવામાં નથી આળસ કરતા, નથી ભૂલ કરતા. કારણ કે અલ્લાહ તઆલા તરફથી તેઓને માસૂમ પેદા કરવામાં આવ્યા છે. તેમની સંખ્યા અલ્લાહ ત્આલાને ખબર ! આપણા હિસાબે તેઓ અસંખ્ય છે. અમુક ફરિશ્તાઓને એ જવાબદારી આપવામાં આવી છે કે, ઝિક્રની મહેફિલો શોધે અને ત્યાં હાજરી આપે. ઝિક્ર કરનારનો





અમલ ખુદાની બારગાહમાં પહોંચાડે. કુર્આન શરીફ જ્યારે તમામ કલામોથી અધિક ઉત્તમ અને ફઝીલતવાળું છે તો તેની તિલાવત પણ અધિક ઉત્તમ રીતે ખુદા ત્આલાનો ઝિક્ર છે. જ્યારે કુર્આનની તિલાવત કરવાવાળો તિલાવત કરે છે તો ફરિશ્તાઓની જમાઅતો તેની તિલાવત સાંભળવા માટે હાજરી આપે છે. ફરિશ્તાઓને કુર્આનની તિલાવતથી કેટલો પ્યાર હશે કે જમાઅતની જમાઅતો તેના માટે હાજરી આપે છે. બલ્કે જ્યારે નમાઝમાં તિલાવત થાય છે તો ફરિશ્તો તિલાવત કરનારથી નિકટ થતો જાય છે. એટલે સુધી કે તેના હોઠો સાથે પોતાના હોઠ મેળવી લે છે. જ્યારે કુર્આનની તિલાવતની આટલી ફઝીલત છે તો પછી આપણે પણ કુર્આનની તિલાવતથી મહોબ્બત રાખવી જોઈએ. પોતે તિલાવત કરવી જોઈએ. કયારેક બીજાની સાંભળવી જોઈએ. ફરિશ્તાઓ ગયબી મખ્લૂક છે. કુર્આન અને હદીષની અસંખ્ય દલીલોથી તેમનુ સુબૂત છે. જિન્નાતો માફક આપણે તેમને દેખી શકતા નથી. પરંતુ કયારેક તેઓ પોતાનું રૂપ બદલી દેખાડવા ઈચ્છે છે તો દેખી શકાય છે. દાખલા તરીકે હઝરતે જિબ્રઈલ عليه الصلاة والسلام હઝરત દિહયા કલ્બીની શકલમાં આવી સવાલ કરતા અને સહાબા દેખતા હતા, કયારે કોઈ અજાણ વ્યકિતની શકલમાં આવી પ્રશ્ન કરતા હતા. સહીહ હદીષોમાં આ વાતોનો ઉલ્લેખ છે. જાણવા મળ્યું ફરિશ્તાઓને આપણે દેખતા તો નથી પણ કયારેક દેખાય પણ જાય છે, જો તેઓ ઈચ્છે. તિલાવતે કુર્આન સાંભળવા માટે ફરિશ્તાની હાજરી થાય છે, પણ કયારેક તેઓ દેખાવમાં પણ આવ્યા તેના અમુક વાકયાનો ઉલ્લેખ હદીષોમાં થયો છે. બુખારી શરીફમાં હઝરત ઓસૈદ બિન હોઝૈર رضي الله عنه થી રિવાયત છે : આપ ફર્માવે છે, રાતમાં તેઓ સૂરએ બકરહની તિલાવત કરી રહ્યા હતા અને તેમનો ઘોડો તેમની પાસે બાંધેલો હતો. ઘોડો કુદવા લાગ્યો. આપ શાંત થયા તો ઘોડો પણ શાંત થઈ ગયો. ફરી તિલાવત કરી તો ઘોડો કૂદયો અને આપ શાંત થયા તો તે શાંત થઈ ગયો. ફરી તિલાવત કરી તો ઘોડો કૂદયો અને શાંત થયા તો તે પણ શાંત થઈ ગયો. આપનો બેટો યહયા ઘોડા પાસે હતો. આપને ડર લાગ્યો કે તકલીફ ન પહોંચાડે તો આપે

તિલાવત ખત્મ કરી જઈને છોકરાને ખસેડયો. આપે પોતાનું માથુ આકાશ તરફ ઉઠાવી જોયું તો તેમાં વાદળ જેવું હતું. તેમાં દિવાઓ માફક હતું. સવારમાં આપે પોતાનો વાકયો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સંભળાવ્યો. આપે ફર્માવ્યું, અય ઈબ્ને હોઝૈર ! તમારે પઢતા રહેવું જોઈએ. આપે વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! યહયા ઘોડા પાસે હતો તો મને ડર લાગ્યો કે તેને કચડી ન નાખે જેથી હું તેની પાસે ગયો અને મારું માથુ આકાશ તરફ કર્યું તો તેમાં વાદળ જેવું હતું અને તેમાં દિવાઓ માફક હતું. પછી હું બહાર આવ્યો તો મને તે જોવા ન મળ્યું. આપે ફર્માવ્યું, તમને ખબર છે તે શું હતું ? તેમણે વિનંતી કરી, ના ! આપે ફર્માવ્યું, તે ફરિશ્તાઓ હતા. તમારા અવાજ માટે નિકટ થયા હતા. જો તમે સવાર સુધી પઢતા રહેતા લોકો પણ તમને દેખાતા અને તેમનાથી ગુપ્ત ન રહેતો.

## ★ તિલાવત અને રહમતનો નુઝૂલ ★

કુર્આન મજીદ ફુર્કાને હમીદની તિલાવતના સમયે અલ્લાહ તબારક વ ત્આલા તરફથી રહમતની વર્ષા થાય છે. પઢનાર, સાંભળનાર દરેકને તેમાંથી ભાગ મળે છે. સવાબ તો સવાબની જગ્યાએ, આ અલગથી એક ઈનામ છે એટલે કુર્આન શરીફની તિલાવત કરવી જોઈએ.

## ★ કુર્આનની શફાઅત ★

કિયામત પછી હશ્રના દિવસે લોકોને તેમના અમલો બાબતે સવાલ કરવામાં આવશે અને એ વાતનો ઉલ્લેખ તો થઈ ગયો કે જન્નત અલ્લાહ ત્આલાના ફઝલો કરમ અને કૃપાથી મળવાની છે. જો અલ્લાહ ત્આલા કોઈના માટે ગઝબમાં હોય તો એક ખરાબ કામથી પણ તેને અઝાબ આપી શકે છે અને ખુશમાં હોય તો એક બહાનાએ પણ જન્નતનું કારણ બનાવી શકે છે.

અહલે સુન્નતનો કાયદો છે કે અલ્લાહ ત્આલા માટે કંઈ





વાજિબ નથી એ પોતાની ઈચ્છાએ જે કરવા ઈચ્છે તે કરે. એટલે દરેકને પોતાની ફિકર લાગેલી છે અને કે દરેક પોતાની ચિંતા જ પૂરતી હશે. એવા સમયે દરેકને બીજાના સહારાની જરૂર હશે કે કોઈ ખુદાનો મહબૂબ આવે અને આપણી શફાઅત કરી અઝાબથી બચાવે. અલ્લાહ ત્આલા તરફથી ઘણા લોકોને શફાઅતની રજા આપવામાં આવશે અને તેમની શફાઅત કબૂલ કરવામાં આવશે. તેઓ પૈકી એક કુર્આન શરીફ પણ છે. જે કુર્આનની તિલાવત કરતો રહે, તેના આદેશો પર અમલ કરે, હર હંમેશ તેનો હક અદા કરે, તેને દુનિયામાં નહીં ભૂલે તો કિયામતના દિવસે કુર્આન પણ તેને યાદ રાખશે. તેના કામ આવશે. તેને આશરો આપશે અને તેની શફાઅત કરી તેને જન્નતમાં પહોંચાડશે. જ્યારે કુર્આન આટલો વફાદાર સાથી છે તો પછી આપણે દુનિયામાં તેનો સાથ ન છોડવો જોઈએ જેથી જ્યાં આપણને જરૂરત હશે તે આપણો સાથ નહીં છોડે.

મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે : તેઓ કહે છે, મેં સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે કુર્આનની તિલાવત કરો, બેશક ! તે કિયામતના દિવસે પોતાના દોસ્તો માટે શફીઅ બનીને આવશે. બે ચમકદાર સૂરએ બકરહ અને આલે ઈમરાનની તિલાવત કરો, બેશક ! તે બંને કિયામતના દિવસે એ પ્રમાણે આવશે કે વાદળના બે ટૂકડા છે અથવા છાંયડો આપનારી બે વસ્તુ છે અથવા પક્ષીઓની બે ટૂકડીઓ છે સફ બાંધેલ. પોતાની તિલાવત કરવાવાળાઓ માટે ઝઘડો કરશે.સૂરએ બકરહની તિલાવત કરો, બેશક ! તેની તિલાવત બરકત છે અને તેને છોડવું અફસોસ છે. બાતિલ અને ખોટા લોકો તેની શકિત નથી રાખતા.

જે માણસને આખિરતની ફિકર ચિંતા હોય છે તેના માટે દુનિયામાં દરેક નેક અમલ પછી ગમે તેટલો જાહેરમાં કષ્ટદાયક કેમ ન હોય સહલ છે અને જેઓ આખિરતથી બેફિકર છે તેમને અતિ સહેલું અને સરળ નેક કામ પણ કષ્ટદાયક લાગે છે. મેદાને મેહશરમાં લોકોને અસંખ્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

મુસીબતોની વર્ષા થઈ રહી હશે. માથુ ઢાંકવાથી કોઈ જગા નહીં મળે. ગરમી કહે મારું કામ, તેવા સમયે કુર્આનની સૂરતો આપણને છાંયડો આપે. તો તેનાથી મહાન કયુ ઈનામ કહેવાય ? એટલે બકરહ જેવી લાંબી સૂરતની તિલાવત કરવી આખિરતની ફિકરમાં રહેનાર માટે સરળ છે. જેને પોતાના પરિણામની ફિકર નથી તેના માટે તો સૂરએ ઈખ્લાસ પઢવી પણ ભારે છે. મુસલમાનો તમારું ઈમાન એક એવો જુસ્સો છે જેની સમક્ષ સુસ્તી અને આળસ ફડકી પણ નથી શકતી. મુસલમાન તો રબની ખુશીનો શોધક હોય છે તેના માટે તો દુનિયા પરીક્ષા ખંડ છે. તેને દુનિયાના ભૂલ ભૂલૈયામાં માર્ગ કયાં ભૂલાવી શકે છે ? અલ્લાહ ત્આલા ફર્માવે છે :–

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ وَلْتَنظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ
وَاتَّقُوا اللَّهَ إِنَّ اللَّهَ خَبِيرٌ بِمَا تَعْمَلُونَ

## ★ સૂરતોની આગેવાન ★

કિયામતના દિવસે કુર્આનને જ શકલ આપીને લાવવામાં આવશે અથવા તેના સવાબને શકલ આપીને લાવવામાં આવશે. કુર્આનની સૂરતો આવશે તેમાં આગેવાન બે સૂરતો હશે, સૂરએ બકરહ અને સૂરએ આલે ઈમરાન. કુર્આન પોતાની સઘળી સૂરતો સાથે હશે અને જેઓ કુર્આનના આદેશ પર અમલ કરે છે અને નાફરમાનીથી બચે છે તેઓને પણ કુર્આન સાથે લાવવામાં આવશે. જેમ કોઈ માણસના રક્ષકો તેની ચારે બાજુ ચાલે તો તે વચમાં નીડર થઈને ચાલે છે કારણ કે રક્ષકનો આશરો તેને પ્રાપ્ત છે. તો પછી મેદાને મહેશરમાં કુર્આન અને તેની સઘળી સૂરતો તેની ઉપર અમલ કરવાવાળાઓની રક્ષક બનીને ચાલશે તો પછી તેના આશરામાં રહેનારને ડર કઈ વાતનો હશે ? કડાકાની ગરમીમાં કુર્આનની સૂરએ બકરહ અને આલે ઈમરાન વાદળ બનીને તેમને સૂરજની ગરમીથી બચાવશે અને બીજી સૂરતો રક્ષક બનીને સાથે હશે. માત્ર કુર્આનની





તિલાવત કરવા પર રહમતોની વર્ષા થાય છે. તો પછી જ્યારે સઘળુ કુર્આન રક્ષક બનીએ સાથે હશે તો રહમતનું શું પૂછવું ? વળી હિસાબો કિતાબમાં દલીલ થશે તો કુર્આનની સૂરતો જવાબ આપશે અને સાહિબે અમલ માટે જવાબ બનાવી તેની શફાઅત કરાવશે.

મુસ્લિમ શરીફમાં હઝરત નવાસ બિન સિમઆનથી રિવાયત છે : તેઓ કહે છે, મેં સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફરમાવતાં સાંભળ્યું, કિયામતના દિવસે કુર્આન અને તેની ઉપર અમલ કરવાવાળાઓને લાવવામાં આવશે, તો આગેવાન તરીકે સૂરએ બકરહ અને આલે ઈમરાન હશે. જાણે વાદળના બે ટૂકડા છે અથવા બે કાળી વાદળીઓ જેમની વચમાં પ્રકાશ છે અથવા પક્ષીઓની બે ટોળીઓ સફ બાંધેલ,જે પોતાના પઢવાવાળાઓ માટે ઝઘડો કરશે. એટલે કે તેમના સવાલોનો જવાબ આપી તેમના માટે શફાઅત કરશે.

જ્યારે કુર્આન શરીફ આટલો વફાદાર સાથી છે તો આપણે તેનો સાથ ન છોડવો જોઈએ. તિલાવત કરવી જોઈએ, તેના માયના અને તફસીર પર ધ્યાન આપવું જોઈએ, તેના આદેશ પર અમલ કરવો જોઈએ. આ છે દુનિયામાં કુર્આનનો સાથ અને તેની સંગત. તો જ્યાં તમને જરૂરત હશે તે પણ તમારો સાથ નહીં છોડે અને તમને ફાયદો પહોંચાડીને જ રહેશે. સૂરએ બકરહ અને આલે ઈમરાન જેને કુર્આની સૂરતોના લખાણમાં આગેવાન બનાવવામાં આવી છે તો કાલે કિયામતના દિવસે પણ તેઓ આગેવાન તરીકે આવશે, જેથી અવાર નવાર તેની પણ તિલાવત કરતા રહેવું જોઈએ.

## ★ કુર્આનને આગેવાન બનાવો ★

અલ્લાહ ત્આલાએ કુર્આનની નેઅમત આપણને માર્ગ બતાવવા માટે આપી છે. તો આપણે આપણા માર્ગને નિયુકત કરવામાં કુર્આનનો આશરો લેવો જોઈએ. કુર્આનના આદેશ પર અમલ કરવો જોઈએ. આપણી ઈચ્છા અને ઈરાદાને કુર્આનના ઈર્શાદો પર કુર્બાન કરી દેવો દેવો જોઈએ, તેનો મતલબ છે કુર્આનને

આગેવાન બનાવવું. જો આપણે કુર્આન પર અમલ ન કરીએ અને દરેક કામમાં આપણી ઈચ્છાને સ્થાન આપીએ તો કુર્આનને ભલેને આગેવાન સમજતા હોય પણ અમલના આધારે આપણી ઈચ્છા આગેવાન અને કુર્આન પાછળ છે. જ્યારે તમે એ જાણી લીધું કે કુર્આન કિયામતના દિવસે આગેવાન અને રક્ષક બનીને આવશે તો તેના માટે જેણે દુનિયાના જીવનમાં પોતાના દરેક કામ અને દરેક ફેંસલામાં કુર્આનને આગેવાન નહીં બનાવો તો કુર્આન પણ તમારા માટે આગેવાન બનીને નહીં આવે, બલ્કે તમારી વિરોધમાં ફરિયાદ કરશે.

કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે: કુર્આનને મજબૂત પકડી રાખો, તેને ઈમાન અને આગેવાન બનાવો કારણ કે તે રબ્બુલ આલમીનનું કલામ છે. તેના તરફથી છે અને તેના તરફ જશે. તેની મુતશાબેહાત પર ઈમાન રાખો અને તેના દાખલાઓથી સબક લો.

કન્ઝુલ ઉમ્માલમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે કુર્આન શફાઅત કરનાર છે અને તેની શફાઅત કબૂલ છે. તે ફરિયાદ કરનાર છે અને તેની ફરિયાદ સ્વીકારાશે. જેણે તેને આગેવાન બનાવ્યું તે પોતાની આગેવાનીમાં તેને જન્નતમાં લઈ જશે અને જેણે તેને પાછળ રાખ્યું તેને દોઝખમાં ખેંચી જશે.

ઉપરોકત હદીષોથી જાણવા મળ્યું કે કુર્આનને આગેવાન બનાવીને તેના માર્ગે ચાલે તો તે કિયામતના દિવસે શફાઅત કરાવી પોતાની આગેવાનીમાં જન્નતમાં લઈ જશે અને જેણે પોતાની મરજીને ઉત્તમતા આપી અને કુર્આનના આદેશને છોડી પોતાની મનેચ્છા પર અમલ કર્યો તેની શફાઅત કરશે નહીં, બલ્કે તેના કામની ફરિયાદ કરી તેને દોઝખમાં પહોંચાડશે. કુર્આન પાસે બે પ્રકારની શકિત છે. હવે આપણી અકકલની વાત છે કે આપણે આપણા હકમાં તેના ફાયદા પહોંચાડવાની શકિત કામમાં લાવીએ છીએ કે પછી બરબાદ કરવાવાળી શકિતને ઉત્તમતા આપીએ છીએ.





## ★ સાહિબે કુર્આન માટે કુર્આનને ફિકર ★

સાહિબે કુર્આન જે દુનિયામાં કુર્આનનો ખયાલ રાખે છે અને તેનો હક અદા કરે છે જેનો ઉલ્લેખ થઈ ગયો છે. કુર્આન મજીદ ફુર્કાને હમીદ તેને ભૂલશે નહીં, બલ્કે કિયામતના દિવસે તે સાહિબે કુર્આનની શોધમાં ચિંતિત હશે, જાણે કોઈ માણસની કિંમતી ચીજ ખોવાઈ ગઈ હોય અને તે તેની શોધમાં હેરાન પરેશાન હોય. સાહિબે કુર્આનને શોધીને તેનો હક અદા કરવો યાદ અપાવશે અને પછી તેની મદદ કરશે. કન્ઝુલ ઉમ્માલમાં હઝરત બુરૈદા رضی اللہ عنہ થી રિવાયત છે : કુર્આન કિયામતના દિવસે ચિંતિત માણસ માફક આવશે અને સાહિબે કુર્આનને કહેશે, હું જ છું જેણે તને રાતમાં જગાડયો અને દિવસમાં તરસ્યો રાખ્યો.

રમઝાનના મુબારક મહીનામાં ઈમાનવાળાઓ દિવસમાં રોઝો રાખે છે અને રાત્રે ઈશાની નમાઝ પછી કુર્આન શરીફની તિલાવત સાથે તરાવીહ પઢે છે. આ હદીષથી તેઓને મુરાદ લેવામાં આવ્યા છે. જાણવા મળ્યું કે આજે આપણે કુર્આન પર અમલ કરવામાં હેરાન પરેશાન છીએ તો કિયામતના દિવસે આપણી શફાઅત માટે કુર્આન પરેશાન હશે.

## ★ સાહિબે કુર્આન માટે કુર્આનની માંગ ★

કુર્આન મજીદ સાહિબે કુર્આનને ભૂલશે નહીં, બલ્કે તેની શફાઅત કરશે અને રબ તબારક વ ત્આલાથી તેના માટે ઈનામની માંગ કરશે, તો અલ્લાહ તબારક વ ત્આલા તેની માંગને રદ કરશે નહીં, બલ્કે કબૂલ કરી સાહિબે કુર્આનને નેઅમતો ફર્માવશે.

કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે : કિયામતના દિવસે કુર્આન આવશે પછી કહેશે, અય રબ ! તેને પહેરાવ ! તો તેને કરામતનો તાજ પહેરાવામાં આવશે. ફરી વિનંતી કરશે અય રબ ! એના પર વધારો ફર્માવ, તો કરામતના કપડાં પહેરાવામાં આવશે. ફરી વિનંતી કરશે, અય રબ ! એનાથી ખુશ

થઈ જા. તો તેનાથી ખુશ થઈ જશે. પછી (સાહિબે કુર્આનને) કહેવામાં આવશે, પઢ અને ચઢ ! અને દરેક આયત પર ભલાઈનો વધારો થશે.

## ★ બેઅમલને કુર્આન છોડશે નહીં ! ★

જેમ હક અદા કરવાવાળાને કુર્આન ભૂલશે નહીં, અને તેને ફાયદો પહોંચાડશે. એવી જ રીતે તેને ભૂલનારને કુર્આન છોડશે નહીં. તેની ફરિયાદ કરી તેને દોઝખમાં લઈ જશે. કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અમ્ર رضی اللہ عنہથી રિવાયત છે કે કુર્આનને કિયામતના દિવસે માણસની શકલ આપવામાં આવશે. પછી એક એવા માણસ સાથે તેને લાવવામાં આવશે જેણે કુર્આનનું વજન ઉઠાવ્યું, પણ તેના આદેશ પર અમલ ન કર્યો. તેના માટે વિરોધીનું રૂપ ધારણ કરશે અને કહેશે, અય રબ ! તેં મારૂ વજન પેલા પર નાખ્યું તો મને ઉઠાવવાવાળો ઘણો ખરાબ છે. મારી હદોથી આગળ વધ્યો છે, મારા ફર્ઝો ખરાબ કર્યા, મારી નાફરમાની પર સવાર થયો, મારી ઈતાઅત છોડી આપી. તેની વિરોધમાં દલોલો પર દલીલો આપશે. તેને કહેવામાં આવશે, તારે જે કરવું હોય તે કર ! તો કુર્આન તેનો હાથ પકડશે અને ઊંધા મોઢે દોઝખમાં પહોંચાડશે અને એક નેક માણસ લાવવામાં આવશે, જેણે તેનું વજન ઉઠાવ્યું હશે, તેના આદેશનું પાલન કર્યું હશે, તેના માટે દોસ્તનું રૂપ ધારણ કરશે અને કહેશે, અય રબ ! તેં મારું વજન તેની ઉપર નાખ્યું તો તેણે મારી હદોનું રક્ષણ કર્યું. મારા ફર્ઝોનું પાલન કર્યું. મારી નાફરમાનીથી બચ્યો અને મારી ઈતાઅતમાં ચાલતો રહ્યો. તેના માટે દલીલો પર દલીલો આપશે, ત્યારે અલ્લાહ ત્આલા તેને ફર્માવશે, તારે જેવું કરવું હોય કર ! તો તેનો હાથ પકડશે, પછી તેને રેશમી કપડાં પહેરાવશે, તેની ઉપર તાજ સજાવશે અને શરાબનો જામ પિવડાવશે.

કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે બેશક ! આ કુર્આન શફાઅત કરનાર છે, જેની શફાઅત કબૂલ છે. ફરિયાદ કરનાર છે, જેની ફરિયાદ કબૂલ છે. જેના માટે કુર્આન





કિયામતના દિવસે શફાઅત કરશે તેના માટે નજાત અને છૂટકારો છે અને જેના માટે કુર્આન કિયામતના દિવસે ફરિયાદ કરશે તેને અલ્લાહ ત્આલા મોઢા ભેર દોઝખમાં નાખશે.

## ★ તિલાવતે કુર્આન ઉત્તમ ઈબાદત છે ★

ઈનાબામાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે કુર્આનની તિલાવત ઈબાદતોમાં ઉત્તમ છે.

કન્ઝુલ ઉમ્માલમાં હઝરત લુકમાન બિન બશીર رضی اللہ عنہથી રિવાયત છે કે મારી ઉમ્મતની ઉત્તમ ઈબાદત કુર્આનની તિલાવત છે.

હકીમે હઝરત ઉબાદા બિન સામિત رضی اللہ عنہથી રિવાયત કરી છે કે મારી ઉમ્મતની ઉત્તમ ઈબાદત એ દેખીને કુર્આનની તિલાવત કરવી છે.

કુર્આન શરીફની તિલાવત ઉત્તમ ઈબાદત છે કારણ કે તે એવા શબ્દોથી ખુદા ત્આલાની યાદ અને તેનો ઝિક્ર છે જેને અલ્લાહ ત્આલાએ નાઝિલ ફર્માવ્યું. દુનિયાનો કોઈ પણ શબ્દ ખુદાના નાઝિલ કરેલ કલામથી ઉત્તમ શી રીતે થઈ શકે છે ? અને એટલે જ નમાઝ જે ઈબાદતોમાં અફઝલ છે તેના માટે તિલાવતે કુર્આનને ફર્ઝ અને વાજિબનું મુકામ આપવામાં આવ્યું છે. જેના રહસ્યનું વર્ણન થઈ ગયું છે.

## ★ માણસની અલ્લાહથી વાત ★

આપણામાં એ શકિત નથી કે આપણે ખુદા ત્આલાથી વાત કરીએ ! એ તો નબીઓને મળેલ નેઅમત છે. પરંતુ આપણા માટે ખુદા ત્આલાથી વાત કરવાનો એક માર્ગ છે અને તે કુર્આન શરીફની તિલાવત કરીએ. વાત કરવાવાળાઓમાંથી એક બોલે છે અને બીજો સાંભળે છે. આપણે તિલાવત કરીએ તો આપણી તિલાવત અલ્લાહ ત્આલા સાંભળે છે.

ખતીબે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે

તમારામાંથી કોઈને એ પસંદ હોય કે પોતાના રબથી વાત કરે તો તે કુર્આનની તિલાવત કરે.

દૈલમીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે બેશક ! અલ્લાહ ત્આલા કુર્આન માટે ચૂપ રહે છે અને તેને સાંભળે છે. (એટલે કે ખાસ ધ્યાન આપે છે.)

જ્યારે આપણે તિલાવત કરીએ છીએ અલ્લાહ તઆલા સાંભળે છે તો આપણે વાત કરીએ છીએ અને ખુદા આપણી વાત સાંભળે છે. એટલે હદીષમાં આવ્યું કે જેને એ પસંદ હોય કે અલ્લાહથી વાત કરે તો તે કુર્આનની તિલાવત કરે.

## ★ કુર્આનનું ઈલ્મ રાખનારની ફઝીલત ★

દિવસે દિવસે લોકોનું ઈમાન અશકત થઈ રહ્યું છે. આખેરત અને તેનાથી સંબંધિત ચીજોથી મહોબ્બત ઓછી થઈ રહી છે. દીનનું ઈલ્મ પણ આખિરતને સંબંધિત એક નેઅમત છે. એટલે દીની ઈલ્મનો શોખ પણ ઓછો થઈ રહ્યો છે. અને જ્યારે દીની ઈલ્મનો શોખ ન હોય તો દીનનો ઈલ્મ રાખનારની મહોબ્બત શી રીતે હોય ? પણ એટલું યાદ રાખવું જોઈએ કે દુનિયા થોડા દિવસો માટે છે. પછી જે કંઈ છે તે આખિરત છે. ત્યાં હમેશાં રહેવાનું છે. ત્યાં દીની ઈલ્મનો ફાયદો જોવા મળશે. તો પછી દારૂલ અમલમાં ઈલ્મે દીનથી શોખ રાખો અને તેને શીખો. શીખવા માટે દીની આલિમોની જરૂરત છે તો તેમની ઈજ્જત કરો અને તેમનાથી મહોબ્બત રાખો. જે પબ્લિક આલિમોની ઈજ્જત નથી કરતી તેમને દીની ઈલ્મની નેઅમતથી મહરૂમ કરી દેવામાં આવે છે.

કન્ઝમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે કુર્આનવાળાઓની ઈજ્જત કરો, જેણે તેમની ઈજ્જત કરી તેણે મારી ઈજ્જત કરી.

★ કન્ઝમાં હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે કે કુર્આનવાળાઓ ઈસ્લામનો ઝંડો ઉઠાવનાર છે. જેણે તેની ઈજ્જત





કરી તેણે અલ્લાહની ઈજ્જત કરી અને જેણે તેની બેઈજ્જતી કરી તેની ઉપર અલ્લાહની લા'નત છે.

★ ખતીબે હઝરત અનસથી રિવાયત કરી છે કે કુર્આનવાળાઓ અલ્લાહવાળાઓ છે.

★ હાકિમે મુસ્તદરકમાં હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે કુર્આનવાળાઓ અલ્લાહના કલામની તાલીમ આપનાર છે. અલ્લાહના નૂરથી સંબંધ રાખનાર છે. જેણે તેમનાથી મહોબ્બત રાખી તો જરૂર અલ્લાહથી મહોબ્બત રાખી અને જેણે તેમનાથી દુશ્મની કરી તેણે ખુદાથી દુશ્મની કરી.

★ દૈલમીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે કુર્આનવાળાઓની ઈજ્જત કરો. જેણે તેમની ઈજ્જત કરી તેણે ખુદાની ઈજ્જત કરી. હોશિયાર ! કુર્આનવાળાઓનો હક ન મારો કારણ કે તેઓ અલ્લાહ પાસે એ સ્થાને છે કે કુર્આનવાળાઓ નબીઓની નિકટ છે, ફરક એ કે તેમની ઉપર વહી નથી આવતી.

★ ઈબ્ને અસાકિરે હઝરત હસન رضی اللہ عنہથી રિવાયત છે કે જેણે કુર્આનનો ત્રીજો ભાગ લીધો અને તેની ઉપર અમલ કર્યો, તેણે નબુવ્વતના કામનો ત્રીજો ભાગ લીધો. જેણે કુર્આનનો અડધો ભાગ લીધો અને તેની ઉપર અમલ કર્યો તેણે નબુવ્વતના કામનો અડધો ભાગ લીધો અને જેણે સઘળું કુર્આન લીધું અને તેની ઉપર અમલ કર્યો તેણે નબુવ્વતનું પૂરું કામ લીધું. મતલબ નબુવ્વતને સંબંધિત ફાયદો પ્રાપ્ત કર્યો.

★ ખતીબે ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે જેણે કુર્આનનો ત્રીજો ભાગ આપવામાં આવ્યો, જેણે અડધું કુર્આન પઢયું તેને નબુવ્વતનો ત્રીજા ભાગ આપવામાં આવ્યો. જેણે કુર્આનના બે ત્રીજા ભાગ પઢયા તેને નબુવ્વતના બે ત્રીજા ભાગ આપવામાં આવ્યા અને જેણે પૂરું કુર્આન પઢયું તેને સઘળો ભાગ આપવામાં આવ્યો. ફરક એ કે તેની ઉપર વહી નથી આવતી. તેને કિયામતના દિવસે

કહેવામાં આવશે કે પઢ અને ચઢ ! તો તે પઢશે અને દરેક આયતના બદલે એક દરજો ચઢશે. એટલે સુધી કે કુર્આનમાંથી જે તેની પાસે હશે પૂરું કરશે. પછી તેને કહેવામાં આવશે પકડ ! તો તે પકડશે. પછી પૂછવામાં આવશે, શું તુ જાણે છે કે તારા હાથમાં શું છે ? તો તેના જમણા હાથમાં હમેશગી હશે અને તેના ડાબા હાથમાં નઈમ. (જાણવા મળ્યું દીની ઈલ્મ સાથે અમલ કરવાવાળાઓનો મરતબો નબુવ્વતથી નિકટ છે.)

★ કન્ઝમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે કુર્આનવાળાઓની ફઝીલત બીજા લોકો પર ખાલિકની મખ્લૂક પર ફઝીલતની માફક છે.

★ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે કુર્આનવાળાઓ અલ્લાહના વલીઓ છે. જેણે તેમનાથી દુશ્મની રાખી તેણે અલ્લાહની દુશ્મની રાખી અને જેણે એમનાથી મહોબ્બત રાખી તેણે ખુદાથી મહોબ્બત રાખી.

★ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે : ખુશ ખબર છે તેના માટે જેને કિયામતના દિવસે ઉઠાવવામાં આવશે અને જેનું પેટ કુર્આન, ફર્ઝ અને ઈલ્મથી ભરેલું હશે.

★ હકીમે હઝરત અબૂ ઉમામાથી રિવાયત કરી છે કે કુર્આનવાળાઓ જન્નતવાળાઓના ઓરફા (આલિમો) છે.

★ તિબ્રાનીએ કબીરમાં હઝરત હુસૈન બિન અલી رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે કુર્આનવાળાઓ કિયામતના દિવસે જન્નતવાળાઓના ઓરફા (આલિમો) હશે.

★ કન્ઝમાં છે : હઝરત અલી رضی اللہ عنہ રિવાયત કરે છે કે કુર્આનવાળાઓ અલ્લાહવાળા અને તેની બારગાહના ખાસ છે.

## ★ તિલાવત સદકાથી ઉત્તમ છે ★

કન્ઝમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે :





નમાઝમાં કુર્આન પઢવું ઉત્તમ છે નમાઝ બહાર પઢવાથી. નમાઝ બહાર કુર્આન ઉત્તમ છે તે સિવાય બીજા ઝિક્રથી. ઝિક્ર ઉત્તમ છે (નફલ) સદકાથી. સદકો ઉત્તમ છે (નફલ) રોઝાથી. રોઝો રાખવાથી બચાવનાર ઢાલ છે. પઢવું અમલથી જ છે. પઢવું અને અમલ નિય્યતથી જ છે. પઢવું, અમલ અને નિય્યત સુન્નતની પેરવીથી જ છે.

## ★ તિલાવતથી ગુનાહ પણ માફ થાય છે ★

કન્ઝમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે જેણે અલ્લાહની કિતાબનો એક શબ્દ જાહેરમાં સાંભળ્યો તેના માટે દસ નેકીઓ લખવામાં આવી, તેના દસ ગુનાહ માફ કરવામાં આવ્યા અનેતેના દસ દરજ્જા બુલંદ થયા. જેણે અલ્લાહની કિતાબનો એક શબ્દ નમાઝમાં બેસીને પઢયો તેના માટે પચાસ નેકીઓ લખવામાં આવી, તેના પચાસ ગુનાહો માફ કરવામાં આવ્યા, તેના પચાર દરજ્જા બુલંદ થયા. જેણે અલ્લાહની કિતાબનો એક શબ્દ ઉભા રહીને પઢયો તેના માટે એક સો નેકીઓ લખવામાં આવી, તેના એક સો ગુનાહ માફ કરવામાં આવ્યા, તેના એક સો દરજ્જા બુલંદ થયા. અને જેણે કુર્આન ખત્મ કર્યું, અલ્લાહે પોતાની પાસે કબૂલ થયેલ દુઆ લખી.

ઉપરોકત રિવાયતથી જાણવા મળ્યું કે કુર્આન શરીફની તિલાવત પર ગુનાહોની માફી પણ થાય છે, નેકીઓ પણ મળે છે અને દરજ્જા પર બુલંદ કરવામાં આવે છે.

દૈલમીમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે જેણે નમાઝમાં ઉભા રહીને કુર્આનની તિલાવત કરી તેના માટે દરેક શબ્દ પર એક સો નેકીઓ છે અને જેણે બેસીને પઢયું તેના માટે દરેક શબ્દના બદલે પચાસ નેકીઓ છે. જેણે નમાઝ બાહ્ય કુર્આનની તિલાવત કરી તેના માટે દરેક શબ્દના બદલે દસ નેકીઓ છે.જેણે અલ્લાહની કિતાબ સાંભળી તેના માટે દરેક શબ્દના બદલે એક નેકી છે.

## ★ નિયુકત સંખ્યાની ફઝીલત ★

તિબ્રાનીમાં હઝરત મુઆઝ બિન અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે જેણે એક હજાર આયતો અલ્લાહના માર્ગમાં પઢી કિરાઅતના દિવસે તેને નબીઓ, સિદ્દીકો, શહીદો અને વલીઓ સાથે લખવામાં આવશે (તેમની સાથે જગા આપવામાં આવશે) અને તેઓ શ્રેષ્ઠ દોસ્ત છે.

★ અબૂ નઈમે હઝરત મિકદામ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે જેણે ચાલીસ આયતો રાતમાં પઢી તેને આળસુમાં લખવામાં નહીં આવે. જેણે એક સો આયતો પઢી કાનિત લખવામાં આવશે. જેણે બસો આયતો પઢી કિયામતના દિવસે કુર્આન તેની વિરોધ ગવાહી નહીં આપે. જેણે પાંચસો આયતો પઢી તેના માટે નેકીઓનો ઢગલો લખવામાં આવશે.

★ દૈલમીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે જેણે રાતમાં ત્રીસ આયતો પઢી તે રાતે જંગલી નુકસાન કારક પ્રાણી અને ચોર ડાકુ તેને ત્રાસ આપશે નહીં. તે પોતે તેના ઘરવાળાઓ અને તેનો માલ સવાર સુધી રક્ષણમાં રહેશે.

★ કન્ઝમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે જેણે અલ્લાહની કિતાબ એક આયતથી તિલાવત કરી તે તેના માટે કયામતના દિવસે નૂર છે અને જેણે અલ્લાહની કિતાબની એક આયત સાંભળી તેના માટે કેટલાયે ગણી નેકી લખવામાં આવી.

★ કન્ઝમાં હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે જેણે રાતમાં **અલિફ લામ મીમ તન્ઝીલ સજદા, ઈકતરબતિ સ્સાઅહ** અને તબારક પઢી તે શૈતાન અને તેની બુરાઈથી રક્ષણ કરશે અને અલ્લાહ ત્આલા કયામતના દિવસે તેના દરજ્જા બુલંદ કરશે.

★ દૈલમીએ હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત કરી કે જેણે સાત દિવસમાં કુર્આન પઢયું, અલ્લાહ ત્આલા તેને એહસાન કરવાવાળાઓમાં લખશે અને ન પઢો ત્રણ દિવસથી ઓછામાં.





તમારામાંથી જે ફ્રેશ હોય તો તેણે વ્યવસ્થિત તિલાવત કરવી જોઈએ.

★ હકીમે મુજાહિદ رضی اللہ عنہથી રિવાયત કરી કે જેણે સાતમાં કુર્આન પઢયું તો તે (ખુદાની) નિકટતા પ્રાપ્ત કરવાવાળાઓનું કામ છે અને જેણે પાંચમાં કુર્આન પઢયું તો સિદ્દીકનું કામ છે અને જેણે ત્રણમાં પઢયું તો તે ઈબાદતગુઝાર નબીઓનું કામ છે અને આ મહેનત છે. હું નથી ખયાલ કરતો કે તમારામાંથી કોઈ આની તાકાત ધરાવતો હોય. પરંતુ જેઓ રાતની તકલીફો પર સબ્ર કરે અને તમારામાંથી કોઈ શરૂ કરે તો તેનો ઈરાદો અંતિમમાં હોય. સહાબાએ સવાલ કર્યો, અય અલ્લાહના રસૂલ ! ત્રણ દિવસથી ઓછામાં ? આપે ફર્માવ્યું "ના", તમારામાંથી જે ચુસ્ત હોય તો તે વ્યવસ્થિત તિલાવત કરે. ઉપરોકત હદીષથી જાણવા મળ્યું કે કુર્આન ત્રણ દિવસથી ઓછામાં ખત્મ ન કરવું જોઈએ. જે વ્યકિત આળસુ ન હોય અને ત્રણ દિવસથી ઓછીમાં પઢી શકતો હોય તો તેણે ખુદાની તિલાવતને સુંદર બનાવવી જોઈએ અને ત્રણ દિવસમાં જ ખત્મ કરવું જોઈએ. અમુક બુઝુર્ગોથી ત્રણથી ઓછા દિવસોમાં ખત્મે કુર્આનની રિવાયતો છે તે તેમની કરામતથી સંબંધિત છે અથવા ત્રણ દિવસનો આદેશ માત્ર ઉત્તમતા માટે છે.

## ★ તિલાવત અને જન્નતમાં મહેલ ★

દૈલમીએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે દરેક ઈમાનવાળા સ્ત્રી પુરૂષ માટે જન્નતમાં એક વકીલ છે જો તે તિલાવત કરે તો તેના માટે મહેલો બનાવે છે અને તસ્બીહ પઢે તો તેના માટે ઝાડો લગાવે છે અને જો તે ન કરે તો ફરિશ્તો પણ નથી કરતો. (એટલે કે ફરિશ્તો ત્યારે જ તિલાવત કરનાર માટે મહેલ બનાવે છે જ્યારે તે તિલાવત કરે અને ત્યારે જ આ'લાથી આ'લા મહેલ બનાવે છે, જ્યારે તે તિલાવત કરે અને ત્યારે જ ઝાડો લગાવે છે અને જ્યારે તસ્બીહ પઢે.) જો આપણે જન્નતમાં એકથી એક અને આ'લાથી આ'લા મહેલ બનાવવા હોય અને મહેલો પાસે બગીચા બનાવવા હોય તો કુર્આનની તિલાવત અને તસ્બીહમાં વધારો કરવો જોઈએ. દુનિયામાં લોકો

સારા બગીચાવાળુ ઘર મેળવવા માટે અનથક કોશિશો કરે છે. હરામ, હલાલ કંઈ જ જોતા નથી. તકલીફ–આરામનો ખ્યાલ પણ લાવતા નથી અને અંતે મેળવી પણ લે છે. તો એક અથવા અધિક પણ દુનિયાનું, ઈંટો પથ્થરનું અને તેનાથી વધીને નહીં. પણ આખિરતમાં જન્નતમાં જે મહેલો મળશે તે તો સોના અને ચાંદીની ઈંટોના. પ્રકાશ માટે અમૂલ્ય ડાયમંડ અને જમીનની જગાએ મુશ્ક, કાંકરાની જગાએ મોતીઓ અને તેના માટે મહેનત કુર્આનની વ્યવસ્થિત તિલાવત અને અવાર નવાર તસ્બીહ પઢવી છે. જ્યાં હમેશાં રહેવાનું છે ત્યાંની નેઅમતો પ્રાપ્ત કરવા માટે ઘણી ઓછી મહેનતની જરૂરત છે. જો તે પણ આપણાથી ન થઈ શકે તો તે આપણી પોતાની ભૂલ છે.

★ ઈબ્ને અસાકિરે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે જન્નતમાં એક નહેર છે. જેને રય્યાન કહેવામાં આવે છે જેની પાસે મોતીનું શહેર છે. જેના સિત્તેર હજાર સોના અને ચાંદીના દરવાજાઓ છે. (તે) કુર્આનવાળાઓ માટે છે.

## ★ ઝગમગતું ઘર ★

કુર્આન નૂર છે, જેનાથી તેનો સંબંધ થાય છે તેને નૂરાની બનાવી આપે છે. તે નૂરનો સંબંધ અહલે ગેયબથી છે. અહલે ગેયબ માટે તે ગેયબ નથી. તેમને તે નૂર જોવા મળે છે. આપણે આપણા ઘરોમાં વિવિધ પ્રકારના બલ્બ લગાડી પ્રકાશ કરીએ અને તેના શણગારમાં વધારો કરીએ તો ટેમ્પરરી છે. આર્ટીફીશયલ છે. પણ કુર્આનની તિલાવતથી જે નૂર ફેલાય છે તે હકીકી અને સાચુ નૂર છે. આસ્માનના ફરિશ્તાઓ આસ્માન પર રહીને તેનો પ્રકાશ જુએ છે.

હકીમે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે બેશક ! ઈમાનવાળાઓનાં ઘરો અર્શ સુધી (પ્રકાશ ફેલાવતા) દિવાઓ છે. સાતેવ આકાશના મુકર્રબ ફરિશ્તાઓ તેને ઓળખે છે. તેઓ કહે છે કે આ પ્રકાશ તે ઈમાનવાળાઓના ઘરોનું છે જેમાં કુર્આનની તિલાવત કરવામાં આવે છે.





પોતાના ઘરની ઓળખ આકાશવાળાઓમાં કરાવવી હોય અને તેને ગેયબી નૂરથી પ્રકાશિત બનાવવું હોય તો કુર્આનની તિલાવત કરો.

## ★ નાનકડું ઘર ★

ઘર ગમે તેટલું મોટુ વિશાળ કિંમતી હોય અને લોકોની નજરમાં તેની ગમે તેટલી ઈજ્જત હોય પણ તે સાચી ઈજ્જત નથી. માત્ર શબ્દો છે જે સાંભળનારને ખૂશ કરી શકે છે. તેનાથી આખિરતમાં કોઈ ફાયદો થવાનો નથી. ખુદા અને તેના ફરિશ્તાઓની નજરમાં ઘરની સુંદરતા દુનિયાના શણગારથી નથી બલ્કે દીની શણગારથી છે. ઝૂંપડી હોય જેની પાસેથી પસાર થવું પણ લોકોને પસંદ ન હોય પણ જો તેમાં દીનદાર રહેતો હોય અને ખુદાના આદેશોનું પાલન થતું હોય તો તે અલ્લાહ અને ફરિશ્તાઓની નજરમાં અતિ ઉત્તમ છે.

કન્ઝમાં હઝરતે અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે ઘરોમાં સૌથી નાનું ઘર તે છે જેમાં અલ્લાહ ત્આલાની કિતાબમાંથી કંઈ ન હોય (એટલે કે તિલાવત કરવામાં ન આવતી હોય) તો તમે કુર્આનની તિલાવત કરો, બેશક ! તમને દરેક શબ્દના બદલે દસ નેકીઓ આપવામાં આવશે. પરંતુ હું એ નથી કહેતો કે ''અલિફ લામ મીમ'' બલ્કે અલિફ, લામ અને મીમ (એટલે કે ત્રણ શબ્દ છે).

## ★ જમીન શરીરનું રક્ષણ કરશે ★

મુરદાને દફન કર્યા બાદ અમુક દિવસે તેની બોડી ફૂલીને ફાટી જાય છે અને ધીમે ધીમે તે માટીમાં ફેરવાય જાય છે, પરંતુ અલ્લાહના નબીઓ, વલીઓ અને દીનની વાતો પર અમલ કરી ગુનાહથી બચવાવાળાઓ અને કુર્આનના હાફિઝોની જમીન ઈજ્જત કરે છે અને જમીનની દરેક ચીજ તેમની ઈજ્જત કરે છે. એટલે તેમની બોડીને કોઈ ખરાબ કરી શકતુ નથી અને તેઓ કિવન્ટલો માટી નીચે

સલામત રહે છે.

દૈલમીએ હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે જ્યારે કુર્આન ઉઠાવનાર (હાફિઝ, આલિમ) મરે છે તો અલ્લાહ ત્આલા જમીનને હુકમ આપે છે કે તેનો ગોશ્ત ખાઈશ નહીં. જમીન કહે છે કે અય અલ્લાહ ! હું તેનો ગોશ્ત કેવી રીતે ખાઉં ? તારું કલામ તો તેના પેટ (સીના)માં છે. (એટલે કે જ્યારે તે તારા કલામને પોતાના સીનામાં લઈને આવ્યો છે તો તે મારી નજરમાં ઈજ્જતવાળો છે અને કલામે પાકની બરકતથી હું તેનું અપમાન કરીશ નહીં. અને તેને સલામત રાખીશ.) પોતાની ઈજ્જત ખુદાની મખ્લૂકમાં વધારવી હોય તો ખુદાના કલામને તમારા સીનામાં જગા આપો. જે પેટીમાં કુર્આન હોય તો તેની ઈજ્જત કરવામાં આવે છે. જ્યારે તમારો સીનો કુર્આનની પેટી બની જાય તો તેની ઈજ્જત કેમ નહીં થાય ?

## ★ ખુદાનો ગઝબ રઝામાં ફેરવાય જાય છે ★

જેમ રહમાન, રહીમ, ગફ્ફાર અને સત્તાર ખુદાની સિફતો છે, આમ જ કહહાર અને જબ્બાર પણ અલ્લાહની સિફતો છે. જો કે દરેક સિફત અઝલી, અબદી અને અનાશવંત છે, પરંતુ સિફતોના આધારે અલ્લાહ ત્આલાની અલગ અલગ શાન જાણવા મળે છે. તેની જાતના આધારે સિફતો અઝલી, અબદી અને અનાશવંત છે. પરંતુ મખ્લૂક તરફ સંબંધ કરતાં શાનમાં ફેરફાર જોવા મળે છે. કયારેક અલ્લાહ ત્આલા ગઝબમાં હોય છે, પરંતુ પોતાની બારગાહના મહબૂબોને જોઈને તેનો ગઝબ રઝામાં ફેરવાય જાય છે. આ નેઅમત કુર્આનનું ઈલ્મ રાખનાર અને કુર્આનની તાલીમ પ્રાપ્ત કરનાર તિલાવત કરનારને હાંસલ છે કે તેમને દેખીને ખુદા ત્આલાનો ક્રોધ રઝા અને ખુશીમાં ફેરવાઈ જાય છે.

દૈલમી અને ઈબ્ને અસાકિરે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે બેશક ! અલ્લાહ ત્આલા ફર્માવે છે, જ્યારે તે





ગઝબ ફર્માવે છે તો ફરિશ્તાઓ તેના ગઝબથી (રક્ષણ મેળવવા) તસ્બીહ પઢે છે, જ્યારે અલ્લાહ ત્આલા જમીન તરફ ધ્યાન કરે છે (જે તેની શાન લાયક છે) તો તિલાવત કરતા બાળકોને જુએ તો તે ખુશ થઈ જાય છે.

અને તેમનાથી બીજી રિવાયત છે કે બેશક ! અલ્લાહ ત્આલા ગઝબ ફર્માવે છે, તો ફરિશ્તાઓ તેના ગઝબથી સલામતી માંગે છે. પરંતુ જ્યારે કુર્આનવાળાઓને જુએ છે તો ખુશ થઈ જાય છે.

## ★ કબ્રમાં ફરિશ્તો શીખવાડે છે ★

જે વ્યકિત અથવા બાળક હાફિઝ બનતો હોય અને હિફ્ઝ મુકમ્મલ થતાં પહેલાં તેનું અવસાન થઈ જાય તો તે હિફ્ઝની દોલતથી મહરૂમ નથી રહેતો, બલ્કે અલ્લાહ ત્આલા તરફથી તેના માટે કબ્ર અને આલમે બરઝખમાં ફરિશ્તાની વ્યવસ્થા કરવામાં આવે છે, જે મુરદાને કુર્આન યાદ કરાવે છે અને મુકમ્મલ હાફિઝ બનાવી દે છે. એટલે કયામતના દિવસે જ્યારે તેને લાવવામાં આવશે તો સંપૂર્ણ કુર્આનનો હાફિઝ હશે.

કન્ઝમાં હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે કે જેણે કુર્આન પઢયું અને યાદ કરી લેતાં પહેલાં અવસાન પામી ગયો તો તેની પાસે એક ફરિશ્તો આવે છે અને કબ્રમાં તેને શીખવાડે છે. તે અલ્લાહ ત્આલાની મુલાકાત કરશે અને તેણે યાદ કરી લીધું હશે.

## ★ દિલોની સફાઈ ★

માણસના દિલમાં ગંદકી આવે છે ગુનાહથી અને તેનાથી દિલની માંગ ખરાબ થવા લાગે છે. ગુનાહમાં મજા પડે છે અને નેકીના કામમાં સુસ્તી આવવા લાગે છે. તેને દિલનો કાટ કહેવામાં આવે છે. જો તેને દૂર કરવામાં ન આવે તો માણસનું જીવન ખરાબ થઈ શકે છે અને તેની આખિરત બરબાદ થઈ શકે છે. દાખલા તરીકે લોખંડને કયારેક કાટ લાગી જાય છે તો જો કાટ દૂર કરવામાં આવે તો લોખંડની

લાઈફ બચી જાય છે અને કાટ દૂર કરવામાં ન આવે તો તે લોખંડને ખાય જાય છે જેને લોખંડ કહોવાય જવું કહેવામાં આવે છે. તો આ દાખલા પ્રમાણે દિલ પર લાગેલ ગુનાહના કાટને દૂર કરવામાં ન આવે તો તે દિલ અશકત થઈ ખરાબ થઈ જાય છે અને આખિરત શણગારવા લાયક રહી જતું નથી, તો દિલની સફાઈ ઘણી અગત્યની છે. કુર્આન શરીફમાં રહમતોનો ઉલ્લેખ છે અને અઝાબોનું પણ વર્ણન છે. રહમાની અને સત્તારીનું બયાન છે તો કહહારી અને જબ્બારીનો પણ ઝિક્ર છે. એટલે ધ્યાન દઈને કુર્આનની તિલાવત કરવામાં આવે તો આખિરતની નેઅમતોથી દિલ લલચાય છે અને અઝાબોથી દિલની ધડકનોમાં વધારો થઈ જાય છે અને માણસ દિલોમાંથી ખોટી વાસનાઓનો નાશ કરી ખુદાનો બનવાની કોશિશ કરે છે.

ખતીબે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે બેશક ! આ દિલો કટાય છે, જેમ લોખંડ કટાય છે. પૂછવામાં આવ્યું, અય અલ્લાહના રસૂલ ! તેની સફાઈ શી રીતે થાય ? આપે ફર્માવ્યું, કુર્આનની તિલાવત. તિલાવતથી શૈતાન દૂર થાય છે. સરકશ અને બદમાશ જિન કયારેક ઘરોમાં આવી જાય છે, કુર્આન શરીફની તિલાવત થયા કરે તો તેઓ ઘરોમાં રહી શકતા નથી અને તેઓ ઘર છોડવા પર મજબૂર બની જાય છે. બીજું એ કે તિલાવતના સમયે ફરિશ્તાઓ આવે છે. ખુદાની રહમતની વર્ષા થાય છે એટલે પણ શૈતાન નિકટ આવી શકતો નથી. તો કુર્આનની તિલાવત કરી ઘરોમાં ખુદાની રહમત અને તેના ફરિશ્તાઓને દા'વત આપવી જોઈએ.

કન્ઝમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે જે ઘરમાં કુર્આન પઢવામાં આવે તેમાં ફરિશ્તાઓ હાજરી આપે છે અને શૈતાન ત્યાંથી નાસી જાય છે. તે તેના રહેવાવાળાઓ માટે વિશાળ બની જાય છે. તેની ભલાઈમાં વધારો થઈ જાય છે. તેની બુરાઈ અને ખરાબી ઓછી થઈ જાય છે અને જે ઘરમાં કુર્આન પઢવામાં ન આવે તેમાં શૈતાનો હાજરી આપે છે, ફરિશ્તાઓ ત્યાંથી નાસી જાય છે, તે રહેવાવાઓ માટે તંગ બની જાય છે, તેની ભલાઈ ઓછી થઈ જાય છે





અને તેની બુરાઈ વધી જાય છે.

## ★ ફરિશ્તાઓમાં અલ્લાહ યાદ કરે છે ★

કુર્આન શરીફની તિલાવત અલ્લાહની યાદ તેનો ઝિક્ર અને તેની બંદગી છે. પોતે તિલાવત કરવી, બીજાને સંભળાવવી, તિલાવત સાંભળવી, તેનો સબક આપવો અથવા સબક લેવો બધું જ બંદગીમાં છે. જયારે બંદો ખુદાને યાદ કરે છે તો ખુદા ત્આલા બંદાને યાદ કરે છે અને તે જમાઅતમાં યાદ કરે તો અલ્લાહ ત્આલા ફરિશ્તાઓની મુકદસ જમાઅતમાં તેમને યાદ કરે છે.

કન્ઝમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે લોકો અલ્લાહની મસ્જિદોમાંથી કોઈ મસ્જિદમાં બેસીને ખુદાની કિતાબની તિલાવત કરે છે. પરસ્પર સબક કાયમ કરે છે તો તેમની ઉપર સકીના (આત્મ શાંતિનો ઝરીયો) ઉતરે છે, રહમત તેમને ઢાંકી લે છે, ફરિશ્તાઓ તેમને ઘેરી વળે છે અને અલ્લાહ ત્આલા તેઓને યાદ કરે, તેની પાસે છે તેમનામાં. જેને તેનો અમલ પાછળ કરે તેનું નસીબ તેને આગળ નથી કરી શકતું.

## ★ આખિરતના ફાયદાઓ ★

કુર્આન શરીફની તિલાવત ઘણુ મુબારક અને બાબરકત કામ છે. તેનાથી તિલાવત કરનારને દુનિયામાં પણ ફાયદો મળે છે અને આખિરતમાં પણ ફાયદો મળે છે. સારાંશ એ કે બંને જગાની ભલાઈ પ્રાપ્ત થાય છે.

દૈલમીમાં હઝરત ગઝીફ બિન હારિસથી રિવાયત છે કે અય મુઆઝ ! જો તુ ઈરાદો કરે નેકબખ્ત અને નસીબદાર લોકોના જીવનનો, શહીદોની મોતનો, હશ્રના દિવસે છૂટકારાનો, તરસના દિવસે સૈરાબ થવાનો, હલકા પણાના દિવસે વજનનો અને ગુમરાહીના દિવસે હિદાયતનો, તો કુર્આનનો સબક કાયમ કર. કેમ કે તે રહમાનનો ઝિક્ર શૈતાનથી રક્ષણ, મીઝાનમાં વજનનો વધારો છે.

## ★ ઉસ્તાદની ઈજ્જત ★

કુર્આન શરીફની તિલાવત શીખવાથી, હાફિઝ બનવાથી અને કુર્આનનું ઈલ્મ પ્રાપ્ત કરવાથી દુનિયા અને આખિરતનો ગમે તેટલો ફાયદો મળે તેમાં તેના ઉસ્તાદનું એહસાન સામેલ છે. ઉસ્તાદનો અદબ રાખવો, તેની ઈજ્જત કરવી, તેનો હક અદા કરવો વિદ્યાર્થી માટે જરૂરી છે. ઉસ્તાદને ભૂલીને વાત કરવી નમક હરામી છે. એટલે આપણને ઉસ્તાદના અદબનો આદેશ આપવામાં આવ્યો છે.

કન્ઝમાં હઝરત હમ્માદ رضی اللہ عنہથી રિવાયત છે કે જેણે કોઈ માણસને કુર્આન શીખવાડયું તો તે તેનો મૌલા અને આકા છે. તેની બેઈજ્જતી ન કરે અને પોતાને તેની ઉપર ઉત્તમતા ન આપે.

કન્ઝમાં હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે કે જેણે કોઈ માણસને ખુદાની કિતાબની એક આયત શીખવાડી તો તે તેનો આકા અને મૌલા છે. તેના માટે જાઈઝ નથી કે તેની બેઈજ્જતી કરે અને પોતાને તેની ઉપર ઉત્તમતા ન આપે. જો તેણે આમ કર્યું તો ઈસ્લામની ગાંઠોમાંથી એક ગાંઠ ખોલી નાખી.

## ★ મા–બાપને બદલો ★

બાળકોની ઉપર શરઈ જવાબદારી નથી હોતી, પરંતુ બાલિગ થયા બાદ તેમની ઉપર શરઈ જવાબદારી આવવાની છે, એટલે મા–બાપ તરફથી બાળકોને બાળપણમાં દીનની તાલીમ શીખવાડવામાં આવે છે. બાળક જે કંઈ પઢે અને શીખે તેનો ફાયદો તેમને થવાનો છે. જ્યારે બાળકોના નેક અમલોનો સવાબ મા–બાપને મળે છે તો મા–બાપે ઘરનો માહોલ એવો બનાવવો જોઈએ કે બાળકો એક બીજાને દેખા દેખી નેક અમલો કરો અને તેને વધુથી વધુ દીનની તાલીમ આપે અને અપાવે. કયામતના દિવસે પણ માતા પિતાની રબ તરફથી ઈજ્જત કરવામાં આવશે અને તેમને શાન જાહેર કરવા માટે તેમને તાજ પહેરાવામાં આવશે અને ઈજ્જતનો વસ્ત્ર તેમને





આપવામાં આવશે. એટલે કે દુનિયામાં પણ ફાયદો અને આખિરતમાં પણ ફાયદો.

ઈબ્ને અસાકિરે અબાન બિન અબૂ અય્યાશથી રિવાયત કરી કે જે પણ વ્યકિતએ પોતાના છોકરાને કુર્આન શિખવાડયું, તેના મા–બાપને કિયામતના દિવસે રાજાનો તાજ પહેરાવામાં આવશે અને એવો વસ્ત્ર પહેરાવામાં આવશે. જેના જેવો લોકોએ જોયો નહીં હોય.

અબૂ નઈમે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે જેણે પોતાના છોકરાને કુર્આન શીખવાડયું અલ્લાહ ત્આલા તેને કયામતના દિવસે એવો હાર પહેરાવશે જેનાથી આગલા પાછલા સઘળા લોકો અચરજમાં પડી જશે. (એની જેવો દુનિયામાં જોવામાં પણ નહીં આવ્યો હશે.)

## ★ શહાદતનો મર્તબો ★

શહાદતની વાસ્તવિકતા શું છે તેને તો દરેક મુસલમાન જાણે છે પરંતુ શહાદતના અન્ય પ્રકાર એવા છે જેમાં માણસને શહાદતનો મરતબો આપવામાં આવે છે. જેનો ઉલ્લેખ બીજા કોઈ મોકાસર કરવામાં આવશે. તેઓ પૈકી એક ઈલ્મે દીન શીખી બીજાને શીખવાડવું છે. આવા માણસને અવસાન પર શહાદતનો મરતબો આપવામાં આવે છે. વધુ બશારત એ કે તેની કબ્ર ફરિશ્તાઓની ઝિયારતગાહ બની જાય છે. સતત ફરિશ્તાઓની અવર જવર ચાલુ રહે છે.

અબૂ નઈમે હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરી કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, અય અલી ! કુર્આન શીખ અને લોકોને શિખવાડ. તારા માટે દરેક શબ્દ પર દસ નેકીઓ છે. પછી જો તુ મરશે તો શહીદની મોત મરશે. અય અલી ! કુર્આન શીખ અને લોકોને શીખવાડ, પછી જો તુ મરશે તો ફરિશ્તાઓ તારી કબ્ર પર હાજરી આપશે. જેમ કે લોકો બયતુલ્લાહિલ અઝીમની

ઝિયારતે જાય છે.

## ★ હુઝૂર શફાઅત કરશે ★

સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના સઘળા મુસલમાન ઉમ્મતીઓની શફાઅત કરશે. જેનો ઉલ્લેખ શફાઅતના પ્રકરણમાં કરવામાં આવશે. પણ અહિં એ કે જે વ્યકિત ઈલ્મ શીખે ને બીજાને શીખવાડશે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم તેની શફાઅત ફર્માવશે. મુઅલ્લિમ અને ઉસ્તાદને શફાઅતની બશારત અલગથી એટલા માટે આપવામાં આવી રહી છે કે તે કામની ઉત્તમતા અને ફઝીલત જાણવા મળે.

ઈબ્ને અસાકિરે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે જેણે કુર્આન શીખ્યું અને બીજાને શીખવાડયું અને લીધું જે તેમાં છે (એટલે કે પોતે તેના આદેશ પર અમલ કર્યો) તો કુર્આન તેના માટે શફીઅ બનશે અને જન્નતની દલીલ. (આ હદીષમાં કુર્આનની શફાઅતનો ઉલ્લેખ છે) અને તેમનાથી બીજી રિવાયતમાં છે :–

સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હોશિયાર ! જેને કુર્આન શીખ્યું અને બીજાને શીખવાડયું અને જે તેમાં છે તેની ઉપર અમલ કર્યો તો હું તેને જન્નત તરફ લઈ જઈશ અને દલીલ છું જન્નતની. (એવું થઈ શકે છે કે કુર્આન પણ શફાઅત કરશે અને નબીએ પાક પણ શફાઅત ફર્માવશે.)

## ★ કુર્આન દેખીને તિલાવત ઉત્તમ છે ★

કુર્આનમાં જોઈ તિલાવત કરવું મોઢે તિલાવત કરવાથી ઉત્તમ છે. કારણ કે તેમાં બીજી પણ ઈબાદતો શામિલ થાય છે. કુર્આનમાં દેખવું ઈબાદત છે. હકીમે હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત કરી કે તમારી આંખોને ઈબાદતમાંથી તેનો ભાગ આપો. કુર્આનમાં દેખવું અને તેમાં મનન કરવું અને તેની વાતોથી.





## ★ નસીહત કબૂલ કરવી ★

હકીમની બીજી રિવાયત હઝરત અબ્દુલ્લાહ બિન સામિત رضی اللہ عنہથી છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : મારી ઉમ્મતની ઉત્તમ તિલાવત કુર્આનમાં દેખીને પઢવું છે.

(૨) કુર્આનમાં દેખીને તિલાવત કરવી હોય તો કુર્આન પકડવું પડે અને તેનો અદબ કરવો પડે. કુર્આન અદબથી પકડવું પણ ઈબાદત અને સવાબનું કામ છે. પકડવામાં વુઝૂ ફર્ઝ છે. કુર્આની આયતનો ઉલ્લેખ થઈ ગયો અને હદીષ શરીફમાં પણ હુકમ આપવામાં આવ્યો છે.

અબૂ દાવૂદ અને તિર્મિઝીમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે જે પાક હોય તે જ કુર્આન પકડશે. તિબ્રાનીમાં છે, તુ પાક હોય તો જ કુર્આન પકડ. કુર્આન પકડવા વુઝૂ જરૂરી છે અને વુઝૂ પણ નિય્યત કરીને બિસ્મિલ્લાહ શરીફ સાથે કરવામાં આવે તો ઈબાદત છે. વુઝૂના સવાબ માટે મારું બયાન "વુઝૂ અને નમાઝના સવાબો" સાંભળો.

(૩) કુર્આનમાં દેખીને તિલાવત કરવામાં આવે તો ભૂલ થવાનો ભય નથી રહેતો. મોઢે ધ્યાન ન રહે તો ભૂલ થઈ શકે છે.

(૪) મોઢે કુર્આન પઢવું હોય તો વુઝૂ જરૂરી નથી. વિના વુઝૂએ મોઢે કુર્આન પઢી શકાય છે. જુનૂબ હોય એટલે ગુસ્લ ફર્ઝ હોય તો મોઢે પઢવું પણ જાઈઝ નથી.

બઝઝારે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી છે કે તું ન પઢ કુર્આન જો તારી ઉપર ગુસ્લ ફર્ઝ હોય.

આ રિવાયત સાબિત કરી રહી છે કે જેમની ઉપર ગુસ્લ ફર્ઝ હોય તેઓ મોઢે પણ તિલાવત નથી કરી શકતા.

ઉપરોકત કારણોસર અંદર દેખીને તિલાવત કરવાને મોઢે તિલાવત કરવા પર ઉત્તમતા આપવામાં આવી છે.

તિબ્રાનીએ હઝરત ઔસ બિન ઔસ સકફીથી રિવાયત

કરી કે માણસનું કુર્આન પઢવું વિના કુર્આને એક હજાર દરજજા છે અને તેનું પઢવું કુર્આનમાં દેખીને તેનાથી ડબલ કરવામાં આવે છે, બે હજાર દરજજા સુધી.

ઈબ્ને મરદવિય્યાએ હઝરતે અમ્ર બિન ઔસ رضی اللہ عنہ થી રિવાયત કરી કે તારૂ દેખીને કુર્આન પઢવું ઉત્તમ છે તારા મોઢે તિલાવત કરવા પર, આમ જ જેમ ફર્ઝને ફઝીલત છે નફલ પર. (દેખીને પઢવું ફર્ઝ છે અને મોઢે પઢવું નફલ જેવું છે.)

## ★ મોંની સફાઈ ★

તિલાવત ઈબાદત છે. તેમાં ખુદાનું કલામ આપણા મોંઢાથી શબ્દો અને ઉચ્ચારમાં નીકળે છે. કુર્આનની તિલાવતનો માર્ગ મોઢું છે. તો તિલાવત સમયે સફાઈ કરી લેવામાં આવે, ફરિશ્તાઓ હાજરી આપે છે, તિલાવત કરનારથી નિકટ થાય છે, તેને ઘેરી વળે છે, મોઢાની સફાઈ ન હોય તો તેમને પણ તકલીફ થાય છે. એટલે મિસ્વાકથી અથવા બીજા કશાથી મોઢાની સફાઈ કરી લેવી ઉત્તમ છે.

દૈલમીએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી કે પોતાનું મોઢું સાફ કરી લો, કારણ કે તે કુર્આનનો માર્ગ છે.

## ★ તિલાવત કરનારની હાલત ★

કુર્આન શરીફની તિલાવત સમયે રડવું જોઈએ અને રડવું ન આવે તો રડવાની હાલત બનાવી જોઈએ. તિલાવત ખુદાથી વાત કરવા બરાબર છે. ખુદા પોતાની ખુદાઈથી આપણા નિકટ છે, પરંતુ આપણે આપણા બંદા હોવાને લઈને તેનાથી ઘણા દૂર છીએ. તો તિલાવત સમયે રડવું એ વાતનો ઈશારો પણ બની શકે છે કે અય અલ્લાહ ! હું કુર્આનની તિલાવતના સહારે તારાથી વાત કરૂં છું, મારી અને તારી વચમાં એક આબિદ અને મા'બૂદનો પરદો છે. હું તને જોઈ નથી શકતો, પણ હે અલ્લાહ ! મારા માટે એક દિવસ એવો પણ લાવજે જેમાં હું તારી ઝિયારત કરું અને વિના પરદે તારાથી





કલામ કરું. એટલે કે જન્નતમાં આ નેમઅત જન્નતીઓને આપવામાં આવશે.

કન્ઝમાં હઝરત સઅદ બિન વકકાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે કુર્આન પઢો અને રડો. જો રડી ન શકો તો રડવાની હાલત બનાવો. જે કુર્આનને ઢબથી ન પઢે તે મારો નથી. (ઢબ વિષે ઉલ્લેખ થઈ ગયો છે)

ઈબ્ને મરદવિય્યાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે બેશક ! આ કુર્આન ગમ અને ફિકરથી નાઝિલ થયું તો તમે પણ તેને ગમ અને ફિકરથી પઢો.

ઈબ્ને માજહ્માં હઝરતે જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે બેશક ! કુર્આન (પઢવા)માં સૌથી અધિક સારો અવાજ લોકોમાં તેનો છે જ્યારે તુ તેને પઢતાં સાંભળે તો તને લાગે કે તે અલ્લાહથી ડરે છે.

## ★ ચાર ગરીબો ★

કન્ઝમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે દુનિયામાં ગરીબ ચાર છે. કુર્આન ઝાલિમના સીનામાં, એવા લોકોની વસ્તીમાં મસ્જિદ જેમાં નમાઝ પઢવામાં ન આવે, કુર્આન એવા ઘરમાં જેમાં તેની તિલાવત કરવામાં ન આવે અને નેક માણસ બુરા લોકો સાથે.

મુસલમાનોના કેટલા ઘરો એવાં હશે જેમાં કોઈ એકને પણ કુર્આનની તિલાવત કરતાં નહીં આવડતું હોય અને માલદારોના ઘરોમાં આવું વધારે થાય છે. કારણ કે તેમની પાસે વધારે દોલત હોય એટલી દુનિયાની ઉચ્ચ તાલીમ પ્રાપ્ત કરવામાં તેમની પાસે દીનની વાતો શીખવાનો સમય નથી હોતો અને જો કુર્આનની તિલાવત આવડતી હોય તો એશ આરામમાં સમજ કયાં છે કે કુર્આન ઉઠાવીને દેખવામાં આવે.

કેટલાક મુસલમાનો મારા જોવામાં એવા પણ આવ્યા છે જેમને કુર્આનની તિલાવત આવડતી નથી, પરંતુ શીખ્યા બાદ તેમને

પઢવાની તૌફીક ન મળી તો તેઓ તિલાવત ભૂલી ગયા. કેટલાક ઘરો એવા હશે જેમણે કુર્આનને એક ખૂણામાં રાખેલું હશે તો તેને એક વખત ઉઠાવવાનો વારો નહીં આવ્યો હોય. આ બધુ શું છે ? દુનિયાની લાલચ અને આખિરતથી ગફલત. કુર્આન માત્ર બરકત પ્રાપ્ત કરવા માટે નથી આવ્યું. આપણી ઉપર તેનો હક અદા કરવાની જવાબદારી પણ રાખવામાં આવી છે. તેને ખૂણામાં ગરીબ બનાવીને ન રાખો, તેની તિલાવત કરો. તેના આદેશો પર અમલ કરો.

## ★ કુર્આન ભૂલવું મહાન પાપ છે ★

કુર્આન શરીફ ખુદાનું કલામ છે જેને પહાડો પર નાઝિલ કરવામાં આવતું તો પહાડ તેનું વજન ઉઠાવી ન શકતો અને ખુદાના જલાલથી રેતી રેતી થઈ જતો, પરંતુ અલ્લાહ ત્આલાએ ઈન્સાનને પોતાની મખ્લૂકમાં કેવી ઉત્તમતા આપી કે તેમના નબીને એવી શકિત આપી કે તેઓ કુર્આનની વહીનો જલાલ વેઠી શકે અને તેને યાદ રાખી શકે અને નબીના સદકામાં આપની ઉમ્મતને એ નેઅમત મળી કે સઘળું કુર્આન અથવા તેની અમુક આયતો અને સૂરતો આપણા સીનામાં છવાઈ જાય છે અને કુર્આનની આયતોની બરકતથી દિલની દુનિયા પ્રકાશિત થઈ જાય છે. આપણી પાસે માલ દોલતની નેઅમત હોય તો તેનું રક્ષણ કરવામાં આવે કે રખેને કોઈ લઈ ન લે. દુનિયાની કોઈ પણ નેઅમત હોય કુર્આનની નેઅમતની બરાબરીમાં નથી આવી શકતી. જેના દિલને કુર્આનની આયતોનું ઠેકાણું બનાવવામાં આવે તેનાથી ઉત્તમ સીનો અને દિલ નથી. તેનું રક્ષણ કરવું જોઈએ કે આવેલું કુર્આન ચાલ્યું ન જાય. તેનું રક્ષણ તિલાવતથી અને અવાર નવાર પઢતાં રહેવાથી થઈ શકે છે. જો આમ કરવામાં ન આવે અને સુસ્તીથી કુર્આનનો કોઈ ભાગ ભૂલી જવાય અથવા એક આયત પણ સીનામાં આવીને આપણી બેકાળજીથી ચાલી જાય તો તે મહાન પાપ છે કે તે મુસલમાને કુર્આનની આયતની કદ્ર અને ઈજ્જત ન જાણી અને તેના રક્ષણની વ્યવસ્થા ન કરી.

કન્ઝમાં હઝરત રેજાઅ ગન્વી رضی اللہ عنہથી રિવાયત છે કે જેને





અલ્લાહ ત્આલાએ પોતાની કિતાબનું હિફ્ઝ અર્પણ કર્યું, પછી તેણે એવો વિચાર કર્યો કે બીજા કોઈને તેનાથી ઉત્તમ આપવામાં આવ્યું તો તેણે ઉત્તમ નેમઅતની કદ્ર ન સમજી.

ઉપરોકત હદીષથી એ સાબિત થાય છે કે કુર્આનની નેઅમત જેને આપવામાં આવે તેને ઉત્તમ નેઅમત આપવામાં આવી. દુનિયાની કોઈ નેઅમત તેની બરાબરીમાં નથી, પછી મુસલમાને તેનો શુક્ર અદા કરવો જોઈએ અને એક દુનિયાદાર પોતાની દુનિયાનું જેટલું રક્ષણ કરે તેનાથી અસંખ્ય ઘણુ અધિક કુર્આનનું રક્ષણ કરવું જોઈએ.

કન્ઝમાં હઝરત સઅદ બિન ઉબાદા رضی اللہ عنہથી રિવાયત છે કે જે પણ કુર્આન પઢતો હોય પછી તેને ભૂલી જાય તો અલ્લાહ ત્આલાથી એ હાલતમાં મુલાકાત કરશે કે કોઢી હશે.

કન્ઝમાં હઝરત વલીદ બિન અબ્દુલ્લાહથી રિવાયત છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, મારી સમક્ષ ગુનાહો રજુ કરવામાં આવ્યા તો કુર્આન ઉઠાવવાવાળાનો તેના ભૂલવાથી અધિક મોટો કોઈ ગુનોહ ન જોયો.

બુખારી મુસ્લિમમાં હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત છે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું કે કુર્આનનો ખયાલ રાખો. કસમ છે તે જાતની જેની કુદરતમાં મારો પ્રાણ છે, તે જરૂર અધિક છે ઊંટના તેની દોરડીથી અલગ થવાથી. (એટલે કે ઊંટનું તેનો માલિક દેખભાલ ન કરે તો તે દોરડીથી છૂટીને નાસી જાય છે તેનાથી પણ અધિક કુર્આન લોકોના સીનામાંથી નાસી જનાર છે. જો તેનો ખયાલ રાખવામાં ન આવે અને તેની તિલાવત કરવામાં ન આવે.

બુખારી, મુસ્લિમમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે, નબી صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, કુર્આનવાળાનો દાખલો બાંધેલા ઊંટના માલિક માફક છે. જો તે તેનું રક્ષણ કરે તો પકડી રાખે અને છોડી દે તો ચાલ્યું જાય. (એટલે કે ઊંટ પર દેખરેખ રાખે તો તે નાસી ન જાય અને દેખરેખ ન રાખે તો છૂટીને જગતમાં ચાલ્યું જાય.

આમ જ કુર્આનની તિલાવત કરવામાં ન આવે તો તે દિમાગ અને દિલમાંથી ચાલ્યું જાય. એટલે કુર્આનની દેખરેખ રાખવી જોઈએ અને તેનું રક્ષણ કરવું જોઈએ. પ્રથમ વખત યાદ કરવામાં માણસને સહુલત રહે છે. પરંતુ એક વખત ભૂલીને ફરી યાદ કરવું પડે તો માણસની હિંમત તૂટી જાય છે અને તેના એક નહીં અસંખ્ય દાખલાઓ છે. એટલે ફરી યાદ કરી લઈશું ! એવા ખોટા વસવસાથી દૂર રહી યાદ રાખવાની કોશિશ કરવી જોઈએ, નહીં તો દુનિયામાં તો તે નેઅમત ગઈ અને તેનાથી મહેરૂમ થયા, મહાન ગુનાહનું કામ કર્યું, પરંતુ કયામતના દિવસે જ્યારે ખુદાની બારગાહમાં તેની હાજરી થશે અને તેને લેપ્રેસીનો રોગ લાગેલો હશે. હાથ અને પગની આંગળીઓમાંથી પરૂ વહી રહ્યું હશે, ત્યારે શી હાલત થશે ? એટલે ખુદારા આજે જ ફિકરમાં લાગી જાવ અને કુર્આનનું હિફઝ મજબૂત કરી લો. હાફિઝનો રુત્બો ઘણો મોટો છે, તેને કયામતના દિવસે તેના સગાના દસ દોઝખીઓની શફાઅતની રજા આપવામાં આવશે. એટલે કે પોતે જન્નતી અને દસ દોઝખીને પણ જન્નતી બનાવે અને જન્નતમાં જેટલી આયતો પઢે એટલા દરજ્જા બુલંદ થાય એ તો અલગથી ઈનામ. આ સઘળી ફઝીલતો યાદ રાખવા પર છે. ભૂલી જવાથી પોતાની રુસ્વાઈ અને બેઈજ્જતી અને દસની શફાઅતનો હક જાય.

## ★ હાફિઝ અને શફાઅત ★

તિર્મિઝી અને ઈબ્ને માજહ્‌માં હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે જેણે કુર્આનની તિલાવત કરી પછી તેને હિફ્ઝ કરી લીધું અને યાદ પણ રાખ્યું, તેના હલાલને હલાલ અને હરામને હરામ જાણ્યું, અલ્લાહ ત્આલા તેને જન્નતમાં દાખલ કરશે અને તેના ઘરવાળાઓમાંથી દસની શફાઅત કબૂલ કરશે. દરેક માટે દોઝખ વાજિબ થઈ ગઈ હશે.

તિબ્રાનીમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે હાફિઝે કુર્આન જે એની ઉપર અમલ કરતો હોય, તેના હલાલને





હલાલ અને હરામને હરામ જાણે તેના ઘરવાળાઓમાંથી દસના હકમાં તેની શફાઅત કબૂલ થશે કયામતના દિવસે, દરેક માટે દોઝખ વાજિબ થઈ ગઈ હશે.

## ★ પહાડ જેવી નેકી ★

દૈલમીએ હઝરત સોહૈબ رضی اللہ عنہથી રિવાયત કરી, સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, કસમ છે તે જાતની જેની કુદરતમાં મારો પ્રાણ છે. અલ્લાહની કિતાબની એક આયત સાંભળવી પહાડ જેવો મોટો બદલો રાખે છે. જે સદકો કરવામાં આવે અને અલ્લાહની કિતાબની એક આયત પઢવી અર્શને છોડી દરેક ચીઝથી ઉત્તમ છે.

## ★ હદીષ અને કુર્આનનો સંબંધ ★

કુર્આનને વહીએ મત્લુ અને હદીષને વહીએ ગૈર મત્લુઅ કહેવામાં આવે છે. તિલાવતથી નાઝિલ થયેલ વહી અને વિના તિલાવતે નાઝિલ થયેલ વહી. જે કલામને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ કલામ કહીને આપ્યું, કુર્આન કહીને અતા કર્યું. તેને કુર્આન કહેવામાં આવે છે અને તે સિવાયના કલામને હદીષ કહેવામાં આવે છે. બંનેમાં વહી હોવાને લઈને ગાઢ સંબંધ છે. કુર્આનની ઘણી બધી જગાઓ એવી છે જેનો મતલબ સમજમાં આવતો નથી. પરંતુ હદીષની મદદથી તેમાં સત્ય માર્ગ મળે છે. ઘણાં બધા કુર્આનના આદેશો છે, પણ તેને અમલમાં લાવવાનો તરીકો હદીષથી જાણવા મળે છે. ઘણી બધી ચીજોનું હરામ હોવું કુર્આનથી સ્પષ્ટ સાબિત નથી. પરંતુ તેનું માર્ગદર્શન હદીષથી મળે છે. દીનથી સંપૂર્ણપણે ફાયદો પ્રાપ્ત કરવામાં હદીષની અગત્યની જરૂરત છે.

કન્ઝમાં હઝરત હકમ બિન ઓમૈરથી રિવાયત છે : સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, બેશક ! આ કુર્આન સખ્ત અને કષ્ટદાયક છે તેના માટે જે એનાથી નફરત કરે. સરળ છે તેના માટે જે તેનું પાલન કરે. બેશક ! મારી હદીષ સાંભળી પછી તેને યાદ કરી

લીધી અને તેની ઉપર અમલ કર્યો તો કયામતના દિવસે કુર્આન સાથે આવશે. જેણે મારી હદીષને હલકી જાણી તેણે કુર્આનને હલકુ જાણ્યું અને જેણે કુર્આનને હલકુ જાણ્યું, દુનિયા અને આખિરતમાં નુકસાન ઉઠાવશે.

અબૂ નઈમે તેમનાથી આ પ્રમાણે રિવાયત કરી છે કે કુર્આન સખ્ત અને કષ્ટદાયક છે, તેના માટે જે એને નાપસંદ કરે. સરળ છે તેના માટે જે એનું પાલન કરે અને તે હુકમ છે. મારી હદીષ સખ્ત અને કષ્ટદાયક છે અને તે હુકમ છે. જેણે મારી હદીષ મજબૂત પકડી તેને સમજી અને યાદ કરી લીધી કુર્આન સાથે આવશે. જેણે કુર્આન અને મારી હદીષને હલકી જાણી તે દુનિયા અને આખિરતમાં નુકશાન ઉઠાવનાર છે.

ઉપરોકત હદીષોથી જાણવા મળ્યું કે કુર્આન અને હદીષનો પરસ્પર ગાઢ સંબંધ છે. એકને બીજાથી અલગ નથી કરી શકતા. દીનની સમજ પ્રાપ્ત કરવામાં બંનેનો સહારો લેવામાં આવે છે. સહાબાએ કિરામના વાકેઆત તેમના ફેંસલા જોતાં એ જાણવા મળે છે કે તેઓ પણ પોતાની દીની સમજમાં હદીષ અને કુર્આન બંનેનો સહારો લેતા હતા. એટલે હદીષને ઈસ્લામનો અતૂટ ભાગ ગણવામાં આવે છે.

## ★ સાહિબે કુર્આનને નસીહત ★

જાહિલ જાહિલ છે અને ઈલ્મવાળો ઈલ્મવાળો છે. કયારેક ગરમા ગરમી થાય તો જાહિલ પોતાની જહાલતની દલીલમાં બકવાસ કરતો હોય છે અને લોકો પણ જાહિલની વાત પર વધારે ધ્યાન દેતા નથી, બલ્કે જાહિલ છે ! શું બહસ કરવાની ! આમ કહીને ચાલતા થાય છે. જો એવા સમયે ઈંટનો જવાબ પથ્થરથી નહીં બલ્કે ઈંટનો જવાબ ઈંટથી આપવામાં આવે તો પણ લોકો ઈલ્મવાળાનો જ વાંક કાઢશે કે જાહિલ તો બોલે પણ આલિમ અથવા હાફિઝે પોતાના ઈલ્મ અને હિફ્ઝનો ખયાલ રાખવો જોઈએ અને અદબથી કામ લેવું જોઈએ. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ આપણને એ પ્રકારની





નસીહત ફર્માવી છે કે જાહિલોની વાતનો જવાબ એમની ભાષામાં ન આપવામાં આવે, બલ્કે શાંતિથી કામ કરવામાં આવે અને દરગુજર કરી લેવામાં આવે.

કન્ઝમાં હઝરત ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી રિવાયત છે કે જેણે કુર્આનની તિલાવત કરી તો નબુવ્વત તેની બંને બાજુમાં આવી, પરંતુ એ કે તેની ઉપર વહી નથી આવતી (એટલે કે નબુવ્વતનો ફૈઝ તેને અતા કરવામાં આવે છે.) જેણે કુર્આન પઢયું અને વિચાર કર્યો કે તેને જે આપવામાં આવ્યો તેનાથી ઉત્તમ બીજા કોઈને આપવામાં આવ્યો તો તેણે ઉત્તમતા આપી તેને જેણે અલ્લાહ ત્આલાએ બેકદ્ર કરેલું છે. અને બે કદ્ર કર્યું તેને જેને અલ્લાહ ત્આલાએ ઉત્તમતા આપી છે. કુર્આનનું ઈલ્મ રાખવાવાળા માટે એ પસંદને પાત્ર નથી કે બેવકૂફી કરે જે તેની સાથે બેવકુફી કરે અથવા ક્રોધ કરે જે તેની સાથે ક્રોધ કરે અથવા ગરમી ખાય જે તેની સાથે ગરમી ખાય, બલ્કે કુર્આનની ફઝીલતને લક્ષમાં રાખીને દરગુજર કરે અને માફ કરી દે.

ખતીબે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ تعالیٰ عنہما થી રિવાયત કરી છે કે જેણે કુર્આન પઢયું, પછી એ ખયાલ કર્યો કે અલ્લાહની ખલ્કમાંથી કોઈને તેનાથી ઉત્તમ આપવામાં આવ્યું. તો તેણે બેકદ્ર સમજ્યું તેને જેણે અલ્લાહ ત્આલાએ ઉત્તમતા આપી અને ઉત્તમતા આપી તેને જેણે અલ્લાહ ત્આલાએ બેકદ્ર કરી કુર્આનનું ઈલ્મ રાખવાવાળા માટે ઉચિત નથી કે ગરમી ખાય જે તેના ઉપર ગરમી ખાય અને જહાલત ન કરે જે તેની સાથે જહાલત કરે, બલ્કે કુર્આનની ઈજ્જતને લક્ષમાં રાખી દરગુજર કરે અને માફ કરી દે.

## ★ ભૂલ ન થવી જોઈએ ★

ઉપરોકત હદીષો દુનિયવી અને જાતિય પ્રશ્નોમાં છે કે બદલો લેવા કરતાં માફ કરી દેવું સામેવાળા માટે નસીહત છે અને જાહિલને પોતાની જહાલતમાં અને આલિમના ઈલ્મમાં ફરક જોવા મળશે કે મેં જે કંઈ કર્યું તે મારી નાદાની અને નાસમજી છે. જો મારી

પાસે ઈલ્મ અને નોલેજ હોત તો હું મારી જીભ પર લગામ આપતો. જો આલિમ પણ ઈંટનો જવાબ પથ્થરથી આપે તો સામેવાળાને પોતાની જહાલતમાં અને આલિમના ઈલ્મમાં કોઈ ફરક જોવા મળ તો નથી. આલિમ નબીનો વારસદાર છે. તેને પોતાના ઈલ્મ અને અમલથી નબીની સુન્નતનો સબૂત આપવો જોઈએ. એટલા માટે ઈલ્મવાળાને નસીહત કરવામાં આવી.

જેમ કે સહાબાએ કિરામ બાબતે અલ્લાહ ત્આલાનો પ્યારો ઈર્શાદ છે رُحَمَآءُ بَیْنَهُمْ તેઓ પરસ્પર મહેરબાન છે. સરકારે મદીના صلی اللہ تعالٰی علیہ وسلم ને કેવી કેવી દિલ ધ્રુજાવી આપે તેવી તકલીફો આપવામાં આવતી હતી, પરંતુ આપ પોતાના માટે કોઈનાથી બદલો લેતા ન હતા, બલ્કે માફ ફરમાવતા અને હિદાયતની દુઆઓ આપતા. જ્યારે આપને તાઈફમાં પથ્થરો મારવામાં આવ્યા, આપના મુબારક પગોથી લોહી વહેવા લાગ્યું, આપ તકલીફથી જમીન પર બેસી જતા તો આપને ઉઠાવીને ધક્કા મારવામાં આવતા. જ્યારે આપ મક્કા શરીફ તશરીફ લાવ્યા, આપની ખિદમતમાં હઝરત જિબ્રઈલે અમીન અને અઝાબના ફરિશ્તાએ હાજરી આપી અને તાઈફ પર અઝાબ કરવા વિષે રજા માંગી તો આપે મનાઈ કરી અને તેમની ઔલાદની હિદાયત લક્ષમાં રાખી માફ ફર્માવી દીધું. આપે પોતાના વારસદારોને પણ નસીહત ફર્માવી કે તમે જ્યારે મારા વારસદાર છો તો પછી તમારે મારી જેવા અખ્લાકો અને સંસ્કારથી મહોબ્બત કરી માફીનો પ્રચાર કરવો જોઈએ.

દુનિયા મહોબ્બત કરવા લાયક ચીઝ નથી. એટલે તે બાબતે માફ કરવામાં અને બદલો ન લેવામાં એક ઈમાનવાળાની ઈજ્જતમાં વધારો થાય છે કે ખુદા, રસૂલ અને દીનથી વધારે પ્રેમ છે. સારાંશ એ કે દુનિયા બાબતે માફ કરવું જ ઉત્તમ છે.

દીન અલ્લાહ ત્આલા તરફથી છે અને દીનની વાતોમાં આપણને અધિકાર નથી. એટલે દીનનો દરેક ફેંસલો દીની કાયદાને લક્ષમાં રાખીને કરવામાં આવશે. જો દીન બાબતે માફીનો જઝબો





રાખવામાં આવે તો દીન બરબાદ થઈ શકે છે. સરકારે મદીના صلی اللہ تعالٰی علیہ وسلم પોતાની દુનિયા બાબતે કોઈનાથી બદલો ન લેતા હતા બલ્કે માફ ફર્માવી દેતા હતા. પરંતુ દીન બાબતે માફ ન ફર્માવતા હતા. જે ગુનાહ પર જે પ્રમાણેની હદ સજા બયાન કરવામાં આવે તે પ્રમાણે કરવાનો હુકમ ફર્માવતા હતા. કાફિરો સાથે લડાઈઓ થઈ, જંગો કરવામાં આવી. તેમને જાની અને માલી નુકશાન પહોંચાડવામાં આવ્યું. આ સઘળું દીન બાબતે હતું. સહાબામાં પરસ્પર લડાઈઓ થઈ, દુનિયા બાબતે નહીં પણ દીન બાબતે કોઈ વિવાદમાં. જાણવા મળ્યું દીન બાબતે માફ કરવામાં આપણને અધિકાર નથી.

વર્તમાન કાળમાં બાતિલ ફિર્કાઓ પોતાની બદઅકીદગી ફેલાવી રહ્યા છે અને લોકોને જૂઠી વાતો બતાવી તેમના શુભેચ્છકો બનાવવાની કોશિશ કરે છે. તો તેમની બાબતે નરમી કરવામાં નહીં આવે. તેમની બુરાઈઓ તેમના એયબો લોકોમાં બયાન કરવામાં આવશે. તેમને લખેલી ખોટી વાતો અને ખરાબ અકીદાઓ વર્ણવવામાં આવશે. તેમને કોઈ પણ રીતે માફ કરવામાં આવશે નહીં. તેમને માફ કરવામાં દીનની બરબાદી છે અને સારા લોકોનું ઈમાન પણ ખરાબ થઈ શકે છે. દાખલા તરીકે સાપને દેખીને તેની ઉપર મહેરબાની કરવી આપણા ભાઈઓ પર ત્રાસ કરવો છે. સાપને છોડવું અને માણસને ખોવું છે. એટલે બદઅકીદા ફેલાવવા અને દીનમાં ખરાબીઓ પેદા કરાવવામાં છૂટ આપવામાં આવશે નહીં.

કુર્આન શરીફમાં છે :–

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا قَاتِلُوا الَّذِينَ يَلُونَكُمْ مِنَ الْكُفَّارِ وَلْيَجِدُوا فِيكُمْ غِلْظَةً وَاعْلَمُوا أَنَّ اللَّهَ مَعَ الْمُتَّقِينَ

અય ઈમાનવાળાઓ ! જે કાફિરો તમારી નજીક છે તેમની સામે જિહાદ કરો અને તેઓ તમારામાં સખતી પામવા જોઈએ અને જાણી લો કે અલ્લાહ પરહેઝગારો સાથે છે.

બીજો ઈર્શાદ છે :–

يَاأَيُّهَا النَّبِيُّ جَاهِدِ الْكُفَّارَ وَالْمُنَافِقِينَ وَاغْلُظْ عَلَيْهِمْ

અય નબી ! કાફિરો અને મુનાફિકોથી જેહાદ કરો અને તેમના પર સખતી કરો.

ત્રીજો ઈર્શાદ છે :–

يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَتَّخِذُوا آبَاءَكُمْ وَإِخْوَانَكُمْ أَوْلِيَاءَ إِنِ اسْتَحَبُّوا الْكُفْرَ عَلَى الْإِيمَانِ وَمَنْ يَتَوَلَّهُمْ مِنْكُمْ فَأُولَٰئِكَ هُمُ الظَّالِمُونَ.

અય ઈમાનવાળાઓ ! પોતાના બાપ અને પોતાના ભાઈઓને મિત્ર ન સમજો, તેઓ ઈમાન કરતાં કુફ્રને પસંદ કરતા હોય અને તમારામાં જો કોઈ તેમની સાથે મિત્રતા કરશે તો તે જ ઝાલિમ છે.

જ્યારે તિલાવત અને હિફ્ઝના આટલા ફાયદાઓ છે તો પછી આપણે કુર્આનની તિલાવતથી મહોબ્બત રાખવી જોઈએ. અલ્લાહ ત્આલા આપણને તૌફીક અતા ફર્માવે.

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِينُ





# ☆ હદીષ અને અન્ય સૂરતોની ફઝીલત ☆

(પ્રકરણ)

بَلْ هُوَ آيَاتٌ بَيِّنَاتٌ فِي صُدُورِ الَّذِينَ أُوتُوا الْعِلْمَ وَمَا يَجْحَدُ بِآيَاتِنَا إِلَّا الظَّالِمُونَ.

મારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાની મેં સઆદત પ્રાપ્ત કરી, તેની બાબત મને હક કહેવાની અને તમને બધાને હક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે...(આમીન)

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! આજે હું તમને કુર્આન શરીફની અન્ય સૂરતોની ફઝીલત હદીષે પાકના પ્રકાશમાં બતાવીશ. જેનાથી એ જાણવા મળશે કે અમુક સૂરતો શબ્દોના આધારે ઘણી જ નાની હોય છે, પરંતુ સવાબના આધારે બહું જ ઉત્તમ હોય છે.

કુર્આન શરીફનો દરેક શબ્દ ફઝીલતવાળો છે. દરેક તિલાવત પર સવાબ આપવામાં આવે છે. દરેક જ ખુદા ત્આલાનો નાઝિલ ફર્માવેલો છે. દરેકનો સુબૂત કતઈ અને યકીની છે. એકનો પણ ઈન્કાર કુફ્ર છે એટલે એકની ફઝીલતનો મતલબ એ પણ નથી કે બીજાને ફઝીલત નથી. બલ્કે એક સૂરતને બીજી સૂરત પર જે ફઝીલત આપવામાં આવી છે તે તો કોઈ ગુણને લક્ષમાં રાખીને અને તે પણ અલ્લાહ અને રસૂલના ઈર્શાદ પર આધારિત છે. આપણને આપણા દિમાગથી એકને બીજાની ઉપર ઉત્તમતા આપવાનો અધિકાર નથી એટલે ફઝીલતોનું વર્ણન હદીષોને લક્ષમાં રાખીને કરવામાં આવશે.

## ★ સૂરએ ફાતિહા ★

(૧) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે સૂરએ ફાતિહા કુર્આનના ૨/૩ બરાબર છે.

(૨) તિર્મિઝી અને નિસાઈમાં હઝરત ઓબૈ رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ ત્આલાએ તૌરેત અને ઈન્જીલમાં ઉમ્મુલ કુર્આન (સૂરએ ફાતિહા) જેવી સૂરત નાઝિલ નથી ફર્માવી તે સબ્એ મસાની છે. મારા (ખુદાની) અને મારા બંદાની વચમાં વહેંચવામાં આવી છે અને મારા બંદા માટે તે છે જે તેણે માંગ કરી.

**ફાયદો :–** આ હદીષમાં સૂરએ ફાતિહાના ત્રણ નામોનું વર્ણન થયું. (૧) ઉમ્મુલ કુર્આન ૨) સબ્એ મસાની (૩) મકસૂમા

**(૧) ઉમ્મુલ કુર્આન :–** એટલે કુર્આનનું મૂળ. સૂરએ ફાતિહા કુર્આનના જુદા જુદા પ્રકરણોનો ટૂંકસાર છે. એટલે તેને ઉમ્મુલ કુર્આન કહેવામાં આવે છે અથવા સઘળી અલ્લાહની કિતાબોના પ્રકરણો આ સૂરતમાં આવી ગયાં છે એટલે પણ તેને ઉમ્મુલ કિતાબ કહેવામાં આવે છે. ઉમ્મ એટલે મૂળ અને અલ કિતાબ સઘળી કિતાબો. મતલબ થયો સઘળી કિતાબોનું મૂળ. પ્રકરણો છે : અકીદા, અમલ અને બદલો.

**(૨) સબ્એ મસાની :–** સાત બે વખત. સૂરએ ફાતિહા સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર બે વખત નાઝિલ કરવામાં આવી. પ્રથમ હિજરત પહેલાં મક્કા શરીફમાં અને બીજી વખત હિજરત પછી મદીના શરીફમાં. એટલે અંતે સબ્એ મસાની કહેવામાં આવે છે. કુર્આન શરીફમાં છે :–

وَلَقَدْ اٰتَیْنٰكَ سَبْعًا مِّنَ الْمَثَانِیْ وَالْقُرْاٰنَ الْعَظِیْمَ

અને બેશક ! જરૂર અમે તેમને સબ્એ મસાની અને અઝમતવાળું કુર્આન અર્પણ કર્યું.

**(૩) મકસૂમા** : જેની વહેંચણી થઈ. સૂરએ ફાતિહાની બે ભાગમાં વહેંચણી કરવામાં આવી છે. અલ્લાહ તઆલાની હમ્દો ષના અને દુઆ, પ્રથમ ભાગનો સંબંધ અલ્લાહ તઆલાથી છે. અને બીજાનો સંબંધ છે. એટલે વહેંચણીના આધારે તેને મકસૂમા કહે છે.





તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, કસમ છે તેની જેની કુદરતમાં મારો પ્રાણ છે, કુર્આનમાં જે ઉતારવામાં આવી તેના જેવી નથી ઝબૂરમાં, ઈન્જીલમાં. અને કુર્આનમાં એટલે ઉમ્મુલ કુર્આન. બેશક ! તે સબ્એ મસાની અને કુર્આને અઝીમ છે જે મને આપવામાં આવ્યું.

(૪) અબૂ દાવૂદમાં તેમનાથી જ રિવાયત છે : અલ હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન ઉમ્મુલ કુર્આન, ઉમ્મુલ કિતાબ અને સબ્એ મસાની છે.

(૫) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે : નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, બેશક ! મેં તને ફાતિહતુલ કિતાબ અતા કરી અને તે મારા અર્શના ખજાનાઓમાંથી છે. પછી મેં તેની વહેંચણી કરી મારા અને તારા વચમાં અડધી અડધી.

(૬) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની રિવાયત છે, સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું : શું હું તમને એવી સૂરત ન શીખવાડું જેના જેવી નથી ઉતારવામાં આવી, ન તૌરેતમાં, ન ઝબૂરમાં, ન ઈન્જીમાં અને ન કુર્આનમાં. વિનંતી કરી, કેમ નહીં ? ફર્માવ્યું, તમે જ્યારે નમાઝમાં ઉભા રહો છો, કિરાઅત ક્યાંથી પઢો છો ? વિનંતી કરી, ફાતિહતુલ કિતાબથી. ફર્માવ્યું, એ તે જ છે. તે સબ્એ મસાની અને કુર્આને અઝીમ છે. જે મને આપવામાં આવ્યું.

(૭) તફસીરે કબીરમાં છે હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلامએ સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمને કહયું, અય નબી ! તમે તમારી ઉમ્મત માટે અઝાબનો ડર રાખતા હતા. તો હવે જ્યારે સૂરએ ફાતિહા નાઝિલ થઈ, આપને શાંતિ થઈ ગઈ. આપે ફર્માવ્યું, શા માટે અય જિબ્રઈલ ? અર્ઝ કરી :–

وَاِنَّ جَهَنَّمَ لَمَوْعِدُهُمْ اَجْمَعِیْنَ لَهَا سَبْعَةُ اَبْوَابٍ لِكُلِّ بَابٍ مِّنْهُمْ جُزْءٌ مَّقْسُوْمٌ .

અને બેશક ! જહન્નમ એ બધાનો વાયદો છે. તેના સાત દરવાજાઓ છે, દરેક દરવાજા માટે તેમનો એક ભાગ વહેંચવામાં આવેલો છે.

તેની આયતો સાત છે જે તેની તિલાવત કરશે દરેક આયત દોઝખના દરેક દરવાજા પર નિયકુત રહેશે તો તમારી ઉમ્મત તેની ઉપરથી સલામતીથી પસાર થઈ જશે.

(૮) હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે સૂરએ ફાતિહા જાદૂથી શિફા છે. (કન્ઝુલ ઉમ્માલ)

(૯) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અબ્દુલ માલિક બિન ઉમૈરથી રિવાયત છે કે સૂરએ ફાતિહા દરેક બીમારીથી શિફા છે.

**ફાયદો** : આ બે હદીષોથી જાણવા મળ્યું કે સૂરએ ફાતિહાનું નામ શિફા પણ છે. તેનાથી રૂહાની અને જિસ્માની બીમારીઓથી શિફા પ્રાપ્ત થાય છે.

સીરતે સુલ્તાનુલ હિંદમાં છે. હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, જેને કોઈ એવી બીમારી હોય જેનો ઈલાજ ન થતો હોય અને સારું થશે એવું ન લાગે તેણે ફઝરની સુન્નત અને ફર્ઝની વચમાં ૪૧ વખત સૂરએ ફાતિહા આ પ્રમાણે પઢવી કે બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમની મીમને અલ હમ્દુ સાથે મેળવવી. અમુક દિવસ આમ કરવામાં આવશે તો ઈન્શા અલ્લાહ શિફા મળશે.

(૧૦) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે કે સૂરએ ફાતિહા અર્શ નીચેના ખજાનામાંથી ઉતારવામાં આવી છે.

(૧૨) તિબ્રાનીમાં હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે કે સૂરએ ફાતિહા અર્શ નીચેના ખજાનામાંથી ઉતારવામાં આવી છે. ઉમ્મુલ કિતાબ (સૂરએ ફાતિહા) આયતુલ કુરસી, સૂરએ બકરહની અંતિમ આયતો અને સૂરએ કૌષર.

(૧૩) દૈલમીમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે કે સૂરએ ફાતિહા અર્શ નીચેના ખજાનામાંથી ઉતારવામાં આવી છે.

**ફાયદો** :- આ હદીષોથી જાણવા મળ્યું કે આ સૂરતનું નામ કન્ઝ પણ છે.

(૧૪) કન્ઝુલ ઉમ્માલમાં ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہથી રિવાયત





છે કે સૂરએ ફાતિહા અને આયતુલ કુરસી, જે બંદો તે બંનેની ઘરમાં તિલાવત કરશે તે દિવસે માણસ અને જિનની નજર તેઓને પહોંચશે નહીં.

(૧૫) હાકિમે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે કુર્આનમાં અતિ ઉત્તમ અલહમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન છે.

**ફાયદો** :- એટલે સૂરએ ફાતિહાને સૂરએ હમ્દ પણ કહેવામાં આવે છે.

(૧૬) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે કે, સૂરએ ફાતિહા પર એટલો બદલો આપવામાં આવે છે જેટલો કુર્આનના બીજા કોઈ ભાગનો નથી. જો સૂરએ ફાતિહાને મીઝાન (ત્રાજવું)ના એક પલ્લામાં અને કુર્આનને બીજા પલ્લામાં રાખવામાં આવે, ત્યાં સૂરએ ફાતિહા ફઝીલતમાં કુર્આન પર સાત વખત વધી જાય.

(૧૭) હાકિમે હઝરત ઓબાદા رضی اللہ عنہથી રિવાયત છે કે સૂરએ ફાતિહા તેના ગેરનો બદલો છે અને તેનો ગેર તેનો બદલો નથી.

(૧૮) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અબ્દુલ્લાહ બિન જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે શું હું તમને ન બતાવું કુર્આનની સૌથી શ્રેષ્ઠ સૂરત ? અલહમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન !

(૧૯) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત સઈદ બિન મુઅલ્લા رضی اللہ عنہથી રિવાયત છે કે કુર્આનની સૂરતોમાં સૌથી અધિક અઝમતવાળી અલહમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન છે.

(૨૦) તેમાં જ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે, શું હું તમને કુર્આનની સૌથી અફઝલ સૂરત ન બતાવું ? અલહમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન.

(૨૧) હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે શું હું તમને શ્રેષ્ઠ સૂરત ન બતાવું ? જે કુર્આનમાં નાઝિલ થઈ ? સૂરએ ફાતિહા જેમાં દરેક બીમારીથી શિફા છે.

## ★ સૂરએ ફાતિહાના અન્ય નામો ★

સલાત એટલે નમાઝ. નમાઝની દરેક રકા'તમાં સૂરએ ફાતિહાની તિલાવત વાજિબ છે. એટલા માટે એને સૂરએ સલાત કહેવામાં આવે છે.

## ★ સૂરએ દુઆ ★

સૂરએ ફાતિહામાં બંદાઓને દુવાનો તરીકો શીખવવામાં આવ્યો છે. એટલે તેને સૂરએ દુઆ પણ કહેવામાં આવે છે.

**★ સૂરએ શુક્ર :–** સૂરએ ફાતિહાને સૂરએ શુક્ર એટલા માટે કહેવામાં આવે છે કે અલ્લાહ ત્આલાની શુક્ર ગુજારીમાં અલહમ્દુ લિલ્લાહ કહેવામાં આવે છે.

**★ સૂરએ સોવાલ :–** સોવાલ એટલે માંગ. બંદાઓ તરફથી દુઆ દ્વારા અમુક ચીઝોની ખુદાથી માંગ કરવામાં આવી છે. એટલે સૂરએ સોવાલ પણ કહેવામાં આવે છે.

**★ સૂરએ વાફિયા :–** સૂરએ ફાતિહા નમાઝની દરેક રકા'તમાં પૂરી પઢવામાં આવે છે, જ્યારે બીજી સૂરતો પૂરી પઢવી હોય અથવા અડધી પઢવી હોય બંનેની રજા આપવામાં આવી છે. એટલે સૂરએ વાફિયા કહેવામાં આવે છે.

**★ સૂરએ કાફિયા :–** ઉપરોકત હદીષનું વર્ણન થઈ ગયું કે સૂરએ ફાતિહા કુર્આનના બીજા ભાગોનો બદલો છે પણ સૂરએ ફાતિહાનો કોઈ બદલો નથી, એટલે એને સૂરએ કાફિયા કહેવામાં આવે છે.

**(૨૨)** તફસીરે કબીરમાં હઝરત હુઝૈફા બિન યમાન رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે દો આલમ صلی اللہ تعالی علیہ وسلمએ ફર્માવ્યું, બેશક ! અલ્લાહ ત્આલા કોઈ કોમ પર અઝાબ મોકલવાનો પાકો ઈરાદો કરી લે છે બાળકોમાંથી કોઈ બાળક મદ્રસામાં અલ હમ્દુ લિલ્લાહિ





રબ્બિલ આલમીન પઢે છે તો અલ્લાહ ત્આલા તેને સાંભળે છે અને તેઓ પરથી ચાલીસ વર્ષો માટે અઝાબ ઉઠાવી લે છે.

**(૨૩)** હઝરત હુસૈન رضی اللہ عنہથી રિવાયત છે : ફર્માવે છે, અલ્લાહ ત્આલાએ એક સો ચાર કિતાબો નાઝિલ ફર્માવી, સૌના ઈલ્મોને ચારના અમાનત રાખવામાં આવ્યા અને તે તૌરેત, ઈન્જીલ, ઝબૂર અને કુર્આન. પછી આ ચારના ઈલ્મોને કુર્આનમાં અમાનત રાખ્યા. પછી કુર્આનના ઈલ્મોનો મુફસ્સલમાં અમાનત રાખ્યા. પછી મુફસ્સલના ઈલ્મોને સૂરએ ફાતિહામાં અમાનત રાખ્યા. તો જેણે સૂરએ ફાતિહાની તફસીર જાણી લીધી તે એવો છે જેણે અલ્લાહ ત્આલાની નાઝિલ ફર્માવેલી કિતાબોની તફસીર જાણી, અને જેણે એની તિલાવત કરી તો જાણે તેણે તૌરેત, ઈન્જીલ, ઝબૂર અને કુર્આન પઢયું. (સુબ્હાનલ્લાહ !)

**(૨૪) દુઆ કબૂલ થશે :–** દારેમીમાં છે કે સૂરએ ફાતિહા સો વખત પઢીને જે દુઆ માંગવામાં આવે તે કબૂલ થશે. (ઈન્શા અલ્લાહુ ત્આલા)

**ફાયદો :–** આ દુઆ કબૂલ થવાનો એક અમલ છે. ઉત્તમ એ છે કે બાવુઝૂ કિબ્લા તરફ મોં કરીને પઢવામાં આવે અને અવ્વલ આખિર દુરૂદ શરીફ પઢી લેવામાં આવે અને પછી પણ કામ ન થાય તો એ અકીદો રાખવો કે આ દુઆની કબૂલિયત મારા માટે દુનિયામાં યોગ્ય નહીં હોય એટલે તેનો બદલો આખિરતમાં મળશે. ઘણાં બધાં કામો એવાં છે જેમાં સફળ થવાના આપણે પ્રયાસો કરીએ છીએ અને કોશિશ સાથે દુઆનો પણ સહારો લઈએ છીએ તો પણ કયારેક સફળતા મળતી નથી. તો તેમાં રહસ્ય એ જ હોય છે કે તેમાં સફળતા આપણા માટે યોગ્ય નથી. આ રહસ્ય જાણવા માટે ષઅલ્બાનો વાકયો પઢો. (જુઓ તોહફાએ નજાત, ભાગ–૪.)

## ★ સૂરએ ફાતિહામાં સાત આયતો ★

આપણા ઈમામે આઝમ رضی اللہ عنہના મંતવ્ય પ્રમાણે સૂરએ

ફાતિહામાં બિસ્મિલ્લાહ શરીફ દાખલ નથી અને આયતો સાત છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ○ اَلرَّحْمٰنِ الرَّحِيْمِ ○ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ○ اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ ○ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ○ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ○ اٰمِيْن

આના આધારે કોઈ નમાઝમાં તઅવ્વુઝ અને તસ્મિયા ન પઢે અને "અલહમ્દ"થી તિલાવતનો આરંભ કરે તો નમાઝમાં ફરક આવશે નહીં.

# ☆ સૂરએ બકરહ ☆

## ★ શૈતાન નાસી જાય છે ★

(૧) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત હસન (બસરી) رضی اللہ عنہ થી રિવાયત છે કે કુર્આનમાં અતિ ઉત્તમ સૂરએ બકરહ છે અને તેમાં અધિક અઝમતવાળી આયત આયતુલ કુર્સી છે અને બેશક ! શૈતાન તે ઘરમાંથી નીકળી જાય છે જેમાં તે સૂરએ બકરહની તિલાવત સાંભળે છે (એટલે કે તે નાસવા પર મજબૂર થઈ જાય છે).

**(૨)** કન્ઝુલ ઉમ્માલમાં હઝરતે અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે તમારા ઘરોમાં સૂરએ બકરહની તિલાવત કરો. જે ઘરમાં સૂરએ બકરહ પઢવામાં આવે તેમાં શૈતાન પ્રવેશી શકતો નથી.

**(૩)** તિબ્રાનીએ કબીરમાં હઝરત સહબ બિન સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે કે સૂરએ બકરહ જેણે પોતાના ઘરમાં રાતમાં પઢી ત્રણ





રાતો સુધી તેમાં શૈતાન પ્રવેશશે નહીં અને જેણે પોતાના ઘરમાં દિવસમાં પઢી ત્રણ દિવસ સુધી તેમાં શૈતાન આવશે નહીં.

**(૪)** ઈબ્ને અદીએ કામિલમાં હઝરત અબૂ દરદા رضی اللہ عنہ થી રિવાયત છે કે કુર્આન શીખો ! કસમ છે તે જાતની જેની કુદરતમાં મારી જાન છે, બેશક ! શૈતાન તે ઘરમાંથી નાસી જાય છે જેમાં સૂરએ બકરહ પઢવામાં આવે.

**ફાયદો :–** જે ઘરમાં જિનનો વાસ હોય અને તેઓની અવર જવર ખબર પડતી હોય અથવા ઘરવાળાઓને તકલીફ આપતો હોય તો મખરજથી બુલંદ સ્વરે સૂરએ બકરહની તિલાવત કરવામાં આવે, અમુક દિવસ આમ કરવાથી તે ઘરમાંથી નાસી જશે. (ઈન્શા અલ્લાહુ તઆલા)

## ★ ઘરને કબ્રસ્તાન ન બનાવો ★

(૫) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત સિલસાલ બિન દહમસથી રિવાયત છે કે સૂરએ બકરહ પોતાના ઘરોમાં પઢતાં રહો અને તેને કબ્રસ્તાન ન બનાવો. જેણે સૂરએ બકરહ પઢી તેને જન્નતનો તાજ પહેરાવામાં આવશે.

**ફાયદો :–** કબ્રસ્તાનનાં મુરદાંઓ દાઢલ જઝામાં પહોંચી ગયાં છે એટલે તેઓ માટે અમલ નથી, પરંતુ આપણે હજી દાઢલ અમલમાં છીએ જેથી આપણને અમલની જરૂરત છે તો પછી ઘરોમાં કુર્આનની તિલાવત અને દીનનાં કાર્યો કરતા રહો તો એવું લાગે કે અહિંયા જીવંત લોકો રહે છે અને દીની કાર્યોમાં અગત્ય સૂરએ બકરહની તિલાવત છે. તેની તિલાવતથી ખૈરો બરકત તો આવે છે પણ મહાન ફાયદો શૈતાન ઘરોમાં આવી શકતો નથી.

## ★ અફઝલ સૂરત ★

(૬) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત રબીઆ જર્શીથી રિવાયત છે કે કુર્આનની સૂરતોમાં અફઝલ સૂરએ બકરહ છે અને કુર્આનની

આયતોમાં અફઝલ આયતુલ કુર્સી છે.

## ★ એંસી હજાર ફરિશ્તાઓ ★

તિબ્રાનીએ હઝરત મઅકલ બિન યસાર رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે સૂરએ બકરહ કુર્આનમાં ઘણા જ બુલંદ સ્થાને છે. તેની દરેક આયત સાથે એંસી હજાર ફરિશ્તાઓ નાઝિલ થયા. અર્શ નીચેથી આયતુલ કુરસી લાવવામાં આવી, પછી તે તેની સાથે મળી. યાસીન કુર્આનનું દિલ છે. જે અલ્લાહ અને આખિરતના ઈરાદાથી તેની તિલાવત કરશે તેની અલ્લાહ ત્આલા મગફેરત ફર્માવશે. તેને તમારા મુરદાઓ સમક્ષ પઢે. (તેને છોડવું અફસોસ છે)

**(૭)** દૈલમીએ હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે કે જે સૂરતમાં બકરહનું વર્ણન થાય છે તે કુર્આનનો તંબુ છે, તો તેને શીખો. તેને શીખવું બરકત છે અને તેને છોડવું અફસોસ છે. ખરાબ પ્રકારના લોકો તેની શકિતથી નથી રાખતા.

**ફાયદો :–** સૂરએ બકરહ તેની તિલાવત કરનારને કિયામતના દિવસે છાંયડો આપશે અને તેને ગરમી લાગવા દેશે નહીં. એટલે તેને કુર્આનનો તંબુ કહેવામાં આવ્યું. તિલાવત કરનારને દુનિયામાં બરકત પ્રાપ્ત થાય છે અને સવાબ મળે છે જેનો ફાયદો આખિરતમાં જોવા મળશે. જો કોઈ આળસથી અથવા ઘણી લાંબી સૂરત જોઈને તેની તિલાવત તરફ લક્ષ ન આપે તો તેને કયામતના દિવસે અફસોસ થશે. માણસ દુનિયાનો ફાયદો પ્રાપ્ત કરવા સવારથી સાંજ સુધી કામ કરે છે તો તેની નજર અને ધ્યાન કામ પર નથી હોતું પણ કામની મજૂરી અને તેના બદલા પર હોય છે. તે સૂરએ બકરહનો આખિરતમાં અગણિત ફાયદો છે તો આપણી નજર તેની લંબાઈ તરફ ન હોવી જોઈએ બલ્કે તેના થકી મળતા ફાયદા પર હોવી જોઈએ. જેમને આખિરતમાં ઉચ્ચ સ્થાન મેળવવું હોય તેમના માટે તો સૂરએ બકરહની લંબાઈ કંઈ જ નથી અને જેમને આખિરતની કંઈ પડેલી નથી તેઓ સૂરએ બકરહને લાંબી સૂરત સમજીને તેની તિલાવત તરફ





લક્ષ આપતા નથી.

**(૮) ઈજ્જતના લાયક :–** મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે આપ ફર્માવે છે, અમારામાં જે વ્યકિત સૂરએ બકરહ અને આલે ઈમરાન જાણતો તેની ઘણી ઈજ્જત કરવામાં આવતી હતી.

**(૯) અગણિત સવાબ :–** તફસીરે અઝીઝીમાં છે : સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે માણસ જુમ્આની રાત્રીએ સૂરએ બકરહ અને આલે ઈમરાનની તિલાવત કરે તો તેને એટલો સવાબ મળે છે જાણે બઈદાથી ઓરૂબા સુધી ભરાય જાય (એટલે કે સાત જમીન અને સાત આકાશ ભરાઈ એટલું).

**(૧૦)** તફસીરે નઈમીમાં હઝરત ઉમ્મે દરદા رضی اللہ عنہ થી રિવાયત છે એક માણસ જે કુર્આન શરીફની તિલાવત કરવાવાળો હતો. તેણે પોતાના પડોશીને મારી નાખ્યો. સવારમાં તેને પકડીને કતલ કરી નાંખવામાં આવ્યો. જ્યારે તેને દફન કરી દેવામાં આવ્યો તો સઘળી સૂરતો તેની કબ્રથી નીકળી જતી જોવા મળી. પરંતુ સૂરએ બકરહ અને આલે ઈમરાન ત્યાં સુધી ન ગઈ, જ્યાં સુધી જુમ્આ ન આવી ગયો અને તે માણસ અઝાબથી બચી ગયો.

## ★ સૂરએ બકરહના ફાયદાઓ ★

આ સૂરતના અન્ય ફાયદાઓ તફસીરે અઝીઝી અને તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં બયાન કરવામાં આવ્યા છે. તેને તમારી સમક્ષ રજુ કરીએ છીએ

**(૧)** જે ઘરમાં સૂરએ બકરહ પઢવામાં આવે તેમાં ત્રણ દિવસ સુધી બદમાશ શૈતાન દાખલ થશે નહીં.

**(૨)** જે માણસ હમેશાં સૂતી વખતે સૂરએ બકરહની દસ આયતો પઢી લે તે કયારે પણ કુર્આન શરીફ ભૂલશે નહીં. ચાર આયતો શરૂની મુફલેહૂન સુધી. આયતુલ કુરસી અને તે પછીની બે આયતો અને ત્રણ

આયતો અંતિમ સૂરતની (આ અમલ હાફિઝો માટે અગત્યનો છે.)

**(૩)** કોઈ બાળકને શિતળાનો રોગ થાય તો ૨૫૦ ગ્રામ ચોખા રાંધવામાં આવે, તેમાં જરૂરત જેટલું દહીં અને ખાંડ નાખવામાં આવે. ત્યાર બાદ કોઈ ફકીરને બોલાવી તેને કહેવામાં આવે કે તું એવી રીતે ધીમે ધીમે ખા કે તારું ખાવું અને મારું પઢવું એક સાથે પૂરું થાય. પધ્ધતિસર મખરજથી સૂરએ બકરહની તિલાવત કરવામાં આવે. આ પ્રમાણે કરવાથી ઈન્શા અલ્લાહ રોગમાં આરામ થશે અને એક વર્ષ સુધી ઘરમાં આ રોગ આવશે નહીં. શર્ત એ છે કે આ અમલ સવારમાં કરવામાં આવે, અમલ કરનાર અને બાળક બંનેએ ઉઠીને કંઈ ખાધું ન હોય.

**(૧૧) કબ્ર પાસે પઢવાની પધ્ધતિ :–** તિબ્રાની અને બયહકીએ હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું, મય્યિતને દફન કરી તેના માથા પાસે સૂરએ બકરહની શરૂની આયતો મુફલેહૂન સુધી અને કબ્રની પગ સાઈડે સૂરએ બકરહનો અંતિમ રુકૂઅ પઢવો જોઈએ.

**બકરહ નામનું કારણ :–** સૂરતોના નામો રાખવાનું વર્ણન થઈ ગયું. આ સૂરતમાં વધારે દિલચસ્પ અને ખુદાની કુદરતને જાહેર કરતો ગાયને ઝબ્હ કરવાનો વાકયો છે. એટલે આખી સૂરતનું નામ સૂરએ બકરહ રાખી દેવામાં આવ્યું. "હઝરત મૂસા અને બની ઈસરાઈલ"ના પ્રકરણમાં આનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવશે.

**★ આયતો અને શબ્દોની સંખ્યા :–** આ સૂરતમાં ૨૮૬ આયતો, ૪૦ રૂકૂઅ, ૬ હજાર એક એકવીસ કલ્માઓ, ૨૫ હજાર પાંચસો શબ્દો છે.

**★ શાને નુઝૂલ :–** તફસીરે ખાઝિનમાં છે : અલ્લાહ ત્આલાએ બની ઈસરાઈલમાં એક કિતાબ નાઝિલ કરવાનો અને બની ઈસરાઈલમાં એક નબી મોકલવાનો વાયદો કર્યો હતો. જ્યારે હુઝૂર હિજરત કરીને મદીના ગયા, જ્યાં યહૂદ વધારે રહેતા હતા. તો આ





સૂરતથી વાયદા તરફ ઈશારો કરવામાં આવ્યો.

# ★ આયતુલ કુરસી ★

## ★ અર્શના ખજાનાનો એક ભાગ ★

(૧) દૈલમીએ હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે આયતુલ કુરસી મને અર્શ નીચેના ખજાનામાંથી આપવામાં આવી અને મારા પહેલાં કોઈ નબીને આપવામાં નથી આવી.

(૨) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત હસન (બસરી) رضی اللہ عنہ થી રિવાયત છે કે મને અર્શ નીચેથી આયતુલ કુરસી આપવામાં આવી.

**(૩) આયતોની સરદાર :–** હાકિમે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે સૂરએ બકરહમાં એક આયત છે તે કુર્આનની આયતોની સરદાર છે. જે ઘરમાં પઢવામાં આવે અને તેમાં શૈતાન હોય તો તે નાસી જશે, તે આયતુલકુરસી છે.

**(૪) અતિ અઝમતવાળી આયત :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત ઓબેય બિન કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે કે અય અબૂ મુન્ઝિર ! શું તમે જાણો છો કઈ આયત કુર્આનમાં તમારા નજીક અઝમતવાળી છે ? વિનંતી કરી, આયતુલ કુરસી. આપે ફર્માવ્યું ? અય અબૂ મુન્ઝિર ! તમને ઈલ્મ મુબારક ! કસમ છે તેની જેની કુદરતમાં મારો પ્રાણ છે, બેશક ! તેના માટે કિયામતના દિવસે જીભ અને હોઠ હશે.

(૫) ઈબ્ને મરદવિય્યાએ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી કે કુર્આનની આયતોમાં અઝમતવાળી આયતુલ કુરસી છે. કુર્આનના ન્યાયથી ભરેલી આયત **"ઈન્નલ્લાહ યઅ્મુરુ બિલ્ અદ્લિ વલ્ એહસાન"** છે. અંત સુધી પૂરી આયત. કુર્આનમાં વધારે ખૌફ અને ડરવાની આયત છે. અને જે એક રજકણ જેટલી

**"ફમંય્ યાઅ્મલ મિષ્કાલ ઝર્રતિન ખય્રંય્ યરહ્...."** ભલાઈ કરે તેને અને જે એક રજકણ બુરાઈ કરે તેને દેખશે.

કુર્આનની આયતોમાં વધુ ઉમ્મીદ લગાવવાવાળી આયત છે. **"યા ઈબાદિયલ્લઝીન અસ્રફુ અઅ્લા અન્ફોસહૂમ..."**

અય મારા તે બંદાઓ ! જેમણે પોતાની જાનો પર ત્રાસ કર્યો, અલ્લાહની રહમતથી નિરાશ થાવ નહીં.

**(૬) અલ્લાહની પનાહમાં :–** દૈલમીએ હઝરત અલી رضی اللہ عنہ રિવાયત કરી કે જે દરેક ફર્ઝ નમાઝ પછી આયતુલ કુરસી પઢશે તે અલ્લાહની પનાહ અને રક્ષણમાં છે, બીજી નમાઝ સુધી.

**(૭)** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે જે દરેક ફર્ઝ નમાઝ બાદ આયતુલ કુરસી પઢશે, બીજી નમાઝ સુધી રક્ષણમાં રહેશે. આની પાબંદી નબી, સિદ્દીક અને શહીદ કરે છે.

**(૮) જન્નતમાં દાખલો :** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે, જે દરેક ફર્ઝ નમાઝ બાદ આયતુલ કુરસી પઢશે તેના અને જન્નતના દાખલામાં માત્ર મોતનો પરદો છે. (એટલે કે મરણ બાદ તેને આલમે બરઝખથી જન્નત આપવામાં આવશે. જેમ કે હદીષમાં છે : કબ્ર જન્નતનો એક બાગ છે અથવા દોઝખનો એક ખાડો. તો દરેક ફર્ઝ નમાઝ પછી આયતુલ કુરસીની પાબંદી કરનારને આખિરતની દરેક મંઝિલમાં સહુલત પ્રાપ્ત રહેશે.

**(૯) પડોશીના ઘરોનું પણ રક્ષણ :–** બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરી છે કે જે દરેક નમાઝ પછી આયતુલ કુરસી પઢશે. તેને જન્નતમાં પ્રવેશવાથી માત્ર મોત રોકે છે અને જે પોતાના વિસ્તાર પર આવી તેને પઢશે અલ્લાહ ત્આલા તેના, તેના પાડોશીના અને તેની આજુબાજુનાં ઘરોનું રક્ષણ ફર્માવશે.

**(૧૦) અલ્લાહ પોતે રૂહ કબ્ઝ કરશે :–** દૈલમીએ હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત કરી છે કે જે દરેક ફર્ઝ નમાઝ





પછી આયતુલ કુરસી પઢશે તેની અલ્લાહ ત્આલા પોતે રૂહ કબ્ઝ ફર્માવશે અને તે (મરતબામાં) એવી વ્યક્તિને સ્થાને છે જેણે અલ્લાહના નબીઓ અને રસૂલો તરફથી જંગમાં ભાગ લીધો અને શહીદ થઈ ગયો.

(૧૧) ખતીબે હઝરત અમ્ર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે જે આયતુલ કુરસી પઢશે, અલ્લાહ ત્આલા પોતે તેની રૂહ કબ્ઝ ફર્માવશે.

**★ ફઝીલતવાળી આયત :–** (૧૨) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત રબીઆ જર્શીથી રિવાયત છે કે કુર્આનની સૂરતોમાં અફઝલ સૂરએ બકરહ છે અને કુર્આનની આયતોમાં અફઝલ આયતુલ કુરસી છે.

**★ કુર્આનનો ચોથો ભાગ :–** (૧૩) અબૂશૈખે સવાબમાં રિવાયત કરી છે કે આયતુલ કુરસી કુર્આનનો ચોથો ભાગ છે. (એટલે કે સવાબમાં એના બરાબર છે.)

## ★ સૂરએ બકરહની અંતિમ બે આયતો ★

**★ અર્શના ખજાનાનો એક ભાગ :** (૧) તિબ્રાનીએ કબીરમાં હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત કરી કે મને આ આયતો એટલે સૂરએ બકરહની અંતિમ બે આયતો અર્શ નીચેના ખજાનાથી આપવામાં આવી. મારા પહેલાં કોઈ નબીને આપવામાં આવી નથી.

**(૨)** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે તે બે આયતો પઢો જે સૂરએ બકરહની અંતિમ છે, કારણ કે તે બંને મારા રબે મને અર્શ નીચેથી અર્પણ કરી.

(૩) હકીમે હઝરત અબૂઝર رضی اللہ عنہ ની રિવાયત કરી કે બેશક ! અલ્લાહ તઆલાએ સૂરએ બકરહ એવી બે આયતોથી પૂરી કરી જે બંને મને તેના તે ખજાનામાંથી અતા કરી, જે અર્શ નીચે છે. તેને પોતે શીખો અને તમારી ઔરતો અને બાળકોને શીખવાડો. કારણ કે બંને દુઆ અને તિલાવત છે. (એટલે કે પઢવાથી તિલાવતનો સવાબ મળે છે અને દુઆ પણ છે.)

**★ શફાઅત કરશે :–** (૪) કન્ઝુલ ઉમ્માલમાં હઝરતે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ રિવાયત કરી કે બે આયતો કુર્આન છે, તે બંને શફાઅત કરશે, તે બંનેને અલ્લાહ પસંદ ફર્માવે છે તે સૂરએ બકરહની અંતિમ બે આયતો છે.

**★ ખજાનએ અર્શમાં ક્યારે લખવામાં આવી :–** બયહકીએ હઝરત નુઅમાન બિન બશીર رضی اللہ عنہ થી રિવાયત છે કે બેશક ! અલ્લાહ ત્આલાએ જમીન અને આકાશોની પેદાઈશથી બે હજાર વર્ષો પહેલાં એક કિતાબ લખી જે અર્શ પાસે છે અને તેણે તેમાંથી બે આયતો નાઝિલ કરી જેના પર સૂરએ બકરહનો અંત કર્યો. જે ઘરમાં ત્રણ રાત બંને આયતો પઢવામાં આવે તો ત્યાંથી શૈતાન નાસી જાય છે.

**★ બે આયતો પણ કાફી છે :–** (૬) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે સૂરએ બકરહની અંતિમ બે આયતો તેના માટે કાફી છે જે તેને રાતમાં પઢી લેશે.

**(૭)** દૈલમીએ તેમનાથી જ રિવાયત કરી કે જેણે સૂરએ બકરહનો અંતિમ ભાગ પઢયો, તો રાતના થોભવા સુધી તેના માટે કાફી છે.

## ★ આલે ઈમરાન ★

**★ ફરિશ્તાઓની દુઆએ મગફેરત :–** (૧) તિબ્રાનીએ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી કે જેણે તે સૂરત જેની અંદર આલે ઈમરાનનું વર્ણન થયું છે જુમ્આના દિવસે પઢી તો અલ્લાહ તેની ઉપર રહમતની વર્ષા કરે છે અને ફરિશ્તાઓ મગફેરતની દુઆ કરે છે. ત્યાં સુધી કે સૂર્ય ડૂબી જાય.

**(૨) શ્રેષ્ઠ ખજાનો :–** તિબ્રાનીએ અવસતમાં તેમનાથી જ રિવાયત કરી કે અલ્લાહ તઆલા તે બંદાને નાકામ અને અસફળ નથી કરતો જેણે રાતમાં જાગી નમાઝ પઢી. સૂરએ બકરહ અને આલે





ઈમરાનથી આરંભ કર્યો. માણસ માટે કેટલો શ્રેષ્ઠ ખજાનો છે બકરહ અને આલે ઈમરાન !

**(૩) રબ સમક્ષ દલીલ કરવું :–** તિર્મિઝી અને મુસ્લિમમાં હઝરત નવાસ બિન સમ્આનથી રિવાયત છે કે કુર્આન અને તેનું ઈલ્મ રાખવાવાળો જે તેની ઉપર દુનિયામાં અમલ પણ કરતો હોય તે એ પ્રમાણે આવશે કે તેની આગળ આગળ સૂરએ બકરહ અને આલે ઈમરાન હશે. ફર્માવે છે : તે બંને આવશે જાણે છાંયડો આપનાર બે વસ્તુ છે જેની વચમાં પ્રકાશ છે અથવા જાણે તે બંને કાળા વાદળો છે અથવા પક્ષીઓની બે ટૂકડીઓ છે સફ બંદ પોતાના હકદાર માટે હુજ્જત અને દલીલ કરશે.

**(૪) આલે ઈમરાનની એક આયત :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે જે પઢશે :–

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًا بِالْقِسْطِ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ، اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ.

અલ્લાહે સાક્ષી આપી કે તેના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી અને ફરિશ્તાઓએ અને આલિમોએ ન્યાય પર ઉભા રહીને, તેના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી, તે ઈજ્જતવાળો હિકમતવાળો છે. નિઃશંક ! અલ્લાહને ત્યાં ઈસ્લામ જ દીન છે.

પછી કહે હું ગવાહી આપું છું તેની જેની ગવાહી અલ્લાહ ત્આલાએ આપી અને આ ગવાહીને અમાનત રાખું છું અલ્લાહ ત્આલા પાસે. તે મારા માટે અલ્લાહ પાસે અમાનત છે, તેને કયામતના દિવસે લાવવામાં આવશે, પછી કહેવામાં આવશે. અય મારા બંદા ! આ તારો વાયદો હતો મારાથી અને હું જ વાયદો પૂરો કરવાનો વધારે હકદાર છું, મારા બંદાને જનનતમાં દાખલ કરી આપો.

**(૫) પઢો અને સમજો પણ :–** દૈલમીમાં હઝરત આઈશા

સિદીકા رضی اللہ عنہا થી રિવાયત છે કે ખરાબી અને બરબાદી છે તેના માટે જેણે આ આયત પઢી અને પછી તેમાં મનન ન કર્યું :–

إِنَّ فِي خَلْقِ السَّمٰوٰتِ وَالْأَرْضِ وَاخْتِلَافِ اللَّيْلِ وَالنَّهَارِ لَآيَاتٍ لِأُولِي الْأَلْبَابِ.

બેશક ! આકાશો અને પૃથ્વીની પેદાઈશમાં અને રાત દિવસની ફેર બદલીમાં જરૂર નિશાનીઓ છે અક્કલવાળઓ માટે.

**★ આયતો અને અક્ષરોની સંખ્યા :–** સૂરએ આલે ઈમરાનમાં ૨૦૦ આયતો ૪૮૦ શબ્દો અને ૧૪૫૨૦ અક્ષરો છે અને આ સૂરત મદીનામાં ઉતરી હતી.

**★ શાને નુઝૂલ :–** નજરાનના ઈસાઈઓનું પ્રતિનિધિ મંડળ જેમાં ૬૦ સવારો, ૧૪ સરદારો અને ત્રણ માણસ તેમની કોમના આગળ પડતા આગેવાન હતા. અબ્દુલ મસીહ નામનો આગેવાન હતો. જેના અભિપ્રાય વગર ઈસાઈઓ કોઈ કામ ન કરતા હતા. બીજો અયહમ હતો જે તેમનામાં નાણાંકિય ઓફિસર હતો. ખોરાક ખાતાનાં સઘળાં કામો તેની હસ્તક હતાં. ત્રીજો અબૂ હારેસા બિન અલકમા હતો જેને પાદરીઓમાં સરદારી પ્રાપ્ત હતી. રોમના રાજ્યકર્તાઓ તેના ધાર્મિક હોદ્દાના કારણે તેની ખૂબ ઈજ્જત કરતા હતા. આ લોકો કિંમતી વસ્ત્ર પહેરીને ઠઠારા સાથે બારગાહે રિસાલત صلی اللہ تعالیٰ علیہ وسلم માં મુનાઝરો કરવાના ઈરાદે આવ્યા અને મસ્જિદે અકદસમાં પ્રવેશ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તે સમયે અસરની નમાઝ અદા ફર્માવી રહ્યા હતા, ત્યારે તે લોકોની નમાઝનો પણ સમય થઈ ગયો અને તેઓએ પૂર્વ દિશામાં મોઢું કરીને નમાઝ પઢવાનું શુરૂ કર્યું. પરવાર્યા પછી સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે વાતચીત શરૂ કરી. આપે ફર્માવ્યું, તમે ઈસ્લામ સ્વીકારો. ત્યારે તેઓએ કહ્યું, અમે ઈસ્લામ સ્વીકારી લીધેલો છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, આ દાવો ખોટો છે ! તમારો દાવો ઈસ્લામ વિરૂધ્ધ છે, તમે અલ્લાહ માટે સંતાન માનો છે. તમારો સલેબ (ક્રોસ) પૂંજી અને સુવ્વરનું





માંસ ખાવું ઈસ્લામ વિરૂધ્ધ છે. તેઓએ કહ્યું કે હઝરત ઈસા ખુદાના પુત્ર ન હોય તો બતાવો કે તેમના પિતા કોણ છે ? આપે ફર્માવ્યું, શું તમે એ જાણો છો કે પુત્ર હમેશાં પિતા જેવો હોય છે ? તેઓ સહમત થયા. પછી આપે ફર્માવ્યું, શું તમે નથી જાણતા કે આપણો પરવરદિગાર હમેશાં જીવંત રહેનાર છે, તેના માટે મૃત્યુ અશકય છે. જ્યારે હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ને મોત આવનાર છે. તેમણે આ વાતનો સ્વીકાર કર્યો. આપે ફર્માવ્યું, તમે નથી જાણતા કે પરવરદિગાર બંદાઓના કામ બનાવનાર, સંભાળ રાખનાર તેમજ રોઝી આપનાર છે. તેમણે એ વાત પણ સ્વીકારી લીધી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, શું હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام પણ આવા જ છે ? તેમણે કહ્યું, ના. ત્યાર બાદ આપે ફર્માવ્યું, શું તમે નથી જાણતા કે અલ્લાહ ત્આલા જમીન અને આસ્માનની કોઈ વસ્તુથી અજાણ નથી ? તેમણે આ વાતનો સ્વીકાર કર્યો. આપે ફર્માવ્યું, શું હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام અલ્લાહ તઆલાના શીખવાડયા વિના કંઈ જાણે છે ? તેમણે કહ્યું, ના. આપે ફર્માવ્યું, શું તમે નથી જાણતા કે હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام માં ના પેટમાં રહ્યા અને જન્મનારાઓ માફક જન્મ્યા. બાળકો માફક તેમને ખવડાવવામાં આવ્યું તેમજ માણસની બીજી જરૂરતો પણ ઉભી થતી હતી. તેમણે સ્વીકાર કર્યો. આપે ફર્માવ્યું, પછી તેઓ ખુદા કેવી રીતે બની શકે છે ? આ વાત સાંભળીને ઈસાઈઓ ચૂપ થઈ ગયા અને અલ્લાહ ત્આલાએ ૧ થી ૮૦ થી થોડી અધિક આયતો આલે ઈમરાનની નાઝિલ કરી.

# ☆ સબ્એ તિવાલ ☆

**★ પ્રથમની સાત લાંબી સૂરતો :–** બકરહ, આલે ઈમરાન, નિસાઅ, માએદહ, અન્આમ, અઅરાફ, તૌબા.

(૧) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે : સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બેશક ! અલ્લાહ

ત્આલાએ મને સાત સૂરતો અર્પણ કરી. તૌરેતની જગાએ. અલિફ લામ મીમ રા, અને તા સીનવાળી સૂરતો ઈન્જીલની જગાએ અતા કરી. તા સીનથી હા મીમ સુધીની સૂરતો ઝબૂરની જગાએ આપી અને મને હા મીમ અને મુફસ્સલની સૂરતોની ફઝીલત અતા ફર્માવી, જેને મારાથી પહેલાં કોઈ નબીએ નથી પઢી.

(૨) તિબ્રાનીએ કબીરમાં હઝરત અલી ઉમામા رضی اللہ عنہથી રિવાયત કરી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, મારા રબે મને સાત લાંબી સૂરતો આપી તૌરેતની જગાએ અને મિઈન સો સુધીની આયતોવાળી સૂરતો આપી ઈન્જીલની જગાએ અને મને ફઝીલત અતા કરી મુફસ્સલથી.

(૩) બયહકીએ શોઅબલ ઈમાનમાં હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે જેણે સાત (સૂરતો) હાંસલ કરી (એનું ઈલ્મ પ્રાપ્ત કર્યું) તે શ્રેષ્ઠ છે.

## ★ સૂરએ હૂદ علیہ الصلوٰۃ والتسلیم ★

**(૧) અઝાબોની આયતો અને નબીને ફિકર :–** તિબ્રાનીએ કબીરમાં હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત કરી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, સૂરએ હૂદ અને તેની જેવી સૂરતોએ મને વૃધ્ધ કરી દીધો.

**(૨)** હાકિમે મુસ્તદરકમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, મને સૂરએ હૂદ અને તેની જેવી સૂરતો વાકેઆ, હાકકા, ઈઝા શ્શમ્સુ કુવ્વેરતે મને વૃધ્ધ કરી દીધો.

**(૩)** ઈબ્ને મરદવિય્યાએ હઝરત અબૂ બકર رضی اللہ عنہથી રિવાયત કરી, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, મને હૂદ અને તેની જેવી સૂરતોએ વૃધ્ધાવસ્થા પહેલાં વૃધ્ધ બનાવી દીધો.

**(૪)** ઈબ્ને મરદવિય્યાએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, મને સૂરએ હૂદ અને તેની જેવી સૂરતો વાકેઆ, કારિઆ, હાકકા, ઈઝાશશમ્સુ કુવ્વેરત અને સઅલા સાઈલુને વૃધ્ધ બનાવી દીધો.





(૫) ઈબ્ને અસાકિરે મુહમ્મદ બિન અલી رضی اللہ عنہماથી રિવાયત કરી, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, મને સૂરએ હૂદ અને તેની જેવી સૂરતોએ અને મારાથી પહેલાંની ઉમ્મતો સાથે જે કંઈ કરવામાં આવ્યું તેને વૃધ્ધ બનાવી દીધો.

(૬) અબૂ શ્શૈખે પોતાની તફસીરમાં હઝરત અબૂ ઈમરાન જૈનીથી રિવાયત કરી : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, મને સૂરએ હૂદ અને તેની જેવી કયામતના ઝિક્ર (વર્ણનવાળી) સૂરતો અને ઉમ્મતોના કિસ્સાઓએ વૃધ્ધ બનાવી દીધો.

**ફાયદો :–** આ હદીષોથી જાણવા મળ્યું કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمને આપણાથી કેટલી મહોબ્બત અને પ્રેમ હતો કે આગલી ઉમ્મતોની બદ અમલી પર જે અઝાબો આપવામાં આવ્યા અને તેનું વર્ણન આપણી નસીહત માટે કુર્આનમાં કરવામાં આવ્યું. તો હુઝૂર આપણી ફિકર અને ચિંતામાં રહેતા. કયામતનું વર્ણન અને હિસાબો કિતાબનો ઉલ્લેખ પઢી ચિંતાની ચિંતામાં સળગવા લાગતા. કેમ ? માત્ર આપણા માટે કે મારી ઉમ્મતનું શું થશે ? મારી ઉમ્મત પર તો અઝાબ નહીં આવે ? મારી ઉમ્મતને તો બરબાદ કરી દેવામાં નહીં આવે ? મારી ઉમ્મત તો આગલી ઉમ્મતો માફક ગુનાહ અને નાફરમાનીમાં નહીં પડી જાય ? નહીં તો સરવરે કાએનાત ફખ્રે મૌજૂદાત صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહ ત્આલાના મહબૂબ છે. આપને પોતાની શી ચિંતા ? જે સહાબાને આપે દુનિયામાં જન્નતની બશારત આપી તેમને માટે શું હિસાબ અને કિતાબ ? તેમની શફાઅતથી તો અલ્લાહ ત્આલા લાખોને જન્નત અતા ફર્માવશે.

બીજું એ પણ જાણવા મળ્યું કે અઝાબની આયતો પઢી દિલમાં ખુદાના ખૌફને જગા આપવી જોઈએ અને આપણા અમલથી તે ખૌફ પ્રગટ પણ થવો જોઈએ. માત્ર બશારતો પર લક્ષ આપી ડર અને અઝાબની વાતો ભૂલાવી જવું અક્કલનું કામ નથી. જેમ બશારતોની આયતો ખૂશ કરનાર છે, રહમતથી ઉમ્મીદ મજબૂત કરનાર છે. એવી જ રીતે અઝાબની આયતો જીવનની ખુશીઓને

ધૂળ ભેગી કરનાર પણ છે. એટલે સાચા ઈમાનવાળાઓની ઓળખ એ જે ઉમ્મીદ અને ડરની વચમાં રહીને અમલ કરતો રહે. જેમ માફ કરવું અલ્લાહની શાન છે, તો અઝાબ આપવો પણ અલ્લાહની જ શાન છે. કોના માટે કઈ શાન અમલમાં આવે તે કહી શકાતું નથી. કારણ કે, فَعَّالٌ لِّمَا يُرِيدُ છે તેની જાત તથા સિફતો સિવાય કંઈ વાજિબ નથી.

સારા અમલો જાહેર લખાણમાં નજાતનો સબબ છે તો પછી તેને લઈને જવું. પછી અલ્લાહની મરજી !

## ★ સૂરએ કહફ ★

**(૧) દોઝખથી બચાવનાર :–** બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَاથી રિવાયત કરી કે સૂરએ કહફ તૌરેતમાં હાઈલા કહીને બોલાવામાં આવતી હતી. (તેનું નામ હાઈલા હતું) તે તિલાવત કરનાર અને દોઝખની વચમાં ઉભી થઈ જશે.

**ફાયદો :–** જે વ્યકિત આ સૂરતની તિલાવત કરતો રહેશે, કયામતના દિવસે આ સૂરત તેની અને દોઝખની વચમાં ઉભી થઈ જશે. એટલે કે જો તેને દોઝખમાં જવાનો ફૈંસલો થશે તો સૂરએ કહફ તેની શફાઅત કરશે અને દોઝખમાં જવાથી નજાત અપાવશે.

**(૨) દજ્જાલના ફિત્નાથી નજાત :–** કોઈ મોકાસર તેનો અલગથી ઉલ્લેખ થશે, પણ અહિં એ કે એનો અઝાબ ઘણો કષ્ટદાયક હશે. તે શોબદાબાઝીથી લોકોના ઈમાનને શંકામાં નાખી દેશે પણ જે વ્યકિત સૂરએ કહફની અંતિમ દશ આયતો પઢતો રહેશે તેને અલ્લાહ ત્આલા દજ્જાલના ફિત્નાથી નજાત અતા ફર્માવશે જો તે તેના જમાનામાં આવી જાય, અને નહીં આવે તો નાનાં દજ્જાલોના ફિત્નાઓથી પણ બચેલો રહેશે. જે કોઈ પોતાના અમલ, બયાન અને લખાણથી લોકોનું સાચુ ઈમાન ખરાબ કરે તેઓ પણ દજ્જાલ જ છે. ફરક એટલો કે અસલ દજ્જાલ ગુરૂ અને આ તેના ચેલા.

તિર્મિઝીએ હઝરત અબૂ દરદા رَضِيَ اللّٰهُ عَنْهُથી રિવાયત કરી છે





કે જે સૂરએ કહફની અંતિમ દસ આયતો પઢશે, દજ્જાલના ફિત્નાથી રક્ષણમાં રહેશે.

**(૩)** તિર્મિઝીમાં તેમનાથી જ બીજી રિવાયત છે કે જે સૂરએ કહફની પ્રથમ ત્રણ આયતો પઢશે તે દજ્જાલના ફિત્નાથી રક્ષણમાં રહેશે.

**(૪)** અબૂ દાવૂદમાં તેમનાથી જ રિવાયત છે : જેણે સૂરએ કહફની પ્રથમ દશ આયતો યાદ કરી લીધી, દજ્જાલના ફિત્નાથી બચેલો રહેશે.

**ફાયદો :–** ઉત્તમ એ છે કે પ્રથમ દસ અને કયારેક અંતિમ દસ આયતો પઢી લેવામાં આવે તો સઘળી હદીષો પર અમલ થઈ શકે છે.

**(૫) દરેક ફિત્નાથી રક્ષણ :–** ઈબ્ને મરદવિય્યાએ હઝરત અલી كَرَّمَ اللّٰهُ وَجْهَهُ الْكَرِيم થી રિવાયત કરી છે કે જે જુમ્આના દિવસે સૂરએ કહફ પઢશે તે આઠ દિવસ દરેક પ્રકારના ફિત્નાથી રક્ષણમાં રહેશે. જો (તે મુદ્દતમાં) દજ્જાલ (નીકળી આવે) તો તેના ફિત્નાથી પણ રક્ષણમાં રહેશે.

**(૬) પઢનાર ઈમાનથી લબાલબ (છલાછલ) :–** અબૂશૈખે હઝરત ઈબ્ને અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَاથી રિવાયત કરી કે જે સૂરએ કહફની દસ આયતોની તિલાવત કરે તેને માથાથી લઈને પગ સુધી ઈમાનથી ભરી દેવામાં આવે છે અને જે તેને જુમ્આની રાતમાં પઢશે તો તેના માટે નૂર છે. સન્બાથી લઈને બશરા સુધી (જગાના નામો છે મુરાદ માઈલો સુધી) અને જે તેને પઢે જુમ્આના દિવસે શરૂમાં કે અંતમાં બીજા જુમ્આ સુધી રક્ષણમાં રહેશે. તે દરમિયાનમાં દજ્જાલ નીકળે તો તેને પહોંચશે નહીં. (એટલે કે તેના ફિત્નાથી રક્ષણમાં રહેશે.)

**(૭) કયામતના દિવસે નૂર :–** ઈબ્ને મરદવિય્યાએ હઝરત ઈબ્ને ઉમર رَضِيَ اللّٰهُ عَنْهُથી રિવાયત કરી કે જે સૂરએ કહફની જુમ્આના દિવસે તિલાવત કરશે તેના પગના પંજાથી આકાશ સુધી નૂર જ નૂર ફેલાશે. જે તેને રોશન અને પ્રકાશિત કરશે કયામતના દિવસે અને

બે જુમ્આની વચમાં જે થયું માફ કરી દેવામાં આવશે. (સગીરા અને નાના ગુનાહ નેક અમલોથી માફ થાય છે અને કબીરા ગુનાહ તૌબાથી માફ થાય છે.)

**(૮) વધારે તિલાવત વધારે નૂર :–** તિબ્રાનીએ કબીરમાં હઝરત મુઆઝ બિન અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે જે સૂરએ કહફનો પ્રથમ ભાગ અને છેલ્લા ભાગની તિલાવત કરશે તેના પગના પંજાથી લઈને માથા સુધી નૂર થશે અને જે સઘળી સૂરતની તિલાવત કરશે તેના માટે નૂર થશે આકાશ અને જમીનની વચમાં.

**(૯) ઘરમાં શૈતાન નહીં આવે :–** તિબ્રાનીએ કબીરમાં હઝરત અબ્દુલ્લાહ બિન મુનફ્ફલથી રિવાયત છે કે જે ઘરમાં સૂરએ કહફની તિલાવત કરવામાં આવે તે રાત્રે તેમાં શૈતાન પ્રવેશશે નહીં.

**(૧૦) અંતિમ ભાગની ફઝીલત :–** અબૂ નુઐમે હઝરત અબૂ હકીમથી રિવાયત કરી કે જો મારી ઉમ્મત પર સૂરએ કહફનો અંતિમ ભાગ ઉતરતો તો તે પણ કાફી રહેતો. (એટલે તેમનું કામ ચાલી જતું.)

**ફાયદો :–** સૂરએ કહફના અંતિમ ભાગમાં ઈમાન, અમલ અને શિર્કથી બચવાની તાલીમ આપવામાં આવી છે અને નજાતનો સંપૂર્ણ માર્ગ આજ છે. એટલે કહેવામાં આવ્યું કે માત્ર અંતિમ ભાગથી પણ કામ ચાલી જતું.

**★ કહફ નામનું કારણ :–** અસ્હાબે કહફનું એક તારીખી વર્ણન છે. જેમના કિસ્સાથી આખિરત પર આપણું ઈમાન મજબૂત બની જાય છે. એટલે તેમની તરફ સંબંધ કરીને કહફ નામ રાખવામાં આવ્યું. તે સૂરતની તિલાવત કરનાર તેમના વાકયા તરફ લક્ષ આપે અને સમજવાની કોશિશ કરે.

**★ અસ્હાબે કહફના નામો અને ફાયદા :–** અસ્હાબે કહફની સંખ્યા સાત છે. ખાઝિનમાં હઝરત ઈબ્ને અબ્બાસ





رضی اللہ عنہماની રિવાયત મુજબ તેમનાં નામો આ પ્રમાણે છે : (૧) મકશલમીના (૨) યમલીખા (૩) મરતુબસ (૪) બમીનૂનસ (૫) સારીનૂનસ (૬) ઝુનવાનસ કશફીત (૭) તનૂનસ. તેમના કૂતરાનું નામ કિતમીર હતું. ઘરના દરવાજા પર આ નામો લગાડવામાં આવે તો આગથી રક્ષણ થશે. માલ દૌલતમાં રાખવામાં આવે ચોરી નહીં થાય, નાવડું, વહાણ, સ્ટીમર ડૂબવાથી બચી જશે. નાસી ગયેલો પરત આવે. છોકરીઓના રૂદન પર, માથાના દુઃખાવા પર, સુકતાનની બીમારીમાં, કેદીઓના છૂટકારા માટે આ નામોનું તાવીઝ અકસીર છે.

## ★ સૂરએ મુઅ્મેનૂન ★

**★ અમલ અને જન્નત :–** તિર્મિઝીમાં હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે, સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, મારી ઉપર દસ આયતો ઉતારવામાં આવી, જે એની ઉપર અમલ કરશે, જન્નતમાં જશે.

قَدْ اَفْلَحَ الْمُؤْمِنُوْنَ ۝ الَّذِيْنَ
هُمْ فِيْ صَلَاتِهِمْ خٰشِعُوْنَ ۝
وَالَّذِيْنَ هُمْ عَنِ اللَّغْوِ
مُعْرِضُوْنَ ۝ وَالَّذِيْنَ هُمْ
لِلزَّكٰوةِ فٰعِلُوْنَ ۝ وَالَّذِيْنَ
هُمْ لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ ۝
اِلَّا عَلٰٓى اَزْوَاجِهِمْ اَوْ مَا مَلَكَتْ
اَيْمَانُهُمْ فَاِنَّهُمْ غَيْرُ مَلُوْمِيْنَ ۝
فَمَنِ ابْتَغٰى وَرَآءَ ذٰلِكَ
فَاُولٰٓئِكَ هُمُ الْعٰدُوْنَ ۝

બેશક ! મુરાદ પામ્યા ઈમાનવાળાઓ જેઓ પોતાની નમાઝમાં કરગરે છે અને તેઓ જે કોઈ બેહુદી બાબત પ્રત્યે ધ્યાન આપતા નથી અને તેઓ કે ઝકાત આપવાનું કાર્ય કરે છે અને તેઓ જે પોતાની શર્મગાહને જાળવે છે પણ પોતાની પત્નીઓ અથવા શરીઅત મુજબની લોંડીઓથી. જે તેમના હાથોની મિલ્કત છે કે તેમના પર કશો ઠપકો નથી. તો જે એ બે સિવાય

وَالَّذِيْنَ هُمْ لِاَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ رٰعُوْنَ ۝ وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَوٰتِهِمْ يُحَافِظُوْنَ ۝ اُولٰٓئِكَ هُمُ الْوٰرِثُوْنَ ۝ الَّذِيْنَ يَرِثُوْنَ الْفِرْدَوْسَ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ۝

કંઈક બીજું ઈચ્છે તેઓ જ હદ ઓળંગનાર છે અને તેઓ જે પોતાની અમાનતો તેમજ પોતાના વાયદાનો ખ્યાલ રાખે છે અને તેઓ જે પોતાની નમાઝોની સંભાળ રાખે છે, એ લોકો જ વારસદાર છે કે ફિરદોસનો વારસો મેળવશે, તેઓ એમાં હમેશાં રહેશે.

**ફાયદો** :– ઉપરોકત આયતમાં ઈમાનવાળાઓને સાત પ્રકારના કામોનો આદેશ આપવામાં આવ્યો છે અને તેની ઉપર અમલ કરવા પર પ્રથમ કામયાબી અને સફળતાની બશારત સંભળાવવામાં આવી છે. એટલે કે અમલનો માર્ગ બતાવતાં પહેલાં સૂરતનો આરંભ કામયાબીના શબ્દથી કરવામાં આવ્યો કે જેઓ ઉપરોકત અમલો પર અમલ કરશે તેમને જન્નત આપવામાં આવશે અને થોડા દિવસ માટે નહીં, બલ્કે હમેશાં હંમેશ તેમાં રાખવામાં આવશે, મૌત આવશે નહીં અને હમેશાં જીવંત રહેશે, તો હમેશાં જન્નતમાં રહેશે. (૧) ધ્યાનપૂર્વક ઈખ્લાસથી નમાઝ અદા કરવી. (૨) ગુનાહિત અને બેકાર વાતો અને કામોથી દૂર રહેવામાં આવે. (૩) માલદાર અને શકિતશાળી હોય તો ઝકાત અદા કરે. (૪) શરમની જગાઓનું રક્ષણ કરે. (સતર વિષે વિગત **તોહફાએ નજાત ભાગ–૪** માં બયાન થઈ છે. નમાઝ બહાર ઔરત માટે ચહેરો પણ ઢાંકવાનું અંગ છે, તેના માટે ભલાઈ ઢાંકવામાં જ છે. મરદે જરૂરતનું ઢાંકવું તો ફર્ઝ છે, તે સિવાય વિના જરૂરતે ગમે તેની સામે બદન ખુલ્લું રાખવું મકરૂહ અને નાપસંદ છે. (૫) અમાનતમાં ખયાનત કરવી (૬) વાયદો પૂરો કરવો. (૭) નમાઝની પાબંદી કરવી. બીજાં જરૂરી કામો અન્ય આયતો અને હદીષોથી સાબિત છે. જે મુસલમાન અલ્લાહની રઝા માટે અમલ કરશે તેને જરૂરથી કામયાબી મળશે.





## ★ હા મીમ ★

**(૧) દોઝખના સાત દરવાજાઓ** :– હા....મીમ....ની સાત સૂરતો છે અને દોઝખના દરવાજાઓ સાત છે, તેમાંની દરેક હા...મીમ આ દરવાજાઓમાંથી કોઈ એક પર ઉભી રહેશે અને કહેશે, અય અલ્લાહ ! આ દરવાજાથી દાખલ ના કર, જે મારી ઉપર ઈમાન રાખતો હતો અને મારી તિલાવત કરતો હતો. બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત ખલીલ બિન મુર્રાથી રિવાયત છે.

**(૨) જન્નતનો એક બાગ** :– ઈબ્ને મરદવિય્યાએ હઝરત સમોરા رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હા...મીમની સૂરતો જન્નતના બાગોમાંનો એક બાગ છે.

**(૩) કુર્આનની આબરૂ** :– અબુ શૈખે સવાબમાં હઝરતે અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે હા...મીમની સૂરતો કુર્આનની આબરૂ છે.

**ફાયદો** :– હા...મીમથી શરૂ થતી સૂરતોને હવામીમ કહેવામાં આવ્યું છે. કુર્આનમાં જે સાત સૂરતોને અલગ અલગ નામો આપવામાં આવ્યાં છે તે આ પ્રમાણે છે : (૧) સૂરએ મુઅમિન (૨) સૂરએ હા...મીમ સજદા (૩) સૂરએ શૂરા (૪) સૂરએ ઝુખરૂફ (૫) સૂરએ દુખાન (૬) સૂરએ જાસિયા (૭)સૂરએ અહકાફ.... આ સાત સૂરતોનો આરંભ હા...મીમથી થયો છે. આની તિલાવત કરવાથી સવાબ તો મળે જ છે, તિલાવતથી બરકતો અને ફઝીલતો તો પ્રાપ્ત થાય જ છે પરંતુ આખિરતમાં તેનો ફાયદો એ છે કે આમાંની દરેક સૂરત દોઝખના એક એક દરવાજા પર ઉભી થઈ જશે અને ઈમાનવાળા તિલાવત કરનારને કોઈ કારણસર દોઝખમાં લઈ જવામાં આવશે તો આ સૂરતો દરેક દરવાજે ઉભી રહીને તેને દોઝખમાં જવાથી રોકશે અને રબથી ફરિયાદ કરશે કે મૌલા ! આ ઈમાનવાળો છે ! મારી તિલાવત કરતો રહેતો હતો. તુ તેને માફ ફર્માવી દે અને જન્નત અતા ફર્માવ ! તો અલ્લાહ ત્આલા તેમની શફાઅત કબૂલ કરી તે દોઝખીને

માફ ફર્માવી દેશે અને જન્નત અતા ફર્માવશે. અને એટલે જ એને જન્નતનો એક બાગ પણ કહેવામાં આવ્યો કે તે જન્નતમાં લઈ જવાનું કારણ છે.

## ★ યાસીન ★

**(૧) કુર્આનનું દિલ :–** દારેમી અને તિર્મિઝીમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે બેશક ! દરેક ચીજનું એક દિલ છે અને કુર્આનનું દિલ યાસીન છે. જે યાસીનની તિલાવત કરશે, અલ્લાહ ત્આલા તેના માટે તેની તિલાવતના બદલે દસ વખત કુર્આન પઢ વાનો (સવાબ) લખે છે.

**(૨)** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે, જે યાસીન એક વખત પઢશે તો જાણે તેણે કુર્આન દસ વખત પઢયું.

**(૩)** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત હસ્સાન બિન અતિય્યાથી રિવાયત છે કે જે યાસીન પઢે જાણે તેને દસ વખત કુર્આન પઢયું.

**ફાયદો :–** ઉપરોકત ત્રણ હદીષોથી જાણવા મળ્યું કે યાસીન શરીફની તિલાવતનો ઘણો જ સવાબ છે. એક વખતની તિલાવત દસ વખત કુર્આનની તિલાવતનો સવાબ રાખે છે. એટલે મુસલમાને યાસીન શરીફ મોઢે યાદ કરી લેવી જોઈએ. ચાલતાં, ફરતાં અને મુસાફરીમાં જ્યારે પણ ટાઈમ મળે પઢી શકાય. કારણ કે મોઢે પઢવા માટે વુઝૂની જરૂરત નથી. વિના વુઝૂએ પણ મોઢે કુર્આનની તિલાવત કરી શકાય છે. હા ! જેની ઉપર ગુસ્લ ફર્ઝ હોય તેને મોઢે પણ કુર્આનની તિલાવત હરામ છે.

**(૪) પઢનારની મગફેરત :–** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે જે દરેક રાત્રે યાસીન પઢશે તેની મગફેરત થઈ જશે. બીજી રિવાયતમાં ''અલ્લાહની રઝા માટે''નો વધારો છે.



''કુર્આન'' એક ઝિંદા મો'જેઝો

**(૫)** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ تعالیٰ عنہથી રિવાયત છે કે જે રાતમાં યાસીન પઢશે સવારમાં તે મગફેરતવાળો ઉઠશે.

**(૬) મુરદાઓ પાસે પઢો :–** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત મઅકલ બિન યસાર رضی اللہ عنہથી રિવાયત છે કે જે અલ્લાહની રઝા માટે યાસીન પઢશે, અલ્લાહ ત્આલા તેના આગલા ગુનાહ માફ ફર્માવી આપશે. તો એની તિલાવત કરો તમારા મુરદાં સમક્ષ.

**ફાયદો :–** અલ્લાહ ત્આલા ગફૂરો રહીમ છે. તે બંદાઓને અઝાબ કરવા નથી ઈચ્છતો એટલે તેના તરફથી માફીના અસંખ્ય સબબો રાખવામાં આવ્યા છે કે ગમે તેમ કરીને ગુનાહ માફ કરી દેવામાં આવે અને બંદાને જન્નત લાયક બનાવી દેવામાં આવે. ગુનાહ માફ થવાના કારણો પૈકી સૂરએ યાસીન પણ છે. તેની તિલાવતથી અલ્લાહ ત્આલા આગલા સગીરા ગુનાહો માફ ફર્માવી આપે છે. બીજો ફાયદો એ છે કે આપણને મુરદાઓ સમક્ષ પઢવાની તાલીમ આપવામાં આવી. જેનાથી એ સાબિત થાય છે કે મુરદા સમક્ષ જીવંત લોકોના પઢવાથી મુરદાઓને ફાયદો થાય છે. જો મુરદાઓને બીજાના પઢ વાથી કોઈ ફાયદો પ્રાપ્ત ન થતો તો આપણને આ આદેશ આપવામાં ન આવતો. સકરાત વખતે પણ પઢવામાં આવે તો સકરાતની તકલીફમાં ફરક આવે છે અને રૂહ સહુલતથી બહાર થઈ શકે છે. એટલે સકરાત વખતે રડવા ધોવાથી ઉત્તમ અને મરનાર માટે ફાયદાકારક એ જ છે કે યાસીન શરીફની તિલાવત કરવામાં આવે.

**(૭) તકલીફો અને મુસીબતોનો ઈલાજ :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અબૂ બકર رضی اللہ عنہથી રિવાયત છે કે તૌરેતમાં તેને મોઈમ્મા કહેવામાં આવતી. તેના પઢનાર માટે દુનિયા અને આખિરતની ભલાઈમાં આમ છે. દુનિયા અને આખિરતની બલાઓ દૂર કરે છે, આખિરતની ગભરામણોથી તેને નજાત આપશે. તેને દાફિઆ અને કાઝિયા પણ કહેવામાં આવે છે. જે તેના પઢનારની દરેક બુરાઈ દૂર કરે છે અને તેની દરેક જરૂરત પૂરી કરે છે. જે તેની તિલાવત કરશે તેના માટે **વીસ હજ બરાબર** છે. જે તેને સાંભળે

તેના માટે **એક હજાર દીનાર અલ્લાહના માર્ગમાં (આપવા) બરાબર** છે. જે તેને લખે અને પછી પીયે તેના પેટમાં એક હજાર દવાઓ, એક હજાર નૂર, એક હજાર યકીન, એક હજાર બરકત અને એક હજાર રહમતો દાખલ થશે અને તેનાથી દરેક પ્રકારનો કીનો અને બીમારી દૂર થઈ જશે.

**(૮) પ્યારી સૂરત :–** દૈલમીમાં હઝરત સુહૈબ رضی اللہ عنہ થી રિવાયત છે કે તૌરેતમાં એક સૂરતને અઝીઝા (પ્યારી) નામ આપવામાં આવ્યું હતું અને તેના પઢનારને અઝીઝ (પ્યારો) કહેવામાં આવ્યું અને તે યાસીન છે.

**ફાયદો :–** સૂરએ યાસીન ખુદા ત્આલાની પ્યારી સૂરત છે એટલે તેની તિલાવત પર સવાબ પણ વધારે આપવામાં આવે છે. જે આ સૂરતથી પ્યાર કરી તેની તિલાવત કરતો રહે તે પણ અલ્લાહ ત્આલાનો પ્યારો બની જાય છે. આ સૂરતનો વિર્દ રાખવામાં ધારે તે ફાયદો પ્રાપ્ત કરી શકે છે. આમેલીનની રૂહ છે આ સૂરત. જિન અને આસેબ આ સૂરતની માર વેઠી શકતા નથી અને તેમને નાસવા પર મજબૂર થવું પડે છે. પઢનારના પ્યારા થવાનો મતલબ એ છે કે તેને ધારવા મુજબ ફાયદો આપવામાં આવે છે.

**(૯) બીમારીનો ઈલાજ :–** ઈમામ શાફેઈએ હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે જેણે યાસીન લખી અને પીધી તેના પેટમાં એક હજાર નૂર, એક હજાર બરકતો અને એક હજાર દવાઓ પ્રવેશી અને તેનાથી એક હજાર બીમારીઓ નીકળી.

**ફાયદો :–** બીમારીમાં આ સૂરતથી રૂહાની ફાયદો પ્રાપ્ત કરવામાં આવે. કોઈ બાઅમલ પરહેઝગાર વ્યકિત પાસે સૂરત જાફરાનથી લખાવે અથવા સંખ્યાનું તાવીઝ લખાવી પાણીમાં ધોઈ પીવામાં આવે તો ઈન્શા અલ્લાહ ફાયદો થશે. ઘણી બધી બીમારીઓ એવી છે કે જેમાં દવાઓથી ફાયદો નથી થતો પણ રૂહાની ઈલાજથી ફાયદો થાય છે. એટલે એનો પણ સહારો લેવામાં આવે. **રૂહાની ઈલાજ માટે બાઅમલ લોકોનો સંપર્ક સાધો અને ડાકૂઓથી દૂર રહો.**





**(૧૦) ફરિશ્તાઓની મુબારકબાદ :–** દૈલમીમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે બેશક ! અલ્લાહ ત્આલાએ સૂરએ તાહા અને યાસીન પઢી. (પોતાની શાન લાયક) હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ની પેદાઈશથી બે હજાર વર્ષો પહેલાં. જ્યારે ફરિશ્તાઓએ કુર્આન સાંભળ્યું તો કહ્યું, તે ઉમ્મતને મુબારકબાદ જેમની ઉપર આ ઉતારવામાં આવશે ! તે સીનઓને મુબારકબાદ જે આને ઉઠાવશે (યાદ રાખશે !) તે જીભોને મુબારકબાદ જે આને પઢશે.

**(૧૧) જેવી નિય્યત તેવો ફાયદો :–** દૈલમીમાં હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે યાસીન પઢો કારણ કે તેમાં દસ બરકતો છે. (૧) ભૂખો પઢશે તો તેનું પેટ ભરાય જશે. (એટલે તેના માટે ખાવાનો બંદોબસ્ત થઈ જશે) (૨) નગ્ન પઢશે તો કપડાવાળો થઈ જશે. (તેની જરૂરત પૂરી થશે) (૩) કુંવારો પઢશે તો શાદી થઈ જશે. (૪) ડરપોક પઢશે તો શાંતિ પ્રાપ્ત કરશે. (૫) ચિંતિત પઢશે તો ખૂશ થઈ જશે. (૬) મુસાફર પઢશે તો તેની સફરમાં તેની મદદ થશે. (૭) જેની કોઈ ચીઝ ખોવાઈ ગઈ હોય તે પઢશે તો તેની ચીઝ મળી જશે. (૮) મૈય્યત પર પઢવામાં આવશે તો તેનો અઝાબ હળવો થશે. (૯) તરસ્યો પઢશે તો તૃપ્ત થશે. (૧૦) બીમાર પઢશે તો સારો થઈ જશે.

**(૧૨) માંગ પૂરી થશે :–** ઈબ્ને અબી દુનિયાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે જે સૂરએ સાફ્ફાત અને યાસીન જુમ્આના દિવસે પઢશે, પછી અલ્લાહ તઆલાથી માંગ કરશે (દુઆ કરશે) તો અલ્લાહ ત્આલા તેની માંગ પૂરી કરશે.

**(૧૩) જરૂરત પૂરી થશે :–** અબૂ શૈખે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે જે રાતમાં યાસીન પઢશે તો તે દસ વખત કુર્આન બરાબર છે અને જે દિવસના આરંભ અથવા અંતમાં પઢશે તેની સમક્ષ કોઈ જરૂરત હશે તો પૂરી થશે.

## ★ સૂરએ ઝુમર ★

**જન્નત વાજિબ થઈ ગઈ :–** તિબ્રાનીએ કબીરમાં હઝરત જરીર رضی اللہ عنہ થી રિવાયત કરી, સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બેશક ! હું તમારી સમક્ષ સૂરએ ઝુમરની અંતિમ આયતો પઢું છું. તમારામાંથી જે રડશે તેના માટે જન્નત વાજિબ છે, જે ન રડે તે રડવાની હાલત બનાવે. પછી આપે તિલાવત કરી.

وَمَا قَدَرُوا اللّٰهَ حَقَّ قَدْرِهٖ ۖ وَالْاَرْضُ جَمِيْعًا قَبْضَتُهٗ يَوْمَ الْقِيٰمَةِ وَالسَّمٰوٰتُ مَطْوِيّٰتٌۢ بِيَمِيْنِهٖ ۚ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ ○

એટલે કે આયત નં. ૬૭ થી ૭૫ સુધી.

હું ૭૫ સુધીનો તર્જુમો તમારી ખિદમતમાં રજુ કરૂં છું :–

"અને તેમણે અલ્લાહની તેના લાયક કદર ન કરી અને કયામતના દિવસે જમીનને વાળી લેશે અને તેની શકિતથી સઘળા આકાશો લપેટી લેવામાં આવશે. અલ્લાહ તેમના શિર્કથી પાક અને ઉચ્ચ છે. (૬૭) અને સૂર ફૂંકવામાં આવશે તો જમીન અને આકાશમાંના સઘળા બેહોશ થઈ જશે, પરંતુ જેને અલ્લાહ ઈચ્છે. પછી તેમાં બીજી વખત ફૂંકવામાં આવશે. પછી તેઓ દેખતા થઈને ઉભા થઈ જશે. (૬૮) અને પૃથ્વી પોતાના રબના નૂરથી ઝળહળી ઉઠશે. કિતાબ રાખવામાં આવશે. નબીઓ અને ગવાહો લાવવામાં આવશે અને તેમના પર જુલ્મ નહીં થાય. (૬૯) દરેક જીવને તેની કરણી પૂરેપૂરી આપવામાં આવશે અને તેઓ પોતાના કાર્યો સારી રીતે જાણે છે. (૭૦) કાફિરો દોઝખ તરફ ટોળ ટોળાં હાંકવામાં આવશે. એટલે સુધી કે જયારે તેઓ ત્યાં પહોંચશે તેના દરવાજાઓ ખોલવામાં આવશે. તેના પહેરેદારો તેમને કહેશે, શું તમારી પાસે તમારામાંથી રસૂલો નથી આવ્યા, જેઓ તમારી સમક્ષ રબની આયતો તિલાવત કરતા હતા અને તમારા આ દિવસની મુલાકાતથી તમને ડરાવતા હતા ? તેઓ કહેશે, કેમ નહીં ? પરંતુ





અઝાબનું વચન કાફિરો માટે પુરું થયું. (૭૧) કહેવામાં આવશે, જહન્નમના દરવાજાઓમાં પ્રવેશો તેમાં હમેશાં રહેવા માટે. તો અભિમાનીઓનું ઠેકાણું કેટલું ખરાબ. (૭૨) અને જેઓ પોતાના રબથી ડરતા હતા તેમને જન્નત તરફ ટોળેટોળાં લઈ જવામાં આવશે. એટલે સુધી કે જયારે ત્યાં પહોંચશે અને તેના દરવાજાઓ ખોલવામાં આવશે તો તેના પહેરેદારો તેમને કહેશે, તમને સલામ ! તમે સારા રહયા તો હમેશાં રહેવા પ્રવેશી જાવ ! (૭૩) તેઓ કહેશે, તારીફ અલ્લાહ માટે તેને અમારી સાથે પોતાનો વાયદો સાચો કરી બતાવ્યો અને અમને આ જમીનના વારસદાર બનાવ્યા કે અમે જયાં ઈચ્છીએ જન્નતમાં રહીએ તો કામ કરનારાઓનો સવાબ કેટલો સારો છે ! (૭૪) તમે ફરિશ્તાઓને જોશો અર્શની આજુ બાજુ વર્તુળ બનાવીને પોતાના રબના વખાણ સાથે તેની પાકી બોલતા અને લોકો વચ્ચે સત્ય ફૈસલો કરી દેવામાં આવશે અને કહેવામાં આવશે બધી ખૂબીઓ અલ્લાહને જે સમગ્ર જગતનો રબ છે.

**ફાયદો :–** ઉપરોકત નવ આયતોમાં કયામત અને ત્યાર બાદ મેદાને મહેશરમાં હિસાબ–કિતાબ અને અમલ પ્રમાણે બદલો મળવાનો ઉલ્લેખ છે. એટલે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ આયતોથી તિલાવત કરી અને ઈર્શાદ ફર્માવ્યો, સાંભળીને જે રડશે તેને જન્નત આપવામાં આવશે અને જે રડી ન શકે તેણે રડવાની શકલ બનાવવી જોઈએ. અલ્લાહથી ડરનારને જન્નતની બશારત આપવામાં આવી છે. ડરની આયતો સાંભળી રડવું અને રડવાની સ્થિતિ પેદા થવી મુત્તકી અને પરહેઝગાર હોવાની દલીલ છે. જે માણસ ડરની આયતો સાંભળી પોતાના દિલ અને આંખ પર શકિત ન મેળવી શકે તે અલ્લાહના આદેશ વિરૂધ્ધ અમલ કેવી રીતે કરી શકે છે. ગુનાહિત કામોમાં ભાગ કેવી રીતે લઈ શકે છે ? એટલે આપે ડરનારને અને ડરની આયતો સાંભળી રડનારને જન્નતની બશારત અતા કરી. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ મહાન શકિતશાળી હોવા છતાં જયારે કુર્આનની તિલાવત ફર્માવતા અને ડરની આયત સાંભળતા

અથવા પઢતા તો એટલા રડતા કે બેહોશ થઈ જતા. આપના ગાલો પર અશ્રુવર્ષાથી બે લીટીઓ પડી ગઈ હતી. કુર્આન શરીફમાં છે :–

وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ ○

અને જે પોતાના રબ સમક્ષ ઉભો રહેવાથી ડરે તેના માટે બે જન્નતો છે. (એટલે કે એક જન્નત રબથી ડરવા પર અને એક જન્નત આજ્ઞાનું પાલન કરી વાસનાઓ ત્યજી દેવા પર. આ બે જન્નતો આપવામાં આવશે.)

**(૨) અતિ પ્રિય આયત :–** હઝરત સવબાનથી કન્ઝુલ ઉમ્માલમાં રિવાયત છે. સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવ્યું હું પસંદ નથી કરતો કે મારા માટે દુનિયા તેની નેઅમતો સાથે હોય આ આયતના બદલામાં :–

يٰعِبَادِيَ الَّذِيْنَ اَسْرَفُوْا عَلٰٓى اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ يَغْفِرُ الذُّنُوْبَ جَمِيْعًا ؕ اِنَّهٗ هُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ ○

અય મારા તે બંદાઓ જેમણે પોતાના જીવો પર જુલ્મ કર્યો ! અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ, બેશક ! અલ્લાહ સઘળા ગુનાહ માફ ફર્માવી દેશે, બેશક ! તે જ માફ કરનાર મહેરબાન છે.

**ફાયદો :–** જ્યારે આ આયતથી અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને આશરો આપ્યો કે ચિંતા કરવાની જરૂરત નથી. હું ગફૂરો રહીમ છું, તમારા સઘળા ગુનાહો માફ ફર્માવી આપીશ. પરંતુ તમે મારાથી નાઉમ્મીદ ન થાવ ! એટલે આ આયતને દુનિયા અને તેની સઘળી નેઅમતોથી વધારે પ્રિય કહેવામાં આવી. દુનિયા અને તેની સઘળી નેઅમતો ફના થનાર છે જ્યારે ગુનાહ માફ કરીને જે નેઅમતો આપવામાં આવશે તે જન્નતી નેઅમતો છે અને તે અનાશવંત છે, તેના માટે ફના નથી. પછી ફના થનાર નેઅમતોને દાએમી અને





અનાશવંત નેઅમતો સમક્ષ ઉત્તમતા શી રીતે આપવામાં આવે ?

## ★ સૂરએ દુખાન ★

**(૧) ફરિશ્તાઓની મગફેરત :–** તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે જે રાતમાં હા–મીમ અદુખાન પઢશે તો તે સવાર કરશે એ હાલતમાં કે સિત્તેર હજાર ફરિશ્તાઓ તેના માટે મગફેરતની દુઆ કરે છે.

**(૨) પઢનારની મગફેરત :–** તિર્મિઝીમાં તેમનાથી જ રિવાયત છે જે જુમ્આની રાતમાં હા...મીમ અદુખાન પઢશે તેની મગફેરત કરી દેવામાં આવશે.

**(૩) આગલા ગુનાહ માફ :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત હસન رضی اللہ عنہ થી રિવાયત છે જે સૂરએ દુખાન રાતમાં પઢશે તેના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે.

**(૪) જન્નતમાં ઘર બને છે :–** તિબ્રાનીએ કબીરમાં હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે : જે હા...મીમ અદુખાન જુમ્આની રાત અને દિવસમાં પઢશે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં ઘર બનાવશે.

**(૫) હૂર સાથે નિકાહ :–** દૈલમીએ હઝરત અબૂ રાફેઅ رضی اللہ عنہ થી રિવાયત કરી છે. જે જુમ્આની રાત્રીએ સૂરએ દુખાન પઢશે તો સવાર કરશે અને તેની મગફેરત થઈ ગઈ હશે અને તેનો નિકાહ હુરે ઐન સાથે કરવામાં આવશે.

**(૬) સાથે યાસીન પણ :–** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : જે જુમ્આની રાત્રીએ સૂરએ દુખાન અને યાસીન પઢશે તો તે સવાર કરશે એ હાલતમાં કે તેની મગફેરત થઈ જશે.

## ★ સુરએ ફત્હ ★

**(૧) અતિ પ્રિય છે :–** બુખારીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે રાત્રે મારી ઉપર એક એવી સૂરત ઉતારવામાં આવી તે મને અતિ પ્રિય છે, તેનાથી જેની ઉપર સૂરજ ઉગે.

**(૨)** મુસ્લિમે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી કે અને મારી ઉપર એક એવી આયત ઉતારવામાં આવી જે મને સમગ્ર દુનિયાથી અતિ પ્રિય છે.

إِنَّا فَتَحْنَا لَكَ فَتْحًا مُّبِينًا ○ لِّيَغْفِرَ لَكَ اللَّهُ مَا تَقَدَّمَ مِن ذَنبِكَ وَمَا تَأَخَّرَ وَيُتِمَّ نِعْمَتَهُ عَلَيْكَ وَيَهْدِيَكَ صِرَاطًا مُّسْتَقِيمًا ○ وَيَنصُرَكَ اللَّهُ نَصْرًا عَزِيزًا ○

બેશક ! અમે તમારા માટે ઉઘાડો વિજય આપ્યો જેથી અલ્લાહ તમારા કારણે તમારા આગલાઓના અને તમારા પાછલાઓના ગુનાહો માફ કરી આપે અને પોતાની નેઅમતો તમારા માટે સંપૂર્ણ કરે અને તમને સીધો માર્ગ દેખાડી દે અને અલ્લાહ તમારી જબરદસ્ત મદદ કરે.

**ફાયદો :–** સુલહે હુદૈબિયામાં મક્કાના કાફિરો સાથે જે સુલેહની વાતાઘાતો થઈ હતી તે જાહેર શબ્દોમાં મુસલમાનોનો પરાજય હતો કારણ કે દરેક તેમની શર્ત કબૂલી લેવામાં આવી હતી. તેમાં સહાબાએ કિરામ પણ થોડી વાર માટે નારાજ હતા. પરંતુ આ સુલેહ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો મો'જેઝો હતો. આપે ભવિષ્યવાણીથી ફૈંસલો ફર્માવ્યો હતો. તો તે સુલેહ બાબત અલ્લાહ ત્આલાએ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફત્હે મોબીનની ખુશ ખબર આપી અને સાથે એ પણ ખુલાસો કરવામાં આવ્યો કે નબીના ફૈંસલામાં શંકા કરવામાં ન આવે, કારણ કે તેમને ગુનાહથી પાક અને સાફ રાખવામાં આવ્યા છે. તેમને જીવનની દરેક પળે અલ્લાહની મદદ પહોંચતી હોય છે. સુલેહની શર્તોથી એવું લાગે છે કે મુસલમાનો તમારો પરાજય થયો અને





કાફિરોની દરેક જીદ તમે કબૂલી લીધી ! તમને પરાજય લાગતો હશે ! કારણ કે તમારી પાસે હજી ગેયબનું ઈલ્મ નથી, પણ જે નબી તમારા દરમિયાન છે તેમને ગેયબનું ઈલ્મ અમારા તરફથી આપવામાં આવ્યું છે એટલે તેમનો ફૈંસલો એ અમારો ફંસલો છે. આ પરાજય નથી આ તો સ્પષ્ટ વિજય છે.

જ્યારે નબીનો ફૈંસલો ખોટો ન હતો તો અહીં નબીના આગલા પાછલા ગુનાહ માફ થવાનો કોઈ પ્રશ્ન જ નથી, જો જાહેર સ્થિતિ લેવામાં આવે તો એ જાણવા મળે છે ફૈંસલો નબીનો હતો અને નારાઝ સહાબા થયા હતા. તો ગુનાહનું કામ માનવાવાળાઓનું હતું. શુભેચ્છકોનું હતું કે તેમને નબીના ફૈંસલામાં શંકા થઈ. તો ફત્હે મોબીનના વર્ણન પછી ગુનાહની માફીનો ઉલ્લેખ નબીના સદકામાં શુભેચ્છકોના ગુનાહ માફ કરવા તરફ ઈશારો છે. એટલે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ ઉમ્મતના આગલા પાછલા ગુનાહ મુરાદ લીધા અને તર્જુમો તે પ્રમાણે કર્યો.

નબીથી ભૂલ થઈ હોતે અને ફૈંસલો ખોટો કરવામાં આવ્યો હોતે તો ગુનાહની માફીથી નબીને મુરાદ લઈ શકતા હતા. પરંતુ હુઝૂરના ફૈંસલાને તો ફત્હે મોબીન કહેવામાં આવ્યું, પછી હુઝૂરના આગલા પાછલા ગુનાહ મુરાદ લેવા ઈતિહાસિક ખબર વિરૂધ્ધ પણ છે—નબીની શબ્દવાણી પર તો અલ્લાહ ફર્માવે છે :–

مَا يَنطِقُ عَنِ الْهَوَىٰ إِنْ هُوَ إِلَّا وَحْيٌ يُوحَىٰ

આપના ફૈંસલા બાબત ફર્માવે છે :–

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُونَ حَتَّىٰ يُحَكِّمُوكَ فِيمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوا فِي أَنفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوا تَسْلِيمًا -

તો એય મહબૂબ ! તમારા રબના સોગંદ તેઓ મુસલમાન નહીં થાય જ્યાં સુધી તેમના અંદર અંદરના ઝઘડાઓમાં તમને હાકિમ નહીં બનાવે, પછી જે કંઈ તમે હુકમ ફર્માવી દો તેના માટે પોતાના દિલોમાં રુકાવટ ન પામે

અને ખરા જીવથી માની લે.

આપના અમલ અને અખ્લાક બાબતે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

لَقَدْ كَانَ لَكُمْ فِي رَسُولِ اللّٰهِ أُسْوَةٌ حَسَنَةٌ مَنْ يُطِعِ اللّٰهَ وَرَسُولَهُ فَقَدْ فَازَ فَوْزًا عَظِيمًا

બેશક ! તમારા માટે રસૂલુલ્લાહનું અનુસરણ બેહતર છે.

જ્યારે નબીની વાતો ખોટી નથી થઈ શકતી, ફેંસલો ખોટો નથી થઈ શકતો અને અમલ પણ ખોટો નથી થઈ શકતો. સઘળી વાતો પર કુર્આન ગવાહી આપી રહ્યું છે પછી નબીના ગુનાહ માફ થવાની વાત કેવી રીતે સમજમાં આવી શકે છે ? એટલે એનો માયનો એ થઈ શકે છે કે આપને ગુનાહથી પાક રાખવામાં આવ્યા છે અને માફ કરવાનો માયનો લેવો હોય તો શુભેચ્છકોના ગુનાહ મુરાદ લેવામાં આવે. કારણ કે નબી અને ફરિશ્તા સિવાય ઈન્સાન અને જિનમાં કોઈ માસૂમ નથી.

## ★ સૂરએ કમર ★

**★ ચમકદાર ચહેરો :–** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે ઈકતરબતૂવાળી સૂરતને તૌરેતમાં મુબૈયેઝા કહેવામાં આવે છે. તેની તિલાવત કરનારનો ચહેરો રોશન અને પ્રકાશિત કરશે જે દિવસે બીજા ચહેરાઓ કાળા થશે.

**ફાયદો :–** કુર્આન શરીફમાં છે :–

يَوْمَ تَبْيَضُّ وُجُوهٌ وَتَسْوَدُّ وُجُوهٌ فَأَمَّا الَّذِينَ اسْوَدَّتْ وُجُوهُهُمْ فَفِي النَّارِ ۔

તે દિવસે અમુક ચહેરા સફેદ હશે અને અમુક ચહેરા કાળા હશે, તો જેમના ચહેરા કાળા હશે તેઓ દોઝખમાં છે.





એટલે કે જન્નતીઓના ચહેરા સફેદ હશે અને દોખઝીઓના ચહેરા કાળા હશે અને ઉપરોકત સૂરતના કારીને બશારત આપવામાં આવી કે તેનો ચહેરો સફેદ અને ચમકદાર હશે એ એ વાતની દલીલ છે કે તે જન્નતી છે.

## ★ સૂરએ રહમાન ★

**(૧) કુર્આનનો શણગાર :–** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે કે દરેક ચીઝને એક શણગાર છે અને કુર્આનનો શણગાર સૂરએ રહમાન છે.

**(૨) જિનોનો પ્યારો જવાબ :–** તિર્મિઝીમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મેં તેની તિલાવત કરી એટલે સૂરએ રહમાનની જિનો સમક્ષ તેમની તબ્લીગની રાત્રે તો તેઓ તમારાથી ઉત્તમ જવાબ આપી રહ્યા હતા, જ્યારે જ્યારે હું અલ્લાહ તઆલાના આ ઈર્શાદ પર આવતો :–

فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ

તો તેઓ કહેતા, અય હમારા રબ ! તારી કોઈ પણ નેઅમતને અમે જૂઠાડતા નથી તો તારા માટે જ તારીફ છે.

## ★ સૂરએ વાકિઆ ★

**(૧) મોહતાજીથી બચાવ :–** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે જે દરેક રાતમાં સૂરએ વાકિઆ પઢશે તેને કયારે પણ મોહતાજી પહોંચશે નહીં.

**(૨) માલદારીનું કારણ :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે તમારી ઔરતોને સૂરએ વાકિયા

શીખવાડો, કારણ કે તે માલદારીની સૂરત છે.

**(૩) ફિરદૌસનો રહેવાશી :–** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત ફાતિમા رضی اللہ عنہاથી રિવાયત છે કે સૂરએ હદીદ, સૂરએ વાકિઆ અને સૂરએ રહમાનની તિલાવત કરનારને આસ્માનો અને જમીનમાં ફિરદૌસનો રહેવાસી કહેવામાં આવે છે.

**(૪) ચાંદ જેવો ચહેરો :–** ઈબ્ને અસાકિરે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે જે દરેક રાતમાં સૂરએ વાકિઆ પઢશે તેને કયારે પણ મોહતાજી પહોંચશે નહીં અને દરેક રાતે **લા ઉકસિમો બિયૌમિલ્ કિયામહ્** પા. ૩૦ની સૂરત પઢશે, કયામતના દિવસે અલ્લાહથી મુલાકાત કરશે અને તેનો ચહેરો પુનમના ચાંદ જેવો હશે.

## ★ સૂરએ હદીદ ★

**એક રહસ્ય :–** તિબ્રાનીએ કબીરમાં અબૂ શૈખે હઝરત ઈબ્ને ઉમર ઉમામા رضی اللہ عنہથી રિવાયત કરી કે સૂરએ હદીદ મંગળવારે ઉતરી. અલ્લાહ તઆલાએ લોખંડ મંગળવારે પેદા કર્યું અને માણસે પોતાના ભાઈને મંગળવારે કત્લ કર્યો.

## ★ સૂરએ હશ્ર ★

**(૧) જન્નત વાજિબ થઈ ગઈ :–** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે કે જે સૂરએ હશ્રની અંતિમ આયતો દિવસે અને રાતમાં પઢશે તો જો તે રાત અને દિવસે મરણ પામશે તો જન્નત વાજિબ થઈ ગઈ.

**(૨) શહીદનો રૂત્બો :–** અબૂશૈખે હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત કરી કે જે સૂરએ હશ્રની અંતિમ આયતો **લવ અન્ઝલના**થી અંત સુધી અને તે રાત્રીએ મરણ પામ્યો તો તે શહીદ





મરણ પામ્યો. તે આયતો અને તેનો તર્જુમો :–

لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ
لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا
مِّنْ خَشْيَةِ اللّٰهِ ۚ وَتِلْكَ
الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ
لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ○ هُوَ
اللّٰهُ الَّذِيْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ
عٰلِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ ۚ هُوَ
الرَّحْمٰنُ الرَّحِيْمُ ○ هُوَ اللّٰهُ
الَّذِيْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْمَلِكُ
الْقُدُّوْسُ السَّلٰمُ الْمُؤْمِنُ
الْمُهَيْمِنُ الْعَزِيْزُ الْجَبَّارُ الْمُتَكَبِّرُ ۚ
سُبْحٰنَ اللّٰهِ عَمَّا يُشْرِكُوْنَ ○ هُوَ
اللّٰهُ الْخَالِقُ الْبَارِئُ الْمُصَوِّرُ
لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ۚ يُسَبِّحُ
لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ
وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ○

જો અમે આ કુર્આન કોઈ પર્વત પર ઉતારત તો તુ જરૂર નમી પડેલો જોતે અલ્લાહના ખૌફથી ટુકડા ટુકડા થએલો અને આ મિસાલો અમે લોકો માટે વર્ણવીએ છીએ હોય થઈ તેઓ ધ્યાન આપે, તે જ અલ્લાહ તેના સિવાય કોઈ મઅબૂદ નથી. દરેક છુપા જાહેરને જાણનાર તે જ છે મહા મહેરબાન રહેમવાળો. તે જ અલ્લાહ છે તેના સિવાય કોઈ મઅબૂદ નથી. બાદશાહ અતિશય પવિત્ર, સલામતી આપનાર, અમાન આપનાર, રક્ષા કરનાર, ઈજ્જતવાળો, મહાનતાવાળો, મોટાઈવાળો અલ્લાહને એમના શિર્કથી પવિત્રતા છે. તે જ છે અલ્લાહ સર્જનહાર પેદા કરનાર દરેકને મુખાકૃતિ આપનાર તેનાં જ બધાં સારાં નામો જે કંઈ આસ્માન અને જમીનમાં છે તે તેની પવિત્રતા બોલે છે અને તે જ ઈજ્જત અને હિકમતવાળો છે.

## ★ સૂરએ તલાક ★

**બધાં માટે સંપૂર્ણ :–** ઈબ્ને માજહ્માં હઝરત અબૂ ઝર رضی اللہ عنہથી રિવાયત છે, સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું,

અય અબૂ ઝર ! હું જાણું છું એક એવી આયત જો સઘળા લોકો તેને લઈ લે તો બધાંને સંપૂર્ણ રહે :–

અને જે અલ્લાહથી ડરે અલ્લાહ તેના માટે નજાતનો માર્ગ કાઢશે અને તેને રોજી આપશે જ્યાંથી તેને અનુમાન નહીં હોય.

## ★ સૂરએ મલક (તબારક) ★

**(૧) શફાઅત કરનાર સૂરત :–** હાકિમે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે બેશક ! કુર્આનની એક સૂરત ત્રીસ આયતોની છે તે માણસની શફાઅત કરશે. ત્યાં સુધી કે તેને બખ્શી દેવામાં આવશે અને તે **"તબારકલ્લઝી બિયદિહિલ્ મુલ્ક"** છે.

**(૨) દોઝખથી કાઢનાર સૂરત :–** હાકિમે તેમનાથી જ રિવાયત કરી છે કે બેશક ! અલ્લાહની કિતાબની એક સૂરત જેની માત્ર ત્રીસ આયતો છે જે માણસની શફાઅત કરશે તો તેને દોઝખમાંથી કાઢશે અને જન્નતમાં દાખલ કરશે.

**(૩) અઝાબે કબ્રથી બચાવનાર :–** તિર્મિઝીમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે તે રોકનાર અને નજાત આપનાર છે કબ્રના અઝાબથી, એટલે "તબારક".

**(૪) દરેકને યાદ હોવી જોઈએ :–** હાકિમે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હું પસંદ કરું છું કે **"તબારકલ્લઝી બિયદિહીલ્ મુલ્ક"** દરેક ઈમાનવાળાના દિલમાં હોવી જોઈએ.

**(૫)** હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી ઈબ્ને મરદવિય્યાએ રિવાયત કરી છે કે સૂરએ તબારક કબ્રના અઝાબથી રોકનાર છે.

**(૬) ઈસ્તિગફાર કરે છે :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે : કુર્આનમાં એક સૂરત છે ત્રીસ આયતોની જે તેના તિલાવત કરનાર માટે ઈસ્તિગફાર કરે છે, એટલે





સુધી કે તેની મગફેરત થઈ જાય અને તે **તબારકલ્લઝી બિયદિહીલ મુલ્ક** છે.

**(૭) દરેક બુરાઈથી રક્ષણ :–** દૈલમીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હું અલ્લાહની કિતાબમાં ત્રીસ આયતોની એક સૂરત પામું છું. જે સૂતી વખતે તેને પઢશે તેના માટે તેના બદલે ત્રીસ નેકીઓ લખવામાં આવશે, ત્રીસ બુરાઈઓ (ગુનાહ) માફ કરી દેવામાં આવશે અને તેના માટે ત્રીસ દરજજા બુલંદ કરવામાં આવશે. અલ્લાહ તઆલા તેની પાસે ફરિશ્તાઓમાંનો એક ફરિશ્તો મોકલે છે કે પોતાની પાંખ તેની ઉપર ફેલાવે અને દરેક બુરાઈથી તેનું રક્ષણ કરે તેના જાગતા સુધી. તે લડનાર છે પોતાની તિલાવત કરનાર માટે કબ્રમાં લડશે અને તે **તબારકલ્લઝી બિયદિહીલ મુલ્ક** છે.

## ★ સૂરએ દૂહા ★

**ઉમ્મત માટે ખુશખબર :–** દૈલમીમાં હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ કોઈ આયત એવી નથી ઉતારી જે તેના આ ફર્માનથી અધિક આશા અપાવતી હોય :–

وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا وَّيَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ

અને નિકટમાં તમને તમારો રબ એટલું આપશે કે તમે ખુશ થઈ જશો. તેને મેં કયામતના દિવસ સુધી મારી ઉમ્મત માટે સાચવીને રાખી છે.

**ફાયદો :–** અલ્લાહ તઆલાએ પોતાની અતા અને બખ્શિશની બુનિયાદ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمની ખુશી પર રાખેલ છે કે જેટલાથી આપ ખુશ થશે તેટલું આપને આપવામાં આવશે. તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمને પોતાની ઉમ્મતનો ખયાલ કરી પોતાના માટે અને પોતાના સગા સંબંધીઓ માટે કંઈ ન માંગ્યું, બલ્કે ફર્માવ્યું, મેં તે

માંગને મારી ઉમ્મત માટે સાચવીને રાખી છે, કયામતના દિવસે મારી ઉમ્મતની શફાઅત કરીશ અને મારા એક ઉમ્મતીને પણ દોઝખમાં નહીં રહેવા દઈશ.

اِذًا لَّا اَرْضٰى وَ وَاحِدٌ مِّنْ اُمَّتِىْ فِى النَّارِ

જો મારો એક ઉમ્મતી પણ દોઝખમાં હશે તો હુંશ ખુશ નહીં થાઉં.

## ★ સૂરએ કદ્ર ★

**કુર્આનના ચોથા ભાગ બરાબર :–** દૈલમીમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે જે **''ઈન્ના અન્ઝલનાહુ ફી લૈલતિલ્ કદ્ર''** પઢશે તે કુર્આનના ચોથા ભાગ બરાબર છે. (સવાબમાં.....)

**ફાયદો** : આ સૂરતથી એ જાણવા મળે છે કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمના સંબંધથી અને આપની ઉમ્મત હોવાને લઈને ખુદા તઆલાની બારગાહમાં આપણી કેટલી ઈજ્જત છે કે આગલી ઉમ્મતોને તેમના અમલ પ્રમાણે બદલો આપવામાં આવતો હતો, જ્યારે આપણને અલ્લાહ તઆલા તરફથી વર્ષમાં એક એવી રાત આપવામાં આવી કે જો આપણે તેને પામી લઈએ તો માત્ર એક રાતની થોડી ઈબાદતથી એટલો બદલો આપવામાં આવે કે હજાર મહીનાથી વધીને ઈબાદત અને જેહાદ આપણા અમલનામામાં લખવામાં આવે. એટલે જ કે જ્યારે અલ્લાહ તઆલાએ આપણને સઘળી ઉમ્મતોમાં અફઝલ અને ઉત્તમ બનાવ્યા તો આપણને અમલનો બદલો પણ એ પ્રમાણે આપવામાં આવે છે કે જરૂરતથી વધીને કામ ન કરનાર પણ પોતાના અમલોના બદલાના આધારે આગલી ઉમ્મતોથી ઉત્તમ જોવા મળશે. (આ અલ્લાહનો ફઝલ છે જેને ઈચ્છે અતા કરે)

## ★ સૂરએ બય્યેના ★

**જન્નત આપવામાં આવશે :–** અબૂ નોઐમે હઝરત





અબ્દુલ્લાહ બિન અસ્લમ رضی اللہ عنہથી રિવાયત કરી કે બેશક ! અલ્લાહ તઆલા **''લમ યકુનિલ્લઝીન કફરૂ''** (સૂરએ બય્યેના)ની તિલાવત સાંભળે છે, પછી ફર્માવે છે મારા બંદાને ખુશ ખબર આપો મારી ઈજ્જતની કસમ ! હું તને જરૂરથી જન્નતમાં જગા આપીશ, ત્યાં સુધી કે તુ ખુશ થઈ જાય.

## ★ સૂરએ ઝિલ્ઝાલ ★

**(૧) અડધા કુર્આન બરાબર :–** હાકિમે મુસ્તદરકમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે **''ઈઝા ઝુલ્ઝિલત્''** અડધા કુર્આન બરાબર છે અને **કુલ્હુવલ્લાહુ અહદ** કુર્આનના ત્રીજા ભાગ બરાબર છે.

(૨) તિર્મિઝીમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે જે સૂરએ ''ઈઝા ઝુલ્ઝિલત્'' પઢશે તો તેના માટે અડધા કુર્આન બરાબર છે અને જે **કુલ યા અય્યુહલ કાફિરૂન** પઢશે તેના માટે કુર્આનના ચોથા ભાગ બરાબર છે અને જે **કુલ્હુવલ્લાહુ અહદ** પઢશે તેના માટે કુર્આનના ત્રીજા ભાગ બરાબર છે.

## ★ સૂરએ તકાસુર ★

**(૧) હજાર આયતો બરાબર :–** હાકિમે મુસ્તદરકમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે શું તમારામાંથી કોઈ એ શકિત ધરાવે છે કે દરરોજ એક હજાર આયતો પઢે. સહાબાએ વિનંતી કરી અને એની શકિત કોણ રાખે ? આપે ફર્માવ્યું, શું તમારામાંથી કોઈ **''અલ્હાકુમુત્તકાસુર''** પઢવાની શકિત ધરાવે છે ? (એટલે કે આ સૂરતની તિલાવત એક હજાર આયતો બરાબર છે.)

**(૨) હસતા મુખે રબથી મુલાકાત :–** દૈલમીમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે જે રાતમાં એક હજાર

આયતો પઢશે તો અલ્લાહથી હસતા મુખે મુલાકાત કરશે. વિનંતી કરવામાં આવી, અય અલ્લાહના રસૂલ ! એક હજાર આયતોની તિલાવત પર શકિત કોણ ધરાવે ? તો આપે તિલાવત કરી **બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ, અલ્હાકુમુત્તકાસુર** પૂરી સૂરત. પછી ફર્માવ્યું, કસમ છે તેની જેણે મને હક સાથે મોકલ્યો, બેશક ! તે હજાર આયતો બરાબર છે. (એટલે એની તિલાવતથી હજાર આયતોની તિલાવતનો સવાબ મળે છે.)

**(૩) રડનાર માટે જન્નત :–** બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત જરીર رضی اللہ عنہથી રિવાયત કરી, બેશક ! હું તમારી સમક્ષ પઢું છું **અલ્હાકુમ** તો જે રડશે તેના માટે જન્નત છે. હું તમારી સમક્ષ બીજી વખત પઢું છું જે રડશે તેના માટે જન્નત છે અને જે રડવા પર શકિતમાન ન હોય તે રડવાની શકલ બનાવે.

**(૪) શુક્ર ગુઝાર :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અસ્મા બિન્તે ઓમૈસ رضی اللہ عنہاથી રિવાયત છે : સૂરએ **અલ્હાકુમુત્તકાસુર**ની તિલાવત કરનાર સમગ્ર જગતમાં શુક્રગુઝાર કહીને બોલાવામાં આવે છે.

## ★ સૂરએ કાફિરૂન ★

**(૧) કુર્આનનો ચોથો ભાગ :–** બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે **કુલ યા અય્યુહલ કાફિરૂન** કુર્આનના ચોથા ભાગ બરાબર છે. **ઈઝા ઝુલ્ઝિલત્** કુર્આનના ચોથા ભાગ બરાબર છે. **ઈઝા જા અનસ્રુલ્લાહિ વલ ફત્હ** કુર્આનના ચોથા ભાગ બરાબર છે.

**(૨) હિસાબ નહીં થાય :–** અબૂ નૌઐમે હઝરતે ઝેદ બિન અરકમ رضی اللہ عنہથી રિવાયત છે કે જે અલ્લાહ તઆલાથી મુલાકાત કરશે અને તેની સાથે બે સૂરતો હશે તેની ઉપર હિસાબ નથી. **કુલ**





**યા અય્યુહલ કાફિરૂન** અને **કુલ્હુવલ્લાહુ અહદ.**

## ★ સૂરએ ઈખ્લાસ ★

**(૧) પૂરા કુર્આનનો સવાબ :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત રેજાઅ ગન્વીથી રિવાયત છે : જે **કુલ્હુવલ્લાહુ અહદ** ત્રણ વખત પઢશે જાણે તેને સઘળુ કુર્આન શરીફ પઢયું.

**(૨) કુર્આનનો ત્રીજો ભાગ :–** તિબ્રાનીએ કબીરમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે **કુલ્હુવલ્લાહુ અહદ** કુર્આનના ત્રીજા ભાગ બરાબર છે અને **કુલ યા અય્યુહલ કાફિરૂન** કુર્આનના ચોથા ભાગ બરાબર છે.

**(૩) જન્નતમાં ઘર :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત મુઆઝ બિન અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે જે **કુલ્હુવલ્લાહુ અહદ** દસ વખત પઢશે અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં ઘર બનાવશે.

**(૪) મહેલ બનાવામાં આવશે :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત ખાલિદ બિન યઝીદથી રિવાયત છે કે જે **કુલ્હુવલ્લાહુ અહદ** એકવીસ વખત પઢશે, અલ્લાહ જન્નતમાં મહેલ બનાવશે. (પઢનાર માટે)

**(૫) પચાસ વર્ષોના ગુનાહ માફ :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે જે **કુલ્હુવલ્લાહુ અહદ**ની સૂરત પચાસ વખત પઢશે તેના પચાસ વર્ષના ગુનાહ અલ્લાહ તઆલા માફ ફર્માવશે.

**(૬) દોઝખથી છૂટકારો :–** તિબ્રાનીએ કબીરમાં રિવાયત કરી છે કે **કુલ્હુવલ્લાહુ અહદ** દોઝખથી છૂટકારો લખી આપશે.

**(૭) બસો વર્ષોના ગુનાહ માફ :–** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરતે અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે જે **કુલ્હુવલ્લાહુ અહદ** બસો વખત પઢશે તેના અલ્લાહ તઆલા બસો વર્ષના ગુનાહ માફ કરી આપશે.

**(૮) દરેક કામમાં સંપૂર્ણ :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરતે અબ્દુલ્લાહ બિન ખોબૈબથી રિવાયત છે કે **કુલ્હુવલ્લાહુ અહદ** અને મુઅવ્વઝતૈન (ફલક અને નાસ) સવાર અને સાંજ ત્રણ ત્રણ વખત પઢશે તો તે તેના દરેક કામમાં સંપૂર્ણ છે.

**(૯) ભલાઈઓ જ ભલાઈઓ :–** બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, જે દિવસમાં બસો વખત **કુલ્હુવલ્લાહુ અહદ**ની સૂરત પઢશે, અલ્લાહ તઆલા તેના માટે દોઢ હજાર ભલાઈઓ લખશે, પરંતુ એ કે તેની ઉપર દેવું હોય. (દેવું આપવા પછી તેનો બદલો મળશે.)

**(૧૦) પોતાને ખરીદી લીધો :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે કે જે **કુલ્હુવલ્લાહુ અહદ** એક હજાર વખતે પઢશે તેણે પોતાને અલ્લાહથી ખરીદી લીધો.

**(૧૧) અલ્લાહની રેઝા :–** ઈબ્નુન્નજ્જારે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે જે દરેક ફર્ઝ નમાઝ પછી દસ વખત **કુલ્હુવલ્લાહુ અહદ** પઢશે અલ્લાહ તઆલા પોતાની રેઝા અને મગફેરત તેના માટે વાજિબ કરી દેશે.

**(૧૨) પચાસ સિદ્દીકોનો અમલ :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત બરાઅ બિન આઝિબથી રિવાયત છે કે જે સવારની નમાઝ પછી તે દિવસે વાત કરતાં પહેલાં **કુલ્હુવલ્લાહુ અહદ**ની સૂરત સો વખત પઢશે પચાસ સિદ્દીકનો અમલ તેના માટે બુલંદ કરવામાં આવશે. (રબની બારગાહમાં પહોંચાડવામાં આવશે.)

**(૧૩) ખૂબ કમાઈ કરો :–** તિબ્રાનીએ કબીરમાં હઝરત મુઆઝ બિન અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે જે **કુલ્હુવલ્લાહુ અહદ** ૧૧ વખત પઢશે, અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં ઘર બનાવશે. હઝરત ઉમર رضی اللہ عنہએ વિનંતી કરી, ત્યારે તો અમે ખૂબ વધારો કરીશું. આપે ફર્માવ્યું, અલ્લાહ વધારે આપનાર દરેક





એયબથી પાક છે. (એટલે જે આ નિયુકત ગણતરીથી ગમે તેટલી વખત પઢશે એ પ્રમાણે જન્નતમાં એના ઘરોનો વધારો થતો રહેશે. અલ્લાહ માટે દરેક કામ શકય છે. તેણે **કુન** કહીને સમગ્ર જગતનો વજૂદ અર્પણ કર્યો, તેના માટે એક એક મહેલ હુકમે **કુન** કહીને બનાવવું જરૂરથી શકય છે.

**(૧૪) મોહતાજી દૂર થશે :–** તિબ્રાનીએ કબીરમાં હઝરત જરીર رضی اللہ عنہથી રિવાયત છે કે જે **કુલ્હુવલ્લાહુ અહદ** પઢશે, જ્યારે પોતાના ઘરમાં દાખલ થશે તો મોહતાજી તેના ઘર અને પડોશથી નાસી જશે.

**(૧૫) મહોબ્બતનો ફાયદો :–** હાકિમે મુસ્તદરકમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, તારી તેનાથી મહોબ્બત તને જન્નતમાં દાખલ કરશે, એટલે **કુલ્હુવલ્લાહુ અહદ.**

**(૧૬) બરકત જ બરકત :–** ઈબ્ને અસાકિરે હઝરત અબાનથી અને તેમણે હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે જે એક વખત **કુલ્હુવલ્લાહુ અહદ**ની સૂરત પઢશે તેની ઉપર બરકત ઉતારવામાં આવશે. બે વખત પઢશે તો તેની ઉપર અને તેના ઘરવાળાઓ પર બરકત ઉતારશે. ત્રણ વખત પઢશે તો તેની ઉપર તેના ઘરવાળાઓ પર અને તેના પડોશીઓ પર બરકત ઉતરશે. બાર વખત પઢશે તો તેના બદલે તેના જન્નતમાં અલ્લાહ તઆલા બાર મહેલો બનાવશે અને રક્ષક ફરિશ્તાઓ કહેશે કે અમને લઈ ચાલો ! આપણા ભાઈના મહેલો દેખી લઈએ. સો (૧૦૦) વખત પઢશે તો પચ્ચીસ વર્ષોના ગુનાહોનો કફ્ફારો થઈ જશે, ખૂન અને માલ છોડીને. (નાહક ખૂન કરવું અને હરામનો માલ લીધો હોય જેની સાથે બંદોનો હક લાગેલો છે માફ કરવામાં નથી આવતો, જ્યાં સુધી બંદો માફ ન કરી આપે) ત્રણસો વખત પઢશે તો અલ્લાહ તઆલા ચારસો (૪૦૦) શહીદોનો સવાબ લખશે જેમની સવારીની કોંચો

કાપી નાખવામાં આવી અને તેનું લોહી વહાવામાં આવ્યું. હજાર વખત પઢશે તો મરશે નહીં, ત્યાં સુધી કે પોતાનું મકાન જન્નતમાં ન જોઈ લેશે અથવા તેને દેખાડવામાં આવશે.

**(૧૭) કોશિશ કરો અને આળસ ન કરો :–** કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અબૂ દરદાથી રિવાયત છે કે શું તમારામાં કોઈ અશકત છે કે દરેક રાતમાં કુર્આનનો ત્રીજો ભાગ પઢી લે ! તેમણે અરજ કરી, અમે તેનાથી અશકત છીએ અને કમઝોર છીએ, તો **કુલ્હુવલ્લાહુ અહદ** કુર્આનનો ભાગ છે.

**(૧૮) માણસોની સંખ્યા બરાબર અમલો :–** ઈબ્ને અદીએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે જે **કુલ્હુવલ્લાહુ અહદ** બા–વુઝૂ સો (૧૦૦) વખત પઢશે તો તે બા–વુઝૂ નમાઝ માફક છે જે સૂરએ ફાતિહાથી શરૂ કરવામાં આવે. અલ્લાહ તઆલા દરેક શબ્દના બદલે દસ નેકીઓ લખશે, દસ ગુનાહો માફ કરશે અને દસ દરજ્જા બુલંદ કરશે, તેના માટે જન્નતમાં સો મહેલો બનાવશે, તે દિવસે ઈન્સાનોની સંખ્યા બરાબર તેના અમલો બુલંદ કરવામાં આવશે અને જાણે તેણે ૩૩ વખત કુર્આનની તિલાવત કરી અને શિર્કથી બચાવ છે. ફરિશ્તાઓ હાજર થશે અને શૈતાન નાસી જશે.

## ★ સૂરએ ફલક અને નાસ ★

**બેમિસાલ સૂરતો :–** તિર્મિઝીમાં હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, મારી ઉપર એવી આયતો નાઝિલ કરવામાં આવી તેના જેવી કયારે પણ જોવા નથી મળી. **કુલ અઊઝુ બિ રબ્બિલ ફલક** અને **કુલ અઊઝુ બિ રબ્બિન્નાસ.**

(૨) તિબ્રાનીએ કબીરમાં તેનાથી રિવાયત છે કે મુઅવ્વઝતૈન પઢો, બેશક ! તમે તેના જેવી કયારે પણ નહીં પઢો.

(૩) બુખારીએ હઝરત ઓબય رضی اللہ عنہથી રિવાયત કરી, હુઝૂર





સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યુ, હઝરત જિબ્રઈલે મને કહ્યું : **કુલ અઊઝુ બિ રબ્બિલ ફલક** પછી કહ્યું, **કુલ અઊઝુ બિ રબ્બિન્નાસ.** તો મેં તે કહ્યું. (એટલે તિલાવત કરી.)

(૪) હાકિમે મુસ્તદરકમાં હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત કરી સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, અય ઉકબા ! શું હું તમને બે ઉત્તમ સૂરતો ન શીખવાડું જે પઢી શકાય ? **કુલ અઊઝુ બિ રબ્બિલ ફલક** અને **કુલ અઊઝુ બિ રબ્બિન્નાસ.** અય ઉકબા એમને પઢ જ્યારે તુ સૂએ અને ઉઠે. તેમના જેવું કોઈ માંગનારે ન માંગ્યું અને તેમના જેવાથી પનાહ માંગનાર પનાહ ન માંગી. (એટલે કે પનાહ લેવામાં અને બુરાઈઓથી બચવાની દુઆ કરવામાં આ સૂરતો ઉત્તમ છે.

(૫) અબૂ દાવૂદમાં તેમનાથી જ રિવાયત છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું, દરેક નમાઝ બાદ મુઅવ્વઝાત પઢો.

(૬) તિબ્રાનીએ કબીરમાં તેમનાથી જ રિવાયત છે : આપે ફર્માવ્યું, અય ઉકબા બિન આમિર ! તુ નથી પઢી શકતો એવી સૂરત જે અલ્લાહને અતિ પ્રિય હોય અને તેની પાસે અધિક પહોંચનાર હોય. એનાથી કે તુ પઢે, **કુલ અઊઝુ બિરબ્બિલ ફલક** અને **કુલ અઊઝુ બિરબ્બિન્નાસ.** જો તુ નમાઝમાં છોડી ન શકતો હોય તો એવું જ કર.

(૭) દૈલમીએ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે બે સૂરતો અધિક પઢો, અલ્લાહ તઆલા તેમને તમારી પાસે આખિરતમાં પહોંચાડશે. મુઅવ્વઝતૈન કબ્રને પ્રકાશિત કરશે. શેતાનને દૂર કરશે, નેકીઓ અને દરજ્જામાં વધારો કરશે, મીઝાનને ભારે કરશે, તમને પઢનારને જન્નતમાં લઈ જશે.

**શાને નુઝૂલ :–** લબીદ બિન યહૂદી અને તેની છોકરીઓએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના મુબારક વખત અને કાંચદીના દાતામાં જાદૂ કર્યો. એક દોરો પણ હતો, જેમાં મંતર જપીને ગાંઠો મારવામાં આવી હતી. મીણની એક મૂર્તિ હતી જેમાં સોઈઓ ગોપવામાં આવી હતી. આ

સઘળી વસ્તુઓ એક થેલીમાં બંધ કરી કૂવામાં પથ્થર નીચે રાખવામાં આવી હતી. આ જાદૂની ઝલક સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના શરીમાં જોવા મળતી હતી. નબીનું દિલ, દિમાગ અને સત્ય માન્યતા ખુદા તઆલાના સંપૂર્ણ રક્ષણમાં હોય છે એટલે દુનિયાથી કોઈ પણ શકિત તેની ઉપર ચાલી શકતી નથી. નબીનું ફર્માન ખુદાનું ફર્માન હોય છે. જો દિલ, દિમાગ અને સત્ય માન્યતામાં કોઈ શકિત અસર કરે અને ખોટી વાતો વજૂદમાં આવે તો લોકોનો દીન, ધર્મ અને માન્યતામાં પણ ફરક આવી શકે છે, બલ્કે ખોટી વાતો ધર્મ બની શકે છે. એટલે નબીની સાચી માન્યતા દિલ અને દિમાગમાં દુનિયાની કોઈ શકિત ખોટી અસર લાવી શકતી નથી. તો જાદૂની અસર આપના શરીરમાં થઈ પણ દિલ અને દિમાગમાં કોઈ તફાવત થયો નહીં. થોડા દિવસ સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આ પિડામાં પિડાયા, પછી હઝરત જિબ્રઈલે અમીન علیہ الصلوٰۃ والسلام ખુદાના હુકમથી બારગાહે રિસાલતમાં પધાર્યા અને હુઝૂરને લબીદ બિન આ'સમ યહૂદી અને તેની છોકરીઓએ કરેલી જાદૂની ખબર આપી અને જે કૂવામાં ઉપરોકત વસ્તુઓ પથ્થર નીચે રાખવામાં આવી હતી તેની પણ જાણ કરી. સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને મોકલ્યા કે કૂવામાંથી પથ્થર નીચે જે કંઈ હોઈ તે ઉઠાવી લાવો. આપ ગયા, કૂવાનું પાણી કાઢયું અને નીચે ઉતરી પથ્થર નીચેથી થેલી ઉઠાવી લાવ્યા જેમાં ઉપરોકત વસ્તુઓ રાખવામાં આવી હતી. દોરામાં અગ્યાર ગાંઠો હતી. જાદૂની અસર ખત્મ કરવા અલ્લાહ તઆલાએ ફલક અને નાસની બે સૂરતો નાઝિલ ફર્માવી, જેમની ટોટલ આયતો પણ અગિયાર છે. પાંચ આયતો ફલકમાં છે અને છ આયતો નાસમાં છે. દરેક આયતની તિલાવત પર એક ગાંઠ ખુલતો હતો. આમ બંને સૂરતોની તિલાવતથી અગિયાર ગાંઠ ખુલી ગયા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સંપૂર્ણ શિફા પ્રાપ્ત થઈ ગઈ.

**ફાયદો** :- જાદૂ એક શૈતાની ઈલ્મ છે. જેના મંતરોના મુઅક્કલ જિન અને ખબીષ શૈતાન હોય છે. જે મંતરમાં કુફ્ર અને શિર્કનો કોઈ





શબ્દ હોય તેને અમલના તરીકાથી મુખ પર લાવવું કુફ્ર છે. શીખી તો શકાય છે પણ અમલમાં લાવવું સખ્ત હરામ છે. અમુક સીધા સાદા મંતરો જેમાં કુફ્ર–શિર્કનો કોઈ શબ્દ નથી હોતો અને ઉપયોગમાં લાવવાથી ફાયદો થઈ શકે છે, તો તેની રજા છે. જેમ કે મુસલમાન ઓરતોમાં નજર ઉતારવાનો મંતર તદ્દન સીધો સાદો હોય છે, તે કરી શકાય છે. જાદૂનો ઈન્કાર નથી થઈ શકતો કારણ કે તેનો ઉલ્લેખ કુર્આનમાં આવ્યો છે અને તેમાં અસર પણ છે, જેમ કે સૂરતોની શાને નુઝૂલથી જાણવા મળ્યું.

**સવાલ** :- હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના શરીર પર જાદૂની અસર કેવી રીતે થઈ ? જાદૂના મંતરોના મુઅક્કલ તો શૈતાન અને જિન હોય છે ? શું નબી પાસે તેઓ આવી શકે છે ? શું નબીને તેમના દાવની ખબર નથી હોતી ? આમ અન્ય સવાલો આ જગાએ ઉપસ્થિત થઈ શકે છે.

**જવાબ** :- આ બાબતે જેટલી શંકાઓ ઉપસ્થિત થઈ શકે છે અને જેટલા સવાલો દિમાગમાં આવી શકે છે. સર્વનો જવાબ અપાઈ ગયો છે. તેના માટે મારા બયાનની કેસેટો સાંભળો "**સૂરએ ફલક** અને **નાસ**ની તફસીર" રમઝાન માસમાં અસ્ર અને મગરિબની વચમાં દરરોજ ૪૫ મિનિટ તફસીરનું બયાન થાય છે. પ્રથમ તફસીર **સૂરએ ફાતિહા** ૨૯ બયાનો. બીજી તફસીર **સૂરએ બકરહ** દોઢ રૂકૂઅ ૨૫ બયાનો. ત્રીજી તફસીર **તબ્બત યદાથી નાસ** ૨૮ બયાનો. ચોથી તફસીર **સૂરએ નસ્ર**થી હુમઝા સુધી ૨૮ બયાનો, પાંચમી તફસીર ત્રીસમો સિપારો **સૂરએ નબઅ**થી **સૂરએ બલદ** સુધી ૨૭ બયાનો. આ કેસેટોનું દરેક પ્રકરણ નવું જોવા મળશે, અકીદા અને અમલનો પૂરે પૂરો ફાયદો થઈ શકે છે, ખોટી રસમોથી પણ નજાત મળી શકે છે. અંધશ્રધ્ધાઓનો નાશ થઈ શકે છે, મસ્લકે આ'લા હઝરતની સત્ય તા'લીમનો નિચોડ મળી શકે છે. વધારે નહીં માત્ર એક વખત સાંભળી લો અને પછી ફેંસલો કરો, પ્રચાર કરો અને સાચો દીન પહોંચાડો.

**સારાંશ :–** નબીના જાહેર શરીર પર જે અસર થઈ તેમાં એક રહસ્ય હતું કે લોકોને જાદૂના ઈલ્મથી હોશિયાર કરવામાં આવે. તે એક નાપાક ઈલ્મ છે, લોકોને નુકસાન થઈ શકે છે તો હોશિયાર રહેવામાં આવે.

(૨) નબીના જાહેર શરીર પર અસર થઈ તો તમારા શરીરના દરેક અંગ પર થઈ શકે છે એટલે તમારે તેનાથી બચીને રહેવું જોઈએ.

(૩) નબી પર તેની અસર કરાવી અને તેની તોડ માટે ફલક અને નાસની સૂરતો નાઝિલ ફર્માવી આપણને જાદૂથી બચવાનો અમૂલ્ય નુસખો આપવામાં આવ્યો. રાત્રે સૂતી વખતે પઢી હાથની હથેળીઓમાં દમ કરી શરીરના દરેક ભાગ પર ત્રણ વખત ફેરવી લેવામાં આવે તો જાદૂ અસર કરશે નહીં.

(૪) નબીને દરેક ચીઝનું ઈલ્મ ખુદા તરફથી આપવામાં આવ્યું છે, પરંતુ થોડા સમય માટે કોઈ ખાસ વસ્તુનું ઈલ્મ રોકી લેવામાં મોટો ફાયદો હોય છે. તે ફાયદો પહોંચાડયા પછી તેનાથી વાકિફ કરી દેવામાં આવે છે. જેમ કે અહિં હુઝૂરને થોડા સમય માટે આપ પર જાદૂ કરવામાં આવ્યું છે તેની જાણ ન કરવામાં આવી અને એ જ વાકયાને કુર્આનની બે સૂરતોના નુઝૂલનો સબબ બનાવ્યો. ફાયદો પણ થઈ ગયો અને ઈલ્મ પણ મળી ગયું.

હઝરત આઈશ رضی اللہ عنہا નો હાર ખોવાઈ ગયો. તેની શોધ માટે લોકોને સફર દરમિયાન રોકી લેવામાં આવ્યા. પાણી હતું નહીં, નમાઝનો સમય થઈ ગયો અને અલ્લાહ તઆલાએ તયમ્મુમની આયત નાઝિલ ફર્માવી અને પછી હાર મળી ગયો. ઉપરોકત વાકયાથી થોડા સમય માટે અજાણ રાખવામાં કેટલો મહાન ફાયદો પ્રાપ્ત થયો. નબીની જિંદગીનો દરેક વાકયો રહસ્યથી સંબંધિત છે. તેમાં ઉમ્મત માટે અસંખ્ય ફાયદાઓ હોય છે. તેનાથી ખોટી માન્યતા કાયમ ન કરવી જોઈએ. નબી બાબતે કોઈ પણ એવી વાત બોલવામાં ન આવે જેનાથી એમની શાન નીચી થાય. આપણી સમજમાં ન આવે તો કોઈ વ્યવસ્થિત આલિમથી માલૂમ કરવું જોઈએ અને પછી પણ





સમજમાં ન આવે તો ચૂપ રહેવું જોઈએ. દરેક વસ્તુ દરેકને સમજમાં આવી જાય એ જરૂરી નથી.

## ★ અમુક ફાયદાઓ ★

સૂરતોની ફઝીલતનું પ્રકરણ હદીષની રોશનીમાં અહિં સંપૂર્ણ થયું. પરંતુ કુર્આન અને સૂરતોને લગતી અન્ય વાતો અમે ફાયદા પૂરતી તમારી ખિદમતમાં રજુ કરીએ છીએ જેનાથી જાણવા મળશે કે કુર્આનના વર્ણનમાં કેવાં કેવાં રહસ્યો લક્ષમાં રાખવામાં આવ્યા છે.

## ★ હુરૂફે મુકત્તઆત ★

હુરૂફ એટલે શબ્દો, મુકત્તઆત એટલે છુટા છુટા કરવામાં આવેલા. કુર્આન શરીફની અન્ય સૂરતોનો આરંભ છૂટા છૂટા શબ્દોથી કરવામાં આવ્યો છે. તેનો માયનો આપણને ખબર નથી અને સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી આપણને બતાવવામાં પણ નથી આવ્યો. પરંતુ અલ્લાહ તઆલાએ નાઝિલ ફર્માવ્યા તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખબર છે પણ એ શબ્દો અલ્લાહ અને હુઝૂરની વચમાં એક રહસ્ય અને ભેદ છે, જેનાથી આપણને વાકેફ કરવામાં નથી આવ્યા. અમુક આલિમોએ એ શબ્દોનો યોગ્ય માયનો બયાન કર્યો છે, પરંતુ તેનો મતલબ એ નથી કે તેનો ૧૦૦% એ જ માયનો છે, બલ્કે તેમણે પોતાની તરફથી એક પ્રકારની કોશિશ કરેલી છે. સત્ય એ છે કે એનો માયનો અલ્લાહ અને રસૂલ જાણે, આપણને એનાથી વાકેફ કરવામાં નથી આવ્યા, તો તે બાબતે વધુ માથુ મારવામાં ન આવે.

## ★ હુરૂફે મુકત્તઆતવાળી સૂરતોની સંખ્યા ★

**અલિફ, લામ, મીમ :–** (૧) સૂરએ બકરહ (૨) આલે ઈમરાન (૩) અનકબૂત (૪) રૂમ (૫) લુકમાન (૬) સજદા

**અલિફ, લામ, રા :–** (૧) યૂનુસ (૨) હૂદ (૩) યૂસુફ (૪) ઈબ્રાહીમ (૫) હજર

**અલિમ, લામ, મીમ, રા :–** (૧) રઅદ

**અલિમ, લામ, મીમ, સ્વાદ :–** (૧) અઅ્રાફ

**તા, હા :–** (૧) તા, હા.

**તા, સીન :–** (૧) નમ્લ

**તા, સીન, મીમ :–** (૧) શુઅરા (૨) કસસ

**હા, મીમ :–** (૧) મુઅમિન, (૨) હા, મીમ, સજદા (૩) ઝુખરૂફ (૪) દુખાન (૫) જાસિયા (૬) અહકાફ

**હા, મીમ, ઐન, સીન, કાફ :–** (૧) શૂરા

**કાફ, હા, યા, ઐન, સ્વાદ :–** (૧) મરયમ

**યા, સીન :–** (૧) યાસીન

**સ્વાદ :–** (૧) સ્વાદ

**કાફ :–** (૧) કાફ

**નૂન :–** (૧) કલમ

હુરૂફે મુકત્તઆતવાળી સૂરતો ટોટલ **૨૯** છે.

**જાણવા લાયક વાતો :–** અરબીના તેહજ્જી શબ્દો ૨૮ છે. હુરૂફે મુકત્તઆતમાં તેમાંથી ૧૪ ઉપયોગમાં લાવવામાં આવ્યા છે. હુરૂફે મુકત્તઆતને હુરૂફે નૂરાનીયા અને તે સિવાયના હુરૂફને ઝુલમાનીયા કહેવામાં આવે છે.

**હુરૂફે નૂરાનીયા :–**

ا ح ر س ص ط ع ق ك ل م ن ه ی





૧૪, ૧૩, ૧૨, ૧૧, ૧૦, ૯, ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧

**હુરૂફે ઝુલમાનીયા :–**

ب ت ث ج خ د ذ ز ش ض ظ غ ف و

૧૪, ૧૩, ૧૨, ૧૧, ૧૦, ૯, ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧

**વિરૂધ્ધાર્થી શબ્દોની બરાબર સંખ્યા ! :–**

(૧) દુન્યા ૧૧૫ વખત આવ્યું છે, **આખિરત** ૧૧૫ વખત આવ્યું છે.

(૨) **શયાતીન** ૮૮ વખત આવ્યું છે, **મલાઈકા** ૮૮ વખત આવ્યું છે.

(૩) **મૌત** ૧૪૫ વખત આવ્યું છે, **હયાત** ૧૪૫ વખત આવ્યું છે.

(૪) **નફા** ૫૦ વખત આવ્યું છે, **ફસાદ** ૫૦ વખત આવ્યું છે.

(૫) **સાલિહાત** ૧૬૭ વખત આવ્યું છે, **સૈયિઆત** ૧૬૭ વખત આવ્યું છે.

(૬) **કુફ્ર** ૨૫ વખત આવ્યું છે, **ઈમાન** ૨૫ વખત આવ્યું છે.

**સંબંધી શબ્દોની સંખ્યા :–**

(૧) **જહીમ** ૨૬ વખત આવ્યું છે, **ઈતાબ** (સજા) ૨૬ વખત આવ્યું છે.

(૨) **બિર** (નેકી) ૨૦ વખત આવ્યું છે, **સવાબ** ૨૦ વખત આવ્યું છે.

(૩) **નુત્ફા** ૧૨ વખત આવ્યું છે, **તીન** (માટી) ૧૨ વખત આવ્યું છે.
(માણસની પ્રથમ પેદાઈશ માટીથી અને પછીથી નુત્ફાથી છે.

(૪) **મગફિરત** ૨૩૪ વખત આવ્યું છે, **જઝા** (સજા) ૧૧૭ વખત આવ્યું છે.
(સજાના વર્ણનથી માફીનું વર્ણન ડબલ સંખ્યામાં થયું છે, તેનાથી રબની મહેરબાની તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.)

(૫) **અજ** ૧૦૮ વખત આવ્યું છે, **ફેઅલ** (કામ) ૧૦૮ વખત

આવ્યું છે.

(૬) **રહમાન** ૫૭ વખત આવ્યું છે, **રહીમ** ૧૧૪ વખત આવ્યું છે. (રહીમનો સંબંધ આખિરતથી છે અને આખિરતમાં રહમતની વધારે જરૂર છે, એટલે રહીમનું ડબલ સંખ્યામાં વર્ણન થયું.)

(૭) **સૌમ** (રોઝો) ૧૪ વખત આવ્યું છે, **સબ્ર** ૧૪ વખત આવ્યું છે. (રોઝાના સંબંધ સબ્ર સાથે ગાઢ છે, એટલે બંનેની સંખ્યા બરાબર છે.

(૮) **શહ્ર** (મહીનો) ૧૨ વખત આવ્યું છે એટલે **યૌમ** (દિવસ) ૩૬૫ વખત આવ્યું છે.

(મહીના બાર છે અને શમ્સી વર્ષ ૩૬૫ દિવસનું છે)

(૯) **ઝકાત** ૩૨ વખત આવ્યું છે. **બરકાત** ૩૨ વખત આવ્યું છે.

(૧૦) **મુહમ્મદ** ૪ વખત આવ્યું છે, **સિરાજ** ૪ વખત આવ્યું છે. (આપણા નબીને સિરાજ કહેવામાં આવ્યું, તેના સંબંધથી બંનેનું વર્ણન ચાર વખત થયું છે.)

(૧૧) **અસ્નામ** (મૂર્તિઓ) ૫ વખત આવ્યું છે. **ખમર** (દારૂ) ૫ વખત આવ્યું છે.

(દારૂથી અક્કલ ચાલી જાય છે, તો કુફ્ર પર રહેવું પણ અક્કલ ન હોવાની દલીલ છે.

(૧૨) **રૂહુલ કુદ્સ** ૪ વખત આવ્યું છે, **શરીઅત** ૪ વખત આવ્યું છે. (વહી અને ખુદાના આદેશો જિબ્રઈલ લઈને આવતા હતા, એટલે શરીઅત અને રૂહુલ કુદસની સંખ્યા બરાબર રાખવામાં આવી છે.)

## ★ કુર્આનની આયતોની વહેંચણી ★

| | |
|---|---|
| (૧) વઈદ (ધમકી)ની આયતો | ૧૦૦૦ |
| (૨) વાયદાની આયતો | ૧૦૦૦ |
| (૩) નહી (મનાઈ)ની આયતો | ૧૦૦૦ |
| (૪) અમ્ર (આદેશ)ની આયતો | ૧૦૦૦ |





| | |
|---|---|
| (૫) મિષાલ (દાખલા)ની આયતો | ૧૦૦૦ |
| (૬) કિસસ (કિસ્સા)ની આયતો | ૧૦૦૦ |
| (૭) તહલીલ (હલાલ)ની આયતો | ૨૫૦ |
| (૮) તહરીમ (હરામ)ની આયતો | ૨૫૦ |
| (૯) તસ્બીહની આયતો | ૧૦૦ |
| (૧૦) અન્ય આયતો | ૬૬ |
| ટોટલ ............................. | ૬૬૬૬ આયતો છે. |

કુર્આનમાં આ પ્રમાણેના રહસ્યો જાહેર કરે છે કે આ અલ્લાહ તઆલાની કિતાબ છે.

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِينُ

# ☆ કુર્આન અને યૂરોપ ☆

(પ્રકરણ)

وَلَوْ أَنَّ قُرْآنًا سُيِّرَتْ بِهِ الْجِبَالُ أَوْ قُطِّعَتْ بِهِ الْأَرْضُ أَوْ
كُلِّمَ بِهِ الْمَوْتَىٰ ۗ بَل لِّلَّهِ الْأَمْرُ جَمِيعًا ۗ أَفَلَمْ يَيْأَسِ الَّذِينَ
آمَنُوا أَن لَّوْ يَشَاءُ اللَّهُ لَهَدَى النَّاسَ جَمِيعًا ۗ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلمની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમાની તિલાવતનો મેં શરફ પ્રાપ્ત કર્યો, તેની બાબત અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાંને હક્ક સાંભળવાની અને તેની ઉપર અમલની તૌફીક અતા ફર્માવે.

કુર્આન શરીફના પ્રકરણો તમારી ખિદમતમાં પેશ કરવામાં આવ્યાં, તેનાથી જાણવા મળ્યું કે કુર્આન શરીફ કેટલી ફઝીલત અને બરકતવાળી કિતાબ છે. માણસનું પોતાનું ઈલ્મ અને નોલેજ ખતમ થઈ શકે છે, પરંતુ કુર્આન શરીફનાં પ્રકરણો અને તેની ફઝીલતોનો અંત નથી આવી શકતો. તોહફાએ નજાતમાં કુર્આનના પ્રકરણોમાં એક પ્રકરણનો વધારો કરવામાં આવે છે, "કુર્આન અને યૂરોપ" જેનાથી એ જાણવા મળશે કે ઈન્સાફ અને ન્યાયથી કામ લેનાર કિતાબીઓ અને કાફિરોએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે કુર્આન અજોડ કિતાબ છે. જો કે કાફિરોના બેમિષાલ કહેવા ન કહેવાથી કોઈ ફરક નથી પડતો, પરંતુ માનવાવાળાઓનું ઈમાન મજબૂત બને છે અને તેમની કુર્આન સાથેની મહોબ્બતમાં વધારો થઈ જાય છે. પ્રગતિ અને ઉન્નતિના જમાનામાં જ્યાં અનુભવોથી અસંખ્ય નવી ચીજો વજૂદમાં આવી ગઈ અને માણસ પોતાની કોશિશથી ઘણો આગળ વધી ગયો, તેવા સમયે ૧૪૦૦ વર્ષો પહેલાં ઉતારવામાં આવેલું કલામ પોતાની તાલીમ અને નસીહતોમાં જૂનું ન થઈ શકે અને તેને યૂરોપના પ્રગતિ પામેલા લોકો આજે બેમિષાલ કિતાબ કહેવા તૈયાર થાય તો





ભલા તેના કલામે ખુદા હોવામાં કોઈ શક અને શંકા શી રીતે આવી શકે છે ?

**એક સવાલ અને જવાબ :–** અહિં એક સવાલ એ ઉપસ્થિત થઈ શકે છે કે, અહલે કિતાબ અને કાફિરોમાં ઉન્નતિ અને પ્રગતિનાં શિખરો પાર કરનાર લોકો જયારે ન્યાય અને ઈન્સાફથી કુર્આન અને ખુદાની આ પાક કિતાબને બેમિસાલ કહે છે, તો પછી તેઓ ઈમાન લાવી મુસલમાન કેમ નથી બની જતા ? બીજું એ કે તેઓ સાચા દિલથી જો કુર્આનની તારીફ કરતા હોય તો પછી તેમણે પ્રથમ કબૂલ કરી લેવું જોઈએ. કબૂલ ન કરવું એ વાતની દલીલ છે કે તેઓ સાચા દિલથી નહીં, માત્ર લોકોને ખુશ કરવા માટે કહેતા હોય છે.

**જવાબ :–** સત્ય માનવું અને તેને કબૂલ કરી લેવું બંને અલગ છે. ઈમાનનો સંબંધ માત્ર સત્ય હોવા પર નથી, બલ્કે સત્ય સાથે તેને કબૂલી લેવામાં છે. કોઈ માણસ કહે કે, હું ઈસ્લામને સત્ય ધર્મ સ્વીકારું છું. તો તેનાથી તે મુસલમાન થશે નહીં. તેને માનવા સાથે આમ કહેવું પડશે કે હું ઈમાન લાવ્યો અલ્લાહ પર, નબી પર અને તેમની લાવેલી સઘળી વાતો પર. તો તે ઈસ્લામના વર્તુળમાં પ્રવેશશે. આ દાખલાથી સાબિત થયું કે આમ થઈ શકે છે કે કોઈ માણસ કુર્આનને સત્ય માને પણ ઈમાન ન લાવે.

બીજું એ કે તેઓ મુસલમાનોને ખુશ કરવા માટે કહેતા હોય તો તેઓ જાણે એ તો દિલની વાત છે, પણ મુસલમાનોને પોતાની કિતાબના બેમિષાલ હોવા પર કાફિરો સમક્ષ કાફિરોના લખાણને દલીલ રૂપે પેશ કરવાનો હક છે. એટલે અત્રે આવતા હવાલાઓ આપણા ઈમાનને મજબૂત બનાવશે અને કાફિરોને ચૂપ કરવા માટે સંપૂર્ણ દલીલ બનીને રહેશે. દલીલનો એક ફાયદો એ છે કે આપણો વિરોધી વિરોધ પર ઉતરી આવે અને આપણી કોઈ દલીલ માનવા રેડી ન થાય તો જેઓ કાફિર થઈને ઈસ્લામ અને કુર્આનની તારીફ કરતા હોય તો ભલે પછી આપણે તે કાફિરની વાત ન સ્વીકારીએ

પણ બીજા કાફિરો સમક્ષ દલીલ રૂપે તેને રજુ કરી શકાય છે. એટલે ડૉકટરો, વૈજ્ઞાનિકો અને પ્રોફેસરોનાં મંતવ્યો તમારી ખિદમતમાં રજુ કરવામાં આવે છે.

## ★ ઈમાન ગયબના પરદામાં ★

ઈસ્લામ સત્ય ધર્મ છે. અલ્લાહ તઆલાનો પ્યારો ધર્મ ઈસ્લામ છે. ઈસ્લામ છોડીને કોઈ પણ ધર્મ ખુદાને પસંદ નથી અને ખુદા તેને કબૂલતો પણ નથી. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

إِنَّ الدِّينَ عِندَ اللَّهِ الْإِسْلَامُ

બેશક ! અલ્લાહને ત્યાં ઈસ્લામ જ દીન છે.

ઈસ્લામ સિવાય કોઈ ધર્મ કબૂલતો નથી તેની બાબતે ફર્માવે છે :–

وَمَن يَبْتَغِ غَيْرَ الْإِسْلَامِ دِينًا فَلَن يُقْبَلَ مِنْهُ

અને જે કોઈ ઈસ્લામ સિવાય બીજો દીન ઈચ્છશે તો કદાપી તેનાથી કબૂલ રાખવામાં નહીં આવે.

દરેક નબીનો ધર્મ ઈસ્લામ છે. હઝરત આદમ عليه الصلاة والسلام થી આપણા નબી સુધી જેટલા નબીઓ આવ્યા સર્વનો દીન ઈસ્લામ છે. જે બાબતની હદીષ કુર્આનના પ્રથમ પ્રકરણમાં વર્ણન થઈ ગઈ છે. સારાંશ એ કે દરેક જમાનામાં કુફ્ર અને શિર્કની વિરોધમાં જે અલ્લાહનો ઉતારેલો સત્ય ધર્મ હતો તે ઈસ્લામ છે.

ઈસ્લામ ધર્મ સત્ય છે અને અલ્લાહનો કબૂલ ફર્માવેલો છે તો કાફિરોને ઈસ્લામ વિરોધ કયારે પણ કામયાબી ન મળવી જોઈએ અને મુસલમાને કયારે પણ અસફળ ન થવું જોઈએ તેમજ ખુદાની ઉતારેલી કિતાબ કુર્આનમાં એટલી અસર હોવી જોઈએ કે તેનાથી ધાર્યું કામ થઈ શકે. આ સઘળા સવાલોનો એક જવાબ છે કે અલ્લાહ તઆલાએ હક્કને ગેયબના પરદામાં રાખેલું છે. માણસને દિમાગ અને સમજ આપવામાં આવી છે. તેનાથી એ હક્ક અને ના હક્કને સમજી શકે છે, સારા અને ખરાબમાં તફાવત કરી શકે છે. એટલે





હક્કને એટલું સ્પષ્ટ અસરવાળું બનાવામાં ન આવ્યું કે દરેકને તેની અસરથી હક્ક કબૂલવું પડે. કયારે કાફિર સફળ થાય છે અને કયારે મુસલમાન. જો આમ કરવામાં ન આવતું તો કુર્આનનો દરેક શબ્દ દરેકના હાથે એવી અસર બતાવતો કે ધાર્યું કામ તેનાથી થઈ જતું. લોકો તેના પર ઈમાન લાવવામાં મજબૂર બની જતા. દુનિયામાં દરેક સત્ય ધર્મ પર આવી જતો અને કોઈ કાફિર અને અધર્મી ન રહેતો, પણ અલ્લાહ તઆલાએ હક્કને ગયબના પરદામાં રાખેલું છે અને લોકોને દિમાગ અને સમજ આપી તેમને પાબંદ બનાવ્યા છે કે તેઓ સમજે અને પોતે કબૂલે.

જ્યાં સુધી અસરનો સવાલ છે તો તે થોડી થોડી દરેક ધર્મવાળાઓમાં જોવા મળે છે. જો કોઈ જ ફાયદો ન હોય તો તે ધર્મનો સાથ કોઈ ન આપે. આજે દુનિયામાં અસંખ્ય ધર્મો છે અને તેના અસંખ્ય શુભેચ્છકો પણ છે અને દરેકને તેના ધર્મ તરફથી થોડો ઘણો ફાયદો જરૂરથી પ્રાપ્ત થાય છે. સારાંશ એ કે હક્ક ધર્મને બીજા ધર્મોની વચમાં ગેયબના પરદામાં રાખવામાં આવ્યો છે. અલ્લાહ તઆલા જેના માટે ઈચ્છે તેના માટે પરદા ઉઠાવી દે છે અને તે હક ધર્મ કબૂલી લે છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَلَوْ أَنَّ قُرْآنًا سُيِّرَتْ بِهِ الْجِبَالُ أَوْ قُطِّعَتْ بِهِ الْأَرْضُ أَوْ كُلِّمَ بِهِ الْمَوْتَىٰ ۗ بَل لِّلَّهِ الْأَمْرُ جَمِيعًا ۗ أَفَلَمْ يَيْأَسِ الَّذِينَ آمَنُوا أَن لَّوْ يَشَاءُ اللَّهُ لَهَدَى النَّاسَ جَمِيعًا

અને જો કોઈ એવું કુર્આન આવત જેનાથી પહાડ ખસી જાત અથવા મુડદાંઓ બોલત તો પણ આ કાફિરો તો માનત નહીં, બલ્કે બધાં કામ અલ્લાહના અધિકારમાં છે તો શું મુસલમાનો એનાથી નિરાશ ન થાય, કે અલ્લાહ ઈચ્છતે તો બધા માનવીઓને હિદાયત આપી દેત.

## ★ મુઅજેઝા, કરામત અને જાદૂ ★

અલ્લાહ તઆલાના પ્યારા બંદાઓ એટલે કે નબીઓ અને

વલીઓના હાથે કયારેક મો'જેઝો અને કરામત જાહેર થાય છે અને તેનાથી દેખનારને સત્ય ધર્મની સત્યતા જાણવા મળે છે અને તે ઈસ્લામ સ્વીકારી લે છે. ઈતિહાસ આવી વાતોથી ભરેલો છે કે નબીઓના મો'જેઝા અને વલીઓની કરામતોથી અસંખ્ય કાફિરોને કુફ્રથી તૌબા કરી ઈસ્લામના વર્તુળમાં પ્રવેશવાનો મોકો મળ્યો. પણ જોવા જઈએ તો જાદૂથી પણ ઘણાં બધા એવા કામો જોવા મળે છે જેનાથી કાફિરને પોતાનો ધર્મ સત્ય લાગે છે. એટલા માટે કેટલા લોકો એવા પણ છે જેમણે મો'જેઝો અને કરામતો દેખીને પણ ઈસ્લામ કબૂલ ન કર્યો અને કાફિર જ રહ્યા. એટલે કેટલાક નબીઓના મો'જેઝા દેખીને કાફિરોએ તેમને જાદૂગર કહ્યા અને જેનો ઉલ્લેખ કુર્આન શરીફમાં છે, સારાંશ એ કે મો'જેઝા અને કરામતની હકીકત અને જાદૂની હકીકત અલગ છે પણ બંનેમાં ફરક કરવા માટે અક્કલ અને સમજની જરૂરત છે. તો મો'જેઝા અને કરામતથી હક અને સત્ય સ્પષ્ટ થાય છે પણ ૧૦૦% નહીં, એટલે હક અહિં પણ ગયબના પરદામાં જ છે.

**કુર્આનની તાસીર :–** કુર્આન શરીફની દરેક આયતમાં અલ્લાહ તઆલાએ તાસીર રાખેલી છે. પણ કયારેક જોવા મળે છે અને કયારેક તાસીરને ગેયબમાં રાખવામાં આવે છે. એટલે તાસીરના આધારે પણ સત્યને ગેયબના પરદામાં રાખવામાં આવ્યું છે. હક્કને જાણવા માટે સમજની જરૂરત છે. કુર્આનની સિફતમાં વર્ણન છે :–

يُضِلُّ بِهٖ كَثِيْرًا وَّيَهْدِيْ بِهٖ كَثِيْرًا ؕ

## ★ સ્પષ્ટ હોવાનો મતલબ ★

કુર્આન શરીફમાં છે કે હિદાયત બેદીનીથી સ્પષ્ટ થઈ ગઈ છે. અલ્લાહ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ

દીનમાં કંઈ બળજબરી નથી, બેશક ! સત્ય માર્ગ





ગુમરાહીથી તદ્દન જુદો થઈ ગયો છે.

તો અહિં દીનના સ્પષ્ટ હોવાનો મતલબ એ છે કે દલીલો અને દાખલાઓથી હકને સ્પષ્ટ કરવામાં આવ્યો છે. એનો મતલબ એ નથી કે હક પરથી ગયબનો પરદો ૧૦૦% ઉઠાવી લેવામાં આવ્યો છે. દાખલા તરીકે અલ્લાહ તઆલાની જાત આપણા માટે ગયબ છે, પણ તે દલીલોથી આપણા માટે આપણા વજૂદથી વધારે સ્પષ્ટ છે. દલીલથી સ્પષ્ટ થયું ગયબને ગયબથી બહાર નથી કરી શકાતું. બીજુ એ કે દલીલો સ્પષ્ટ છે પણ દલીલોથી હક્ક મેળવવા માટે સમજની જરૂરત છે. એવું થઈ શકે છે કે સ્પષ્ટ દલીલ પણ કોઈને સમજમાં ન આવે અને એવું પણ થઈ શકે છે કે સ્પષ્ટ હોઈ તો પણ કોઈને શંકા થાય. અમુક લોકો નબીને દેખીને પણ શંકામાં રહ્યા, અમુક લોકો મો'જેઝો દેખીને પણ શંકામાં રહ્યા, અમુક લોકો કુર્આનની તાસીર પામીને પણ શંકામાં રહ્યા, અમુક લોકો સમજીને ઈસ્લામના વર્તુળમાં આવ્યા, પરંતુ પછી શંકા કુશંકાનો શિકાર થઈને ફરી કુફ્રમાં પહોંચી ગયા. સાબિત થયું દલીલોથી હક્ક સ્પષ્ટ છે પણ તેને સમજીને કબૂલવું ઈમાન માટે જરૂરી છે.

## ★ ઈમાન બિલ ગૈબ જ કબૂલ થઈ શકે છે ★

તમને એ વાતની ખબર પડી ગઈ કે ઈમાન બિલ ગૈબ જ કબૂલ થઈ શકે છે અને તે પણ દારૂલ અમલ દુનિયામાં. દારૂલ અમલથી નીકળ્યા પછી ગૈબની ઘણી બધી વસ્તુઓ જાહેર થઈ જાય છે અને દરેક કાફિરને ઈસ્લામ હક હોવાનું યકીન થઈ જાય છે પણ તેનું ઈમાન માન્ય નથી. કુર્આન શરીફમાં ફિરઔન બાબતે ઉલ્લેખ છે કે તે મરણ સમયે ઈસ્લામ કબૂલી લે છે પણ કુર્આન કહે છે હવે તારા કબૂલવાથી તને ફાયદો થશે નહીં. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَجٰوَزْنَا بِبَنِیْۤ اِسْرَآءِیْلَ الْبَحْرَ فَاَتْبَعَهُمْ فِرْعَوْنُ وَجُنُوْدُهٗ بَغْیًا وَّعَدْوًا ؕ حَتّٰۤی اِذَاۤ اَدْرَكَهُ الْغَرَقُ ۙ قَالَ اٰمَنْتُ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا الَّذِیْۤ اٰمَنَتْ بِهٖ بَنُوْۤا اِسْرَآءِیْلَ وَاَنَا مِنَ الْمُسْلِمِیْنَ ○ آٰلْـٰٔنَ وَقَدْ عَصَیْتَ قَبْلُ وَكُنْتَ مِنَ الْمُفْسِدِیْنَ ○

અને અમે બની ઈસરાઈલને દરિયા પાર ઉતાર્યા તો ફિરઔન અને તેના લશ્કરોએ તેમનો પીછો કર્યો, માથુ ઊંચકીને અને ત્રાસથી ત્યાં સુધી કે જ્યારે તેને ડૂબવાએ પકડી લીધો તો બોલ્યો, હું ઈમાન લાવ્યો કે તેના સિવાય કોઈ સાચો મા'બૂદ નથી, જેના પર બની ઈસરાઈલ ઈમાન લાવ્યા અને હું મુસલમાન છું. શું હવે ? અને અત્યાર સુધી નાફર્માની કરતો રહ્યો ! અને તુ ફસાદી હતો.

કુર્આન શરીફની ઉપરોકત આયતથી ત્રણ વાતો જાણવા મળી. એક તો એ કે આગલા સત્ય દીનને પણ ઈસ્લામ કહેવામાં આવે છે. કારણ કે ફિરઔનના કબૂલે ઈસ્લામ બાબત કહેવામાં આવ્યું.... وَاَنَا مِنَ الْمُسْلِمِیْنَ હું મુસલમાન છું. એટલે કે ઈસ્લામને માનનાર છું. બીજી વાત એ કે ફિરઔને બની ઈસરાઈલ માફક મુસલમાન હોવાનું એલાન કર્યું, તો અલ્લાહ તઆલા તરફથી તેનું ઈમાન કબૂલવામાં ન આવ્યું. ત્રીજી વાત એ કે એણે હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام ના મો'જેઝા દેખ્યા તો પણ સત્ય દીન કબૂલ ન કર્યો અને આપને જાદૂગર સમજ્યો. એટલે એણે જાદૂગરોથી આપનો મુકાબલો કરાવ્યો. એનાથી જાણવા મળ્યું કે મો'જેઝાથી હક સ્પષ્ટ થાય છે પણ ૧૦૦% નહીં, એ માત્ર એક દલીલ છે અને દલીલ માટે સમજની જરૂરત છે. તેનાથી ઈમાન બિલ ગૈબ ઈમાન બિલ ગયબ જ રહે છે.

**સવાલ** :– શું કાફિરની વાત માન્ય રાખી શકાય છે ? અને એની પર ભરોસો થઈ શકે છે ?

**જવાબ** :– કાફિરની વાત શરીઅતના વર્તુળમાં માન્ય રાખી શકાય તેમ હોય તો માન્ય રાખવામાં વાંધો નથી અને એની વાત ભરોસા લાયક હોય તો ભરોસો પણ કરી શકાય છે. કુર્આન બાબતે જે સારા





મંતવ્યો તેમણે પ્રગટ કર્યા તેને માન્ય રાખવામાં શરઈ કોઈ ખરાબી નથી અને કાફિરો માટે તેમનાં મંતવ્યો દલીલ છે. એટલે અત્રે તેમના મંતવ્યો રજુ કરવામાં આવે છે.

## ★ ગૈરમુસ્લિમ વિદ્વાનોનાં મતવ્યો ★

(૧) *ગિબ્બન* યૂરોપનો પ્રખ્યાત ઈતિહાસકાર માનવામાં આવે છે. તે પોતાની કિતાબ *ડિકલાઈન એન્ડ ફોલ ઓફ રૂમ એમ્પાયર* (રોમન સત્તાનો વિનાશ)માં લખે છે કે, મુહંમદ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ધર્મ શંકા કુશંકાના આક્ષેપથી પાક છે અને કુર્આન શરીફ અલ્લાહ તઆલાના એક હોવા પર ઉત્તમ દલીલ છે.

(૨) *થૉમ્સ કારલાઈલ* પોતાની કિતાબ *હિરો ઍન્ડ હિરો વરશીપ*માં લખે છે :–

આવા માણસની વાત એક એવો અવાજ છે જે સીધો ફિતરતના દિલથી નીકળેલો છે. લોકોએ આ જ વાત સાંભળવાની ઈચ્છા કરવી જોઈએ. બીજી બધી વાતો તેના મુકાબલામાં હલકી છે.

(૩) *રીવીરિન્ડર આર. બુસ વર્થ સ્મીથ* પોતાની કિતાબ *મુહંમદ ઍન્ડ મુહંમદ ઈઝમ*માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને કુર્આન બાબતે પોતાનું મંતવ્ય પ્રગટ કરતાં લખે છે :–

તેઓ પોતે કોઈનાથી પઢેલ ન હતા, લખવું પઢવું તેમના માટે કઠિન હતું તો પણ તેઓ એક કિતાબના સંપાદક છે જે શાયરી માફક છે. કાયદા કાનૂનનો જથ્થો છે. સામાન્ય દુઆઓની એક કિતાબ છે, બાયબલ છે અને આ સઘળું એકમાં જ છે. સમગ્ર જગતના છઠ્ઠા ભાગના માણસોમાં આજે પણ ઈજ્જતવાળા છે. લખાણની સાફ સ્ટાઈલ (પધ્ધતિ) હિકમત અને સચ્ચાઈ (સત્યતા)નો એક મો'જેઝો. આ જ એક મો'જેઝો છે જેનો મુહંમદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ દાવો કર્યો છે. આપનો કાયમી મો'જેઝો જેવું કે એમણે કહ્યું છે અને વાસ્તવિકતામાં આ એક મો'જેઝો છે.

(૪) *લૉ માર્ટીન* પોતાની કિતાબ *''હીસ્ટોરી ઑફ ધ તુર્કસ''*માં સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم બાબત પોતાનું મંતવ્ય રજુ કરે છે :–

ફિલૉસોફર, સ્પીકર, પૈગમ્બર, કાનૂન બનાવનાર, સિપાઈ, ફિક્રોનો વિજયી, અકલી દલીલો પર ભરોસો અપાવનાર, મૂર્તિઓથી પાક ધર્મ, વીસ જમીની સત્તાઓ અને એક રૂહાની સત્તાના સ્થાપક આ છે મુહમ્મદ ! દરેક તે ખૂબીઓમાં જેનાથી માણસની બુઝુર્ગી માપી શકાય. અમને એ પૂછવાનો હક્ક છે કે શું આપથી વધીને કોઈ માણસ થઈ શકે છે ? જવાબ આપતાં લખે છે :–તેમનાથી વધીને કોઈ માણસ નથી. વાસ્તવિકતામાં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم સર્વથી વધીને છે.

(૫) *જુલિસ મીસરમેને ટાઈમ મેગેઝીન* ૧૫ જુલાઈ, ઈ.સ. ૧૯૭૪માં એક લેખ લખ્યો હતો *"વેર આર ધ લીડરઝ"* તેમાં મહાન મહાન લોકોની તારીફ કરી અંતમાં પોતાનું મંતવ્ય રજુ કરતાં લખે છે :–

મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક જમાનાના સર્વોત્તમ માર્ગદર્શક હતા.

ઉપરોકત લેખક યૂહદી હતો તો પણ તેણે ન્યાયથી કામ લીધું. તેણે પોતાના નબી હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام ને બીજા નંબર પર રાખ્યા અને આપણા નબીને દુનિયાના પહેલા નંબરના માર્ગદર્શક બતાવ્યા.

(૬) *માયકલ એચ. હાર્ટ*એ ૫૭૨ પેજની એક કિતાબ લખી છે જેનું નામ છે..... *"ધ હન્ડ્રેડ ઈન હસ્ટોરી"*. તેણે હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام થી આજ સુધીની ઐતિહાસિક હસ્તીઓનો ઈતિહાસ લખ્યો છે. જેની કુલ સંખ્યા એક સો છે અને એમાં પ્રથમ મુકામ આપણા પ્યારા આકા વ મૌલા અહમદે મુજતબા મુહંમદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ને આપ્યું છે. ઈસાઈ હોવા છતાં તેણે હઝરત મસીહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ત્રીજી જગાએ લખેલા છે.

**સવાલ** :– જ્યારે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم *માયકલના* મંતવ્ય પ્રમાણે દરેક માર્ગદર્શકમાં પ્રથમ સ્થાને છે. તો પછી તેણે ઈસ્લામ કેમ ન સ્વીકારી લીધો ? તો એનો જવાબ એ છે કે તેણે નબી





હોવાની દ્રષ્ટિએ આપને પ્રથમ સ્થાને નથી રાખ્યા બલ્કે દુનિયામાં વધારે ખ્યાતિ મેળવવામાં અને સારી કિતાબ પેશ કરવામાં પ્રથમ સ્થાને હતા. એટલે તેણે હુઝૂરને પ્રથમ સ્થાને રાખીને ઈસ્લામ કબૂલ ન કર્યો અને એ જ હાલ દરેક યૂરોપ અને યૂરોપ બહારના ગેરમુસ્લિમ રાયટરો અને લેખકોનો છે. તેમણે કુર્આનની તારીફ કરી છે પણ એ નિય્યતે નહીં કે એ ખુદાની ઉતારેલી કિતાબ છે, બલ્કે તેઓ તેના સંપાદક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને માને છે. દાખલા તરીકે દુનિયામાં ઘણી બધી એવી કિતાબો છે જેની તારીફ કરવામાં આવી અને તેના સંપાદકોને ખ્યાતિ મળી, પણ એનો મતલબ એવો નથી કે તે અલ્લાહની નાઝિલ કરેલી છે તો એ પ્રમાણે ઉપરોકત લેખકો અને આવતા લેખકોના લખાણનો ભાવાર્થ છે. એટલે તેમણે આપણા નબીની અને આપણી દીની કિતાબ કુર્આનની તારીફ કરીને ઈસ્લામ દીન ન સ્વીકાર્યો. ખુદાઈ દીન સ્વીકારવા માટે તેને ખુદાઈ દીન માનવો પણ જરૂરી છે.

(૭) *ડૉક્ટર રોડવેલ દીબાચા*એ કુર્આનમાં (પ્રસ્તાવના) લખે છે કુર્આન શરીફ સીમા પારની સચ્ચાઈ છે જેનું શબ્દોમાં વર્ણન થયું છે. શોર્ટમાં હોવા છતાં મજબૂત અને સત્ય માર્ગદર્શન અને ઈલ્હામી હિકમતોથી ભરેલી છે. (તારીખુલ કુર્આનથી હવાલો લેવામાં આવ્યો છે.)

(૮) ડૉક્ટર હિટલર લખે છે (તારીખુલ કુર્આનથી હવાલો લેવામાં આવ્યો છે) ઈસ્લામની બુનિયાદ કુર્આન પર છે જે સારા સંસ્કારનો ઝંડો ઉડાડે છે અને તાલમી આપે છે કે માણસ જે ન જાણતો હોય તે જાણે અને શીખે. મજબૂતપણુ અને ઈઝ્ઝતે નફસ જરૂરી છે. તેની ખાસિયતોમાં નરમી અને સારા સંસ્કારની મોટામાં મોટી બુનિયાદ છે.

(૯) *જોન કેવન પોર્ટ "ધ ગ્રેટ ટીચર"*માં લખે છે :–

હઝરત મસીહ علیہ الصلوٰۃ والسلام પછી દુનિયાની અખ્લાકી હાલતનો વિનાશ થઈ ગયો હતો. ચારેબાજુ જહાલતનું અંધકાર છવાઈ ગયું હતું. દરેક દિશામાં બેચેની અને અશાંતિની અગ્નિ ભભૂકી

રહી હતી. પથ્થરોને પૂજા લાયક સમજવામાં આવતા હતા. ખરાબ વાતોથી તદ્દન બચવામાં ન આવતું હતું. આવી સ્થિતિમાં હઝરત મુહંમદ صلی اللہ تعالیٰ علیہ وسلم પેદા થયા અને ઈ.સ. ૬૧૧માં તેમણે કુર્આન પ્રકાશિત કર્યુ. આ સહેલો સરળ ધાર્મિક કાયદો છે જેમાં મનુષ્ય જીવન સુધારા માટે બધું જ મૌજૂદ છે. તેની ખાસ ખૂબી એ છે કે તેની તાલીમાત ઈન્સાની ફિતરત (તબીયત)ને મળતી આવે છે. તે ધાર્મિક કાયદાએ એક દિશામાં રૂહના સુધારા માટે માર્ગદર્શન આપ્યું તો બીજી દિશાએ દુનિયાવી પ્રગતિના કીમતી કાયદાઓ રજુ કર્યા.

(૧૦) *મિસ્ટર સ્ટેન પીલેન પોલ ''ગાઈડન્સ ઓફ હોલી કુર્આન''*માં લખે છે :–

હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કુર્આન એવા ગંભીર સમયે દુનિયા સમક્ષ રજુ કર્યુ, જ્યારે ચારે બાજુ જહાલત અને અંધકારની સત્તા હતી. મનુષ્નાય સંસ્કારનો જનાઝો નીકળી ગયો હતો, મૂર્તિ પૂજા ધૂમધામથી થઈ રહી હતી. કુર્આને તે સઘળી અંધશ્રધ્ધાઓનો નાશ કર્યો, જેના દુનિયા પર છવાઈ જવામાં બરાબર છ સદીઓ પસાર થઈ હતી. કુર્આને દુનિયાને સર્વોત્તમ અખ્લાકની તાલીમ આપી. ધાર્મિક કાયદા કાનૂન, ઈલ્મ અને હિકમતો શીખવાડી. ઝાલિમોને રહેમદિલ અને જંગલીઓને ઈબાદતગુઝાર બનાવ્યા. જો આ કિતાબ પ્રસિધ્ધ ન થતી તો ઈન્સાની સંસ્કારનો વિનાશ થઈ જતો. દુનિયાવાસીઓ નામના માણસ રહી જતા.

*(૧૧) પ્રોફેસર હર્બટ વાઈલ કહે છે (લેકચર ઈન ઈસ્લામ) :–*

કુર્આન અખ્લાકી માર્ગદર્શન અને હિકમતની વાતોથી ભરેલું છે. એવા સમયે દુનિયા સમક્ષ રજુ થયું જ્યારે ચારે બાજુ જહાલતનું અંધકાર ફેલાયેલું હતું. જમીન પર એવી કોઈ જગા ન હતી જ્યાં નેકીઓનો રિવાજ હોય અને કોઈ જમાઅત એવી ન હતી જે સીધા માર્ગે ચાલતી હોય. કુર્આને ઈન્સાની દુનિયાનો સુધારો કર્યો અને જનાવરોને સંપૂર્ણ માનવ બનાવ્યા. જેમણે એના લેખો પર ધ્યાન આપ્યું તેઓ એ વાત સમજી શકે છે કે તે એક સંપૂર્ણ માર્ગદર્શન





બંધારણ છે. ઈન્સાની જીવનની કોઈ પણ ડાળી લેવામાં આવે તો અશકય છે કે તેમાં એની તા'લીમાત રસ્તો ન બતાવતી હોય. મારો અભિપ્રાય છે કે જો એની તાલીમા'ત પર અમલ કરવામાં આવે તો એક સમજદાર માણસ એક સાથે દુન્યવી અને રૂહાની પ્રગતિ કરી શકે છે. જો તે સંસ્કાર જેમાં માનવ ઈજ્જત છે, દાખલા તરીકે સત્યતા, પરહેઝગારી, કૃપા, દયા, માફી, પાક દામની, કુર્આનમાં આ સઘળા માર્ગદર્શનો મૌજૂદ છે અને જો તે સંસ્કાર જેનો સંબંધ દુન્યવી પ્રગતિથી છે, દાખલા તરીકે પ્યાર, મહોબ્બત, ભાઈચારો, મક્કમતા, હિંમત, બહાદુરી તો આ માર્ગદર્શનોથી પણ કુર્આન ભરેલું છે. હર હાલમાં એ અચરજમાં પાડનાર માર્ગદર્શક કાયદો કાનૂન છે.

(૧૨) *ડૉકટર મુરીસ ફ્રાન્સીસ* કહે છે *(તારીખુલ કુર્આન) :–*

આ કિતાબ (કુર્આન) સઘળી આસ્માની કિતાબોમાં ઉત્તમ છે, બલ્કે અમે કહેવાનો હક રાખીએ છીએ કે કુદરતે અઝલી ઈનાયત અને પ્યારને લઈને જે કિતાબો તૈયાર કરી તે બધામાં ઉત્તમ કિતાબ છે. તેની સદાઓ ઈન્સાનની ભલાઈ અને કામયાબીના સંબંધથી યૂનાની ફલસફાની સદાઓથી ઘણી જ સારી છે. ખુદાની અઝમત અને બુઝુર્ગીથી તેનો શબ્દ શબ્દ ભરેલો છે. કુર્આન આલિમો માટે એક ઈલ્મી કિતાબ, શબ્દકોશના ઈલ્મથી શોખ–રાખનાર લોકો માટે શબ્દોનો જથ્થો, શાયરો માટે શાયરીના વિષયનો ખજાનો, શરીઅત અને કાયદા કાનૂનનો ઈન્સાઈકલૉપીડયા છે. આ કિતાબની મૌજૂદગીમાં બીજી કોઈ કિતાબની જરૂરત નથી. તેની ભાષાવાણી સમગ્ર જગતથી તેને બેપરવા રાખે છે. આ સાચી વાત છે અને એની સત્યતા પર મોટામાં મોટી દલીલ એ છે કે મહાન લેખકો, શાયરો અને સંપાદકોના માથાં આ કિતાબ સમક્ષ નમી જાય છે. તેમાંથી રોજ રોજ નવી નવી વાતો નીકળતી જ જાય છે અને તેનાં રહસ્યો કયારેય પણ પૂરાં નથી થતાં.

(૧૩) *પ્રોફેસર ડિપોજિટ ''લાઈફ ઑ મુહંમદ* صلی اللہ تعالیٰ علیہ وسلم ના ભાગ–૧, પેજ. ૩૫ પર લખે છે)....

અમારી ઉપર વાજિબ છે કે અમે એ વાતની કબૂલાત કરીએ કે ઈલ્મે તબાબત, ઈલ્મે આકાશી, ઈલ્મે હિસાબ (ગણિત) વગેરે જે દસમી સદીમાં યૂરોપની ધરતી પર પહોંચ્યાં તે કુર્આનથી લેવામાં આવેલા છે અને ઈસ્લામના સદકામાં મળ્યાં છે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કોઈનાથી ઈલ્મ નથી શીખ્યું તો પણ એક સમયે ત્રણ મહાન મકસદો પબ્લિક એકતા, દીનદારી અને બાદશાહતની બુનિયાદ નાખી, તે સિવાય એક એવી કિતાબ દુનિયા સમક્ષ રજુ કરી જે ભાષા વાણીનો મજબૂત કિલ્લો શરીઅતનું વાજિબુલ અમલ બંધારણ, ધર્મ અને ઈબાદતનું યકીન લાયક ફર્માન છે. આ તે મુકદસ અને બુઝુર્ગ કિતાબ છે જે આજે દુનિયાના અડધા ભાગમાં માનવામાં આવે છે અને કબૂલપાત્ર સમજાય છે. તેનું લખાણ અને હિકમતોને મુ'જિઝો માનવામાં આવે છે.

(૧૪) *ડૉક્ટર સીલ (તારીખુલ કુર્આન)* કહે છે :–

કુર્આન અતિ પાક સાફ પ્યારી ભાષામાં છે. આ કિતાબથી સાબિત થાય છે કે કોઈ માણસ આના જેવું નથી લાવી શકતો. આ અણમિટ મો'જેઝો છે, જે મુડદું જીવંત કરવાથી ઉત્તમ છે.

(૧૫) *ડૉક્ટર સિમવીલ જાંસન* લખે છે (તારીખુલ કુર્આન) :–

કુર્આનના માયના મતલબો એટલા વિશાળ અને દરેક જમાના માટે એટલા યોગ્ય છે કે જમાનાની સઘળી સદાઓ માન ન માન તેને કબૂલી લે છે અને તે મહેલો, રણો, શહેરો અન સલ્તનતોમાં (સત્તાઓ) ગુંજતો ફરે છે.

(૧૬) *ડૉક્ટર ગસ્ટુલીબાન* લખે છે (ઉસ્વએ નબી) :–

કુર્આનની તાલીમ તબઈ (આર્થિક) ઈલ્મોથી સંબંધ રાખે છે. તેની અસર એ છે કે તે માણસ અખ્લાકમાં નરમી, નેકી, ધર્મન્યાય સાથે સંબંધ રાખે છે.

(૧૭) *પૉપ્યુલર ઈન્સાઈલોપિડયા*માં છે.....

કુર્આનની ભાષા અરબી ભાષા કોશના આધારે અતિ ઉત્તમ





છે. તેના લખાણની ખૂબીઓએ આજ સુધી તેને બેનઝીર (જેના જેવી ન થઈ શકે) સાબિત કરી છે. તેના આદેશો એટલા અક્કલ અને હિકમતથી મિત્રતા ધરાવે છે કે જો માણસ તેને દિલની આંખોથી દેખે તો તે એક સાફ સુધરા જીવન વિતાવામાં મદદરૂપ થઈ શકે છે.

(૧૮) પ્રખ્યાત ઈસાઈ પાદરી *મિસ્ટર ડીન સ્ટીલી* લખે છે :–

કુર્આનનો કાયદો કાનૂન નિઃશક બાયબલના કાયદા કાનૂનથી વધારે અસરવાળો પૂરવાર થયો છે. (મશ્રિકી કલીસા, પેજ–૨૯)

(૧૯) *જર્મન ફાઝિલ ગોઈડ* લખે છે *(લેકચર ધ ઈસ્લામ) :–*

આપણે જેટલા આ કિતાબ નિકટ જઈએ છીએ એટલે કે તેના પર ધ્યાન આપીએ છીએ એટલી જ તે દૂર ખેંચી જાય છે. એટલે કે તે વધારે ઉત્તમ જાણવા મળે છે. તે ધીમે ધીમે મહોબ્બતમાં વધારો કરે છે. પછી અચરજમાં ફેંકે છે, પછી ખુશી અને આનંદ સાથે આશ્ચર્ય ચકિત બનાવે છે અને અંતે પોતાની ઈજ્જત કરાવીને રહે છે. આમ જ આ કિતાબ દરેક નિગાહમાં ઘણી જ અસર કરે છે.

(૨૦) *ઈ, ડબલ્યુ, બલાટનંડન ઈસાઈયત, ઈસ્લામ અને હબ્શી નસ્લ*માં લખે છે :–

જ્યાં ખયાલો હબ્શી લોકોને સમજમાં નથી આવતા ત્યાં કુર્આન મજીદના શબ્દો તેમના માટે કબૂલી ન શકાય એવી ખૂબસૂરતી, મ્યુઝિક સમાન અને વર્ણન ન થઈ શકે એવું જાદૂ બની જાય છે. જે માત્ર પશ્ચિમી ભાષાઓ જાણનારાઓને માટે તદ્દન સમજમાં નથી આવી શકતું. (એટલે કે અરબી સમજમાં ન આવે તો પણ માત્ર તેની તિલાવતથી વિના મ્યુઝિકે વજૂદમાં આવવું પશ્ચિમી દુનિયાવાસીઓને સમજમાં નથી આવી શકતું.

(૨૧) *જૉન જાક રીસ્ક (જર્મન)* જે અરબી ભાષા જાણતો હતો અને તેણે અરબીની ઘણી બધી કિતાબોનો પોતાની ભાષામાં તર્જુમો કરેલો છે તે લખે છે : અમુક લોકો થોડી ઘણી અરબી શીખીને કુર્આનનો મઝાક ઉડાવે છે. જો તેમને પોતાની ખૂશનસીબીથી કયારેક એ મોકો મળી જતો કે સરકારે દો આલમ પોતાની મધૂરવાણીમાં અસરકારક

લેહજામાં કુર્આનની કોઈ સૂરત પઢતા હોય, જેની દિલો પર વિજળી માફક અસર થાય છે. અને જ્યારે કોઈ આયત બાબતે એવું લાગે કે સાંભળનારાઓ તેના મતલબ સુધી પહોંચી નથી શકયા તો પોતાની મો'જેઝાવાળી જીભ મુબારકથી તેનો ખુલાસો ફર્માવતા હતા, તે વ્યકિત કોઈ પણ શંકા વિના બેકાબૂ થઈને સિજદામાં પડી જતો હતો અને તેના મુખથી પ્રથમ અવાજ એ નીકળતો કે પ્યારા નબી રસૂલે ખુદા ! તમારી ઉપર સલાતો સલામ ! મારો હાથ પકડી લો અને મને તમારા શુભેચ્છકોમાં શામિલ કરવાની ઈજ્જતથી શર્ફયાબ કરો.

(૨૨) *ચેમ્બર્ઝ ઈન્ફોર્મેશન ફોર ધ પીપલ*માં વર્ણન છે :–

કુર્આન મજીદની ભાષા ઘણી જ સુંદર અને શુધ્ધ છે. બીજી કોઈ કિતાબની એટલી ઈજ્જત કરવામાં નથી આવતી જેટલી મુસલમાન કુર્આનની કરે છે. એટલે સુધી કે પાકી હાસલ કર્યા વિના એને હાથ પણ લગાડવામાં નથી આવતો. દરેક મુસીબત અને તકલીફમાં એનો ફેંસલો લેવામાં આવે છે અને એને ન્યાયાધિષ બનાવવામાં આવે છે અને દરેક જગાએ એની આયતો જાહેર કરવામાં આવે છે.

(૨૩) *પાવર એન્ડ પરીજુડસી* જે ઈંગ્લિશની પ્રખ્યાત બુક છે તેમાં વર્ણન છે :–

કુર્આનની મહાનતા અને તેના મૂળ કાયદા કાનૂનની વિશેષતા એ છે કે તે એક એવી કિતાબ છે, જેમાં સત્ય અને ઈજ્જતવાળી ચિંતાઓ અને સારા સંસ્કારની તાલીમ આપવામાં આવી છે.

(૨૪) *લાઈફ ઑફ ધ મુહમ્મદ* صلی اللہ تعالیٰ علیہ وسلم માં સર *વિલ્યમ*નું લખાણ છે....

કુર્આન મજીદમાં ફિતરત અને જગતમાંથી ઘણી બધી દલીલો લેવામાં આવી છે. જેનો મકસદ અલ્લાહ તઆલાને સૌથી મહાન હસ્તી સાબિત કરવું અને માણસને તેની ઈબાદત બંદગી અને શુક્રગુઝારી માટે તત્પર કરવું છે. તેમાં આલમે આખિરત, ભલાઈ અને બુરાઈનો





બદલો, સારા કામ કરવાં અને ખરાબથી બચવાની જરૂરત, મખ્લૂક માટે ખાલિકની ઈબાદતની ફર્ઝિયત અને તેના સારાં પરિણામ વગેરે અતિ શુધ્ધ અને અસરકારક ભાષામાં વર્ણન છે.

આમ જ કયામતની માન્યતા ઘણી જ મજબૂત દલીલોથી સાબિત કરવામાં આવી છે અને ખાસ કરીને તેના દાખલામાં તે જમીન તરફ ઈશારો કરવામાં આવ્યો, જે ઘણી લાંબી મુદ્દતથી સુકી અને વેરાન પડેલી હોય, પરંતુ જોત જોતામાં મુશળધાર વર્ષાથી તેમાં જીવ અને હરીયાળીના મજાદાર ચિન્હો પેદા થઈ જાય.

(૨૫) *લંડનનુ પ્રખ્યાત પેપર નીરેસ્ટ ૧૩–એપ્રિલ, ૧૯૯૨*માં છાપવામાં આવ્યું હતું :–

આપણે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાલીમ અને ફર્માન બાબતે ગમે તે મંતવ્ય રાખીએ પરંતુ એ તો આપણે જરૂરથી કબૂલવું પડશે કે (અલ્લાહ તરફથી) ઉતારવામાં અને અનુક્રમમાં કુર્આન બુધ્ધિઓને આશ્ચર્યમાં નાખનાર મો'જેઝા જેવો સહીફો છે. ભલે પછી તેની ભાષા અને વિચારસરણી જે તેમાં વર્ણન છે આપણી પોતાની ભાષા અને વિચારસરણીથી વિરૂધ્ધ છે. જો આપણે એની કદર, કિંમત, બુઝુર્ગી, ફઝીલત, ઘણી બધી સ્થિતિઓમાં તેની સુંદરતા પછી તે વિચારસરણી, તર્જુમા અને ભાષાંતરના રૂપમાં આપણી સમક્ષ રજુ કરવામાં આવે તેને સ્વીકારી ન લઈએ તો વાસ્તવિકતામાં આપણે અક્કલ અને સમજથી અલગ છીએ. (એટલે કે ઈસ્લામ સ્વીકારવો ન સ્વીકારવો એ અલગ મસ્અલો છે પરંતુ ઈસ્લામ તરફથી જે ખયાલાત અને મંતવ્યો રજુ કરવામાં આવ્યા છે તે અક્કલમાં આવી શકે છે. તો તેનો ઈન્કાર કરવો આપણી અક્કલનો ઈન્કાર કરવા બરાબર છે.)

(૨૬) *પાદરી વોલરમીસન ડી. ડી.* એ ચર્ચમાં લેકચર દરમિયાન કહ્યું :–

પ્રકરણ "આલમી શાંતિનો સત્ય માર્ગ" ઈસાઈઓને બુરા તરીકાથી વગોવતાં કહ્યું કે તેઓ એવા દેશોમાં પણ શાંતિ સ્થાપવાથી લાચાર

છે જેમાં માત્ર ઈસાઈ લોકો રહે છે અને ઈસ્લામની આ શબ્દોમાં તારીફ કરતાં કહે છે કે મુસલમાનોનો ધર્મ કુર્આનનો ધર્મ છે. એક શાંતિ અને સલામતી (રક્ષણ)નો ધર્મ છે અને તેનું નામ ઈસ્લામ છે. જે વ્યકિત ઈસ્લામનું પાલન કરે છે તેને મુસ્લિમ કહેવામાં આવે છે. એટલે કે તે વ્યકિત જે ખુદા સાથે સુલેહ કરે અને મખ્લૂકમાં શાંતિ સ્થાપે. મુસલમાન એક બીજાને સલામ કરતાં કહે છે, ''અસ્સલામુ અલૈકુમ'' એટલે કે તમે શાંતિ અને આરામથી રહો. (ઈસ્લામિક રિવ્યુ)

(૨૭) *ગાવાફરી હેગનસ* લખે છે :–

મસીહની ઈન્જીલ માફક કુર્આન ગરીબ માણસનો દોસ્ત અને ગમખ્વાર છે. મોટા માણસોના અન્યાયની દરેક જગાએ બુરાઈ કરે છે. તે માણસોની તેમના મરતબા પ્રમાણે ઈજ્જત નથી કરતો. આ વાત તેના લેખક (ઈસાઈના કહેવા મુજબ) પછી તે અરબના પ્રખ્યાત પૈગમ્બર મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم હોય અથવા તેમના ખલીફા ઉસ્માન હોય, તેમની અણમિટ નેકનામીનો ઝરીયો છે. તેમાં એવો હુકમ પણ નથી મળતો જેમાં બીજી કોઈ બાંધછોડ તરફ નમતાપણું હોય. (એટલે કે કુર્આનના આદેશોમાં ન્યાય જોવા મળે છે અને દુન્યવી માન મરતબાના લોકો માટે કોઈ પ્રકારની બાંધ છોડ નથી અને તેમના માન મરતબા પ્રમાણે તેમનું સન્માન કરવામાં પણ નથી આવતું. તેની બુનિયાદ દીન અને ધર્મ પર છે, તેમાં જે જેટલો આગળ હોય તેનું તે પ્રમાણે સન્માન કરવામાં આવે છે.)

(૨૮) *ડૉક્ટર જારઈન* પોતાની પ્રખ્યાત ચોપડી *''વર્લ્ડ પ્રોગ્રેસ*માં લખે છે :– કુર્આનનો અગત્યનો મકસદ અને અન્ય કાયદા કાનૂન મૂતિપૂજકો, યહૂદીઓ અને ઈસાઈઓને એક ખુદાની બંદગી પર એકમત કરવું છે. તે કુરૈશની અરબી ભાષામાં લખવામાં આવ્યું અને આ ભાષા ખરેખર દરેક પ્રકારની ઉત્તમતા અને સુંદરતા ધરાવે છે. વર્ણવવામાં આવે છે કે આ જન્નતુલ ફિરદૌસની ભાષા છે. કુર્આન કરીમના લખાણનો તરીકો ઘણો પ્રિય છે અને જ્યાં જ્યાં અલ્લાહ





તઆલાનો ઝિક્ર અને તેની સિફતોનું વર્ણન છે ઘણુ જ સુંદર અને પ્યારું છે. મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત મૂસા અને ઈસા علیہ الصلوٰۃ والتسلیم ની નબુવ્વતને કબૂલતા હતા. કુર્આન મજીદે ત્રાસ, જૂઠ, અભિમાન, ચોરી, લાલચ, ફુઝૂલખર્ચી, હરામકારી ખયાનત, બદગુમાની વગેરે ખરાબ કૃત્યોની ઘણી જ બુરાઈ કરી છે અને આ તેની ખૂબી છે.

(૨૯) *થયોડવર* પોતાની કિતાબ *''ધીસ કુર્આન્સ'*'માં લખે છે :–

મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمનો મૂળ હેતુ માત્ર એ હતો કે લોકોને શોખ આપીને અને તત્પર કરીને બાતિલ મઅ્બૂદોથી અલગ કરી એક ખુદા તરફ લાવવામાં આવે. વાતચીતનો ભાવાર્થ ગમે તે હોય પણ ઊંડાણમાં જઈએ તો હકીકતમાં આજ હેતુ ગુપ્ત હોય છે. સાંભળનારાઓને મન્તિકી દલીલોથી ન કબૂલાવતા પણ આત્મ શકિતથી અસર કરવા માટે હમેશાં ફસાહત અને બલાગતનો ઉપયોગ કરતા. આ હેતુને લક્ષમાં રાખી ખુદાની બુઝુર્ગી વર્ણન કરતા, દુનિયામાં થતાં કામો અને ઐતિહાસિક દુનિયામાં સુંદરતાથી ખુદાની કુદરત દર્શાવતા અને બીજી દિશાએ મૂર્તિઓની કમજોરીથી હંસી કરાવતા, દીનદારોની હમેશાં હમેશ રહેવાવાળી ખુશીઓ અને ગુનેહગારોની તકલીફોની સ્થિતિઓ વધારે ઉત્તમતા ધરાવે છે. આજ વાતો અંતે ઈસ્લામના પ્રચારમાં અતિ મજબૂત કારણો સમજવાં જોઈએ. થોડે આગળ જઈને પેજ નં. ૫૮ પર લખે છે :–

કુર્આનની સૌથી અધિક સુંદર સૂરતો તે છે જેમાં હશ્રના દિવસની આવવાની ખબર સાંભળી માનું હૈયું ધ્રુજી જવું વર્ણવવામાં આવ્યું છે, એવું લાગે છે જાણે આપણે ઉભરેલી જમીન અને ફેલાયેલા પહાડોને ધૂળ અને રેતીમાં બદલાતા અને તારાઓને ગંભીર સ્થિતિમાં જેમ તેમ પડેલા પોતાની આંખોથી નિહાળી રહ્યા છીએ !

(૩૦) *મિસ્ટર માડયૂક પચથાલે લંડન*ના મુસલમાનોની રૂબરૂમાં ખુદાની બાદશાહીના પ્રકરણ પર ભાષણ કરતાં કહ્યું :–

કુર્આન મજીદ જેની લાચાર કરનાર ઉત્તમતા મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمએ પોતે પોતાના ઈલાહી હેતુના સુબૂતમાં વર્ણન કરી જે

વાસ્તવિકતામાં એક મો'જેઝો જ જાણવા મળે છે. એટલા માટે કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم બા અખ્લાક હતા પણ ઉમ્મી હતા. એટલે કે આપે મખ્લૂક પાસેથી ઈલ્મ પ્રાપ્ત નથી કર્યું. અને આ બાબતે શંકાનું કોઈ માનવામાં આવે એવું કારણ વજૂદમાં નથી. આ આશ્ચર્યચકિત કલામની સુંદરતા, ફસાહત અને બલાગત વધુ પ્રમાણમાં હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمના બેહોશીના આલમમાં ઉતર્યું (એટલે કે વહી દ્વારા), આ કિતાબ જેવી કોઈ કિતાબ જગતમાં નથી. આ કિતાબ કોઈ પણ શંકા વિના જમાનાની આશ્ચર્યચકિત બનાવનાર છે. (પયામે અમ્ન, પેજ નં. ૪૭)

(૩૧) *કોન્ટ હિનરી* પોતાની કિતાબ *અલઈસ્લામ*માં લખે છે :– (મૂળ કિતાબ ફ્રેંચમાં લખાએલી હતી તેનું ભાષાંતર *અહમદ ફત્હિ મિશ્રી*એ અરબીમાં કરેલું છે.)

કુર્આનની વહીનો મસ્અલો અતિ અધિક કઠણ છે. ચર્ચા વિચારણાથી કામ લેનાર લોકો તેનો હલ અને નિકાલ જોઈએ તે પ્રમાણે નથી કરી શકયા. અક્કલ પૂરેપૂરી આશ્ચર્યમાં છે કે આ પ્રમાણેનું કલામ એવા વ્યકિતની જીભેથી કેમ કરી અદા થઈ શકે છે જે તદ્દન ઉમ્મી હતો. પૂર્વના દેશો એ વાત સ્વીકારે છે કે આ કલામ કે જેનો નમૂનો શબ્દ અને અર્થમાં સમગ્ર મનુષ્ય જાતિ રજૂ કરવાથી આજીઝ અને લાચાર છે તે જ કલામ છે જેની ઉચ્ચ પ્રકારના શબ્દાર્થી કથને ઉમર બિન ખત્તાબને આત્મ શાંતિ અર્પણ કરી અને તેઓ ખુદાને માનતા થઈ ગયા. તે જ કલામ છે કે જ્યારે યહ્યા علیہ الصلوٰۃ والتسلیم પેદાઈશ સંબંધિત તેના ફકરાઓ જાફર અબી તાલિબે નજ્જાશી સમક્ષ પઢયા તો તેની આંખોથી આંસુ વહેવાં લાગ્યાં અને બિશપે બુલંદ સ્વરે કહ્યું કે આ કલામ તે જ ઝરણાથી નીકળેલ છે જેનાથી ઈસા علیہ الصلوٰۃ والتسلیم નું કલામ નીકળ્યું હતું.

(૩૨) *હરબર્ટ લેકચર્ઝ*માં છે :– ઈસ્લામી કાયદો તારીફ પાત્ર ઓસૂલથી મળેલો છે અને વધારે તારીફ લાયક એ વસ્તુ છે કે તે ઓસૂલ પર અમલ કરવામાં શકિતશાળી સફળતા પ્રાપ્ત થાય છે.





ઈસ્લામની શરીઅત અતિ ઉત્તમ અકલી કાયદાઓનું સંગઠન છે તેમાં જ ફઝીલતો અને અમલોનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે એનાં ઉત્તમ અને સરળ છે કે પ્રખ્યાત ઈસાઈના માર્ગદર્શનો પણ તેનો મુકાબલો નથી કરી શકતા.

(૩૩) *રીવરન્ડ આરમેક્ષવીલ કિંગ* પોતાના *લેકચર દીને ઈસ્લામ*માં કહે છે :– ઈસ્લામની સરળતા કુર્આનની કિતાબ છે જે હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمના નબુવ્વતના જમાનાના ઈલ્હામોનું સંગઠન છે. તેમાં માત્ર ઈસ્લામ ધર્મના કાયદા કાનૂનનું વર્ણન નથી, બલ્કે તેમાં સંસ્કારની તાલીમ, રોજીંદા વેપાર–ધંધા સંબંધિત માર્ગદર્શન અને કાયદાઓ છે. એટલા માટે મુસલમાનોને ઈસાઈઓ પર ઉત્તમતા પ્રાપ્ત છે કે ઈસ્લામની ધાર્મિક તાલીમ અને કાયદા કાનૂન બંને જુદી જુદી ચીજો છે.

કુર્આને યહૂદીઓ, ઈસાઈઓ અને અગ્નિપૂજકોના ધર્મ પર પૂરેપૂરું પ્રકાશ નાખેલું છે. જેમ ખુદાએ યહૂદીઓને તૌરેતથી અને ઈસાઈઓને ઈન્જીલથી માર્ગદર્શન આપ્યું એ જ પ્રમાણે મુસલમાનોને કુર્આનથી સીધો માર્ગ બતાવ્યો.

થોડે આગળ જઈને કહે છે :– વધુ પ્રમાણમાં કહેવામાં આવે છે કે કુર્આન મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمનું લખેલું છે અને તેમાં જે કંઈ છે તે સઘળું તૌરત અને ઈન્જીલમાંથી લેવામાં આવ્યું છે, પણ મારું માનવું એ છે કે ઈલ્હામી દુનિયામાં ઈલ્હામ કોઈ ચીજ છે અને ઈલ્હામનો વજૂદ સંપૂર્ણ છે તો કુર્આન શરીફ જરૂર ઈલ્હામી કિતાબ છે. (પયામે અમ્ન, પેજ–૪૫)

(૩૪) *''ધ લીસન ધ મુહમ્મદ* (صلی اللہ تعالیٰ علیہ وسلم)માં છે જે ઈસવી સન ૧૮૮૪માં પ્રકાશિત થઈ હતી :–

કુર્આન અકાઈદ અને સારા સંસ્કારમાં તેમજ તેના પર આધારિત ચીજો માટે સંપૂર્ણ કાયદો વર્ણવે છે. તેમાં રાજકરણને લગતા દરેક કાયદા–કાનૂન, માર્ગદર્શન માટે (કાયદા) ન્યાય અને ઈન્સાફ માટે (કાયદા), ફોજી વ્યવસાય માટે (કાયદા), ગરીબો માટે

(તેમની મદદ માટે) માલને લગતા કાનૂનની બુનિયાદ રાખવામાં આવી છે. પરંતુ તે સર્વનું મૂળ અને બુનિયાદ અલ્લાહ તઆલાનો અકીદો છે, જેની શકિત અને પાવરમાં માણસોના નસીબની દોરડીઓ છે.

(૩૫) *ચેમ્બર્સ ઈન્સાનિયત*માં *મુહમ્મદ ઈઝમ*ના પ્રકરણમાં લખે છે :–

ઈસ્લામ ધર્મનો તે ભાગ જેનાથી એના ફાઉન્ડરની તબિયત સાફ સાફ જાણવા મળે છે અતિ સંપૂર્ણ અને અત્યંત અસરકારક છે. તેનાથી અમારો મતલબ તેમની સંસ્કારિક નસીહતો અને બોધ છે. આ નસીહતો અને બોધો એક, બે, ત્રણ પ્રકારમાં ભેગા નથી, બલ્કે કુર્આનની ઉત્તમ ઈમારત કુર્આન મજીદમાં સાંકળની કળીઓ માફક મળેલી છે. અન્યાય, જૂઠ બોલવું, અભિમાન, બદલો લેવો, ગીબત, મઝાક, ઠઠ્ઠો, લાલચ, ફુઝૂલ ખર્ચી, હરામકારી, દગો, વાયદો ન નિભાવવો અને બદ ગુમાનીની સખતપણે બુરાઈ કરવામાં આવી છે. તેને ખરાબ અને ધર્મ વિરૂધ્ધ કહેવામાં આવ્યું છે અને તેના વિરૂધ્ધમાં ભલાઈ ઈચ્છવી, ફૈઝ પહોંચાડવો, પાક–દામન રહેવું, શર્મ, નમ્રતા, સબ્ર, કંટ્રોલથી દરેક કામ કરવું, સચ્ચાઈ, વાયદો પૂરો કરવો, સાચુ બોલવું, બુલંદ હિંમત રહેવું, સુલેહ–શાંતિને પસંદ કરવું, હક દોસ્તી અને ભાઈબંધી અને સૌથી અધિક અલ્લાહ પર ભરોસો કરવો, અલ્લાહના હુકમનું પાલન કરવું, સાચી ઈમાનદારીની બુનિયાદ અને સાચા ઈમાનવાળાનું મૂળ ચિહ્ન નિયુકત કરવામાં આવ્યું છે.

## ★ અહલે કિતાબ ઉંદર માફક ★

તમારી ખિદમતમાં ૩૫ જેટલા જુદા જુદા હવાલાઓ અહલે કિતાબના વર્ણવવામાં આવ્યા. શબ્દોનો જાહેર ભાગ તો એ જ સ્પષ્ટ કરે છે કે *ઈસાઈ રાયટરો*એ કુર્આન શરીફની તારીફ કરી છે, પણ ડીપમાં જઈએ તો જાણવા મળે છે કે તેઓ ઉંદર માફક ફૂંકો મારી





મારીને કરડે છે. તેમણે કુર્આનની તારીફ માત્ર એક કિતાબને લક્ષમાં રાખીને કરી છે, એટલે નહીં કે તે અલ્લાહ તઆલાની ઉતારેલી કિતાબ છે. તેમને કુર્આનનું ખુદાની કિતાબ હોવું કબૂલ નથી અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું નબી હોવું પણ માન્ય નથી. તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને બુધ્ધિશાળી માણસ સમજે છે. એટલે તેમના તરફથી કરવામાં આવેલી નબી અને કુર્આનની તારીફ પર આપણે એટલી ખુશી ન મનાવવી જોઈએ. શકય છે તેમના અમુક રાયટરોએ કુર્આનની થોડી ઘણી તારીફ એટલા માટે કરી હોય કે મુસલમાન ખુશ થઈને અમારો વિરોધ છોડી દે અને અમારી બાયબલ બાબતે કંઈ ચર્ચા ન કરે અથવા પોતાની દોરડીઓ ઢીલી છોડે. પણ આ તેમની મનેચ્છા પૂરી થવાની નથી અને મુસલમાન તેમની તારીફના દાવમાં આવવાના નથી. તેમની બાયબલની આજે શી હાલત છે તેમાં ઉલ્લેખ થયો, કુર્આનનું રક્ષણ કેવી રીતે કરવામાં આવ્યું અને કુર્આન ખુદાની કિતાબ છે તેની અસંખ્ય દલીલોનું વર્ણન પણ થઈ ગયું છે. અહીં હું તમને ઈસાઈઓ અને બીજા ગૈરમુસ્લિમોનો બીજો ચહેરો બતાવું છું. તેનાથી સ્પષ્ટ થશે કે કુર્આનના ખુદાની કિતાબ હોવામાં તેમને કેટલી શંકા છે અને તેમણે કેવા કેવા વસવસાઓથી મુસલમાનોને શંકામાં નાખવાની કોશિશ કરી છે. અને એનાથી એ પણ જાણવા મળશે કે આપણે તો મુસલમાન અને સાહિબે ઈમાન થઈને પણ એ નથી જાણતા કે કુર્આનની સૂરતો કેટલી છે ? આયતો કેટલી છે ? મક્કી અને મદની કેટલી છે ? સૂરતોનાં નામ શું છે ? તર્જુમો અને તફસીર જાણવી તો ઘણા દૂરની વાત છે ! અને બીજી દિશાએ દુશ્મનો આપણા કુર્આન પર શંકા–કુશંકાની વર્ષા કરવા બાબત માટે કેટલી કોશિશ કરે છે.

## ★ ઈસાઈ અને યહૂદી આપણા કુર્આનને માન્ય રાખશે નહીં ★

જેઓ પોતાના અહલે કિતાબ કહે છે અને પોતાના ધર્મને જ તેઓ દરેક પ્રકારની સત્ય સમજે છે તેઓ આપણી કિતાબ કુર્આનને

કયારે પણ ખુદાની ઉતારેલી કિતાબ માનશે નહીં, કારણ કે કુર્આનને ખુદાની કિતાબ માનવામાં એમના માટે પ્રથમ મુસીબત એ આવે છે કે એમની પાસે જે કિતાબ છે અને તેને તેઓ ખુદાની ઉતારેલી કિતાબ કહે છે તેનું નકલી હોવું સાબિત થાય છે. તેમના આલિમો અને પાદરીઓનું ઢોલનું પોલ બહાર આવે છે. તેમની ઘણી બધી બનાવટી માન્યતાઓની બુનિયાદો પડી જાય છે. એટલે તેઓ કુર્આનને ખુદાની કિતાબ માનશે નહીં અને માનશે તો તે મુસલમાન બનીને રહેશે. ઈસાઈ અથવા યહૂદી રહેવું અને કુર્આનને ખુદાની કિતાબ માનવી પોતાના ધર્મને બરબાદ કરવો છે. એટલે ઈસાઈઓ આમ જરૂર કહેશે અને તે પણ મુસલમાનોને ખુશ કરવા માટે કે કુર્આન ઘણી અસરવાળી કિતાબ છે. મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) પોતાના બુધ્ધિશાળી હોવાનો સુબૂત આપેલો છે. તેમના અદબની ઉચ્ચ તાલીમ આપવામાં આવી છે. પણ આનો મતલબ એ કે એના રાયટર મુહંમદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) છે અને તેમણે લોકોને ઘણી સારી તાલીમ આપી છે. બસ, તેનાથી આગળ નહીં. એટલે કે આ અલ્લાહની ઉતારેલી કિતાબ નથી અને મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) નબી નથી.

## ★ લોકોની લખેલી કિતાબો ★

દુનિયામાં ઘણા બધા વિષયો પર લોકો તરફથી કિતાબો લખવામાં આવી છે અને લોકો તરફથી તેની તારીફો કરવામાં આવી છે. પણ શું તારીફનો મતલબ એવો છે કે તે અલ્લાહની ઉતારેલી કિતાબ છે ? આ જ દાખલા પ્રમાણે ગેરમુસ્લિમોએ કુર્આનની તારીફ કરી છે કે તે એક સારી કિતાબ છે અને તેનાથી લોકોને ઘણો ફાયદો થઈ શકે છે.

## ★ પરીક્ષા કરો ★

કોઈ મોટો અથવા નાનો માણસ કુર્આન અને સાહિબે કુર્આનની તારીફ કરે તો તેની પરીક્ષા કરવામાં આવે. પરીક્ષાથી એ





જાહેર થઈ જશે કે તે તારીફ કેવી નિય્યતથી કરી રહ્યો છે. કોઈ ઈસાઈ અથવા યહૂદી તમને ખુશ કરવા માટે કહે કે કુર્આન ઘણી સારી કિતાબ છે અને તેનાથી લોકોને ઘણુ નોલેજ મળે છે. તો તમે પૂછો, શું તમે તેને માન્ય રાખો છો ? તે કહેશે, હાં ! જરૂર માન્ય રાખું છું. પૂછો, શું તમે તેને માન્ય રાખો છો ? તે કહેશે, હા ! જરૂર માન્ય રાખું છું. પૂછો ત્યારે તો તમે તેને ખુદાની ઉતારેલી સત્ય કિતાબ પણ માન્ય રાખતા હશે ? ત્યારે તમે સાંભળશો તેમનો જવાબ ! સાંભળવાની સાથે તેના ચહેરાનો નકશો બદલાઈ જશે. યહૂદી હશે તો તેનો નકશો બદલાઈ જશે અને હિન્દુ હશે તો તેનો પણ ચહેરો બદલાઈ જશે. સારાંશ એ કે ગૈરમુસ્લિમો તરફથી તારીફ કરવામાં આવે તો તે સારા દિલથી નથી હોતી. માત્ર મુસલમાનોને ખુશ કરવા માટે હોય છે. સાચા દિલથી તારીફ કરનાર ખોટી હઠ કરી શકતો નથી અને ખોટા ધર્મ પર રહી શકતો નથી. કોઈ માણસ સવારથી લઈને સાંજ સુધી કુર્આન અને સાહિબે કુર્આનની તારીફ કરે તેનાથી તે મુસલમાન થઈ શકતો નથી અને તેની તારીફથી તેને કોઈ ફાયદો પણ નથી. કારણ કે તારીફ ત્યારે જ માન્ય રાખી શકાય જ્યારે તે કુર્આનના શબ્દ શબ્દ પર ઈમાન લઈ આવે. તેને સંપૂર્ણ રક્ષણ થયેલ ખુદાની કિતાબ માની લે, નબીએ અકરમ નૂરે મુજસ્સમ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને અલ્લાહ તઆલાના અંતિમ નબી સ્વીકારી લે, તેમની લાવેલી વાતોને કબૂલી લે. વિના ઈમાને તારીફ માત્ર લોકોને ખુશ રાખવા માટે હોય છે. ઈસ્લામના સૌથી અધિક ખતરનાક શત્રુઓ પૈકી યહૂદી અને ઈસાઈ છે અને તેઓની ખુશી ઈસ્લામને નુકસાન પહોંચાડવામાં છે એટલે તેમની તારીફો તરફ લક્ષ આપવામાં ન આવે.

## ★ એક શંકાનો જવાબ ★

દુનિયામાં ઘણી બધી કિતાબો અને બુકો એવી છે જેની આપણે તારીફ કરીએ છીએ પણ તેને ધર્મ બનાવતા નથી. તો પછી અહલે કિતાબ યહૂદી અને ઈસાઈ આપણી કિતાબની તારીફ કરે તો

તેમને તારીફનો હક્ક છે. તેમની તારીફ સાચા દિલથી પણ હોય અને તેઓ તેને ધર્મ ન બનાવે એ શકય છે.

ઉપરોકત શંકાનો જવાબ એ છે કે દુનિયાની કિતાબો અને બુકોની દુનિયાની દ્રષ્ટિએ તારીફ કરવામાં આવે છે, જ્યારે કુર્આન દુન્યાવી કિતાબ અને બુક નથી. માત્ર બુક હોવામાં કોને શંકા થઈ શકે છે. સારી નોલેજવાળી કિતાબ હોવામાં વિવાદ ઉભો નથી થઈ શકતો. વાત અહીં ખુદાની ઉતારેલી કિતાબ હોવામાં છે. એટલે ખુદાની કિતાબ કહીને તારીફ કરવામાં આવે તો તે કુર્આનની તારીફ છે અને ખુદાની કિતાબ હોવાનો ઈન્કાર કરવો એ તેનું અપમાન કરવું છે. એટલે કુર્આનને દુનિયાની દ્રષ્ટિએ નહીં ધર્મની દ્રષ્ટિએ જોવામાં આવશે. દુનિયામાં ઘણા બધા કાફિરો, ગૈરમુસ્લિમો, હિંદુઓ, યહૂદીઓ અને ઈસાઈઓ એવા હશે અને છે જેમની કયારેક આપણે તારીફ કરીએ છીએ, પણ ત્યાં તારીફનો મકસદ માત્ર એ હોય છે કે તેઓ પૈકી અમુક દુનિયાની દ્રષ્ટિએ સારા છે. જો ધર્મની દ્રષ્ટિએ જોવામાં આવે તો કોઈ પણ કાફિર તારીફને લાયક નથી. જો ધર્મની દ્રષ્ટિએ આપણે તેમની તારીફ કરીએ તો પછી આપણે આપણા ઈમાનની ખબર લેવી પડશે !

## ★ ખુદાની કિતાબ સ્વીકારી લેવામાં વાંધો શું ★

અહીં એક સવાલ એ ઉપસ્થિત થાય છે કે કુર્આનને ખુદાની કિતાબ સ્વીકારી લેવામાં યહૂદી, ઈસાઈ અને હિંદુઓને વાંધો શું છે ? દાખલા તરીકે આપણે હઝરત ઈસા (عليه السلام) પર ઉતારવામાં આવેલી કિતાબ ઈન્જીલને ખુદાની કિતાબ સ્વીકારીએ છીએ. હઝરત મૂસા (عليه السلام) પર ઉતારવામાં આવેલી કિતાબ તૌરેતને ખુદાની કિતાબ સ્વીકારીએ છીએ અને તેનાથી આપણે ન તો ઈસાઈ બની ગયા અને ન તો યહૂદી બની ગયા. તો પછી આ પ્રમાણે તેઓ પોતાના ધર્મ પર રહે અને કુર્આનને ખુદાની કિતાબ માની લે તો શું વાંધો છે ?!





જવાબ એ છે કે આપણો તો ધર્મ જ એ છે કે અલ્લાહના સઘળા નબીઓ, રસૂલો અને તેમની ઉપર ઉતારવામાં આવેલી કિતાબો પર ઈમાન લાવવામાં આવે, કોઈ એક નબીની બાબતે પણ કોઈ અપશબ્દ બોલવામાં ન આવે. એટલે સઘળા નબીઓ અને કિતાબોને સ્વીકારી લેવાથી આપણા ઈમાન અને ઈસ્લામની ગવાહી મળે છે. પરંતુ અહલે કિતાબ યહૂદી અને ઈસાઈ કુર્આનને કિતાબ સ્વીકારી લે તો પ્રથમ તેમની પાસે જે ફેરફાર કરેલી ઈન્જીલ અને તૌરેત છે તેનું ખોટું હોવું સાબિત થાય છે. કુર્આનની ઘણી બધી આયતોથી આ વાત સાબિત થાય છે. બીજું એ કે આપણા નબી અંતિમ નબી છે અને કુર્આન સત્ય ખુદાની ઉતારેલી કિતાબ છે. તેનું સંપૂર્ણ રક્ષણ કરવામાં આવ્યું છે. તેમાં કોઈ પ્રકારનો ફેરફાર થયો નથી અને થશે પણ નહીં. કુર્આન પર અમલ કરવામાં આવશે. આગલી કિતાબો હવે અમલમાં લાવી શકાતી નથી. આગલી કિતાબો કુર્આનથી મન્સૂખ થઈ ગઈ છે વગેરે વગેરે. આ સઘળી વાતો કુર્આનને ખુદાની કિતાબ માની લેવામાં છે. અને આ પ્રમાણે માન્યતા ધરાવવાથી વર્તમાન કાળનો યહૂદી ધર્મ અને ઈસાઈ ધર્મ ખોટો ઠરે છે, એટલે તેઓ કુર્આનને ખુદાની કિતાબ કયારે પણ માની શકતા નથી.

હિંદુઓ કુર્આનને ખુદાની કિતાબ માની લે તો કુર્આનની વધુ પડતી આયતો મૂર્તિઓ અને મૂર્તિ પૂજકોને ખોટા ઠેરવે છે. જ્યારે તેમના ધર્મની બુનિયાદ મૂર્તિ પૂજા પર છે. તો કુર્આનને ખુદાની કિતાબ માનવામાં તેમનો ધર્મ ધર્મ રહી જતો નથી. એટલે હિંદુઓ પણ કુર્આનને એક કિતાબ માનશે પણ ખુદાની કિતાબ માનશે નહીં. ખુદાની કિતાબ માનવામાં તેમને પોતાના ધર્મને ખોટો માનવો પડે છે.

## ★ દરેકની માન્યતા એક જેવી ★

ધર્મની બુન્યાદ માન્યતા પર છે. માન્યતા બે પ્રકારની હોય છે : સત્ય અને ખોટી. પરંતુ ધર્મની દ્રષ્ટિએ દરેક જ આમ વિચારતો હોય છે કે અમારો ધર્મ સાચો છે અને બીજાઓનો ધર્મ ખોટો છે. જો

કોઈ વ્યકિત પોતાના ધર્મને ખોટો કહે તો પછી તે ધર્મ પર રહેશે જ નહીં, છોડીને યોગ્ય લાગે તે ધર્મમાં પ્રવેશી જાય.

બીજી વાત એ કે જે કોઈ જે ધર્મ પાળતો હોય તે તેને અલ્લાહનો અર્પણ કરેલો અથવા અલ્લાહથી નિકટતા પ્રાપ્ત કરવાનો ઝરીયો સમજતો હોય છે, અને આમ જ હોય તો પણ ધર્મ કોઈ ચીજ નથી. એટલે દરેક ધર્મવાળાઓ પોતાના ધર્મને સત્ય ધર્મ સમજે છે અને પોતાના વિરોધમાં બીજા ધર્મને ખોટો માને છે. ઈસાઈ અને યહૂદીની વચમાં આ પ્રમાણેનો વિવાદ છે. હિંદુ અને તેઓની વચમાં આ પ્રમાણેનો તફાવત છે. મુસલમાન અને તે સર્વમાં પણ આ ફરક છે. એટલે દરેક ધર્મવાળાઓ એ વાતની કોશિશમાં લાગેલા છે કે બીજાના ધર્મને આગળ ન આવવા દો. તો તે પૂર્વગ્રહના કારણે ઈસાઈઓ, યહૂદીઓ અને હિંદુઓ આપણા કુર્આનને ખુદાની કિતાબ માનતા નથી અને આપણા ધર્મને ખુદાઈ ધર્મ સમજતા નથી. એટલે તેઓ કુર્આનને કિતાબ અને બુક તો કહેશે પણ ખુદાઈ કિતાબ કે ખુદા તરફથી ઉતારવામાં આવેલી કિતાબ માનશે નહીં. કારણ કે કુર્આનને ખુદાઈ કિતાબ માનવામાં કુર્આની ધર્મ ઈસ્લામને પણ ખુદાઈ ધર્મ માનવો પડે છે અને કુર્આનને ખુદાઈ કિતાબ માનવામાં એ પણ જરૂરી છે કે તેની દરેક વાત ખુદાઈ અને સત્ય માનવામાં આવે અને જે માન્યતા કુર્આન વિરોધ જતી હોય તેને ખોટી ઠેરવવામાં આવે. આમ ઈસ્લામ સિવાય કોઈ ધર્મ સત્ય રહી શકતો નથી. એટલે બીજા ધર્મના લોકો કુર્આનને ખુદાની કિતાબ માનવા રેડી થશે નહીં. માત્ર મુસલમાનોની ખોટી સંખ્યા છે જેથી તેમને ટેંપરરી ખુશ કરવા માટે તેને કિતાબ કહીને તેની તારીફ કરશે. પણ આમ કહેવાથી તેમને ધાર્મિક નુકશાન થશે નહીં.

## ★ ઈસ્લામના શત્રુઓનો બીજો ચહેરો ★

*આર્થર જેફરી* પોતાની કિતાબ *ઈસ્લામ, મુહમ્મદ એન્ડ હીઝ રીલીજીયન*માં કુર્આને હકીમની ઓળખ આ પ્રમાણે આપે છે :–





કુર્આન ઈસ્લામી કિતાબ છે અને કુર્આને અઝીમ અને કુર્આને મજીદ વગેરે નામોથી બોલાવામાં આવે છે. પરંતુ એને *હૉલી કુર્આન* (કુર્આને પાક) નથી કહેવામાં આવતું. અમુક નવા જમાનાના લોકો જેઓ પશ્ચિમની તાલીમ પામેલા છે. *હૉલી બાયબલ*ની કોપીમાં કુર્આનને *હૉલી કુર્આન* કહે છે. આ કિતાબ મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ના વીસ વર્ષના નબુવ્વતના જમાનાના બયાનોનો સંગ્રહ છે. એ વાત સ્પષ્ટ છે કે મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) એક એવી કિતાબની તૈયારીમાં લાગેલા હતા જે મુસલમાનો માટે એ સ્થાન રાખે જે યહૂદીઓ માટે અહદ નામા કદીમની અને ઈસાઈઓ માટે અહદનામા જદીદ છે. પરંતુ આ કિતાબ સંપૂર્ણ કરતાં પહેલાં તેમનું અવસાન થઈ ગયું અને આજે કુર્આનમાં જે કંઈ છે તે એ છે જે આપના પછી આપના શુભેચ્છકોએ એકઠું કરેલું છે અને એને મુહમ્મદના ઈલ્હામોના સંગ્રહના નામથી પ્રકાશિત કર્યું.

## ★ ઓપરેશન ★

ઉપરોકત લખાણમાં કુર્આન શરીફના ખુદાની કિતાબ હોવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું કારનામું જાહેર કરવામાં આવ્યું છે. બીજું એ કે એ કિતાબ જ નથી, બલ્કે આપના પછી શુભેચ્છકોએ કિતાબી શકલ આપી અને એને કુર્આન કહેવામાં આવ્યું. ત્રીજું એ કે બાયબલ અને તૌરેતને લક્ષમાં રાખીને તે પ્રમાણેનું લખાણ રજુ કરવામાં આવ્યું. ચોથું એ કે આમ એટલા માટે કર્યું કે તૌરત અને ઈન્જીલના માફક સમજીને કુર્આનને પણ ખુદાની કિતાબ માની લેવામાં આવે અને તેને પણ ઉપરોકત કિતાબો માફક મુસલમાનોમાં ઈજ્જતનું સ્થાપ પ્રાપ્ત થાય. પાંચમું એ કે મુહંમદ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતે વિચારી વિચારીને કિતાબમાં વધારો કરતા હતા. આટલા પ્રકારથી ઉપરોકત રાયટરે કુર્આનના ખુદાની કિતાબ હોવાનો ઈન્કાર કર્યો.

**(૨)** *જોર્જસેલ* પોતાની કિતાબ *ધ કુર્આન*માં કુર્આને મજીદથી ઓળખ

આ પ્રમાણે આપે છે.

બયાનમાં લફ્ફાઝી મજમાના દિમાગોમાં જે જબરજસ્ત અસર કરે છે, મુહંમદ صلی اللہ تعالیٰ علیہ وسلم એનાથી બેખબર ન હતા. એટલા માટે તેમણે પોતાના મન માન્યા ઈલ્હામોમાં બયાનની તે રીતની ઉત્તમતા અને બુલંદી બાકી રાખવા માટે પોતાની દરેક પ્રકારની સલાહિયત ઉપયોગમાં લાવ્યા. જે અહદનામા કદીમ (તૌરેત)ની રીતથી મળેલ હોય. બલ્કે તેમણે બયાનની ઉત્તમતાના બીજા કાયદાઓ પણ લક્ષમાં રાખ્યા અને તેમાં તેઓ એટલા સફળ થયા કે પોતાના સંબંધકોનાં દિમાગોને મહબ્બતમાં એવા પાગલ બનાવ્યાં કે તેમના વિરોધીઓએ એને જાદૂની અસર કહી.

આગળ લખે છે કે કુર્આનની ઘણી બધી કિસ્સા કહાનીઓ અને તેની અન્ય સ્થિતિઓ અહદનામા કદીમ અને અહદનામા જદીદથી લેવામાં આવી. બલ્કે એનાથી પણ અધિક કહાનીઓ ગૈરભરોસાપાત્ર ઈન્જીલો અને રિવાયતોથી લેવામાં આવી જે તે જમાનાના યહૂદીઓ અને ઈસાઈઓમાં ચાલતી હતી. તે કહાનીઓને બાયબલ વિરૂદ્ધ હકીકતોના રૂપમાં રજુ કરવામાં આવી અને યહૂદીઓ અને ઈસાઈઓ પર આક્ષેપ મૂકયો કે તેમણે આસ્માની કિતાબોમાં ફેરફાર કરેલો છે. મને યકીન છે કે કુર્આને હકીમમાં એવા બયાનો અને સ્થિતિઓ તો તદ્દન નથી અથવા ઘણી ઓછી છે જે મુહંમદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પ્રથમ રજુ કરી હોય, કારણ કે તે બયાનોનો વધુ પડતો ભાગ કુર્આન પહેલાંની કિતાબોમાં સહેલાઈથી શોધી શકાય છે.

આગળ લખે છે એ હકીકતમાં કોઈ અવરોધ નથી કે કુર્આનના લેખક અથવા આ કિતાબ બનાવવાવાળા મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم છે. પણ એ વાતની મજબૂત શકયતા છે કે આ પ્લાનમાં બીજા લોકોની પણ વધુ પડતી મદદ રહી છે. જેમ કે એમના વતનના લોકોએ એમની ઉપર એ પ્રમાણેનો સવાલ કરવામાં આળસ નથી કરી. આ વાત એ છે કે આ પ્રમાણેની મદદ કરવાવાળાઓને ખાસ કરવામાં તેમનામાં ઘણો વિવાદ છે એટલે તેઓ આ વાત સાબિત ન





કરી શકે. આમ વિચારી શકાય છે કે આ રહસ્ય ગુપ્ત રાખવામાં મુહંમદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એટલી અધિક કોશિશો કરી હશે એટલે રહસ્યને ખોલવું શકય ન હતું.

## ★ જોર્જસેલની શંકાઓ ★

ઉપરોકત લખાણમાં *જોર્જસેલે* કુર્આનમાં ખુદાની કિતાબ ન હોવાના સુબૂતમાં ઘણી બધી શંકાઓ રજુ કરી છે. એક તો એ કે એ ખુદાની કિતાબ નથી. મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની લખેલી છે. બીજું એ કે એકલો માણસ આ પ્રમાણે નથી કરી શકતો. એટલે તેમણે લોકોની ગુપ્ત મદદ લીધી હશે. ત્રીજું એ કે કોણે કોણે મદદ કરી છે એને એટલું ગુપ્ત રાખવામાં આવ્યું છે કે તેમનાં નામો જાહેર નથી થઈ શકતાં. ચોથું એ કે વિરોધીઓનાં મંતવ્યોમાં એટલો અવરોધ છે કે તેમની વાતોને દલીલ નથી બનાવી શકતા. પાંચમું એ કે કુર્આનમાં ગેરભરોસા પાત્ર ઈન્જીલોની કિસ્સા કહાનીઓ વર્ણવવામાં આવી છે અને એને સાબિત રાખવા માટે એ આક્ષેપ મૂકયો કે આગલી કિતાબોમાં ફેરફાર થઈ ગયો છે જેથી તેમની વાત રદ ન થઈ શકે. છઠ્ઠું એ કે કુર્આનની વાતો અસલ નથી, આગલી કિતાબોથી નકલ કરવામાં આવી છે. સાતમું એ કે કુર્આનની ઘણી બધી વાતો આગલી આસ્માની કિતાબોમાં શોધી શકાય છે. આઠમું એ કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم તેજસ્વી હતા એટલે એમણે ચાલાકીથી કામ લીધું હતું. નવમું એ કે આપ પર વહી ન આવતી હતી અને ઈલ્હામ પણ ન હતું. માત્ર આપે પોતાની વાતને મનાવવા માટે વહીનો શબ્દ ઉપયોગ કર્યો હતો. દસમું એ કે આપને નબુવ્વત આપવામાં જ ન આવી હતી. અગિયારમું એ કે નબી ન હોય તો એની ઉપર કિતાબ ઉતરી શકતી જ નથી. સર્વ શંકાઓનો સારાંશ એ કે કુર્આન ખુદાની કિતાબ નથી, એના લેખક મુહંમદ صلی اللہ تعالیٰ علیہ وسلم છે.

## ★ ઓપરેશન ★

ખુદાની કિતાબ હોવા માટે એ કયાં જરૂરી છે કે તેમાં

આગલી કિતાબોની વાતો ન હોય ? શરીઅત તદ્દન મન્સૂખ અને રદ કરવામાં નથી આવતી. એના અમુક કાયદા કાનૂનમાં અલ્લાહ તઆલા તરફથી ફેરફાર કરવામાં આવે છે. એટલે જેમાં ફેરફાર થયો અને જેની બાકી રાખવામાં આવ્યું તે બાકી રહ્યું. સાબિત થયું ઉપરોકત શંકા પાયા વિનાની છે.

અહદનામા કદીમ (તૌરેત) અહદનામા જદીદ (ઈન્જીલ)નું કેટલી હદે રક્ષણ થયું છે અને વર્તમાન કાળમાં તેની શી સ્થિતિ છે તેનો ઉલ્લેખ કુર્આનના પ્રથમ પ્રકરણમાં અસંખ્ય દલીલોથી થઈ ગયો છે.

કુર્આન શરીફ ખુદાની કિતાબ નથી તેની ઉપર જે કંઈ શંકા રજુ કરવામાં આવી તે પાયા વિનાની છે. કુર્આન ખુદાની કિતાબ છે જેના સુબૂતમાં અસંખ્ય હવાલાઓ અકલી અને નકલી રજુ કરી દેવામાં આવ્યા છે ત્યાં જોઈ લેવામાં આવે.

અમે કયાં કહીએ છીએ કે એકલો માણસ આવી કિતાબ નથી બનાવી શકતો. બલ્કે અમારો તો દા'વો છે કે સઘળા માણસો અને જિનો મળીને પણ આવી કિતાબ દૂરની વાત એની સૂરતો માફક માત્ર એક સૂરત પણ નથી બનાવી શકતા ! અને એ જ ખુદાની કિતાબ હોવાની દલીલ છે.

મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં કુર્આન કિતાબી રૂપમાં ન હતું. એમના અવસાન બાદ એમના શુભેચ્છકોએ આ કરેલું છે. તો એના જવાબો પણ બયાન કરી દેવામાં આવ્યા છે. વધુ એ કે લખવામાં તો આવતું જ હતું પણ એક જગાએ ન હતું. અલગ અલગ ચીજોમાં હતું તેને અકત્ર કરી દેવામાં આવ્યું. શુભેચ્છકોએ માત્ર એકત્ર કર્યું છે.

*ડબલ્યુ મોન્ટગોમરી વાટ* પોતાની બુક *મુહમ્મદ પ્રોફેટ એન્ડ સ્ટેટમેન્ટ*માં લખે છે :–

એ વાત નક્કી છે કે કોઈ ધાર્મિક ચળવળ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં મક્કાની હાલતોથી પેદા થઈ હશે. નવો





ધર્મ વિના ચળવળથી વજૂદમાં આવી શકતો નથી. મુહંમદ અને તેમના શુભેચ્છકોના અનુભવમાં પ્રથમથી જ કોઈ એવી જરૂરત પ્રગટ થઈ હશે જેને તે કાચા ધર્મની માન્યતાઓ અને અમલોથી પૂરી કરવામાં આવી.

આગળ લખે છે :– મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)માં એટલી શકિત અને સલાહિયત હતી કે તેઓ તે સમયે મક્કામાં કોઈ મોટામાં મોટા વેપારી વ્યવસ્થાપક બની જતા, પરંતુ મક્કાના મોટા વેપારીઓએ આપને વેપારના વર્તુળથી બહાર કરી દીધા હતા. જીવનના તે ખ્યાતિ વિનાના વર્ષોમાં આપે તે બાબતો પર પૂરતું ધ્યાન આપ્યું હશે. અંતે જે વાતો તેમના અંદરમાં હતી તેને તેમણે લોકોમાં પ્રગટ કરી.

આગળ લખે છે :– મુસલમાનોની રિવાયત પ્રમાણે કુર્આન અલ્લાહનું કલામ છે અને મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)એ પણ આમ જ જાણ્યું હશે. વધુ એ પણ શકય છે કે મુહંમદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ની માન્યતા હોય કે તેઓ પોતાના જાતિય ખ્યાલો અને વહીમાં ફરક કરી શકે છે, જે બહારથી એમની ઉપર ઉતરે છે. મુહંમદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને મુખ્લિસ કહેવાનો ભાવાર્થ એ નથી કે તેમની માન્યતાઓ સત્ય હતી. શકય છે એક માણસ મુખ્લિસ હોય તો પણ તે ખોટી વાત પર હોય. માણસ જે ખ્યાલોને બહારથી આવતા જાણે છે શકય છે તે ખ્યાલો તેને ખબર ન પડે અને જન્મ લે.

આગળ લખે છે :– કુર્આનની શરૂવાળી આયતો એ જાહેર કરે છે કે ખુદાએ ખાલિક, બઅષ બાદલ મૌત અને હિસાબના દિવસની માન્યતાઓ પ્રમાણે ઈસ્લામ, યહૂદી અને ઈસાઈ અલ્લાહના એક હોવાના મસ્અલામાં એક જેવા છે. પછીની આયતોમાં કુર્આનનું બાયબલની આયતોમાં સંકોચાય જવું વધું સ્પષ્ટ કરે છે કે એ આયતોમાં અહદનામા કદીમ અને અહદનામા જદીદનો નિચોડ વધારે પ્રમાણે છે.

આગળ લખે છે :– શકય છે મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)

યહૂદીઓ અને ઈસાઈઓથી મળેલા હોય અને એમનાથી ધર્મ બાબતે વાતો કરી હોય. સિરીયાની સરહદો પર અમુક ઈસાઈઓ આબાદ હતા. શકય છે ઈસાઈ અરબ અથવા યમનના હબ્શી વેપારની નિય્યતે અથવા ગુલામ બનીને મક્કા આવ્યા હોય. અમુક ગામડિયા કબીલાઓની અમુક ભાગોમાં ઈસાઈયત હતી. પરંતુ ઈસાઈ હોવા છતાં શકય છે તેઓ મક્કાના વાર્ષિક મેળામાં ભાગ લેતા હોય, મદીના અને અન્ય જગાઓ પર યહૂદીઓના મોટા મોટા કબીલાઓ આબાદ હતા, એટલે એવા લોકોથી વાતચીતની શકયતાઓ નિઃશંક મૌજૂદ છે. મુહંમદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ની હઝરત ખદીજાના ઈસાઈ પિત્રાઈ વરકાથી મુલાકાત તારીખ અને ઈતિહાસના પેજો પર છે અને મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ના જીવનચરિત્રમાં તેમના દુશ્મનોએ અમુક એવા તત્ત્વો સાથે આપનો લગાવ છે, એ તરફ ઈશારો કર્યો હતો જેમને પોતાના ઈલ્હામનું મથક કહી શકાય છે.

## ★ ઓપરેશન ★

(૧) *ડબલ્યુ* સાહેબનું એ કહેવું કે કોઈ પણ નવો ધર્મ વિના ચળવળે ઉપસ્થિત થઈ શકતો નથી. તદ્દન ખોટું અને પાયા વિનાનું છે. ધર્મ ખોટો હોય અને કોઈએ પોતાના ફાયદા માટે અથવા ખ્યાતિ માટે ઉપસ્થિત કર્યો હોય તો શકય છે, પણ ધર્મ અલ્લાહ તઆલાની તરફથી આપવામાં આવ્યો હોય તો તેના માટે દુન્યવી ચળવળની શી જરૂરત છે ? બીજું એ કે સરકારે દો આલમ (صلی اللہ تعالیٰ علیہ وسلم)એ ચાલીસ વર્ષ પછી નબુવ્વતનું એલાન કર્યું હતું. તે પહેલાં નબુવ્વતના દાવા વિષેની કોઈ ચર્ચા ઈતિહાસથી પણ જાણવા નથી મળતી. આપે લખવા પઢવાની કોઈ તાલીમ કોઈનાથી શીખી નથી. ધર્મ બાબતે માલૂમાત પ્રાપ્ત કરવા કોઈની પાસે જવું પણ સાબિત નથી. પછી કેવી રીતે કહી શકાય છે કે આપના દિમાગમાં ધર્મનો શોખ પેદા થયો હશે અને પછી તેને સંપૂર્ણ બનાવવા નબુવ્વતનું એલાન કર્યું હશે. ત્રીજું એ કે મૂર્તિપૂજાને ધર્મ ઉપસ્થિત થવાની ચળવળ કહેવામાં આવે તો તે વર્ષોથી થઈ રહી હતી. પછી આપે ચાલીસ વર્ષ પછી એલાન કેમ





કર્યું ? ચોથું એ કે જયારે આપ પર પ્રથમ વખત વહી ઉતરી તો આપ ડરીને ઘરે પાછા આવ્યા હતા અને હઝરત ખદીજાથી એ વાતનું વર્ણન કર્યું હતું. ત્યાર બાદ તેઓ આપને વરકા બિન નૌફલ પાસે લાવી જેઓ ઈસાઈ આમિલ હતા. હઝરત ખદીજાના સગા હતા અને તેમણે વાત સાંભળીને કહ્યું હતું, તમારી પાસે આવનાર તે નામૂસ (ફરિશ્તો) છે જે હઝરત મૂસા (علیہ الصلوٰۃ والسلام) પાસે આવ્યો હતો. તો હવે તેમનુ કહેવું કે  પ્રથમથી કોઈ ચળવળ ઉપસ્થિત થઈ હશે અને તે નવા ધર્મનું કારણ બન્યું એ ખોટું છે.

*ડબલ્યુ* સાહેબનું કહેવુ કે વેપારીઓએ આપને વેપારના વર્તુળથી બહાર કરી દીધા હતા, ખોટુ છે. કારણ કે આપ પ્રથમ બકરીઓ ચરાવતા અને બીજાં કામો કરતા અને પછી હઝરત ખદીજાથી નિકાહ કરતાં પહેલા વેપારમાં શામિલ થયા તો પછી આપને વેપારથી અલગ કરવામાં નથી આવ્યા. બલ્કે આપની ઈમાનદારી અને વેપારમાં કામયાબીને લઈને હઝરત ખદીજાએ આપની સાથે નિકાહ કરવું પસંદ કર્યું હતું.

તેનું એવું કહેવું કે ખ્યાતિ વિનાના વર્ષોમાં આપે તે બાબતો પર પૂરતું ધ્યાન આપ્યું હશે, એ પણ ખોટું છે. કારણ કે આમ હોતે તો આપના શત્રુઓ તરફથી આપ પર એ આક્ષેપ રાખવામાં આવતો. પણ ઈતિહાસ એ વાત બતાવતો નથી. ઈતિહાસ તો એ બતાવે છે કે આપે કોઈની પાસે ઈલ્મ પણ લીધું નથી અને આપ જાહેરમાં લખવાનું પણ જાણતા ન હતા. પછી આવી સમગ્ર જગતને ચેલેંજ કરતી કિતાબ તેઓ શી રીતે લખી શકે છે ? શું તેમણે થોડા વર્ષો વિચારીને આ પ્રમાણે કિતાબ લખી તો ચેલેંજને તો ૧૪૦૦ વર્ષોથી અધિક થયા. આટલા વર્ષો વિચારીને કોઈ પણ એમના ચેલેંજનો જવાબ ન બનાવી શકયો ? એક માણસે લખી હોય અને એનું ચલેંજ સમગ્ર જગતે ભેગા મળીને કરવાનું કહેવામાં આવે એ શકય છે ? શું માણસની લખેલી અથવા બનાવેલી કોઈ ચીજ એવી છે જેના જેવી બની ન શકે ? આ સઘળાં કારણો એ વાતની દલીલ છે કે કુર્આન

નબીની લખેલી કિતાબ નથી, બલ્કે અલ્લાહ તઆલાએ ઉતારેલ છે.

માત્ર શંકા ઉભી કરવી હોય અને સવાલ ઉપસ્થિત કરવા હોય તો ગમે તે વાતમાં થઈ શકે છે. શંકા ઉભી કરવાથી દાવો સાબિત નથી થતો. સાબિત કરવા માટે મજબૂત અને સશકત પૂરાવાની જરૂરત છે. *ડબલ્યુ સાહેબ* તરફથી જે શંકાઓ ઉપસ્થિત કરવામાં આવી છે તે માત્ર અમારા નબી અને અમારી ધાર્મિક કિતાબ કુર્આન સાથે નિયુકત નથી. તે શંકાઓ દરેક નબી અને તેમની કિતાબો બાબતે ઉપસ્થિત થઈ શકે છે.

*ડબલ્યુ સાહેબ*નું કહેવું કે "ખયાલી વાતો" છે. તો પછી ખયાલી વાતોને એટલું ઉચ્ચસ્થાન કેમ કરી મળી ગયું કે ઈસ્લામ થોડા વર્ષોમાં દુનિયાના ખૂણે ખૂણે પહોંચી ગયો ? બીજું એ કે શું ખયાલી વાતોમાં ચેલેંજનો જવાબ નથી બની શકતો ? તો પછી એમની વાતોનો જવાબ કેમ ન આપવામાં આવ્યો ? આ એ વાતની સાબિતી છે કે કુર્આન ખુદાની ઉતારેલ કિતાબ છે.

*ડબલ્યુ સાહેબ*નું કહેવું કે અહદનામા કદીમ (તૌરેત) અને અહદનામા જદીદ (બાયબલ)ની વાતો કુર્આનથી મળતી આવે છે અને એવું લાગે છે કે કુર્આન એ કિતાબોનો નિચોડ છે. મતલબ એ કે તૌરેત અને ઈન્જીલથી અમુક વાતો લઈ નવી અન્ય વાતો મેળવીને કિતાબ બનાવવામાં આવી છે. તો તેમની આ શંકા પણ પાયા વિનાની છે. દુનિયામાં દરેક નબીનો દીન અને માન્યતા એક જેવી રહી છે. હુકમો અને આદેશોમાં તફાવત છે. તો પછી આમ કહેવું કે કુર્આન આગલી કિતાબોનો નિચોડ છે, તો તે તૌરેત અને ઈન્જીલને સમક્ષ રાખી લખવામાં આવી હશે, માન્ય નથી રાખી શકાતું. શું એવો કોઈ કાયદો છે કે અલ્લાહ તરફથી કોઈ કિતાબ ઉતારવામાં આવે તો તેમાં આવતી પવિત્ર કિતાબોની એક પણ વાત ન હોય ?

ડબલ્યુ સાહેબે લખ્યું કે શકય છે અન્ય યહૂદીઓ અને ઈસાઈઓ સાથે મળેલા હોય અને ધર્મ બાબતે એમનાથી વાતો કરી હોય અને દલીલ પેટે કહ્યું કે વરકાથી મુલાકાત ઈતિહાસથી સાબિત





છે. તો એનો જવાબ એ છે કે જો આમ હોત તો નબુવ્વતનો દાવો કર્યા બાદ જ્યારે શત્રુઓની સંખ્યાઓ વધી ગઈ ત્યારે એ વાત ગુપ્ત ન રહેતી. પણ એ બાબતે ઉલ્લેખ જોવા નથી મળતો. વરકાથી ધર્મ બાબતે પ્રથમ મુલાકાત હઝરત ખદીજાના કહેવાથી એમની સંગતમાં કરી હતી અને પછી થોડા જ દિવસોમાં વરકાનું અવસાન થઈ ગયું હતું. એટલે દલીલ સંપૂર્ણ નથી. બીજી વાત એ કે સરકારે દો આલમની વાત સાંભળીને તેમણે કહ્યું હતું, તમારી પાસે ફરિશ્તો આવ્યો હતો જે હઝરત મૂસા (عليه السلام) પાસે આવ્યો હતો અને પછી આપની તસ્દીક કરી અને મદદનો વાયદો પણ કર્યો હતો. યહૂદી અને ઈસાઈ મોટા મોટા આલિમો પણ તે સમયે આપની વાતો સાંભળીને મુસલમાન બન્યા હતા. તેમની બાબતે શું કહેવું છે ? સ્પષ્ટ થયું કે ઈસાઈઓ અને યહૂદીઓ તરફથી જો તારીફ કરવામાં આવે તો તે સત્ય નથી હોતી. માત્ર મુસલમાનોને ખુશ કરવા માટે હોય છે અને જેઓ તેમના પ્રમાણે ધર્મ ચુસ્તી માનવામાં આવે છે તે તો શંકાઓ ઉપસ્થિત કરવા સિવાય કંઈ કામ કરતા નથી. અલ્લાહ તઆલા આપણને હક પર રાખે અને આપણી મદદ ફર્માવે.

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِين

# ☆ કુર્આન અને વિજ્ઞાન ☆

سَنُرِيهِمْ آيَاتِنَا فِي الْآفَاقِ وَفِي أَنْفُسِهِمْ حَتَّىٰ يَتَبَيَّنَ لَهُمْ أَنَّهُ الْحَقُّ ۗ أَوَلَمْ يَكْفِ بِرَبِّكَ أَنَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ شَهِيدٌ ○

أَلَا إِنَّهُمْ فِي مِرْيَةٍ مِنْ لِقَاءِ رَبِّهِمْ ۗ أَلَا إِنَّهُ بِكُلِّ شَيْءٍ مُحِيطٌ ○

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો, તેની બાબત અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાંને સાંભળવાની અને તેની ઉપર કરવાની તૌફીક અતા ફર્માવે, આમીન બિ જાહિ સૈયદિલ મુર્સલીન صلی اللہ تعالیٰ علیہ وسلم.

મારી બહેનો ! કુર્આન શરીફના ચાર પ્રકરણો પર શુધ્ધ મઝહબી અને ધાર્મિક બયાનો તમારી ખિદમતમાં રજુ કરવામાં આવ્યાં. જેનાથી કુર્આનની દીની અને ધાર્મિક જરૂરત પર પ્રકાશ પડે છે. પરંતુ આજે હું તમારી ખિદમતમાં એક નવું પ્રકરણ રજુ કરવા ઈચ્છું છું. "કુર્આન અને વિજ્ઞાન" અને બીજા શબ્દોમાં આમ પણ કહી શકાય છે "ઈસ્લામ અને વિજ્ઞાન" જેનાથી એ જાણવા મળશે કે વિજ્ઞાનથી સંબંધ કુર્આન અને ઈસ્લામ વિરૂધ્ધ નથી, બલ્કે ઈસ્લામી તાલીમાતનો એક ભાગ છે વિજ્ઞાન.

## ★ આપણી કુસમજ ★

આપણે મુસલમાન છીએ અને અલ્લાહના મુલ્કમાં દરેક ચીજ વસ્તુના સાચા હક્કદાર આપણે જ છીએ. સમગ્ર જગત અને તેની દરેક ચીજ વસ્તુનો પેદા કરનાર અને તેનો માલિક અલ્લાહ તઆલા છે. અને જે અલ્લાહનો દીન સ્વીકારે તે જ તેનો હક્કદાર છે. દુનિયાની કોઈ પણ ચીજ તેના દીન સ્વીકારવા વિના લેવામાં આવે





તો તે લઈ તો શકે છે પરંતુ તેને તેનો હક્કદાર નથી કહી શકતા. દુનિયામાં હક્કદાર છે તેને આખિરતની નેઅમતોના હક્કદાર હોવાથી સમજી શકાય છે. આખિરતમાં અલ્લાહની નેઅમતો કોઈ પણ કાફિરને આપવામાં નહીં આવે. કારણ કે આખિરત બદલો મળવાની જગા છે અને બદલો મેળવવાનો હક્કદાર અલ્લાહનો દીન અને ધર્મ સ્વીકારનાર છે. દુનિયામાં ગેર હક્કદારને જે કંઈ મળે છે તે માત્ર એટલા માટે જ કે આ દારૂલ અમલ છે. દારુલ અમલમાં મહેતલ આપવામાં આવે છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

إِنَّمَا نُمْلِي لَهُمْ لِيَزْدَادُوا إِثْمًا

અમે તેઓને માત્ર એટલા માટે ઢીલ આપીએ છીએ કે જેથી તેઓ પાપોમાં વધારો કરે.

બીજી જગાએ અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَا يَغُرَّنَّكَ تَقَلُّبُ الَّذِينَ كَفَرُوا فِي الْبِلَادِ ○ مَتَاعٌ قَلِيلٌ ثُمَّ مَأْوَاهُمْ جَهَنَّمُ ۚ وَبِئْسَ الْمِهَادُ ○

તમને કાફિરોનું શહેરોમાં હરવું ફરવું ધોકામાં નાખે નહીં, આ તો થોડા જ દિવસની બહાર છે. પછી તેઓનું ઠેકાણું જહન્નમ છે અને તે બહુ જ ખરાબ રહેઠાણ છે.

ઉપરોકત આયતોથી જાણવા મળ્યું કે ગૈર હક્કદારને જે કંઈ મળે છે તે એટલા માટે નથી કે, અલ્લાહ તઆલા તેનાથી ખુશ છે. બલ્કે એટલે કે, તે ગુનાહો અને પાપમાં વધારો કરતો જાય અને આખિરતમાં તેની સજાઓ પણ વધતી જાય. નેઅમતો તેના માટે બરબાદ થવાનું કારણ છે. નેઅમતનું રહસ્ય બરબાદી હોય તો તે કારણને લક્ષમાં રાખી અઝાબ છે અને તકલીફોને મુસલમાનો માટે નેઅમત કહેવામાં આવે છે, તેનાથી ગુનાહો માફ કરવામાં આવે છે, અને દરજજા બુલંદ કરવામાં આવે છે. સારાંશ એ થયો અલ્લાહની દરેક નેઅમતના હક્કદાર તેનો દીન સ્વીકારનારાઓ છે, કાફિર આ

જગતમાં ગમે તેટલું પામે પણ તે હક્કદાર નથી.

## ★ દુનિયાનાં કામ કાજ દુનિયાદારી નથી ★

દુનિયાદારી અને દીનદારીના માયનામાં અસંખ્ય લોકો ભૂલ કરે છે. દુનિયાથી સંબંધિત કામને દુનિયાદારી અને દીનને સંબંધિત કામને દીનદારી કહેવામાં આવે છે. આ ભૂલ જ નથી મહાન અને મહાન ભૂલ છે ! સત્ય એ છે કે દીન અને ધર્મથી વિરૂધ્ધ કામો દુનિયાદારી છે અને જે કંઈ દીની તાલીમાતની વિરૂધ્ધ ન જાય, પછી ભલે તેના કરવા પર કોઈ સવાબ ન હોય, પણ તે દુનિયાદારી નથી. ખાવું, પીવું, રહેવું, સહેવું, આપણી જીવન જરૂરિયાત અને દરેક તે કામો કરવાનાં હોય છે. જો તેને દુનિયાદારી કહેવામાં આવે તો દરેક જ દુનિયાદાર કહેવાય અને ખોટું છે. એટલે આ બાબતે ભૂલ કરવામાં ન આવે.

## ★ મુસલમાનનાં કામો નિય્યતને આધારિત ★

આપણા કામો નિય્યતને આધારિત છે. અલ્લાહ તઆલા આપણને બદલો નિય્યત મુજબ આપે છે, બલ્કે માત્ર સારી નિય્યત પણ વ્યર્થ જતી નથી. તેની ઉપર પણ બદલો આપવામાં આવે છે. સરકારે દો આલમ (صلی اللہ تعالیٰ علیہ وسلم)નું મુબારક ફર્માન છે...

نِیَّةُ الْمُؤْمِنِ خَیْرٌ مِّنْ عَمَلِهٖ

ઈમાનવાળાની નિય્યત તેના કામથી ઉત્તમ છે.

જ્યારે આપણા કામો નિય્યતને આધારિત છે તો પછી આપણે આપણા કામોને કોઈ પણ હુકમ નિય્યતને લક્ષમાં રાખી આપવો જોઈએ. કોઈ માણસ ગણિતનું ઉચ્ચ નૉલેજ પ્રાપ્ત કરે એ નિય્યતે કે મુસલમાનોની અગત્યની જરૂરતો ગણિત સંબંધિત પણ છે. જો હું શીખું અને બીજા મુસલમાનોને શીખવાડું તો મુસલમાનો આ ઈલ્મમાં પોતાના પગ પર ઉભા થાય અને તેમને બીજા લોકોનું





મોહતાજ ન થવું પડે. તો તે પણ દીનનું કામ છે. વારસાના મસ્અલાઓનો ઉલ્લેખ કુર્આનમાં આપવામાં આવ્યો છે અને તેનો આધાર ગણિતના ઈલ્મ પર છે. જો ગણિત ન જાણતો હોય તો આ મસ્અલાઓની સમજ અશકય જેવી છે. એ જ પ્રમાણે વેપાર ધંધો કરવો અને હલાલ રોજીની શોધ કરવી આપણી ઈસ્લામી જવાબદારી છે. ધોકો, ફરેબ અને ચોરી કાફિર અને ગેર મુસ્લિમના માલમાં અને તેની સાથેની લેન દેનમાં પણ જાઈઝ નથી. વજનની ચીઝોના વેપારમાં વજનનું ઈલ્મ હોવું જોઈએ. નહીં તો આપણો હક્ક કોઈ મારશે અથવા આપણે કોઈનો હક મારી લઈશું ! જે આપણા અને પરાયા માટે નુકશાનકારક છે. એટલે ગણિતના ઈલ્મને સાચી નિય્યતથી દીન અને ધર્મથી અલગ કહેવામાં નહીં આવે. ડૉકટરીનું ઈલ્મ એ નિય્યતે કે મુસલમાનોમાં ડૉકટર હોવો જોઈએ જે પોતાના ધાર્મિક મિત્રોની સેવા કરે અને તેમની સાથે સારો વર્તાવ રાખે અને તબીયત બાબતે સાચો નિર્ણય આપે. કોમવાદના જમાનામાં ડૉકટરો પણ કોમવાદ પર ચઢી જાય છે, તેવા સમયે જો આપણા ડૉકટરો ન હોય તો અસંખ્ય મુસલમાનોને નુકસાન થઈ શકે છે અને એવું જોવા પણ મળે છે. તો જાણવા મળ્યું આ નિય્યતે ડૉકટરી અને તબાબતનું ઈલ્મ પણ દીનના વર્તુળથી અલગ નથી.

## ★ વિજ્ઞાન એટલે સબબ અને કારણોનું ઈલ્મ ★

વિજ્ઞાનના ઈલ્મથી ઘણા બધા વિજ્ઞાનિકો અધર્મી બની ગયા અને ઘણા બધા અધર્મી હતા તો સધર્મી બની ગયા. પણ કોઈ વાત સમજી ન શકવી અને બહેકી જવું તે માણસનો પોતાનો પ્રશ્ન છે, તેનાથી ઈલ્મને ખરાબ નથી કહી શકતા. ઘણા બધા મૌલ્વીઓ એવા છે જેઓ કુર્આન અને હદીષને પોતાની માન્યતા પ્રમાણે કરવામાં દીનના વર્તુળથી બહાર થઈ ગયા ! શું તેનાથી કુર્આન અને હદીષના ઈલ્મને ખરાબ કહી શકાય છે ? તો એ જ પ્રમાણે સાઈન્સ અને વિજ્ઞાનનું ઈલ્મ છે. જેનાથી એક ચીજને બીજી ચીજના વજૂદનો સબબ અને કારણ જાણી તેનાથી બીજી ચીજને વજૂદ આપવામાં આવે છે.

મટેરિયલ ખુદા તઆલાનું પેદા કરેલું છે, મખ્લૂકને તેની ઉપર શકિત નથી. પરંતુ અલ્લાહ તઆલાએ આપણને અક્કલ અતા કરેલી છે. જેનાથી આપણે કોઈ ચીજનું કારણ જાણી શકીએ છીએ અને ખુદાના પેદા કરેલ મટેરિયલને એકઠું કરી કોઈ નવી ચીજને વજૂદ આપીએ છીએ. દાખલા તરીકે ખાવા પીવાની અસંખ્ય ચીજો આપણે એક બીજાને મેળવીને બનાવીએ છીએ અને તેને અલગ અલગ નામો આપીએ છીએ. પરંતુ આ કામો સાઈન્સ અક્કલથી પણ થઈ શકે છે. એટલે તેને વિજ્ઞાન અને સાઈન્સથી સંબંધિત નથી કહેવામાં આવતું. પણ કારણોનું ઈલ્મ જાણી ચીજોને વજૂદ આપવામાં આનો પણ સમાવેશ છે.

## ★ સાઈન્સ તખ્લીક નથી તરકીબ છે ★

સાઈન્સ અને વિજ્ઞાનની જે ચીજોને વજૂદ આપવામાં આવે છે તે તખ્લીક અને પેદા કરવું નથી. બલ્કે તરકીબ અને જોડણી છે. એટલે કે અલ્લાહ તઆલાની પેદા કરેલી ચીજોને એક બીજા સાથે મેળવી તેને નવી ચીજના વજૂદનું કારણ અને સબબ બનાવવામાં આવે છે. બલ્કે તે જોડણી પ્રથમથી જ કારણ હતી પરંતુ તેની તરફ આપણને માર્ગ ત્યારે મળ્યો જ્યારે આપણે તેની કોશિશ કરી. પેટ્રોલ અને ખનીજ તેલ જમીનમાં હતું જ પણ જ્યારે માણસે કોશિશ કરી અને તેને મેળવ્યું ત્યાર પછી તેણે અનેક પ્રયોગો કરીને અન્ય ચીજોને વજૂદ આપ્યો. પ્લેનની શોધ કરવામાં આવી. પરંતુ તેને ઉડવાનું જે કારણ શોધવામાં આવ્યું તે કારણથી ગમે તે જમાનામાં એ ચીજનો વજૂદ થઈ શકતો હતો પણ જ્યારે શોધ થઈ ત્યારે માણસની સમજમાં એ કારણ આવ્યું અમને તેણે કોશિશ કરી પ્લેનને વજૂદ આપ્યું. સારાંશ એ કે દરેક ચીજ માટે બીજી ચીજને કારણ બનાવવામાં આવી છે અને તેની શોધ માણસના દિમાગ પર છોડી દેવામાં આવી છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَیْسَ لِلْاِنْسَانِ اِلَّا مَا سَعٰی





નથી માણસ માટે પણ તે જેની તેણે કોશિશ કરી.

એટલે કે કોશિશ કરવા પર કયારેક તેને કામયાબી અને સફળતા આપવામાં આવે છે. તખ્લીક ખુદાનું કામ છે અને તરકીબથી નવી ચીજ બનાવી દેવી તેની શકિત માણસને પણ આપવામાં આવી છે.

## ★ કોશિશનું બીજુ નામ અનુભવ છે ★

દુનિયામાં ઘણા બધા ઈલ્મો અનુભવથી વજૂદમાં આવ્યા છે અને તેમાં જેમ જેમ વધુ અનુભવ થતો રહ્યો તેમાં સુધારો વધારો થતો રહ્યો. ગણિતનું ઈલ્મ અનુભવથી પસાર થતુ રહ્યું અને તેમાં અસંખ્ય સુધારા વધારા થયા અને બેહિસાબ નવા નવા દાખલા બનાવામાં આવ્યા. દવાઓનું ઈલ્મ, જેને ઈલ્મે તબાબત પણ કહેવામાં આવે છે. જો મનન કરવામાં આવે તો આ ઈલ્મ પણ અનુભવથી છે. અલ્લાહ તઆલાએ દવાઓ પેદા કરી છે અને તેને બીમારીથી શિફા પ્રાપ્ત કરવાનું કારણ બનાવ્યું છે. પણ તેની શોધ માણસની કોશિશ પર આધારિત છે. માણસે કોશિશ કરીને બીમારીઓની દવાઓ નિયુકત કરી. પ્રથમ નવી દવાઓના પ્રયોગ થતા હોય છે અને પછી કામયાબી પ્રાપ્ત થવા પર તેને બીમારી સાથે ખાસ કરવામાં આવે છે. ઘણી બધી બીમારીઓ એવી છે જેથી પહેલાં દવા શોધવામાં આવી હતી. પણ માણસની કોશિશ આગળ વધતી રહી તો તેને તે બીમારીઓની પણ દવા મળી આવી. ટી.બી.ની બીમારી અને રોગને પ્રથમ લાઈલાજ રોગ કહેવામાં આવતો અને ઘણા બધાં માણસો તે રોગમાં મરણ પામ્યા. પણ આજે જ્યારે તેની દવાની શોધ થઈ ગઈ તો તેને તાવ માફક એક ઓર્ડીનરી રોગ માની લેવામાં આવ્યો. હદીષ શરીફમાં છે :–

لِكُلِّ دَاءٍ دَوَاءٌ "દરેક બીમારીની દવા છે."

એટલે કે અલ્લાહ ત્આલાએ દરેક બીમારી માટે દવા પેદા કરી છે પણ તેની શોધ માણસના દિમાગ પર છોડવામાં આવી છે.

અન્ય ચીજોને અન્ય ચીજો સાથે મેળવવાથી નવી નવી બીમારીઓની દવા વજૂદમાં આવતી જાય છે. બીમારીઓ પર હલાલ દવાઓથી ઈલાજ કરવો સરકારે દો આલમ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ની પ્યારી પ્યારી સુન્નત છે. હદીષ શરીફની કિતાબો પઢવામાં આવે તો જાણવા મળશે કે ઘણી બધી બીમારીઓની દવા અને તેનો ઈલાજ સરકારે મદીના (صلی اللہ تعالیٰ علیہ وسلم)એ બતાવ્યો છે. તો તબાબતનું ઈલ્મ શીખવું દુનિયાદારી નથી બલ્કે દીન સાથે તેનો સંબંધ છે. બીમારીઓની દવાઓ પેદા કરવામાં આવી છે પણ તેનો સંબંધ માણસના અનુભવથી છે. તો જો કોઈ માણસ દવા જાણવાનું કામ ન કરે તો દુનિયામાં બીમારીઓનો ઈલાજ કેવી રીતે કરવામાં આવે ? સ્પષ્ટ થયું કે મુસલમાનોમાં એક જમાઅત એવી પણ હોવી જોઈએ જે બીજા લોકોની સહૂલત માટે દવાઓના પ્રયોગ કરે અને બીમારીઓ માટે દવાઓને નિયુકત કરે. ઘણા બધા મુસલમાન મુલ્કો એવા છે જેમાં આ બધા ઈલ્મો પર ધ્યાન આપવામાં આવતું નથી. તો તેવા મુલ્કો બીજા મુલ્કોના મોહતાજ હોય છે અને જો લડાઈ શરૂ થઈ જાય અને બીજા મુલ્કોથી ચીજોની અવર જવર પર પાબંદી લાગી જાય તો તેમને પોતાની મજબૂરીને લક્ષમાં રાખી પરાજય સ્વીકારવો પડે છે. પણ જો પોતાના મુલ્કમાં આ ઈલ્મો પર પૂરતુ ધ્યાન આપવામાં આવે અને એક મોટી ટીમ તબાબત (મેડિકલ સાયન્સ)ના ઈલ્મવાળાઓની બનાવવામાં આવે અને તેમને સહુલતો આપી દવાના કારખાનાંઓ બનાવવામાં આવે તો આપણે આપણી જરૂરતમાં બીજા મુલ્કનું મોહતાજ ન થવું પડે.

## ★ શીખવાવાળાઓની મદદ કરવી જોઈએ ★

જ્યારે આ ઈલ્મની મુસલમાનોને અગત્યની જરૂરત છે તો એક ટીમ આ ઈલ્મના જાણકારોની બનાવવી જોઈએ. અને તેના માટે મુસલમાનોએ એક બૈતુલ માલ બનાવવું જોઈએ. અને તેની રકમોનો એક ભાગ આ ઈલ્મનો શોખ રાખનાર માટે પણ નિયુકત કરવો જોઈએ અને મુસલમાનના ઘણા બધાં બાળકો સારા દિમાગના હોય છે. પરંતુ તેઓ માલી હાલતમાં અશકત હોવાથી આગળ વધી





શકતાં નથી. તો આપણે જો આવી યોજના ઉભી કરીએ તો પણ ભલુ થશે અને જરૂરતના સમયે ડૉકટર મુસલમાનો માટે હથિયારનું કામ આપશે.

## ★ દારૂલ ઉલૂમ એટલે શું ? ★

દારૂલ ઉલૂમ અરબી શબ્દ છે. દાર એટલે ઘર, ઉલૂમ ઈલ્મનું બહુવચન ઈલ્મો. તર્જુમો થયો ઈલ્મોનું ઘર. જેમાં મુસલમાનોની દીની અને દુન્યવી દરેક જરૂરતના ઈલ્મો શીખવાડવામાં આવે. હવે તમે લક્ષ આપો. શું મદ્રસાઓને દારૂલ ઉલૂમનું નામ આપીને આ બાબતે ધ્યાન આપવામાં આવે છે ? મારા કડવા શબ્દોને માફ કરશો પણ હું જે કહી રહ્યો છું અને લખી રહ્યો છું તે હકીકત છે કે, ઝકાત, સદકા અને મુસલમાનોના ખુદાના માર્ગમાં અલગ કરવામાં આવતી દરેક રકમને ભેગી કરી લેવાના એક સેન્ટરનું નામ દારૂલ ઉલૂમ છે ! તેમાં દીનનું પૂરતું ઈલ્મ પણ આપવામાં આવતું નથી પછી ત્યાં મુસલમાનોની જરૂરત તરફ શું લક્ષ આપવામાં આવે છે ?

## ★ પબ્લિક પણ ધ્યાન આપતી નથી ★

દીની અને ધાર્મિક સંસ્થાઓના આગેવાનો તો મોટા ભાગે આ બાબતે સતર્ક નથી હોતા, તેમને રૂપિયા, પૈસા ભેગા કરવાનું તો આવડે છે પણ તેનો ઉપયોગ કયાં કરવો અને કેવી રીતે કરવો તેનું તેમની પાસે ઈલ્મ હોતું નથી. એટલે તેઓ મુસલમાનોની કીમતી રકમોને વેડફી નાખતા હોય છે અને પબ્લિક પણ લકીરની ફકીર છે ! તેઓ પણ કોઈ બાબતે વિચાર કરતી નથી. અમુક લોકો આ પ્રમાણેના દિમાગ રાખતા હોય છે અને તેઓ ખાલિસ દીની ઈલ્મો સાથે બીજા ઈલ્મના સમાવેશની વાતો કરતા હોય છે પરંતુ તેમને દુનિયાદાર કહીને તેમનો અવાજ દબાવી દેવામાં આવે છે.

## ★ દારૂલ ઉલૂમમાં માત્ર ગરીબોના બાળકો ★

દારૂલ ઉલૂમના નામને એવું બદનામ કરવામાં આવ્યું કે, માલદાર જ લોકો પૈસા આપીને છૂટી જાય છે. પણ પોતાના બાળકોને ત્યાં મોકલવાની કોશિશ કરતા નથી અને આજે સર્વે કરવામાં આવે તો ગરીબ મુસલમાનોના બાળકો જ દારૂલ ઉલૂમમાં જોવા મળે છે. કારણ કે એ વાત પ્રખ્યાત છે કે દારૂલ ઉલૂમમાં મૌલ્વી બનાવવામાં આવે છે અથવા હાફિઝ અને ઈમામ બનાવવામાં આવે છે અને મૌલવી બીચારો કેટલો મજબૂર કે તેનાથી દુનિયાનું કોઈ પણ જાઈઝ કામ ન કરી શકાય. બસ ! મૌલવીનું ટાઈટલ એટલે તેણે ઈમામત કરવાની અને દીનને પોતાની રોજીનું સાધન બનાવવાનું ! જો કોઈ મૌલવી મૌલવીનું ટાઈટલ લગાવીને વેપાર ધંધો કરે તો સમાજમાં તેણે જીવવું મુશ્કેલ થઈ પડે ! દરેકના મુખે એક જ વાત મૌલવી દુનિયાદાર થઈ ગયો ?! શું જે ટાઈટલ સાથે મજબૂરી સિવાય કંઈ ન હોય તેવા ટાઈટલને માલદાર લોકો પોતાની ઔલાદ માટે કેવી રીતે સ્વીકારી શકે છે ?

## ★ કોલેજ અને યુનિવર્સિટી ★

મુસલમાનોમાં પોતાને દીનદાર સમજનાર લોકો કોલેજ અને યુનિ.નું નામ સાંભળીને **લા હૌલ** પઢતા હોય છે અને જો કોઈ કોલેજ અને યુનિ.માં જાય તો તેમને તો દીનદાર લોકો કશું ગણતા જ નથી. પણ આપણે એ બાબતે ધ્યાન આપ્યું કે, કોલેજ અને યુનિ.માં જવું શરઈ કાયદાના આધારે તો નથી નાજાઈઝ, નથી મના અને નથી હરામ ! પછી તેમનાથી નફરત કરવામાં કેમ આવે છે ? માત્ર એટલે જ કે આપણે દીનથી કોલેજ અને યુનિ.ને જુદા કરી આપી ! અને જ્યારે લોકોએ એવું સમજી લીધું કે કોલેજ અને યુનિ. ધર્મ વિરૂધ્ધ છે, તો પછી તેમાં ધર્મની કોઈ પાબંદી લાવવામાં આવતી નથી અને ત્યાં તાલીમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ આવારા બની જાય છે અને દીન તરફ તેઓ ધ્યાન આપતા નથી. અઠવાડિયામાં એક





વખત મસ્જિદમાં આવી જાય તો આવી જાય, નહીં તો મસ્જિદ તારું નામ ! મસ્જિદની ઓટલી પર બેસીને પણ મસ્જિદમાં પ્રવેશવામાં ન આવે ! આ પ્રમાણેની ખોટી સમજ ઉભી કરીને આપણે દુનિયાના અસંખ્ય મુસલમાનો પર જુલ્મ અને ત્રાસ કરેલો છે. દુનિયાના અસંખ્ય મુસલમાન વિદ્યાર્થીઓને આપણે દીનદાર બનાવી શકતા હતા, પણ આપણે તેમને આવારા કરી દીધા છે.

મુસલમાનોએ કોલેજ અને યુનિ.ને અલગ સમજવી પણ ન જોઈએ અને અલગથી ચલાવવી પણ ન જોઈએ. દારૂલ ઉલૂમમાં ઈલ્મના વિભાગ બનવા જોઈએ અને ધર્મના ઈલ્મનો એક વિભાગ અલગ રાખવો જોઈએ. જેણે આલિમ બનવું હોય તો તે વિભાગમાં દાખલો લે, જેણે દુન્યવી નોલેજમાં ડિગ્રી પ્રાપ્ત કરવી હોય તો તે વિભાગમાં દાખલો લે. આમ જ કોલેજ અને યુનિ.માં દુન્યવી તાલીમમાં જેટલા વિભાગો બનાવવામાં આવે છે, દારૂલ ઉલૂમમાં પણ એ પ્રમાણેના વિભાગ બનાવવામાં આવે. જેમ દારૂલ ઉલૂમના બાળકોને રહેવાનું અને ખાવા પીવાનું તેમજ તાલીમ મફત આપવામાં આવે છે, દારૂલ ઉલૂમના કોલેજ અને યુનિ.ના વિદ્યાર્થીઓને પણ આ સહુલતો મફત આપવામાં આવે. માલદારોના બાળકો મફત સહુલત લેવા ન માંગતા હોય તો તેમને માટે યોગ્ય ફીસ નક્કી કરવી જોઈએ. ટીચર અને વિદ્યાર્થી સર્વને નમાઝ પઢાવવી જોઈએ. જરૂરત પૂરતી દીનની તાલીમ પણ આપવી જોઈએ. આમ સર્વ બાળકો દારૂલ ઉલૂમના બાળકો કહેવાશે. દરેકમાં દીનની પાબંદી જોવા મળશે. દીન અને દુનિયા બંનેમાં મુસલમાનોની પ્રગતિ જોવા મળશે. દુન્યવી કોલેજ અને યુનિ.ના આઝાદ માહોલમાં મુસલમાનના બાળકો આવારા બની જાય છે તેમનો અહીં રહી બચાવ થઈ જશે. સેંકડો બાળકોની લાઈફ બચી જશે. ગરીબોને પણ આગળ વધવાનો મોકો મળશે.

## ★ મારો અનુભવ ★

હું જ્યારે સ્કૂલમાં તાલીમ પ્રાપ્ત કરતો હતો તો મને સારી

રીતે એ વાત યાદ છે કે, અમારા કલાસમાં ગરીબોના ઘણા બધા બાળકો તેજ દિમાગના તેજસ્વી હતાં, પરંતુ તેઓ માલી અશકત હતાં તો છૂટ્ટીના દિવસોમાં તેઓ લોકોનું કામ કાજ કરતાં હતાં અને સાતમામાં તેઓ ઉઠી ગયાં અને મજૂરીએ લાગી ગયાં. જો તેમનો ખર્ચ ઉઠાવનાર કોઈ હોત તો તેમને આગળ વધવાનો મોકો મળતો. પણ શું કરીશું ? માલદારોના દિમાગમાં ગરીબોની ભલાઈ નથી હોતી. તેઓ ગરીબોને પોતાની મજૂરી કરવા ગરીબ રાખવાની જ કોશિશમાં હોય છે. અને સમગ્ર જગત પર ધ્યાન કરવામાં આવે તો પોલીશી ગરીબોને ગરીબ રાખવાની હોય છે. દુનિયામાં માત્ર ઈસ્લામ ધર્મ એવો છે જેણે માલદારોના માલમાંથી ગરીબોને હક્ક અલગ કરાવ્યો, તેમના માટે બયતુલ માલ બનાવવામાં આવ્યાં. માલદારો પોતાની કમાઈમાંથી ખર્ચ કરે અને ગરીબોને બયતુલ માલથી સહુલત આપવામાં આવે. બંનેમાંથી કોઈ મજબૂર ન રહે. દરેકની સહુલત સરળતાથી પૂરી થઈ શકે. કોઈ કોઈનાથી હસદ ન કરી શકે. ગરીબોએ માલદારોને દેખી અફસોસ ન કરવો પડે.

## ★ ગરીબો દારૂલ ઉલૂમમાં કેમ આવે છે ? ★

દીન અને ધર્મની મહોબ્બત દરેક મુસલમાનને હોય છે. મહોબ્બત વિના મુસલમાન મુસલમાન રહી શકતો નથી. પછી ગરીબોના બાળકો દારૂલ ઉલૂમમાં વધુ પ્રમાણમાં કેમ આવે છે ? તો મુસલમાનો માટે સારું અનુમાન કરો એ કાયદાના આધારે આપણે કોઈ ખોટી વાત નથી કરી શકતા પણ વાસ્તવિકતા એ છે કે દુન્યવી તાલીમમાં ઘણો ખર્ચ કરવો પડે છે. જ્યારે દારૂલ ઉલૂમમાં ખાવા, પીવા, રહેવા સહેવાની દરેક જરૂરત મફત આપવામાં આવે છે. ગરીબો દુન્યવી તાલીમ ખર્ચાળ હોવાને લઈને સહન નથી કરી શકતા તો તેઓ બાળકોને દારૂલ ઉલૂમમાં મોકલે છે. એટલે ગરીબોના બાળકોમાં દીનની ડિગ્રીઓ જોવા મળે છે. માલદારો દુન્યવી તાલીમ માટે ખર્ચો કરી શકે છે અને જે પ્રમાણે ખર્ચો થાય છે તે પ્રમાણે નોકરીઓ મળે છે. એટલે તેઓ દારૂલ ઉલૂમ તરફ ધ્યાન કરતા નથી.





સારાંશ એ કે ગરીબોને દારૂલ ઉલૂમમાં મફત તાલીમ મળે છે તો દારૂલ ઉલૂમમાં આવે છે અને જે બાળકો દારૂલ ઉલૂમનો શોખ નથી રાખતાં તેમનાં મા બાપ તેમને નાના મોટા કામ પર લગાડી દે છે. પૈસો પૈસાને ખેંચે. માલદારો મોટા સ્વપ્ન સેવે, ગરીબ પાસે હોય શું ? તેઓ સ્વપ્ન સેવે. સાંજે ખાવા પીવાનું મળે તેટલી રકમ પર ખુશ થઈ જાય. જો દારૂલ ઉલૂમને માત્ર એક તાલીમ સાથે ખાસ કરી લેવામાં ન આવતે તો ગરીબોનાં તે બાળકો જે માત્ર દીનની તાલીમ હાંસલ કરવા નથી માંગતા તેઓ ઝકાતની રકમોથી દુન્યવી તાલીમમાં ભાગ લઈ શકતાં અને માલદારોને દારૂલ ઉલૂમથી દુનિયાની તાલીમ મળી જતી તો તેઓ દારૂલ ઉલૂમ તરફ ધ્યાન કરતા.

## ★ આ સ્વપ્ન સાકાર થઈ શકે છે ? ★

જાગ્યા ત્યારથી સવાર ! એટલે કે જ્યારથી સમજમાં આવ્યું અમલ થવો જોઈએ અને તેના માટે એટલા પ્રયત્નો કરવા જોઈએ કે ભૂતકાળમાં ધ્યાન ન આપવાથી જે નુકસાન થયું તેનો કફ્ફારો પણ અદા થઈ જાય. જે પ્રમાણે દારૂલ ઉલૂમ ઉભા કરવામાં આવ્યા છે અને તેની આલીશાન ઈમારતો બનાવવામાં આવી છે અને તેમાં દીનની તાલીમનું કામ ચાલી રહ્યું છે તેમ તેમાં માત્ર કોલેજ અને યુનિ.ના વિભાગો બનાવાની જરૂરત છે. કાલથી જ કોલેજ અને યુનિ. દારૂલ ઉલૂમનો એક ભાગ બની જશે.

## ★ વહાબી સાથે ભેગા થવાની કોઈ જરૂરત નથી ★

લોકો એવું સમજે છે કે વહાબીઓ પાસે વધારે માલ મિલકત હોય છે એટલે તેમનો સાથ લીધા વિના આપણું કોઈ કામ બની શકતું નથી, એ તદ્દન ખોટી વાત છે. દુનિયામાં સુન્નીઓ જેટલું દાન કરે છે, ભાગ્યે જ કોઈ ફિર્કાના લોકો કરતા હશે. આપણે જો ઈચ્છીએ તો ઝકાત અને સદકાથી નહીં, માત્ર લિલ્લાહ રકમથી વિશાળ દારૂલ ઉલૂમો ચલાવી શકીએ છીએ. તમે વિચારતા હશો,

ઝકાતની રકમથી ચલાવવું મુશ્કેલ થઈ પડે છે પછી લિલ્લાહ રકમથી કેવી રીતે ચલાવી શકાય ? આ વાત એટલે સમજમાં નહીં આવે કે આપણે આપણી ઝકાત અને સદકાની રકમનો હિસાબ લગાડયો હશે પણ આપણે કયારે પણ લિલ્લાહ રકમનો હિસાબ નહીં લગાડયો હોય ! એટલે દિમાગમાં કેવી રીતે બેસે ? આવો, હું તમારો હમદર્દ થઈને તમને બતાવું, આપણે આપણી રકમોથી શું શું કરીએ છીએ. એક ખર્ચની દિશા બદલી નાખો કામ બની જશે. તે ખર્ચ અગ્યારમી શરીફનો. ગરીબથી ગરીબ સુન્ની પણ અગિયારમી કરે છે અને વર્ષે પાંચ પચાસને જરૂરથી ન્યાઝ બનાવી ખવડાવે છે. તો **તેઓ અગિયારમી રોકે નહીં, તે ખર્ચમાં કમી ન કરે. બલ્કે વધારે કરે.** પણ તેની દિશા બદલી નાખે. આજનો દાઢલ ઉલૂમ નહીં જે દાઢલ ઉલૂમ તરફ હું તમારું દિમાગ લઈ જઈ રહ્યો છું તેના માટે વકફ કરે. એક જિલ્લામાં આ પ્રમાણેનો માત્ર એક દાઢલ ઉલૂમ બનાવવામાં આવે અને તે જિલ્લાના સઘળા સુન્નીઓ પોતાની અગિયારમીનો ખર્ચ તે સંસ્થાને આપે અને માલદારો પોતાની ઝકાત, સદકા અને બીજી રકમો પણ તે સંસ્થાને આપે. એક સંસ્થા સિવાય તે પ્રકારની બીજી કોઈ સંસ્થા કાયમ કરવામાં ન આવે. મોટા મોટા હોસ્ટેલો બનાવવામાં આવે, જે જિલ્લાના દરેક ગામના બાળકો માટે પૂરતાં હોય. આ સંસ્થામાં દીન અને દુનિયાની દરેક તાલીમ એટલી પધ્ધતિસર કરવામાં આવે કે કોઈનું દિમાગ દુનિયાની બીજી સંસ્થા તરફ જઈ ન શકે. ગવર્નમેન્ટની મદદ લેવાથી કોઈ પ્રકારનું દબાણ તેના તરફથી આવતું હોય તો તેની પાસેથી મદદ લેવામાં ન આવે. બાળકો પાછળ એટલી મહેનત કરવામાં આવે કે જિલ્લાનો કોઈ પણ શાળાનો કોઈ પણ વિદ્યાર્થી આ સંસ્થાના બાળકથી આગળ ન વધી શકે. દીન અને દુનિયાની તાલીમના રિટાયર્ડ લોકોની એક બોડી બનાવવામાં આવે. તેમનાથી તાલીમ બાબતે મશ્વેરો લેવામાં આવે. દીનદાર અને સમજદાર લોકોની એક બોડી બનાવવામાં આવે. કોઈ પણ પ્રકારનો ઝઘડો અને વિવાદ હોય તેઓ ન્યાય અને ઈન્સાફથી ફેંસલો કરી, કોઈનું દિલ ન દુઃખાવા દે અને તેમનો ફેંસલો દરેક કબૂલ





કરે. સિલસિલાના કોઈ પણ વિવાદને ત્યાં પ્રવેશવા ન દે. મુદર્રિસ અને ટીચરોમાંથી કોઈ એવું હોય તો તેમના પર સખ્ત પગલાં લેવામાં આવે. કાયદા કાનૂન વધારે સખ્ત બનાવવામાં ન આવે. બાળકોની જરૂરતોનો પૂરતો ખ્યાલ રાખવામાં આવે. ખાવા પીવાની અને રહેવા સહેવાની દરેક જરૂરત તેમના ઘરોથી પણ સારી હોવી જોઈએ. જીવન જરૂરિયાતમાં કોઈ ફરિયાદનો મોકો આપવામાં ન આવે. રમત ગમતના મેદાનો પણ રાખવામાં આવે. સતર ખૂલે એવી કોઈ ગેમ રમાડવામાં ન આવે. સફાઈનું કામ બાળકોથી લેવામાં ન આવે. તેના માટે પૂરતા માણસો પગારથી રાખવામાં આવે. જે વિષયના ટીચરને દુનિયાની શાળામાં જે પ્રમાણે પગાર મળતો હોય અને જેટલી સહુલતો આપવામાં આવતી હોય તેમાં થોડી પણ કમી આ સંસ્થામાં ન આવવી જોઈએ. એક બોડી પગારથી એવી પણ રાખવામાં આવે જેમનું કામ માત્ર બાળકોની દેખરેખ હોય. બાળકો સામે ફરિયાદ ન કરી શકે તો તેમના માટે ફરિયાદ પેટીઓ રાખવામાં આવે. નામ લખેલું હોય પણ ફરિયાદ ભૂલાવી દેવામાં ન આવે. બલ્કે તેના પર પૂરતું ધ્યાન આપવામાં આવે. બાળકોની આદતો ખરાબ ન થઈ શકે તેની કાળજી રાખવામાં આવે. કોઈ પોતાની મરજીથી મફત ખિદમત આપવા ઈચ્છે તો ઠીક, નહીં તો પગાર વિના કોઈ ખિદમત લેવામાં ન આવે. દીની સંસ્થાઓની ખરાબ હાલત મફત ખિદમતોને લઈને જ થઈ છે. પગાર લેનાર પર દબાણ કરી શકાય છે અને દબાણથી જ કામ સારું બને છે. સંસ્થા સુન્નીઓની હોય. બંધારણ સુન્ની માન્યતાને લક્ષમાં રાખીને બનાવવામાં આવે. ટીચર અને મુદર્રિસોની માન્યતા સુન્ની માન્યતા મુજબ હોય. સંસ્થાને ચલાવવા માટે કોઈ પણ બાતિલ ફિર્કાથી કોઈ સહાય લેવામાં ન આવે. કોઈની ઉપર ભરોસો કરી લેવામાં ન આવે. બલ્કે કાયદા મુજબ કામ કરવામાં આવે. હિસાબ કિતાબ પાઈ પાઈનો હોવો જોઈએ. સંસ્થામાં એક પૈસો પણ ગેરકાયદેસર ન હોવો જોઈએ. ચંદાનું કામ બાળકોથી લેવામાં ન આવે. ચંદાની એક ટીમ અલગ હોવી જોઈએ. જેમને પગાર આપવામાં, આવે કમિશન નહીં. ચંદાની રસીદો પર ભરોસો કરી

લેવામાં ન આવે. કયારેક આપનારની અસલ રસીદથી ડુપ્લીકેટની ચકાસણી કરી લેવામાં આવે. જેથી ચંદામાં કોઈ ગડબડી ન કરી શકે અને સંસ્થા બદનામ ન થાય. સંસ્થાના દરેક વિભાગનાં બાળકો માટે સેમીનાર રાખવામાં આવે. તેમને લેકચર શીખવવામાં આવે અને તે સિવાય પણ અન્ય કાયદાનો સમાવેશ થઈ શકે છે. તેને કામ અમલમાં આવ્યા બાદ વિચારી શકાય છે. આ પ્રમાણે દરેક જિલ્લામાં મુસલમાનોની મોટી યુનિવર્સિટી કાયમ થઈ શકે છે અને એક જિલ્લાની દીની અને દુન્યવી દરેક જરૂરત પૂરી થઈ શકે છે. આ મારું એક સ્વપ્ન છે, પણ મુસલમાનો ધ્યાન કેન્દ્રિત કરે તો તે હકીકત પણ બની શકે છે. દીન અને દુનિયાની દરેક ઉન્નતિ પ્રથમ સ્વપ્ન જ હોય છે, પરંતુ તેની પાછળ કોશિશ કરવામાં આવે તો તે હકીકત બનીને દુનિયાની નિગાહોમાં આવી શકે છે.

## ★ કીડીથી સબક શીખો ★

કીડી કેટલું નાનુ સરખું પ્રાણી છે. તેની શકિત જોવા જઈએ તો કંઈ જ ન કહેવાય. તેના જીવનનો દિવો કયારે હોલવાઈ જાય ભરોસો નહીં, પણ તેની કોશિશ અને તેના મજબૂત ઈરાદા તરફ લક્ષ આપવામાં આવે તો તે માણસને પણ સબક શીખવાડી શકે છે. તમે ન જાણતા હોઉ તો જાણી લો કે કીડીઓ ભેગી મળીને એકતાથી એક સાથે વીંછી કે સાપને પણ ઘસેડી શકે છે. વિચારો કે કીડીમાં શું તાકત છે ?! પણ કયારેક મોકો નસીબ થાય તો જોઈ લેશો કે કીડી ભેગી થાય અને એક તરફ એક સાથે તાકાત લગાડે તો કેટલું અજાયબ કામ કરી શકે છે ! તો આપણે તેમના પરથી સબક લેવો જોઈએ.

## ★ છોકરા છોકરીઓની ભેગી તાલીમ ખતરાનું મૂળ છે ★

હાઈસ્કૂલથી છોકરા અને છોકરી એક સાથે થઈ જાય છે અને અહીં યુ. કે. માં તો પ્રથમથી જ એક સાથે હોય છે. તેની ખરાબી





આપણે જોઈ રહ્યા છીએ કે, થોડી સમજ આવી કે છોકરા છોકરીઓ લવમાં પડી જાય છે, ભણવા તરફ કોઈ ધ્યાન આપતું નથી. અને અહીં યુ. કે.માં તો ટીચર સમક્ષ છોકરા અને છોકરીઓ મસ્તી મજાક કરે તો પણ ટીચરથી કશું ન બોલાય. ન્યૂઝથી અને પેપરોથી જાણવા મળે છે કે ૧૨ અને ૧૩ વર્ષની છોકરીઓ સ્કૂલથી પ્રેગનન્ટ થઈ જાય છે અને આવા એક બે નહીં, અસંખ્ય બનાવો સાંભળવા મળે છે. આ સઘળી ખરાબીઓ છોકરા અને છોકરીઓના એક સાથે કલાસમાં રહેવાથી થાય છે. એટલે છોકરીઓ માટે અલગ સંસ્થાઓ બનાવવામાં આવે. જો છોકરીઓ દીનની તાલીમ અને દુનિયાની તાલીમ આ પ્રમાણેની ઈસ્લામિક સંસ્થામાં લેશે તો માલહો અંકુશમાં આવી શકે છે અને દુનિયવી તાલીમથી મહોબ્બત ધરાવનાર છોકરી પણ આવારા અને બેરાહ બનશે નહીં. આ કામો કઠણ તો છે પણ કોશિશ કરવામાં આવે તો સફળતા જરૂરથી મળી શકે છે.

## ★ માણસની ઉત્તમતા ઈલ્મથી ★

પ્રથમ માણસ હઝરત આદમ (عليه الصلوٰة والسلام) છે જેમને અલ્લાહ ત્આલાએ પોતાની કુદરતથી એક ખાસ પ્રકારથી વજૂદ આપી પોતાની સઘળી મખ્લૂકાત પર ઉત્તમતા આપી. આપને ઉત્તમતા આપવાનું કારણ ફરિશ્તાઓએ અલ્લાહ તબારક વ તઆલાથી માલૂમ કર્યું તો અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત આદમ (عليه الصلوٰة والسلام)ને ફરિશ્તાઓથી અધિક ઈલ્મ અર્પણ કરવું બતાવ્યું. કુર્આન શરીફમાં અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું :–

وَعَلَّمَ آدَمَ الْأَسْمَاءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَى الْمَلَائِكَةِ فَقَالَ أَنْبِئُونِي بِأَسْمَاءِ هَٰؤُلَاءِ إِنْ كُنْتُمْ صَادِقِينَ ○

અને આદમને સર્વ વસ્તુઓનાં નામ શીખવ્યા પછી તેને ફરિશ્તાઓની રૂબરૂ કરી પછી ફર્માવ્યું, જો તમે સાચા છો તો મને એમનાં નામ બતાવો.

આ આયત બતાવી રહી છે કે હઝરત આદમ (عليه الصلوٰة والسلام)ને

ખિલાફતનું પદ અને મખ્લૂકમાં ફઝીલત ઈલ્મની અધિકતાથી આપવામાં આવ્યું અને તે ઈલ્મ દુનિયાની ચીજોનાં નામો અને ચીજોને ઓળખવું હતું. ભાષાનું ઈલ્મ ખાલિસ દીનનું ઈલ્મ નથી, પણ દીન વિરૂધ્ધ નથી. એટલે તેની અધિકતાથી વિરૂધ્ધ ન જાય તેને ખરાબ નથી કહી શકતા અને તેને પ્રાપ્ત કરવું શરઈ કાયદાના આધારે બુરૂ નહીં કહેવાશે અને તેને શીખવાડવાનો અને શીખવવાનો જાઈઝ માર્ગ નીકળી આવશે. અને જ્યારે જે ઈલ્મોથી ઈસ્લામ મનાઈનો હુકમ નથી આપતો અને તેને શીખવું શીખવાડવું જાઈઝ છે તો ઈસ્લામની દરેક પ્રકારની રકમ તેના શીખવવાવાળાઓની લાયકાત પ્રમાણે ઉપયોગમાં લાવી શકાય છે અને દારૂલ ઉલૂમમાં આ પ્રમાણેની તાલીમના પણ વિભાગ બનાવી મુસલમાનોની દુન્યવી જરૂરતોનો પણ નિકાલ કરી શકાય છે.

## ★ મુબાહ, સવાબ નથી તો ગુનોહ પણ નથી ★

મુબાહ એટલે શરઈ કાયદાના આધારે તે જાઈઝ હોય પણ તેના કરવા ન કરવા પર સવાલ અને ગુનોહ નથી. માણસની પોતાની ઈચ્છા પર આધારિત છે. ઈચ્છે તો શીખે અને ન ઈચ્છે તો ન શીખે. પણ જો કોઈ મુસલમાન શીખવાની ઈચ્છા ધરાવતો હોય તો તેની મદદ કરી શકાય છે અને મદદ કરનારને એક મુસલમાનની મદદ કરવાનો સવાબ મળશે. દાખલા તરીકે આપણે આપણી ઝકાત, સદકા અને ખૈરાતનો માલ ગરીબોને અર્પણ કરીએ છીએ અને તેઓ પોતાની જીવન જરૂરત અને તેના માટે સાધનોની સામગ્રી કરવી, માણસની શરઈ જરૂરત નથી જાતિય જરૂરત છે અને જાતિય જરૂરત માટે પણ ઝકાત, સદકા અને ખૈરાત આપી શકાય છે. તો એ જ દાખલા પ્રમાણે કોઈ મુસલમાનની દીની નહીં, દુન્યવી ઈલ્મની પ્રાપ્તિમાં મદદ કરવામાં આવે તો તે પણ મુસલમાનની મદદ છે અને મદદ કરનારને સવાબ મળશે. આ જ કાયદા છે અને સંસ્થાઓનો તરીકો છે કે જે પ્રમાણે દાઢલ ઉલૂમનું સંચાલન ઝકાત અને સદકાની રકમોથી કરવામાં આવે છે. હીલાથી દીની સંસ્થા ચાલે છે તો તેનાથી સ્કૂલ,





કોલેજ અને યુનિ.ની સંસ્થાઓ પણ ચાલી શકે છે.

## ★ દુનિયાની પ્રગતિમાં દુનિયાની તાલીમ અનિવાર્ય છે ★

આપણને દુનિયામાં લોકોની વચમાં રહેવાની મનાઈ નથી કરવામાં આવી અને બધું છોડીને જંગલોમાં વસવાની રજા નથી આપવામાં આવી, જેમ કે ઈસાઈઓનો ધાર્મિક સમાજ છે જેને રહબાનિયત કહેવામાં આવે છે. તો પછી દુનિયામાં રહેવા માટે જ્યાં દીનનું ઈલ્મ જરૂરી છે, ઈસ્લામને પ્રગતિ આપવા માટે દુનિયાનું ઈલ્મ પણ અનિવાર્ય છે.

## ★ ઈન્ટરનેટ અને દીની ફાયદો ★

દુનિયાની નવી શોધમાં કોમ્પ્યુટર છે અને તેની એક વ્યવસ્થા ઈન્ટરનેટના નામથી ચાલી રહી છે. દુનિયાની લાયબ્રેરીઓ પ્રથમ કિતાબોની શકલમાં હતી. હવે ઈન્ટરનેટથી કોમ્પ્યુટર સ્ક્રીન પર આવી ગઈ છે અને દરેક ધર્મના લોકો પોતાની મઝહબી અને ધાર્મિક માલૂમાત ઈન્ટરનેટ પર આપે છે અને દુનિયામાં ઘેર બેઠાં પોતાનો ધર્મ ફેલાવે છે. બાતિલ ફિર્કાના લોકો પોતાના બાતિલ અકીદા, ખોટી માન્યતા અને ખરાબ તાલીમાત ઈન્ટરનેટથી દુનિયામાં પહોંચાડી રહ્યા છે. જો એવા સમયે આપણા તરફથી વિદ્યાર્થીઓની એક ટીમ બનાવવામાં ન આવે જે ઈન્ટરનેટનું પૂરતું નોલેજ પ્રાપ્ત કરે અને આપણી સત્ય માલૂમાતને દુનિયામાં કોમ્પ્યુટર સ્ક્રીન પર પહોંચાડે તો આપણે એક જગાએ બંધ થઈને રહી શકીએ છીએ અને દુનિયામાં આપણે આપણાં મેસેઝ અને સમાચાર બીજા લોકો સમક્ષ પહોંચાડી શકતા નથી. દીન અને ધર્મની તબ્લીગ અને પ્રચારના ઘણા બધા માર્ગો છે તેઓ પૈકી ઈન્ટરનેટ પણ છે. એટલે આપણે આ માર્ગમાં પણ કોશિશ કરવાની જરૂરત છે.

## ★ જંગ અને વિજ્ઞાન ★

જે લોકો ગૈરમુસ્લિમ મુલ્કો અને દેશોમાં વસે છે તેમણે પોતાના અને પોતાના દીની ભાઈઓના રક્ષણ માટે તત્પર રહેવું જોઈએ અને રક્ષણ માટેનાં કાર્યો કરવાં જોઈએ. દુનિયામાં પ્રાણીઓ અને પશુ પક્ષીઓ પણ પોતાના રક્ષણ માટે દરેક પળ તત્પર રહેતા હોય છે. પછી આપણે તો માણસ છીએ અને વધુમાં એ કે આપણે મુસલમાન છીએ. એટલે ગૈરમુસ્લિમ દેશોમાં આપણા ઈસ્લામ શબ્દથી દુશ્મની રાખનારા અસંખ્ય હશે. આમ તો કંઈ નહીં થાય, પણ જ્યારે કોમવાદ ઉભો થાય છે ત્યારે કોઈ કોઈને જોતું નથી અને દરેકને એકબીજાથી ખતરો થવા લાગે છે. જો તેવા સમયે આપણી પાસે કોઈ પ્રકારની વ્યવસ્થા ન હોય તો જાન માલનું મોટું નુકસાન ઉઠાવવું પડે છે. એટલે નાની મોટી સગવડ દરેકે રાખવી જોઈએ અને પોતાના બાળકોને બાળપણથી હિંમત આપી બળવાન બનાવવા જોઈએ. શીખ લોકો હિન્દુસ્તાનમાં ઘણી ઓછી સંખ્યામાં છે, પરંતુ તેમનું બાળક બળવાન હોય છે અને તેમને બાળપણથી જ દરેક પ્રકારની હિંમત આપવામાં આવે છે. આજે પણ ઘણી ઓછી સંખ્યામાં શીખ લોકો છે પણ બળવાન કૌમ હોવાને લઈને તેઓ માથુ ઉઠાવીને ચાલી શકે છે. તો આપણા નબી અને આપણા દીન તરફથી આપણને દરેક પ્રકારની તાલીમ આપવામાં આવી છે તો આપણે પણ બળવાન બનીને રહેવું જોઈએ. મારા કહેવાનો ભાવાર્થ એ નથી કે આપણે પોતે કોમવાદ ઉભો કરવો જોઈએ અને લડાઈઓ કરવી જોઈએ. ના ! આપણે મુસલમાન છીએ. આપણે ખુદાની ધરતી પર શાંતિ સ્થાપનાર છીએ. આપણે કોઈ પ્રકારનો કોમવાદ ઉભો ન કરવો જોઈએ. મળી સમજીને રહેવું જોઈએ. પણ જો ખરાબ પ્રકારના લોકો લૂટફાટની નિય્યતે કોમવાદની હવા ફેલાવે તો આપણે આપણા રક્ષણ માટે તત્પર રહેવું જોઈએ.

કોઈ પણ ધર્મથી સંબંધ ધરાવનાર પબ્લિક ૧૦૦% ખરાબ નથી હોતી અને ન તો કોઈનું બુરૂ ઈચ્છતી હોય છે. પરંતુ દરેક કોમમાં





૩% ટકા જેટલા લોકો ખરાબ હોય છે અને તેઓ ખોટી વાતો ફેલાવી પબ્લિકને ભડકાવતા હોય છે. કોમવાદ ઉભો થાય તો તેમને કશું નુકસાન નથી થતું. નુકસાન સામાન્ય પબ્લિકને થતું હોય છે. નુકસાન ઉઠાવવા પછી પબ્લિકને ભાન આવે છે પણ તેનો કશો ફાયદો નથી. એટલે પબ્લિકે ખોટા લોકોની વાતોમાં ન આવવું જોઈએ અને શાંતિનું વાતાવરણ કાયમ રાખવું જોઈએ.

## ★ મુસ્લિમ દેશો ★

જેમ ગૈરમુસ્લિમ મુલ્કોમાં મુસલમાનોને કોમવાદ થવા પર થોડુ ઘણુ નુકસાન ઉઠાવવું પડે છે અને હમેશાં ચેતીને રહેવું પડે છે. એ જ પ્રમાણે મુસ્લિમ દેશોએ ગેરમુસ્લિમ દેશોથી ચેતીને રહેવું પડે છે. જો ગેરમુસ્લિમ દેશો પર ચડાઈ કરવા ન માંગે તો કંઈ વાંધો નથી પણ જો દુશ્મન ચડી આવે તો તેમનાથી પોતાના મુલ્કનું રક્ષણ તો કરવું જ પડશે. વર્તમાનકાળમાં જેમ વિજ્ઞાન દરેક ક્ષેત્રે પોતાની નવી નવી શોધોથી માણસને અચંબામાં નાખે છે. જંગ અને લડાઈના ક્ષેત્રે પણ વિજ્ઞાન ઘણુ આગળ વધી ગયું છે અને નવા યુધ્ધમાં તે જ કામયાબ અને સફળ થઈ શકે છે જે વિજ્ઞાનથી સંબંધ ધરાવતો હોય. તલ્વારો અને લાઠી દંડાથી જે લડાઈઓ ચાલતી હતી તે ત્યારની વાત છે જ્યારે દુનિયામાં વિજ્ઞાનનું મહત્વ ન હતું. પણ આજે જ્યારે વિજ્ઞાને લડાઈનાં નવાં નવાં સાધનો બનાવ્યાં છે અને જો મુસલમાન મુલ્કોમાં તેના તરફ લક્ષ આપવામાં ન આવે તો લડાઈમાં સફળ થવાનો જાહેરી કોઈ ચાન્સ જોવા નથી મળતો. તલ્વારોની લડાઈઓમાં મુસલમાન એટલો આગળ હતો કે, દુનિયાની કોઈપણ શકિત તેમની સામે ટક્કર ન લઈ શકતી હતી અને મુસલમાન થોડા જમાનામાં કાફિરોની સરહદો પાર કરીને ઘણો આગળ નીકળી ગયો હતો. બયતુલ મુકદ્દસ ગૈરમુસ્લિમોના હાથોથી મુસલમાનોના હાથમાં આવી ગયું હતું. પછી મુસલમાનોની ખાનાજંગીથી ગૈરમુસ્લિમોને સફળ થવાનો મોકો મળ્યો જેથી તે પરત ગૈરોના હાથોમાં ચાલ્યું ગયું. પણ હઝરત સલાહુદ્દીન ઐયૂબી (رحمۃ اللہ علیہ) તલ્વારથી ફરી મુસલમાનોના

કંટ્રોલમાં આવી ગયું. પણ જયારથી વિજ્ઞાનની શોધો લડાઈના ક્ષેત્રે થવા લાગી અને આધુનિક સાધનો વજૂદમાં આવ્યાં, અને મુસલમાન મુલ્કોએ તે તરફ ધ્યાન આપ્યું નહીં તો ફરી કાફિરોએ બયતુલ મુકદસને પોતાના કંટ્રોલમાં લઈ લીધું.

## ★ ઈઝરાઈલ દેશ નથી પણ દેશો માટે ભારે ★

ઈઝરાઈલ યહૂદીઓની એક મોટી વસ્તીનું નામ છે. જેમના શહેરો અને ગામની સંખ્યાને ભેગી કરી દેશ ગણવામાં આવતો નથી. પરંતુ તેઓની ચારે બાજુ મુસલમાન દેશો છે અને ઈઝરાઈલ વિજ્ઞાનમાં એટલું આગળ વધ્યું કે, લડાઈ ક્ષેત્રે તેનો જવાબ નથી. મુસલમાન દેશો ધનવાન તો છે પણ તેમની પાસે વિજ્ઞાન નથી તો તેઓ વર્તમાનકાળમાં લડાઈઓમાં કામયાબી પ્રાપ્ત કરી શકતા નથી. મુસ્લિમ દેશો માટે ઈઝરાઈલ માથા ભારે છે. જો મુસલમાનો પોતાની અય્યાશીમાં લાગેલા રહેશે તો તેમને પોતાનું રક્ષણ કરવું પણ મુશ્કેલ થઈ પડશે.

## ★ ઈરાકનો ચમત્કાર અને કાફિરોની મદદ ★

ઈરાકના યુધ્ધ બાબતે દરેકનું મંતવ્ય અલગ હોય છે. કેટલાક એવા છે જે ઈરાકની લડાઈમાં સદ્દામની તારીફ કરે છે અને કેટલાક ઈરાકને તો ગાળો આપે છે અને અમેરિકાની તારીફમાં પોતાના કીમતી શબ્દો ખર્ચ કરે છે. તે બાબતે મારે કશું કહેવું નથી. દરેકનું પોતાનું મંતવ્ય. પણ હું એટલું તો જરૂરથી કહીશ કે ઈરાકનો એક ચમત્કાર થયો તો સેકન્ડોમાં કુવૈત તેમના કબ્જામાં આવી ગયું અને થોડી કોશિશ કરી હોત તો સઉદી અરેબિયા પણ તેમના કબ્જામાં આવી જતું. પણ સઊદીયા કબ્જે કરવાનો તેમનો હેતુ ન હતો. જો (સઊદી તથા કુવૈત) આ બે દેશો સાથે અમેરિકાનો સાથ ન હોય તો નાનું સરખું ગામડું પણ તેમની પાસેથી દેશ લઈ શકે છે. આજે અમેરિકાને સુપર પાવર માનવામાં આવે છે અને તેમની વાત સાચી હોય કે જૂઠી લોકોને કબૂલ કરવી પડે છે. એટલે નહીં કે અમેરિકાની





વાત છે, સ્વીકારી લો. પણ તેઓ વિજ્ઞાનમાં એટલા આગળ છે કે તેમની પાસે આધુનિક લડાઈના સાધનો છે. તેમની શકિતથી લોકોને દબાયને રહેવું પડે છે. દુનિયામાં જે દેશ વિજ્ઞાન તરફ ધ્યાન આપશે તે સફળ રહેશે.

ઈરાકની લડાઈથી એટલું તો જાણવા મળ્યું કે મુસલમાન કેટલો પાછળ છે, વિજ્ઞાનથી કેટલો દૂર છે, વર્તમાન કાળમાં તે હાથ વિનાનો છે. તો પછી મુસલમાન મુલ્કોએ બેસી ન રહેવું જોઈએ. વિજ્ઞાનમાં આગળ વધવું જોઈએ અને દરેક પ્રકારનાં નવાં નવાં સાધનો બનાવવાનાં કારખાનાં પોતાના મુલ્કોમાં બનાવવાં જોઈએ અને પોતાના માણસોને આ કામોમાં આગળ વધાવવા જોઈએ કે આપણા રહસ્યથી ગેર વાકિફ ન થઈ જાય.

## ★ વિજ્ઞાનની લડાઈ ★

ભૂતકાળની લડાઈઓમાં તો આમને સામને થવું પડતું હતું. પરંતુ વર્તમાનકાળની લડાઈમાં આમને સામને થવાની કોઈ જરૂરત નથી. ઘેર બેઠા જેને મારવો હોય મારી શકાય છે. જે જગાને નિશાનો બનાવવી હોય બનાવી શકાય છે. મિસાઈલ કોમ્પ્યુટરોના સહારે જતી હોય છે. બટન દબાવો અને મકસદ પૂરો કરો ! મિસાઈલનો તોડ મિસાઈલથી જ થઈ શકે છે. આમને સામને થવામાં શકિત અને હિંમતની જરૂરત હોય છે. વર્તમાનકાળની લડાઈમાં શકિત અને હિંમતની જરૂરત નથી. અક્કલ અને વિજ્ઞાનની જરૂરત છે અને વર્તમાનકાળમાં મુસલમાન એમાં પાછળ છે. દુનિયામાં ઘણા દેશો સુપર પાવર છે પણ શું કોઈ મુસલમાન દેશ સુપર પાવરમાં સામેલ છે ? અને શું આમ વિચારી શકાય છે કે, મુસલમાન દેશ સુપર પાવર બની શકશે ?

## ★ કુર્આનનો આદેશ ★

કુર્આન શરીફમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ

ફર્માવે છે :–

يا أيها الذين آمنوا قاتلوا الذين يلونكم من الكفار وليجدوا فيكم غلظة.

અય ઈમાનવાળાઓ ! પોતાના આસપાસના કાફિરોથી લડતા રહો અને તમને તમારી અંદર સખતી જણાવી જોઈએ.

કાફિરોને તમારો ડર કયારે લાગશે ? અને તમે કાફિરોમાં પોતાનું માથુ ઉઠાવીને કયારે ચાલી શકશો ? જ્યારે વર્તમાન કાળમાં તમારી પાસે વિજ્ઞાન હોય અને તમે વિજ્ઞાનમાં પ્રગતિ કરીને આધુનિક સાધનોને વજૂદ આપો. એવી મિસાઈલો બનાવો જેનો તોડ બીજા દેશો પાસે ન હોય. એવા પ્લેનો હોય જે રાડારનો નિશાનો ન બની શકે. એવી સેટેલાઈટ હોય કે એક જગાએ બેસીને દેશની સઘળી સરહદો પર નિગાહ રાખી શકાય. તમે વિજ્ઞાનમાં એટલી પ્રગતિ કરો કે દુનિયાને તમારી પ્રગતિ સ્વીકારવી પડે. જો આ પ્રમાણે ધ્યાન આપવામાં આવે તો કાફિરોને આપણો ડર લાગે. નહીં તો કુર્આનના ફર્માન પર આપણો અમલ થઈ શકતો નથી. સ્પષ્ટ થયું, મુસલમાનોની એક ટીમ વિજ્ઞાનની તાલીમમાં લાગે અને વિજ્ઞાનના દરેક ક્ષેત્ર પર સફળ થાય એવી કોશિશ કરે અને તે ટીમની મદદ કરવામાં આવે અને તેની શાખાઓ આપણી પોતાની હોય. જેનો ઉલ્લેખ હું કરી ગયો છું. અને એ પણ સ્પષ્ટ થઈ ગયું કે વિજ્ઞાન વર્તમાનકાળમાં આપણી દીની અને મઝહબી જરૂરતનું નામ છે, તેનાથી નફરત કરવી મુસલમાનો બેકાર કરવા બરાબર છે.

## ★ મન્તિક ફલસફો ગયો ! વિજ્ઞાન આવ્યું ! ★

મન્તિક અને ફલસફામાં અકલી કાયદાઓથી ચર્ચા કરવામાં આવે છે અને પોતાના શત્રુ પર વિજય કેવી રીતે મેળવવો તેના અકલી માર્ગો બયાન કરવામાં આવે છે. જ્યારે ગેર મુસ્લિમ લોકોએ મન્તિક અને ફલસફાના ઈલ્મથી મુસલમાનોની માન્યતા અને અકીદામાં શંકા કુશંકાનો માર્ગ શોધ્યો. ઈસ્લામના આધારભૂત આલિમોએ તે ઈલ્મો





તરફ ધ્યાન કર્યું અને તેમાં મહારત મેળવી. ત્યાર બાદ તેમના બનાવેલા માર્ગોથી ઈસ્લામી માન્યતા પર કરવામાં આવેલા સવાલોના જવાબો બનાવ્યા. ઈલ્મે કલામ, ફલસફા એ મન્તિકનું ઈસ્લામિક નામ છે. જેમાં દીની માન્યતાઓ પર અકલી જવાબો આપવામાં આવે છે. જો આલિમોએ ભૂતકાળમાં મન્તિક અને ફલસફા તરફ ધ્યાન ન આપ્યું હોત તો ગેરમુસ્લિમો તરફથી મુસલમાનોને નુકસાન પહોંચત અને સામાન્ય લોકોનો અકીદો ખતરામાં પડી જાત. ભૂતકાત ભૂતકાળની જગાએ, વર્તમાન કાળમાં વિજ્ઞાન પ્રગતિ પર છે અને ગેરમુસ્લિમ દેશો વિજ્ઞાનમાં પ્રગતિ કરી મુસલમાનને પોતાના પંજામાં દબાવી લેવાની કોશિશ કરે છે, તો મુસલમાનોએ ઈસ્લામને વિજય આપવા માટે અને કાફિરોની શકિત તોડવા માટે વિજ્ઞાન તરફ લક્ષ આપવું જરૂરી છે.

## ★ વિજ્ઞાન અને માલ દૌલત ★

જે દેશો આજે વિજ્ઞાનમાં આગળ છે તેઓ પહેલાં ઘણાં ગરીબ હતા. પરંતુ જ્યારે તેઓ વિજ્ઞાનના સતત પ્રયોગોથી નવા નવા યંત્રો બનાવવા લાગ્યા અને તેને સમગ્ર જગતમાં પહોંચાડવા લાગ્યા તો તેઓએ પોતાની ચીજ વસ્તુ પર મનમાની કીમત લઈને પોતાના દેશોને ધનવાન બનાવી દીધા. નવી નવી ચીજોની શોધ કરવામાં આવે, તેનું ઉત્પાદન વધારવા માટે ફેકટરીઓ બનાવવામાં આવે તો દેશ તો ધનવાન થશે પણ દેશવાસીઓને પણ રોજી મળશે અને તેઓ પણ ખુશહાલ થઈ જશે. તો વિજ્ઞાનથી જ્યાં યુધ્ધના સાધનો બનાવી પોતાના દેશનું રક્ષણ કરી શકાય છે ત્યાં નવી નવી શોધથી અને તેના ઉત્પાદનથી દેશ અને દેશવાસીઓને પણ ધનવાન બનાવી શકાય છે.

## ★ ઈમામ ગિઝાલીનું મંતવ્ય વર્તમાનકાળમાં પણ માર્ગદર્શક છે ★

હઝરત ઈમામ મોહમ્મદ ગિઝાલી (رحمة الله عليه)એ ઈલ્મનો

એક બાબ (પાઠ) અહ્યાઉલ ઉલૂમમાં લખ્યો છે. તેમાં આપે ઈલ્મના વિભાગ બનાવ્યા છે અને તેમાં અકલી ઈલ્મોનો પણ સમાવેશ કર્યો છે કે તે પણ મુસલમાનોની જરૂરત છે અને તેમાં મુસલમાનોની અમુક ટીમો તૈયાર થવી જોઈએ. જેથી મુસલમાનોની દરેક જરૂરત પોતાના મુસલમાન ભાઈઓથી પૂરી થઈ શકે અને મુસલમાનોએ લોકોનું મોહતાજ ન થવું પડે.

ફર્માવે છે કે ઈલ્મના બે પ્રકાર છે : શરઈ અને ગેરશરઈ. શરઈ ઈલ્મોથી મુરાદ તે ઈલ્મો છે જે નબીઓ મારફત હાંસલ થયા. ઈલ્મે ગેર શરઈના ત્રણ પ્રકાર છે. સારા, ખરાબ, મુબાહ. ગેર શરઈમાં સારા તે ઈલ્મો છે જેની સાથે દુનિયાના કામોની મસ્લેહત સંબંધિત થાય. દાખલા તરીકે ઈલ્મે તિબ્બ અને ઈલ્મે હિસાબ (ડોકટરી તથા ગણિત). તેઓ પૈકી અમુક ફર્ઝે કિફાયા છે અને અમુક ઉત્તમ છે. ફર્ઝે કિફાયા તે ઈલ્મો છે જેની દુનિયામાં કામો વ્યવસ્થિત કરવામાં જરૂરત પડે. જેમ કે તિબ્બ (ડોકટરી) બદનને તંદુરસ્ત રાખવા માટે જરૂરી છે અને જેમ કે ઈલ્મે હિસાબ (ગણિત) લેન દેનમાં અને વસિયત તથા વારસાના માલની વહેંચણીમાં જરૂરી છે. અને આ તે પ્રકારનાં ઈલ્મો છે કે શહેરમાં એક પણ ન જાણે તો તકલીફનો સામનો કરવો પડે અને એકને પણ આવડતું હોય તો સઘળા શહેરવાસીઓની જરૂરત પૂરી કરી શકે છે અને આ બેના ફર્ઝે કિફાયા હોવાથી અચંબામાં પડવાની જરૂરત નથી, બલ્કે આ કાયદાના આધારે તો હુનરના ઈલ્મો પણ ફર્ઝે કિફાયામાં જઈ શકે છે. ખેતીવાડીનું ઈલ્મ, સિલાઈ કામ, ફસદ ખોલવાનું ઈલ્મ (ખરાબ લોહી કાઢવું) વગેરે. સારાંશ એ કે વિજ્ઞાન જે અસંખ્ય ઈલ્મો અને હુનરોને પોતાના દામનમાં રાખે છે, શીખવાડવું અને શીખવું જરૂરી છે, તેની જરૂરતનો ઈન્કાર નથી થઈ શકતો. જેનો ઉલ્લેખ આગળનાં પેજોમાં થઈ ગયો છે.

## ★ જગતની ચીજોમાં મનન કરવું કુર્આનની તાલીમ ★

એ વાત દરેક ઈમાનવાળાને કબૂલ છે કે સમગ્ર જગત અને





તેની દરેક ચીજ વસ્તુ ખુદા તઆલાની પેદા કરેલી છે અને તેમાં માણસના ફાયદા માટે અલ્લાહ તઆલા તરફથી અસંખ્ય નેઅમતો પેદા કરવામાં આવી છે. માણસનાં કામો બની શકે અને તે પોતાની જરૂરતો પૂરી કરી શકે જેના માટે અલ્લાહ તઆલાએ અન્ય ચીજોને અન્ય ચીજોનો સબબ અને કારણ બનાવ્યું. જેને માણસ અનુભવથી જાણે છે અને ચીજોથી ફાયદો પ્રાપ્ત કરે છે. જો અલ્લાહ તઆલાએ એક ચીજને બીજી ચીજના વજૂદ માટે કારણ ન બનાવ્યું હોત તો તેના મિશ્રણથી નવી ચીજને વજૂદ ન મળી શકતે.

એક ચીજ બીજા ચીજના વજૂદનો સબબ અને કારણ છે અને તેને માણસની શોધ અને તેના પ્રયોગ પર છોડી દેવામાં આવ્યું છે. તો ખુદા તઆલાની પેદા કરેલી તાસીરને નવી ચીજના વજૂદ માટે તે પારખી શકશે, જેની પાસે અક્કલ હોય અને તે કારણ માલૂમ કરવાના પ્રયાસમાં હોય. અલ્લાહ તઆલાએ આપણને જગતની ચીજોમાં મનન કરવાની દાવત આપી છે. કુર્આન શરીફની ૬૬૬૬ આયતોમાંથી ૭૫૬ આયતોમાં સ્પષ્ટ અને ઈશારાથી મનન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ''નૂન–ઝોય–રે''થી કુર્આન શરીફમાં ૧૩૦ વખત વર્ણન થયું છે. જેનો મતલબ કોઈ ચીજને જાણવા માટે તેને દેખવું અને મનન કરવું છે. ''લામ–કાફ–એન''થી ૨૩ વખત **તઅ્કુલૂન** અને ૨૩ વખત **યઅ્કુલૂન** આવ્યું છે. તે સિવાય તફક્કુર, તઝક્કુર અને તદબ્બુર જેવા શબ્દો પણ ઉતારવામાં આવ્યા છે. આનાથી જાણવા મળ્યું કે જગતની ચીજોમાં મનન કરવાથી નવી ચીજોનો વજૂદ થઈ શકે છે અને અલ્લાહ તઆલાની હિકમતોનું ઈલ્મ પણ પ્રાપ્ત થાય છે કે અલ્લાહ તઆલા કેટલો મહાન શકિતવાળો અને કુદરતવાળો છે, જેણે પોતાની કુદરત અને હિકમતથી જગતની ચીજોને વ્યર્થ અને બેકાર પેદા નથી કરી. તેમાં તે મુકદ્દસ જાતની હિકમતો છે જેનું રહસ્ય મનન કરવાવાળાઓને મળી શકે છે.

## ★ કુર્આની ઈલ્મો ★

કુર્આનના અસંખ્ય ઈલ્મો રાખવામાં આવેલા છે. દરેક

પોતાની મહેનત અને ખુદાના ફઝલો કરમથી તેનો એક નિયુકત ભાગ જાણી લે છે. કુર્આન શરીફમાં છે, અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

وَلَا رَطْبٍ وَّلَا يَابِسٍ اِلَّا فِىْ كِتٰبٍ مُّبِيْنٍ

કોઈ લીલી અને સૂકી વસ્તુ નથી પણ તે સ્પષ્ટ કિતાબમાં છે.

ફૈઝુલ કબીરમાં હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી (رحمۃ اللہ علیہ)એ કુર્આની ઈલ્મોની પાંચ ભાગમાં વહેંચણી કરી છે. જેઓ પૈકી એકનો સંબંધ સાઈન્સ અને વિજ્ઞાન સાથે છે. લખે છે, ઈલ્મે અહકામ, ઈલ્મે મુનાઝરા, ઈલ્મે આલાઈલ્લાહ, ઈલ્મે અય્યામિલ્લાહ અને ઈલ્મે આખિરત. ઈલ્મે આલા ઈલ્લાહને વર્તમાનકાળમાં ઈલ્મે કાઈનાત અને ઈલ્મે સાઈન્સ કહેવામાં આવે છે. સ્પષ્ટ થયું, સાઈન્સનું ઈલ્મ કુર્આની ઈલ્મો પૈકી એક છે અને મુસલમાને તેની જરૂરતને જાણવી જોઈએ.

## ★ સાઈન્સની પેશનગોઈ ★

અલ્લાહ તઆલાએ ભૂતકાળની ચીજો પેદા ફર્માવી, વર્તમાનકાળમાં પણ તે જ ખાલિક અને પેદા કરનાર છે અને ભવિષ્યમાં પણ દરેક ચીજ વસ્તુ તે જ પૈદા ફર્માવશે. પરંતુ ઈતિહાસને સમક્ષ રાખી ફૈંસલો કરવામાં આવે તો એ જાણવા મળે છે કે વર્તમાન કાળમાં જે આધુનિક યંત્રો અને મશીનો બનાવવામાં આવ્યાં છે એ વાતો ભૂતકાળમાં કોઈના સ્વપ્નમાં પણ નહીં આવી હશે. ભૂતકાળ માં અશકય સમજવામાં આવતાં કામો વર્તમાન કાળમાં સાઈન્સ અને વિજ્ઞાનના પ્રયોગથી માત્ર શકય નહીં વજૂદમાં પણ આવી ગયાં. શું ભૂતકાળના માણસને એ વાત સમજમાં આપી શકતી હતી કે હજારો ટનનુ વિમાન હવામાં ઉડી શકશે અને માણસને અતિ ઝડપથી દૂર દૂરના દેશોમાં જવાનો સબબ બનશે. પણ ભૂતકાળનું અશકય જેવું કામ સાઈન્સના પ્રયોગથી આજે વજૂદમાં આવી ગયું. ભૂતકાળમાં નાવડીઓ અને જાનવરો પર સવારી કરવામાં આવતી હતી અને





આજની કાર, મોટર, ટ્રક અને બસ જેવી સવારીઓનો વજૂદ તેમની સમજમાં ન આવી શકતો હતો પણ સાઈન્સ અને વિજ્ઞાનના સતત પ્રયાસોથી એવી સવારીઓ વજૂદમાં આવી ગઈ.

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

سَنُرِيْهِمْ اٰيٰتِنَا فِى الْاٰفَاقِ وَفِىْٓ اَنْفُسِهِمْ حَتّٰى يَتَبَيَّنَ لَهُمْ اَنَّهُ الْحَقُّ ۭ اَوَلَمْ يَكْفِ بِرَبِّكَ اَنَّهٗ عَلٰى كُلِّ شَىْءٍ شَهِيْدٌ ○

હવે અમે તેઓને અમારી નિશાનીઓ આજુબાજુમાં તેમ ખૂદ તેઓની હસ્તીઓમાં દેખાડીશું એટલા સુધી કે તેઓને જાહેર થઈ જશે કે આ સત્ય જ છે. શું તમારો રબ આ વાત માટે પૂરતો નથી ? બેશક ! તે દરેક વસ્તુ પર સાક્ષી છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَّالْخَيْلَ وَالْبِغَالَ وَالْحَمِيْرَ لِتَرْكَبُوْهَا وَزِيْنَةً ۭ وَيَخْلُقُ مَا لَا تَعْلَمُوْنَ ○

અને ઘોડા, ખચ્ચર તેમજ ગધેડાં પેદા કર્યા જેથી તમે તેમની ઉપર સવાર થાવ અને શોભા માટે પણ. વળી તે એવી વસ્તુઓ પેદા કરશે જેને તમે જાણતા પણ નથી.

ઉપરોકત આયતો સાઈન્સ અને વિજ્ઞાનના પ્રયોગથી વજૂદમાં આવતી ચીજોની પેશનગોઈ આપે છે. જે ભૂતકાળમાં એક સ્વપ્ન હતું પણ આજે જ્યારે તે પેશનગોઈ વજૂદમાં આવી ગઈ તો હકીકત બની ગયું.

## ★ કુર્આનના ઈર્શાદ પર પ્રથમ અમલ આપણો હોવો જોઈએ ★

આપણે મુસલમાન છીએ અને આપણે કુર્આનની તાલીમાત પર ઈમાન રાખીએ છીએ. તો તેના ઈર્શાદો પર અમલ કરવો આપણો ઈમાની તકાઝો છે. જ્યારે આપણને અલ્લાહ તઆલા

તરફથી જગતની ચીજોમાં મનન કરવાની દાવત આપવામાં આવી તો આપણે ચીજોની હકીકતો જાણવામાં અને એક ચીજને બીજી ચીજ માટે સબબ જાણવામાં પ્રથમ પ્રયાસ આપણો હોવો જોઈએ. જેનાથી એક ફાયદો તો એ છે કે મુસલમાનોનું કુર્આન મુસલમાનોને દરેક પ્રકારનું ઈલ્મ આપે છે. એટલે મુસલમાનો સાઈન્સ અને વિજ્ઞાનમાં આગળ છે અને એનાથી કુર્આન પર ઈમાન મજબૂત થાય છે અને ગેરમુસ્લિમોને એ વાત સ્વીકારવી પડે કે કુર્આન ખુદાની કિતાબ છે અને તેમાં શંકા કરવી અક્કલનું કામ નથી.

ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ فِيْهِ

તે બુલંદ મર્તબા કિતાબ જેમાં શંકાને સ્થાન નથી.

પરંતુ મુસલમાન સૂતેલા છે અને તેઓ જગતની ચીજોમાં મનન કરવાની અને સબબ માલૂમ કરી નવી ચીજો વજૂદમાં લાવવાની કોશિશ કરતા નથી. તેઓનો ખયાલ એ છે કે ગેરમુસ્લિમો મનન કરીને નવી નવી ચીજો વજૂદમાં લાવે અને આપણે પૈસા આપીને હાંસલ કરી લેવી. અરબ મુલ્કોમાં કોઈ કશું કરવા માંગતુ જ નથી. તેઓ તો વિચારે છે આપણને પેટ્રોલ આપવામાં આવ્યું છે. આપણે બીજા કામો કરવાની શી જરૂરત છે અને પેટ્રોલ પણ પોતે કાઢે તો પણ ખુશીની વાત છે પણ તેમાં પણ મુસલમાન મજબૂર ! ગેરમુસ્લિમ દેશોની કંપનીઓ તે કામ કરે અને ધનવાન બને અને મુસલમાન મફતના ભાવે પેટ્રોલ આપી મૂર્ખાઈ કરે ! કાફિરો માટે દુનિયા જન્નત છે તેઓ ઐશ કરે તો માનવામાં પણ આવે, પરંતુ મુસલમાન તો દુનિયાને જેલ સમજે છે તેની પાસે તો કોશિશ સિવાય ઐશનું નામ પણ ન આવવું જોઈએ. આગળ હું બતાવી ગયો કે વિજ્ઞાનમાં આગળ વધવાને મુલ્ક અને દેશ ધનવાન બને છે. કારણ કે નવી નવી ચીજો જાણવામાં આવે અને તેની ફેકટરીઓ કાયમ કરી ઉત્પાદન વધારવામાં આવે તો દેશવાસીઓને રોજી મળે, ભૂખમરો દૂર થાય અને દેશ પણ બીજા દેશોને પોતાનો માલ આપી ધનવાન બને. સારાંશ એ કે જે કામ આપણે કરવું જોઈએ તે ગેરમુસ્લિમો કરી રહ્યા છે અને





ધનવાન બની રહ્યા છે અને આપણે આજે પણ દુઃખી છે.

## ★ મુસલમાનોની હાલત પર ડોક્ટર ઈકબાલનો અફસોસ ★

મુસલમાનોની પડતી પર *ડોકટર ઈકબાલ સાહેબ* શાયરીથી નકશો ખેંચે છે, જેમાં પહેલાંના મુસલમાનો તરક્કી અને ઉન્નતિ તરફ ધ્યાન દોરી વર્તમાનકાળમાં આપણે કઈ ખાડીમાં પડેલા છીએ તેનો ચિતાર રજૂ કરે છે :–

(૧) કભી અય નવજવાં મુસ્લિમ તદબ્બુર ભી કિયા તુને
વોહ કયા ગરદૂં થા તુ જિસ્કા હય એક તૂટા હુવા તારા

(૨) તુઝે ઉસ કૌમને પાલા હય આગોશે મહબ્બતમેં
કુચલ ડાલા થા જિસને પાઉં મેં તાજે સરદારા

(૩) તમદ્દુન આફરીં ખલ્લાકે આઈં જહાંદારી
વોહ સેહરાએ અરબ યઅની શુતુરબાનોંકા ગેહવારા

(૪) ગર્ઝ મૈં કયા કહું તુઝસે કે વોહ સેહરાનશીં કયા થે
જહાંગીરો જહાંદારો જહાંબાનો જહાં આરા

(૫) અગર ચાહું તો નકશા ખીંચ કર અલ્ફાઝ મેં રખ દૂં
મગર તેરે તખય્યુલસે ફઝૂં તર હય વોહ નઝ્ઝારા

(૬) તુઝે આબા સે અપને કોઈ નિસ્બત હો નહીં સકતી
કે તૂ ગુફતાર વોહ કિરદાર તૂ સાબિત વોહ સૈયારા

(૭) ગવાં દી હમને જો અસ્લાફસે મીરાસ પાઈ થી
સુરૈયા સે ઝમીન પર આસ્માનને હમ કો દે મારા

(૮) હુકૂમત કા તો કયા રોના કે વોહ એક આરઝી શૈ થી
નહીં દુન્યાકે આઈને મુસલ્લમસે કોઈ ચારા

(૯) મગર વોહ ઈલ્મ કે મોતી કિતાબેં અપને આબા કી
જો દેખીં ઉનકો યૂરોપ મેં તો દિલ હોતા હય સેપારા

(કુલ્લિયાતે ઈકબાલ)

આ હતી ડોકટર ઈકબાલ સાહેબની શાયરી જે આપણને અમલ માટે પ્રોત્સાહિત કરી રહી છે કે આપણા પૂર્વજો કેટલા સહનશીલ અને સબ્ર કરનાર હતા કે દીન બાબતે દરેક પ્રકારની તકલીફ વેઠી લેતા, પણ દીનના કામમાં કયારે પણ સુસ્તી અને આળસ ન કરતા હતા તો તેઓ કામયાબ અને સફળ હતા. તેમના નામથી કાફિરો ધ્રુજી જતા હતા. તેમના કિલ્લાઓમાં આપના નામથી ભૂકંપ આવી જતો હતો અને એક આપણે છીએ કે આપણા દાવા ઘણા મોટા, પણ બધું માત્ર જીભ સુધી. અમલમાં જોવા જઈએ તો મીંડુ ! પછી આપણી પડતી ન આવે તો શું આવે ? જો આપણે આપણી ઈજ્જત પરત મેળવવી હોય તો આપણે પણ દીન માટે કુર્બાની આપવી પડશે અને વર્તમાન કાળના આધારે ઈસ્લામને પ્રગતિ આપવાના જે માર્ગો છે તેને અપનાવવા જોઈએ. અને દરેક ક્ષેત્રમાં કામયાબી પ્રાપ્ત કરવા માટે લોકોની અલગ અલગ જમાઅતો નિયુકત કરવી જોઈએ. દીનના નામ પર લેવામાં આવતી રકમોને બેકાર ન કરવી જોઈએ. તેને એવા યોગ્ય કામમાં લગાવવી જોઈએ કે રકમ ઉગે, વ્યર્થ અને બેકાર ન થાય. કમિશનવાળાઓને તો આપવી જ ન જોઈએ. આપણે મદ્રસા અને દાઢલ ઉલૂમમાં રકમ આપવી હોય તો ત્યાનું એડ્રસ લઈ લેવાનું અને પોસ્ટથી રકમ મોકલી આપવાની. કારણ કે કમિશનવાળા એક બે ટકા કમિશન નથી ખાતા, તેઓ તો ઓછામાં ઓછું ૪૦% કમિશન ખાય છે અને જ્યારે ચંદો કરવા આવશે અને તમે તેમને પૂછશો કે ભાઈ ! તમે કમિશનવાળા લો છો ? તો તેઓ મના કરશે. કમિશન જાઈઝ છે, એ એક અલગ પ્રશ્ન છે પણ પગારથી માણસ રાખવામાં આવે તો તે કામ બની શકે છે, પછી ઝકાત અને સદકાના પૈસા જેમાં ગરીબોનો હક્ક છે, ગમે તેને શા માટે આપી દેવાના ? એટલે ખુદારા કમિશનવાળો ચંદો બંધ કરો. બની શકે તો આખિરતના ફાયદા માટે કરી લો અને બીજી કોઈ આવક ન હોય તો યોગ્ય પગાર લઈ લો. કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

لَا تُؤْتُوا السُّفَهَاءَ أَمْوَالَكُمُ الَّتِي جَعَلَ اللَّهُ لَكُمْ قِيَامًا ○





અને તમારા જે માલને અલ્લાહે તમારા ગુજરાનનું સાધન બનાવ્યું તેને તમે ઓછી બુધ્ધિવાળાઓને ન આપો.

## ★ નેઅમતો અને રહસ્યો ★

નેઅમતની સાથે તેનું રહસ્ય જાણી લેવામાં આવે તો નેઅમતની કદ્ર વધી જાય છે અને નેઅમતની કદ્ર જેટલી વધે નેઅમત આપનારથી મહબ્બતનો વધારો થાય છે અને શુક્ર તરફ દિલ વધારે નમે છે. એટલે અલ્લાહ તબારક વ તઆલા તરફથી આપને નેઅમતોનાં રહસ્યો જાણવાનો આદેશ આપવામાં આવ્યો છે અને સાઈન્સમાં પણ કોઈ ચીજનું રહસ્ય જાણવું છે અને પછી તે રહસ્યને લક્ષમાં રાખી તેનાથી નવી ચીજનું કારણ શોધી તેને વજૂદ આપવો છે. દાખલા તરીકે લાકડાનું પાણી પર તરવું, આ એક અલ્લાહની નેઅમત હતી કે માણસ પાણીમાં સફર ખેડી શકે. તો તેણે લાકડામાં તરવાની હિકમત દાખલ કરી અને માણસને મનન કરવાનો આદેશ આપવામાં આવ્યો. તો માણસે લાકડામાં તરવાની ખૂબી દેખીને તેને નાવડીમાં બદલ્યું, પછી મોટી અને વિશાળ બોટો અને સ્ટીમરો વજૂદમાં આવવા લાગી. આજે એક વિશાળ મહેલ સ્ટીમરની શક્કલમાં પાણીમાં દૂરનો સફર કરે છે અને લાખો ટન વજનની હેરાફેરી કરે છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

إِنَّ فِي خَلْقِ السَّمٰوٰتِ وَالْأَرْضِ
وَاخْتِلَافِ اللَّيْلِ وَالنَّهَارِ
وَالْفُلْكِ الَّتِي تَجْرِي فِي الْبَحْرِ
بِمَا يَنْفَعُ النَّاسَ وَمَا أَنْزَلَ
اللَّهُ مِنَ السَّمَاءِ مِنْ مَاءٍ
فَأَحْيَا بِهِ الْأَرْضَ بَعْدَ مَوْتِهَا

બેશક ! આકાશો અને પૃથ્વીના બનાવવામાં રાત દિવસના ફેરફારમાં તેમ વહાણોમાં જે સમુદ્રમાં લોકોની ઉપયોગી વસ્તુઓ લઈ ચાલે છે અને (વરસાદના) પાણીમાં જેને ખુદા તઆલા આકાશથી વરસાવે છે પછી તેના વડે જમીનને તેના સૂકાઈ ગયા છે,

وَبَثَّ فِيهَا مِن كُلِّ دَابَّةٍ وَتَصْرِيفِ الرِّيَاحِ وَالسَّحَابِ الْمُسَخَّرِ بَيْنَ السَّمَاءِ وَالْأَرْضِ لَآيَاتٍ لِّقَوْمٍ يَعْقِلُونَ ○

તરબોળ કરે છે. (ઘાસ ચારો ઉગાવે છે) વળી તેમાં દરેક પ્રકારના પ્રાણીઓ ફેલાવ્યાં તેમજ પવનોના ફેરફારમાં અને જમીન તથા આકાશની વચમાં આધિન વાદળોમાં (તે સૌમાં) બુદ્દિશાળીઓ માટે નિશાનીઓ છે.

## ★ દલીલનો પ્રથમ ચહેરો ★

મુસલમાન કાએનાત અને જગતની દરેક ચીજ વસ્તુના સવાલનો જવાબ એ પ્રમાણે પણ આપી શકે છે કે દરેક ચીજ પેદા કરનાર તેમાં અસર રાખનાર, એકબીજાનું કારણ બનાવનાર, દરેક પ્રકારથી અલ્લાહ તબારક વ તઆલા છે. તેના કામમાં કોઈ શરીક નથી અને જગતની દરેક ચીજ વસ્તુને દરેક અમલ, કામ અને તાસીરમાં ખુદા તઆલાના ઈરાદા અને ઈચ્છાની જરૂરત છે. એટલે દુનિયામાં જે કંઈ થાય છે અલ્લાહ તઆલા તરફથી થાય છે.

## ★ દલીલનો બીજો ચહેરો ★

મુસલમાનનું ઉપરોકત વાત પર ઈમાન છે. પરંતુ એ દલીલથી કુર્આનની માંગ પૂરી થતી નથી. કારણ કે કુર્આન તરફથી આપણને જગતની ચીજ વસ્તુમાં મનન કરવાની દાવત આપવામાં આવે છે અને ઉપરોકત દલીલમાં મનન કરવાની કોઈ જરૂરત નથી. દરેક માણસ પોતાની સામાન્ય સમજથી પણ કરી શકે છે અને સ્વીકારી શકે છે કે અલ્લાહ તઆલાના ઈરાદા વિના જગતમાં કંઈ થઈ શકતું નથી. પણ ધ્યાન કરવાથી બે ફાયદા મળે છે, એક તો તે ચીજની હિકમત અને રહસ્ય અને બીજું તેનું રીઝન, અને કારણ માલૂમ કરી તેનાથી નવી ચીજ વસ્તુને વજૂદ આપવો. પ્રથમ દલીલ દલીલ છે અને એમાં બે મત નથી અને એ જ અતિ સહેલો અને





સરળ જવાબ છે દરેક પ્રશ્નનો. પણ તેના વર્તુળથી બહાર નીકળવામાં ન આવે તો મનન કરવાથી, જે દુનિયાની તરક્કી અને ઉન્નતી થઈ તે થઈ ન શકે અને આપણે એક નિયુકત સીમામાં રહી જઈએ. પરંતુ કુર્આનના બયાન અને ખુદાના ઈર્શાદ પર કુર્બાન જાવ કે તેણે દુનિયા પેદા ફર્માવી અને દુનિયામાં વસનાર માણસની જરૂરતો કેવી રીતે પૂરી થઈ શકે અને દુનિયાની ઉન્નતિ અને પ્રગતિ શી રીતે થાય તેના માટે જગતની ચીજ વસ્તુમાં અલગથી મનન કરવાનો અને પ્રયોગો કરવાની દાવત આપી. જેણે કુર્આનની તાલીમને અમલમાં લાવવાના પ્રયાસો કર્યા, તેમને કામયાબી અને સફળતા પ્રાપ્ત થઈ અને તેમના થકી દુનિયામાં અસંખ્ય વસ્તુઓ નવી શકલમાં નવા ફાયદાઓ સાથે વજૂદમાં આવી. પ્રથમ આ બાબતે મુસલમાન આગળ હતો. પરંતુ મુસલમાન હુકૂમતની લડાઈઓમાં પડી ગયો અને એકબીજાની કાપતીને પોતાનો મકસદ બનાવી લીધો ત્યારથી તે ઈલ્મથી અલગ થઈ ગયો અને પોતાના અસ્લાફ અને પૂર્વજો તરફથી જે ઈલ્મો વારસામાં મળ્યા હતા તેનું રક્ષણ ન કરી શકયો. અંતે અંગ્રેજી અને હલાકુના હુમલાઓમાં તે કિતાબોથી પણ મહેરૂમ થઈ ગયો. અગત્યની કિતાબો ગૈરમુસ્લિમોના હાથોમાં ચાલી ગઈ અને બીજી બધી દુશ્મનો તરફથી સળગાવી દેવામાં આવી અને તે નાયાબ કિતાબોથી યૂરોપના લોકોએ ફાયદો પ્રાપ્ત કર્યો અને દુનિયાની ચીજ વસ્તુમાં મનન કરવા તેમણે અક્કલવાળાઓની જમાઅતો બનાવી. જેમણે મનન કરી કરીને અને પ્રયોગો પર પ્રયોગો કરીને અસંખ્ય ચીજોને વજૂદ આપ્યો અને આજે તેઓ સુપર પાવર બની ગયા.

## ★ યૂરોપનો ઈકરાર ★

*ઈનસાઈકલૉપિડિયા બરતાનિકા*નો સંપાદક લખે છે કે તે બુનિયાદી લીટરેચર જેનાથી યૂરોપનો નવી દુનિયામાં પ્રગતિનો માર્ગ મળ્યો, તેનો મોટો ભાગ ઈસ્લામિક લાયબ્રેરીઓની અરબી કિતાબોના ભાષાંતરથી પ્રાપ્ત થયો. એટલે કે અરબી કિતાબોમાં સાઈન્સી પ્રગતિની ઘણી એવી વાતો આપી કે તેની મદદથી એ માર્ગમાં સફળતા

સરળ થઈ ગઈ અને તેમણે મોર્ડન દુનિયામાં એટલી પ્રગતિ કરી કે આજની સાઈન્સી દુનિયામાં યૂરોપનો પ્રથમ નંબર છે અને પૂરી દુનિયા પોતાની જરૂરતોમાં તેમની તરફ મોઢું કરીને બેસેલી છે.

## ★ અરબ કેટલું પાછળ રહી ગયું ★

યૂરોપનો સંપાદક તો એ વાતનો ઈકરાર કરે છે કે નવી દુનિયામાં પ્રગતિ હાંસલ કરવા માટે જે કિતાબોની જરૂરત હતી તે વધુ પ્રમાણમાં અરબીમાં હતી અને તેના રાયટરો અરબી લોકો હતા. પરંતુ મુસલમાનોએ તે કિતાબોની કદ્ર ન કરી અથવા તેની તરફ ધ્યાન ન આપ્યું તો યૂરોપે તેનો લાભ ઉઠાવી લીધો અને અરબ દુનિયા એટલી પાછળ રહી ગઈ કે બીજા મુલ્કો પાસેથી ખરીદી કરીને જે વસાવ્યું તે વસાવ્યું, પરંતુ તેમની પોતાની બનાવટમાં કંઈ જ નહીં. એક બોર્ડ બનાવાનું હોય તેમાં પણ તેમનો માણસ નહીં. ત્યાં રાજા તો અરબના છે અને ત્યાંના લોકો એવું સમજે છે કે અમારા દેશમાં અમારો રાજા છે, પણ વાસ્તવિકતા એ છે કે હુકૂમત અને દેશ અમેરિકાના કહેવા પર ચાલી રહ્યો છે ! ઈરાકની જંગમાં તેમણે અમેરિકાની મદદ લીધી તો અમેરિકા એવું પ્રવેશી ગયું કે હવે તેને બહાર કાઢવું તેમના માટે મુશ્કેલ થઈ ગયું છે અને અમેરિકાની બેહયાઈ અરબમાં પોતાનું કામ કરી રહી છે. જો તેમણે પોતે પોતાના દેશને મજબૂત બનાવ્યો હોત તો અંદર અંદરની લડાઈમાં પોતે ફેંસલો કરી લેતા અને કાફિરોની મદદ ન લેવી પડતી. પણ જે કૌમને ઈલ્મથી સંબંધ ન રહે તે ગુલામીના લાયક જ છે. આપણી ગુલામી આપણી જહાલતની મજબૂત દલીલ છે.

ડૉકટર ઈકબાલ સાહેબ લખે છે :–

**ગવાં દી હમને જો અસ્લાફ સે મીરાસ પાઈ થી**
**સુરૈયા સે ઝમીન પર આસ્માનને હમ કો દે મારા**
**મગર વોહ ઈલ્મ કે મોતી કિતાબેં અપને આબાકી**
**જો દેખી ઉન્કો યૂરપમેં તો દિલ હોતા હય સેપારા**





એટલે કે આપણે આપણા પૂર્વજો બુઝુર્ગોની કિતાબોની કદ્ર ન કરી અને ઈલ્મથી પોતાનો સંબંધ મજબૂત ન કર્યો તો જેનાથી આપણે નવી દુનિયામાં પ્રગતિ કરી શકતા હતા અને સમગ્ર જગતને પોતાની તરફ મજબૂર બનાવી શકતા હતા, તેની જગાએ આપણે જ લોકો તરફ મજબૂર થઈને નમવા લાગ્યા.

## ★ બાયબલ અને કુર્આન વિજ્ઞાનના પ્રકાશમાં ★

*બાયબલ, કુર્આન અને સાઈન્સ* કિતાબનો સંપાદક *ડૉકટર મુરીસ બુકાયે* લખે છે કે કુર્આને કરીમમાં મુકદસ બાયબલથી ઘણાં વધારે પ્રમાણમાં સાઈન્સી પ્રકરણો પર ચર્ચા થઈ છે. બાયબલમાં આ બયાનો નિયુકત સંખ્યામાં છે પરંતુ સાઈન્સ વિરૂધ્ધ છે. જ્યારે કુર્આનમાં આ પ્રમાણેના સાઈન્સી બયાનો વધારે સંખ્યામાં છે એટલે બંનેને એક પલ્લામાં નથી લાવી શકતા. કુર્આન શરીફમાં એક બયાન પણ એવું નથી જે સાઈન્સની વિરૂધ્ધ હોય. આ તે વાસ્તવિકતા છે જે અનુભવથી અમારી સમજમાં આવી છે.

(બાયબલ, કુર્આન અને સાઈન્સ, પેજ નં. ૨૧)

## ★ પ્રથમ કુર્આન પછી સાઈન્સ ★

સાઈન્સના નાના મોટા પ્રયોગો તો દરેક કાળમાં થતા રહ્યા છે અને નવી નવી ચીજો વજૂદમાં આવતી રહી છે, પરંતુ એક સદીથી સાઈન્સને જે પ્રગતિ મળી છે તેનો જવાબ નથી. સમજમાં ન આવી શકે એવા યંત્રો વજૂદમાં આવી ગયાં છે. બલ્કે આમ કહીએ તો પણ ચાલે કે સમગ્ર જગત મોબાઈલ બની ગયું છે. એક જમાનો એ પણ હતો કે લોકોને એક બીજાની ખબર પત્ર વ્યવહારથી થતી હતી. પછી ઓર્ડીનરી ફોન આવ્યા. હવે તો મોબાઈલ ફોન કે, આપ ગમે ત્યાં હોય કોઈ ખબર આપવા ઈચ્છે તો ખબર આપી શકે. દુનિયાના એક ખૂણેથી બીજા ખૂણે રહેનાર સાથે પણ એક પલમાં વાત થઈ શકે. આ બધું શું છે ? સાઈન્સના પ્રયોગો જેનાથી ખુદા તઆલાએ ગુપ્ત રાખેલી

શકિતઓ પર લોકોને કાબૂ આપ્યો. જે પ્રયોગોથી મોબાઈલની શોધ કરવામાં આવી તે એવું નથી કે પ્રથમ ન થઈ શકતું હતું, બલ્કે અલ્લાહ તઆલાએ હવામાં જે શકિતઓ રાખી છે તે પ્રથમથી જ છે. પણ માણસ તેની શોધ સદીઓ પછી કરી શકયો એટલે તેને મોબાઈલ આ જમાનામાં નસીબ થયો તે પહેલાં નસીબ ન થયો હતો. સારાંશ એ કે કુર્આન પ્રથમ છે અને સાઈન્સ એક વિષય બનીને સદીઓ પછી વજૂદમાં આવી છે. જેની ઘણી બધી વાતો પર માત્ર દાવો નહીં બલ્કે અનુભવથી તેને ગુજારવામાં આવે છે એટલે તેનો ઈન્કાર નથી થઈ શકતો. પરંતુ કુર્આનની આયતો પર કુર્બાન જાવ કે તેની તાલીમાત સાઈન્સની પ્રગતિના જમાનામાં પણ શંકાનો સબબ નથી બની શકતી અને દુશ્મનોને પણ સ્વીકારવું પડે છે કે કુર્આન ખુદાની કિતાબ છે તેમાં શંકાને સ્થાન નથી. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ فِيْهِ

## ★ હકીકત નકારી નથી શકાતી ★

*ડૉક્ટર મુરીસ* લખે છે કે કુર્આનમાં એક પણ એવું બયાન ન મળ્યું જેના પર નવી સાઈન્સના આધારે પકડ થઈ શકે અને આ જ પ્રમાણે જુનુ અહદનામુ અને ઈન્જીલોની પરીક્ષા કરવામાં આવી તો પ્રથમ કિતાબે પેદાઈશથી આગળ ન જવું પડયું અને એવાં બયાનો મળી આવ્યાં જે નવી સાઈન્સથી તદ્દન વિરૂધ્ધ હતાં. *(બાયબલ, કુર્આન અને સાઈન્સ પે. ૨૩)*

તેઓ પોતાની ઉપરોકત કિતાબ પે. ૪૦૨ પર લખે છે કે કુર્આને કરીમે તે બંને મુકદ્દસ સહીફા (તૌરેત, ઈન્જીલ)થી આગળ વધીને પોતાનું કામ ચાલુ રાખેલું છે અને પોતાના બયાનોમાં વિવાદ અને વિરોધાભાસથી પાક છે. જ્યારે કે ઈન્જીલોમાં ઈન્સાની કૃત્યોની નિશાની જોવા મળે છે. કુર્આનની એક ખૂબી એ છે કે ન્યુ સાઈન્સી તાલીમાત સાથે તેનો પૂરો પૂરો સંબંધ છે. તેનાથી વધીને જે વાત છે તે એ છે કે તેમાં એવા બયાનો છે જે સાઈન્સથી સંબંધિત છે. આ





પ્રમાણે એ વાત માન્ય નથી રાખી શકાતી કે હઝરત મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ના જમાનાનો કોઈ વ્યકિત સંપાદક બન્યો હોય. એટલે જ ન્યુ સાઈન્સી માલૂમાતે જ આપણને કુર્આને કરીમની અન્ય આયતો સમજવાનો મોકો આપ્યો. જેની વિગત તે જમાનામાં શકય ન હતી.

*પેજ નં. ૪૦૩* પર લખે છે તો પછી એ વાત સંપૂર્ણપણે સત્ય છે કે કુર્આનને આસ્માની વહીનો ઈઝહાર સમજવામાં આવે. (મતલબ એ કે કુર્આન અને વિજ્ઞાનના અનુભવોની એકમતી એ દર્શાવી રહી છે કે કુર્આન ખુદાની કિતાબ છે અને એમાં કોઈ પ્રકારનો ફેરફાર થયો નથી. જો માણસો તરફથી ફેરફાર થયો હોત તો તેની વાતો વિજ્ઞાનથી પણ વિરૂધ્ધ હોત. વિજ્ઞાન ફિતરતની ગુપ્ત વાતોને અનુભવથી માલૂમ કરે છે અને ઈસ્લામ દીને ફિતરત છે પછી જો માણસો તરફથી ફેરફાર થયો હોત તો તે જમાનામાં વિજ્ઞાન ન હતું અને વિજ્ઞાની ઉન્નતિમાં માણસ એટલો આગળ પણ હતો એટલે કબૂલવું જ પડશે કે કુર્આન આસ્માની વહી છે. સારાંશ એ કે સાઈન્સના જમાનામાં સાઈન્સી પ્રયોગોથી પણ એ વાત સાબિત થાય છે કે કુર્આન ખુદાની કિતાબ છે અને તેમાં ફેરફાર નથી થયો. એટલે અનુભવની દુનિયામાં તેનું ખુદાની કિતાબ હોવું વધારે મજબૂત બની ગયું છે.

કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَمَا كُنْتَ تَتْلُوْا مِنْ قَبْلِهٖ مِنْ كِتٰبٍ وَّلَا تَخُطُّهٗ بِيَمِيْنِكَ اِذًا لَّارْتَابَ الْمُبْطِلُوْنَ ○

અને તમે એના પહેલાં ન તો કોઈ કિતાબ પઢતા હતા અને ન તો પોતાના જમણા હાથથી લખતા હતા (જો આમ હોત) તો એ જૂઠાઓ શંકામાં પડત. (અનકબૂત, આ. ૪૮)

સરકારે મદીના (صلی اللہ تعالیٰ علیہ وسلم)એ કોઈની પાસે તાલીમ હાંસલ નથી કરી. આપે કોઈ પ્રકારની કિતાબ વાંચી નથી. અહલે કિતાબની કોઈ કિતાબની પણ આપે તિલાવત કરી નથી. આપ પોતાના હાથ મુબારકથી લખતા પણ ન હતા. એટલે કે તે જમાનામાં બીજાથી ઈલ્મ પ્રાપ્ત કરવાના જે માર્ગો હતા તે આપની પાસે ન હતા.

એટલે લોકોને પણ એ વાતની ખબર હતી કે આપને લખતાં પઢતાં આવડતું નથી અને પછી આપની પાસે અલ્લાહ તરફથી એવી કિતાબ ઉતારવામાં આવી જેનું ચેલેન્જ કોઈ સ્વીકારી ન શકયો અને આજે વિજ્ઞાનના જમાનામાં જ્યારે ઈસાઈ અને યહૂદી વૈજ્ઞાનિકોએ પોતાની પાસે જે આસ્માની કિતાબો છે જેને તૌરેત અને ઈન્જીલ કહેવામાં આવે છે તેમાં શંકા કરી. કારણ કે તેના અસંખ્ય બયાનો વિજ્ઞાન વિરૂધ્ધ જાય છે જ્યારે કે તેઓ કુર્આન બાબતે કહેવા પર મજબૂર છે કે કુર્આન વિજ્ઞાનનો માર્ગ બતાવે છે અને કુર્આની બયાન અનુભવની દુનિયામાં પણ વિજ્ઞાન વિરૂધ્ધ નથી. બીજી જગાએ ફર્માવે છે :–

أَفَلَا يَتَدَبَّرُونَ الْقُرْآنَ ۚ وَلَوْ كَانَ مِنْ عِنْدِ غَيْرِ اللَّهِ لَوَجَدُوا فِيهِ اخْتِلَافًا كَثِيرًا ○

કુર્આન શરીફ એક જમાના માટે નથી, કિયામત સુધી હિદાયતની કિતાબ છે અને જ્યાં સુધી કુર્આન દુનિયામાં રહેશે, તેમાં કોઈ ફેરફાર થશે નહીં, કારણ કે તેની જવાબદારી અલ્લાહની કૃપા પર છે. જેનો ઉલ્લેખ રજુ થઈ ગયો છે. ફસાહત અને બલાગતના જમાનામાં જ્યારે કુર્આન આવ્યું અને અલ્લાહ તરફથી તેના ખુદાની કિતાબ હોવા પર શંકા કરવાવાળાઓ માટે ચેલેન્જ થયું, તો તે ચેલેન્જ માત્ર શબ્દોનું ન હતું બલ્કે શબ્દ અને માયના બંને પ્રકારનું હતું. માણસ કમ ઈલ્મ છે અને ઈલ્મ રાખતો હોય તો પણ માત્ર પોતાના જમાનાની હાલતો લક્ષમાં રાખીને જેથી કિયામત સુધીનું ચેલેન્જવાળું કલામ માણસની શકિતમાં નથી. એ કામ તો અઝલી અને અબદી ઈલ્મ રાખવાવાળા ખુદાનું છે. જેના ઈલ્મથી કોઈ ચીજ બહાર નથી. તો કુર્આનની દલીલનું એક રૂપ એ પણ છે કે તે જમાનામાં તો કોઈ દાવો કરીને દલીલ પેશ ન કરી શકયો પણ આજે જ્યારે સાઈન્સ અનુભવથી ગુજરીને અસંખ્ય ચીજોને નવુ રૂપ આપી રહી છે ત્યારે પણ કુર્આન જૂનું નથી લાગતું, નવું જ લાગે છે, જાણે સાઈન્સના જમાનામાં કુર્આન વજૂદમાં આવ્યું. અને આ છે ખૂબી ખુદાના કલામની કે તેમાં જે વાત દુનિયા સંબંધિત





બયાન કરવામાં આવે તેમાં અનુભવથી અને પ્રયોગથી પસાર થયા બાદ જે સત્ય માન્યતા કાયમ કરવામાં આવે તે બદલાય ન શકે, અને તે ખૂબી કુર્આનમાં છે કે આજે તેના પર ઈમાન મજબૂત થઈ શકે છે. તેમાં શંકા રહી શકતી નથી. આગલી આસ્માની કિતાબોમાં પણ જે બયાનો દુનિયા સંબંધિત હતાં તેમાં ફેરફાર થઈ શકતો નથી. પણ મેં તમને બનાવ્યું તેમ કે અસલી કિતાબો અહલે કિતાબ પાસેથી ચાલી ગઈ અને એક ઈતિહાસ બનીને રહી ગઈ. એટલે યૂરોપના સંપાદકોને પણ તેમની કિતાબો બાબતે શંકા થઈ અને તેમણે સ્વીકાર્યું કે ખુદાની વાતમાં ફરક નથી આવી શકતો અને વિજ્ઞાનથી વિરૂધ્ધ નથી જઈ શકતી. પણ તેમાં જોવા મળતો વિરોધ એ વાતની દલીલ છે કે લોકોએ પોતાની અક્કલની અમુક વાતો મેળવી હતી જે તે જમાનામાં ચાલી ગઈ. પણ અનુભવની દુનિયામાં તેનું પોલ ખુલી ગયું. જ્યારે કે કુર્આન વિજ્ઞાનની દાવત આપે છે અને અલ્લાહ તઆલાની પેદા કરેલી ચીજોમાં હિકમતોનું ઈલ્મ મેળવવા માટે લોકોને પ્રેરિત કરે છે કે લોકો જેટલી કોશિશ કરી નવી નવી માલૂમાત મેળવશે તેમના માટે કુર્આનનું ફૈઝ વધતું જશે.

કુર્આનનો શબ્દાર્થી મુકાબલો અને તેનું ચેલેન્જ તો અરબી લોકો માટે હતું અને છે. કારણ કે માતૃ ભાષાવાળા પોતાની ભાષા પર જેટલો કાબૂ મેળવી શકે છે તે ભાષા શીખનારને નથી મળી શકતો. પરંતુ કુર્આનના માયનાનો મુકાબલો અને તેનું ચેલેન્જ કિયામત સુધી રહેશે અને દરેક ભાષાના લોકો માટે રહેશે. એટલે જ કે માણસની બનાવેલી કિતાબ હોય તો તેમાં કેટલા વિવાદ જોવા મળે છે. જો તેની વાતો તે જમાનાની ઉન્નતિ પ્રમાણે હોય તો જરૂર નથી કે કિયામત સુધી તેમાં ફેરફાર ન આવે. પણ વિવાદ ન જણાવો અને અનુભવની દુનિયામાં પણ તેની આયતોના માયનામાં નવા સાઈન્સથી વિવાદ ઉભો ન થવો, ભલા ૧૪૦૦ વર્ષો પહેલાંના કોઈ વ્યકિતની ઉપજાવેલી વાત કહી શકાય છે ? બલ્કે સાઈન્સના જમાનામાં કુર્આનનું ખુદાની કિતાબ હોવાનું યકીન વધારે મજબૂત બની જાય છે. કુર્આનની ઉપરોકત આયત એ જ દર્શાવી રહી છે કે જ્યારે તમે દુનિયાની

ચીજોમાં ધ્યાન આપો છો અને પ્રયોગોથી નવી ચીજોને વજૂદ આપો છો તો ભલા હવે તો કુર્આન તરફ ધ્યાન આપો ? કે તે જમાનામાં તેનું ચેલેન્જ કોઈ કબૂલી ન શકયું તમારે ચેલેન્જ કબૂલવાનું નથી બલ્કે તમારે તો સાઈન્સી અનુભવોથી કુર્આનની વાતોને જૂઠી સાબિત કરવાની છે, પણ થઈ ? અને શું થઈ શકે છે ? અને તમારા માનવામાં આવે છે કે ૧૪૦૦ વર્ષો પહેલાં કોઈ વ્યકિત એટલા ઈલ્મવાળો હોય કે તેનું ઈલ્મ આજ સુધી બનીને રહે ? અને તે માત્ર મઝહબ અને ધર્મની વાતો હોય તો માની લઈએ પણ તેમાં તો દુનિયાની પણ વાતોનું વર્ણન છે. આસ્માન, જમીન અને તારાઓનો પણ ઉલ્લેખ છે. પછી પણ કોઈને કુર્આનના ખુદાની કિતાબ હોવામાં શક હોય, શંકા હોય તો તેના દિમાગની ભૂલ છે. નહીં તો કુર્આન દરેક પ્રકારથી ખુદાની કિતાબ હોવાની ગવાહી આપે છે.

ત્રીજી જગાએ ફર્માવે છે :–

بَلْ هُوَ اٰيٰتٌ بَيِّنٰتٌ فِيْ صُدُوْرِ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ ؕ وَمَا يَجْحَدُ بِاٰيٰتِنَآ اِلَّا الظّٰلِمُوْنَ ○

બલ્કે એ કુર્આન તો સ્પષ્ટ દલીલો છે એમના દિલોમાં જેમને જ્ઞાન આપવામાં આવ્યું અને અમારી આ આયતોથી માત્ર હઠધર્મી લોકો જ નકાર કરે છે. (અનકબૂત, આ. ૪૯)

કુર્આન સચોટ રીતે ખુદાની કિતાબ છે અને દુનિયામાં અનુભવથી પસાર થયા બાદ શંકાનો પ્રશ્ન ઉભો નથી થતો. પછી પણ માણસની સમજમાં ન આવે તો તે હઠધર્મી છે અને તે કુર્આનના ખુદાની કિતાબ હોવાનો નકાર કરી પોતાની જાન પર જુલ્મ અને ત્રાસ કરી રહ્યો છે. કારણ કે જાણી જોઈને નકાર કરવો અને કુફ્ર પર કાયમ રહેવું દોઝખમાં જવાનો સબબ છે અને તે ઈમાન લાવી તેનાથી પનાહમાં આવવા નથી ઈચ્છતો. એક તો જાલિમ એ છે કે જે બીજાની ઉપર ત્રાસ કરે અને એક તે છે જે પોતાની ઉપર ત્રાસ કરે. બંનેમાં મોટો જાલિમ પોતાની ઉપર ત્રાસ કરનાર છે. કારણ કે માણસને પોતાની સાથે સૌથી અધિક મહોબ્બત અને પ્રેમ હોય છે, તેના માટે





દરેક માણસનો પોતાનો અનુભવ બસ છે. તો ઈમાન ન લાવનાર મહાન જાલિમ છે.

## ★ મુસલમાનનું વિજ્ઞાન બીજાઓનું માર્ગદર્શક છે ★

મુસલમાન દુનિયામાં સબબ, કારણ અને કારણથી વજૂદ સ્વીકારે છે અને માણસના જીવનના અસંખ્ય કામો સબબોથી જ વજૂદમાં આવતાં હોય છે. એટલે એ વાતનો ઈન્કાર થઈ શકતો નથી. પરંતુ તેની સાથે મુસલમાનની માન્યતા એ પણ હોય છે કે એક ચીજને બીજાનો સબબ અને કારણ અલ્લાહ તઆલાએ બનાવ્યું છે અને અલ્લાહના ઈરાદાથી તે વજૂદમાં આવે છે. દાખલા તરીકે આપણને તરસ લાગી હોય તો પાણી પીવાથી જરૂરત પૂરી થઈ જાય છે. પણ તેનો મતલબ એ નથી કે પાણીએ તરસનો ઈલાજ કર્યો, બલ્કે અલ્લાહ તઆલાએ તેમાં એ તાસીર પેદા કરી. નહીં તો કયારેક ખુદાની કુદરત એ પ્રમાણે પણ જાહેર થાય છે કે ગમે તેટલું પાણી અને બીજુ પ્રવાહી પી જવાથી પણ તરસ જતી નથી અને બીમારીમાં માણસનું અવસાન થઈ જાય છે. તો જાણવા મળ્યું, તાસીર પણ અલ્લાહ તરફથી છે અને એકનું બીજા માટે સબબ બનવું પણ અલ્લાહ તરફથી છે. દુનિયામાં વજૂદમાં આવતી દરેક ચીજ વસ્તુનુ મૂળ અલ્લાહ તઆલાનો ઈરાદો છે. અને આ માન્યતાથી માણસ દુનિયાની ચીજોનો સબબ માલૂમ કરીને ગમે તેટલી ચીજોને વજૂદ આપે છે, પણ તે બેદીન અને અધર્મી થઈ શકતો નથી. મુસલમાન આ જ માન્યતા પર રહે છે. જો વિજ્ઞાન પર વધારે કામ મુસલમાનોએ કર્યું હોત તો દુનિયામાં વૈજ્ઞાનિકો તરફથી જે ખુદાનો ઈન્કાર કરવામાં આવે છે અને સબબ પર દરેક ચીજ વસ્તુની બુનિયાદ રાખવામાં આવે છે અને તેની ખોટી માન્યતાથી જે લોકોના અકીદાઓમાં થોડી ઘણી શંકા જોવા મળે છે તે ન મળતી. એટલે કુર્આને આપણને પોતાની નિશાનીઓમાં ધ્યાન કરવાની અને મનન કરવાની તથા પ્રયોગોથી પસાર થવાની દાવત આપી છે. આપણું વિજ્ઞાન માત્ર પ્રયોગ અને શોધ નથી બલ્કે બીજા લોકો માટે માર્ગદર્શન પણ છે. એક વૈજ્ઞાનિક

પોતાની વિજ્ઞાનની ઉચ્ચ તાલીમ અને પોતાની શોધથી ખુદાની જાતનો ઈન્કાર કરે તો જો તેના મુકાબલામાં તેનાથી કોઈ ઉચ્ચ મુસલમાન વૈજ્ઞાનિક હોય તો તેનું દીન પર રહેવું અને ખુદાના વજૂદની વાતો કરવી બીજા લોકો માટે જરૂરથી માર્ગદર્શક થઈ શકે છે. એટલે મુસલમાનોની એક જમાઅતે વિજ્ઞાન અને સાઈન્સમાં આગળ વધવાની કોશિશ કરવી જોઈએ. જેથી વિજ્ઞાનના શબ્દથી વજૂદમાં આવતી ખરાબીઓને રોકી શકે. હું તમને કહી ગયો તેમ કે ફલસફાની તાલીમ પણ એવી હતી જેનાથી લોકો બેદીન અને અધર્મી બની જતા હતા અને મુસલમાનો તેનાથી નફરત કરતા હતા, પણ જ્યારે મુસલમાનોને ફલસફાની ખરાબી જોવા મળી તો તેમણે વિચાર્યું જો આપણામાંથી એક જમાઅત તે ઈલ્મ તરફ ધ્યાન નહીં આપે તો તેનો તોડ કેવી રીતે કરી શકીશું ? તો પછી એક જમાઅતે તે ઈલ્મ શીખ્યું અને તે ઈલ્મથી બેદીની ફેલાવતા તબકા સાથે તે કાયદાઓની ચર્ચા કરી અને તેમને હરાવ્યા અને ફલસફાને ઈસ્લામનું રૂપ આપ્યું.

મુસલમાન દુનિયામાં ખુદાના દીનનો માર્ગદર્શક છે. કોઈ પણ ઈલ્મથી જો મુસલમાનોમાં ખરાબી આવી શકવાની શંકા હોય તો દીનના ઈલ્મવાળાઓની એક જમાઅતે તે ઈલ્મ તરફ ધ્યાન આપવું જોઈએ, શીખવું જોઈએ અને લોકોની શંકાનો નાશ કરવો જોઈએ. આપણા તે ઈલ્મ તરફ લક્ષ ન આપવાથી ખરાબી આવી, જો આપણે તે મેદાનમાં કૂદી જઈએ તો ખરાબી અટકી જશે અને સાઈન્સથી ખુદાની મહોબ્બતમાં વધારો થઈ જશે. ખુદાની કુદરત અને તેની શકિત પર ઈમાન અને યકીન મજબૂત બની જશે.

## ★ યૂરોપ ચર્ચોના હાથમાં ★

યૂરોપના દેશો જે આજે દુનિયામાં ધનવાન અને સુપર પાવર માનવામાં આવે છે તેમને જે કંઈ મળ્યું ઈસ્લામ અને કુર્આનના સદકામાં મળ્યું. કુર્આન જ્યાં દીન અને આખિરતની તાલીમ આપે છે ત્યાં ખુદા તઆલાની ઓળખ અને મારેફત માટે તેના પેદા કરેલા





જગતની ચીજોમાં મનન કરવાની દાવત પણ આપે છે. એટલે કે સમગ્ર જગતની દરેક ચીજ વસ્તુ અલ્લાહ તઆલાનો વજૂદ અને તેની કુદરત જાહેર કરે છે અને દરેક ચીજ વસ્તુ ખુદા તઆલાની ઓળખની એક મજબૂત દલીલ અને પ્રુફ છે. મૌલાના રૂમ (رحمۃ اللہ علیہ) ઈર્શાદ ફર્માવે છે :–

**હર વરકે દફતરેસ્ત દર મારેફતે કિર્દગાર**

ઝાડનું દરેક પાન અલ્લાહ તઆલાની ઓળખનું એક દફતર છે. એક એક પાનથી અલ્લાહ તઆલાની જાત, તેની સિફતો અને તેની શકિત જાણવા મળે છે. સારાંશ એ કે ઈસ્લામ દુનિયાની ચીજોમાં મનન કરવામાં પણ આપણી દિશા ખુદા અને તેના દીન તરફ રાખે છે. દુનિયાની ચીજોમાં મનન કરવી દુનિયાની ચીજોની હિકમતો જાણવાના ઈલ્મોની પણ રજા આપે છે અને એટલા માટે દુનિયામાં મુસલમાનોએ ઘણા ઓછા જમાનામાં મહાન સફળતા પ્રાપ્ત કરી અને અસંખ્ય નવી ચીજોને વજૂદ આપ્યો. મુસલમાનોની તરક્કી અને તેમની પ્રગતિ દેખીને બીજા ધર્મના લોકોને પ્રગતિ કરવાનો શોખ થયો અને તેમણે પોતાના કાયદા કાનૂનમાં ફેરફાર કરીને દુનિયામાં પ્રગતિ પ્રાપ્ત કરવાની રજા મેળવી. સ્પષ્ટ થયું ઈસ્લામે પ્રગતિના પંથે જવાનો માર્ગ બતાવ્યો છે.

ઈસાઈઓ પર એક એવો જમાનો પણ આવેલો છે જેમાં તેમની દોર ચર્ચોના હાથમાં ચાલી ગઈ હતી અને ચર્ચના પૂજારીઓ એટલા આગળ આવી ગયા હતા કે રાજાઓની પોતાની સત્તા બાકી રાખવા માટે ચર્ચના તાબે રહેવું પડતું હતું. ધર્મ છોડીને દુનિયાના કોઈ પણ ઈલ્મની રજા આપવામાં ન આવતી હતી. બલ્કે જહાલતને તકવાની માં કહેવામાં આવી અને ઈલ્મ શીખવું મના કરવામાં આવ્યું ! દુનિયામાં ઈલ્મમાં કોઈ કોશિશ કરતો પકડાઈ જતો તો તેને સખ્ત સજા આપવામાં આવતી હતી. તે જમાનાના ઈસાઈ રાજાઓને એ વાત પસંદ ન હતી પરંતુ તેઓ મજબૂર હતા. કારણ કે તેમને એ બાબતે કંઈ બોલવાની રજા ન હતી. જાહેરમાં રાજાઓની સત્તા હતી

પણ હકીકતમાં ચર્ચોના પૂજારીઓની સત્તા હતી જેને કલીસાઈ નિઝામનું નામ આપવામાં આવ્યું હતું. ઈ. સ. ૧૨૫૦માં ફ્રેડરક બીજો જે રૂમનો રાજા હતો તે ઈસ્લામી શહેરોમાં ગયો તો ત્યાંના સત્તાધારીઓની આઝાદી દેખીને અચરજમાં પડી ગયો અને કહેવા લાગ્યો, અય સુલ્તાને મિસ્ર ! મુહમ્મદ અલ કામિલ ! તમે લોકો કેટલા ખુશ નસીબ છો કે તમારે ત્યાં કલીસાઈ નિઝામ નથી. અમારે ત્યાં તો રાજા માત્ર નામના રાજા છે, તેમની પાસે કોઈ અધિકાર નથી. દરેક ફેંસલો ચર્ચનો હોય છે. જ્યાં રાજાને કોઈ અધિકાર ન હોય ત્યાં પબ્લિકને કોઈ અધિકાર શી રીતે મળી શકે છે ?

કોઈ માણસ કોઈ પ્રકારનું ઈલ્મ શીખી ન શકે અને બીજાને શીખવાડી ન શકે, તેના માટે ચર્ચ તરફથી ધાર્મિક કોર્ટો દરેક શહેરમાં બનાવવામાં આવી હતી, સજાઓ ચર્ચ તરફથી નિયુકત કરવામાં આવી હતી, જેના માટે જે ફેંસલો થતો તે બદલવામાં ન આવતો. ધર્મને છોડીને કોઈ પણ નવું કામ કરતાં કોઈ પકડાઈ જતો તો તેને બિદઅતી કહી તેને દંડ કરવામાં આવતો. અથવા તેના માટે મોતની સજા નિયકુત કરવામાં આવતી. (મુસ્લિમ નશઅતે ષનિયા, પેજ ૯૮)

*મુરીસ બુકાયે બાયબલ, કુર્આન અને સાઈન્સ પેજ નં.* ૧૭૮ પર લખે છે, ઈસાઈ દુનિયામાં સદીઓ સુધી ચર્ચાના આગેવાનો સાઈન્સી પ્રગતિઓનો અવરોધ કરતા રહ્યા, અમને પહેલાંથી એ વાતનું ઈલ્મ હતું જે સાઈન્સને પ્રગતિ આપવાનો શોખ ધરાવતા લોકો વિરૂધ્ધ કરવામાં આવ્યું. તે એવી કારવાઈ હતી જેમાં જીવતા સળગાવી દેવાના ડરથી ઘણા બધા વૈજ્ઞાનિકો વતન છોડવા પર મજબૂર થયા. તેમને તૌબા કરવી પડી. પોતાનું મંતવ્ય બદલવું પડયું અને માફી માંગવી પડી.

મુસ્લિમ નશઅતે ષાનિયા પેજ નં. ૧૦૧ પર છે :– હિસ્યાનિયામાં બે હજાર માણસો જીવતા સળગાવવામાં આવ્યા, સિત્તર હજાર માણસોને જન્મટીપની સજા આપવામાં આવી, નામ વગરની ફરિયાદ પર ગુનેગારને બોલાવવામાં આવતો, તેના ગુનાહ પર કોઈનાથી ગવાહી લેવામાં ન આવતી હતી, ગુનેગારને ગવાહો





બાબતે કંઈ પણ કહેવાનો અધિકાર ન હતો, મજબૂર કરીને ગુનોહ કબૂલવામાં આવતો. એક પાદરીએ અઢાર વર્ષોમાં દસ હજાર બસો વીસ માણસોને જીવતા સળગાવ્યા, સત્તાણું હજાર માણસોને બીજી સજાઓ આપી. ઈ. સ. ૧૪૮૧ થી ૧૮૦૮ સુધીમાં ત્રણ લાખ ચાળીસ હજારને કડક સજાઓ આપવામાં આવી. જીવતા સળગવાવાળાઓની સંખ્યા બત્રીસ હજાર છે.

ઉપરોકત તારીખી અને ઐતિહાસિક વાતોથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે જેઓ આજે પોતાને ઈલ્મવાળા, સાઈન્સ અને વિજ્ઞાનવાળા કહે છે, સદીઓ સુધી તેઓ જહાલતના અંધકારમાં રહ્યા ! પ્રગતિનું નામ સુધ્ધાં તેમને યાદ ન હતું. પણ ઈસ્લામ, કુર્આન અને તેના પ્રકાશમાં મુસલમાનોની પ્રગતિ દેખીને તેમને પ્રગતિનો માર્ગ મળ્યો. એ અલગ વાત છે કે તે પછી તેમણે ઓછું કામ કરીને મોટું નામ મેળવી લીધું.

## ★ દીનથી નફરત અપાવનાર પાદરીઓ છે ★

જ્યારે એ વર્ણન થઈ ગયું કે ઈસાઈ પાદરીઓએ સત્તાની દોર પોતાના હાથમાં લઈ લીધી હતી અને તેઓ દીનની જગાએ દુનિયાની કોઈ પણ તાલીમ અને કોઈ પણ પ્રગતિની રજા ન આપતા હતા અને દુનિયાની પ્રગતિના ઈરાદે કોશિશ કરનારાઓને ખતરનાક સજાઓ આપવામાં આવતી હતી. એટલે જેઓ દુનિયામાં પ્રગતિ કરવાનો અધિકાર માંગતા હતા તેમણે પોતાના ધર્મમાં મજબૂરીનો સામનો કરીને દીન તથા દીનદારોથી દુશ્મની કરી લીધી. અંતે દીન અને દુનિયાના અલગ ભાગ પડી ગયા. જ્યારે કે ઈસ્લામ આપણને ધર્મ સાથે રહેવાની તાલીમ આપે છે, પણ દુનિયાની પ્રગતિ અને ઉન્નતિથી મનાઈ નથી કરતો. બલ્કે દુનિયાની પ્રગતિને પણ દીન સાથે મેળવી દુનિયાને પણ દીનનો હુકમ આપે છે.

## ★ મુસલમાનોની કુસમજ ★

ઈસ્લામ દીન અને ધર્મનો બનીને રહેવાનો સબક આપે

છે, પણ દુનિયામાંથી કંઈ લેવાને અને શીખવાને મનાઈ નથી કરતો. અમુક સદીઓ સુધી આ પ્રમાણે ચાલતું રહ્યું પછી કમનસીબીથી મુસલમાનોએ પણ દીનના ક્ષેત્રોમાં અને દુનિયાના કામોમાં એટલો ફરક કર્યો કે દુનિયાની પ્રગતિનો ઈરાદો રાખનાર દીન અને દીનદારોથી સંબંધ ઓછો કરવા લાગ્યો અને અંતે ઈસાઈઓ માફક પબ્લિકના બે ભાગ બની ગયા. દુનિયાના તાલીમવાળા અને દીનના તાલીમવાળા. જ્યારે કે કુર્આન તરફથી આપણને દુનિયાની ચીજ વસ્તુમાં મનન કરવાની દાવત આપવામાં આવી છે, તો પછી આપણા તરફથી આ પ્રમાણે બે ભાગ ન પડવા જોઈએ. બલ્કે આપણે દીન સાથે દુનિયાને રાખી દુનિયાને પણ દીન બનાવી દેવો જોઈએ. ખુદાની મારેફત અને તેની હિકમતોની શોધમાં દુનિયાની ચીજો સાથેનો સંબંધ પણ દીન બની જાય છે અને મુસલમાન પોતાની દુનિયાના દરેક કામનો સંબંધ પોતાના દીનથી કરી શકે છે. તેનો અમલ અને તેનું કામ નિય્યત પર આધારિત છે. જેનો જરૂરત પૂરતો ઉલ્લેખ રજુ થઈ ગયો છે.

## ★ એક પ્રશ્ન અને તેનો ઉત્તર ★

અહિં એક સવાલ એ ઉપસ્થિત થઈ શકે છે કે ઈસાઈઓએ દુનિયાની પ્રગતિને દીન વિરૂધ્ધ સમજી અને દુનિયાના ઈલ્મો તરફ લક્ષ આપનારને સજાઓ આપવામાં આવી અને આ આદેશ તેમના ધર્મગુરૂઓ તરફથી હતો. એટલે એ જાણવા મળે છે કે તેમની કિતાબોમાં મનાઈ કરવામાં આવી હશે. જ્યારે કે વિજ્ઞાનની પ્રગતિઓથી કોઈ નવી ચીજ પેદા કરવામાં નથી આવતી, બલ્કે અલ્લાહ તઆલાએ બે ચીજોમાં પેદા કરેલ કારણથી કોઈ નવી ચીજ વજૂદમાં આવે છે અને એને એમાં દીન વિરૂધ્ધ કશુ નથી. પછી ઈસાઈઓએ સદીઓ પહેલાં એ બાબતે ત્રાસ કેમ કર્યો ?

**જવાબ** : ખુદા તઆલાની કિતાબ જો દુનિયાની કોઈ બાબત પર પ્રકાશ નાખે તે તો ખોટું નથી થઈ શકતું. કારણ કે અલ્લાહ તઆલાએ





જગત પેદા કરેલું છે અને તેણે પોતાની હિકમતથી જે એક બીજામાં પરસ્પર સંબંધો રાખેલા છે તે તેના ઈલ્મમાં છે. એટલે ખુદાની કિતાબની કોઈ વાત દુનિયામાં અનુભવથી પસાર થયેલ વાતો વિરૂધ્ધ નથી થઈ શકતી અને કુર્આન શરીફની એ જ શાન છે કે જ્યારે સાઈન્સ અને વિજ્ઞાનનું નામ પણ ન હતું અને લોકો સાદગીનું જીવન વિતાવી રહ્યા હતા. તે સમયે કુર્આન શરીફે એવી વાતો પર પ્રકાશ નાખ્યો જે ૧૪૦૦ વર્ષો પછી વિજ્ઞાનની પ્રગતિથી જોવા અને જાણવા મળી અને ન્યાયથી કામ લેનાર વૈજ્ઞાનિકોએ કહેવું પડયું કે કુર્આન ખુદાની કિતાબ છે. તેનો એક પણ ઉલ્લેખ સાઈન્સ વિરૂધ્ધ નથી અને સાઈન્સ સંબંધિત જે વાતો બયાન કરવામાં આવી છે જે આજના અનુભવથી સત્ય ઠરે છે અને આજ શાન ખુદા તઆલાની દરેક કિતાબની હોવી જોઈએ. પણ પાછલા પેજોમાં ઉલ્લેખ થઈ ગયો કે વિજ્ઞાનનો શોખ રાખતા ઈસાઈઓએ પોતાની બાયબલમાં શંકા કરી અને લખ્યું કે જે વાતો દુનિયા સંબંધિત બાયબલમાં આવી છે તે વાતો આજના વિજ્ઞાનના અનુભવથી ખોટી ઠરે છે અને એનાથી એ વાત જાણવા મળે છે કે બાયબલમાં ફેરફાર થયો છે. નહીં તો ખુદાની કિતાબમાં ખુદા તઆલાની વાત અનુભવથી પસાર થઈને ખોટી ઠરી શકતી જ નથી અને થાય તો તેમાં મિલાવટ જરૂરથી હશે.

## ★ કુર્આનનો ફૈંસલો ★

એ વાત અમને માન્ય છે અને અમે ઈતિહાસની મજબૂત વાતોથી સાબિત કર્યું છે કે કુર્આન ખુદાની કિતાબ છે અને તેની સંપૂર્ણ હિફાઝત અને રક્ષણ કરવામાં આવ્યું છે. તેમાં કોઈ પ્રકારનો ફેરફાર થયો નથી અને થશે પણ નહીં. કારણ કે જે ખુદા તઆલાએ તેને નાઝિલ કરી છે તેણે જ તેના રક્ષણની જવાબદારી પોતાના કરમથી લીધી છે અને એ પણ સાબિત થઈ ગયું કે આગલી કિતાબો ખુદાની તો છે પણ તેમાં ઘણો જ ફેરફાર થયો છે. બલ્કે જે ભાષામાં કિતાબો ઉતરી હતી તેમાં તો જોવા નથી મળતી. તર્જુમા અને ભાષાંતર જોવા મળે છે અને તે પણ બરાબર નથી, નબીઓનું જીવનચારિત્ર છે જે

લોકોએ એક બીજાથી સાંભળીને ભેગું કરેલું છે. આ અસલ અને મૂળ કિતાબ સાઈન્સના અનુભવથી પસાર થયેલ વાતો વિરૂધ્ધ નથી થઈ શકતી અને એ વાતની ગવાહી કુર્આન શરીફ આપે છે...

قُولُوٓا آمَنَّا بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْنَا
وَمَآ اُنْزِلَ اِلٰٓى اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ
وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطِ
وَمَآ اُوْتِيَ مُوْسٰى وَعِيْسٰى وَمَآ
اُوْتِيَ النَّبِيُّوْنَ مِنْ رَّبِّهِمْ
لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ
وَنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ○

તમે લોકો કહો, અમે ઈમાન લાવ્યા અલ્લાહ પર અને તેના પર જે અમારી તરફ ઉતારવામાં આવ્યું અને જે ઉતારવામાં આવ્યું ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક, યાકૂબ અને તેમની ઔલાદ પર અને તેના પર જે અર્પણ થયું મૂસા અને ઈસાને અને જે અતા થયું તેમના રબ તરફથી બીજા નબીઓને તેઓ પૈકી કોઈની બાબતે અમે તફાવત નથી કરતા અને અમે તેના ફર્માબરદાર છીએ.

કુર્આનમાં આગલા નબીઓ અને તેમની ઉપર નાઝિલ કરવામાં આવેલી મૂળ કિતાબો પર કોઈ પણ તફાવત વિના ઈમાન લાવવાની તાલીમ આપવામાં આવી. દરેક ખુદાઈ ધર્મમાં માન્યતા અને દીનની તાલીમાત એક જેવી છે. શરીઅત જેનો સંબંધ અમલથી છે તેમાં જરૂરત પ્રમાણે અલ્લાહ તઆલા તરફથી ફરક કરવામાં આવ્યો. હદીષથી એ વાતનો ઉલ્લેખ થઈ ગયો કે નબીઓનો દીન અને તેમનો ધર્મ એક જ છે. એટલે કે અલ્લાહ તઆલાની જાત બાબતે માન્યતામાં કોઈ ફરક નથી. અમલી કાયદા કાનૂનમાં ફરક હોય છે. જેના ઉલ્લેખની જરૂરત નથી. કારણ કે દરેકને એ વાતનું અનુભવી ઈલ્મ છે.

સાઈન્સ અને વિજ્ઞાન જેની શોધ અનુભવથી થાય છે તો સાચમાં જેનો સુબૂત અનુભવથી થાય છે. ખુદાની નાઝિલ કરેલ કિતાબમાં દુનિયા બાબતે એવી કોઈ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો





હોય તો તે અનુભવી સુબૂતને મજબૂત બનાવશે, તેની વિરૂધ્ધ નહીં હોય. કારણ કે ખુદા તઆલાનું ઈલ્મ અઝલી છે. કોઈ ચીજનું કારણ તેનાથી ગુપ્ત રહી શકતું નથી. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَمَا يَخْفٰى عَلَى اللّٰهِ مِنْ شَيْءٍ فِي الْاَرْضِ وَلَا فِي السَّمَآءِ

અને અલ્લાહથી કોઈ વસ્તુ જમીનમાં અને આકાશમાં છુપી નથી.

સ્પષ્ટ થયું કે દુનિયા સંબંધિત ચીજમાં ખુદા તઆલાની તાલીમાત અનુભવ વિરૂધ્ધ થઈ શકતી નથી અને જો જોવા મળે તો તે એ વાતની દલીલ છે કે તેમાં લોકો તરફથી કોઈ પ્રકારનો ફેરફાર થયો હશે. વર્તમાનકાળમાં એ વાતનો સુબૂત કુર્આન શરીફ આપે છે કે સદીઓ પછી વિજ્ઞાની અનુભવોથી વજૂદમાં આવેલી ચીજો, કુર્આનની તાલીમાત વિરૂધ્ધ નથી જતી અને વૈજ્ઞાનિકોએ પોતાના વિજ્ઞાન અને કુર્આનને સામે રાખીને કહ્યું કે કુર્આન ખુદા તઆલાની કિતાબ કુર્આનની તાલીમાત વિજ્ઞાન સાબિત કરે છે, બલ્કે કુર્આનની તાલીમાત લોકોને વિજ્ઞાનનો માર્ગ બતાવે છે. કારણ કે વિજ્ઞાન જેટલું પ્રગતિ કરે તેટલું કુર્આનનુ ખુદાની કિતાબ હોવાનું યકીન મજબૂત થતુ જાય છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

سَنُرِيْهِمْ اٰيٰتِنَا فِي الْاٰفَاقِ وَفِيْٓ
اَنْفُسِهِمْ حَتّٰى يَتَبَيَّنَ لَهُمْ
اَنَّهُ الْحَقُّ

હવે અમે તેઓને અમારી નિશાનીઓ આજુબાજુમાં તેમ ખુદ તેઓની હસ્તીઓમાં એટલા સુધી કે તેઓને જાહેર થઈ જશે કે આ જ સત્ય છે.

દુનિયામાં વજૂદમાં આવતી દરેક ચીજનો ખાલિક અને તેને પેદા કરનાર અલ્લાહ તઆલા છે. તો આ ફાયદાના આધારે માણસને વિજ્ઞાનનો માર્ગ બતાવનાર અને તેમાં કામયાબીના પંથે પહોંચાડનાર અલ્લાહ તઆલા છે. માણસોની જરૂરતો વધતી જાય છે તે પ્રમાણે સહુલતોની પણ જરૂરત હોય છે. તો અલ્લાહ તઆલા માણસના દિમાગમાં એવી શકિત પેદા કરે છે જેનાથી માણસને કોઈ નવી ચીજ

વજૂદ આપવાનો માર્ગ મળે છે. જેને બીજા શબ્દોમાં માણસ પોતાની વિજ્ઞાની પ્રગતિ કહે છે. પ્રગતિ એટલે જ આપવામાં આવી કે ઈમાનવાળો હોય તેનું ઈમાન મજબૂત બને કે ખુદા તઆલાએ ચીજોમાં કેવો સંબંધ પેદા કરેલો છે અને પ્રગતિના પંથે પહોંચનાર ગેરમુસ્લિમ હોય તો તેને ખુદાની કિતાબ પર ઈમાન આવે. જો કોઈ અનુભવથી પસાર થઈને ખુદાની કિતાબની સચ્ચાઈ સમજી ન શકે તો તે પાકો શૈતાન છે.

ખુદાની કિતાબમાં લોકો તરફથી ફેરફાર કરવામાં આવ્યો હોય તો તે સમયે કોઈને ખબર ન પડે તો શકય છે, પરંતુ સદીઓ પછી તે વાતનું અનુભવથી જૂઠું ઠરવું, તેના કલામે ખુદા ન હોવાનો સુબૂત આપે છે. જેમ કે આગલી આસ્માની કિતાબોમાં થયું અને વિજ્ઞાનની પ્રગતિ પછી આગલી કિતાબોની ઘણી બધી વાતો વિજ્ઞાની પ્રયોગો વિરૂધ્ધ ગઈ અને તેનાથી ન્યાયથી કામ લેનાર વૈજ્ઞાનિકોએ આગલી કિતાબોમાં ફેરફાર થવાની શંકા પ્રગટ કરી, જ્યારે કે તેઓ પોતે તે ધર્મના માનવાવાળાઓ છે. પરંતુ કુર્આનથી શત્રુતા રાખનાર લોકોએ પણ કુર્આનની સચ્ચાઈની ગવાહી આપી છે જેનો ઉલ્લેખ થઈ ગયો છે. બલ્કે ઘણા બધા વૈજ્ઞાનિકોએ અનુભવથી પસાર થઈને ઈસ્લામ સ્વીકારી લીધો છે.

અલ્લાહ તઆલા કુર્આનની સચ્ચાઈ એટલા માટે જાહેર ફર્માવે છે કે તેને માણસથી મહોબ્બત અને પ્યાર છે. તેને એ પસંદ નથી કે માણસ કુફ્ર કરીને દોઝખમાં જાય. તો તે ચેલેન્જ કરીને એ બતાવે છે કે સમગ્ર જગત ભેગું થઈને ખુદાની આ કિતાબ કુર્આન માફક ન બનાવી શકે, તેના કલામે ખુદા હોવામાં કોઈ શંકા રહી જતી નથી. અને તેનાથી પણ કોઈની સમજમાં ન આવી શકે તો વિજ્ઞાન તરફ લોકોને આકર્ષિત કરવામાં આવ્યા અને તેમાં લોકોને પ્રગતિ આપવામાં આવી કે અનુભવથી પસાર થઈને પણ માની લે. પછી પણ કોઈ ન માને તો કિયામતના દિવસે તેના માટે કોઈ પ્રકારનું બહાનું કામ લાગશે નહીં. અલ્લાહ તઆલા ફર્માવે છે :–





مَا يَفْعَلُ اللّٰهُ بِعَذَابِكُمْ اِنْ شَكَرْتُمْ وَاٰمَنْتُمْ ؕ وَكَانَ اللّٰهُ شَاكِرًا عَلِيْمًا ○

તમને અઝાબ આપીને અલ્લાહને શું કરવું છે ? જો તમે શુક્ર અદા કરો અને ઈમાન લાવો અને અલ્લાહ શુક્રનો બદલો આપનાર સર્વજ્ઞ છે.

## ★ સાઈન્સ અને ઈસ્લામમાં તફાવત ★

એ તો ઉલ્લેખ થઈ ગયો કે ઈસ્લામ સાઈન્સ વિરૂધ્ધ નથી. જે ચીજો અનુભવથી વજૂદમાં આવી રહી છે તે ખુદાની હિકમતોનો સુબૂત આપે છે. પરંતુ સાઈન્સની જ્યાં પહોંચ નથી અને તે બાબતે તેઓ પોતાની અટકળોથી ફેંસલો કરે છે તે કબૂલી શકાતું નથી. આ ઈસ્લામ અને સાઈન્સમાં એ તફાવત છે કે મુસલમાન તેનાથી ખુદા તઆલાની મારેફત પ્રાપ્ત કરે છે. તેનું ઈમાન મજબૂત બને છે. તે ખુદા તઆલાની તરફ વધારે નમે છે. જ્યારે કે વૈજ્ઞાનિકો કારણ માલૂમ કરી પોતાની શોધ પર ખુશ થાય છે અને બસ ! એટલા માટે કેટલાક બલ્કે અસંખ્ય વૈજ્ઞાનિકો તમને એવા મળશે જેમણે વિજ્ઞાનમાં પ્રગતિ કર્યા બાદ દુનિયાને કારણો સાથે સંબંધિત કરી અને અલ્લાહ તઆલાની જાતમાં અને તેના વજૂદમાં શંકા કરવા લાગ્યા. આ તફાવત છે ઈસ્લામ અને સાઈન્સમાં.

## ★ નેચરલ કહીને ગુમરાહીનો પ્રચાર ★

કુઆન શરીફમાં છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે, (وَمَا اُوْتِيْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِيْلًا)તમને ઈલ્મ થોડું જ આપવામાં આવ્યું.'' અને આયતનો આ ભાગ રૂહ વિષેના સવાલના જવાબમાં કહેવામાં આવ્યો છે કે, જે રૂહ અને પ્રાણ (જીવ) જેનાથી દરેક જીવંતની હયાત અને જીંદગી છે. પ્રાણ નીકળી ગયા બાદ દરેક જીવંતની બોડી અને શરીર બેકાર બની જાય છે. દરેક જીવંત લાચાર અને મજબૂર બની જાય છે. દુનિયામાં દરેક જીવંત જે કંઈ કરે છે તેમાં પ્રાણનો જ કમાલ

જોવા મળે છે. જીવંતની બુનિયાદ જે પ્રાણથી છે તો માણસ આટલી પ્રગતિ કરીને પોતાના પ્રાણની હકીકત પણ જાણી શકયો નથી અને દુનિયામાં એવી અસંખ્ય ચીજો છે જેની માણસને જાણ નથી અને કેટલીક એવી છે જેને જાણે છે પરંતુ તેની હકીકત અને રહસ્ય જાણી શકતો નથી. પરંતુ જે લોકો પોતાન વૈજ્ઞાનિક સમજે છે અને જેમને પોતાના વિજ્ઞાન પર ગર્વ છે તેઓ જ્યારે દુનિયાની અસંખ્ય ચીજો બાબતે પોતાને લાચાર સમજે છે તો તેનો જવાબ આમ કહીને આપે છે કે આપ જેનો પ્રશ્ન કરો છે તે નેચરલ છે. એટલે કે તેઓ કારણો માલૂમ કરીને અન્ય ચીજોને વજૂદ આપે છે અને ખુદાની જાતનો ઈન્કાર કરે છે અને જેમાં તેઓ લાચાર હોય છે તેમાં ખુદા તરફ કોઈનું દિમાગ ન જઈ શકે તો તેઓ એવી ચીજો બાબતે નેચરલ કહીને પોતાનો દાવો સાબિત કરતા હોય છે. આજે યૂરોપમાં હાલત એવી જ છે. તેઓ પોતાને ઈસાઈ કહે છે. પોતાનો ધર્મ ઈસાઈ છે એવું સમજે છે પરંતુ તેમના દિમાગોથી ખુદા તઆલાનો ખયાલ નીકળી ગયો છે અને અસંખ્ય ઈસાઈઓ ખુદા તઆલાના વજૂદનો ઈન્કાર કરે છે. તેઓ કહે છે દુનિયા સબબો અને કારણો પર કાયમ છે અને જેમાં સબબ જાણવા નથી મળતો અથવા સબબ માલૂમ કર્યા પછી પણ સબબ અને કારણથી પોતે વજૂદ આપી શકતા નથી તો તેને નેચરલ કહે છે.

## ★ મુસલમાનનો અકીદો અને તેની માન્યતા ★

મુસલમાનનો અકીદો એ છે કે દુનિયાની દરેક ચીજ જે વજૂદમાં આવે છે તેમાંની એક પણ નેચરલ નથી. દરેકનો વજૂદ સબબ અને કારણને લક્ષમાં રાખીને થયો છે. કારણ કે વજૂદમાં આવતી ચીજો શકય અને પોસીબલ છે અને પોસીબલ ચીજ વજૂદમાં આવવા માટે એક વજૂદની દિશાને ઉત્તમતા આપવાવાળાની મોહતાજ છે. શકયનું પેદા થવું અને ન થવું બંને દિશામાં તે એક જેવું છે. પછી તેની દિશા વજૂદ તરફ કેમ કરી બદલાઈ ? જરૂર એક કારણ છે જે તેના વજૂદની દિશાને ઉત્તમતા આપી રહ્યું છે. નેચરલ જેને કહેવામાં





આવે છે તેની પણ શકય હોવાને લઈને આ જ હાલત છે. એટલે અમારો અકીદો અને માન્યતા એ છે કે દરેક ચીજના વજૂદમાં આવવાનું એક કારણ છે અને તે અલ્લાહ તઆલા અને તેનો કોઈ ચીજને વજૂદ આપવાનો ઈરાદો છે. ખુદા તઆલા ન ઈચ્છે તો કોઈ ચીજ વજૂદમાં આવી શકતી નથી. નેચરલનો શબ્દ આપણી લાચારી અને મજબૂરીના આધારે છે.

## ★ આપણો અધિકાર ખુદાનો ફઝલ ★

દુનિયામાં અમુક ચીજો એવી છે જે એક બીજાને મેળવીને વજૂદમાં લાવવામાં આવે છે અને અલ્લાહ તઆલાએ આપણને એ વાતની અક્કલ અને સમજ આપી છે કે નિકટના કારણો માલૂમ કરી આપણે નવી નવી ચીજોને વજૂદ આપીએ અને લોકોની સહુલતોના સાધનોની વ્યવસ્થા કરીએ. જો અલ્લાહ તઆલાએ દરેક ચીજને નેચરલ માફક રાખી હોત તો માણસ દરેક ચીજ વસ્તુમાં લાચાર રહેતો અને કોઈ ચીજને વજૂદ ન આપી શકતો. પરંતુ અલ્લાહ તઆલાનો અપાર આભાર અને મહેરબાની છે કે તેણે આપણને એવી શકિત અર્પણ કરી કે આપણે નિકટના કારણોથી ઘણી બધી ચીજોને વજૂદ આપી શકીએ છીએ. પણ તેમાં પણ મૂળ કારણ તો અલ્લાહ તઆલાનો ઈરાદો છે. જો અલ્લાહ તઆલા ન ઈચ્છે તો એક ચીજ બીજી ચીજના વજૂદનું કારણ બની શકતી નથી. સારાંશ એ કે માણસે પોતાનો અધિકાર દેખીને ખુદા તઆલાનો શુક્ર અદા કરવો જોઈએ કે તેણે આપણને અક્કલ આપી અને કારણો માલૂમ કરી અન્ય ચીજાને વજૂદ આપવાનો અધિકાર કર્યો.

## ★ સાઈન્સ અને લાચારી ★

સાઈન્સની પ્રગતિથી એ તો જાણવા મળે છે કે અલ્લાહ તઆલાએ ઘણી બધી ચીજોનો વજૂદ આપણી કોશિશ પર રાખેલો છે. અધિકાર તો આપવામાં આવ્યો છે પણ કામયાબી અને સફળતા પ્રયાસો પર રાખવામાં આવી છે. જો આપણે દુનિયામાં કોઈ નવી

ચીજને વજૂદ આપવા માટે શ્રમ કરીએ તો કામયાબી પ્રાપ્ત થઈ શકે છે. દુનિયામાં એક જમાનો એવો પણ હતો જેમાં માણસ જાનવરોને સવારીમાં ઉપયોગ કરતો હતો. આજે સાઈન્સની પ્રગતિના જમાનામાં પેટ્રોલ, ડીઝલ અને ગેસથી ચાલનારી અસંખ્ય સવારીઓ વજૂદમાં આવી ગઈ છે. હવે સવારી માટે જાનવરો અને પ્રાણીઓની કોઈ જરૂરત રહી નથી. આમ અક્કલમાં ન આવી શકે એવી અસંખ્ય ચીજો વજૂદમાં આવી ગઈ છે. પરંતુ સાઈન્સની આ પ્રગતિથી એ વાત સાબિત થઈ જાય છે કે માણસ લાચાર અને મજબૂર છે. તેણે કોઈ ચીજને વજૂદ આપવો હોય તો મગજમારી કરવી પડે છે. સબબ અને રીઝન જાણવું પડે છે. કોશિશ અને શ્રમ કરવો પડે છે અને આ સર્વ કામો લાચાર અને મજબૂરનાં છે, એટલે માણસ કયારે પણ ખુદા થઈ શકતો નથી. સાઈન્સ જ્યાં માણસનો અધિકાર બતાવે છે ત્યાં બીજા શબ્દોમાં માણસનું લાચાર અને મજબૂર હોવું પણ સાબિત કરે છે. સારાંશ એ કે સાઈન્સથી મખ્લૂક અને ખાલિક, બંદા અને માબૂદના વચમાં જે મહાન તફાવત છે તે સ્પષ્ટ થઈ જાય છે.

## ★ ધીમે ધીમે પ્રગતિ ★

સાઈન્સ અને વિજ્ઞાનથી માણસને પ્રગતિ મળી. કયાં હતો અને કયાં પહોંચી ગયો. વિના પાંખે આરામથી ઉડીને એક દેશથી બીજા દેશમાં થોડા સમયમાં પહોંચવા લાગ્યો. પણ ઈતિહાસને સામે રાખવામાં આવે તો જાણવા મળશે કે હજારો વર્ષો પસાર થયાં ત્યારે માણસ ધીમે ધીમે પ્રગતિના આ પંથે પહોંચ્યો. ખુલાસો એ છે કે માણસને આટલી પ્રગતિ પામવા હજારો વર્ષો લાગ્યાં અને આજે પણ માણસ પૂરી પ્રગતિ પ્રાપ્ત નથી કરી શકયો, બલ્કે હિસાબ લગાડવામાં આવે અને ન્યાયથી ફૈંસલો કરવામાં આવે તો આજે પણ માણસને માત્ર એક ભાગની પ્રગતિ મળી છે અને મજબૂરી જોવા જઈએ તો આજે પણ અસંખ્ય કામોમાં માણસ મજબૂર, લાચાર અને કમ ઈલ્મ છે. અંતે તેણે પોતાનું બંદા હોવું સ્વીકારવું જ પડે છે અને ન સ્વીકારે તો પણ કોઈ કામમાં પોતાની મજબૂરીનું એલાન તેના





બંદા હોવા માટે સંપૂર્ણ છે. મજબૂર ખુદા નથી થઈ શકતો. તો પછી મજબૂરને ખુદા તઆલાના વજૂદનો ઈન્કાર કરવાનો હક્ક કેવી રીતે મળી શકે છે ? ધીમે ધીમે પ્રગતિ કરવું લાચાર મજબૂર અને કમ ઈલ્મ હોવાની મજબૂત દલીલ છે તેનો તોડ માણસથી કયારે પણ શકય કરી શકાતો નથી.

## ★ તમે કમ ઈલ્મ છો કુર્આનની પુકાર ★

અલ્લાહ તઆલા તરફથી માણસને ઈલ્મ અને નોલેજ આપવામાં આવ્યું છે. પરંતુ તે ઈલ્મની પ્રાપ્તિ પણ કોશિશ પર રાખવામાં આવી છે. જો માણસ કોશિશ ન કરે તો તે જાહિલ રહે. પ્રાણીમાં અને તેનામાં કોઈ તફાવત ન રહે. આજે પણ જંગલોમાં રહેનાર કેટલા માણસો એવા છે તેમને પોતાના માનવી હોવાનું પણ ઈલ્મ નથી. કેમ ? એટલે જ કે માણસને ઈલ્મ પ્રાપ્તિની શકિત આપવામાં આવી છે. તેણે પોતાની માનવિયતને પ્રકાશમાં લાવવી હોય તો ઈલ્મના પ્રકાશનો સહારો લેવો પડશે. સ્પષ્ટ થયું કે ઈલ્મની પ્રાપ્તિમાં પણ માણસ લાચાર અને મજબૂર છે અને જો કોશિશ કરીને થોડું ઘણુ ઈલ્મ હાંસલ કરી લે તો માત્ર દુનિયાની માલૂમાતનો એક કરોડમો ભાગ પણ પ્રાપ્ત કરી શકતો નથી. કુર્આન શરીફ એલાન કરે છે :–

وَمَآ أُوتِيتُم مِّنَ الْعِلْمِ إِلَّا قَلِيلًا

તમને થોડું જ ઈલ્મ આપવામાં આવ્યું છે.

## ★ પ્રગતિ ઓછી અને મજબૂરી વધારે ★

દુનિયામાં નવી ચીજોની શોધ આજથી નહીં, હજારો વર્ષોથી થઈ રહી છે અને એક માણસ નહીં કરોડો માણસો કરી રહ્યા છે. ત્યારે જઈને આજે જ્યારે કિયામત તદ્દન નિકટ આવી ગઈ છે, આટલી પ્રગતિ થઈ છે. જેની સામે મજબૂરીઓને રાખવામાં આવે તો પ્રગતિનું નામ પણ ભૂલી શકાય છે. તો માણસ જેને અલ્લાહ

તઆલા તરફથી બીજી મખ્લૂકથી ફઝીલત અને ઉત્તમતા આપવામાં આવી છે. હજારો વર્ષો પછી અને કરોડો માણસોની કોશિશો બાદ તેની મજબૂરીઓની આ હાલત છે તો પછી તે પોતાને ખુદા તઆલાથી અલગ શી રીતે કરી શકે છે ? મજબૂર અને લાચારને દરેક પળ કામિલ અધિકારવાળાની જરૂરત છે જેની જાત સાથે લાચારી અને મજબૂરીનો ખયાલ પણ ન આવી શકે અને તે છે ખુદા તઆલાની જાત. જેની પાસે ઈલ્મ છે જહાલત નથી, તેની પાસે અધિકાર અને શકિત છે લાચારી અને મજબૂરી નથી.

અલ્લાહ તઆલાએ માણસને પ્રગતિ આપી અધિકાર અર્પણ કર્યો પણ બધું એક સીમા અને હદમાં રાખ્યું અને તે વર્તુળ ઘણું જ નાનું છે. તે સીમારેખા તદ્દન નાની છે તેની બહાર પગ રાખવામાં આવે તો મજબૂરીઓ એટલા માટે વધારે રાખવામાં આવી કે માણસને પોતાની મજબૂરી દેખીને ખુદાની યાદ આવે અને તેની મારેફત (ઓળખ) પ્રાપ્ત થાય. જો કોઈ માણસ પોતાની પ્રગતિ દેખીને પોતાને શકિતશાળી અને અધિકારવાળો સમજે અને ખુદાની જરૂરત મેહસૂસ ન કરે તો તે પાગલ છે. તે પોતાના જીવનની અસંખ્ય મજબૂરીઓ અને લાચારીઓને ભૂલી ગયો છે. તેવા લોકો માટે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

أَوَلَمْ يَرَ الْإِنسَانُ أَنَّا خَلَقْنَاهُ مِن نُّطْفَةٍ فَإِذَا هُوَ خَصِيمٌ مُّبِينٌ ○ وَضَرَبَ لَنَا مَثَلًا وَنَسِيَ خَلْقَهُ قَالَ مَن يُحْيِي الْعِظَامَ وَهِيَ رَمِيمٌ ○ قُلْ يُحْيِيهَا الَّذِي أَنشَأَهَا أَوَّلَ مَرَّةٍ وَهُوَ بِكُلِّ خَلْقٍ عَلِيمٌ ○

શું માણસ એટલું નથી જાણતો કે અમે તેને વિર્યથી પેદા કર્યો છતાં ખુલ્લી રીતે ટીકા ખોર બની ગયો અને તેણે અમારા માટે એક દાખલો આપ્યો અને પોતાની પેદાઈશ ભૂલી ગયો. તે કહે છે કે હાડકાને જ્યારે તે સડી ગયા હોય કોણ સજીવ કરશે ?! આપ ફર્માવો, જેણે તેમને પ્રથમવાર સર્જ્યા હતાં તે જ તેમને જીવંત





الَّذِي جَعَلَ لَكُم مِّنَ الشَّجَرِ الْأَخْضَرِ نَارًا فَإِذَا أَنتُم مِّنْهُ تُوقِدُونَ ○ أَوَلَيْسَ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ بِقَادِرٍ عَلَىٰ أَن يَخْلُقَ مِثْلَهُم بَلَىٰ وَهُوَ الْخَلَّاقُ الْعَلِيمُ ○ إِنَّمَا أَمْرُهُ إِذَا أَرَادَ شَيْئًا أَن يَقُولَ لَهُ كُن فَيَكُونُ ○ فَسُبْحَانَ الَّذِي بِيَدِهِ مَلَكُوتُ كُلِّ شَيْءٍ وَإِلَيْهِ تُرْجَعُونَ ○

કરશે. તે દરેક પ્રકારનું પેદા કરવું જાણે છે. જેણે તમારા માટે લીલાં વૃક્ષોમાંથી આગ ઉત્પન્ન કરી તો તમે ઝટ તેનાથી આગ સળગાવો છો અને જેણે આકાશો અને પૃથ્વી બનાવી તે તેમની જેવા (માણસો) પેદા નથી કરી શકતો ! કેમ નહી ? તે જ મૂળ પેદા કરનાર સર્વજ્ઞ છે. તેનો હુકમ તો એવો છે કે જ્યારે કોઈ વસ્તુનો ઈરાદો કરે છે તો તેને કહે છે થઈ જા તો થઈ જાય છે. તો તે પવિત્ર છે કે દરેક વસ્તુની સત્તા તેની શકિતમાં છે અને તેની જ હુઝૂરમાં તમે સર્વ પાછા ફરશો.

## ★ નાસમજીની વાત ★

દુનિયામાં ઘણા બધા લોકો એવા છે જેમની પાસે અક્કલનો છાંટો પણ નથી હોતો, પરંતુ તેઓ પોતાને સૌથી અધિક અક્કલવાળા સમજે છે. સઅદી સાહેબે કહ્યું તેમ કે દુનિયાથી અક્કલ ઉઠાવી લેવામાં આવે તો પણ કોઈ માણસ પોતાને નાસમજ કહેશે નહીં !

માણસે પોતાની લાચારીઓ અને મજબૂરીઓને લક્ષમાં રાખીને અલ્લાહ તઆલા તરફ વધારે ધ્યાન આપવું જોઈએ અને તેનાથી પોતાનો સંબંધ મજબૂત કરવો જોઈએ. પરંતુ ઘણા બધા લોકો પોતાની મજબૂરીઓને લક્ષમાં રાખી ખુદા તઆલાને મજબૂર સમજે છે. તેમનાથી કોઈ કામ ન થઈ શકે તો એવું સમજે છે કે અલ્લાહ તઆલા આમ શી રીતે કરી શકશે. તો કુર્આને એવા લોકોને તેમની પેદાઈશ તરફ ધ્યાન કરવાની દાવત આપી કે તમને અલ્લાહ

તઆલાએ પાણીના એક ટીપાથી પેદા ફર્માવ્યા, જે ખુદા પાણીને માણસની શક્કલ આપી તેને માણસ બનાવે, જો તે મરણ પછી માટી બની જાય તો તેના માટે માટી બનેલ માણસને ફરી વજૂદ આપવામાં તકલીફનો સામનો શી રીતે કરવો પડે ? સારાંશ એ કે અમુક લોકો પોતાનો થોડો ઘણો અધિકાર દેખીને એવું સમજે છે કે ખુદાની જરૂરત નથી. અમુક લોકો પોતાની મજબૂરીઓને લક્ષમાં રાખીને ખુદા તઆલાને મજબૂર સમજે છે. આપણને અમુક કામોનો અધિકાર આપવામાં આવ્યો છે. તેના વિરૂધ્ધમાં અસંખ્ય કામો એવાં છે જેમાં આપણી લાચારી અને મજબૂરી છે. આપણો અધિકાર એ વાતની દલીલ છે કે કુદરતવાળા ખુદાએ તે શકિતઓ આપણને અર્પણ કરી છે અને આપણી મજબૂરીઓ એ વાતની દલીલ છે કે આપણને ખુદા તઆલાની જરૂરત છે. અધિકારથી બેમાર્ગ થવું વૈજ્ઞાનિકની ઓળખ છે. ખુદાની જાત માટે લાચારીનો ખયાલ કાફિર જાહિલની ઓળખ છે. સત્ય માર્ગ મુસલમાનનો છે કે અધિકાર અતાઈ છે અને આપણને પળ પળ ખુદા તઆલાની જરૂરત છે. જાણવા મળ્યું, વિજ્ઞાન આપણો સંબંધ ખુદા તઆલાથી મજબૂત બનાવે છે, જો વિજ્ઞાન ઈસ્લામી શરીઅતના વર્તુળમાં શીખવામાં આવે. ઈસ્લામથી ખસીને માણસ નાસમજીની વાતો કરી શકે છે અને પોતાની હસ્તીને ભૂલી શકે છે અથવા ખુદા તઆલાથી પોતાનો સંબંધ તોડી શકે છે.

## ★ ઈમાનવાળાઓ અક્કલવાળાઓ છે ★

કુર્આન શરીફમાં અન્ય આયતોમાં અલ્લાહ તઆલા તરફથી આપણને આમંત્રણ આપવામાં આવ્યું કે, આપણે દુનિયા અને આકાશની ચીજોમાં મનન કરીએ અને ખુદા તઆલાની ગુપ્ત જાતની ઓળખ દુનિયાની ચીજોની હિકમતોથી મેળવી લઈએ અને જે આયતોમાં મનન કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે તેનો અંત એ પ્રમાણે કરવામાં આવ્યો છે કે એમાં નિશાનીઓ છે ઈલ્મવાળાઓ માટે, અક્કલવાળાઓ માટે, મનન કરવાવાળાઓ માટે વિગેરે વિગેરે. પરંતુ વિચારવાની વાત એ છે કે અક્કલ અને સમજવાળો કોણ છે ?





આજે દુનિયામાં અસંખ્ય કાફિરો અને ગેરમુસ્લિમો સાઈન્ટીસ્ટ અને વૈજ્ઞાનિક છે અને તેમણે કોશિશ કરી કરીને ઘણી બધી ચીજોને નવું રૂપ આપેલું છે. પણ નથી તેમને ખુદાની ઓળખ અને નથી તેમને ખુદાની જાત પર ઈમાન, બલ્કે તેઓ ખુદાની જાતનો ઈન્કાર કરે છે. તો અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

إِنَّ فِي خَلْقِ السَّمٰوٰتِ وَالْأَرْضِ وَاخْتِلَافِ اللَّيْلِ وَالنَّهَارِ لَآيٰتٍ لِأُولِي الْأَلْبَابِ ۝ الَّذِينَ يَذْكُرُونَ اللّٰهَ قِيَامًا وَقُعُودًا وَعَلٰى جُنُوبِهِمْ وَيَتَفَكَّرُونَ فِي خَلْقِ السَّمٰوٰتِ وَالْأَرْضِ رَبَّنَا مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ ۝

બેશક ! આકાશો અને જમીનની પેદાઈશમાં અને રાત દિવસની અદલા બદલીમાં જરૂર અક્કલવાળાઓ માટે નિશાનીઓ છે. જેઓ અલ્લાહને ઉભા, બેઠા, આડા પડખે આકાશો અને જમીનની પેદાઈશમાં મનન કરે છે. હે અમારા રબ ! તેં આને બેકાર પેદા નથી ફર્માવ્યું. તુ પાક છે તો અમને આગના અઝાબથી બચાવ.

સૂરએ નિસાઅની આ બે આયતોથી જાણવા મળ્યું કે ખુદા તઆલાની ઓળખ દુનિયાની ચીજોમાં મનન કરીને તેમને પ્રાપ્ત થઈ શકે છે જેમની પાસે અલ્લાહ તઆલાની જાત પર ઈમાન છે અને તેઓ દુનિયાની ચીજોમાં મનન ખુદા તઆલાની મારેફતની નિય્યતે કરે છે તો તેમનું ઈમાન મજબૂતથી મજબૂત બની જાય છે. જેમની પાસે ઈમાન નથી તેઓ મનન કરવામાં દુનિયાનો ફાયદો પ્રાપ્ત કરવાની નિય્યત આપતા હોય છે. તેમને કામયાબી મળે છે તો તેઓ પોતાની કોશિશ અને ફાયદાની પ્રાપ્તિ પર ખુશ થતા હોય છે. તેમને આ સિવાય કંઈ હાંસલ થતું નથી. તો કુર્આનમાં જ્યાં જ્યાં મનન

કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે અને જ્યાં જ્યાં અક્કલવાળા અને ઈલ્મવાળા કહેવામાં આવ્યા છે, આવી જગાઓ પર તો તેનો મતલબ ઈમાનવાળા છે. વિજ્ઞાનની તાલીમ તરફ લક્ષ આપવાનું આમંત્રણ માનવામાં આવે તો તેનો હક્ક મુસલમાન છે.

وَمَا عَلَيْنَآ إِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ